૭-બ્રહ્મચર્યની મહત્તા-બ્રહ્મચર્ય એજ જીવન છે અને વીર્યનાશ એ મરણ છે. વીર્યનું રક્ષણ કરવાથી આરોગ્ય, શક્તિ, તેજ વગેરે અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે. પરતંત્રતાનું કારણ ભોગ-વિલાસ અથવા વીર્યહીનતા છે અને વીર્યવાન થવું એજ સ્વતંત્રતાનું કારણ છે. બ્રહ્મચર્ય અર્થાત્ વીર્ય ધારણ કરવું એજ શ્રેષ્ઠ તપ છે. દાખલાતરીકે ભીષ્મ, વસિષ્ઠ, ભરદ્વાજ, હરિશ્ચંદ્ર, કર્ણ, રામ-લક્ષ્મણ-સીતા, મૈત્રેયી, ગાર્ગી, ગાંધારી આદિ આદર્શ સ્ત્રી-પુરુષો આ પવિત્ર દેશની અંદર ઉત્પન્ન થયાં હતાં તેજ દેશ અત્યારે પરાધીન છે. આપણે પોતેજ પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. આપણેજ આપણા બંધુ અને આપણા શત્રુ છીએ. દરેક મનુષ્યનું બળ, તેજ અને આરોગ્ય બ્રહ્મચર્યને લઇનેજ હોય છે. વીર્યનો નાશ થવાથી માણસ હીન અને અનેક પ્રકારનો રોગી થાય છે. મગજશક્તિનો નાશ થાય છે, ગાંડપણ આવે છે, ચક્કર આવે છે, ઉંઘ આવતી નથી, ખોટી ભૂખ લાગે છે, બાદી થાય છે, છાતીના અનેક પ્રકારના રોગ થાય છે. પ્રતિજ્ઞાપાલનમાં તે દૃઢ રહી શકતો નથી, સ્નાયુઓમાં કંપ થાય છે, બીકણ બને છે; મોઢામાંથી, પરસેવામાંથી અને દાંતમાંથી દુર્ગંધ નીકળે છે; બહુજ વાતોડીઓ થાય છે, કામ કરવું તેને પસંદ પડતું નથી, તેના ચહેરાપર કોઈ પણ પ્રકારનું હાસ્ય રહેતું નથી તો પછી તંદુરસ્તીની લાલીની તો આશાજ કેમ રખાય? કહેવાય છે કે, અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી તેનો અર્થ એટલોજ કે શુક્રાચાર્ય પોતે શુક્ર એટલે વીર્યના આચાર્ય એટલે રક્ષક હતા. ટુંકામાં વીર્યનું રક્ષણ એજ સંજીવની વિદ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮–દિવસમાં બે–ત્રણ વખત આપણા વિચારોનું નિરીક્ષણ કરવું. આ માટે આપણા ઋષિ-મુનિઓએ સવાર, બપોર, સાંજ તથા મધ્યરાત્રિએ સંધ્યા કરવાનું કહેલું છે. તેમાંથી બને તેટલું કરવું. મુસલમાનોની પાંચ વખતની નિમાજ પણ આજ સિદ્ધાંતે રચાયેલી છે. ભોજનને વખતે પણ ક્રોધને દૂર રાખવો. આવી રીતે ચિત્તને પ્રસન્ન રાખી શકાય છે. ક્રોધ વગેરે વિકારોને લીધે વીર્ય-નાશ થવાનો ઘણો સંભવ છે. સૂતી વખતે તો ખાસ શુભ વિચારો રાખવા જોઇએ અને સંપૂર્ણ યોગીઓની ઉંઘ તો સંયમમાત્રજ હોય છે. દાખલાતરીકે સ્વામી રામકૃષ્ણને જ્યારે સવારમાં જગાડવાના હોય ત્યારે તેમના કાન પાસે "હરિઊં" ની જબરજસ્ત ધૂમ પાડવામાં આવતી. જો કે જે મનુષ્યને સંપૂર્ણ સમાધિ સિદ્ધ થઈ હોય તે તો પોતાના નિશ્ચય પ્રમાણે જાગી શકે છે. સ્વામી રામકૃષ્ણદેવ આવીજ કોટિના મનુષ્ય હતા, પણ તેમની સમાધિમાં રહેવાની ઉગ્ર ઇચ્છાને લીધે શિષ્યોને આ પ્રમાણે કરવું પડતું. સંપૂર્ણ યોગી સિવાય કોઇ પણ મનુષ્ય નૈષ્ઠિક બ્રહ્મચારી હોઇ શકતો નથી. સૂતી વખતે દૃઢ સંકલ્પ કરવો કે, મારામાં કાંઇપણ ખરાબ વિચાર નહિ આવે, સ્વપ્નાદિ દોષ મને સતાવશે નહિ. હું સાડાચાર વાગે ઉઠીશ અને પ્રભુનું નામસ્મરણ કરતાં કરતાં પ્રસન્ન-ચિત્તે સૂઇ જઇશ. આ પ્રમાણેના શુભ સંકલ્પથી બ્રહ્મચર્ય ઘણુંજ સરસ જળવાય છે.

૯–કોઇપણ સ્ત્રીજાતિને જોતાં તે આપણી માતા છે એમ ભાવના કરવી; અને તેમ છતાં પણ કુદૃષ્ટિ થાય તો મનથી તેના પગે હાથ અડાડી નમસ્કાર કરવો અને તુરતજ "હરિઊં"ની ધૂન લગાવી સદરહુ દૃશ્ય મનમાંથી દૂર કરવું. આ ઉપાય અનુભવસિદ્ધ છે.

૧૦–રસ્તાપરનાં પશુપક્ષીઓનાં કુદૃશ્યો નીહાળી નીહાળીને જોવાં નહિ, તેમજ કોઇપણ સ્ત્રીના અંગને નીહાળી નીહાળીને જોવું નહિ.

૧૧–હંમેશાં સાદું રહેવું, કપડાં ખાદીનાં પહેરવાં, ખાવાપીવાના પદાર્થ પણ પવિત્ર, સ્વચ્છ અને ચોખ્ખા રાખવા. ભોગવિલાસથી દૂર રહેવું. મન, વચન અને કાયાથી પવિત્ર રહેવું.

૧૨–હંમેશાં પવિત્ર માણસો, પવિત્ર પુસ્તકો અને પવિત્ર ચિત્રોની તેમજ પવિત્ર મહા-પુરુષોનીજ સંગતિ રાખવી. મહાપુરુષોનાં જીવનવૃત્તાંતો ખાસ અગત્યનાં છે. જેવાં કે–મહર્ષિ સ્વામી દયાનંદ, વિવેકાનંદ, રામતીર્થ, રામદાસ તથા ચૈતન્ય મહાપ્રભુ. આ મહાપુરુષોના જીવન-ચરિત્રનો અભ્યાસ જરૂર કરવો.

૧૩–**ઠંડા પાણીનું સ્નાન**–દરેક બ્રહ્મચારીએ પોતાથી સહન થાય તેવી રીતે ઠંડા પાણીનું સ્નાન કરવું. ગુહ્ય ભાગોને ખાસ ઠંડા પાણીથી સવારમાં તથા સૂતી વખતે જરૂર સાફ કરવા. જ્યાં મેલ રહે છે, ત્યાં ઉષ્ણતા વધે છે અને વીર્યપાત થવાનો ઘણો સંભવ રહે છે. ભોજનની પહેલાં ત્રણ કલાકે સ્નાન કરવું જોઇએ. આટલો વખત નહિ રાખવામાં આવે તો પાચનક્રિયા બગડશે. જેને સ્વપ્નદોષ હોય તેણે સૂતાં પહેલાં માથું, હાથ તથા પગ ઠંડા પાણીથી સાફ કરવા. પછી સ્વચ્છ કપડાથી તેને લૂછી નાખવા, કમર અને તેની નીચેના ગુહ્ય ભાગો ભીના કપડાથી સાફ કરવા. વધારેમાં ગુહ્ય ભાગો ઉપર થોડું ઠંડુ પાણી રેડવું, પણ તેને માલીસ કરવા નહિ. પેટને પણ સ્નાન કરતી વખતે ઠંડા પાણીથી માલીસ કરવું.

૧૪–**ઉપવાસ**–અઠવાડીઆમાં એક વખત એક ટાણું કરવું અને પખવાડીએ એક વખત ઉપવાસ કરવો. ઉપવાસ કરતી વખતે આખા દિવસમાં પીવાય તેટલું ખૂબ પાણી પીવું. તે દિવસે કાંઇ પણ ન ખવાય તો વધારે સારૂં; અને ખાવુંજ હોય તો કોઇ પણ પ્રકારનું રાંધેલું, શેકેલું કે બાફેલું ખાવું નહિ. જે થોડાં ફળફળાદિ ખવાય, તેને ખૂબ ચાવીને ખાવાં. જેમ બને તેમ ઓછું એકાદ વખત ખાવું અને થોડું દૂધ પીવું; પણ જેમ બને તેમ ખૂબ ભૂખ સહન કરવી. બીજે દિવસે સવારે ઝાડો સાફ ન આવે તો બસ્તીયંત્ર(ડુસ)થી પીઠ રસ્તે પાણી ચઢાવી મળને સાફ કરવો. ઉપવાસથી બ્રહ્મચર્ય ઉપર ઘણી સુંદર અસર થાય છે. ઉપવાસને બીજે દિવસે લઘુ ભોજન કરવું. ખૂબ ઠાંસીને કશુંજ ખાવું નહિ. ખૂબ ઠાંસીને ખાવાથી ઉપવાસનું બિલકુલ ફળ મળતું નથી. આજ કારણે રોજા મહિનો ખલાસ થયે ઘણા મુસલમાનો ખૂબ ખાવાથી માંદા પડે છે.

૧૫–હમેશાં બે વખત દિશાએ જવું અને બન્ને વખતે મળમૂત્રવિસર્જન થયા બાદ ડાબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથની માધ્યમિકા એટલે સૌથી મોટી આંગળીને પાણીથી પલાળી ગુદાદ્વારની બખોલમાં ફેરવવી અને વારંવાર પાણીથી સાફ કરવી. સાંજે મળ ન નીકળે તોપણ આ સાફ કરવાની ક્રિયા જેને ઘેરંડસંહિતામાં 'લઘુ ગણેશ ક્રિયા' કહે છે, તેનું બરાબર પાલન કરવું. આ ઉપરાંત બની શકે તો સ્વચ્છ કાળી માટીથી મૂત્રદ્વારના ગુહ્ય અવયવોને પાણીથી સાફ કરવા. મળમૂત્રના અવરોધથી એટલે તે ભાગને ગંદો રાખવાથી તેમજ સૂતી વખતે પરસેવાવાળો સખત જાડો લંગોટ પહેરવાથી તે ભાગ ઉપર ઉષ્ણતા વધે છે અને તે ઉષ્ણતાના વખતમાં જેવી રીતે પારો ઉપર ચઢે છે તેવીજ રીતે વીર્ય પણ ઉપર આવી તેનું પતન થાય છે. આ ઉપરાંત રાત્રિમાં ઘણી વખતે સ્વપ્ન આવે ત્યારે એકદમ ઉઠી પેશાબ કરી તે ભાગને ઠંડા પાણીએ સાફ કરવાથી તેમજ પેડુ ઉપર ભીને હાથે યા તો ભીના કપડાથી પેડુને માલીસ કરવાથી પીઠરસ્તે પવન નીકળશે અને વીર્યપાત ખાત્રી-પૂર્વક અટકશે. આ પ્રસંગ રાત્રિના બે વાગે ઘણે ભાગે બને છે. આ બાબતમાં પૂરતી સાવચેતી રાખવામાં નહિ આવે તો બ્રહ્મચર્યનું પાલન કરવું ઘણું અઘરૂં છે. મધ્યરાત્રિની સંધ્યા કરવા સ્વામી વિવેકાનંદ ખાસ ભલામણ કરે છે અને તે ઉપરના કારણે વ્યાજબી છે.

૧૬-જનનેન્દ્રિયનું સ્નાન-આ ક્રિયાને અંગ્રેજીમાં 'સ્પીટઝ બાથ' કહે છે. તે ભાગને પાણી-માં રાખવો અને મથાળાની ચામડી ખેંચી તેની ઉપર ધીરે ધીરે પાણીમાં આંગળી ઘસવી. કપડાવડે પણ ઘસી શકાય. તેમાં યાદ રાખવાનું કે, ઇંદ્રિયના મથાળાની ચામડીનેજ ઠંડા પાણીથી ધીરે ધીરે માલીસ કરવાનું છે. બાકી સ્નાયુને બિલકુલ ઘર્ષણ કરવાનું નથી. આ વખતે ઊર્ધ્વરેતા બનવાનો સંકલ્પ બરાબર મનમાં દૃઢ કરવો. વળી જેટલી વખત પેશાબ કરવાનો હોય, તેટલી વખત ચામડીને પાછળ પાછળ ખેંચી તે પર ઠંડુ પાણી રેડી તે ભાગને એટલે ફક્ત મથાળાના ભાગને જરૂર સાફ કરવો. મુસલમાનો સુન્નત કરાવે છે અને કેટલાએક પેશાબ વખતે પાણીનો ઉપયોગ કરે છે તે ઇષ્ટજ છે. ઘણી વખત મથાળાની ચામડીની અંદર ગંદકીના કારણે રોગ થાય છે અને તેથી ડૉક્ટરો ફરજિયાત સુન્નત કરે છે. અલબત, સુન્નતનો આ જબરજસ્ત લાભ છે.

૧૭-સાધારણ રીતે સાડાનવ વાગે સૂઇ જવું અને ચાર વાગે ઉઠવાનો મહાવરો રાખવો. સૂતી વખતે ગુહ્યભાગને જરૂર ઠંડા પાણીથી સાફ કરવો. ઓઢવાનાં કપડાં સ્વચ્છ હોવાં જોઇએ અને તે જોઇએ તેના કરતાં બિલકુલ વધારે જોઇએ નહિ. રાત્રે વાળુ કર્યા પછી ૨ થી ૩ કલાકે સૂવું. તે પહેલાં કદી સૂવું નહિ. દીવો બળતો રાખવો નહિ, ચત્તા સૂવું નહિ, દબાવીને સૂવું. જોકે કેટલાક લેખકો જમણું પડખું કે ડાબું પડખું દબાવીને સૂવાનું કહે છે, પણ યોગાભ્યાસની અંદર ડાબે પડખેજ સૂવાથી જબરજસ્ત લાભ થયેલો જણાશે, જેથી ડાબે પડખેજ સૂવાની ભલામણ કરવામાં આવે છે. ઓશિકું બહુ ઉંચુ હોવું જોઇએ નહિ. રાત્રિમાં કદાચ ઉંઘ ઉડે તો જાગતાં જાગતાં પથારીમાં પડયું રહેવું નહિ. આવે વખતે પથારીમાં બેઠા થઇ આંખોને ઠંડે પાણીએ સાફ કરી આંખો મીંચી પ્રભુનું ધ્યાન કરવું, જેથી એકદમ ઉંઘ આવવા સંભવ છે.

૧૮-સૂતી વખતે પાતળા કપડાનો લંગોટ પહેરવાને અને ફક્ત ચદ્દી પહેરી સૂવાને હરકત નથી; પણ બહુ જાડું કપડું પહેરીને સૂવાથી તે ભાગમાં ઘણી ઉષ્ણતા થવાથી વીર્યપાત થવાનો ઘણો સંભવ છે. સખ્ત ગરમીના દિવસોમાં ઠંડા પાણીથી ભીનો કરેલો લંગોટ પહેરીને સૂવાથી ઘણો લાભ થાય છે.

૧૯-નિર્વ્યસનતા-ચા, કૉફી, દારૂ, માંસ, ભાંગ, ગાંજો, તમાકુ ઇ૦ તમામ વસ્તુઓ વીર્યપર ખરાબ અસર કરે છે, તેથી તેનો ત્યાગ કરવો. બ્રહ્મચારીને કોઇ પણ પ્રકારનું વ્યસન હોવું જોઇએ નહિ. એક જબરજસ્ત યોગી ફક્ત ગાંજાના વ્યસનના કારણે વ્યભિચારી થયો અને હાલ વડોદરાની અંદર ગાંડપણ ભોગવે છે. જ્યારે તેણે યોગ સિદ્ધ કર્યો ત્યારે તેને કોઇ પણ પ્રકારનું વ્યસન નહોતું.

૨૦-એકાંતત્યાગ-એકાંતનો ત્યાગ કરવાથી ઘણો ફાયદો થાય છે.

૨૧-બ્રહ્મચર્યસંબંધી અનુભવ-એક ખાનગી ડાયરીમાં લખતા રહેવું. આમ કરવાથી પોતે કરેલી પ્રગતિનું યા તો અવનતિનું ભાન થાય છે.

૨૨-હમેશાં પોતે કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે મહેનત કરવાને પોતાનો આદર્શ ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોટીનો રાખવો. ક્યારેય પણ નવરૂં બેસી રહેવું નહિ. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ વાત સાચી છે.

૨૩–ચાખડીઓનો ઉપયોગ ફાયદાકારક છે.

૨૪–હમેશાં સવારે પહાડોમાં તેમજ નદીકિનારે પાંચ છ માઇલ ફરવાનું રાખવું. આ વખતે બ્રહ્મચર્ય, આરોગ્ય, આનંદ, પવિત્રતા, પ્રસન્નતા, બળ, તેજ, સામર્થ્ય, શાંતિ આદિને દેવતાઓ પોતાના શરીરની અંદર સ્થાપન કરી રહ્યા છે તેવી ભાવના જરૂર મનમાં દૃઢાવવી.

૨૫–હમેશાં નિયમિત રહેવું અને ધર્મનું પાલન કરવું. એકાદ ધર્મપુસ્તક હમેશાં થોડું પણ વંચાય એ ઇચ્છવા યોગ્ય છે. ધર્મપુસ્તકોમાં પાતંજલ યોગસૂત્ર, ભગવદ્ગીતા તથા ઉપનિષદોને પહેલું સ્થાન આપવું. સાથે સાથે હું મારી ઉન્નતિ જરૂર કરીશ એવો આત્મવિશ્વાસ રાખવો. અનેક જાતના વિષયોનાં પ્રલોભનો તરફ દોષદૃષ્ટિ રાખવી અને આ માટે યોગવાસિષ્ટનું અધ્યયન કરવું. હમેશાં ખરાબ માર્ગે જવામાં લોકાપવાદની બીક રાખવી.

૨૬–સ્નાન કર્યા પછી હમેશાં પ્રાણાયામ કરવો.

૨૭–હમેશાં નિયમિત રીતે કસરત કરવી. વ્યાયામને બ્રહ્મચર્ય સાથે બહુ નિકટ સંબંધ છે. તમામ કસરતોમાં મારા બજ્જોલી ક્રિયાના અનુભવ ઉપરથી કહું છું કે, તરવાની, શુદ્ધ જમીનમાં કોદાળીથી ખોદવાની, શુદ્ધ હવામાં દળવાની તથા ખોદવાની કસરત સૌથી ઉત્તમ છે. દંડ–બેઠક સૌની અંદર ફાયદાકારક છે. એકાદ કલાકની ઘોડેસ્વારી પણ સારી છે. ખાસ જરૂરની તો ખોખોની દેશી રમત, તથા દોડવાની, તરવાની, ખોદવાની તથા હસવાની કસરત છે. અનુભવથી વાચકને વિશેષ ખાત્રી થશે.

૨૮–હમેશાં સવારમાં ઉઠીને પ્રાર્થના કરવી અને યાદ રાખવું કે, નિયમભંગ કરવાથી જરૂર નુકસાન થશે.

૨૯–છોકરા તેમજ છોકરીને સાદી અને કુદરતી ઢબે તેઓ જીવનભર નિર્મળ રહેવાનાં છે, એવીજ માન્યતામાં ઉછેરવાં.

૩૦–પતિપત્નીએ જૂદા જૂદા ઓરડામાં સૂવું અને એકાંત ટાળવી, એ સૌથી મહત્ત્વનું છે. કોઇ પણ વ્યક્તિએ પતિપત્ની વચ્ચે સુદ્ધાંત સંયમ અત્યંત અઘરો છે એમ માનવું નહિ. ઉલટું સૌ કોઇએ સંયમને જીવનની સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિતરીકે માનીને ચાલવું જોઇએ.

૩૧–શૌચ જતી વખતે મળ વિસર્જન થયા પછી નળ હલાવવાની ક્રિયા જેને યોગાભ્યાસમાં નૌળી ક્રિયા કહે છે તે કરવી. આથી કરીને કોઇ પણ પ્રકારની બાદી શરીરમાં રહેશે નહિ અને આંતરડાં સ્વચ્છ રહેવાથી વીર્યની દૃઢતા જરૂર વધશે. શૌચ ગયા પહેલાં શેરથી બશેર ઠંડુ પાણી ઉઠીને તુરતજ પીવું જોઇએ.

૩૨–સંપૂર્ણ ઊર્ધ્વરેતા થવા માટે બજ્જોલી ક્રિયાની ખાસ આવશ્યકતા છે. તે ક્રિયા ગુરુ પાસે રહીનેજ શીખી લેવી; કારણ કે બજ્જોલીનો પંથ લોહીથી ખરડાયેલો છે. આ ક્રિયા શીખતાં અનેક શોધકો અત્યંત રોગી થયા છે અને બહુજ કફોડી સ્થિતિમાં મરણ પામ્યા છે; પણ જો આ ક્રિયા સિદ્ધ થાય તો તેને વ્યાધિ કે વૃદ્ધાવસ્થા કદી પ્રાપ્ત થતી નથી અને તેનું મૃત્યુ પાકા ફળની માફક સ્વાભાવિક રીતે આનંદથી થાય છે.

(એપ્રિલ–૧૯૨૮ના "વિજ્ઞાપક"માં લેખકઃ–શ્રી. હરિભાઇ ના. પટેલ–વિદ્યાધિકારી, ધારી મહાલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩-રશિયામાં કેળવણીનો વિકાસ

(૧)

ઉંચી કેળવણી સાથે વ્યવહારજ્ઞાન

(સોવિયેટ રશિયા કેળવણીના ક્ષેત્રમાં કેટલી અદ્‌ભુત પ્રગતિ કરી રહ્યું છે તેની રોમાંચક વિગતો આલેખતી એક લેખમાળા પંડિત જવાહીરલાલ નહેરૂએ લખી છે. તેમાંની વિગતો આ નીચે અમે આપીએ છીએ.)

ક્રાંતિ પછી ઘડાયલું રશિયા અનેક દૃષ્ટિએ અભ્યાસ કરવા જેવું છે, પણ તેમાંયે રશિયાએ ખાસ કરીને પોતાની પ્રજાની અભણતા ટાળવા માટે જબ્બર લડત લીધી છે; ને કેળવણી વિષે જે રાજનીતિ રાખી છે, તે ખરેખર પ્રેરણાત્મક છે. રશિયામાં હિંદની જેમ ખેતીની ખૂબ જમીન છે, તેમ ખેડુતો મોટે ભાગે અભણ છે. ત્યાંની કેળવણીને લગતી તદ્દન નવી ને રચનાત્મક યોજના વધાવવા જેવી છે. અમેરિકાના કુશળ કેળવણીકાર ડૉ૦ લુસી વિલ્સને 'નવા રશિયામાં નવી શાળાઓ' એ નામે એક પુસ્તક લખીને સોવિયેટ સરકારની કેળવણીની રાજનીતિ વિષે પ્રકાશ પાડયો છે. સોવિયેટ રશિયાના પ્રશ્નો વિષે એ પુસ્તકમાંથી ઘણું મળે તેમ છે.

કેળવણીની અગત્યતા

રશિયાની જે વિગતો મળે છે તે પરથી ને તે દેશનું જેણે તીવ્ર અવલોકન કર્યું હોય તે સમજી શકે છે કે, ત્યાં બોલ્શેવિક નેતાઓ ને તેમના જોડીદારો જુવાનોને કેળવણી આપવાના વિષયને ખૂબ અગત્ય આપે છે. ત્યાં સૌ સારી પેઠે સમજે છે કે, સમાજનું પૂરેપૂરૂં ઘડતર માત્ર સારા શિક્ષણથીજ થઈ શકે તેમ છે. રશિયાનું ભાવી કેવું હોવું જોઇએ તેની કલ્પના કરતાં ત્યાંના નેતાઓએ પોતાનો આદર્શ પોતાનાજ સમયમાં સિદ્ધ કરવા માટે ઘસારાબંધ પ્રયાસો શરૂ કર્યા છે અને દેશના જુવાનોને સારામાં સારી કેળવણી આપવામાં તેઓ ખૂબ શક્તિ ખર્ચે છે; એટલુંજ નહિ પણ રશિયાના ઉત્તમોત્તમ ને સંગીન વિચારકોના હાથમાં કેળવણીની લગામ સોંપાઇ છે.

ઑક્ટોબરના બળવા પછી થોડાજ દિવસોમાં જ્યારે ખુદ પેટ્રોગ્રેડ નગરમાં પણ આંતરવિગ્રહ ચાલતો હતો ત્યારે સોવિયેટે આપણને પોતાની કેળવણીના ક્ષેત્રની યોજના જાહેર કરી હતી. તે પછી થોડાજ વખતમાં આખા દેશની અભણતા દશ વર્ષમાં ટાળવાનું તેમણે જાહેર કર્યું હતું. આ રીતે તેમણે માત્ર જુવાનોને કેળવણી આપવાનું નહિ પણ દેશની વિશાળ અભણ પ્રજાને પણ શિક્ષણ આપવાનું મોટું કાર્ય હાથપર લીધું.

પણ તેમાં તેઓ પહેલાં તો નિષ્ફળ નીવડયા; કેમકે તકદીર તેમની સામે હતું. આંતરવિગ્રહ ચાલ્યાંજ કર્યા, બીજા દેશોમાં ફાટેલી લડાઇની અસર તેનાપર થઇ અને દેશમાં દુકાળ પડયો. આથી પ્રજાની હાલત બહુ દયાજનક થઈ પડી હતી. આથી જો કે તેઓ અભણતા ટાળી શકયા નહિ તોપણ છેલ્લા દાયકામાં તેમણે ઘણો જબ્બર પ્રયાસ કરી સારી સફળતા મેળવી.

જીવન સાથે સંબંધ

રશિયાના શિક્ષણક્ષેત્રમાં બીજી ખાસ ધ્યાન ખેંચે એવી વસ્તુ એ છે કે, દૈનિક દુનિયાદારી જીવન સાથે શાળાઓને સંબંધ રહે છે. કેળવણી એ જીવનવ્યવહાર ને દુનિયાદારી કરતાં તદ્દન જૂદીજ દુનિયાની વસ્તુ હોય એમ હિંદમાં આપણને દેખાય છે તેવું ત્યાં નથી; પરંતુ જીવનમાં કરવાનાં કાર્યોનો સંગીન પાયો બાળપણથી અપાતી કેળવણીમાં રચવામાં આવે છે. ત્યાંના બધા શિક્ષકોને એવી સખત સૂચનાઓ અપાઇ છે કે, વિદ્યાર્થીઓના જીવનવ્યવહાર સાથે શિક્ષકોએ હમેશાં ગાઢ સંબંધ રાખવો.

માતૃભાષામાં શિક્ષણ

વળી માતૃભાષામાંજ બધું શિક્ષણ અપાય તે પર પણ ખાસ ધ્યાન અપાય છે. હિંદનો પ્રજાવર્ગ અનેક કોમો અને ભાષાઓમાં વહેંચાયો છે. તેના કરતાં પણ વધારે વિભાગો રશિયાની પ્રજામાં પેઠા છે; છતાં પણ તે સૌને સમાન ધોરણે રાખવા માટે પ્રયાસો થાય છે. અલબત્ત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વાર એક શહેરની જૂદી જૂદી શાળાઓમાં જૂદી જૂદી–તે લત્તાને ફાવે તેવી–ભાષાઓ મારફત કેળવણી અપાય છે તોપણ સ્થાનિક ભાષાઓના વિકાસ માટે હમેશાં મહેનત કરવામાં આવે છે. જૂદી પ્રાંતિક ભાષાઓમાં સરકારી છાપાંઓ ને પુસ્તકોની આવૃત્તિ પ્રગટ થાય છે; એટલું-જ નહિ પણ એવી પ્રાંતિક ભાષાઓ શિક્ષકો શીખે તે સારૂ તેમને માટે લેનિનગ્રેડ ને મોસ્કોમાં ખાસ વર્ગોની સંસ્થા કાઢવામાં આવી છે. એવી હાલ ૪૫ સંસ્થાઓ છે. મોટી યુનિવર્સિટીઓ નાની કોમો માટે ખાસ અભ્યાસવર્ગ રાખે છે. નાની કોમોની સંસ્કારિતા વિકાસ પામે એ દૃષ્ટિબિંદુ તેઓ હમેશાં નજર સમક્ષ રાખે છે.

મોસ્કોના કેળવણી ખાતાની અમે મુલાકાત લીધી ત્યારે એ પ્રાંતિક ભાષાઓના પ્રાચીન સાહિત્યનાં વિવિધ હસ્તલિખિત લખાણો અમને બતાવવામાં આવ્યાં. અલબત્ત, અમારાથી એ વાંચી શકાય એમ હતુંજ નહિ.

સોવિયેટ સરકાર પોતાની કેળવણીની નીતિ કેટલી સરસ રાખે છે તેનો એકજ દાખલો બસ થશે.

સાઇબીરિયામાં ઇર્કટસ્ક વિભાગમાં એક નાની તાયફાવાળાઓની કોમ રહે છે, જેમનાં બાળકો સુદ્ધાંની સંખ્યા ગણીએ તો ૪૦૫ ની છે. તેઓ અંધકચરી તુર્કી ભાષા બોલે છે ને મોટે ભાગે શિકાર કરી ગુજરાન ચલાવે છે. આવી નાની કોમનાં બાળકો માટે તેમની ભાષામાં કેળવણી આપવાને ખાસ નિશાળ ઉઘાડાઈ છે. અલબત્ત, માત્ર શિયાળામાંજ આ શાળા ચાલે છે, કેમકે ઉનાળામાં તે બાળકો પોતાનાં માબાપ સાથે આસપાસના પ્રદેશમાં ભટકવા માટે ચાલ્યાં જાય છે. બીજી ગીપ્સીસ કરીને એક નાની જાત છે, તેમને માટે પણ ત્રણ નિશાળો ચાલે છે. એ કોમની ભાષામાં બારાખડી નથી એટલે શીખવતાં મુશ્કેલી પડે છે, પણ થોડા વખતમાં એ મુશ્કેલી ટળી જશે.

સોવિયેટ યુનિયનમાં આ ઉપરાંત બીજી અનેક નાની જાતો છે. પોલ, યુક્રેનીઅન, લેટીવિયન, ઇસ્થોનિયન, જર્મન, ફીન, હીબ્રુ, આરમેનિયન, સફેદ રશિયન, સીમોયડ, ઓસ્ટીઓક, માંગોલિયન, યાકુત, તાર્તાર, બશકીર, ટુંગા, બુચ્યત, યુકેગીર, કમાટચડોલ, ઇસ્કવીમો, કીરઘી, હકસીઅન, ચુવાશ, કોમી, મરી, કલમકઇ ગુશ, મોર્ડવન, એસીરિયન અને કોરિયન–પણ આ કંઇ પૂરી યાદી થઇ નથી, બીજી ઘણીયે કોમો રહી જાય છે. આ ઉપરથી ખાત્રી થશે કે, રશિયામાં પણ નાની કોમો કેટલી છે.

બુદ્ધની ફિલ્સુફી

આ લેખ હું લખી રહ્યો છું એટલામાં છાપાંઓ એવી ખબર આપે છે કે, લેનિનગ્રેડના વિજ્ઞાન-મંદિરે બુદ્ધિસ્ટ સંસ્કારના અભ્યાસ માટે એક સંસ્થા સ્થાપી છે. એમાં બુદ્ધની ફિલ્સુફીનો અભ્યાસ કરાવવામાં આવશે; એટલુંજ નહિ પણ એ સંસ્થા મારફત બુદ્ધિસ્ટ સંસ્કારના અભ્યાસ સારૂ આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ ભરવામાં આવશે.

સ્ત્રીશિક્ષિકાઓ

વળી રશિયન યુનિયનમાં તાર્તાર ને બશકીર જેવી નાની કોમોમાં સ્ત્રીઓ પર્દો પાળતી હતી, પણ હવે સ્ત્રીઓએ પર્દો ત્યજ્યો છે; એટલુંજ નહિ પરંતુ તે કોમોની કેટલીક સ્ત્રીઓ શિક્ષિકાઓ બને એવું તેમને શિક્ષણ અપાય છે.

સોવિયેટની કેળવણીમાં હજી વધારાનું તત્ત્વ એ છે કે, રશિયામાં ખાનગી શાળાઓમાં ખૂબ સરસ શિક્ષણ અપાય છે ને એવુંજ શિક્ષણ સર્વેને અપાય તે માટે પ્રયાસ થાય છે. સારી કેળવણી લેવાનો દરેકને હક્ક છે ને તે સર્વેને અપાવીજ જોઇએ. લેનિનની વિધવા ક્રુપ્સકાયા એ એક ચુનંદી કેળવણીકાર છે ને તે સહકારી ધોરણ મુજબ કેળવણી આપે છે.

ઝારના સમયમાં

ઝારના વખતમાં દેવળમાં રહેનારાં ધર્મચુસ્ત લોકોના હાથમાંજ કેળવણીની લગામ રહેતી; ને તે કેળવણી પણ કેવી અપાતી હતી? ઝારને વફાદાર રહેવું, દેવળમાં માનવું–એ ને એવી જાતની ગુલામી કેળવણી અપાતી. જેમ હિંદમાં સરકારી ઑફિસો માટે ક્લાર્કો પેદા કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી અપાય છે, તેમ રશિયામાં નીચ વર્ગને પણ કાંઇ કેળવણી ન અપાય તે પર ખાસ ધ્યાન અપાતું હતું. ઝારના વખતના એક પ્રધાને તો કેળવણીને લગતી રાજનીતિમાં એમ ચોખ્ખું જણાવ્યું હતું કે "નોકરો, રસોઇઆઓ, ધોબીઓ, ઘોડાવાળાઓ ને એવી નીચ જાતના લોકોનાં છોકરાંઓને તેઓ જે જાતમાં જન્મ્યા હોય તેનીજ કેળવણી તેમને આપવી. વધુ કેળવણી આપવા માટે તેમને ઉત્તેજન આપવું નહિ." એ બાળકો શીખી રહે ને તેમને તમે પૂછો કે "ઝારના તરફ કેવી ફરજ ધર્મની દૃષ્ટિએ બજાવવી જોઇએ ?" તો એ જવાબ આપે કે "તેને માટે પ્રાર્થના કરવી, તેની નોકરી કરવી, તેનાપર પ્રેમ રાખવો, નિયમસર કર ભરવા" વગેરે.

કેળવણીનો હેતુ

સોવિયેટે પહેલાં તો એ નિર્ણય કર્યો છે કે, કેળવણીને ધર્મથી જૂદી પાડી દીધી છે. છોકરા-છોકરીઓ ત્યાં ભેગાં ભણે છે, બીનરશિયન કોમો પોતાની ભાષાઓની શાળાઓ સ્થાપે એવું ઉત્તેજન અપાય છે. ત્રણથી સાત વર્ષનાં બાળકોને બાળશિક્ષણ અપાય છે. ૮ થી ૧૨ વર્ષનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ દેવાય છે, જ્યારે ૧૩ થી ૧૬ વર્ષ સુધીનાં કુમારો માધ્યમિક કેળવણી મેળવે છે. આટલી કેળવણી ફરજિયાત ને મફત અપાય છે. તે ઉપરાંત ઉંચી કેળવણી લેવા માટે દરેક જણને હક્ક રહે છે.

રાજ્ય તરફથી કેળવણીનો હેતુ નીચે પ્રમાણે આલેખાયો છે:—

"દરેક જણ બળવાન ને મજબૂત, ચાલાક ને સાહસિક, વિચાર ને વર્તનમાં સ્વતંત્ર તેમજ અનેક રીતે સંસ્કાર પામેલો થાય અને કામદારવર્ગના હિતમાટે મરી ફીટે-જેથી છેવટે માનવતાનું કલ્યાણ થાય-તેવો બનાવવો."

આમ ૩ વર્ષનો બાળક પહેલાં શાળામાં પ્રવેશે છે. તે પહેલાં એ બાળકને તેની માતાના જીવનમાટે હેલ્થ ડીપાર્ટમેંટ જવાબદાર રહે છે. કોઈ સ્ત્રી-કામદાર ગર્ભવતી થાય તો તેને બાળક જન્મે તે પહેલાં ત્રણ ચાર માસથી ચાલુ રોજીએ રજા મળે છે ને બાળક જન્મ્યા પછી મફત તબીબી મદદ મળે છે. આ ઉપરાંત બાળકના જન્મ પછી તે સ્ત્રી કારખાનામાં આવતી થાય તોયે તેના બાળકને નવડાવવા, દવા-દૂધ પાવા વગેરે માટે તેને દરરોજ અમુક કલાકની રજા મળી શકે છે.

બાળકો માટે રમવાનાં મેદાનો, કિંડરગાર્ટનો, નર્સરી સ્કૂલો તેમજ બીજી ચીજો માટે કામદાર મંડળો ને કારખાનાંઓએ સગવડ કરી આપી છે. બાળકેળવણી અપાતી શાળાઓમાં હાઇજીન, ખોરાક ને ઉંઘપર ખાસ ધ્યાન અપાય છે અને એ શાળાઓમાં રમતો શીખવાય છે, વાર્તાઓ કહેવાય છે; સંગીત, કળા ને નાટકોનું શિક્ષણ અપાય છે.

આ નાની ઉંમરમાં પણ નાનાં બાળકોમાં સહકારી પદ્ધતિ શીખવાય છે. છેલ્લાં થોડાં વર્ષોમાં લગભગ ૧૦,૦૦૦ આવાં બાળકો આવું સરસ શિક્ષણ પામ્યાં છે.

કેળવણી માટે કામદાર મંડળો ૧૦ ટકા જેટલો ભાગ આપે છે.

× × × × ×

(૨)

રશિયામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એકજ શાળામાં અપાય છે ને તે શાળાનું નામ 'યુનફાઇડ લેબર સ્કૂલ' આપવામાં આવે છે. તેમાં પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણના બે વિભાગો હોય છે-ને બન્નેનો અભ્યાસ સાતથી નવ વર્ષ સુધી ચાલે છે. દાખલ થવા માટે તે શાળાઓમાં પરીક્ષા લેવાતી નથી. વર્ષની આખરે પણ પરીક્ષાવિનાજ આખા વરસનો અભ્યાસ જોયા પછી વિદ્યાર્થીઓ વર્ગ ચઢે છે. દરેક શાળામાં છોકરા છોકરી સાથેજ ભણે છે. થોડે થોડે વખતે વિદ્યાર્થીઓની તબીબી પરીક્ષા લેવાય છે ને તે વખતે દરેક બાળકની કે વિદ્યાર્થીની બરાબર વ્યક્તિગત તપાસ થાય છે. તપાસને અંતે બાળકો નબળાં માલમ પડે તો તેમને ભારી કામ આપવામાં નથી આવતું. જેમની આંખો નબળી હોય તેમને આગલી બેઠકોપર જગ્યા મળે છે, વિદ્યાર્થીઓને ધની પદ્ધતિ પણ પ્રયોગો સાથેનીજ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓનો કારભાર

શાળાઓમાં વિદ્યાર્થીઓનો કારભાર ચાલે છે. વિદ્યાર્થીઓની અનેક સંસ્થાઓ શાળામાં હોય છે. સહકારી મંડળ, પુસ્તકાલય, રમતગમતની સંસ્થા વગેરે શાળાના કાર્યક્રમમાં પણ વિદ્યાર્થીઓ રસપૂર્વક ભાગ લે છે. સામ્યવાદીઓ વર્ગવિગ્રહમાં માને છે, પણ વિદ્યાર્થીઓ તેમાં ન માને તેની સંભાળ રખાય છે. લેનિનની પત્ની ક્રુપ્સકાય જણાવે છે કે, "રાજ્યના બંધારણ માફક વિદ્યાર્થીઓની સરકાર હોઈ શકે નહિ; કેમકે બાળકોનાં જીવનમાં વર્ગવિગ્રહને સ્થાન નથી. વર્ગોવિનાના ભાવી સમાજનો આદર્શ શાળા હોવી જોઇએ." પરંતુ આ આદર્શ હજી પૂરો પળાતો નથી. શાળામાં પણ વર્ગવિગ્રહ છે.

સહેલગાહ

શાળાના વિદ્યાર્થીઓ થોડે થોડે સમયે સહેલગાહે ઉપડે છે. સંગ્રહસ્થાનોમાં, ઐતિહાસિક સ્થળોએ, કલાપ્રદર્શનોમાં ને કુદરતી શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓને થોડાં થોડાંની ટુકડીમાં સહેલગાહે લઇ જવામાં આવે છે. કેટલીક વાર દૂર દૂરની જગ્યાએ લાંબા ગાળા માટે પણ મુસાફરી ગોઠવાય છે ને ફંડ પૂરતું ન હોય તો રસ્તામાં કમાઇને તે પૂરું કરવામાં આવે છે.

તે ઉપરાંત આજુબાજુની ઘણી વસ્તુઓનો અભ્યાસ કરાવવામાં આવે છે. ખેતીવાડી, ગ્રામ્ય સુખાકારી, સમાજજીવન, સ્થાનિક વેપાર, ગામ ને શહેર વચ્ચેનો સંબંધ, ગામડાની સરકારનો વહીવટ, ગામને સુધારવા માટે બધાં જાહેર કાર્યકર્તાઓના સહકારની જરૂર—એનો તીવ્ર અભ્યાસ પણ વિદ્યાર્થીઓ કરે તે માટે ખાસ સંભાળ રાખવામાં આવે છે.

ખોરાક, પાચનક્રિયા વગેરે પર દારૂ ને બીજાં કેફી પીણાંની કેવી અસર થાય છે તે બધું પણ બાળકોને સમજાવવામાં આવે છે.

શિક્ષકો આ બધા વિષયો શીખવે તે માટે તેમને લંબાણ સૂચનાઓ આપવામાં આવે છે; પણ સ્થળ ને સમય જેમ અનુકૂળ હોય તેમ તેઓ તે કાર્યક્રમમાં ફેરફાર કરે છે ને વિદ્યાર્થીઓ પણ તેમાં ભાગ લે છે.

વળી, શાળાની આજુબાજુ જે હોય તેની પણ તેમનાપર અસર પડે છે. દાખલાતરીકે પાસે કારખાનું હોય તો ત્યાં કેમ કામ થાય છે તે બધું તેમને દેખાડવામાં આવે છે. ભૂગોળ, ગણિત, વિજ્ઞાન વગેરે સર્વ એ રીતેજ શીખવાય છે.

શહેરોમાં તો કેળવણીનો પ્રચાર થયો છે, પરંતુ બધાં ગામડાંઓમાં પૂરો પ્રચાર હજી થયો નથી; તોપણ ખેડુતો કેળવણીના પ્રચારમાં ખૂબ રસ લે છે ને કેટલેક ઠેકાણે તો તેમણે જાતેજ શાળાઓ બાંધી છે.

ગામડાના બાળકમાં બુદ્ધિ વધારે હોય છે.

વળી, આમ આખી પ્રજા કેળવણી લે છે એટલે એમ જણાયું છે કે, શહેરનાં બાળક કરતાં ગામડાંનાં બાળકમાં બુદ્ધિ વધારે હોય છે.

એનું કારણ કદાચ એ હોય કે, શાળાની સાથે સાથે કુદરત પાસેથી પણ શિક્ષણ લેવાની ગામડાંઓમાં તક મળે છે.

(૩)

રશિયાના કેટલાક ભાગમાં ખેડુતો પોતાની જમીનમાંથી પૂરતો જીવનનિર્વાહ મેળવી શકતા નથી ને તેથી તેમને ખેતી સાથે બીજા ધંધાની જરૂર રહે છે, એટલે મોટેભાગે એવાં ખેડુતોનાં કુટુંબોમાં સ્ત્રીઓ ને બાળકો સુદ્ધાં હાથશાળપર કાપડ વણવાનું કામ કરે છે.

ગામડાંઓમાં કેળવણીનો પ્રચાર કેટલો થયો છે, તે માત્ર એકજ વસ્તુપરથી પણ જણાઇ શકશે—૧૯૧૩ માં રશિયાનાં ગામડાંઓમાં ૨૮૦૦ ટપાલ પેટીઓ હતી, ૧૯૨૬ માં તે વધીને ૬૪૦૦૦ થઇ. આ ઉપરાંત ટ્રાવેલિંગ ટપાલ ઑફીસો વધી પડી તે જૂદી.

આવી ટ્રાવેલિંગ પોસ્ટ ઑફીસો શહેરોમાંથી ગામડાંઓમાં ફરતી અને તેના ડ્રાઇવરો ખેડુતોને કામ લાગે તેવી વસ્તુઓ લાવી આપતા ને તે વેચી ધંધો કરતા. ૧૯૨૩ માં 'ખેડુત પત્રિકા' નામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક છાપું નીકળ્યું. આજે તેનો ફેલાવો દશ લાખ નકલનો છે. તેમાં ખેડુતો ને ખેતીને લગતી ખૂબ વિગતો આવે છે, એટલે ખેડુતોને તેમાં ઘણોજ રસ પડે છે. વળી તે પત્રમાં હજારો ખેડુતો નાનાં-મોટાં વિવિધ જાતનાં ચર્ચાપત્રો લખે છે ને અમલદારો સામે ફરિયાદો, તપાસ અને બીજી બાબતોવિષે તે પત્રિકામાં એટલું બધું વિવેચન થાય છે કે, તે પત્ર ખેડુતોને આશીર્વાદ સમાન થઇ પડયું છે અને તેમના ધંધામાં ઉપયોગી બન્યું છે. તેમાં આવેલી બાબતોપર ધ્યાન ખેંચાય છે અને અમલદાર સામે ફરિયાદો વગેરે હોય તો તપાસ થયા બાદ જરૂર જણાય તો તે ફરિયાદ દૂર થયા વિના રહેતી નથી.

સિનેમાદ્વારા શિક્ષણ

સોવિયેટોમાં કેળવણીના પ્રચારમાટે ફિલ્મોનો ઘણોજ ઉપયોગ કરવામાં આવે છે. 'ગ્રામ્ય રાજનીતિ' એ નામે એક સુવિખ્યાત ફિલ્મ બનાવનારે હમણાં ફિલ્મ બહાર પાડી છે, ને તેમાં ખેડુતજીવનના પ્રસંગો અને ખાસ કરીને તેમની મુશ્કેલીઓનું આબાદ ચિત્ર રજુ કરવામાં આવ્યું છે. આમ સિનેમાદ્વારા પણ શિક્ષણનો ખૂબ ફેલાવો થાય છે.

શહેર અને ગામડાનો સંબંધ

બળવો તો શહેરના કામદારોએ પહેલાં શરૂ કર્યો હતો. પાછળથી ગામડાંઓના ખેડુતો તેના તરફ ખેંચાયા. ઘણા વખતસુધી શહેર અને ગામડાંનો સંબંધ કડવો રહ્યો, પણ લેનિને જ્યારે નવી આર્થિક રાજનીતિ દાખલ કરી, ત્યારેજ ખેડુતો પોતાના ખરા સ્વરૂપમાં બહાર આવ્યા ને સામ્યવાદમાં સહાયભૂત થઇ પડયા. હજી પણ કામદારો ને ખેડુતોના આદર્શ વચ્ચેનો ફેર ઘણો છે અને રશિયાના આંતરિક ઝઘડાઓમાં તે એક મુખ્ય ઝઘડો છે. સત્તાવાળાઓ શહેરના કામદારો ને ગામડાંઓના ખેડુતો વચ્ચે સહકાર કરવા માટે તનતોડ પ્રયાસો કરે છે. ૧૯૨૩ માં "શહેર અને ગામડાની એકતા માટે કામદારોનું મંડળ" એ નામે એક સંસ્થા શરૂ થઇ હતી અને આજે આખા દેશમાં ઠેર ઠેર તેની શાખાઓ છે અને લાખો માણસો તે સંસ્થાના સભ્યો બન્યા છે. કારખાનાંઓની કલબો વગેરે સાથે પણ પરસ્પર સામાજિક સંબંધ બંધાય છે ને અવાર નવાર તેમના પ્રસંગમાં ખેડુતો આવ્યાથી ગ્રામ્યસુધારણા માટે કામદારો પણ સારી મદદ કરી રહ્યા છે.

અભણતા ટાળવાનો ઉપાય

અભણતા સામે અનેક રીતે લડતો લડવામાં આવે છે. ટ્રેડ યુનિયનો, કામદાર કલબો, ખેડુત મંડળો, સહકારી સમાજો, કેદખાનાંઓ-બધેજ કેળવણીનો ખૂબ ફેલાવો થાય તે માટે ઘણુંજ ધ્યાન આપવામાં આવે છે. કામદારો ને ખેડુતો માટે ઉદ્યોગ ને ખેતીવાડીના વિષયો જ્યાં શીખવવામાં આવે એવા દૈનિક અને અઠવાડીક વર્ગો પણ રખાયા છે. અભણતા ટાળવા માટે એક અસાધારણ તપાસ કમીશન નીમાયું હતું ને તે પછી 'અભણતાવિરોધક મંડળ' નામે પણ એક સંસ્થા સ્થપાઇ હતી. એ સંસ્થામાં પણ વિશાળ જનસમુદાય જોડાયો હતો. માત્ર લોકોને કેળવણીજ આપવાનો રાજ્યનો હેતુ નથી; પરંતુ તેમનું સામાજિક જ્ઞાન પણ વિશાળ બને અને રાજ્યમાં લોકસત્તા સ્થાપવા માટે તેઓ મદદ કરી શકે તે સારૂ શિક્ષણ અપાય છે. પુસ્તકાલયોની સંખ્યા ખૂબ વધતી જાય છે ને ફરતાં પુસ્તકાલયો પણ ઘણાં છે. આ ઉપરાંત ખેડુતજીવન અને કામદારજીવનને લગતા પ્રશ્નોનાં નાનાં સસ્તાં ચોપાનિયાંઓ પણ પ્રકટ થાય છે અને લાખોની સંખ્યામાં તે વેચાય છે.

રશિયાનું લશ્કર

આથી ગામડાંઓમાં અને શહેરોના કામદારોમાં ખૂબ કેળવણી ફેલાઇ છે; અને ખેડુતો-મજુરો હવે પોતાની સ્થિતિનું ભાન કરતા થયા છે, જો કે હજી ખેડુતોમાં ઘણું શિક્ષણ ફેલાવવાનું બાકી રહ્યું છે. રશિયાનું લશ્કર મોટે ભાગે ખેડુતોનું બન્યું છે, એટલે તે મારફત પણ તેમને કેળવણી મળે એવા ઉપાયો લેવામાં આવે છે. લશ્કરમાં ખેડુતને બે વર્ષ રહેવાનું હોય છે ને તે દરમિયાન તેણે અમુક અભ્યાસદરમિયાન તેણે અમુક વર્ગમાં ફરજિયાત જવાનુંજ હોય છે. આથી જ્યારે એ લશ્કર છોડીને જાય, ત્યારે પોતાના ગામડામાં કેળવણી અને સંસ્કારિતા ફેલાવવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય કરી શકે છે. આવી રીતે લશ્કરમાં જોડાઇ આવેલા લાખો ખેડુતો કેળવણી પામે છે અને ફેલાવે છે તથા પોતાના ગામડાને શિક્ષણથી સમૃદ્ધ બનાવી અભણતા ટાળવામાં અપૂર્વ મદદ કરે છે.

ખાસ નિશાળો

આ ઉપરાંત ઠેકઠેકાણે ખાસ નિશાળો ને ઇન્સ્ટિટયુટો હોય છે. રીસર્ચ ઇન્સ્ટિટયુટો, ટેકિનકલ સ્કૂલો, કામદારોએ કરવાં પડતાં કામોને લગતા વર્ગો, ખેતીનું કામ શીખવતી નિશાળો, બહેરામુંગા માટે નિશાળો, કલા ને સંગીતની સંસ્થાઓ વગેરે સ્થપાયાં છે. ઇન્સ્ટિટયુટ ઑફ સાઇકૉલૉજી એન્ડ ધ ફેક્ટોલોજી નામે એક મોટી સંસ્થા છે. ત્યાં સારામાં સારા અધ્યાપકો ને કેળવણીકારો રાખેલ છે.

યુનિવર્સિટીઓ

ઉચ્ચ શિક્ષણ માટે યુનિવર્સિટીઓ પણ ઘણી છે. મોસ્કોમાં બે મોટી કમ્યુનિસ્ટ યુનિવર્સિટીઓ છે તે બેનાં નામ આ પ્રમાણે છે:-ઓરીએન્ટલ યુનિવર્સિટી અને સુન-યાટ-સેન યુનિવર્સિટી. તેમાં સામ્યવાદના ખાસ વિષયો શીખવાય છે ને તેના પ્રચારકાર્ય માટે પદ્ધતિઓ બતાવાય છે.

સહનશીલતાની ભાવના

બળવા પછી જૂના રીતરિવાજો અને પદ્ધતિને તદ્દન ફેરવી નાખવાની ભાવના ખૂબ જોરશોરથી પ્રકટી નીકળી હતી. જાણીતા રશિયન લેખકોને પણ 'બડેખાંઓ' કહી વર્ણવવામાં આવતા હતા ને તેમને કોઇ પણ જાતનું ઉત્તેજન અપાતું નહોતું. ધર્મનાં ધતીંગો સામે પણ ખૂબ બંડ જામ્યું, પણ હવે સહનશીલતાની ભાવના જાગી છે ને ઘણી વસ્તુઓ તેઓ નછૂટકે સહન કરી બીજાઓની લાગણી નહિ દુઃખવવામાં માને છે. કેળવણીના ક્ષેત્રનો મુખ્ય પાયો ધર્મમાં નહિ માનવાની માન્યતાપર રચાયો છે; તોપણ નિશાળોમાં ધર્મવિરુદ્ધ કાંઇ પણ રચનાત્મક પ્રચારકાર્ય નથી થતું. થોડા વખતપર છાપાંઓમાં, મેક્સીમ ગોરકીએ રોમે રોલાંને લખેલો એક પત્ર પ્રકટ થયો હતો. તેમાં જણાવાયું છે કે, ઝારના વખતના રશિયન લેખકોનાં લખાણો ખૂબ વંચાય છે ને વખણાય છે. રશિયન-પછી ભલે તે કમ્યુનિસ્ટ હોય તોપણ તે-એવો બુડથલ હોતો નથી કે સારૂં સાહિત્ય કે સંગીત અને કળા વખાણી શકે નહિ. લેનિન પોતેજ ઘણા જાણીતા સાહિત્યલેખકોના સમાગમમાં રહેતો અને ઉમદા સંગીતમાં તલ્લીન બની જતો.

લુના ચરસ્કી

કેળવણી ખાતાનો મુખ્ય વડો લુના ચરસ્કી છે. તેને વિષે એક વાત છે, જે પરથી તેને ઓળખી શકાય તેમ છે.

બળવાની શરૂઆતના દિવસોમાં જ્યારે આંતરવિગ્રહ થયા કરતો હતો, ત્યારે એક વાર એવા સમાચાર ફેલાયા કે, મોસ્કોમાં ક્રેમલીન ટાવરનો થોડો ભાગ નાશ પામ્યો છે. પાછળથી આ ખબર ખોટી ઠરી; પરંતુ તે ખબર જાણતાંજ લુના ચરસ્કીના દિલમાં ચીરાડો પડયો. આંખમાં અશ્રુધારા લાવી તે લેનિન પાસે દોડયો અને પોતાનું રાજીનામું તેણે આપવા માંડયું.

ભૂતકાળમાં જે મહાન ઇમારત બંધાઈ હતી તે તૂટવાની ખબર હું જીવતાં સાંભળી શકું નહિ, તેવું તેણે કહ્યું. તેનું રાજીનામું સ્વીકારાયું નહિ; એટલુંજ નહિ પણ તે પછી રશિયાના કલાસંગ્રહના રક્ષક તરીકેનો હોદ્દો તેને સોંપવામાં આવ્યો. આજે એ માણસ રશિયાની સંસ્કૃતિ પોતાના હાથમાં રાખી બેઠો છે-એટલે કે, કેળવણીખાતાના અમલદારના હોદ્દા ઉપરાંત પુસ્તકાલયો, કળાસંગ્રહસ્થાનો, કળાકારો ને વિજ્ઞાનશાસ્ત્રીઓની સંસ્થાઓ, થિયેટરો, સંગીત અને સિનેમેટોગ્રાફ વગેરેનાં ખાતાંઓ તેને સોંપવામાં આવ્યાં છે. તે કવિ છે, નાટયકાર છે; એટલુંજ નહિ પણ માનવતાનો પ્રેમી છે, તેમ છતાં તે બળવાખોર અને સામ્યવાદી છે. આજે રશિયાની કેળવણીમાં સંસ્કારિતાનો પાસ તેણે બેસાડયો છે.

ક્રુપ્સકાય-લેનિનની પત્ની

રશિયાના શિક્ષણવિકાસમાં બીજી એક વ્યક્તિએ અમૂલ્ય ફાળો આપ્યો છે. તેનું નામ ક્રુપ્સકાય કે જેણે લેનિનની પત્નીતરીકે બળવા દરમિયાન ને તે પછી રશિયાના જનસમાજમાં કેળવણી માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝંખના કરીને પોતાના મક્કમ આદર્શો પાર પાડયા.

દેશપારીના દિવસોમાં પણ તેણે કેળવણીમાંજ પોતાનો કાળ ગાળ્યો હતો અને 'જાહેર શિક્ષણ અને પ્રજાતંત્ર' એ વિષયપર પુસ્તક લખ્યું હતું. તે બાઇ સાદાં કપડાં પહેરે છે, તેનો દેખાવ આકર્ષક નથી; પરંતુ થોડી મિનિટો તેની સાથે વાત કરીએ એટલામાંજ તેની બુદ્ધિના ચમકારા આપણે જોઇ શકીએ છીએ. લેનિનના અવસાન પછી 'કૉંગ્રેસ ઑફ સોવિયેટ્સ'ને ઉદ્દેશી તેણે નીચેના ઉદ્દગારો કાઢયા હતાઃ-

"કોમ્રેડ્સ! ખેડુત અને કામદાર નરનારીઓ! મારે તમારી પાસે એક મોટી યાચના કરવાની છે. લેનિનના વ્યક્તિત્વને ખૂબ માન આપો નહિ, એના સ્મારકમાં પૂતળાં બાંધો નહિ. પોતાના જીવનમાં એણે એ કશા માટે પરવા કરી નથી. યાદ રાખો કે, આ દેશમાં ગરીબી ને દરિદ્રતા ખૂબ છે. જો તમારે લેનિનના નામને માન આપવું હોય તો બાલમંદિરો સ્થાપો; કિન્ડરગાર્ટન શાળાઓ, પુસ્તકાલયો, ઇસ્પિતાલો વગેરે ઉભાં કરો."

("હિંદુસ્થાન અને પ્રજામિત્ર"ના અંકોમાંથી)

૪-विधुरलग्न थाय तो पछी विधवालग्न केम नहि ?
વિધવાઓને હિંદુસમાજ ન્યાય આપશે ?

હિંદુસમાજ કુંભકર્ણની માફક ક્યાંસુધી ઘોરશે? જ્યારે દેશાંતરમાં પ્રગતિ અને સુધારા માટે લડતો લડાઇ રહી છે, ત્યારે હિંદુસમાજ પોતાની મૂળ જગ્યાએથી એક ઇંચ પણ આગળ વધ્યો નથી. આજના વીસમી સદીના સૈકામાં પણ અઢારમી સદીના રીતરિવાજો અસ્તિત્વ ધરાવે છે, તે જોઇ ગમે તેવા સમજુ માણસને લાગી આવે એ નિર્વિવાદ છે. એ રિવાજો એટલા કઢંગા અને અમાનુષિક છે કે તે જોઇ હૃદય કંપી ઉઠે છે.

વિધવાલગ્ન કોને માટે ?

વિધવાઓ પુનર્લગ્ન કરી શકે કે નહિ, તે સવાલ પ્રથમ ચર્ચવા જેવો છે. વિધવાઓ જો પોતાનું જીવન સાદાઇ અને સદ્ગુણથી ગાળવા માગતી હોય અને નિષ્કલંક રહે તો એના જેવું શ્રેષ્ઠ બીજું કાંઇ હોઈ શકેજ નહિ. મર્હુમ કવિ કલાપીએ કહ્યું છે કે—

"છે વૈધવ્યે વધુ વિમળતા બ્હેન સૌભાગ્યથી કંઈ" એ સૂત્ર ઘણુંજ સરસ અને મનનીય છે; પરંતુ કોને માટે? જે વિધવા પોતાના સ્વર્ગસ્થ પતિની યાદ દિલમાં ધરી તેનાજ નામનું અહોનિશ રટણ કરી સંસારના હરકોઇ ભોગવિલાસથી વંચિત રહેવા માગતી હોય, તેને માટેજ છે; પણ જે વિધવા તેવું જીવન ગાળવા ના માગતી હોય, સંસારસુખની લોલુપતા તેના હૃદય ઉપર અસર કરતી હોય અને અહોનિશ વૈધવ્ય દશામાટે તેના દિલમાં ડંખ થતો હોય, તેવી વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ મળવી જોઇએ કે નહિ? કે અઢારમી સદીથી ચાલતા આવેલા રિવાજ પ્રમાણે તેણે સમાજની બંધનરૂપી બેડીમાં જકડાઇ રહેવું? એ મુખ્ય સવાલ છે.

હિંદુસમાજમાં વિધવાઓની સ્થિતિ

કદાચ એમ કહેવામાં આવે કે, વિધવાએ શામાટે પુનર્લગ્ન કરવું જોઇએ? તો એનો જવાબ એ છે કે, હિંદુસમાજમાં વિધવાઓનું સ્થાન ઘણું અધોગતિએ પહોંચેલું છે. વિધવાઓ શુભ કાર્યમાં ભાગ લઇ શકે નહિ, એક ગુલામડી કરતાં પણ તેની પાસે વધારે કામ લેવામાં આવે છે. જીંદગીભર ઓશિયાળું જીવન ગાળવું પડે છે, સવારથી સાંજસુધી તનતોડ મહેનત કરવા છતાં ગાળોજ ખાવાની, શ્વસુર પક્ષ અથવા માબાપ જાણે ખવરાવવામાં તેના ઉપર ઉપકાર કરતાં હોય એમ એને જોવાનું, પેટપૂરતું ખાવા મળે નહિ, કોઇપણ બાબતમાં એનો અવાજ નહિ અને કેટલાંક કુટુંબોમાં તો માર પણ મારવામાં આવે છે અને એટલો સીતમ તેના ઉપર ગુજારવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, તે જોતાં જોનારની આંખમાંથી લોહી વરસે. એક કસાઇ જાનવર ઉપર જે જુલ્મ ન ગુજારે તેના કરતાં પણ વધારે જુલ્મ તેના ઉપર ગુજારવામાં આવે છે અને આવું દુઃખ અને જુલ્મો થવા છતાં વિધવાને કરવાનું શું શું ? મૂંગે મોઢે સર્વ સહન કરવાનું! પોતાના દિલની ઉની જ્વાળા કાઢવાનું તેને એક પણ ઠેકાણું હોતું નથી. સમાજ આ બધું જાણે-જુએ છે; છતાં આંખઆડા કાન કરે છે અને પોતાની અદારમા સૈકાની પદ્ધતિને વળગી રહે છે. આમ હોવાથી વિધવાઓ હિંદુસમાજને શાપ આપે તો તેમાં કંઇ અણછાજતું ન ગણાય.

વૈધવ્ય માટે જોખમદાર કોણ ?

વિધુરલગ્ન થાય તો વિધવાલગ્ન કેમ ન થઇ શકે ? ૫૦ વરસની ઉંમરના બજુચક બુઢ્ઢાઓ પોતાની કામવાસનાને વશ થઇ પોતાના ઘરમાં પોતાની બહેન યા દીકરી નાની વયમાં વિધવા થયા છતાં તેની વૈધવ્ય દશાને બાજુ મૂકી ઘોડે ચઢે છે અને નવી વહુ ઘરમાં લાવવાના પોતાના મનના કોડ પૂરા કરે છે. આવા બજુચકોને એટલો પણ વિચાર નહિ આવતો હોય કે, પોતાનાજ ઘરમાં પોતાની વહુ યા દીકરી વૈધવ્યદશા ઉપર આંસુ સારે છે અને દુઃખમય જીવન ગુજારે છે; તે વખતે નવી વહુ લાવવાના કોડ પૂરા પાડવા તૈયાર થાય છે ? અરે ઓ બજુચક બુઢ્ઢાઓ! ઓ મરણમાટે ભોંય સુંઘતા હોવાનો ! ઓ વિષયી કુતરાઓ! તમને ક્યાં ખ્યાલ છે કે, યુવાન બાળાઓને વૈધવ્યદશામાં મૂકનાર તમેજ છો. તમારા ક્ષણિક સુખની ખાતર આગળ પાછળનો વિચાર કર્યા-વગર હવસી કુતરાની માફક લગ્ન કરવાને આકર્ષાઓ છો; તે બદલ તમને હજાર વાર ધિક્કાર છે! કસાઇમાં પણ જરાતરા રહેમની છાંટ હોય છે તે પણ તમારામાં નથી. આવા વિધુરોને પોતાની પુત્રી આપનાર માબાપોને પણ હજારો શાપ છે. "દીકરી ને ગાય દોરે ત્યાં જાય" એ કહેવતનું અસ્તિત્વ હજી હિંદુસમાજમાં છે તે આ ઉપરથી સાબીત થાય છે. માબાપો પોતાની પુત્રીઓને પૈસાની લાલચે, ઉચ્ચ કુટુંબની લાલચે વા બીજી કોઇ પણ લાલચે વહાલથી ઉછેરી આખરે દુઃખદરિયામાં હડસેલી મૂકે છે અને પછી બિચારી વિધવા થતાં શિકારી કુતરાઓની માફક તેના ઉપર તરાપ મારીને સંકટ ગુજારવામાં કમર કસે છે. અરે! ઓ અંધ માબાપો અને લગ્નમાટે લાલસા કરનારા બજુચકો! વિચારો, આંખ ઉઘાડો અને જુઓ કે, વૈધવ્યપ્રાપ્તિ માટે કોણ જોખમદાર છે! ભોળી બાળાઓને શામાટે ગુન્હેગાર ગણો છો ? તમારી ભૂલ કહો કે મનસ્વીપણું કહો, પરંતુ તેનો ભોગ તો ભોળી બાળાનેજ થવું પડે છે.

હિંદુસમાજ જાગશે કે?

હિંદુસમાજમાં જ્યારે વૃદ્ધલગ્નની પ્રથા હયાતી ભોગવે છે, ત્યારે વિધવાલગ્નની પ્રથા કેમ દાખલ ન કરવી ? વિધવાલગ્નની પ્રથા હિંદુસમાજમાં દાખલ થશે તો ઘણાજ ફાયદા થાય તેમ છે અને હિંદુસમાજ ઉપર જે ટીકાઓના હથોડા પડે છે તે અટકશે; વિદેશી લેખિકા મીસ મેયો જેવીઓને હિંદુસમાજ ઉપર ટીકાઓ કરતાં અટકાવી શકશો; હિંદુસમાજની થતી અધોગતિ અટકાવી શકશો; વિધવાઓને પરધર્મીઓ સાથે લગ્ન કરતાં અટકાવી હિંદુસમાજ ઉપર આવતું કાળું કલંક દૂર કરી શકશો અને બાળહત્યા તથા ભ્રણહત્યા અટકાવી શકશો. જો આ પ્રથા દાખલ થશે તો હિંદુસમાજ પોતા ઉપર આવતું કલંક દૂર કરી ઉજ્જવળ મુખે ફરી શકશે અને વિધવાઓના હજારો આશીર્વાદ મેળવશે.

(તા-૧-૯-૧૯૨૮ ના દૈનિક "હિંદુસ્થાન"માં લેખકઃ- શ્રી. પુષ્કરરાય કે. દેશાઇ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫-આજના સમાજનાં જીવતાં મુડદાં !

બ્રિટિશો પાસેથી શીખવાનો ગુણ

અંગ્રેજી ભાષામાં એક જાણીતા વિદ્વાનનું કથન કહેવતતરીકે વપરાય છે કે "બાયલાઓ ખરૂં મૃત્યુ આવે તે પહેલાં અનેક વખત મરી ગયેલા હોય છે." એટલે કે, બાયલા પુરુષોને સાચું મૃત્યુ તો એકજ વખત આવે છે; પરંતુ તે પહેલાં જીવને જ્યારે પણ કશુંક જોખમ વહોરવાનું આવે કે કાંઈક ગંભીર પ્રસંગ ઉભો થાય, ત્યારે તેને ખોટો ભય એટલો બધો લાગી જાય છે કે જેથી તે માણસની દશા લગભગ મરવા જેવીજ બની જાય છે.

જીવતાં મુડદાં

આવા ભયભીત રહેનારા ભીરૂ બાયલાઓનો જગતના આરંભથી સર્વ સ્થળે તિરસ્કાર કરવામાં આવે છે અને જગતના અંતસુધી તેનો જનતા તિરસ્કારજ કરશે; તેમ છતાં માનવસમુદાયમાંથી એવી કાયરતા જડમૂળથી ટળી જાય એ માનવું તો મુશ્કેલ છે; સિવાયકે સ્પાર્ટાવાસીઓની માફક પુરુષને જીવવાનોજ અધિકાર આપવામાં ન આવે, સિવાય કે પ્રાચીન રોમન નાગરીકત્વની માફક નાગરીકત્વની વ્યાખ્યાજ આકરી ઠરાવવામાં ન આવે.

પરંતુ હિંદુસ્થાનની પરિસ્થિતિ તપાસીએ તો એવા કાયર મનુષ્યો કે જેમને વાસ્તવિક રીતેજ જીવતાં મુડદાં ગણી શકાય એવાં ઘણાં દેખાય છે અને નજીકના ભવિષ્યમાં એ દુર્ગુણને સહેજમાં નીવારી શકાય તેમ નથી.

બાયલાપણાના પ્રકાર

માણસમાં રહેલી બાયલાપણાની કસોટી એકલા શરીરબળ ઉપરથી કાઢી શકાય નહિ. અલબત્ત, માનવીની મરદાઈની અનેક કસોટીઓમાંની શરીરબળની ખીલવણી પણ એક કસોટી છે; તોપણ એકલું શરીરબળ ધરાવનાર માણસ મરદજ બની શકે છે, એવું કશુંજ નથી. બાયલાપણું એક પ્રકારની બીકમાંથી જન્મે છે અને એવી બીક નિર્માલ્ય, માનવ સલેકડાઓમાંજ હોય એવું કંઇ વિધાન હોઈ શકે નહિ. સાડાછ ફૂટના કદાવર બાંધાના માણસોમાં પણ એવી બીકને સ્થાન છે અને તેને લીધે તેમનામાં પણ કાયરતા દેખાયા વિના રહેતી નથી. એ કાયરતા અથવા બાયલાપણું અનેક જાતના ભયમાંથી જન્મે છે. તે ભય ધાર્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક, એમ ચાર જાતના સામાન્ય રીતે હોય છે. ખાસ ભય માર-હાનિ, પ્રાણદંડ અને લૂંટની ભાવનાની પાછળ રહેલા હોય છે; પરંતુ સામાન્ય વ્યવહારમાં જેણે ભયનો ત્યાગ કરેલો છે તે ખાસ ભય વખતે જરા પણ ડર્યા વિના મરદની માફક ગમે તે પ્રસંગમાં ખડો રહીજ શકે એવો અનુભવ છે. એટલે ખરી કાયરતા જીવનના સામાન્ય વ્યવહારમાંથી માપવાની હોય છે.

વહેમ અને ધતીંગનો ભય

ગમે તેવી પ્રચંડ કાયાવાળા અને સાબુત કાંડાબાવડાવાળા શક્તિશાળી માણસને પણ વહેમ અને તેવાંજ બીજાં ધતીંગના ભય તરણા કરતાં પણ નિર્માલ્ય બનાવી મૂકે છે.

દાખલાતરીકે ઘણાઓને એવા વહેમે ઘેરી લીધેલા હોય છે કે, માથા ઉપર, કોણી ઉપર કે ગળામાં અમુક મંત્રનું માદળિયું કે તાવીજ રાખીએ તો દુશ્મન કદી હરાવી ન શકે, ભૂતપ્રેત કદી બીવડાવી ન શકે કે કોઈના જાદુ અથવા જંત્રમંત્ર કોઇ પણ રીતે ફાવી ન શકે. એવા માણસો બહુજ જોરાવર હોવા છતાં જો પેલું માદળિયું ચોરાઇ જાય, તૂટી પડે કે મારામારીમાં ખોવાઇ જાય તો પેલી વહેમી માન્યતાને લીધે તેની તમામ શક્તિ હણાઇ જાય છે અને તે બાપડો વહેમને લીધે બનેલી પરાશ્રયી વૃત્તિને લીધે બધીજ આત્મશક્તિ ગુમાવીને તદ્દન બાયલોજ બની બેસે છે.

એવીજ રીતે કોઇ દેવીના ભયથી, કોઇ દેવોના ભયથી અથવા તેમના તરફની અંધશ્રદ્ધાને લીધે બાયલા બની બેસે છે. સોમનાથ ઉપરના હુમલા વખતે કેવળ મહાદેવને આશરે બેસી રહીને હારેલાઓએ જે મનોદશા બતાવી, તે આવીજ ધાર્મિક અંધશ્રદ્ધામાંથીજ જન્મેલી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજદ્વારી ભય

કેટલાક બહાદૂર વીરો રાજદ્વારી ભયને લીધે જીવતાં મુડદાં જેવા બની જાય છે. આ ભય બે પ્રકારનો છે. જેલ અથવા મારનો અને સત્તાવાળાઓની ગુપ્ત ખફગી કે મહેરબાનીનો.

જલિયાંવાળા બાગમાં પેલા પ્રચંડ શરીરવાળા પંજાબીઓ ડાયરની ગોળીથી મરી ગયા, એમને કોઈ બાયલા નહિ કહી શકે; પરંતુ અમૃતસરની પેલી ગોઝારી ગલીમાં જેઓ ગોરા સિપાઇની ગોળી અને સંગીનના ભયથી ડરીને પેટે ઘસડાયા, જેમણે નાકલીંટી ખેંચી, જેઓએ ગોરાને જોઇને ફરજિયાત સલામો ભરી અને બીજાને માન અનિચ્છાએ–મૃત્યુના ભયે–આપવા તૈયાર થયા, તેમને જનતા હમેશાં કાયરતરીકેજ ગણશે. ગાંધીજી જેવા અહિંસાના પૂજારીએ પણ એવા બાયલાઓને પેટ ઘસવા કરતાં મરી જવું હતું, એમ કહેલું તેનો અર્થ એટલોજ છે. આજ રીતે કેટલાક પોલીસના મારના ભયે અને જેલ જવું પડશે તો ? એવા ભયે પણ જીવતાં મુડદાંની દશા બતાવે છે.

પરંતુ સામાન્ય માણસો નહિ એવા પ્રમુખ રાજદ્વારીઓ બીજા એક ભયને લીધે એક જાતનું બાયલાપણું બતાવે છે, એ પણ નોંધવા જેવું છે.

એકાદ રાજદ્વારીને ધારાસભામાં સરકારે નીમ્યો છે. 'બોલશી બીલ' કે 'રાઉલેટ એકટ' અથવા 'મીઠા ઉપરના કર' જેવા કોઇક પ્રસંગે તેને એમ લાગે કે, સરકારનું એ કૃત્ય બિલકુલ તિરસ્કારને પાત્ર છે, તેમ છતાં 'સરકાર ફરીથી મને નીમશે નહિ તો ?' એ ભયે ઉપમૃત્યુ પામેલા કેટલાય રાજદ્વારીઓ સરકારી ચાબુકસ્વાર(વ્હીપ)ની દોરવણીએ દોરવાય છે.

તેજ રીતે એકાદ લોકપક્ષી રાજ્યદ્વારી નેતાને એમ લાગે કે, પ્રજાસમૂહનો મોટો ભાગ જે વાત માની રહેલો છે તે પરિણામે નુકસાનકારક છે; તેમ છતાં એ વ્યાજબી અભિપ્રાય જાહેર કરવા જતાં લોકપ્રિયતા ગુમાવી બેસવાના ભયથી તે ગભરાઇ જાય છે, એની જીભ ઉપડતી નથી, હોઠ સીવાઇ જાય છે, હૈયે કંઇ ને હોઠે કંઇ એ દશામાં તે વ્યામોહ પામે છે, છેલ્લે તેને લોકપ્રિયતા ગુમાવવાનો ડર એટલો બધો દેખાય છે કે, છેવટે તે જૂઠું બોલે છે. એ નેતા બીકણ બને છે, બાયલાપણું ધારણ કરે છે અને જનતાને સીધી સલાહ આપવાનો પોતાનો ધર્મ ભૂલે છે !

ધાર્મિક ભીરુતા

કોઇએક જાહેર પુરુષ છે. તે ધાર્મિક વહેમો ને ઢોંગ–ધમાલમાં માનતો નથી. વિલાયત જઇને ગોરાઓની હૉટેલોમાં તે આહાર–વિહાર કરે છે, ગવર્નરો અને વાઇસરૉયની સાથે ભોજનો લેતાં તેને કશો વાંધો જણાતો નથી; તેમ છતાં ધર્મઘેલા પુરુષોને નારાજ નહિ કરવાને માટે તે રૂઢિરક્ષકોની જાહેરસભાઓમાં મુખ્ય ભાગ ભજવીને ધર્મનાં ધતીંગોને ટેકો આપવાનું બાયલાપણું બતાવી બેસે છે.

કોઇ એક વિદ્વાન બ્રાહ્મણ છે. તેને એમ લાગે છે કે, જમણમાં પંક્તિભેદ એ તો ખોટા પ્રપંચ છે; માણસ માણસથી કદી અભડાતોજ નથી; તેને એમ લાગે કે, ૮૦ વર્ષના બુઢ્ઢા સાથે બળાત્કારે પરણાવવામાં આવેલી ચૌદ વર્ષની કન્યા જે પરણ્યા પછી બે પખવાડીઆમાં વિધવા બને તેને ફરીથી લગ્ન કરાવવાં એમાંજ સાચો ધર્મ રહેલો છે; તેમ છતાં એમ કરવાથી તેના યજમાનો ગુસ્સે થઇ જશે, તેને માન મળતું અટકી પડશે, એથી એને પેટ ભરવાના સાંસા પડશે–એવો એને ભય લાગે છે. એથી તે બાયલાપણું ધારણ કરે છે અને પોતાના આત્માને ઠગીને તે પંક્તિભેદને પુષ્ટિ આપે છે, વિધવાને ફરજિયાત વૈરાગ્ય પળાવવાની હીમાયત કરે છે, તે જીવતો છતાં મરી જાય છે, જીવતું મુડદું બનીને તે જગતમાં રહે છે.

સામાજિક ભીરુતા

સામાજિક ભીરુતાથી બાયલા બનેલાઓ તો આ જમાનામાં અનેક જણાશે. જીર્ણ ન્યાતોના દુશ્મન બનીને તેને તોડી નાખવાનાં લાંબાં પહોળાં ભાષણો ભરડી ભરડી સત્તાવાદી અને મુડીવાદી સુધારકોને ખુશ કરવા, કોઇ એક પ્રીતિભોજનમાં જમવા જાય છે; પરંતુ જમીને આવ્યા પછી ન્યાતની સભા ભરાય છે અને જ્યારે ન્યાતબહારનો ડર બતાવે છે ત્યારે પેલો જ્ઞાતિવિરોધી બાયલો બની જાય છે, તે પોતાપણું ગુમાવી બેસે છે, એને પોતાના સિદ્ધાંત માટે એકલા ઉભા રહેવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્દોઇનો આશરો લેવો નુકસાનકારક જણાય છે, તે મૂછ મુંડાવે છે, ગાયના છાણ-મૂત્રથી સ્નાન કરીને પાવન બને છે, ન્યાતીલાઓના ગુસ્સા આગળ ટકી નહિ શકવાથી તે દંડ આપે છે, ન્યાત જમાડે છે અને જીવતો મુડદું બની જાય છે.

એજ રીતે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કુળલગ્ન, ધનલગ્ન, વરવિક્રય, કન્યાવિક્રય, ફરજિયાત વૈધવ્યપાલન વગેરેની વિરુદ્ધ વિચારો ધરાવનારા, ભાષણો કરનારા અને લાંબા લાંબા લેખો લખનારાઓ પ્રસંગ આવ્યે ભીરુતા બતાવીને ભાગી જઈ સામાજિક સત્તા આગળ નમી પડે છે!

એક માણસ એવું માને છે કે, ચારિત્ર્યથીજ માણસ ઉંચો થઇ શકે. શૂદ્ર પણ વિશુદ્ધ ચારિત્ર્યબળ ખીલવીને બ્રાહ્મણકોટીને પામી શકે-અર્થાત્ નીચલા થરથી ઉપલા થર સુધી પહોંચી શકે; પણ અનેક પાપકર્મો કરીને ગંગાસ્નાનથી તે પવિત્ર થઇ ન જાય, અનેક અનર્થ કરતા રહીને ચોરાશી જમી આવવાથી કોઇ બ્રાહ્મણ બની ન બેસે; પરંતુ જો તે એવું બહાર કહેવા જાય તો એની ન્યાતના વહેમી અને રૂઢિપૂજકોને ગુસ્સો ચઢે. એ ગુસ્સો સહન કરવાની, સામાજિક બહિષ્કાર વેઠી લેવાની તેનામાં તાકાત નથી હોતી એટલે તે બાયલો બની જાય છે. તુરતજ પોતાના બધાજ સિદ્ધાંતોને ગડી કરીને ગજવામાં મૂકી દે છે અને જ્ઞાતીલાઓની સાથે ઝંબે ઝંબે કરતો એ પણ કહેવા લાગે છે-ચોરાશી જમવાથી આપણે બ્રાહ્મણ બની ગયા!

આર્થિક ભીરુતા

આજ રીતે આર્થિક દબાણ અને લાગવગ માણસને ભીરુ બનાવી મૂકે છે. એક ન્યાયાધીશ લાંચ લઇને અન્યાય કરે છે ત્યારે તે બાયલો બની મૃત્યુ પહેલાં મરી ચૂકે છે.

એક નોકર કેવળ અમુક માણસને ત્યાં નોકરી કરે છે, એટલા ડરથી ભીરુ બનીને પોતે ન માનતો હોય તેવું કામ કરે (દાખલાતરીકે શેઠને કે શેઠના સગાને ખોટી શરમથી ચુંટણીમાં મત આપી આવે, પોતે દિલથી ન માનતો હોય તે કામ કેવળ શેઠના દબાણથી કરે) ત્યારે તે બાયલો બનીને જીવતા મુડદાની દશા ભોગવે છે.

તેવીજ રીતે પૈસા લઇને નિર્દોષને બીજાની ખાતર મારવા જનાર ગમે તેટલો શારીરિક બળવાળો હોવા છતાં પણ બાયલો મનાય છે.

ભીરુતા ત્યાગો-મરદ બનો

એ ભીરુતાનો જેણે ત્યાગ કરેલો છે તેજ મરદ છે. એવા મરદો અમુકજ દેશમાં કે અમુકજ જાતિમાં પાકે અને બીજે નજ પાકે એમ કોઇ કહી ન શકે; તોપણ વિચાર કરતાં એવું તો કહેવુંજ જોઇએ કે, જેઓ એવા ભયથી ડરતા નથી તેઓજ જગતમાં નામના, યશ, સત્તા, ધન, સન્માન-બધું પામી શકે છે.

ગામમાં ધાડ આવી હોય, ઘરમાં ચોર પેઠો હોય, ગામ જતાં રસ્તામાં લૂંટારો મળે તેવે વખતે પણ શારીરિક બળ છતાં અંતરમાં કાયરતાનો વાસ હોવાને લીધે અનેક માણસો બાયલાની માફક ધાડ વખતે ઘરમાં ભરાઈ બેસે છે. ઘરમાં ચોર પેસે ત્યારે ધ્રૂજતા ધ્રૂજતા ઉંઘવાનો આડંબર કરે છે અને રસ્તામાં મળેલા લૂંટારાને સર્વસ્વ આપીને ઉપરથી માર ખાય છે; કેમકે બાયલાઓના નશીબમાં એ સિવાય બીજું કશુંજ નિર્માયલું હોતું નથી.

અંગ્રેજોમાં બીજા ગમે તેટલા દુર્ગુણો ભલે હોય, પરંતુ તેમનામાં મરદાઇનો અસાધારણ ગુણ છે એની ના કોઇથી પણ પાડી શકાશે નહિ. આપણે એ જાતની પાસેથી એ સદ્ગુણ ખાસ શીખવો જરૂરી છે.

મુઠ્ઠીભર યાત્રાળુઓ જઇને અમેરિકા વસાવે, પૃથ્વીભરના દેશોને ખુંદી વળીને ઠામઠામ યુનિયન જેક ઉડતો કરે, મુઠ્ઠીભર વ્યાપારીઓ હિંદ જેવા વિશાળ દેશ ઉપર સામ્રાજ્ય જમાવે, જરાક જેવડા ટાપુની પ્રજા સમસ્ત આલમમાં બળવાન રાષ્ટ્ર થઇ પડે તે એની મરદાઇને લીધેજ.

જીસસ ક્રાઇસ્ટે પર્વત ઉપરના ઉપદેશની દશ આજ્ઞાઓમાં અનેક વાતો કહી છે, તેમાં તો જમણા ગાલે તમાચો મારનાર પાસે ડાબો ગાલ ધરવાની વાત છે; પણ વ્યવહારૂ અને મરદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજો જમણા ગાલ ઉપર તમાચો મારનારના બન્ને ગાલ ઉપર જબરદસ્ત મુક્કા લગાવી તેનાં જડબાં તોડવાની નીતિએ ચાલે છે. અંગરખાની ચાળ પકડે તેને આખું અંગરખું આપી દેવાની જીસસે સલાહ આપવા છતાં અંગ્રેજો જેની ચાળ પકડે તેનું અંગરખું પડાવી લીધેજ છૂટકો કરે છે. તારી આંખમાં સોંયેલું પડ્યું છે તેને કાઢ, બીજાની આંખમાંના તણખલાની પીડામાં તું ન પડ; એવો જીસસ ક્રાઇસ્ટનો ઉપદેશ વિસારે પાડી તે મીસ મેયો જેવી ભાડુતી ગટર મુકાદમ મારફત હિંદની નાની ભૂલોને મોટું રૂપ આપી રાજ્યદ્વારી હેતુ સાધી શકે છે. મતલબ કે, ધાર્મિક વાતોને તે બાઇબલમાં રહેવા દે છે. ધાર્મિક ભીરુતાનો તે સ્વીકાર કરતા નથી, પણ જવાંમર્દી અને બાહુબળ ઉપરજ મુસ્તાક રહી બાયલાપણાને તિરસ્કારે છે. આપણે સ્વર્ગની વાતો પાછળ ઘેલા બનીને સ્વતંત્રતા ગુમાવવા તૈયાર છીએ. અંગ્રેજો સ્વર્ગની પરતંત્રતા વેઠવા કરતાં નરકમાં રહીને પણ સ્વતંત્રતા ભોગવવાનું વધુ પસંદ કરે છે.

એમની પાસેથી આપણે જે સદ્‌ગુણ શીખવાના છે તે હિંમતનો, નીડરતાનો, સ્વાતંત્ર્યભાવનાનો, પ્રતિષ્ઠાને ખાતર પ્રાણ આપવાની તૈયારીનો. અત્યારે આપણે ઘરની, ગામની, ધર્મની, સમાજની, રાજ્યની, શેઠની-અનેક લોકોની ગુલામીમાં સપડાઇને, અનેક પ્રકારના કૃત્રિમ ભયને લીધે બાયલા બની ગયા છીએ. એ ભયને ફગાવી દેવામાં આવે તો બાયલાપણું ચાલ્યું જાય અને તેમાંથીજ સ્વતંત્રતાનો જન્મ થાય, એ વાત સૌએ સવેળા સમજી લેવાની જરૂર છે.

(તા. ૭-૧૦-૨૮ના "મુંબઇ સમાચાર"ની અઠવાડિક આવૃત્તિમાં લેખકઃ-શ્રી. યદુનંદન)

६-दक्षिणभारत में मूर्तिपूजक इसाइ

डिसम्बर सन् १९२६ ઇસ્વી કે દૂસરે સપ્તાહ મેં, મૈં અપને જ્યેષ્ઠ ભ્રાતા સે પાંડીચેરી મિલને કે લિયે ગયા થા. મદ્રાસ પ્રાંત મેં તૈમિલ ભાષા ન જાનનેવાલે યાત્રી અંગ્રેજી સે કામ ચલા લેતે હૈં; ક્યોંકિ ઉધર કે કુલી તક અંગ્રેજી બોલના જાનતે હૈ. પરંતુ પાંડીચેરી મેં ફ્રાન્સીસિયોં કા રાજ હોને કે કારણ અંગ્રેજી વિશેષ કામ નહીં આતી. ઇસ કારણ મુઝે અપને ભ્રાતા કા પતા લગાને મેં જો કઠિનાઇ પડતી ઉસસે મૈં ઇસ પ્રકાર બચા કિ સ્ટેશન પર એક રિક્ષા મેં બૈઠ કર રિક્ષાવાલે સે મૈંને કહા "દાવિદ ઓકા." મિ૦ ડેવિડ વહાં કે એક પ્રમુખ ઔર સુપ્રસિદ્ધ બૈરીસ્ટર હૈ ઔર મેરે ભાઇ કે પરમ મિત્ર હૈ. તામિલ ભાષા મેં ઓકા વકીલ કો કહતે હૈં; યહ શબ્દ મુઝે પહલે સે માલૂમ થા, ઇસી કારણ મૈં એક બહુત બડી પરેશાની સે બચ ગયા. રિક્ષાવાલા મુઝે તુરંત હી મિ૦ ડેવિડ કે મકાન પર લે પહુંચા. રિક્ષાવાલે ને આવાજ દી. મલમલ કા એક કુરતા પહને તથા બિલકુલ સાદી ધોતી બાંધે હુએ એક સજ્જન બાહર આયે. યહી મિ૦ ડેવિડ થે. એક ઇસાઇ બૈરીસ્ટર કો ઐસે લિબાસ મેં દેખને કા મેરા યહ પહલા હી અવસર થા. ઇસી ઉત્સુકતા મેં મૈંને અપને ભાઇ સે કુછ બાતેં પૂછી. ઉન્હોંને મુઝે બતાયા કી યહાં કે ઇસાઇ ધર્મ કે મામલે મેં કેવલ ઇતના હી જાનતે હૈં કિ વે ઇસાઇ હૈં ઔર ઇસા મસિહ, જિન્હેં ગરીબ ઔર દુઃખિયોં કે કષ્ટ તથા દૂસરોં કે પાપોં કે લિયે સ્વયં સૂલી પર ચઢના પડા થા, વહ ઉનકે પ્રભુ હૈં. બસ, મેરે ભાઇ જિસ મુહલ્લે મેં રહતે હૈ ઉસમેં શિક્ષિત તથા ધનિક ઈસાઇયોં કી હી સંખ્યા અધિક હૈ. વે ઇન્હી ઘરોં મેં શેતરંજ ખેલ કર અપના સમય કાટા કરતે હૈં. અપને ભાઈ કે ઇસાઇ મિત્રોં કે સભી ઘરોં મેં મૈં ગયા. ઉન લોગોં કે ઘરોં કી સ્ત્રિયોં સાડી પહને હુએ થીં. સુહાગિનોં સે મસ્તક પર સિંદૂર કે ટીકે થે. ઘર કે બર્તન કાંસે ઔર પીતલ કે થે-ચાય કે પ્યાલે તક ચાંદી ઔર પીતલ કે થે. મકાન કે અંદર કે ઈંટ ઔર પથ્થર કે ફર્શ સભી ગોબર સે લીંપે હુએ થે. વહાં પર હિંદૂઓં મેં, લડકી કી શાદી હો જાને કે બાદ ઉસકે પૈરાં કી એક એક ઉંગલી મેં છલ્લા પહના દેતે હૈં. ઇસાઇયોં કે યહાં ભી યહી રિવાજ હૈ. સારાંશ યહ કિ વહાં પર કિસી ભી સ્ત્રી-પુરુષ કે પહનાવ-ઉઢાવ સે યહ જાનના બિલકુલ અસંભવ હૈ કિ યે હિંદૂ હૈ યા ઇસાઇ. બડે સે લે કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોટે તક સભી હિંદૂ ઔર ઇસાઈ કુરતે ઔર તહમંદ પહનતે હૈં. પ્રત્યેક ઇસાઇ કે ઘર કે બાહર કે દરવાજે પર લકડી કા બના હુઆ ક્રૉસ લગા દેખા. પ્રત્યેક ઈસાઇ કે ઘર કે અંદર એક હી જગહ દીવાર મેં બને હુએ આલેં મેં તીન મૂર્તિયેં, મિટ્ટી યા પીતલ કી રખી હુઇ દેખીં. એક તરફ પિતા, દૂસરી ઓર ઉનકી માતાપિતા તથા બીચ મેં ક્રાઇસ્ટ કી મૂર્તિ થી! યે મૂર્તિયેં કપડે પહને થી. ક્રાઇસ્ટ કે સિર પર મુકુટ થા. પાંડીચેરી કે ગવર્નર કે પ્રાઇવેટ સેક્રેટરી કે ઘર મેં બિજલી કી રોશની થી. ઇન મૂર્તિયેં સે ઠીક આધ ગજ કિ દૂરી પર, મૂર્તિયેં કે ઐન સામને, બિજલી કા બલ્બ થા; પરંતુ સૂરજ છિપ જાને કે બાદ, મૂર્તિયેં કે સામને નિત્ય નિયમપૂર્વક તેલ કા એક ચિરાગ જલા કર રક્ખા જાતા હૈ. યહી બાત મિ૦ ડેવિડ કે યહાં ભી દેખી ગઇ. ઉનકે યહાં ભી બિજલી કી રોશની થી. જિન ઘરોં મેં બિજલી કિ રોશની ન થી ઉનમેં તો ચિરાગ રક્ખા હી જાતા હૈ, લગભગ સભી કે ઘરોં ચિરાગ કે સાથ સાથ ચિરાગ કે ઇધર ઉધર રોજ નયે ગુલદસ્તે રક્ખે જાતે હૈં; બડે દિન કે રોજ વહાં ચૌવિસ તારીખ કિ રાત કો, સબ ઈસાઇયોં કે યહાં ક્રાઇસ્ટ કા જન્મ હોતા હૈ. અપને ઇધર પ્રત્યેક સનાતનધર્મી કે યહાં, જન્માષ્ટમી પર કૃષ્ણજી પૈદા નહીં કરાયે જાતે; પરંતુ ઇનકે યહાં બાકાયદા ક્રાઇસ્ટ કી માતા કી મૂર્ત કો પલંગ પર લિટા કર તથા ઉનકી બગલ યા સીને પર ક્રાઇસ્ટ કી છોટી સી મૂર્તિ લિટા કર તથા અનેક પ્રકાર કે ફલ ઔર મિઠાઇ ઇધર-ઉધર રખ કર ઘર કો અચ્છી તરહ ગોબર સે લીપ કર ઔર ફિર સજા કર ઈસા મસીહ જન્મ લેતે હૈ. બાલક ઇસા કી શકલ બાલક કૃષ્ણ સે બિલકુલ મિલતી હી નહીં થી બલ્કિ યદિ કિસીસે કહા ન જાય તો પ્રત્યેક વ્યક્તિ ઉસે કૃષ્ણજી કી મૂર્તિ હી બતાવે. બસ એક બાત કી કમી થી-બાલક ઇસા કે હાથ મેં કૃષ્ણ કી બંસી ન થી. ૨૪તારીખ કી રાત કો રાતભર ચર્ચ કે ઘંટે બજતે હૈં ઔર આતિશબાજી કે દનાદન ગોલા છૂટતે બહતે હૈં.

સંક્રાંતિ કા ત્યૌહાર તો ભારતવર્ષ મેં સભી હિંદૂ મનાતે હૈં. મદ્રાસ પ્રાંત મેં સંક્રાંતિ કે ત્યૌહાર કો પુંગલ કહતે હૈં. તૈમિલ ભાષા મેં પુંગલ ખિચડી કા નામ હૈ. હિંદૂઓં કે પુંગલ કે એક દિન બાદ ઈસાઇયોં કા પુંગલ હોતા હૈ. શુક્રવાર કો ઇન્હેં ગોશ્ત ખાને કી ઇજાજત નહીં હૈ. યદિ કહીં શુક્રવાર કો પુંગલ પડ ગયા જૈસા કિ પિછલી સાલ પડા થા તો ફિર યે લોગ સ્વામિયાર સે ફતવા લેને જાતે હૈં. તૈમિલ ભાષા મેં સ્વામિયાર પાદડી કો કહતે હૈં. ગત વર્ષ પાદડિયોં ને ઇન્હેં પુંગલવાલે શુક્રવાર કો બતખ ખાને કી ઇજાજત દે દી થી. ઇન લોગોં કા ઇતવાર કે દિન ચર્ચ જાના અનિવાર્ય હૈ. જો નહીં જાતા વહ ઇસાઇ નહીં. ચર્ચ મેં લોગ પાદડિયોં કો પૈસા દે કર, અપની બૈઠને કી જગહ રિઝર્વ કરા રખતે હૈં. યદિ ભૂલ સે ઇન રિજર્વ સીટોં પર કોઈ બૈઠ જાયં તો રિઝર્વ કરાનેવાલા ઉસે આ કર ઉઠા દેતા હૈ. ચર્ચ કા ટાઇમ સમાપ્ત હોને પર પ્રાર્થના કરતા હુઆ આદમી તક કો ચપરાસી દ્વારા ચર્ચ સે બાહર નિકલવા દિયા જાતા હૈ. પાદડિયોં કા અંધેર યહીં પર સમાપ્ત નહીં હોતા. મૃતક પુરુષ કી મુક્તિ કે લિયે પ્રાર્થના કરને કે બહાને, વહાં પર ખૂબ હી લૂટ હોતી હૈ. યહાં પર ઇસકે તીન વિભાગ હૈં. ફર્સ્ટક્લાસ મુક્તિ કે લિયે તીન પાદડી પ્રાર્થના કરને આતે હૈં ઔર મૃતક કે ઘરવાલોં સે ૭૫) રૂપયા ફીસ લેતે હૈં. સેકિંડ ક્લાસ કી મુક્તિ કે લિયે દો પાદડી આતે હૈં ઔર ૫૦) રૂપયા લેતે હૈં. ઈસી પ્રકાર કે તીસરે દર્જે કી મુક્તિ કે લિયે પચ્ચીસ રૂપયે એક પાદડી લેતા હૈ. બસ! ઇસકે બાદ મુક્તિ કા ઔર કોઇ ઘટિયા દર્જા નહીં હૈ. પાપોં કી સ્વીકારી કે લિયે કમીશન એક ગુપ્ત કમરા હૈ. ઇસમેં, એકાંત મેં, પ્રત્યેક સ્ત્રી-પુરુષ કો પાદડી કે સામને, અપને સબ પાપ સ્વીકાર કરને પડતે હૈં. યે પાદડી અવિવાહિત હોતે હૈં. કમીશન કરાતે સમય, યે ઘંટોં તક, કમરે કે અંદર એક એક વ્યક્તિ સે, ઉસકે પાપોં કી સ્વીકારી કરાતે હૈં. યહાં કે પાદડી સબકે સબ બડે હી માલદાર હો ગયે હૈં. યે લોગોં કો સૂદ પર રૂપયા ઉધાર દેતે હૈં. એક પાદડી ને તો પાંડીચેરી મેં કઈ લાખ કી જાયદાદ પૈદા કર લી હૈ; મેરે ભાઇ ને મુઝસે કહા કિ યહાં કે અશિક્ષિત લોગોં સે પાદડિયોં ને કહ રક્ખા હૈ કિ ક્રાઇસ્ટ ઔર કૃષ્ણ એક હી બાત હૈ. ઇધર કે હિંદૂ લોગ કૃષ્ણ કે બડે ભક્ત હૈં. બસ, ઇસી કારણ, વહાં પર એક તિહાઇ હિંદૂ ઈસાઈ બન ગયે હૈં. શામ કે સમય મૈંને એક ખાસ બાત દેખી. હજરત ઈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ દૂર-દેશ વિજય કરને કી બાત બહુત દૂર રહી, હમારે હાથોં સે તો હમારા ઘર ભી ઉસી દિન સે નિકલ ગયા હૈ, જિસ દિન સે વિજય કે મૂલ મંત્ર કો હમ ભૂલ ગયે હૈં. હમારે ભીતર અબ ભી વે શક્તિયાં ભરી હૈં, હમેં ભી ઈશ્વરને સંસાર કે બડે-સે-બડે કામોં કો કર ડાલને કે લિયે હાથ, પૈર, બુદ્ધિ ઔર મસ્તિષ્ક દિયે હૈ, યહ વિશ્વાસ હી હમારે ભીતર સે ઉઠ ગયા. ઐસી દશા મેં પરાજય, અસફલતા ઔર અનાદર હમારે ચારોં ઓર મુંહ ફૈલાયે દિખલાઇ દેને લગેં તો આશ્ચર્ય કી કૌન સી બાત હૈ? બલ હમમેં ભલે હી ભરા હુઆ હો; કિંતુ જબ સ્વયં હમકો હી ઉસકા પતા નહીં હૈ ઔર ઉસમેં વિશ્વાસ નહીં હૈ, તો વહ ભલા હમારે કિસ કામ મેં આ સકતા હૈ? અફ્રિકા કે હબસી ઔર અમેરિકા કે નીગ્રો ભી તો બલ મેં કિસ દેશ કે સપૂતોં સે કમ નહીં હોતે? શેર કા મુકાબિલા કરનેવાલી જંગલી જાતિ સાહસ મેં કિસસે કમ હોતી હૈં? કિંતુ ઉસકા બલ ઔર અપૂર્વ સાહસ કિસ કામ આતા હૈ? અથવા એક સરકસ મેં માસ્ટર કી લકડી કે ઇશારેપર કામ કરનેવાલે કિસી શેર બબર કો હી દેખિયે. બલ કયા ઉસકે ભીતર નહીં હૈ? અભી જો ચાર દિન પહિલે જંગલ મેં બડે બડે ઐરાવતોં કે મસ્તક ચૂર્ણ કર દેતા થા, કયા વહ બલહીન હો ગયા હૈ? નહીં, ઉસમેં ફર્ક કુછ ભી નહીં પડા હૈ, ઉસકા બલ ઔર પૌરુષ તો વહીં બના હુઆ હૈ, વહ કેવલ અપને બલ ઔર પૌરુષ કો જાન કર ભૂલ ગયા હૈ. જબ વહ જંગલ મેં થા, તબ ઉસે વિશ્વાસ થા કિ મેરે સામને મેરી બરાબર કા કોઇ નહીં હૈ; કિંતુ અબ ધીરે-ધીરે ઉસમેં યહ વિશ્વાસ જમા દિયા ગયા હૈ, કિ તુમ ઇસ માસ્ટર કી લકડી કે સામને કોઇ ચીજ નહીં હો. ઈશારે કે ઉપર તમાશા કરો, ચૂપચાપ ખાઓ ઔર બંદ પિંજડે કે ભીતર હાથ-પાંવ સમેટે પડે રહો.'' ઇસસે અધિક બઢના તુમ્હારે અધિકાર કી બાત હી નહીં હૈ; યહી જાદૂ હૈ, જો શેર-જૈસે બલવાન કો ભી કબ્જે મેં બનાયે રખતા હૈ. જિસ ક્ષણ ઇસ જાદૂ કા અસર દૂર હો જાતા હૈ, ઉસે અપના જ્ઞાન હો જાતા હૈ, ઉસી ક્ષણ હજારોં આદમિયોં કે બીચમેં વહી શેર માસ્ટર કી છાતીપર સવાર હો જાતા હૈ, યહ દૃશ્ય ભી કભી કભી હમારે દેખને મેં આ જાતા હૈ.

હમારે હાથ કે હથિયારોં કો છીન કર હમ ઇતને નિર્બલ નહીં બના દિયે ગયે થે, જિતના અપની શક્તિ મેં અવિશ્વાસ ઉત્પન્ન હો જાને કે કારણ હમારા દેશ અકર્મણ્ય ઔર કાપુરુષ બન ગયા હૈ. આજ કિસી સેના કે ભીતર જા કર કિસી રાજપૂત, મરાઠા અથવા સિક્ખ સિપાહી સે મિલિયે, તો આપકો માલૂમ પડ જાયેગા કિ વે પ્રતાપ, શિવાજી અથવા રણજિતસિંહ બન સકતે હૈં, યહ વે સપ્ને મેં ભી સોચ નહીં સકતે હૈં અથવા કિસી કાલેજ કે વિદ્યાર્થી કે પાસ જા કર ઉસકે વિચાર સુનિયે, તો યહ માલૂમ પડ જાયેગા, કિ વહ ચાણક્ય યા ફડનવીસ બન સકતા હૈ, ઐસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસકા વિશ્વાસ નહીં હૈ. હમારે કિસાનોં કી હમારે રાજા ઔર રઇસોં કી, હમારે વ્યાપારી ઔર સાહૂકારોં કી–સબકી પ્રાયઃ યહી અવસ્થા હો રહી હૈ. "અરે હમ બહુત કમજોર હૈં" "ભલા હમ કર હી કયા સકતે હૈં?" "હમ ઉનકી પ્રતિદ્વંદ્વિતા મેં ઠહર સકતે હૈં?" આદિ બાતેં હૈં, જો હમારે આત્મ–વિશ્વાસ કો કુચલ, હમેં ગડ્ઢે મેં ગિરાયે હુએ હૈ;ન કિ તોપ–તલવારોં ઔર હવાઈ જહાજોં કી કમી.

હમારી ઇસ જડતા કો દૂર કરને કા ભી જબ–તબ ઉદ્યોગ હોતા હૈ. જબ હમારે બીચ મેં એક ઉંચે સભા–મંચપર ખડે હો કર કુછ દિન પહલે એક મહારાષ્ટ્ર–કેસરી ગર્જ કર કહતા થા, કિ "સ્વરાજ્ય હમારા જન્મ–સિદ્ધ અધિકાર હૈ ઔર ઉસે હમ લે હી લેંગે" તબ હમારે કાનોં મેં ઉસી મંત્ર કી કુકાઇ હોતી થી; ઔર આજ ભી જબ મહાત્મા ગાંધી ધીરે સે મધુર શબ્દોં મેં મુસ્કરા કર કહતે હૈં--"જિસ દિન સે તુમ્હારે હૃદય મેં યહ વિશ્વાસ જમ જાયેગા, કિ તુમ સ્વતંત્ર હો, ઉસી દિન સે સમઝ લેના, કિ સંસાર કી કોઇ ભી શક્તિ તુમ્હેં ગુલામ નહીં બના સકતી હૈ"–ઇન શબ્દોં કે ભીતર ભી હમેં વહી પાઠ મિલતા હૈ. સત્યાગ્રહ કયા હૈ ઔર અભી કલ હમારી આંખોં કે સામને બારદૌલી મેં કયા હુઆ? યહ તો હમારે લિયે ઇસી મંત્ર કે જીતે–જાગતે ઉદાહરણ હૈં.

ખૈર, જો દિન બીત ગયે, સો તો બીત ગયે. આજ હમ ઇસ વિજયાદશમી કે મહોત્સવ પર વિજય કે ઇસ મહામંત્ર કો અપને હૃદય મેં ધારણ કર કે સચેત હો જાયેં, તો યહ ભી હમારી એક બડી ભારી વિજય હૈ.

("હિંદૂપંચ"ના 'વિજયાંક'માં લેખકઃ–શ્રી. કાલિકાપ્રસાદ ચતુર્વેદી)

१६–कौशल की महिमा

'योगः कर्मसु कौशलम्'—गीता

કૌશલ કયા હૈ? યોગ! હમેં મિલનેવાલે મૌકોં કા બઢિયા સે બઢિયા ઉપયોગ કર લેને કી યોગ્યતા. કિસી કામ મેં સફલતા હાસિલ કરના ઉસકે લિયે કયા મુશ્કિલ હૈ, જો યોગી હૈ—કૌશલવાન હૈ? જ્ઞાન ઔર શક્તિ કા હોના એક બાત હૈ ઔર સમય પર ઉસકા ઉપયોગ કરને કી યોગ્યતા હોના બિલકુલ જૂદી બાત હૈ. હમ પ્રાયઃ ઉન પુરુષોં કો સંસાર કી દૌડ મેં પીછે દેખતે હૈં જો પઢાઇ મેં આગે રહતે થે; પર જો પઢાઇ કે વર્ગ મેં મંદ–બુદ્ધિ સમઝે જાતે થે ઉન્હેં આજ હમ પ્રાયઃ સંસાર મેં બહુત કુછ સફલ ઔર સુખી દેખતે હૈં. કોરે સિદ્ધાંતોં કો જાન લેના હી સંસાર મેં કાફી નહીં હૈ. હમ દેખતે હી હૈં કિ કિતને હી પુરુષ મહજ અપને ઇસ કૌશલ, ઇસ વ્યવહાર–કુશલતા કે કારણ હી દરિદ્ર કી હાલત સે કરોડપતિ બન ગયે હૈં. મહારાષ્ટ્ર મેં ઐસે કઇ મહાપુરુષ મિલેંગે જો 'માધુકરી' માંગ કર સડકોં પર લગાયે દીયોં કે પ્રકાશ મેં અધ્યયન કર કે ઉંચે સે ઉંચે પદ તક ચલે ગયે હૈં.

હમારે દેશ મેં અભી પ્રતિયોગિતા કા ક્ષેત્ર સબકે લિયે એકસા ખુલા નહીં હૈ, અન્યથા દૂસરે દેશોં કે સમાન યહાં ભી હમ મામૂલી સે મામૂલી લોગોં કો અપને કૌશલ ઔર અધ્યવસાય કે બલ પર દેશ કે પ્રધાન મંત્રી તથા રાષ્ટ્રપતિ હોતે હુએ દેખતે. અમેરિકા કે કિતને હી રાષ્ટ્રપતિ ઇસી પ્રકાર નીચે સે ઉપર તક ચઢતે ગયે હૈં. જેમ્સ ફર્ગ્યુસન એક મામૂલી કિસાન કા લડકા થા, કિંતુ અપને ઇસી ગુણ કે કારણ વહ ઇંગલૈંડ કા એક મહાન કારીગર હો ગયા. બેંજમિન ફ્રેંકલિન મોમબત્તિયાં બનાતા થા, શીઘ્ર હી વહ કિસી પ્રેસ મેં કંપોઝીટર હો ગયા; ધીરે–ધીરે અપના એક નયા પ્રેસ ખોલ કર અપની બુદ્ધિ, કૌશલ ઔર જ્ઞાન કે કારણ સંસાર મેં ઉસને ઐસા નામ કમાયા કિ આજ અપને સમય કે બડે સે બડે વિચારકોં મેં ઉસકી ગણના હોને લગ ગઇ. અબ્રાહમ લિંકન રેલ્વે કે અહાતે મેં એક મામૂલી ઝોંપડે મેં પૈદા હુઆ થા; ઔર અંત મેં અમેરિકા કા રાષ્ટ્રપતિ હો કર મરા થા. શ્રીનિવાસ શાસ્ત્રી એક અત્યંત ગરીબ ખાનદાન મેં પૈદા હુએ થે; પર આજ વહ ભારત–સરકાર કે પ્રથમ રાજદૂત બન કર આફ્રિકા મેં કામ કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે હૈં. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનાડે ભી ઇસી પ્રકાર ગરીબ ખાનદાન મેં પૈદા હો કર બમ્બઈ-હાઇકોર્ટ કે જજ હો કર મરે થે. રામશાસ્ત્રી પ્રભુણે પૂના કે પેશ્વાઓં કે યહાં પાની ભરને-વાલે બ્રાહ્મણ થે, જિન્હોંને આગે ચલ કર રાઘોબા દાદા કો નારાયણરાવ પેશવા કે ખૂન કે અપ-રાધ મેં પ્રાણ-દંડ દિયા. સ્વયં બાલાજી વિશ્વનાથ (પહલે પેશ્વા) એક ગરીબ બ્રાહ્મણ થે, જો બઢતે-બઢતે છત્રપતિયોં કે પ્રધાન મંત્રી બન ગયે.

કોઇ કિસાન હો, વ્યાપારી હો, વકીલ હો, બૈરિસ્ટર હો, મામૂલી અધ્યાપક હો યા ગુમાસ્તા હો; યદિ ઉસમેં આવશ્યક કૌશલ હૈ તો વહ બરાબર સંસાર મેં ચમક જાયગા. હમ દેખતે હૈં કિ કિતને હી બડે-બડે વ્યાપારિયોં કે ગુમાસ્તે અપને માલિકોં સે બઢ કર નિકલ જાતે હૈં. પેશ્વાઓં કી સત્તા અપને માલિકોં સે બઢ ગઇ. છત્રપતિ આગે ચલ કર નામમાત્ર કે છત્રપતિ રહ ગયે ઔર રાજ્ય કે સમસ્ત સૂત્ર પેશ્વાઓં કે હાથોં મેં આ ગયે. ઇસકા ક્યા કારણ હૈ ? વહી કૌશલ. જ્ઞાન એક અમૂલ્ય વસ્તુ હૈ. વહ યહ બતા સકતા હૈ કિ હમેં 'ક્યા' કરના ચાહિયે? કિંતુ કૌશલ કા કામ હૈ યહ બતા દેના કિ વહ 'કૈસે' કિયા જાય. જબ તક હમ કિસી કામ કો કરને કા તરીકા નહીં જાનતે, હમારા જ્ઞાન કિસી કામ કા નહીં હૈ. સ્વામી રામતીર્થ ઔર વિવેકાનંદ, ભારત કે યે દો સંન્યાસી અમેરિકા પર કૈસા સિક્કા જમા કર લૌટે? ક્યા ઉસ સમય ભારત મેં ઉનકે સમાન કોઇ વિદ્વાન હી નહીં થે ? ક્યા ઐસે ધર્મપ્રેમી ઔર દેશપ્રેમી કોઇ થે હી નહીં ? પર કેવલ દેશપ્રેમ સે કામ નહીં ચલતા. ઉસે વ્યક્ત કરને કા ઢંગ જાનના પરમાવશ્યક હૈ. કિસી આદમી મેં ખૂબ વિદ્વત્તા, દેશપ્રેમ, નિર્મલ ચરિત્ર હો સકતા હૈ. સત્ય ઔર પ્રતિભા ભી હો સકતી હૈ; કિંતુ યદિ ઉસમેં કૌશલ ન હો, તો વહ ન સંસાર કી સેવા કર સકતા હૈ ઔર ન અપની.

એડમ સ્મિથ એક મહાન્ અર્થશાસ્ત્રી સમઝા જાતા હૈ. ઉસને ઇસ વિષય પર કુછ બઢિયા-સે બઢિયા ગ્રંથ લિખે હૈં; કિંતુ કહા જાતા હૈ કિ વહ અપના ખાનગી હિસાબ રખને મેં કભી સફલ નહીં હુઆ. નેપોલિયન કા એક સેનાનાયક અપને કમરે મેં બૈઠે-બૈઠે સેના-સંચાલન કા કામ સ્વયં નેપોલિયન કી અપેક્ષા ભી અધિક અચ્છી તરહ કર સકતા થા; કિંતુ રણભૂમિ પર જાતે હી ઉસકી સારી બુદ્ધિ હવા હો જાતી થી. યહ જ્ઞાન કિસ કામ કા ?

વિલિયમ થેયર કા કથન હૈ કિ યહ કૌશલ કિસી-કિસી રાષ્ટ્ર મેં સ્વભાવતઃ ભી હોતા હૈ. વહ લિખતા હૈ, કુછ અંશોં મેં યહ રાષ્ટ્ર-સ્વભાવ ભી હોતા હૈ. એક રાષ્ટ્ર મેં દૂસરે કી અપેક્ષા સ્વભાવતઃ અધિક કૌશલ હોતા હૈ. જબ એક હિંદુસ્થાની ને ઇંગ્લૈંડ મેં એન્જીન કો ચલતે હુએ દેખા, તબ વહ બોલા-'અંગ્રેજ બડે ચાલાક હોતે હૈં. હમ તો ઘોડે, હાથી, બૈલ, પાની ઔર હવા સે કામ લેતે હૈં, પર યે તો આગ કો ભી નહીં છોડતે !' ઔર ઉસને યહ ઠીક હી કહા. ચીન કે લોગ અનાદિ કાલ સે મુદ્રણકલા તથા કુતુબનુમા કા આવિષ્કાર કર ચૂકે થે; પરંતુ ઉન્હોંને ઇન આવિષ્કારોં સે એક ભી ફાયદા નહીં ઉઠાયા. પર પશ્ચિમ મેં ઇન્હીં આવિષ્કારોં ને સંસાર કા કાયાપલટ કર દિયા.

કૌશલ એક બડી અચ્છી ચીજ હૈ; પર યહ એક ઐસા શસ્ત્ર હૈ, જિસકા મનુષ્ય કો દુરુપયોગ કરને કા પ્રલોભન હો જાતા હૈ. કૌશલ અપની સમ્યક્ અવસ્થા મેં મનુષ્ય કી, અપની તથા સમાજ કી સેવા કે કામોં મેં વ્યવહૃત હોતા હૈ; પરંતુ અપાત્ર મનુષ્ય કા આશ્રય ગ્રહણ કરતે હી, અધમ સ્વાર્થ ઔર લોકોપહાનિ કરને મેં ઇસકા ઉપયોગ હોને લગતા હૈ.

વિદ્યાર્થી ઇસિકા ઉપયોગ અપને સહપાઠિયોં ઔર શિક્ષકોં કા મજાક ઉડાને મેં કરતે હૈં, વ્યાપારી ઔર બ્રાહ્મણ દૂસરોં કો ઠગને ઔર અપના ઉલ્લૂ સીધા કરને મેં તથા રાજનીતિજ્ઞ દૂસરે રાષ્ટ્રોં કો ધોખા દે કર અપને દેશ કે સ્વાર્થ-સાધન કે લિયે ઇસકા ઉપયોગ કરતે હૈં; ઔર અધિકાંશ લોગ અપને અધમ સ્વાર્થ કી પૂર્તિ કે લિયે ઇસિકા ઉપયોગ કરતે હૈં. કૌશલ એક શક્તિ હૈ. ઉસકા સદુપયોગ આદમી કો મુક્તિ દિલા સકતા હૈ. ઉસકા દુરુપયોગ આદમી કો ઘોર અધોગતિ કો પહુંચા સકતા હૈ. અતઃ કૌશલવાન પુરુષ કો અપની ઇસ શક્તિ કા દુરુપયોગ કરને કે મોહ કા હમેશ સંવરણ કરના ચાહિયે. (ફાલ્ગુન-૧૯૮૪ના "ત્યાગભૂમિ" માં લેખકઃ—શ્રી. વૈજનાથ મહોદય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library Kangri

૧૭–दिल्हीनी कथा

(હિંદી ભાષામાં શ્રી. 'उग्र'જીની રચનાઓએ ક્રાંતિ કરવા માંડી છે, શ્રી. उग्र ની "दोजख की आग" નામની રચનામાંથી આ વાર્તા મેં 'પ્રકાશ'ના વાચકો સારૂ ચુંટી કાઢી છે. તેનો અનુવાદ કરવામાં એ ઈચ્છા પ્રબલ છે કે, આ વાર્તા જે એક સત્ય ઘટનાને આધારે ઘડવામાં આવી છે, તે હિંદુસમાજ જુએ અને રડે. રડીને કંઈ પ્રાયશ્ચિત્ત આદરે અને તે એ કે, વિધવાઓનાં મુક્તદ્વારને ઉઘાડાં મૂકે અથવા વિધવાઓ તરફના નિષ્ઠુર વર્તનને માયાળુ વર્તનમાં અને વ્યભિચારની પાતકી વાસનાને પવિત્ર-વારસાની માનવયુક્ત વાસનામાં ફેરવે. આ કથામાંની માલાની માતા જેવી કેટલી હિંદુ લલનાઓ આજે હિંદુસમાજને માથે શાપ સમાન છે! હિંદુસમાજ બંને રીતે કેવો હણાઇ રહ્યો છે, પોતાના પાતકનું કેવું ક્રૂર ફળ તે ભોગવી રહ્યો છે એ, આમાંથી હિંદુસમાજ જોશે? જોઇને સમજશે? વિધવાવિવાહના વિરોધીઓ કંઈ આંખ ઉઘાડશે? શામાટે આર્યસમાજ વિધવાઓના પુનર્લગ્ન માટે છૂટ આપે છે, તેનું રહસ્ય આમાંથી જોઈ શકશે?

રશિયાના ક્રાંતિકારક લેખકોએ જે જાતની રચનાઓ કરી હતી, તેણે આખા રશિયાને એકથી બીજે છેડે સળગાવી મૂક્યું. હિંદનો આજ **'સંક્રાંતિકાળ'** છે, તેમાં શ્રી. 'ઉગ્ર'ની રચનાઓ અગર કેલાવો પામે તો તેવી શક્તિ ધરાવે છે, તેની આ વાનગીમાત્ર છે. **यथा नामा तथा गुणाः—** (અનુવાદક)

(૧)

મહાત્મા ગાંધી દિલ્હી પહોંચ્યા ત્યારે કંઈ પણ બીજું કહ્યા અગાઉ મૌલાના મુહમ્મદ અલીએ કહ્યું—

"પ્રથમ આપે અહીં એક મુસલમાન યુવક મૌલા સાથે વાત કરવી પડશે. પહેલાં તેની પાસેથી હથિયારો નીચે મુકાવવાં પડશે. એ અમારા લોકોની વાતજ સાંભળતો નથી."

મહાત્મા—"એ કયાં છે?"

મૌલાના—અમે તેને ત્રણ દિવસથી અહીં રોકી રાખ્યો છે. તેનું શહેરમાં જવું, હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે બહુજ ભયજનક હતું; કેમકે તેની પાસે કોઇની દલીલ કામજ કરતી નથી."

મહાત્માજી—"કેમ? એ આપલોકની શુભ સલાહ કેમ ન માને?"

મૌલાના—"માનવા માટે તો તે તૈયાર છે, પણ તેની મા નથી માનવા દેતી. એ કહે છે કે, બેટા! તું જેટલા વધુ હિંદુઓને મારી શકીશ, એટલું તારી માતું હૃદય વધુ પ્રસન્ન થશે અને તારે માટે સ્વર્ગનાં દ્વારો પણ એટલાંજ સુલભ થશે!"

મહાત્માજી—(આશ્ચર્યથી) "એમ? કેમ મૌલાના સાહેબ! તે યુવકની માતા તેને હત્યા કરવા ઉત્સાહિત કરે છે? સ્ત્રી-દેવી-રાક્ષસીનું કામ કરે છે? એમ શામાટે? જરા એ યુવકને તો બોલાવો!"

મૌલાના સાહેબના ઇસારાથી એક મુસલમાન સજ્જન એ યુવકને મહાત્માજીની પાસે લાવવા માટે બહાર ગયો. થોડી વાર પછી તે પેલા સજ્જનની સાથે તે ઓરડામાં આવતો દેખાયો.

યુવકની લંબાઇ ૫ ફુટથી અધિક હતી. એ તપાવેલા સુવર્ણની માફક સુંદર તથા લોખંડની માફક બળવાન દેખાતો હતો. દૂર અથવા પાસે-કયાંયથી પણ તેને જોઇને કોઇ તેને મુસલમાન ન કહી શકે. એ અગ્નિસમાન તેજસ્વી અને વજ્રના જેવો કઠોર દેખાતો હતો. દેખાવમાં તે દુષ્ટ અથવા ક્રૂર પણ જણાતો ન હતો. મહાત્માજી એ યુવકને જોઇ આશ્ચર્ય પામ્યા.

યુવક મહાત્માજીને અભિવંદન કરી ઉભો રહ્યો.

"ભાઇ મૌલા!" મહાત્માજીએ યુવકનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું, પણ યુવક ચૂપ રહ્યો.

"ભાઇ મૌલા! તમે મુસલમાન છો?"

ધીમા અવાજે તેણે કહ્યું, "જી હા!"

મહાત્માજી—"તમે કુરાને શરીફ વાંચ્યું છે?"

મૌલા—"જી હા."

મહાત્માજી—તો ભાઇ! તમે તમારા ભાઇ ઉપર ધર્મથી વિરુદ્ધ હથિયાર કેમ ઉઠાવ્યાં? કુરાને શરીફનું અધ્યયન મેં પણ કર્યું છે, પણ તેમાં મને કયાંય એવો ઉપદેશ ન જણાયો કે જેથી ઉત્તેજિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ માણસ માણસનું ખૂન પીવા તૈયાર થાય. તમે હિંદુ-મુસ્લીમ ઐક્યના વિરોધી કેમ છો ?"

મૌલા--" મહાત્માજી ! હું મુસલમાન જરૂર છું, પણ મારી ભક્તિ ઇસ્લામ કરતાં મારી માપર વિશેષ છે, હું મારી માની વાતોને કુરાને શરીફની આયાતો કરતાં પણ વધુ પવિત્ર માનું છું; એ માતાની આજ્ઞાથી હું હિંદુજાતિ અને હિંદુ સભ્યતાનો વિરોધી બન્યો છું; સંસારની કોઇ પણ તાકાત મને મારી માતાથી પ્રતિકૂળ નહિ લઇ જઇ શકે.

" યુવકની વાતોમાં નગ્ન સત્ય નીતરતું હતું. તેની માતા આજથી વીસ વર્ષ પહેલાં હિંદુ-લલના હતી....."

મહાત્માજીએ સારી રીતે નિહાળ્યું. ક્ષણભર મૌન રહ્યા બાદ તેમણે યુવકને કહ્યું—"ભાઇ!" હું તમારી માતાનાં દર્શન કરવા માગું છું, એ ક્યાં મળશે? હું તેના પગોપર મારૂં માથું રાખી અરજ કરીશ કે તે તમને સન્માર્ગ પર લાવે. હવે, ભાઇ ! તારી મા ક્યાં છે ? "

યુવકે કહ્યું—" આપ અહીંજ રહો. હું હમણાંજ તેને બોલાવી લાવું છું."

(૨)

ઉત્તેજિત અવાજથી મૌલાની માએ કહ્યું:-હિંદુ મહાત્મા ! તમારી આગળ મારા હૃદયના આઘાતો-પ્રહારો બતાવવામાં મને કંઈ વાંધો નથી અને એટલા માટે હું અહીં આવી પણ છું; નહિ તો દુષ્ટ હિંદુઓનું મુખ પણ જોવું મારે માટે પાપ છે. પહેલાં તમે મારી વાતો સાંભળો, પછી કહેવું હોય તે કહેજો.

" તું હિંદુ રમણી હતી?" એકસાથ મહાત્મા ગાંધી અને મૌલાના મહમદ અલીએ એ સ્ત્રીને પૂછ્યું.

" હા, હું હિંદુ લલના હતી. તે વખતે મારૂં નામ 'પાર્વતી' હતું અને હું સ્થાનીય (દિલ્હીના) **'नीलकेकटरा'** જમીનદાર રામગોપાલદાસ જે અત્યારે મૃત્યુ પામ્યા છે, તેની પુત્રવધૂ હતી. એમાં કંઇજ સંદેહ નથી કે, હું ઇશ્વરને ઘેરથીજ અભાગણી બનીને આવી છું, નહિ તો મારી આટલી દુર્દશા ન થાત. પતિને ઘેર આવ્યા પછી મહિનાની અંદરજ મારા જીવનસર્વસ્વનું પ્લેગથી મૃત્યુ થયું. તે સમયે મારી અવસ્થા સોળ વર્ષની હતી. મારા યૌવનનો સાગર જે વખતે ઉછાળા ખાઇ રહ્યો હતો તે વખતે મારૂં પતિરૂપી હોકાયંત્ર (દિશા બતાવનાર યંત્ર) ખોવાઇ જવાથી મારૂં માનસ-જહાજ ભમ્મરમાં પડી ગયું ! મને મારી ચોતરફ અંધકાર-કેવળ અંધકારજ દેખાવા લાગ્યો!

" મારા પિતા લાખોપતિ હતા, અને શ્વસુર-સસરા તેથીયે વધુ ધનવાન. દુઃખ કોને કહે છે, દુઃખ નામની કોઇ ચીજ સંસારમાં હશે કે કેમ, તેનું પણ મને તે વખતે ભાન ન હતું; પણ પતિનો સ્વર્ગવાસ થતાંની સાથેજ મારી આંખો આગળ દુઃખોના ડુંગર ખડકાઇ ગયા. મારી પેટીઓમાં સેંકડો, એક એકથી કિંમતી સાડીઓ ગડી કરેલી પડી હતી; પણ તેને સ્પર્શ કરવાનોયે મને અધિકાર ન હતો ! કેમકે હું કુલનાશિની વિધવા હતી!! પતિના મૃત્યુ પછી તુરતજ મારી આબરૂ ઘરની ચાકરડી કરતાંયે ઓછી થઇ ગઇ; કારણકે હું વિધવા હતી. રોજની વાતો તો જવા દઇએ, પણ વારતહેવારોએ પણ મારે બધાના ઠપકા સાંભળવા પડતા; કેમકે હું વિધવા હતી !

મહાત્મન્ ! હું વિધવા થઈ તો તેમાં મારો શું અપરાધ ? વૈધવ્યને શું મેં જાણી જોઇને બોલાવ્યું હતું ? શું મેંજ મારા પતિની હત્યા કરી હતી ? શું વિધવા રાક્ષસી થઇ જાય છે ? એમાં પશુતા આવી જાય છે ? અગર નહિ, તો સમાજ વિધવાઓ તરફ આટલો ક્રૂર કેમ થાય છે ? આપ ક્ષમા કરશો, કેમકે કહેવા બેઠી તો હવે બધુંજ કહીશ."

" તે વખતે હું જૂઇનાં પુષ્પોની માળાસમાન સુંદર અને મારી મસ્તીમાં સ્વયમેવ ડૂબેલી હતી. હૃદયના ખૂણેખૂણામાં ઉન્માદ ભર્યો હતો ! પણ મારે અંતસ્તલના એ ઉન્માદોનું કો તપસ્વીની પેઠે દમન કરવું પડતું, તપસ્વી તો પોતાની તપશ્ચર્યાને કોઇ એક અદ્વિતીય દિવ્ય જ્યોતિના ચરણમાં ચઢાવે છે, પણ હું ?-મારી તપસ્યાઓ રાક્ષસ-સમાજની જુઠ્ઠી પ્રસન્નતાના ચરણોમાં અર્પિત થતી હતી.

તપસ્વીને પોતાની તપસ્યાઓની સફલતાથી આત્મસંતોષની પ્રાપ્તિ થાય છે, પણ મને ?-હું મારી તપશ્ચર્યાઓના નામે બોર બોર આંસુડે રડતી હતી ! જ્યારે જ્યારે મારી દેરાણીઓ બની-ઠનીને કપાળમાં કંકુ લગાવી, મને ઉપેક્ષાની દૃષ્ટિથી જોતી પાસે થઇને નીકળતી ત્યારે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા દુર્ભાગ્યના હૃદયપર સાપ આળોટતો ! હું અપમાન અને પ્રતારણાઓથી ત્રાહિત થઇ ઉઠતી ! વસંતનો મંદ મલયાનીલ મારી સંગાથી દેરાણીઓને પ્રેમનો ઉપહાર દેતો હતો અને મને આગના ભડકા ! ચૈત્રમાસની ઉજ્જવલ ચંદ્રકિરણોની પ્રભાયુક્ત નિશા-રાત્રિ જેની પ્રત્યેક ક્ષણમાં વાસના-ભરી માદકતા મળેલી હોય છે, તે મારી દેરાણીઓની છત ઉપર અમૃત વર્ષાવતી હતી અને મારી એકાંત અંધારી કોટડીમાં શોકનો સાગર ઉછાળતી હતી! શ્રાવણ-પાપી શ્રાવણ-આવતો હતો અને સંયોગિનીઓના હૃદયમાં બળ ભરતો; પણ હું ? વાદળોને લટકતાં જોઇ રડી ઉઠતી હતી-મારી તૂટેલી ચટાઇના ખોળામાંથી ઉઠીને માતા વસુન્ધરાને પ્રાર્થના કરતી કે 'મા ! એક ક્ષણમાત્રને માટે તારૂં હૃદય ઉઘાડીને મને છુપાવી દે! હવે નથી સહ્યું જાતું!' "

અભાગિણી સ્ત્રીનો કંઠ રૂંધાઇ ગયો. તેની આંખોમાં આંસુ આવી ગયાં. આ બાજુ મહાત્માજીની આંખો પણ તર હતી અને મૌલાના મહમદઅલી તો પ્રાયઃ રડી રહ્યા હતા!

ગળું સાફ કર્યા પછી મૌલાની માએ પોતાની કથાનો પુનરારંભ કર્યો—

"મારા ત્રણ દિયરો હતા. તેમાંના બે તો હજીપણ છે. જે સમાજ વિધવાઓ માટે એવો ભયંકર રાક્ષસ છે, તેજ સમાજ વિધવાઓના દિયરો માટે કામદેવની પેઠે ઉદાર છે. દિયર નાનો ભાઇ અગર મોટા ભાઇની વિધવાને, ગુપ્તરીતે પોતાની અંક-શાયિની બનાવી લે, તો સમાજ તેને સહન કરી લે છે ! મારા મોટા દિયરની મારાપર સારી નજર જણાતી હતી. એજ માત્ર એક વ્યક્તિ હતી જે ક્યારેક મારી સાથે બે ચાર મીઠી વાતો કરતા. પ્રથમ તો હું તેના એ વ્યવહારને તેની ભલાઇ સમજીને તેને શ્રદ્ધાની નજરથી જોવા લાગી, પણ ધીરે ધીરે પડદો ઉપડ્યો અને તેનું સ્પષ્ટ ચિત્ર મારી સન્મુખ આવ્યું. તે તો મારા રૂપલાવણ્યનો દાસ અને મારી યુવાનીનો ગુલામ હતો. લાગ મળતાંજ તે મને ફોસલાવતો, જાત જાતની લાલચો દેતો-દિવસે આકાશના તારા દેખાડતો. હું-પ્રેમની, પ્રતિષ્ઠાની સુખોની અને વાસનાઓની ભૂખી હું-તેના હાથમાં સપડાઇ ગઇ ! મેં વિચાર્યું કે આજ સ્વર્ગ છે, મારો સાચો પતિ એજ છે, જે મરી ગયો તે તો સામાજિક પતિ હતો. પછી શું ? હું આંખો મીંચીને વાસનાની નદીમાં-તે રાક્ષસની સાથે ડૂબકીઓ ખાવા લાગી. મારા હૃદયનો અનેક વર્ષોનો છુપાયેલો ઉન્માદ ફુટી નીકળ્યો !

આહ ! પણ એ શું ? જ્યારે મેં તેને એકાંતમાં ધીરેથી કહ્યું કે "પ્રિય! હું ગર્ભવતી થઈ છું" ત્યારે મારી આંખ ખુલી ગઇ ! મારી વાત સાંભળી, જાણે તેના પગની નીચે સાપ ચગદાયો હોય તેમ એકદમ ચમક્યો, અને કહ્યું—

"**એ તો બહુ ખરાબ થયું**, તું ગર્ભવતી કેવી રીતે થઇ ગઇ?"* મારૂં મસ્તક લાજને લીધે નીચે નમી પડ્યું. ભલા ! ઉપલા પ્રશ્નનો મારી પાસે શું ઉત્તર હોય? તેણે વળી આગળ કહ્યું—

"તારે કાશી જવું પડશે."

" કેમ ? "

"ગર્ભપાત કરાવવા માટે અહીંથી થોડા દિવસ કાશીવાસ કરવાના બહાને જવું અને કામ સમાપ્ત થઇ ગયા પછી ચાલી આવજે. "

મેં આંખોમાં આંસુઓ લાવી પૂછ્યું—

"તો શું તમે પોતાના બાળકની હત્યા કરાવવા ઇચ્છો છો ?"

તેણે જવાબ આપ્યો-"અહીં તો આબરૂની ખેવના પડી છે અને તું બાળકની વાત કરે છે! લોકો સાંભળશે તો શું કહેશે? તારે કાલેજ કાશી જવું પડશે. લોકોને એ વાતની જાણ થશે તો ઠીક નહિ થાય. આપણને ન્યાત બહાર કરવામાં આવશે ! "

મેં મારાં આંસુઓથી એ નરપશુના ચરણો ધોતાં કહ્યું—"પ્રિય ! તમે તો મને જાહેરમાં તમારી પત્ની બનાવવાનું વચન આપ્યું હતું. હવે એ વચનને પૂર્ણ ક્યારે કરશો ? આના કરતાં વધુ સારો અવસર ક્યારે મળશે ?" હાથ જોડું છું. મારા આ બાળકને બચાવો. હું ભ્રૂણ-હત્યા નહિ થવા દઉં."

* આવા નફટાઇના સવાલો પૂછનાર નરપશુઓ હિંદુસમાજમાં નથી એમ નહિ ! કેવી પ્રતારણા ! કેવી વિડંબના!! આહ પાપ!! **સત્યવ્રત:**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે મને પગવતી ઠેસ મારતાં ઉત્તર દીધો—

"એ નહિ બની શકે. હું તને મારી સ્ત્રી બનાવીને મને બદનામ કરવા નથી માગતો."

મેં ક્રોધથી કહ્યું—"તો શું તેં મારો ધર્મ ભ્રષ્ટ નથી કર્યો? આ ગર્ભ તારો. નથી શું?"

"દુર્ભાગ્ય! આ ગર્ભ મારાથીજ છે, પણ હું તેને મારો સ્વીકારવા તૈયાર નથી! સમાજ મારી વાત ઉપર અધિક વિશ્વાસ લાવશે. વિધવાઓના દુશ્ચરિત્રને કોણ નથી જાણતું? અગર સતીજ હોત તો પરપુરુષ સાથે તું વ્યભિચારજ ન કરત. હવે કાશી જવામાંજ તારૂં ભલું છે."

એટલું જણાવી એ રાક્ષસ મારી પાસેથી ચાલ્યો ગયો, મને ચોતરફ અંધકાર-અંધકારજ દેખાવા લાગ્યો. હું મૂર્ચ્છિત થઇને નીચે પડી ગઈ.

(૪)

"તે દિવસે મેં મારાં તમામ ઘરેણાં એકત્ર કરી લીધાં અને આગલી રાત્રે હું ઘેરથી બહાર નીકળી ગઇ. તે સમયે મારા ગર્ભમાં આજ મૌલા હતો, શરીરપર સામાન્ય વસ્ત્ર અને હાથમાં ઘરેણાંની પોટલી; મારી આગળ પાછળ કોઇ ન હતું!"

"મને શહેરનો કોઇ પણ રસ્તો જાણીતો ન હતો. ઇશ્વરનું નામ લઇને, રસ્તો શોધવાનું કામ મેં મારા કોમળ પગોને સોંપ્યું હતું. એકાદ કલાક ચાલ્યા પછી મને એક પોલીસનો સિપાઇ મળ્યો. અંધારી રાત્રે, એકલી યુવાન સ્ત્રીને જોઇ સિપાઇનું નવાઇ પામવું યોગ્ય હતું. તેણે અધિકારના સ્વરથી પૂછ્યું—

"ક્યાં જાય છે"?

"હું ગભરાઇ રહી. મને કોઇ ઉત્તર સૂઝતો ન હતો. એટલામાં પાસેની મસીદમાંથી મુલ્લાંનો અવાજ સંભળાયો. મેં કંઇ પણ વિચાર્યા વિનાજ પોલીસવાળાને ઉત્તર દીધો-'મસ્જીદના મુલ્લાં સાહેબની બેટી છું, તેની પાસે જાઉં છું!"

"ફરી તેણે મને કોઇ પણ પ્રશ્ન કર્યો નહિ. હું રસ્તો કાપતાં કાપતાં ધીમે પગલે મસ્જીદની ચાર દિવાલોની અંદર ચાલી ગઇ!

"મને રડતી જોઈ વૃદ્ધ મુલ્લાંએ પૂછ્યું-"બેટી! રડે છે કેમ? તું ક્યાંથી આવે છે? મેં મારી આખી કથની સંભળાવી વૃદ્ધ મુલ્લાંને કહ્યું કે-"આપ મને મુસલમાન બનાવી લ્યો, પણ મારી ઇજ્જત-આબરૂ અને મારા બાળકની રક્ષા કરો. આપજ આજથી મારા પિતા થયા."

"પ્રભુ એ વૃદ્ધ મુસલમાન મુલ્લાંનું ભલું કરે. તેણે મને આશ્વાસનપૂર્વક પોતાને ઘેર રાખી. એ વૃદ્ધની પવિત્રતા, મનુષ્યતા અને પ્રમાણિકતા જોઇને હું દિંગ થઇ ગઇ. મુસ્લિમોમાં કોઇ ભલો આદમી થતોજ નથી, એ મારો ભ્રમ, એ મુલ્લાંના વ્યવહારથી દૂર થઇ ગયો. લોકો તેને પૂછતા તો તે કહેતો કે હું તેની વિધવા ભત્રીજી હતી. તેણે મને ઇસ્લામની દીક્ષા આપીને મારૂં નામ 'જહૂરન' રાખ્યું. તેનેજ ઘેર મારૂં બાળક મૌલા ઉત્પન્ન થયું. તેને તેણે પાળ્યો, પોષ્યો, ભણાવ્યો, ગણાવ્યો અને એવો તો યોગ્ય બનાવવામાં આવ્યો કે પોતાની માતાના હુકમથી જઘન્ય-નારકી હિંદુસમાજમાં ખળભળાટ મચાવી શકે."

"શરૂઆતથીજ મેં મૌલાને હિંદુ-દ્રોહની શિક્ષા આપી છે. પ્રથમથીજ મેં તેને શીખવ્યું છે કે, એક એક હિંદુની હત્યાથી હજારો બહિસ્ત—સ્વર્ગ મળે છે. દુનિયામાં જો કોઇ પુણ્ય છે તો તે હિંદુને મારવામાં અગર કંઇ પુરુષત્વ હોય તો તે હિંદુઓની હસ્તી મટાડવામાં! મારો પુત્ર જ્યારે મને પ્યારથી પૂછતો કે 'મા! મારા અબ્બા-પિતા ક્યાં છે?' ત્યારે હું અપમાન અને શોકથી વ્યગ્ર થઇ ઉઠી ઉત્તર દેતી કે 'દુર્ભાગી! તારી ઉત્પત્તિ પહેલાંજ તારા પિતા સ્વર્ગની તરફ ચાલતા થયા છે.'

'સાદો-ભોળો બાળક પૂછતો-એ ક્યારે આવશે માતા!'

હું જવાબ દેતી 'જ્યારે તું મજબૂત થઇને સો-બસો હિંદુઓને મારી શકીશ ત્યારે તારા પિતા અહીં આવશે-ત્યારે તું તેની ગોદમાં બેસીને રમી શકીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું બરાબર એ સમયની વાટ જોતી હતી કે કયારે હિંદુમુસલમાનોનો ઝગડો થાય, અને હું મારા હૃદયની ગરમી કાઢું. ખુદાની કૃપાથી એ દિવસ આવી પહોંચ્યો. નારકીય કુતરા, પોતાની બહેન-બેટીનું અપમાન કરવાવાળા હિંદુઓના વિરુદ્ધ દિલ્હીના મુસલમાનો ઉઠયા. મેં મૌલાને બોલાવી કહ્યું કે "પુત્ર ! હવે વખત આવી પહોંચ્યો છે. જો, જ્યાંસુધી તારામાં પ્રાણ બાકી રહે ત્યાંસુધી તું આ કાફરોને મોતની સજા દે અને સાંભળ, **નિલકેકટરા**ના બદમાસ રહીશ દેવનાથ-નાશિરની મને જરૂર છે, તેણે મારી યુવાનીના દિવસોમાં મારૂં અપમાન કર્યું હતું. તેનો બદલો તું નહિ લે તો પછી કોણ લેશે ? મારી વાત સાંભળીને મારો મૌલા સિંહની માફક ગર્જતો દેવનાથનું માથું લેવા, મુસલમાનોના ટોળા સાથે **નિલકેકટરા** માં ગયો, દેવનાથની દુકાન લૂંટી લેવામાં આવી અને સાંજે મૌલા એક કાપેલું માથું લઇ મારી પાસે આવ્યો. એ એજ રાક્ષસ, એજ નર-પશુ એજ નરકના કીડાનું માથું હતું, જેણે મને મારો હિંદુ-ધર્મ છોડાવી (હિંદુઓની દૃષ્ટિથી) મ્લેચ્છ ધર્મ સ્વીકારવા માટે મને વિવશ-લાચાર કરી હતી ! મેં તેના પર હજારવાર થુંકયું, સેંકડો લાતો મારી અને અંતે કુતરાઓની સામે ફેંકાવી દીધું. તે દહાડે મારી છાતી ઠંડી થઇ. તે દિવસે મને સંતોષનાં ચિરદુર્લભ દર્શન થયાં પણ, અને-મહાત્મન્ !-હજી પણ પતિત હિંદુ સમાજ-નો જેટલો ભયંકર નાશ થશે, તેટલોજ મને આનંદ થશે ! !"

સાંભળ્યું છે, અત્યંત પ્રયત્નથી એ અભાગિની વિધવાને સમજાવીને મહાત્માજીએ કાશીવાસ કરવા મોકલી દીધી છે, અને મૌલાને સાબરમતી આશ્રમમાં લઇ ગયા છે !

("આર્યપ્રકાશ"ના અંકોમાં શ્રી. ઉગ્રજીની કૃતિપરથી અનુવાદકઃ-શ્રી. સ્નાતક સત્યવ્રત)

૧૮-શ્રીકૃષ્ણ-મહિમા

भारतमें कोई प्रेमकी मुरली बजा गया। भारतनिवासियोंका वही दिल लुभा गया॥
कानोंमें गूँजती है मेरे श्यामकी सदा। अन्दाज निराले यहां सबको दिखा गया॥
मिलता था एक दिलसे तवङ्गर हो, फकीर। नादार सुदामा भी उसी दिलको भा गया॥
क्या क्या नहीं वो कर गया संसारके लिये। अर्जुनसे खुश-नसीबोंको गीता सुना गया॥
भारतनिवासियो ! इसी योगीसे सबक लो। अदनासे यक बशरको भी 'विह्वल' बना गया॥

("હિંદુપંચ"ના શ્રીકૃષ્ણાંકમાંથી રચયિતા-શ્રી૦ વૈદ્યનાથ મિશ્ર વિહ્વલ')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯—આ જા !

सोते भारतको मेरे कृष्ण, जगा दे आ जा ।
तान वंशीकी वही, फिरसे सुना दे आ जा ॥
कंसके जुल्मको बरबाद किया था तुमने ।
प्यारे ! गीताका वही रङ्ग जमा दे आ जा ॥
सारथी बनके भी, भक्तोंके ही हमगह रहे ।
भक्तिकी बेलि वही दिलसे बढा दे आ जा ॥
पूतना मारने आई थी उसे मारा था ।
फूट फैली हैं जो घर-घरमें भगा दे आ जा ॥
टेर सुनते ही बचाया था, ग्राहसे गजको ।
हिन्दवालोंकी बची लाज बचा दे आ जा ॥
दाने दानेको मुहताज हैं बन्दे तेरे ।
बिगडी किस्मतको रहम करके बना दे आ जा ॥
बढाके चीरको, थी लाज द्रोपदीकी रखी ।
मातु भारतकी रही शान, रखा दे आ जा ॥
नाश गौओंका हुआ, बैलोंकी मुहताजी है ।
दिलसे प्यारी उन्हीं गौओंको चरा दे आ जा ॥
"हकीम" आ के करो हिन्दका उद्धार प्रभो ।
वीरताका वही फिर पाठ पढा दे आ जा ॥

("હિંદુપંચ"ના એક અંકમાંથી રચયિતાઃ-શ્રી૦ રામલાલ ભટ્ટ 'હકીમ')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–રેડિયમનો ઉપયોગ

રેડિયમ આપણી સૃષ્ટિનું એક અદ્ભુત અને બહુ ઉપયોગી મૂળ તત્ત્વ છે. સર નૉર્મન નામનો અંગ્રેજ ખગોળશાસ્ત્રી એક વાર સ્પેક્ટ્રોસ્કોપ* યંત્રવડે સૂર્યનું વાતાવરણ નિહાળતો હતો. તેમાં એને એક નવી રંગરેખાની ઝાંખી થઇ. આ ઉપરથી તેણે કલ્પના કરી કે, સૂર્યમાં એક નવું મૂળ તત્ત્વ મળી આવ્યું લાગે છે. એ તત્ત્વનું નામ તેણે 'હેલિયમ' પાડ્યું; કેમકે ગ્રીક ભાષામાં 'હેલિયાસ'નો અર્થ સૂર્ય થાય છે. વિજ્ઞાનની પરિભાષામાં તેણે આ તત્ત્વનું નામ 'ઠી'ઉ રાખ્યું.

ત્યારપછી બીજા બે રસાયનશાસ્ત્રીઓએ એવી શોધ કરી કે, સૂર્યનું મૂળતત્ત્વ 'હેલિયમ' પૃથ્વી ઉપરની હવામાં પણ મોજુદ છે; અને જૂના ખડકોનાં પડમાંની તથા ઉંડા ઝરાઓમાંની હવાઓમાં પ્રવાહરૂપે તે ઉડી જાય છે. એ પછી તો એ મૂળ તત્ત્વને સ્થૂલ પદાર્થતરીકે પણ પકડવામાં આવ્યું. પાછળથી જણાયું કે, હેલિયમ તો એ મૂળતત્ત્વનો માત્ર એક પ્રવાહજ હતો. એ ખોવાયેલું સ્થૂલતત્ત્વ તે 'રેડિયમ.'

આ તત્ત્વ–રેડિયમમાં ગરમી તથા વિજળી ઉત્પન્ન કરવાની અખૂટ શક્તિ છે. સૂર્ય તો લગભગ એજ તત્ત્વનો બનેલો છે અને પૃથ્વીમાંથી તો એ અત્યંત અલ્પ પ્રમાણમાં મળી આવે છે; ને તેથી એની કિંમત પણ ખૂબજ ભારે છે. એક 'ગ્રામ' એટલે બેઆનીભાર રેડિયમની કિંમત સવાએ લાખ રૂપિયા જેટલી પડે છે. પૃથ્વીપર આટલાં વર્ષ અજ્ઞાત પડેલા સૂર્ય ને તારાઓના એ અદ્ભુત તત્ત્વ–રેડિયમને શોધી કાઢી સંસાર આગળ મૂકનાર મૅડમ ક્યુરી છે, એ વાત જગજાહેર છે; પરંતુ તેની પહેલાં અચાનક એક પ્રસંગ નીચે મુજબ બની ગયો.

આજથી શુમારે ત્રીસબત્રીસ વર્ષ ઉપર પ્રૉ. હેન્રી બેકરેલ નામનો ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી ફોટોગ્રાફીના કેટલાક પ્રયોગો કરતો હતો. યૂરેનિયમ નામના એક પદાર્થમાં એવો ગુણ છે કે, પ્રકાશ ભેદી ન શકે એવા કાગળોની આરપાર પણ તે પોતાનાં કિરણો મોકલી શકે છે અને છબી પાડવાની પ્લેટ ઉપર અસર કરી શકે છે. યૂરેનિયમની આ શક્તિ ઉપર પ્રયોગો કરતાં કરતાં તેને હાથે અકસ્માત્ એક ભૂલ થઈ ગઇ; પણ એ ભૂલને લીધે તો એક પ્રકાશની ગતિ ને શક્તિસંબંધી અત્યંત ઉપયોગી જ્ઞાન મેળવવાનાં દ્વાર મનુષ્યજાતિને મળી ગયાં.

ફોટોગ્રાફીના સંપ્રદાય મુજબ પ્રૉ. બેકરેલ યૂરેનિયમને સૂર્યના પ્રકાશમાં રાખતો હતો. એક દિવસ શરતચૂકથી તેમ કરવું એ ભૂલી ગયો; તોપણ અંધારામાંયે યૂરેનિયમે પોતાનાં કિરણો ફેંકી છબીની પ્લેટ ઉપર અસર પાડી અને તસ્વીર ઉડી પણ ખરી ! તરત, આ ચમત્કારિક ભેદની શોધખોળ કરવા દેશવિદેશના વિજ્ઞાનીઓ મચી પડયા. એમાં મૅડમ ક્યુરી પણ હતી.

મૅડમ ક્યુરીએ 'પિચ બ્લેન્ડ' નામના–જેમાંથી યૂરેનિયમ જડતું તે–ખનિજ પદાર્થપર પ્રયોગ આરંભ્યો. પૃથક્કરણ કરતાં એને માલૂમ પડયું કે, એ પદાર્થનાં કિરણો યૂરેનિયમનાં કિરણો કરતાં બેત્રણગણાં વધુ બળવાન હતાં. ઑસ્ટ્રિયાની સરકારે પોતાને ખર્ચે બોહીમિયા પ્રાંતમાંથી એક ટન (૫૬ મણ) જેટલું આ ખનિજ મૅડમ ક્યુરીની પ્રયોગશાળાએ મફત મોકલાવ્યું. આ સમગ્ર મનુષ્યજાતિના હિતની શોધ ખાતર પ્રજાઓ પોતાના અંગત સ્વાર્થ ભૂલી જાય છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે. ખનિજમાંથી મહામહેનતે તેણે યૂરેનિયમ છૂટું પાડયું; પણ તે સમજી ગઈ હતી કે, તેમાં એક બીજું પણ ભેદભરેલું તત્ત્વ છે કે જે યૂરેનિયમ કરતાં પણ બળવાન છે. અંતે બધા પદાર્થો છૂટા પાડયા. પછી જે જરાક જેટલો શેષ ભાગ બાકી રહ્યો તેમાંથી એને એ નવું તત્ત્વ મળ્યું. એ તત્ત્વ અદૃશ્ય કિરણો પ્રેરતું હતું અને એ કિરણોના પ્રવાસનો વેગ એક પળે વીસ હજાર માઈલ જેટલો હતો.

તે ઉપરાંત આ પદાર્થનાં રજકણોમાંથી એક વિચિત્ર પ્રવાહ સતત વહ્યા કરતો જણાયો અને

* આ ચમત્કારિક યંત્ર પ્રકાશનું પૃથક્કરણ કરે છે. આ યંત્રમાંથી પસાર થતાં કિરણ જૂદા જૂદા રંગોમાં વિભક્ત થઇ જાય છે. જે પદાર્થનાં મૂળ તત્ત્વો શોધવાં હોય તેને બાળવામાં આવે છે અને તેનું અગ્નિના પ્રકાશમાં પૃથક્કરણ કરવામાં આવે છે. એ પદાર્થમાં જે જે મૂળ તત્ત્વો હોય તેની રંગરેખાઓ યંત્રમાંથી નીકળતી દેખાય છે. વળી એ બળતો પદાર્થ યંત્રથી ગમે તેટલો દૂર હોય તોપણ તેનાં મૂળ તત્ત્વોની ખોળ સહેલાઈથી થઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રવાહાવલિ ત્રણ પ્રકારનાં કિરણો પ્રેરે છે એમ માલૂમ પડ્યું. એ કિરણો ગમે તેટલે દૂર અંધારામાં જઇ શકતાં હતાં, તેમજ લોખંડ કે સીસાની દિવાલોમાંથી પણ સપાટાબંધ પસાર થતાં હતાં. આ તત્ત્વ તે સાક્ષાત્ રેડિયમ હતું.

પણ રેડિયમની, ચામડીના રોગો મટાડવા વિષેની શક્તિની શોધ તો તદ્દન વિચિત્ર રીતે થઈ; અને તે પણ પેલા પ્રો. બેકરેલની બીજી ભૂલને લીધેજ. પ્રોફેસર સાહેબ, જાણે પોતે રેડિયમના સર્વજ્ઞ હોય તેમ, રેડિયમની કણીઓથી ભરેલી શીશી પોતાના વેસ્ટ કોટના ગજવામાં રાખીને લંડનમાં વ્યાખ્યાનો આપતા હતા. રેડિયમનાં ભેદી કિરણો કાચ અને કપડાંની આરપાર તેમની કૂખમાં પેઠાં. રેડિયમના નિયમ પ્રમાણે બરોબર ચૌદમે દિવસે તેની અદૃશ્ય શક્તિએ પ્રોફેસરના શરીર ઉપર લાલ લીસોટો પાડ્યો. પછી તો એમને વેદના પણ ઘણી થઈ અને તેમાંથી એ ગંભીર વ્યાધિના ભોગ થઈ પડ્યા!

પણ આ બનાવ ઉપરથી વિજ્ઞાનીઓની બુદ્ધિ તો કામે વળગી અને અનુમાન બાંધવામાં આવ્યું કે, આ વિલક્ષણ પદાર્થનાં કિરણો જો મનુષ્યના શરીર ઉપર આવડી મોટી અસર કરે છે તો એ મનુષ્યના રોગ મટાડવામાં પણ કેમ કારણભૂત ન થાય ? ત્યારથી જૂદાં જૂદાં દર્દો ઉપર રેડિયમનો અખતરો શરૂ થયો. રેડિયમમાં એવું બળ છે કે, એનાં કિરણો વચ્ચે શરીરનાં જે તંતુઓ આવે તે તૂટીને અલોપ થઈ જાય છે. દીવામાં પતંગિયાંની પેઠે રેડિયમમાં અનેક રોગજંતુઓ નાશ પામે છે.

આજે તો હવે રેડિયમની મદદથી રોગો ટાળવાને કેટલીક સંસ્થાઓ સ્થપાઇ છે. એ રેડિયમ-માંથી કિરણોના પ્રવાહો અવિરત અખંડ વહ્યાજ કરે છે અને તેને કોઇ અટકાવી શકતું નથી. બહારની ગરમી કે ઠંડી કે બીજાં કોઇજ તત્ત્વની અસર રેડિયમપર થતી નથી; અને છતાં બીજા પદાર્થોપર અસર કરવામાં રેડિયમ ખરેખર મહાબળવાન તત્ત્વ છે. રેડિયમનું નાનું રજકણ વર્ષો-સુધી ગરમી અને પ્રકાશરૂપે વિજળીનો અથોક જથ્થો કાઢ્યાજ કરે છે !

રેડિયમનું અલૌકિક લક્ષણ તો એ છે કે, તે અકલ્પ્ય એટલા અલ્પ સમયમાં નિરંતર પોતાનું પરિવર્તન કરતું રહે છે, જ્યારે બીજાં તત્ત્વોને બદલાતાં અસંખ્ય વર્ષો લાગે ! રેડિયમમાંથી નિઃસરતા પ્રવાહો તીવ્ર અને અદૃશ્ય અસર કરનારા છે. તેનો વેગ દરપળે વીસ હજાર માઇલથી તે પોણાબે લાખ માઈલસુધીનો હોય છે. એટલે એ તત્ત્વને ચોક્કસ પ્રકારના વાર્નિશ કરેલા ખાસ ધાતુના પાત્રમાં રાખવામાં આવે છે. ગુમડાં, વિકાર, પાકાં વગેરે ચામડીનાં દર્દો ઉપર રેડિયમ રામબાણ નીવડ્યું છે.

રેડિયમ મૂળ તો સૂર્ય અને તારાઓનું તત્ત્વ છે. તે પૃથ્વીનાં પડોમાં શી રીતે મળી આવ્યું તેને વિષે એક જાણવાજોગ હકીકત છે. આપણી સૂર્યમાળાની ઉત્પત્તિવિષે કહેવાય છે કે, સૌથી પહેલાં આકાશમાં પ્રકાશ ને અગ્નિનો-નિહારિકાનો એક મોટો ગોળો ફરતો હતો. એ ગોળાના ગર્ભભાગમાં રેડિયમતત્ત્વનો અપરંપાર જથ્થો પડ્યો હતો. એ ગોળાના ફરવાનો વેગ એટલો તો ઝડપી હતો કે તેમાંથી જૂદે જૂદે વખતે જૂદા જૂદા ગોળા છૂટા પડી જઇ અનંતમાં ઉડી પડતા; પણ મુખ્ય ગોળો તેમને પોતાના આકર્ષણબળ વડે ખેંચી રાખતો. તેથી છૂટા પડેલા એ નાના ગોળા તેની આસપાસ (અને પોતાને મળેલા વેગથી પોતે પણ) ચક્કર ચક્કર ફરતાજ રહ્યા. વખત જતો ગયો તેમ-કરોડો ને અબજો વર્ષો વીત્યા પછી, એ નાના ગોળા ઠરી ગયા ને સ્થૂલ બનીને ગ્રહો થયા, પેલો મોટો તેજસ્વી ગોળો મોટો હોવાથી ધીમે ધીમે ઠરતો તો ગયોજ છે; પણ એનાં અગ્નિ ને પ્રકાશ હજી એટલાં મોળાં પડ્યાં નથી ને તે હજી પોતાના આકર્ષણથી બધા ગ્રહોને પકડી રાખે છે. એ મોટો ગોળો તે સૂર્ય. આકાશમાં અનેક તારાઓ ચમકતા દેખાય છે તે નાનામોટા સૂર્યોજ છે અને તે બધામાં રેડિયમનું તત્ત્વ છે. પૃથ્વી જ્યારે સૂર્યથી છૂટી પડી ત્યારે સૂર્યના રેડિયમતત્ત્વનો અંશ પૃથ્વીમાં રહી ગયેલો તે અંશ આજે આપણને મળી આવે છે.

રેડિયમ આ વિશ્વનો ચમત્કાર છે. એ જીવનદાતા અને પરમાત્માનો વિભૂતિ અંશ છે. રેડિયમની શોધમાં જાણે કુદરતની કૃપા ઉતરી છે. જે કુદરત એટલી ગૂઢ, ગંભીર, અકલિત અને ભીષણ છે, તે કુદરત આજ જાણે માનવજાતની પરિચર્યા કરતી મધુરી માતા બની વાત્સલ્યનાં અમી વરસી રહી છે.

રેડિયમ આવો વિશ્વજ્યોતિ છે અને એ જ્યોતિમાં માનવજીવનનો પ્રાણ છે. ભવિષ્યમાં રેડિયમનો કેવો અદ્ભુત ઉપયોગ થશે તે કોણ કહેશે ? (ડૉ. કાન્તિલાલ પંડ્યાના 'વીસમી સદી' માંના લેખપરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧–મોહર્રમના તહેવારો

મોહર્રમ એટલે શું ?

મોહર્રમ એ હિજરી સનનો પહેલો મહીનો છે. મોહર્રમનો અર્થ "હરામ કરેલુ" એવો થાય છે. એ મહિનામાં અરબસ્તાનમાં લડાઇ હરામ કરેલી છે, એટલે લડવાની મનાઇ છે. એવા બીજા ત્રણ મહિના છે. જેમાં લડાઇને ઇસ્લામે બંધ કરી છે. (૧) રજ્જબ[૭] (૨) ઝીકઅદ[૧૧] (૩) ઝીલહજ.[૧૨] હઝરત મોહમ્મદ (સ. અ.)* પેગંબર સાહેબના વખતમાં અરબ લોકોના જૂદા જૂદા કબીલા હતા, તેઓ માંહોમાંહે નાનાંમોટાં કારણોને લઇને લડતા અને લડાઇમાં હારજીતથી પોતાના કજીઆનો ફેંસલો કરતા. વર્ષના મજકુર ચાર મહીનામાં લડાઇ બંધ રહેતી અને લોકો તે દરમિયાન પોતાનાં કામકાજ સુલેહશાંતિથી કરતા. મુસલમાનોમાં એ મહીનો પવિત્ર ગણાય છે. એ મહીનાની પહેલી તારીખે હિજરી સનનું નવું વર્ષ શરૂ થાય છે. જેમ બીજા ધર્મના લોકો પોતાના નવા વર્ષનો પહેલો દિવસ ખુશાલીમાં ઉજવે છે, તેમ મુસલમાનો ઉજવી શકતા નથી. ઉલટું એ મહીનાની શરૂઆતથી અંતસુધી તેઓ માટે શોક અને દિલગીરીનું કારણ ઉભું રહે છે; કારણકે આ મહીનાની દશમી તારીખે હઝરત ઇમામ હુસેન (રદી.)+ સાહેબ અને તેમના ખાનદાનના એક સિવાય સઘળા નાનામોટા પુરુષો કરબલા મુકામે ધર્મયુદ્ધમાં શહીદ થયા. (શહીદ થવું એટલે ધર્મમાટેની લડાઇમાં માર્યા જવું.) ઇમામ સાહેબના ફક્ત એક દીકરા ઝેનુલ આબિદીન મંદવાડને લીધે બચવા પામ્યા. ઇમામ સાહેબે તેમજ તેમના કબીલાના માણસોએ શામાટે ધર્મયુદ્ધમાં પોતાના પ્રાણ સાચી અને પવિત્ર ખિલાફત માટે અર્પણ કર્યા ? ખિલાફત એટલે શું તે ઉપર હવે જરૂરી વિવેચન કરીએ.

પહેલા ચાર ખલીફ અને ખિલાફત ચુંટણીનો કાયદો

પેગંબર સાહેબે જ્યારે અરબસ્તાનમાં ઇસ્લામ નામે પવિત્ર ધર્મની સ્થાપના કરી, ત્યારે તેઓ દેશનો ધાર્મિક અને મુલ્કી બંદોબસ્ત કરતા. એમના મરણ પછી એ કામ માટે, અરબ લોકોએ હઝરત અબુબક્કર (રદી.) સાહેબને ચુંટી કાઢયા અને તેમને "અમીરૂલ મોમિનીન" (મુસલમાનોના સરદાર) અને ખલીફા કહેવા લાગ્યા, અને તેમનો હોદ્દો ખિલાફતના નામે પ્રસિદ્ધ થયો. મદીના શહેર ખિલાફતનું મથક બન્યું. પહેલા ખલીફ હઝરત અબુબક્કર (રદી.)ની નિમણુંક ચુંટણીથી થઇ તેથી ખિલાફતની ચુંટણીનો કાયદો અમલમાં આવવા લાગ્યો. હઝરત અબુબક્કર (રદી.) સાહેબના મરણ પછી હઝરત ઉમર (રદી.) બીજા ખલીફા થયા. ત્રીજા હઝરત ઉસ્માન (રદી.) અને ચોથા હઝરત અલી (રદી.) થયા. આ ચાર ખલીફ, ખુલફાએ રાશિદીન કહેવાય છે. ખુલફાએ રાશિદીન એટલે ધાર્મિક ખલીફાઓ. તેઓ ઇસ્લામ ધર્મ અને કુરાને શરીફના ફરમાનને અનુસરી દરેક કામ કરતા, તેમની રહેણીકરણી સાદી હતી. તેમના તાબામાં ઇસ્લામી મુલકોની આવકનો ઘણો પૈસો રહેતો; અને તેઓ તેનો સદુપયોગ કરતા. હઝરત અલીની ખિલાફત વખતે આખો અરબસ્તાન, સીરિયા, ઇરાન, મિસર, ટ્રિપોલી વગેરે દેશો ઇસ્લામના કબજામાં હતા. એ દેશોની ધાર્મિક અને મુલ્કી વ્યવસ્થા માટે મદીનાના ખલીફ ગવર્નરોની નિમણુક કરતા. એ ગવર્નરો દૂર અને પાસેના દેશોમાં ખલીફને નામે ધાર્મિકપણે હકુમત કરતા.

હઝરત મુઆવિયાની સીરિયામાં હકુમત

જ્યારે ત્રીજા ખલીફ હઝરત ઉસ્માન શહીદ થયા, ત્યારે સીરિયામાં તેમના કુળ બની ઉમય્યાના એક કાબેલ માણસ ગવર્નર હતા. તેમનું નામ હઝરત મુઆવિયા હતું. જ્યારે મદીના અને મક્કાના લોકોએ હઝરત અલીને ચોથા ખલીફતરીકે ચુંટી કાઢયા ત્યારે મુઆવિયા સાહેબે તેમને ખલીફતરીકે

૭–૧૧–૧૨ એ હિજરી સાલનાં સાતમા, અગિયારમા ને બારમા મહિનાનાં નામ છે.

* (સ. અ.) સલ્લલાહો અલે હે વસલ્લમ્. તેમના ઉપર પરમેશ્વરના આશીર્વાદ અને શાંતિ થાય.

\+ (રદી.) (અલ્લાહો) અનહો એટલે પરમેશ્વર એમનાથી રાજી રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકાર્યા નહિ; તેમજ સીરિયાના લોકોએ પણ હઝરત મુઆવિયાની સત્તા અને લાગવગને લીધે હઝરત અલીને ખલીફ માન્યા નહિ; પરંતુ તેમણે મુઆવિયા સાહેબને પોતાના ખલીફ ગણ્યા. જ્યારે હઝરત અલી શહીદ થયા, ત્યારે તેમના મોટા દીકરા હઝરત ઇમામ હસનને અરબસ્તાન અને કૂફાના મુસલમાનોએ ખલીફતરીકે ચુંટી કાઢયા; પણ એ સાહેબ ખલીફની મોટી જવાબદારીના કામથી દૂર રહેવા માગતા હતા, તેથી તેમણે ખિલાફત હઝરત મુઆવિયાનેજ સોંપી દીધી. તે બદલ મુઆવિયા સાહેબે તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરી આપ્યો; પણ ઇમામ હસન સાહેબ ઘણો વખત જીવવા પામ્યા નહિ, કેમકે પ્રપંચથી તેમને શરબતમાં કોઇએ ઝેર આપ્યું જેથી તેઓ શહીદ થઈ ગયા.

આ બનાવ બન્યા પછી મુઆવિયા સાહેબ આખી ઇસ્લામી દુનિયાના સ્વતંત્ર ખલીફ અને શહેનશાહ થયા. તેમનો દરબાર ઘણો ભપકાદાર રહેતો. લોકોને મોટા મોટા દરજ્જા અને ઇનામો આપી તેઓ સીરિયામાં ઘણા લોકપ્રિય થઇ પડયા.

મુઆવિયા સાહેબનો યઝીદ નામે એક દીકરો હતો. તે સ્વચ્છંદી અને વ્યભિચારી હતો. તે પોતાનો વખત મોજ-શોખમાં ગુજારતો-દારૂ પીતો, જુગાર રમતો, ગાયનો સાંભળતો અને નાચ-રંગ જોતો. જો કે એ મુસલમાન હતો પણ મુસલમાની ધર્મ પ્રમાણે પ્રાર્થના અને ઉપવાસ કરતો નહિ. મુઆવિયા સાહેબ હિજરી સન. ૬૦ અને ઇ. સ. ૬૮૦-૮૧માં ગુજરી ગયા, ત્યારે યઝીદ ખિલાફતની ગાદીએ બેઠો.

હઝરત ઇમામ હુસેન ખિલાફતના ખરા હકદાર

મદીનામાં ચાર ઘણા પ્રખ્યાત અને કાબેલ માણસો હતા. તેમણે યઝીદને ખલીફતરીકે સ્વીકાર્યો નહિ. (૧) હઝરત ઇમામહુસેન, (૨) અબ્દુલ્લા ઇબ્ને ઝુબેર, (૩) અબ્દુરરહેમાન ઇબ્ને હઝરત અબુબક્કર અને (૪) અબ્દુલ્લા ઇબ્ને હઝરત ઉમર. હઝરત ઇમામહુસેન એ ચાર પૈકી ખિલાફતને વધારે લાયક હતા. એ સાહેબ બની હાશમના વંશમાં પ્રખ્યાત થયેલા હઝરત મોહમ્મદ પેગમ્બર (સ. અ.) સાહેબની પ્રખ્યાત દીકરી હઝરત ફાતમા અને હઝરત અલીના દીકરા હતા. તેથી કુળમાં આખી મુસ્લીમ દુનિયામાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હતા. પોતે વિદ્વાન, ધર્મચુસ્ત, સાચા અને પ્રમાણિક હતા, તેઓ ૫૭ વર્ષની પુખ્ત ઉંમરના અને અનુભવી હતા. સારાંશ કે, દરેક રીતે એ સાહેબ ખિલાફતને લાયક અને શોભે તેવા હતા.

યઝીદ ગાદીએ બેઠો કે તરતજ તેણે મદીનાના પોતાના તાબાના મુલકના ગવર્નરને લખ્યું કે, મજકુર ચાર માણસોને બોલાવી મારી ખિલાફતની પ્રતિજ્ઞા લેવડાવ. જો ન લે તો ચારેને મારી નાખજે. મદીનાના ગવર્નરે ઇબ્ને ઝુબેરને બોલાવ્યા, પણ તે બહાનું કાઢી ગયા નહિ અને તેજ દિવસે રાત્રે મક્કા જતા રહ્યા. જ્યારે હઝરત ઇમામ હુસેન સાહેબને બોલાવ્યા, ત્યારે તેઓ ગયા અને તેમને યઝીદનો હુકમ સંભળાવ્યો તો તેમણે કહ્યું કે, જો બીજાઓ પ્રતિજ્ઞા લે તો હું પણ લઉં. એમ કહી બીજે દિવસે ઇમામ સાહેબ પણ મક્કે જતા રહ્યા. બાકીના બે માણસોએ પણ એમજ કર્યું. એ પ્રમાણે ચારેમાંથી કોઇએ યઝીદને ખલીફતરીકે સ્વીકાર્યો નહિ; કારણ કે યઝીદ ખિલાફતને માટે કોઇપણ રીતે લાયક ન હતો તે આપણે ઉપર બતાવી ગયા છીએ. યઝીદને મજકુર ચાર માણસો મક્કે ગયા છે, એવી ખબર મળી કે તરતજ તેણે એક લશ્કર મક્કે મોકલ્યું. તે લશ્કરે મક્કાને ઘેરો ઘાલ્યો. અબ્દુલ્લા ઇબ્ને ઝુબેરે પણ લડાઇની તૈયારી પહેલાંથી કરી મૂકી હતી; તેથી દુશ્મનના લશ્કરને હરાવી તેના સરદારને પકડી મારી નાખ્યો. આ લડાઇમાં હઝરત ઇમામહુસેન સાહેબે ભાગ લીધો નહિ. મક્કામાં જૂદે ઠેકાણે તે રહેવા લાગ્યા. અહીં પણ ઇમામ સાહેબને લોકોએ જંપીને બેસવા દીધા નહિ.

કૂફાનું આમંત્રણ

ઇરાકે અરબીમાં કૂફા નામનું એક શહેર છે. ત્યાંના લોકોએ ઇમામ સાહેબને ખિલાફતના ખરા હક્કદાર ગણી લાગલાગટ ત્રણચાર ડેપ્યુટેશન મોકલી કૂફે આવવા વીનવ્યા. આખરે ઇમામ સાહેબે થાકીને પોતાના પિત્રાઇ ભાઇ મુસ્લીમ બિન અકીલને કૂફે મોકલ્યા; તે એટલા માટે કે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ તેઓ કૂફાના લોકોને મળે અને જુએ કે તેઓ ઇમામ સાહેબને ખલીફ બનાવવા ખરેખર તૈયાર છે કે નહિ. મુસ્લીમ બિન અકીલ કૂફે ગયા તો બાર હજાર માણસોએ ઇમામ સાહેબ માટે ખિલાફતની પ્રતિજ્ઞા લીધી. મુસ્લીમે એ હકીકત ઇમામ સાહેબને લખી જણાવી અને વધારામાં લખ્યું કે, બીજા એક લાખ માણસો આપની પ્રતિજ્ઞા લેવા તૈયાર છે; માટે આપ જલદી અહીં પધારો કે યઝીદને આ વાતની ખબર પડે નહિ. ઇમામ સાહેબને જ્યારે મુસ્લીમનો કાગળ મળ્યો, ત્યારે તેમણે કૂફે જવાની તૈયારી કરી. મક્કાના લોકોએ ઇમામ સાહેબને કૂફે જવાની ના પાડી અને કહ્યું કે, કૂફાના લોકો વિશ્વાસને પાત્ર નથી. ઇમામ સાહેબે જવાબ આપ્યો કે, મક્કામાં મને યઝીદ ચેનથી બેસી રહેવા દેશે નહિ, પણ લશ્કર મોકલી મારી નંખાવશે; માટે લાચારીના સબબે હું જાઉં છું.

ઇમામ સાહેબનું કૂફે જવા નીકળવું અને કૂફામાં મુસ્લીમની કતલ

ઇમામ સાહેબ પોતાના બધા પુરુષો અને ઝનાનાને લઈ મક્કેથી કૂફે જવા નીકળ્યા. ફક્ત પોતાની ફાતમા સુગરા નામની એક દીકરીને મંદવાડને લીધે ત્યાં રહેવા દીધી. રસ્તામાં કૂફેથી આવતા કેટલાક માણસો ઇમામ સાહેબને મળ્યા અને મુસ્લીમની કતલના સમાચાર આપી એમને મક્કે પાછા ફરવાની સલાહ આપી; તો ઇમામ સાહેબે મક્કે પાછા જવાનો ઇરાદો કર્યો. પરંતુ મુસ્લીમના ભાઇઓ જે ઇમામ સાહેબની સાથે હતા તેમણે કહ્યું કે, અમે તો અમારા ભાઈનું વેર લેવા કૂફે ગયા વગર રહેવાના નથી, તેથી ઇમામ સાહેબ કૂફા તરફ આગળ વધ્યા. મુસ્લીમે ઇમામ સાહેબને કૂફે આવવાનો કાગળ લખ્યો ત્યારપછી એવું બન્યું કે, એ વાતની ખબર યઝીદને મળી; તેથી તેણે કૂફાના જૂના ગવર્નરને કાઢી મૂકી તેની જગ્યાએ ઉબેદુલ્લા ઇબ્ને ઝીયાદને નીમ્યો. આ માણસ ઘણો ચાલાક હતો. કૂફે આવી તેણે મુસ્લીમને પકડી તેનું માથું કાપી નાખ્યું અને ત્યાંના લોકોને ધમકી આપી કે, જો તમે હુસેન સાહેબને ખિલાફત માટે જરાપણ મદદ કરશો તો હું તમને મારી નાખીશ અને તમારાં ઘરબાર બરબાદ કરીશ. તમારો ખલીફ તો યઝીદ છે. એને ખલીફ માનો અને ઇમામ સાહેબ આવે તો તેમની સામે યઝીદ માટે લડો. કૂફાના લોકોના મન આ ધમકીને લીધે ફરી ગયા અને ઇમામ સાહેબની સામે લડવા તૈયાર થયા.

કરબલાનું યુદ્ધ અને ઇમામ સાહેબની શહાદત

હઝરત ઇમામ હુસેન સાહેબ હિજરી સન ૬૦ ના છેલ્લા મહીના ઝિલહજની ત્રીજી તારીખે મક્કેથી નીકળ્યા હતા, અને કૂચ કરતા કરતા કરબલા આગળ હિજરી સન ૬૧ ઈ. સ. ૬૮૧-૮૨ મોહર્રમ માસની પહેલી તારીખે આવી પહોંચ્યા. ઇમામ સાહેબની સાથે એમના કબીલાના ૭૨ અને બીજા ૧૪૦ માણસ હતા. ઝનાનો પણ સાથે હતો. તેમને માટે તંબુ ઉભો કરી તેમાં તેમને રાખ્યા. કૂફાના ગવર્નર ઇબ્ને ઝીયાદે ઇમામ હુસેન સાહેબની સામે ચાર હજાર માણસોનું એક લશ્કર અમરૂ બિન સઅદની સરદારી હેઠળ મોકલ્યું અને હુકમ કર્યો કે, ઇમામ સાહેબની સામે લડી તેમને મારી નાખી તેમનું માથું મારી પાસે મોકલો. અમરૂ બિન સઅદની મદદ કરવા એક બીજા સરદાર શિમર ઝિલજોશનને પણ મોકલ્યો. શિમર ઘણો ઘાતકી માણસ હતો. એનાજ હુકમથી દુશ્મનોએ ઇમામ સાહેબ તરફ અતિશય ઘાતકીપણું દેખાડયું. એમને ખોરાક અને પાણી ન મળે તેનો પાકો બંદોબસ્ત કરાવ્યો. મોહર્રમની સાતમી તારીખે યુફ્રેટીસ નદીને કાંઠે પહેરા બેસાડી દેવામાં આવ્યા, જેથી ઇમામ સાહેબ અને તેમના માણસોને ખોરાક અને પાણીવગર અતિશય દુઃખ વેઠવું પડયું.

દુશ્મનો જ્યારે ઇમામ સાહેબ સામે આવી પહોંચ્યા ત્યારે ઇમામ સાહેબે તેમના સરદારને કહ્યું કે, તમે મને શામાટે મારી નાખવા આવ્યા છો? મેં તમારૂં શું બગાડયું છે? હું લડવા માગતો નથી, મારી ત્રણ શરતો છે, તેમાંની એક માનો અને સુલેહ કરો. (૧) તમે મને અહીંઆંથી જવા દો. હું એકાંતમાં જીંદગી ગુજારીશ અને યઝીદની ખીલાફતને આડે આવીશ નહિ. (૨) અથવા મને સરહદના તુર્કો સામે લડવા મોકલો. (૩) કાં તો મને યઝીદ પાસે લઇ જાઓ કે એની સાથે હું પોતે સુલેહની વાતચીત કરૂં; પણ દુશ્મને સુલેહની કોઇ પણ વાત સાંભળી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહર્રમની પહેલી તારીખથી નવમી તારીખ સુધી ઇમામ સાહેબ તરફથી પોતાને જવા દેવા માટે બેહદ પ્રયત્ન કરવામાં આવ્યા; પણ બધા ફોકટ ગયા. એ દરમિયાન સાતમી તારીખે ઇમામ સાહેબના ભાઇ હઝરત અબ્બાસ ઝનાનાને માટે પચાસ માણસો લઇ યુફ્રેટિસને કિનારે પાણી લેવા ગયા તો દુશ્મનના ઘોડેસ્વારોએ તેમની ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો અને સખત લડાઇ કરી. તેમાં બધા માણસો માર્યા ગયા. ફક્ત હઝરત અબ્બાસ ઘણા જખમી થઈ પાણીની ખાલી મશક લઇ પાછા ફર્યા. હવે મહોર્રમનો દશમો દિવસ આવ્યો. તે શુક્રવાર હતો. ઇમામ સાહેબે પોતાના માણસોને કહ્યું કે "હું તમને રજા આપું છું કે તમે ચાલ્યા જાઓ, દુશ્મન મારા ખૂનનો તરસ્યો છે, તે મને એકલાનેજ મારી નાખવા માગે છે, મારે માટે તમે તમારા જીવ જોખમમાં ન નાખો, હું ખુશીથી તમને જવા દેવા ઇચ્છું છું." તેમણે જવાબ આપ્યો કે "એવું કદી પણ નહિ બને. અમે આપની ખાતર કુરબાન થઇ આપને બચાવીશું." એમ કહી એમની સાથેજ રહ્યા. દુશ્મન તરફથી લડાઇ શરૂ થઇ. મેદાનમાં દરેક પક્ષનો એકેક માણસ આવતો અને લડતો. જ્યારે એક માર્યો જતો ત્યારે બીજો આવતો અને લડતો. એમ લડતા લડતા ઇમામ સાહેબના મુટ્ઠીભર માણસો પૂરા થઇ ગયા અને તેમના ભાઇઓ, દીકરા અને ભત્રીજાનો મેદાનમાં જવાનો વખત આવ્યો. એ બધા ઘણી બહાદૂરીથી લડયા અને ધર્મ તથા સત્યને માટે શહીદ થયા. એમના ભાઇ હઝરત અબ્બાસે, દીકરા હઝરત અલી અકબરે અને નાની ઉંમરના એક ભત્રીજા હઝરત કાસમે લડાઈના મેદાનમાં જે શૂરાતન દેખાડયું છે, તેની દુશ્મને પણ દાદ આપી છે. હજારોના લશ્કર સામે એમણે લડીને શહાદતનું શરબત પીધું અને અમર નામના મેળવી આ જગતને છોડી ચાલ્યા ગયા. હવે ઈમામ સાહેબ એકલા તંબુની બહાર ઉભા હતા. તેમણે તંબુમાં પોતાના નાના બાળક અલી અસગરને રડતાં સાંભળ્યું. એ બાળકની ઉંમર ફક્ત છ મહીનાની હતી. તંબુમાં ગયા તો એમને કહેવામાં આવ્યું કે, અલી અસગર તરસથી અતિબેચેન છે. એમની માને પણ ભૂખ અને તરસથી દૂધ આવતું નથી, અને પાણી પણ બિલકુલ નથી, એનું ગળું સૂકાઇ ગયું છે. ઇમામ સાહેબે આ સાંભળી અલી અસગરને દુશ્મનના લશ્કર સામે લઇ જઇ કહ્યું કે 'મને તો પાણી નથી આપતા તો ન આપો, પણ આ નાના બાળકે તમારો શો ગુન્હો કર્યો છે? એને તો પાણી આપો.' દુશ્મનના એક નિર્દય સિપાઇએ એના જવાબમાં એક તીર અલી અસગરના ગળામાં મારી કહ્યું 'લો આ પાણી!' તીર વાગવાથી બાળક તરફડીને ઇમામ સાહેબના હાથમાંજ શહીદ થઇ ગયું. મહોર્રમના દશમા દિવસે લડાઇ સવારથી શરૂ થઇ, આખો દિવસ ચાલી અને ઇમામ સાહેબ સિવાય બધા માણસો શહીદ થઇ ગયા. હવે સાંજના પાંચેક વાગ્યા છે, ઈમામસાહેબ તંબુમાં જાય છે, બધી બાનુઓને છેલ્લી સલામ કરે છે અને તેમની રજા લઇ દુશ્મન સામે એકલા લડવા જાય છે. દુશ્મન એમની ઉપર તીરોનો વરસાદ વરસાવે છે. એ પણ જગજાહેર બહાદુરી અને શૂરાતનથી તેનો જવાબ આપે છે. પછી એમનાપર ભાલાઓ અને તલવારોનો સખત મારો ચલાવવામાં આવે છે. તેનો હિસાબ ન ગણતાં દુશ્મનો આગળ જઇ તેમને પણ પોતાની તલવારનો સ્વાદ ચખાડે છે અને મોતનો રસ્તો બતાવે છે. હવે તરસ બેહદ લાગી છે, પાણીવગર ગળું સૂકાય છે; એટલે યુફ્રેટિસને કાંઠે પહોંચી પાણી ખોબામાં લઈ પીવા જાય છે એટલામાં એક ક્રૂર અને ઘાતકી દુશ્મન એમના મોં ઉપર તીર છોડે છે, જેથી લોહીની નદી એમના મોંમાંથી બહાર વહે છે. એવી હાલતમાં યુફ્રેટિસના કિનારાથી પાછા ફરે છે. તેવામાં દુશ્મનનો એક સરદાર જેનું નામ શિમર છે, તે પોતાના છ સિપાઇઓને લઇ જઇ ઈમામસાહેબને ઘેરી તલવારો મારે છે. આખરે એક તલવાર એમના ડાબા હાથ ઉપર પડે છે, અને તે હાથ ખભાથી કપાઇ જમીન ઉપર પડે છે, તે સાહેબ હાથ કાપનારને મારવા તલવાર ઉપાડે છે; પણ શરીરમાં તાકાત ન હોવાથી ભોંયપર પડે છે. સનાન ઈબ્ને અનસ એમની મુબારક છાતીમાં ભાલો મારે છે, જે પીઠની પાર થઈ જાય છે. એ ભાલો પાછો ખેંચે છે. તેની સાથે હઝરત ઇમામહુસેન સાહેબનો અમર આત્મા પણ શરીરબહાર નીકળી સ્વર્ગવાસી બને છે. ખોલી ઇબ્ને યઝીદ એમનું માથું કાપી લે છે, અને દુનિયાની સૌથી મોટી શહાદત પૂરી થાય છે. અધર્મી, ઘાતકી અને ક્રૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુશ્મનોની નિર્દયતાનો હજુ પણ અંત આવતો નથી. ઇમામ સાહેબના શબ ઉપર ઘોડા દોડાવે છે, અને તેને કચડી નાખે છે. જુલમની તો હદ થઇ ગઇ; પણ હરામખોરોને સંતોષ થતો નથી. દુશ્મનના પુરુષો તંબુમાં પ્રવેશ કરે છે અને પડદાવાળી બાનુઓને લૂટે છે. માંદા ઝેનુલ આબિદીન સાહેબને સાંકળોથી જકડે છે અને એમને તથા પાક બાનુઓને ઉંટ ઉપર બેસાડી ઇમામ સાહેબ તથા બીજા સત્તર જણનાં કાપેલાં માથાં ભાલા ઉપર મૂકી કૂફાના ગવર્નર પાસે લઇ જાય છે. કૂફાના મુસલમાનો એ બધાને એવી હાલતમાં જોઇ અશ્રુનો વરસાદ વરસાવે છે, પણ એમની કોઈ પણ રીતે મદદ કરી શકતાં નથી; કારણકે ગવર્નર એમને મારી નાખે તેથી બ્હીએ છે. કૂફાનો ગવર્નર ખુશ થઇને એ બધાને સીરિયાની રાજધાની દમિસ્કમાં યઝીદ પાસે મોકલે છે. યઝીદ દરબારીઓના કહેવાથી કેદીઓને છૂટા કરે છે, જમાડે છે અને તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરી મદીના મોકલી દે છે.

ઇમામ હુસેન સાહેબની શહાદતનાં ફળ

વાંચનાર આ વાંચીને જરૂર કબૂલ કરશે કે, હઝરત ઇમામ હુસેન સાહેબે ધર્મ અને સત્યને માટે કરબલા મુકામે જે ભોગો આપ્યા તેવા કોઇ પણ માણસે દુનિયામાં ભાગ્યેજ આપ્યા હશે. ઇમામ હુસેન સાહેબની શહાદતથી અસત્યનો પરાજય થયો અને સત્યનો જય થયો. તે આ ઉપરથી સાબિત થાય છે કે, યઝીદ ઉબેદુલ્લા ઇબ્ને ઝિયાદ, શિમર અને બીજાઓ જેમણે કરબલાના યુદ્ધમાં ઇમામ હુસેન સાહેબની વિરુદ્ધ ભાગ લીધો અને તેમના તથા તેમના સાથીઓ ઉપર બેહદ જુલમ કર્યો તે બધા ઇસ્લામ અને પરમેશ્વર આગળ મોટા પાપી અને ગુન્હેગાર છે. એ બધા ઉપર આખી મુસ્લીમ દુનિયા શાપ અને નિંદાનો વરસાદ વરસાવે છે. યઝીદને દમિસ્કમાં જે જગ્યાએ દાટવામાં આવ્યો છે, તે જગ્યાએ લોકો ઇંટો અને પથરા નાખે છે. યઝીદનું નામ મુસલમાનોમાં વ્યભિચાર, પાપ, જુલમ અને ઘાતકીપણા માટે કહેવતરૂપ થઇ પડ્યું છે. નિર્દય અને અપરાધી માણસ માટે યઝીદની ઉપમા આપવામાં આવે છે. એ પ્રમાણે અનેક રીતે યઝીદ દુનિયામાં કુકર્મી ગણાય છે. સત્યનો જય થયો તેનો પૂરાવો એ છે કે, ઇમામ હુસેન સાહેબે અને તેમની સાથે જે માણસોએ ધર્મની ખાતર કરબલાના મેદાનમાં આત્મદાન દીધું, તેમને શહાદતનો દરજ્જો મળ્યો છે. તેઓ ઇસ્લામ પ્રમાણે સ્વર્ગમાં ગયા છે, અને ત્યાં સુખશાંતિ ભોગવે છે. ઇમામ હુસેન સાહેબે સૈયદુશ શોહોદા એટલે શહીદોના સરદારનો મરતબો પ્રાપ્ત કર્યો છે. ઈશ્વર તેમના કાર્યથી અતિશય પ્રસન્ન થયો છે. મુસ્લીમ દુનિયામાં મોહર્રમના દિવસો દરમિયાન તેમના માન અને સ્મરણાર્થે ધર્મકથાની મજલિસો થાય છે, પ્રસાદ વહેંચાય છે, તેમને માટે પ્રભુપ્રાર્થના થાય છે અને તેમને આશીર્વાદ આપવામાં આવે છે. જે ભૂખ અને તરસ તેમણે વેઠયાં તે બદલ મુસલમાનો પરબો બેસાડે છે. શરબતો, મિઠાઇઓ અને અનેક જાતનાં ભોજનો તથા પકવાનોથી કરોડો માણસોને તૃપ્ત કરવામાં આવે છે. આ દાન અને સખાવતના કામમાં કરોડો રૂપિયા ખર્ચાય છે. એથી વેપાર–રોજગારને પણ મદદ મળે છે. કરબલા ગામને કોઇ જાણતું ન હતું, તે જગપ્રસિદ્ધ બની ગયું છે. ઇમામ સાહેબની પાક તુરબત અને રોજો ત્યાં શોભી રહ્યાં છે. લાખો મુસલમાનો દરવર્ષે ત્યાં જાત્રાએ જાય છે અને હમેશ મેળો ભર્યો રહે છે. આ ઉપરાંત હિંદુસ્તાનમાં ઉર્દુભાષામાં એમની યાદગીરી અર્થે મરસિયા નામનાં હજારો કાવ્યો રચાયાં છે. એમાં ઇમામ હુસેન સાહેબ અને તેમના કબીલાનાં શહીદ થયેલાં માણસો તેમજ બાનુઓને કરબલામાં જે દુઃખ, સંકટ, જુલમ વગેરે વેઠવાં પડયાં તેનો, તેમજ યઝીદ, શિમર અને તેમના સાથીઓનું ઘાતકીપણું, નિર્દયતા તથા જુલમનો કરુણાજનક દેખાવ દેખાડવામાં આવ્યો છે, અને તેમનાં શૂરાતન અને શૌર્યનો ચકચકિત ચિતાર ચીતરવામાં આવ્યો છે. ઉર્દુ સાહિત્યમાં મીર અનીસ અને મીરજાંદબીરના મરસિયા ઘણા પ્રખ્યાત છે અને ઉર્દુ જાણનારાઓ તેમને વાંચી અનેક રીતે તેમનો લાભ લે છે. વળી એ દિવસોમાં મસ્જિદો, ઘરો, દુકાનો તથા મંડપોમાં ભપકાદાર રોશની કરવામાં આવે છે. જે બતાવી આપે છે કે, સત્ય આમ પ્રકાશે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને જોઇ લોકોનાં અંતઃકરણ ખુશ થાય છે. ઉત્તરહિંદુસ્તાનમાં ઘણા હિંદુભાઇઓ પણ આ પ્રમાણે મહોર્રમના દિવસોમાં ઉપર વર્ણવેલાં બધાં પુણ્યનાં કામો કરે છે.

આખા હિંદુસ્તાનમાં મહોર્રમના દશમા દિવસે લોકો તાઝિયા, ગિરોહ, પંજા વગેરે બનાવી પોતાના શહેર અને ગામના મોટા રસ્તાઓપર વાજાં વગાડી ફેરવે છે.

તાઝિયા બનાવવામાં હિંદમાં વસતી દરેક કોમના માણસો સામાન્ય રીતે ભાગ લે છે એટલે એ કામ માટે જે ઉઘરાણું થાય છે તેમાં પૈસા આપે છે. હિંદુ દેશી રાજ્યોમાં દાખલાતરીકે વડોદરા, ગ્વાલિયર વગેરેમાં રાજ્ય તરફની તાઝિયા બનાવવામાં આવે છે, અને દરબારી ઠાઠથી તેમને ફેરવવામાં આવે છે. દરેક શહેર અને ગામમાં મુકરર કરેલી જગ્યાએ મોટા તાઝિયાને ફેરવ્યા પછી એક ઠેકાણે તે પર પાણી છાંટી ઠંડા કરી પાછા તેમની અસલ જગ્યાએ લઇ જઇ ત્યાં તેમને વરસ દહાડો રાખી મૂકવામાં આવે છે. નાના તાઝિયાને નદી કે તળાવમાં ડૂબાડી દેવામાં આવે છે. મોહર્રમની પાંચમી તારીખથી ગિરોહ નામની ટોળીઓ, પંજાઓ વગેરે નીકળે છે. મુસલમાનો નહાઇ ધોયેલાં લૂગડાં અને તે ઉપર નાડાશેલી વગેરે પહેરી ફકીર બને છે. વળી જેઓએ બાધા લીધેલી હોય છે તેઓ વાઘ બને છે. એ પ્રમાણે ઇમામ હુસેન સાહેબ ઉપર જેમને આસ્થા અને યકીન હોય છે, તેઓ અનેક જાતની બાધાઓ રાખી તેમને પૂરી કરે છે, અને પોતાની ઇચ્છાઓ પાર પડેલી જુએ છે. તાઝિયા, ગિરોહ, પંજા વગેરેને મુસલમાની ધર્મ સાથે કશો સંબંધ નથી. એથી ઉલટું એ બધું બિદઅત* કહેવાય છે. મુસલમાન મોલવીઓ ધાર્મિક કથાઓમાં એની વિરુદ્ધ બોધ કરે છે; પરંતુ લોકો ઉપર અંકુશ ન હોવાથી એ બધું અમલમાં આવે છે. આપણી માયાળુ સરકાર પણ આ કામોની વચ્ચે પડતી નથી, પણ પોતાની ફરજ-તરીકે તોફાન, કજીઆ, ટંટાને રોકે છે અને એ દિવસોમાં સારી વ્યવસ્થા રાખે છે. તાઝિયા એ શબ્દનું મૂળ તાઝિયત છે. તેનો અર્થ દિલાસો તથા બીજાના દુઃખનો શોક થાય છે. તે ઉપરથી પારકાના દુઃખનો શોક ઉપજાવનારી વસ્તુ એ પણ અર્થ થાય છે-અર્થાત્ તાઝિયો એટલે ઇમામ સાહેબની કબર તથા રોજાનો નમુનો જેનું દૃશ્ય જોનારના અંતઃકરણમાં શોકની લાગણી ઉત્પન્ન કરે છે. હિંદુઓ તાઝિયાને તાબૂત કહે છે, તાબૂતનો અર્થ શબ કે કફન થાય છે. તાઝિયા કે તાબૂત ઇમામ હુસેન સાહેબનો કરબલામાં જે રોજો છે તેનો નમુનો કે નકલ છે. તેને વાંસ, કાગળ, અબરખ વગેરેથી તૈયાર કરવામાં આવે છે. કેટલાક તાઝિયા ચૂનાના પણ બને છે. મુસલમાનો કહે છે કે, તાઝિયાનો રિવાજ હિંદમાં તૈમુર લંગે દાખલ કર્યો.

ઇ. સ. ૧૩૯૮માં જ્યારે તે દિલ્હીપર ચઢી આવ્યો તે પહેલાં એણે બાધા લીધી હતી કે, જો હું હિંદને ફતેહ કરીશ તો ઇમામ હુસેન સાહેબના રોજાની યાત્રાએ કરબલા જઇશ; પણ જ્યારે તેની ઇચ્છા પાર પડી ત્યારે રાજકીય કારણોને લીધે તે ત્યાં જઇ શક્યો નહિ અને સલાહકારોના કહેવાથી દિલ્હીમાં તેણે એક સોનાનો રત્નજડિત તાઝિયો તૈયાર કરાવ્યો. અને તેના આગળ ઇમામ સાહેબ માટે ×ફાતેહાની ક્રિયા કરી. તેનો દિલ્હીના લોકો લાભ લે તે માટે તેને શહેરના મોટા રસ્તાઓ ઉપર ફેરવવામાં આવ્યો. ત્યારથી તાઝિયાનો રિવાજ આખા હિંદુસ્તાનમાં દાખલ થઇ ગયો. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં તાઝિયા પણ ઇમામ સાહેબની શહાદતનું સ્મરણ કરાવે છે. મહોર્રમની દશમી તારીખે દરેક શહેરમાં લાખો માણસો તાઝિયા જોવા નીકળે છે, મોટા રસ્તાઓ અને બજારોમાં દુકાનો લાગે છે અને એક મોટો મેળો ભરાય છે. ભણેલા અને ડાહ્યા માણસો તાઝિયા જોઇને ઇમામ હુસેન સાહેબની મોટી શાહદતને યાદ કરી તેની કદર કરે છે અને ધર્મ તથા સત્યને વળગી રહેવાનો પાઠ શીખે છે.

મુસલમાનોમાં મહોર્રમનો દશમો દિવસ "યોમે આશૂરા" ના નામથી પ્રખ્યાત છે. ઘણા અસલના વખતથી એ દિવસની મહત્તા અનેક રીતે સાબીત થયેલી છે. એજ દિવસે પેગંબર

* બિદઅત એટલે ઇસ્લામમાં નવી દાખલ કરેલી બાબત.

× ફાતેહા એટલે ગુજરી ગયેલા માણસ માટે કરવામાં આવતી પ્રાર્થના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હઝરત આદમ (અલય)× તથા હઝરત ઇબ્રાહીમ (અલય) પેદા થયા. હઝરત ઇબ્રાહીમ એજ દિવસે અગ્નિમાંથી મુક્ત થયા. હઝરત અય્યુબ (અલય)ની મુસીબત દૂર થઈ, હઝરત દાઉદ (અલય) નાં પાપ માફ થયાં, હઝરત સુલેમાન (અલય)નું ગુમ થયેલું તખ્ત પાછું મળ્યું, હઝરત નૂહ (અલય)નું વહાણ જૂદી નામના પર્વતે પહોંચ્યું, હઝરત ઇસા (અલય)ને આકાશ ઉપર ઉપાડી લેવામાં આવ્યા, હઝરત યૂનુસ (અલય) માછલાના પેટમાંથી મુક્ત થયા અને એજ દિવસે હઝરત ઇમામ હુસેન (રદી*) સાહેબની મહાન શહાદત પણ થઇ, જેથી આ દિવસની મહત્તા અત્યંત ઝળકી નીકળી.

ઇસ્લામ મુસલમાનોને બોધ કરે છે કે, આશૂરાના દિવસે પાપથી દૂર રહો, ઉપવાસ કરો, ગરીબોને જમાડો, લોકોને શરબત અને દૂધ પાઓ, દિવસે અને રાત્રે પ્રભુપ્રાર્થના કરો, કરબલાના યુદ્ધનું સ્મરણ કરો અને હઝરત ઇમામ હુસેન સાહેબની મોટી શહાદતની યાદ કરી પરમેશ્વરને સંબોધો અને અરજ કરો કે, ઓ પરમાત્મા! તું હઝરત ઇમામ હુસેન સાહેબના પવિત્ર અને અમર આત્માને સ્વર્ગમાં સદા સુખ અને શાન્તિમાં રાખ, અને એમને પ્રતાપે અમને દુનિયામાં ઇસ્લામ અને સત્યના ખરા માર્ગે દોરવ.

("ગુજરાત શાળાપત્ર"ના જુલાઇ ૧૯૨૫ના અંકમાં લેખકઃ–રા. એ. એ. હકીમજી)

૨૨–दिशाओ शोधवानी रीत

જંગલમાં અથવા અજાણ્યા પ્રદેશમાં ઘણી વખત દિશાઓ શોધવી મુશ્કેલ પડે છે. તે વખતે નીચે દર્શાવ્યા પ્રમાણે દિશાઓ શોધી શકાય છેઃ–

(૧) હોકાયંત્ર હોય તો તેનો ઉપયોગ કરવો. હોકાયંત્રની સળી ઉત્તર–દક્ષિણ દિશા બતાવે છે.

(૨) ઘડિયાળ હોય તો તેનો આંકડાવાળો ભાગ ૧૨ નો આંક સૂર્ય તરફ રહે તેમ ગોઠવો. પછી એક સળી ઘડિયાળના મધ્યબિંદુ પર રાખી કલાકના કાંટા અને ૧૨ ના આંકડાની બરાબર મધ્યમાં રહે તેમ ગોઠવો. આ સળી ઉત્તર–દક્ષિણ દિશા બતાવશે.

(૩) શંકરનું મંદિર હોય તો તેની જળાધારીનો છેડો ઉત્તરદિશા બતાવશે.

(૪) કબરપરના લેખ પૂર્વાભિમુખ હોય છે.

(૫) ઝાડનું નિરીક્ષણ કરતાં ઉત્તરદિશાની ડાળીઓ ટુંકી જણાય છે અને દક્ષિણ દિશાની ડાળીઓ લાંબી જણાય છે.

(૬) રાત્રિના સમયે તારામંડળોદ્વારા ઉત્તરધ્રુવ શોધી શકાય છે. સપ્તઋષિના છેડાના બે તારાઓની લીટી અને મૃગશીર્ષના મધ્યભાગના તારાઓની લીટી લંબાવીએ તો તે ઉત્તરધ્રુવ છે.

("ગુજરાતશાળાપત્ર"ના એક અંકમાં લેખકઃ–શ્રી. એમ. એમ. દ્વિવેદી)

× અલય (અલય હિસ્સલામ) તેમના ઉપર પરમેશ્વરની શાંતિ થાઓ.

* રદી (અલ્લાહો) અનહો, પરમેશ્વર એમનાથી રાજી રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩-ખુનીની નોંધપોથી

નિત્યનોંધ લખવાની મને એક પ્રકારની આદત પડી ગઈ છે. તે લખ્યા વિના મને બિલકુલ ચેનજ પડતું નથી. સન ૧૯૨૬ ના ડિસેમ્બરની ૨૨ મી તારીખની નોંધ મેં ઘરમાંજ લખી નાખી હતી, તેમાં ઘરબાર વગેરે સઘળાને માટે હમેશાંને માટે પૂરતી સૂચનાઓ લખીને તેને છેવટની લખી દીધી હતી, પરંતુ ખુદાની મરજી તેથી અધિક લખવાની હતી. જો કે, તા. ૨૨મી ડિસેમ્બરથી આજ સુધીમાં પુનઃ લખવાનો સમય મળ્યો નહિ. પરંતુ લખવાજોગ અનેક ઘટનાઓ બની ગઇ.

જેલખાનામાં એક ખુની પોતાના પ્રત્યે જેવા વ્યવહારની આશા રાખે, તેવો મારાપ્રત્યે રાખવામાં આવ્યો. જે કોઈ આવતું તે મને તિરસ્કારની દૃષ્ટિથી જોતું. જો કે, હું મને પોતાને 'ગાઝી' સમજતો હતો; પરંતુ બીજાઓ મને પાજી કહેતા હતા. સરકારી તપાસ ચાલુ હતી, મને પણ ઘણું પૂછવામાં આવતું હતું અને નરમ ગરમ સઘળા ઉપાયોવડે પોલીસ મારા પેટની વાતો જાણવા પ્રયત્ન કરતી હતી. પણ હું કાંઇ કાચી માટીનો આદમી નહોતો, આખું જગત જે વાત જાણતું હતું અને જે વાત મેં ખુલ્લી રીતે દુનિયાની આગળ કરી હતી, તેજ "મેં કાફિરને માર્યો છે" એવો જવાબ આપી દીધો. પોલીસની મુશ્કેલી ઘણી વધી, તેણે વધારે સખ્તાઇથી કામ લેવા માંડયું મને ધમકાવ્યો.

પરંતુ કોણ જાણે આજ એકાએક આ બધી રીતભાતમાં કેમ ફેરફાર થઇ ગયો ? એવી સાહેબી તો મને સાસરાને ઘેર પણ મળી નહોતી કે જેવી આજે અપરાધીઓના આ સાસરામાં આજે મને મળી રહી છે. મને સંપૂર્ણ ખાત્રી છે કે, મારા કેટલાક મિત્રોને જો અહીંની સ્થિતિ જાણવામાં આવે તો અવશ્યમેવ તેઓ પોતાની સમસ્ત જીંદગી અત્રેજ ગુજારવાની ઇચ્છા કરે. અસ્તુ. મને અત્રે મળેલી અનેક સ્વતંત્રતાઓ સાથે નિત્યનોંધ લખવાની છૂટ મળી ગઇ છે, એટલા માટે હું કેટલીક વાતો લખવા માટે બેઠો છું.

× × × × ×

મારે જે કહેવું હતું તે કહી નાખ્યું. વાત જેટલી અઘરી લાગતી હતી તેટલી ન નીકળી-હું માનતો હતો કે, આ 'આરીઆ' લોકો બીજાઓ ઉપર પથ્થર ફેંકે છે તો પોતે કાચના મકાનમાં નહિ રહેતા હોય. હું માનતો હતો કે એ લોકો પાસે એવા જાસુસો હશે કે જેમની દૃષ્ટિ ચૂકાવીને હું તે કાફિરના મકાન સુધી પહોંચી શકીશ નહિ. વળી હું એવું પણ ધારતો હતો કે કદાચ તેઓની દૃષ્ટિ ચૂકાવીને પહોંચી જાત તો ત્યાં સખત પહેરાનો બંદોબસ્ત હોત; એટલુંજ નહિ પણ મને એવી ધાસ્તી હતી કે હું તે કાફિરના મકાનમાં ગમે તે રીતે પહોંચી ગયા પછી ભાગ્યેજ આર્યાઓ મને જીવતો છોડત; પરંતુ આ સઘળામાંથી કાંઇ બન્યું નહિ. મને ખાત્રી થઈ કે, આર્યાઓ હજી પણ એવાજ બેવકુફ છે કે જેવા પૃથ્વીરાજના જમાનામાં હતા.

અલબત્ત, એ લોકોએ મને પકડયો ખરો, પણ તેથી શું ? મેં તો મારૂં કામ પતાવી દીધું. મારો જીવ લેવાથી તે કાફિર કાંઇ ફરી પાછો આવે તેમ નથી. હવે ભલે શુદ્ધિ કરો !

મારા ઘરબારનો બંદોબસ્ત થઇ ગયો છે. હવે મને કોઇ જાતની ચિંતા નથી. આ વાત સાચી છે કે, મેં આ કામ પૈસાના લોભથી નથી કર્યું, પરંતુ ઇસ્લામની સેવા માટે મેં મારી જીંદગીનું જોખમ ખેડયું છે. આમ છતાં મારા બિરાદરોએ મને જે વિશ્વાસ આપ્યો છે અને જે કાંઇ ઠરાવ્યું છે તે પ્રમાણે ચાલશેજ. પાંચ હજાર ! પાંચ હજાર કાંઇ ઓછા ન કહેવાય ! તે દિવસે બેંકમાંથી મંગાવ્યા ત્યારે તેનો અવાજ કેવો મધુર લાગતો હતો, આટલા બધા એકઠા રૂપિયા મેં કદી પણ જોયા નહોતા. મારી પાછલી જીંદગીના થોડા દિવસોમાં રાતદિવસ મહેનત કરીને પણ હું આટલી રકમનો પાંચમો ભાગ પણ બચાવી શકત નહિ. હવે બચી જઇશ તોપણ ફીકર નથી અને ફાંસીએ ચઢીશ તોપણ હરકત નથી. ઘેરથી તો કફન ખિસ્સામાં લઇને નીકળ્યો હતો. હવે જે થવાનું હશે તે ખુદાના હાથમાં છે. વળી મને જીવવાની કાંઈ બહુ અભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાપા નથી. બહિસ્તનો દરવાજો મારે માટે ખુલ્લો થઇ ગયો છે અને હાથમાં ફૂલોની માળા લઇને હુરો (સ્વર્ગની પરીઓ) ઉભી રહી છે.

× × × × +

એક બાજુ મજહબ માટે શહીદ બનવાની કીર્તિ છે, અને બીજી બાજુ પાગલપણાના ઢોંગથી જાન બચે એમ છે. મિત્રો કહે છે કે, જીંદગી એ એક પ્રકારનો લહાવો છે, આ સાચી વાત છે; તે કાંઈ વારંવાર મળતી નથી. મોટા મોટા લીડરો પણ કહી ગયા છે કે, એક વાર પાગલ બની જાઓ. અમે તમારી પાછળ પાણીની માફક પૈસા વાપરીશું. કોની મજાલ છે કે, તમને ફાંસી બતાવી શકે? દિવસની રાત અને રાતનો દિવસ બનાવી દેવો એ તો કાયદાના ડાબા હાથનો ખેલ છે. પૈસાથી શું નથી બની શકતું? અમે સમુદ્રપર પૈસાની પાળ બાંધી દેશું અને પ્રીવી કાઉન્સીલ સુધી પહોંચી જઇશું."

પરંતુ હું તો અંગ્રેજ અધિકારીઓ પાસે પોતાનો અપરાધ કબૂલ કરી ચૂક્યો છું. ખુદ પોલીસે મારા હાથમાંથી પિસ્તોલ પડાવી લીધી છે. વળી મારૂં કામ પોતાની આંખે જોવાવાળા સાક્ષીઓ તૈયાર છે. આવી દશામાં બીજી આશા કેવી રીતે રાખવી?

વળી મેં એવું પણ સાંભળ્યું છે કે, એક કારીરને મારીને પણ જો ગાઝીના દિલમાં પોતાનો જીવ બચાવવાનો વિચાર પેદા થઇ જાય તો સઘળું પુણ્ય માટીમાં મળી જાય છે. એટલા માટે જાન નહિ પણ શાન બચાવવી જોઇએ. આ બધી ખટપટમાં જાન પણ જાય અને શાન (પુણ્ય) પણ જાય એવું તો નહિ બને? દોસ્તો કહે છે કે, જો હું પાગલ સિદ્ધ થઇ શકું, તો જરૂર છૂટી જઇશ અને ધોળે દિવસે ખુલ્લી રીતે સૌની સામે ગોળી ચલાવવી; અને પૂછે તો મેં નથી માર્યો એમ કહેવું એ પાગલાપણાની મોટામાં મોટી સાબીતિ છે; કેમકે કોઇ સાબુત મગજવાળો આદમી આવું કરી શકેજ નહિ. કારણકે તેને માટે પ્રાણથી કોઇ પણ ચીજ વહાલી નથી હોતી; પરંતુ પાગલને નથી હોતો મોતનો વિચાર કે નથી હોતો પોતે શું કરી રહ્યો છે, તેનો વિચાર; માટે આપણે તો પાગલ બની જવું એ ઠીક છે. વળી મારે એવું શું કારણ છે કે જેથી જીંદગી ગુમાવી દેવાની ઇચ્છા કરૂં? મને પણ તે એટલી વહાલી છે કે જેટલી તે બીજાને વહાલી છે. મને પણ કાંટો વાગવાથી જેટલું દુઃખ થાય છે તેટલુંજ બીજાને થતું હશે. વળી મને બાળબચ્ચાંની સોબત પણ એટલી ગમે છે કે જેટલી બીજાને ગમે. જેમણે મને ફતવા લખી લખીને બતાવ્યા, જેમણે જાત જાતની લાલચો આપીને આ કામ કરવા ઉભો કર્યો અને જેમણે મને પ્રાણ બચાવવાની લાલચો આપીને ફોસલાવ્યો, તેઓ સઘળા દુનિયાની મોજ ઉડાવ્યાં કરે અને હું કયામત સુધી કબરમાં પડયો પડયો સડતો રહું એવું શામાટે કરૂં? જો તેઓ આ કામને ઉત્તમ સમજે છે તો તેમણે પોતેજ કેમ ન કર્યું? કેવળ મનેજ બહિસ્તમાં મોકલવાની મહેરબાની કરવાનું શું કારણ? શ્રદ્ધાનંદે મારૂં શું બગાડયું હતું? તેણે જેટલું મારૂં બગાડયું હતું એટલું તો મારા સલાહકારોનું પણ બગાડયું, તો પછી તેઓજ શામાટે પિસ્તોલ લઇને બહિસ્તમાં જવા માટે બહાર ન પડયા?

મેં સાંભળ્યું છે કે, મારા લખેલા અનેક કાગળો 'આરીઆ' લોકોના હાથમાં ગયા છે; એટલુંજ નહિ પણ આ કામ કરવા માટે જે લોકોએ મને ઉશ્કેરીને તૈયાર કર્યો હતો તેઓમાંના કેટલાકનો પત્તો પણ પોલીસને માલમ પડી ગયો છે. એક રીતે આ પણ ઠીક થયું, કારણ કે એકજ વહાણમાં ઘણા મુસાફરો થઇ જવાથી ડર પણ ઓછો લાગે છે ત્યારે શું હું પણ હવે સઘળો ભેદ આપી દઉં? પરંતુ એક બહુ મોટા નેતા એવો અભિપ્રાય આપી ગયા છે કે, મને સરકારી ન્યાયમાં વિશ્વાસ નથી, માટે સરકાર પૂછે તો કંઈ પણ હકીકત કહેવીજ નહિ. તો શું સઘળો ભેદ ઉઘાડો ન પાડું? ખેર, હમણાં તો પાગલપણાનું નાટકજ કરવું ઠીક પડશે.

* * * *

કોઈ બી. એ. થવા માટે અથવા કોઇ વકીલની પરીક્ષા આપવા માટે લાહોર જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પણ પાગલપણાની પરીક્ષા આપવા જઇ આવ્યો. નહિ નહિ, કિસ્મતની પરીક્ષા આપવા જઇ આવ્યો. પરંતુ અફસોસ ! તેમાં નાપાસ થયો. હા, એક વાત અહીં લખવા જેવી છે. તે એ કે, શ્રદ્ધાનંદ ઉપર ગોળી ચલાવતી વેળા હું પાગલ નહોતો, પરંતુ મારા નાદાન દોસ્તોની શિખામણ પ્રમાણે ચાલવામાં તેમજ પાગલ બનાવવાની પરીક્ષા આપવા ગયો તેમાં હું પાગલજ બની ગયો હતો. સાબુત મગજવાળો કદી આવું કામ કરવા તૈયાર થાય ખરો ?

કેટલાક દિવસપર્યંત પાગલપણાનો ઢોંગ કરવાથી હું પોતેજ મને પાગલ સમજવા લાગ્યો છું. મારૂં મગજ કંઈ કામ કરી શકતું નથી, ઉંઘ આવતી નથી, ભયાનક સ્વપ્ન બહુ આવે છે, જાગ્રત અવસ્થામાં પણ ઘણી વાર હું ચમકી ઉઠું છું. મારૂં હૃદય કંપી ઉઠે છે. શું આ બહિ-રત મળવાની નિશાનીઓ કહેવાય ?

વળી કંપનીના મેનેજર બીજો પાર્ટ ભજવવાનો હુકમ કરે છે, પાગલપણાનો પાર્ટ ઠીક ન ભજવાયો માટે હવે બીજો પાર્ટ ભજવવાનું કહે છે.

"આર્યોએ પોતેજ શ્રદ્ધાનંદનું ખૂન કર્યું હતું, હું રસ્તા ઉપરથી ચાલ્યો જતો હતો, મને ઉપર બોલાવીને મારા હાથમાં બળાત્કારે પીસ્તોલ પકડાવી દીધી અને તે પછી પોલીસને બોલાવીને મને ખૂનીતરીકે પકડાવી દીધો." કોર્ટમાં આવી હકીકત કહેવાની મને સલાહ મળી છે. વળી પણ કહેવું કે, મારા માથા ઉપર એવી રીતનો માર મારવામાં આવ્યો જેથી મારૂં મગજ ભમી ગયું અને તેથી પોલીસ પાસે મારાથી બોલાઇ જવાયું કે ખૂન મેં કર્યું છે. ઠીક વાત છે. આ સલાહનો પણ અમલ કરી જોઉં. પંચ કહે બિલ્લી તો આપણે પણ બિલ્લીજ કહેવું. કદાચ આમ કરવાથી પણ ફાયદો થઇ જાય એ બનવાજોગ છે.

* * * *

ખેલ ઘણો ભજવ્યો, હવે થોડોજ બાકી છે. મેં તો મુસ્લીમ બિરાદરોને ઘણુંય કહ્યું કે, હવે મને કોઇ અભિલાષા નથી. નાહક શામાટે પૈસા બરબાદ કરો છો ? પરંતુ તેઓ માનતા નથી. કહે છે કે "આ કંઈ તમારૂં અંગત કામ નથી, પણ ઈસ્લામના જીવન-મરણની એ વાત છે. અમે ઇસ્લામપર કુર્બાન થનારાઓની સાથે દાખલો બેસાડવા માગીએ છીએ કે તેની સેવા કરનારા માટે મુસલમાનો કેવા કેવા પ્રયત્નો કરે છે; અને રુધિરભરેલા હાથે પકડાવા છતાં તેને કેવી રીતે બચાવી લેવામાં આવે છે !"

આ વાતો હું સાંભળું છું, પણ મને હવે કોઈ આશા દેખાતી નથી, જે કાયદો અહીં છે તેજ વિલાયતમાં પણ છે. હા, કેટલાક વધારે દિવસ જીંદગી લંબાશે ખરી, પણ છોકરાંની મા કેટલા દિવસ ખુશાલીના માનવાની ? પણ શું મને એક દિવસ ફાંસી મળશેજ ? હાય ! તેનો વિચાર કરતાં તો મારાં રોમ ખડાં થઈ જાય છે ! એમ તો મરઘીને જીવ જતાં પહેલાં તરફડતી અનેક વાર મેં જોઇ છે, પણ માણસને કેટલો વખત તરફડવું પડતું હશે તેની મને ખબર નથી. હાય ! શું મરઘીના જેવીજ મારી દશા થશે ?

જો કે સઘળાને કોઇ ને કોઇ દિવસ મરવાનું તો છેજ, પરંતુ એક વર્ષ-અરે એક સેકન્ડ પણ મને વહેલો શામાટે વિદાય કરવામાં આવે ? શું મારા એકનાજ માથા ઉપર કાગડો બોલ્યો છે ? શું આ સઘળાં સ્નેહીઓને છોડીને ખરેખર મારે જવુંજ પડશે ? શું આ દુનિયાને હું ફરીથી જોવા નહિ પામું ? ઓ દુનિયાના લોકો ! કાતિલને અન્યાય ન કરો ! તેનું મન પણ હમેશાં એકજ પ્રકારનું રહેતું નથી. તેનામાં પણ હર્ષ, શોક, સ્નેહ, ભય આદિ સઘળી લાગણી વસેલી છે અને મેં તો કેવળ એક જોશમાં આવીનેજ આ કામ કરી નાખ્યું છે. ખરી રીતે તો હું આ કામ કરવા ઇચ્છતો નહોતો. મારા હાથ કેમ ધ્રૂજે છે ? મારૂં હૃદય કેમ વિંધાય છે ? રોકવા છતાં આંસુ ઉભરાઇ આવે છે, કંઇ દેખી શકાતું નથી ! નિત્યનોંધ નહિ લખી શકું ?

* * * *

સાંભળ્યું છે કે અજમેર, લાહોર વગેરે સ્થળે અનેક હિંદુઓ ઉપર હુમલા કરવામાં આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમાંના કેટલાક મરી પણ ગયા. શું તેઓને એવુંજ દુઃખ થયું હશે કે જેવું મારે એક દિવસ ભોગવવાનું છે? શું તેઓ હિંદુ છે એટલોજ તેમનો અપરાધ છે? મારે ખુશી થવું કે દિલગીર? ..... પરંતુ આ પ્રમાણે કાર્યવાહી ચાલુજ રહેશે તો લોકોમાં વહેમ પેસી જશે કે આની પાછળ કોઇ કાવત્રાં જરૂર રચાયેલાં છે. હિંદુઓ તો કહે છે કે, કોઇ આદમી કંઇ પણ કામ કરવા ઇચ્છે છે, તો તે પહેલાં અનેક દિવસ વિચાર કરે છે, સ્નેહી-મિત્રોની સલાહ મેળવે છે, મદદ માગે છે અને આ તો એક ખૂનનું કામ છે! મારનારો જ્યાંસુધી પોતે મરવા તૈયાર ન થાય ત્યાંસુધી તે કામ કરી શકતો નથી. બે-ચાર દિવસ માટેજ બહારગામ જવું હોય તોપણ માણસ પોતાનાં બાલ-બચ્ચાંની ફીકર કરે છે, તો હમેશને માટે તેઓને છોડી જવા તૈયાર થયેલો માણસ તેઓ માટે કેમ બેદરકાર રહી શકે? આવું ગંભીર પગલું ખૂબ ઉશ્કેરણીવિના—ખૂબ લાલચમાં પડ્યા વિના અને અનેક પ્રેરણાઓવિના કદી પણ બની શકેજ નહિ-અર્થાત્ મેં ભરેલાં આ પગલાં પાછળ કેટલું અને કેવું લાંબું પૂછડું હશે તે સમજી ન શકનાર કેટલા બેવકુફ ગણાય છે? આ સરસાઈ એટલી સ્પષ્ટ છે કે જેટલો સૂર્યપ્રકાશ. પરંતુ આ પ્રકાશ કોઇ ઘુવડો જોવાજ ઇચ્છતા ન હોય એ જૂદી વાત છે! મને તો પ્રથમથીજ શક હતો કે, આ વાત જરૂર પ્રકાશમાં આવી જશે અને પકડાઇ જશે, પણ કોણ જાણે શા કારણથી હિંદૂઓનો આટલો શોરબકોર થઇ રહ્યો છે છતાં પોલીસ તે તરફ બિલકુલ ધ્યાનજ આપતી નથી! પરંતુ આ વાતની મારે શામાટે ફિકર કરવી જોઇએ? એક ખુની તો મારા માથા ઉપર છેજ, તેમાં વળી બીજાનો બોજો શામાટે ઉપાડવો? જેવું જેણે કર્યું હશે તે આગળ આવશેજ. ખુદા સર્વથી મહાન છે, તે સૌને ક્ષમા કરે.

* * * *

થવાનું હોય છે તે મિથ્યા થતું નથી, જે કાચા તાંતણે મારી જીંદગી લટકી રહી હતી તે આજે તૂટી ગઇ; પ્રીવી કાઉન્સીલમાં મારી અપીલની મંજુરી થઇ. આ સમાચાર સાંભળી મેં મારૂં માથું કૂટયું અને દાઢીના વાળ પીંખી નાખ્યા. મને ફાંસી જરૂર મળશે એ તો હું પ્રથમજ જાણતો હતો; પરંતુ આજે મોતના ભયથી હું કંપી રહ્યો છું, મારી ઓરડી મને નરક જેવી દેખાય છે, મને જીવતો અગ્નિમાં ફેંકી દેવામાં આવ્યો હોય એવું લાગે છે. મારા શરીરપર છાલાં પડી ગયાં છે, હું ઘણા સમયથી બળી રહું છું, પણ મરતો નથી. જેમ જેમ ચામડી બળતી જાય છે, તેમ તેમ અંદરથી નવી નવી આવતી જાય છે. હું ફીરસ્તાઓને હાથ જોડીને કરગર્યો કે આપની ભૂલ થાય છે, મેં તો એક મોટા કાફરને મારીને બહિસ્તનો અધિકાર મેળવ્યો છે. મને અહીં શામાટે લાવ્યા છો? મારૂં નામ અબ્દુલ રશીદ છે, મોટા મોટા મુલ્લાં મોલવીઓની સલાહ પ્રમાણે મેં શ્રદ્ધાનંદનો પ્રાણ લીધો છે. ભારતના મોટા મોટા મુસલમાનોએ તેથી મને કાજી અને ગાજીની પદવી પણ આપી દીધી છે. મસ્જિદોમાં હજારો મોમિનોએ મારા માટે દુવાઓં માંગી છે. મેં કુરાનની આજ્ઞા પ્રમાણે બહિસ્ત મળવા યોગ્ય કાર્ય કર્યું છે. શું ખુદાના ઘરમાંજ ખુદાના કાયદા વિરુદ્ધ આચરણ કરવું એ વ્યાજબી છે?"

* * *

ફીરસ્તાઓએ કહ્યું-"ચૂપ કમજાત કુતરા! ખુદાનું પાક નામ તારી ગંદી જબાન ઉપર લે નહિ. તેના એક પરમ ભક્તને મારીને તેં મોટો અપરાધ કર્યો છે."

આ સાંભળી હું ચોંકી ઉઠયો. મેં કહ્યું—"શું ગૈર ઇસ્લામીઓ પણ ખુદાના ભક્ત હોઇ શકે છે? મેં તો અત્યાર સુધી એવું વાંચ્યું છે કે "ખુદા એક છે, મહમદ તેના રસુલ છે. તે ઉપર ઇમાન ન લાવનારા માણસ કાફિર છે, તે ખુદાનો કદી ભક્ત થઇ શકતો નથી. શું આ સઘળું જૂઠું છે?"

ફીરસ્તાઓએ કહ્યું—"અરે કૂવાના દેડકા! એવું કોણ કહે છે કે ખુદા અનેક છે? પરંતુ પેગંબર તો જૂદા જૂદા સ્થળે અને જૂદા જૂદા સમય ઉપર બદલાતાજ રહે છે. પાણી એકજ સમુદ્રનું હોવા છતાં, કોઇ સ્થળે નદીમાંથી તો કોઇ સ્થળે કૂવામાંથી અને કોઇ સ્થળે તળાવમાંથી તો કોઇ સ્થળે ઝરણાંમાંથી મળે છે. બુદ્ધ, ઇસા, મહમદ, દયાનંદ વગેરે સઘળા એકજ ખુદાનો પેગામ લાવવાવાળા છે. જો તને વિશ્વાસ ન હોય તો એક વાર આંખ બંધ રાખીને અંતરમાં જો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહીને તેમાંના એકે મારા મુખ ઉપર હાથ ફેરવ્યો. મારી આંખો બંધ થઇ ગઇ. મેં જોયું કે એક મોટા આસન ઉપર ખુદા બેઠા છે. સઘળા પેગંબરો ચારેય બાજુએ બેઠેલા છે, મહમદ તથા શ્રદ્ધાનંદ ખૂબ ગરમાગરમ વાતો કરી રહ્યા છે. શ્રદ્ધાનંદની છાતીમાં જ્યાં મારી ગોળીઓ વાગેલી હતી ત્યાં પુષ્પોવડે ओ३म् લખાયેલો છે.

એટલામાં તો ચારેય તરફથી મારા ઉપર ગોળીઓની વૃષ્ટિ થવા લાગી. પ્રત્યેક ગોળી મારૂં હૃદય વિંધીને પાર જવા લાગી. મેં દોડીને પ્યારા રસુલ મહમદના ચરણો પકડી લેવાની ઇચ્છા કરી, પણ ઉભા થઇને મને તિરસ્કારી દૂર કાઢયો; પરંતુ વૃદ્ધ શ્રદ્ધાનંદ મારા તરફ દોડી આવ્યા અને મારા ઉપર આવતી ગોળીઓ પોતાની છાતી ઉપર ઝીલી લેવા આડા ઉભા રહ્યા. રસુલ કહેવા લાગ્યા કે "સ્વામીજી! જવા દો, એ પાજીને તેના કર્મનું ફળ ભોગવવા દો, તેના જેવા મૂર્ખ ઇસ્લામીઓએ દુનિયામાં મને બદનામ કર્યો છે. મેં ભાઇચારાનો સંદેશો પહોંચાડયો હતો, તેને આ લોકો મિટ્ટીમાં મીલાવી રહ્યા છે."

સ્વામીજીએ હસીને કહ્યું-"રસીદ! તું ડરીશ નહિ. વહાલું માણસ પણ ભૂલ કરે તો તેના ઉપર ગુસ્સો કરવામાં આવે છે અને તેથીજ રસુલ તારાપર નારાજ છે."

રસુલે કહ્યું-"રસીદ! સઘળા પેગંબરો એકજ છે. દર્પણમાં જોવાથી પ્રતિબિંબમાં જેટલો ફરક દેખાય છે, તેટલોજ અમારામાં ફરક છે. સ્વામીજીએ અત્યારે તારી રક્ષા કરી છે, માટે તેમના ચરણોમાં પ્રણામ કર. તેઓ તારૂં કલ્યાણ કરી દેશે."

આ દૃશ્ય જોઇ શરમ, ભય અને ભક્તિથી મારૂં હૃદય આચ્છાદિત થઇ ગયું; મેં સ્વામીજીના મુખ ઉપર એક પ્રકારનું નૂર જોયું. તેમની આંખોમાંથી દયા ટપકી રહી હતી. તેમના હાસ્યમાં પ્રેમની ઉર્મિઓ ઉછળી રહી હતી, તેમના પ્રત્યેક રોમ ઉપર ક્ષમાનો આભાસ થઇ રહ્યો હતો, તેમની છાતી ઉપર 'શુદ્ધિ' શબ્દ દેખાતો હતો. ધીમે ધીમે સ્વામીજીની કાયા વધવા માંડી, શિર આસ્માન પહોંચી ગયું, તેમના બાહુ પૂર્વ-પશ્ચિમ બંને દિશાઓસુધી પહોંચી ગયા. તે સાથે તેમની છાતીપરનો શુદ્ધિ શબ્દ પણ મહાન વિશાળ બની ગયો. સારી દુનિયા શુદ્ધિમાં સ્નાન કરવા લાગી, પણ આ શુદ્ધિ દિલની શુદ્ધિ હતી.

અહા! શું આ દેવતાને હું મારવા ઇચ્છતો હતો! હું કેવો પાગલ-કેવો બેવકુફ! મારૂં મસ્તક નમી પડયું અને કાયા પણ તે પૂજ્ય મહાપુરુષના ચરણમાં ઢળી પડી. તેમણે મને ઉઠાડીને ગળે લગાડયો; અને કહ્યું કે "રશીદ! હવેથી તારૂં નામ 'ઋષિદત્ત' જાણવું. હિંદુ માન્યતા પ્રમાણે પુનર્જન્મ થાય છે તે ઋષિ દયાનંદની કૃપાથી તને નવો જન્મ પ્રાપ્ત થશે. જાઓ, પુનઃ સંસારમાં જાઓ, શુભ કર્મ કરો અને શુભ ગતિને પામો."

એટલામાં તો જેલનો ઘંટ વાગ્યો, મારી આંખો ઉઘડી ગઇ, પુનઃ બંધ કરીને તે દિવ્ય દૃશ્ય જોવા પ્રયત્ન કરવા લાગ્યો; પણ સફળતા ન મળી. પણ હવે મને મોતનો ભય નથી, પુરાણું ખોળીઉં ઉતારીને નવું પહેરી લઇશ; પરંતુ મારા બિરાદરોને એટલું અવશ્ય કહીશ કે, પેલા એક હાથીનો સ્પર્શ કરનાર ૬ આંધળાની પેઠે મજહબની નાની નાની વાતો ઉપર લડવાનું છોડી દો! મારા માટે ખુદા પાસે દુઆ માગો-તમારાથી વિખૂટો પડતો—તમારો ભાઇ રશીદ."×

(આષાઢ વદી ૭ સં૦ ૧૯૮૪ના "આર્યપ્રકાશ"માં લેખકઃ- શ્રી. અષ્ટાવક્ર.)



× "શુદ્ધિ સમાચાર"માંથી અનુવાદિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪–શરદ્ ઋતુની માંદગી એ મળ ભરાયાની ચેતવણી છે

સામાન્ય રીતે શરદ્ ઋતુમાં દરેક જણને માંદગી પોતાનો સ્વાદ ચખાડી જાય છે. કોઇને ટાઢીઓ તાવ તો કોઇને ઉનો, કોઇને વળી મેલેરિયા, કોઇને ઇન્ફ્લુએન્ઝા તો કોઇને ન્યુમોનિયા થઈ આવે છે. સામાન્ય રીતે આ સ્થિતિ એકાદ બે અઠવાડિયાં રહી શાંત થઇ જાય છે; પણ કોઇકને મહિનાના મહિના સુધી લંબાય છે. તેમાંથી આંતરીઓ, ચોથીઓ અને હાડકચરીઓ તાવ પણ લાગુ પડે છે અને પરિણામે દરદી શરીરે દુર્બળ બની જાય છે. કેટલીક વખત તેમાંથી મરણ પણ નીપજે છે. આવા તાવ શરદ્ઋતુની શરૂઆતમાં નિયમિત આવતા જણાય છે. ઘણી વખત ચોક્કસ રીતે કહી શકાય કે, હવે શરદ્ઋતુ આવી એટલે માંદગી આવવાની, માટે ખાવા-પીવામાં સાવચેતી લ્યો; પણ પૂરેપુરી સાવચેતી લીધા છતાં આપણે માંદગીના ભોગ થઇ પડીએ છીએ. આનું કારણ શું હશે ?

કુદરત આપણાં શરીરની ઘણી બારીકાઇથી સંભાળ લે છે. જેવી રીતે ઘરધણી પોતાનું ઘર ખૂણેખોચરેથી વાળીઝાડી સાફ રાખે છે, તેવી રીતે કુદરત પણ આપણા શરીરને હરહમેશ સાફ રાખવાનું કામ કર્યાજ કરે છે. કબાટ, ખુરશીઓ, ટેબલ અને બીજા સામાનને સાફ રાખવાને માટે આપણે ઉત્સુક હોઇએ છીએ; ઘરની ભીંતો જુની થઈ હોય તો સુધરાવી તેના ઉપર રંગરોગાન કરીએ છીએ; લીંપણ ઉખડી ગયું હોય તો નવેસરથી લીંપીએ છીએ, માંકડ, ચાંચડ ઇત્યાદિ જંતુઓને ભરાઇ રહેવાની જગ્યાઓ પૂરી દઇ ઉપર તેમનો અટકાવ કરનારી વસ્તુઓ નાખીએ છીએ. આ બધું આપણે શામાટે કરીએ છીએ ? આપણું ઘર સ્વચ્છ રહી ઘણા લાંબા વખત સુધી ટકી શકે એટલા માટે. તમે ઘણી વખત અનુભવ્યું હશે કે, એક વખત પોતાનું ઘર સાફસુફ થયા પછી તેમાં રહેવામાં કોઇ અવર્ણનીય આનંદ અને ગર્વ થાય છે અને તેમાં કચરો ન થાય તે માટે ખાસ કાળજી રાખીએ છીએ; પણ આપણા પોતાના શરીરમાં ભરાઇ રહેલા જીવલેણ મળ-(કચરા)વિષે આપણે કોઇ દિવસ વિચાર કરીએ છીએ ખરા ? શરીરના આ જાતના મળવિષે આપણે કદી કાળજીપૂર્વક વિચાર કરતા ન હોવાથી કુદરતને પોતાને તે કામ ઉપાડી લેવું પડે છે. શરીરના કચરાને આવી રીતે બહાર કાઢવાની કુદરતની આ ક્રિયાને આપણે માંદગી કહીએ છીએ.

સામાન્ય રીતે વરસના આ (શરદ્ ઋતુના) સમયે કુદરત આપણા શરીરમાંથી જુનાં રજકણો લઇ લઇ નવાં રજકણો પૂરે છે, અને તે વખતે જમા થયેલો કચરો બહાર કાઢે છે. શરીર ટકાવવા માટે આ ક્રિયા ઘણી જરૂરી છે. જોકે તે વખતે તો માંદગીને આપણે બીનજરૂરી ગણીએ છીએ, પણ કુદરત પોતાનું કામ અચૂક રીતે કર્યે જાય છે. કોઇને શરદી થઇ જાય છે, કોઇને સળેખમ થઇ આવે છે, કોઇને માથું દુખે છે તો કોઇને વાંસામાં કળતર થઇ આવે છે. આ બધાં ચિહ્નો મૂળ એકજ રોગનાં ફક્ત બાહ્યચિહ્નો હોય છે. શરીરની અંદર જ્યારે ખૂબ મળ ભરાય છે, ત્યારે આવું ગમે તે એક ચિહ્ન દેખાય છે અને આપણે માંદા પડીએ છીએ. પછી એ માંદગીવડે કુદરતી રીતે સઘળો મળ સાફ થાય છે. કેટલાકને આ સાફ થવાની ક્રિયા એકાદ બે દિવસમાં પતી જાય છે તો કેટલાકને અઠવાડિયા સુધી અને કેટલાકને મહિનાના મહિના પણ લંબાય છે. જ્યાંસુધી શરીરના ખૂણે ખોચરે પણ આ મળ ભરાઇ રહ્યો હોય છે ત્યાંસુધી કુદરત પોતાનું કામ સતત રીતે કર્યેજ જાય છે.

કુદરતનાં આ બધાં બાહ્યચિહ્નોમાં સળેખમ વધારે ત્રાસદાયક થઇ પડે છે. તેમાં વારંવાર ઉપરાછાપરી છીંકો આવી દરદીને હેરાન કરે છે, આંખમાંથી અને ખાસ કરીને નાકમાંથી પાણી ઝર્યાજ કરે છે, નાક અને ગળું સોજાથી ઝલાઇ જાય છે તથા દુખવા આવે છે; માથું પણ દુખે છે અને અવાજ બેસી જાય છે. માંદગીની શરૂઆતનું આ પહેલું ચિહ્ન છે. જો આવે સમયે દરદી ચેતી જઇ સાજા થવાના કુદરતી ઉપાયો–જેવા કે ઉપવાસ, ખોરાકમાં યોગ્ય ફેરફાર અને બીજા ઘરગથું ઇલાજ–લે અને કુદરતને આ મળ દૂર કરવામાં મદદ કરે તો દરદી લાંબી માંદગીમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચી જાય છે; પરંતુ જો તેમ ન થાય અને સળેખમ છીંકો વગેરેને બળજોરીથી રોકવાના પ્રયત્નો કરવામાં આવે તો સ્થિતિ વધારે કફોડી બને છે. સળેખમ, છીંકો વગેરે ફેફસાંવાટે મળને બહાર કાઢે છે એટલે તેને રોકવામાં ઉલટું નુકસાન થાય છે. તેને અટકાવવાનો સાચો ઇલાજ તો એજ છે કે, તેના મૂળકારણને રોકવું.

બીજું ધ્યાનમાં રાખવા જેવું એ છે કે, જ્યારે આપણે માંદા પડીએ ત્યારે માંદગીથી ડરવું જોઇએ નહિ, માંદગી વખતે પણ ખુશમિજાજ રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. એક રીતે તો માંદગી એ બીજું કશું નહિ પણ ફરી સાજા થવાનો એક કુદરતી ઇલાજજ છે. દરદી માંદગીના સમયે ભયભીત બનવાથી ઉલટો પોતાની સ્થિતિને વધારે કફોડી બનાવી દે છે; કારણકે ભયથી રોગમાં વધારો થાય છે. એવે વખતે દરદીએ વિચાર કરવો જોઇએ કે, કયા કારણ કે કારણોને લઇને પોતે માંદો પડયો છે. તે કારણો જાણ્યા પછી તેને દૂર કરવા માટે તેણે ઉપાયો લેવા જોઇએ. માંદગીનું સામાન્ય કારણ હોજરી અને આંતરડાંમાં ભરાઇ રહેલો મળ-એટલે પરિણામે કબજિયાત-હોય છે. વધારે પડતો ખોરાક અથવા અપથ્ય ખોરાક આમાં મુખ્ય ભાગ ભજવે છે. આખા દિવસ દરમિયાન પૂરતું પાણી ન પીવાથી અને પૂરતી કસરત ન મળવાથી કબજિયાત વધે છે. સારી રીતે સ્નાન વગેરે નહિ લેવાથી પણ ચામડીનાં છિદ્રોદ્વારા પરસેવો બહાર નીકળી શકતો નથી અને શરીરના મળને બહાર કાઢવાનું એક મુખ્ય સાધન પરસેવો પણ છે. ટાઢીઆ વગેરે તાવ આવવાનું કારણ ભલે આપણે બીજું ગણીએ, પણ ખરૂં કારણ આ મળ હોય છે.

આ બધું અટકાવવા માટે આપણે પહેલેથીજ જોઇતો ફેરફાર કરવો જોઇએ. સળેખમ શરૂ થાય કે તરતજ એકાદ બે અથવા વધારે ઉપવાસ ખેંચી કાઢવા જોઇએ. ખોરાક ઓછો કરી તેમાં યોગ્ય ફેરફાર કરવો, બને તેટલો હલકો ખોરાક લેવો. ઠંડા અગર ગરમ પાણીમાં નારંગી કે લીંબુનો રસ લેવો, પાણી સાથે થોડું થોડું મીઠું લેવાય તોપણ ઠીક ફાયદો થાય. ઉપવાસની શરૂઆતમાં કબજિયાત ઘટી જાય એવો ભાજીવાળો ખોરાક લેવો. નુકસાન ન કરે એવો એકાદ સારો હલકો જુલાબ પણ શરૂઆતમાં લઇ શકાય. ઉપવાસ પછી જો બની શકે તો કેવળ દૂધનો ખોરાક શરૂ કરવો. એનાથી શરીરની બધી અપૂર્ણતાઓ પૂરાઇ જઇ શરીર તદ્દન નવું બને છે. દૂધ કરતાંયે કેટલીક વખત ફક્ત તાજા દહીંની છાશ ઉપર રહેવાનું વધારે સુગમ અને પથ્ય થઈ પડે છે. દૂધ કેટલું લેવું એ દરેક પોતાની જરૂરિયાત ઉપરથી નક્કી કરી શકે; દૂધવટી પછી બહુ સાદો ખોરાક શરૂ કરવો. કઠોળ, મંડ (સ્ટાર્ચ) અને વધારેપડતું ગળપણ લેવું નહિ. જેને ચાળીને થુલું ન કાઢી નાખ્યું હોય તેવા લોટની રોટલી, રોટલા, દૂધ, દહીં, ઘી, શાકભાજી અને આમ્લરસવાળાં ફળ-જેવાં કે લીંબુ, નારંગી વગેરેનો ઉપયોગ મુખ્યત્વે કરવો. ભાતને ઓસાવ્યા સિવાય અને બટાટાને પાણીમાં ચઢાવીને ખાવાના ઉપયોગમાં લેવા. વળી ગાજર, કાકડી, ટમેટાં, મૂળા, મોગરી વગેરે કાચા ખાઇ શકાય તેવા પદાર્થો કાચા અથવા કચુંબર કરીને ખાવા. શરીરને ટમેટાંનો રસ ઘણોજ ફાયદો કરે છે. આવી રીતે ખોરાક લેવાથી કબજિયત ઘટી જઇ શરીરમાં ઝેરી મળ એકઠા થતા નથી, હમેશ બે વખતજ ખોરાક લેવાની ટેવ હિતકારક છે; કારણકે તેથી હોજરી અને આતરડાંને કંઇક આરામ મળી શકે છે. દર વર્ષે ૨૫-૩૦ ઉપવાસ કરવાની ટેવ પણ પાડવી જોઇએ. આ ઉપરાંત ખાસ કરીને ખૂબ ચાલવાની કસરત ઉપર ધ્યાન આપવું જોઇએ.

આ પ્રમાણે કુદરતી ઉપાયોનું સેવન કરવાથી શરીરમાં મળ એકઠો થતો અટકાવી શકાય છે અને પરિણામે કોઇ રોગ ભાગ્યેજ થાય છે. નાના રોગોની કાળજી રાખવાથી મોટા રોગ એની મેળે દૂર નાસતા ફરે છે. સળેખમ, શરદી, કબજિયત એ જોકે નાના રોગો છે, પરંતુ બધા મોટા રોગનાં મૂળ એમાંજ રહેલાં છે. પોતાનું શરીર આરોગ્યમય રાખવા ઇચ્છનાર દરેકે વેળાસર ચેતી જઇ તેની પહેલી કાળજી કરવી જોઇએ; અને આટલું હમેશાં યાદ રાખવું કે, કુદરત સિવાય તેમાં બીજું કોઇપણ વધારે મદદગાર નથી થવાનું.

(અંગ્રેજી ઉપરથી "કુમાર"ના એક અંકમાં લેખક:-શ્રી. ચુનીભાઈ ધ. પટેલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫–આ તે શિષ્ટ શ્રીમંતો, સફેદ ઠગો કે લુચ્ચા લૂંટારાઓ ?

કેટલાક સંતપુરુષો આ જગતને સીધા રાહપર લાવવા અથાગ પ્રયત્નો આદરે છતાં કોણ જાણે શા કારણથી માનવજાત એની એવી નબળાઇઓસહિત એમ ને એમ જીવન ગુજારે છે ! કવિઓ, તત્ત્વજ્ઞાનીઓ અને મહાત્માઓ અવળે માર્ગે વળેલી આલમને ઉપદેશ આપવામાં પોતાની સઘળી શક્તિઓ ખર્ચી નાખે છે; છતાં પાપકર્મોની પરંપરા ઇશ્વરે સરજેલી અવનિમાં ઉત્તરોત્તર વધતી જાય છે. રાજ્યવ્યવસ્થા, ધર્મ અને સંસ્કૃતિના એકસામટા બળની સામે આમ પાપપ્રગતિ કરે એ ખરેખર વિચાર કરવા જેવો પ્રશ્ન છે. ખૂન કરનારને ફાંસીની સજા કર્યા વિના કાયદો છોડતો નથી; ચોરી કરનારને, લૂંટફાટ કરનારને અને દગાફટકાથી જીવનનિર્વાહ કરનારને જેલના દરવાજા રાજસત્તા ઝટ લઇને બતાવે છે; પાપકર્મ કે અપરાધમાં જેટલું વૈવિધ્ય છે એટલુંજ કાયદાની કલમોમાં શિક્ષાનું વિધવિધ પ્રમાણ નિર્ણિત થયું છે અને તેનો અમલ પણ થાય છે, એ આપણે નજરે જોઇએ છીએ; છતાં સમાજમાં આવી ભયાનક સ્થિતિ પ્રવર્તે છે એ કોઇ પણ વિચારકને ચિંતામાં નાખે છે. કદાચ કેટલાકને હું લખું છું એથી આઘાત લાગશે, પણ આ જગતમાં પાપને ખાતર સજા ભોગવતા ગુન્હેગારોના કરતાં ભદ્રજનોમાં ખપતો વર્ગ આ સ્થિતિ માટે વધારે જવાબદાર છે. આ દુનિયાનો મોટામાં મોટો પ્રશ્ન પાપીઓનો નહિ પણ "પુણ્યાત્માઓ"નો છે–દુર્જનોનો નહિ પણ "સજ્જનો"નો છે. સજ્જનોના લેબાસમાં ફરતા સફેદ ઠગો ઘણાજ ભયંકર હોય છે; અને પાપ કરવામાં એ એની સજ્જનતાનો પૂરો ઉપયોગ કરે છે. એક ધર્મગુરુ પોતાના અનુભવ લખતાં કહે છે કે, પાપીઓ જ્યારે મારી પાસે આવી એનાં પાપની મુક્તિ માટે પ્રાર્થના કરવાનું કહે છે, ત્યારે તો હું એને ઇશ્વરમાં શ્રદ્ધા રાખવાનું કહી છૂટી જાઉં છું. હું એને સીધી જીંદગી ગુજારવાની ભલામણ કરૂં છું; પણ જ્યારે ભલા માણસો મારી આગળ ઇશ્વરને છેતરવા આવે છે ત્યારે એમને હું કંઇજ કહી શકતો નથી. સાધારણ નીતિનાં વાક્યો એમને કહેવાથી કંઇજ વળે નહિ; કારણ કે એ પાળવા માટે હોતાં નથી, એમ આ ભદ્રજનો પ્રથમથીજ માને છે. આવા અમીર ખવાસના ઉમદાજનોને સુધારવા માટે કોઇ શાસ્ત્રજ રચાયું નથી. એમને યોગ્ય માર્ગપર લાવવા માટે કોઇ પદ્ધતિસરની પ્રણાલિકા શોધાઇ નથી.

ખરેખર, સજ્જનોને સુધારવા માટે એકેય માર્ગ ખુલ્લો નથી ! કાયદો એની કલ્પનામાંય આવતો નથી; કારણ કે કાયદો પાળવો એના કરતાં એમાં લખેલી શિક્ષામાંથી કેમ છટકવું, એ આ સજ્જનોમાં ખપતા સાધુ પુરુષોનો શિરસ્તો છે. પ્રતિષ્ઠાના તખ્તાપર ઉભા રહી દંભનાં આ પૂતળાંઓ સમાજની આંખમાં ધૂળ નાખે છે, ઉજળાં લૂગડાં પહેરી એમની લૂંટ ચલાવે છે અને અપરાધો કરવાનો ધંધો લઈ બેઠેલા બદમાશોને પણ શરમાવે એવી માનસિક નબળાઇઓ અને અલ્પતાઓ આચરે છે. સમાજમાં સણસણાટી ઉપજાવે એવા ભયંકર ગુન્હાઓ જ્યારે પ્રકાશમાં આવે છે ત્યારે આ સજ્જનોમાં ખપતાં પામર પુતળાંઓ ભડકી ઉઠે છે, એકઠાં મળી એના ઉપર આંસુઓ પાડે છે અને આવા ગુન્હાઓ ફરી ન બને એને માટે ચળવળ ચલાવે છે; પણ ખરી રીતે આ ભલા ભોળા ગૃહસ્થો એમના જીવનની શાક લેવાની વાતથી માંડી સટ્ટા ખેલવા સુધીની વાતમાં કંપારી લાવે એવાં કાયદેસર કર્મો આચરે છે. બે આનાનું શેર શાક લેવાનું ઠરાવ્યા પછી એકાદ વેંગણ મફત માગતાં સદ્ધર કમાણી કરતો સફેદ સજ્જન અટકશે નહિ. ઝીણી ઝીણી વાતોમાં અપ્રમાણિક થતાં આ સમાજનો ઉપલો થર અચકાશે નહિ. વ્યવસ્થિત મુડીવાદ મોટાં ક્ષેત્રોમાં જે ચૂસણક્રિયા ચલાવે છે એને માટે તો ઉલ્લેખ કરવો નકામો છે; કારણ કે આજ એ કુટિલ નીતિનાં કેટલાંય કારસ્થાનો પ્રજા સમક્ષ મૂકાયાં છે; પણ જીવનના સામાન્ય પ્રસંગોમાંય કિંમત આપવી એના કરતાં વેચનાર પાસેથી થોડું ઘણું રકઝક કરીને પણ વધારે ઉકાવવું એ આ "સજ્જન"ની છાપવાળા ગૃહસ્થનો નિત્યધર્મ હોય છે; અને આમ કરવામાં અભિમાન લેનારા ઘણાય પરોપકારી ગૃહસ્થો હજુ સજ્જનતાં ટોળાંમાં ખપે છે. એમને એમજ થયા કરે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે લૂંટાયા કરીએ છીએ. ખરી રીતે વ્યવસ્થિત લૂંટથી એકઠી કરેલી દૌલતના જોર ઉપર એ એના સંસર્ગમાં આવનારને વિવિધ રીતે ચૂસે છે. આ જાતની શિષ્ટ ગણાતા સમાજની મનોવૃત્તિને પરિણામે વેચનાર અને ખરીદનાર બન્નેને પરસ્પર અપ્રમાણિકતાની ગંધ આવે છે. અવિશ્વાસ એ દૌલતમંદ આદમીનું ખાસ આભૂષણ છે. કોઇ પણ ભદ્ર જણાતા પુરુષને ઉંડાણમાં ઉતરી માપો તો સામાન્ય ગુન્હેગારોમાં રહેલું હીન માનસ તમને એનામાં પણ દેખાશે. માત્ર એકને અપરાધની શિક્ષામાંથી છટકતાં આવડે છે, જ્યારે બીજાને કાયદો તુરત ગળું પકડે છે.

આ જાતના આક્ષેપોથી કદાચ કેટલાકને આઘાત લાગે એ બનવા જોગ છે, પણ હું કેટલાંક ઉદાહરણ ટાંકી સિદ્ધ કરવા પ્રયત્ન કરીશ. ભૂખમરાથી પીડાતો માણસ મિઠાઈની દુકાન ઉપર તરાપ મારી પેટપૂરતું ચોરે એને સમાજ ભયંકર માણસ ગણે છે; પણ જે સમાજવ્યવસ્થાના સીધા પરિણામરૂપે એવો ભૂખમરો શક્ય હોય એ સમાજબંધારણ પણ એટલુંજ ભયંકર ગણાવું જોઇએ. તમે કદાચ એમ કહો કે, એ સમાજના બંધારણ સાથે "સજ્જનો"નો સંબંધ શું ? એને માટે ગરીબથી તવંગર સઘળા જવાબદાર છે. તો હું કહીશ કે, સમાજની સઘળી સત્તા હમેશાં શ્રીમંતો-એજ સીધી યા આડકતરી રીતે કાબુમાં રાખી છે. સમાજના ઉપલા વર્ગની શિષ્ટ નીતિએ એવો ભયાનક વ્યવહાર ઉભો કર્યો છે, એવાં નીતિનાં અવળાં ધોરણો નક્કી કર્યાં છે કે જેની સામે રાજસત્તા ઉંચી આંગળી પણ ન કરી શકે; કારણ કે રાજસત્તા આવા સજ્જનોના સહકાર ઉપર નિર્ભર રહે છે. હજારો મજુરોના પસીના ઉપર પોતાની તીજોરી તર બનાવનાર મીલમાલેક મજુરીના દર ન વધારે, કામ કરવાના કલાક ઓછા ન કરે, આરોગ્ય માટે જોઇતો આરામ ન આપે અને પછી આ જાતની લોહી ચૂસવાની ચક્કીમાંથી જીવતાં મુડદાં જેવાં નીકળેલ શ્રમજીવીઓ માટે એક નાનું સરખું મફત "ધર્માદા" દવાખાનું કાઢે એનો કશો અર્થ નથી. માર્કેટમાં પોતાના મહેતાજીઓ પાસે તાકા ઉપડાવનાર અને બારથી પંદર કલાકની નોકરી લેનાર શેઠ એ નોકર માંદો પડે ત્યારે એની ઓરડીએ એની તબિયત તપાસવા જવાની સુજનતા બતાવે એ નર્યો દંભ નહિ તો બીજું શું ? શ્રીમંતો અને ભદ્રજનોની દાઝ દેખાડવાની ભાવના પછવાડે આવી જાતની દંભી સુજનતાજ માત્ર હોય છે, એમનાં કારમાં કતલખાનાંઓ રાતદિવસ ચાલુ રહે છે; એમની ઓછું વેતન અને વધારે કામ લેવાની પદ્ધતિ અવિશ્રાંત કામ કરે છે; છતાં દયાના ભંડાર અને ગરીબનવાજ હોવાનો દાવો તો આ ઉપલા વર્ગનેજ કરવાનો હોય છે !

આ તો સમાજના સામાન્ય બનતા બનાવો છે. તમને ડગલે ને પગલે અમુક રીતે નક્કી કરી રાખેલી પ્રણાલિકાના ગુલામ થઇને રહેવું પડે છે. એ જાતની ગુલામી શક્ય કરનાર મુખ્યત્વે "સજ્જનો"જ હોય છે. એક અંગ્રેજ લેખક જણાવે છે કે, એક ભલી બાઇ ઘણીજ મહેનતુ, ઉદ્યોગી, ચપળ અને પાડોશીઓને મદદરૂપ હતી; પણ એને પોતાના શ્રેષ્ટત્વનો એટલો ઉંચો ખ્યાલ હતો કે એણે પોતાના વિચારો અને મંતવ્યો કુટુંબના માણસો ઉપર પરાણે લાદ્યાં. બાળકોના શિક્ષણમાં પણ એણે પોતાની નીતિનાં ધોરણો સેરવ્યાં અને જ્યાં જ્યાં એ સત્તાથી કે સીફતથી પોતાનું વ્યક્તિત્વ ઠસાવી શકતી ત્યાં ત્યાં એણે પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરેલો. આ રીતે એણે અનેકનાં જીવનમાં પોતાનાં નીતિનાં ધોરણો ઘુસાડી ઘણુંજ નુકસાન કર્યું. જો કે બીજી બધી વાતે આ બાઈ ભલી ગણાય. એણે બાઇબલનો એકેય હુકમ તોડયો નહોતો !

બરટ્રેંડ રસેલ નામના વિખ્યાત વિચારકે "ભદ્રલોકોનો ભય" એ નામના લેખમાં નીચેના ઘણાજ મનનીય વિચારો દર્શાવ્યા છે. એ લેખક કહે છે કે "એકદમ સજ્જન મનાતો માનવી કદી બીડી નહિ પીએ, દારૂને અડતાંય અભડાશે, અસભ્ય ભાષા વાપરતાં એને નહિ આવડે અને સ્ત્રીઓની હાજરીમાં જેમ કાળજી રાખીને વાર્તાલાપ કરે એમજ પુરુષો સમક્ષ એ પ્રવચન કરશે. દેવ-દહેરામાં જવાનું એ કદી નહિ ચૂકે, અને બધા વિષયો ઉપર સત્ય અભિપ્રાયો ધરાવવાનું માન એ પોતે કાયમ મેળવે છે. "પાપ" એવું નામ સાંભળી એ કંપી ઉઠે છે અને એવાં પાપોનો નાશ કરવાનું પોતાનું એ મહાન જીવનકાર્ય સમજે છે. સાથે સાથે એ સારાં કામોમાં ઘણો વખત ગુમાવે છે. લશ્કરી તાલીમ અને દેશભક્તિવિષે એ અપાર વાતો કરે છે. ઉદ્યોગની અભિવૃદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થે એને અથાગ કાળજી હોય છે; એટલુંજ નહિ પણ શ્રમજીવીઓનાં બાળકોએ અમુક નીતિના નિયમો પાળવા જોઇએ એમ એ મનાવે છે અને એનો ભંગ કરનારને શિક્ષા કરવા સુધીની સુજનતા બતાવે છે. એ યુનિવર્સિટીમાં ટ્રસ્ટી હોય છે, અને નાસ્તિક વિચારો ધરાવનારા આચાર્યો યુનિવર્સિટી ન રાખે એ વાતની ખાસ કાળજી રાખે છે; અને આ સૌને માથે શિરોમણિ સરખું કોઇ તત્ત્વ હોય તો એ એનાં અભેદ નીતિનાં ધોરણો છે."

અમેરિકાના એક પાદરીએ આવાં પચાસ લાક્ષણિક ઉદાહરણો ટાંકી બતાવી સાફ જણાવ્યું છે કે "સંસ્કૃતિ ઉપર સજ્જનોજ મોટામાં મોટો ભય છે." અપરાધીઓની કક્ષામાં આવતા માણસોને માટે યોગ્ય માર્ગ થઇ શકે છે, પણ આ સજ્જનોથી તો તોબા!

(૨)

સજ્જનોમાં ખપતો સમાજનો ઉપલો થર ખરેખરા ગુન્હેગારોના કરતાંય વધારે દોષિત છે; એટલુંજ નહિ પણ આજ જે ગુન્હાઓનું પ્રમાણ અને પ્રકાર વિવિધતા અનુભવે છે એનું કારણ પણ આ ભદ્રજનો છે, એમ આપણે ઉપરના લેખદ્વારા વિચારી ગયા. એક ધર્મગુરુ પોતાના અનુભવો લખતાં જણાવે છે કે, વાર્તાલાપ કે વિનોદને માટે તો આ સભ્યસમાજ ખરેખર નકામો છે. આપણે છેકજ કંટાળી જઇએ એવી જાતની એકધારી અને એકજ વિષયની વાત કરવાની આ વર્ગને ખાસિયત પડી ગઇ હોય છે. સામાન્ય રીતે ગુન્હેગાર ગણાતો વર્ગ વાર્તાલાપ માટે વધારે અનુકૂળ હોય છે. કોઇ પણ રીઢા બદમાસની સાથે જરા ગપ્પાં મારવા બેસો કે તુરત એ તમને ખૂબ હસાવે એવી વાતો તદ્દન મોકળા મનથી કરશે અને તદ્દન નિઃસ્વાર્થવૃત્તિથી એના દિલમાં ભરેલાં અનેક દૃશ્યોને ખુશખુશાલ તમારી આગળ ખુલ્લાં કરશે; પણ કોઈ સજ્જન પુરુષની મુલાકાત લેવાનું દુર્ભાગ્ય તમને પ્રાપ્ત થાય તો પછી તમારા બારજ વાગ્યા. એવી સંકુચિત મનોવૃત્તિથી, એવા અવિશ્વાસના અંતરમાં છુપાવેલા આવેશથી એ વાર્તાલાપનો આરંભ કરશે કે તમે છૂટથી વાત કરતાં પણ મનમાં અચકાઈ જાવ. સ્વાર્થ એ સજ્જનોના વિનોદમાં પણ પ્રધાન સ્થાન ભોગવે છે. ડગલે ને પગલે એ સ્વાર્થનું રક્ષણ કરવા કાળજી કરતો હશે; કારણ કે એને દરેક આગંતુક કંઇક બાજી ખેલવા આવતો હોય એવી ભીતિ મુંઝવ્યા કરે છે. મને તો એમ લાગે છે કે, અનેક જાતનાં પાપ આચરવા છતાં આ સુજનતાનો ઝભ્ભો ઓઢનારા સમાજના શિષ્ટજનો થોડું થોડું પાપ પણ ખુલ્લી રીતે કરતા થઇ જાય તો આ સંકડામણમાંથી એમને અને એમની આસપાસનાને મુક્તિ મળે. સજ્જનોને સુધારવાનો એકજ માર્ગ છે અને તે એ કે, એમને "પાપ" કરવાની થોડી થોડી ટેવ પડાવવી! વાર્તાલાપમાં એમની વિવિધતાવિહોણી શૈલી અને ચીકણાપણું તો ઠંડામાં ઠંડી પ્રકૃતિના માણસને પણ મુંઝવી નાખે છે. મી૦ એલ. એમ. બર્કહેડ એક ઉદાહરણ આપીને આ વાતનું સ્પષ્ટ સમર્થન કરે છે કે "એક બાઈ ત્રાસજનક થઇ પડે એટલી બધી સદ્ગુણી હતી. એના ધણીને તો ખૂબજ વફાદાર રહેતી, બાળકોપ્રત્યે એની મમતાનો તો પાર ન આવે, મંદિરમાં પ્રાર્થના કરવાનું એ કદી ચૂકતી નહિ; છતાં હું-જોકે પાદરીનો ધંધો કરતો હતો છતાં-એનાથી દૂર નાસવા હરહંમેશ પ્રયત્ન કરતો; કારણ કે એને એકજ વાતની રઢ લાગી હતી અને તે દારૂનિષેધની કોઇ પણ જાતની જરૂરિયાત વિના સામાન્ય વાતચીતના પ્રસંગે પણ એનો દારૂનિષેધ આવીને ઉભોજ હોય. એક દિવસ એ મને માર્ગમાં સામે મળી. એને દૂરથી જોઇને મેં આડફેટે જવાનો માર્ગ શોધ્યો, પણ એ અશક્ય હતું; એટલે કેમેય કરીને દારૂનિષેધનો વિષય એ ન ઉપાડે એટલા ખાતર તદ્દન હળવી વાતો કરવાનો મેંજ નિશ્ચય કર્યો; અને જેવી એ સામે આવીને ઉભી કે તરત મેં સ્વચ્છ આકાશ અને હવાપાણી વિષે વાર્તાલાપ શરૂ કર્યો. મને એમ લાગ્યું કે, આ સ્વચ્છ આકાશમાંથી એ દારૂનિષેધ ઉપર શી રીતે આવશે? પણ ટેવ પડી એ કેમ જાય? "જુઓને, અમેરિકા પણ દારૂનિષેધ કરે તો આ આકાશ જેવુંજ સ્વચ્છ થઈ જાય એમ તમને નથી લાગતું ભાઈ?" હું તો તદ્દન હતાશ થઇ ગયો. હું પાદરી છું છતાંય જાહેર કરૂં છું કે, આ ભલી બાઇ વિનોદ કે વાર્તાલાપ માટે તદ્દન નકામી હતી."

બીજી એક ભલી બાઇવિષે ઉલ્લેખ કરતાં એ અમેરિકન લેખક જણાવે છે કે 'એક બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીમાં પણ સદ્ગુણોનો એટલોજ અતિરેક હતો, અને એટલી હદ સુધી એ સદ્ગુણો વધી પડયા કે એનો ધણીજ એ ગુણવૃદ્ધિથી કંટાળી ગયો અને ઘર છોડી નાસી ગયો. અને છેવટે છોકરાંઓ પણ માતાની માયાને ત્યાગી ગયાં. એક દિવસ એક ગૃહસ્થ સજ્જનોવિષે ખૂબ વિચાર કરતો હતો અને છેવટે એને અજબ પ્રેરણા થઇ આવતાં એ બોલી ઉઠયો કે, "કેટલાક તો એટલી હદ-સુધીના સાધુપુરુષો હોય છે કે એમને જ્યારે જ્યારે આપણે મળીએ છીએ ત્યારે ત્યારે "પાપ"ને માટે ત્રણ વાર જયધ્વનિ પોકારવાની ઇચ્છા થઇ આવે છે!"

માત્ર જ્યારે કોઇ ગુજરી જાય ત્યારે સ્મશાનયાત્રા વખતે આ સજ્જનોની સોબત જરા ઉપયોગી થઇ પડે ખરી! બાકી તો આ ભદ્રજનોથી દૂર નાસવાનીજ સૌ કોઇને ઇચ્છા હોય છે. આ સજ્જનોના સંસર્ગમાં આપણે ખૂબ કૃત્રિમ બનવું પડે છે અને માણસ મટી જવું પડે છે. ધર્મગુરુઓ એટલે તો સજ્જનતાનો ખાસ ખેંચી કાઢેલો અર્ક ગણાય; પણ છતાં એમના સાન્નિ-ધ્યમાં કોઇ પણ માણસ પોતે હોય તેવો દેખાઇ શકતો નથી. સજ્જનતા એ જગતમાં સૃજન-જૂની આપખુદ સત્તા છે. એ સજ્જનતાનો સ્વાંગ સજનાર શ્રેષ્ઠજનો માત્ર બીજાને માટેજ પુણ્ય-પાપનો વિચાર કરે છે. એમને તો એકજ જાતનો વેપાર કરવાનો હોય છે!

તેમાંય ઈશ્વરના ઘરની વાતો કરનારા તો હમેશાં અરુચિકર અને સુગ ચઢે એવા હોય છે. પાપીઓ અને દુરાચારીઓજ વિનોદ માટે તો ઇચ્છવાજેવા હોય છે; અને એટલા માટેજ જીસસ ક્રાઇસ્ટ પણ પાપીઓનેજ પસંદ કરતો. ખરેખર, ભલા થવાથી-ભદ્રજનોમાં ખપવાથી-આપણે સુખી થઇશું એમ માનવું એ મિથ્યા ભ્રમણા છે.

આપણે સજ્જનોના સંગથી કે અલ્પ પરિચયથી અકળાઇ જઇએ છીએ એનું મુખ્ય કારણ એ લોકોની દંભ ખેલવાની નિયમિત નીતિ છે. વાત વાતમાં એ "એવી વાત ન કરજો" એમ કહી પોતાની પવિત્ર વૃત્તિનું પ્રદર્શન કર્યા કરવાની એમને ટેવ પડી ગઇ હોય છે. "સંતતિનિયમન કે બ્રહ્મચર્ય" વિષે એમની આગળ વાતો કરો એટલે તો એમનાં નાક ઉંચાં ચઢી જાય. એમને પોતાને અંતઃકરણમાં તો કેટલીય વાર જરા "સ્વછંદ" ખેલવાની ઇચ્છા થતી હશે; પણ બિચારા શું કરે? એમને ભલા માણસની છાપ વળગી છે એટલે ઉપર ઉપરથી તો સુરુચિભંગનો દેખાવ એને કર્યા સિવાય કેમ ચાલે? આવી વાતો વખતે જરા અણગમો બતાવવો એ એમનો શિષ્ટાચાર હોવાથી એમને જાતીય આકર્ષણ જેવી વાતો સામે સૂગ દેખાડવીજ રહી ને!

રોબર્ટ લુઇ સ્ટિવન્સન નામનો ગૃહસ્થ લખે છે કે "મારૂં કામ મારા પડોશીને ભલા બનાવવાનું હોતું નથી. હું એને સુખી બનાવવા ચાહું છું." પણ ભદ્રજનો હમેશાં દુનિયાને સુધા-રવાની વાતો કરશે. આજુબાજુ વસનારાંની આર્થિક અવનતિ માટે એ એમનાં પરભવનાં પાપ સામે આંગળી ચિંધતાં અચકાશે નહિ. માયાવી સુખો માત્ર એમને માટેજ હોવાં જોઇએ એવી એમના પૂર્વજન્મના પુણ્યપ્રતાપને પરિણામે જન્મેલી નિયમિત મનોદશા હોય છે; એટલે એમને તો માત્ર સદ્ગુણોનો સંચાર કરાવવાનું મહાભારત કામ સ્વીકારવું રહ્યું!

આપણને ગુજરી ગયા પછી સ્વર્ગ મળે એવી એમની સદાય ઝંખના હોય છે, પણ સ્વર્ગમાં પહોંચીએ એટલે સુધીના માર્ગમાં અનેક કાંટાઓ નાખતાં એ ભદ્રજનોને કંપારી આવતી નથી. આપણી જવાબદારીવિષે આ સજ્જનો ઘણાં મોટાં ભાષણો કરશે; પણ એ જવાબદારીનો અમલ કરવામાટે જોઇતી સાધનસામગ્રી આપવા-મેળવવા માટેના માર્ગો આ શિષ્ટજનો મોકળા નહિ મૂકે. લાખો લોકોને ભૂખ ભેગા કરી અનેક જાતના આનંદો માણવામાં આ વર્ગ કદી કચાશ રાખતો નથી. માત્ર સદ્ગુણોનો સ્વતંત્ર ઇજારો એમણે ગરીબોમાટે રાખી લીધો છે. સઘળાં ભદ્રજનો ઇરાદાપૂર્વક આમ કરે છે એમ હોતું નથી, પણ જે સમાજવ્યવસ્થા આ શિષ્ટ-જનોએ શક્ય કરી છે એનું આ સીધું પરિણામ છે.

આટલું અનુભવમાં આવ્યા પછી એક અમેરિકન લેખક પુકારી ઉઠે છે કે "ઓ અંતઃકરણ! ઓ આત્મા! તારૂં નામ દઇને જગતમાં કેટલા અનાચારો નીભાવી લેવાય છે! સજ્જનતાને નામે ભદ્રજનો કેટલાંય ભયાનક કામો કરે છે અને છતાંય એમનો ઇલ્કાબ તો અમર રહે છે! સત્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષો હમેશાં બીજાની વાતમાં માથું મારનારા હોય છે અને છતાંય એ હિતેચ્છુમાં ખપે છે. અને એ વિશિષ્ટ સંસ્કારિતાની છાયા નીચે આ વડીલો એમ માને છે કે બીજાની વાતમાં માથું મારવાનો એમને અધિકાર મળ્યો હોય છે. અને એથીજ દુનિયાએ કેમ જીવવું, કેમ ખાવું, કેમ પીવું વગેરે નાનીથી મોટી તમામ વિગતોમાં આખરી નિર્ણયો આપવાનો એમનો સ્વયંસ્વીકૃત અધિકાર એ વર્ગ અજમાવ્યા વિના રહી શકતો નથી. પોતે ઈશ્વરના આદર્શોને બરોબર પાળે છે એમ માની પછી એ બધા જીવનધર્મો જગતને પરાણે પચાવવા માથાફોડ કરે છે. ખરેખર, આ દુનિયામાં અસહિષ્ણુતાની સાક્ષાત મૂર્તિ જોવી હોય તો આ ભદ્રજનો જોઇ લેવા ! સૌથી વધારે તિરસ્કારને પાત્ર આદત આ લોકોમાં સર્વોપરિ રહેવાની સત્તાકાંક્ષા છે. કેમ જાણે એની પાસે આવનાર ગુલામજ રહેવા સરજાયો હોય એમ સગર્વ અવાજ અને આંખના ભૂભંગથી એ વાત શરૂ કરશે. સાધારણ માણસની સાથે વાર્તાલાપ કરતાં તો એના કપાળ ઉપર અનેક કરચલીઓ પડી જાય છે. ગરીબ કે રાંકની સામે કૃપાદૃષ્ટિ કરતાં એમની અપાર અહંતાનો પારો છેક ઉંચે ચઢી જાય છે. જગતમાં સૌ કોઇ કેમ જાણે એની સેવા કરવાજ અવતર્યા હોય એમ આ ભદ્રજનો માની લે છે. એટલે જેને અંગ્રેજીમાં 'બોસીંગ' કહેવામાં આવે છે એ તો આ સજ્જનોની સામાન્ય ટેવ મનાય છે. છેક હિમાલયના ઉંચા શિખરપરથી નીચે દૃષ્ટિપાત કરતા કોઈ ગગનવિહારીની પેઠે એમનામાં સૌથી ઉંચી સમજણનો અભખરો થયો હોય છે અને એનું ભાન જે કોઈ એના સંસર્ગમાં આવે એને કરાવવાનો આ ભદ્રજનો ધંધો માંડીને બેઠા હોય છે. જરાક બળવો કરો, સહેજ તતડાવીને બોલો એટલે તુરત એમને વિનયભંગ લાગે, એમને મર્યાદા લોપાઇ જતી હોય એમ ભાસે અને આમ ને આમ જગતમાં જો આજ્ઞાભંગ થયા કરે તો પ્રલયકાળ પાસે આવે એમ પણ એમને ડર લાગે. વેન્ડેલ ફીલીપ્સે એક સ્થળે બરોબર કહ્યું છે કે "જ્યાં સૌ સૌનું સંભાળે અને એકબીજાની વાતમાં ડખલગીરી ન કરે એનું નામ નર્ક." અને આ જાતનું નર્ક આ પૃથ્વીપર આવે એમ આ ભદ્રજનોથી કેમ ઇચ્છી શકાય ? એમને તો જગતને સદ્ગુણો શીખવવા માટે અને એ દ્વારા ચૂસણક્રિયા ચાલુ રાખવા માટે ધાર્મિક દંભનો આશ્રય લેવોજ રહ્યો–લીધેજ છૂટકો !

સજ્જનોમાં જે સોગિયાપણું ઘર ઘાલી બેઠું હોય છે એનું કારણ એમની નાદુરસ્ત તબિયત હોય છે. જ્યારે જ્યારે તમને કોઇ ચીડીયો, છીછરામનનો, અધુરીઓ આત્મશ્લાઘા કરનારો આદમી મળે ત્યારે જરૂર સમજી લેશો કે એ ભગવતપ્રિય પ્રાણી હમેશાં શિષ્ટ સમાજમાં પોતાનું સ્થાન ભોગવતો હશે. જ્ઞાતિબંધનોમાં અને કોમી ધાર્મિક સંસ્થાઓમાં આવા સુજનોજ હમેશાં ઉભરાય છે. એમને એકજ દૃષ્ટિબિંદુ હોય છે અને એ સંકુચિત સ્વાર્થસંરક્ષણ–

ખુનીનો તો સીધો ને સાફ રસ્તો કે એક ગોળી છોડે અને સાંસરવી ઉતરે એટલે દુશ્મનના પ્રાણ હરે; પણ આ ભદ્રજનો જે રીતે ખૂન કરે છે એ સહેલાઇથી કળી શકવું મુશ્કેલ છે. એમના બધાય રસ્તા પડદા પાછળના–પોતાની ગંદી ચાલીઓનું ક્રૂરતાથી ભાડું ઉઘરાવનાર મકાનમાલેક ખુની નહિ તો બીજું શું ? કુહાડો મારવો એ સારૂં, પણ આમ હવાઅજવાળા વિનાની અંધારી ઓરડીઓમાં પૈસા લઇને અનેક આદમીઓને ગુંગળાવી નાખવાં એ તો ભયંકર અત્યાચાર ગણાય-અને છતાંય આવા માળાના માલેકો ભદ્રજનોમાં નહિ ખપતા હોય !

જીવનનાં એકેએક ક્ષેત્રમાં આ પ્રમાણે શિષ્ટ સમાજનો આડકતરો અન્યાય અનેક ગરીબો અને શ્રમજીવીઓનાં લોહી ચૂસે છે અને છતાં એમના ઉજળાં કપડાં અને ભગવાનની પૂજા સ્વતંત્ર રીતે સજ્જનમાં ખપવાની પરવાનગી આપે છે. પવિત્ર પુરુષતરીકે ગણાતી અનેક વ્યક્તિઓ તિરસ્કાર કરવામાં એટલીજ ચીવટ રાખે છે; કારણ કે એ ઇશ્વરને નામે ચાલી શકે છે. શત્રુઓને-પાપીઓને અને દુષ્ટજનોને અધમ શબ્દોથી નવાજનાર એ ધર્મગુરુઓ સિવાય બીજું કોણ હોય છે અને છતાં એમનાં અંતઃકરણમાં શું ભર્યું હોય છે ? એ તો એનો ઇશ્વર જાણે !

આપણું ભલું કરવાની ઇચ્છાવાળા અનેક ગૃહસ્થોના રસ્તા તમે તપાસો તો એમાંથી નર્યો સ્વાર્થ અને અધમ ઉદ્દેશો ઉખળી આવશે. સામી બાજુ સમજ્યા વિના પોતાનો કક્કો ખરો પાડવો એનું નામ ભલમનસાઇ–આવી ભલમનસાઇએ જગતમાં ઘણાંય અપકૃત્યો ઉતાર્યાં છે ! ભલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોનાં "પાપ" ને નામ આપવાં હોય તો આ રહ્યાં એમના અનેકમાંથી થોડા નમુનાઃ-ક્ષુલ્લકતા, અધમતા, છીંછરાપણું, અંધશ્રદ્ધા, વાચાળતા, ડખલગીરી, જુઠી આત્મશ્લાઘા; ગર્વિષ્ઠતા, જુલ્મ જહાંગીરી, ધર્માંધતા અને ક્રૂરતા; દુષ્ટજનોની દુષ્ટતા ખુલ્લી હોય છે જ્યારે ભદ્રજનોનાં આ ભોપાળાં સજ્જનતાના લેબાશથી ઢંકાયેલાં હોય છે.

(એક અંગ્રેજી લેખપરથી દૈનિક "હિંદુસ્થાન"માં લેખકઃ-જ્યોતિર્ધર)

૨૬-લુહારનો દીકરો અમેરિકાનો પ્રમુખ કેમ બન્યો ?

હર્બર્ટ હુવરે છાપાંઓ વેચી કેળવણી મેળવી.

અમેરિકાના નવા પ્રમુખ મિ૦ હર્બર્ટ હુવરવિષે બ્રિટિશ વડા પ્રધાન કરતાં પણ આપણને ઘણું વધારે જાણવાનું છે. ચાર કે તેથી વધારે વર્ષ થયાં તે ૧૫ કરોડની પ્રજાના હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવતા હતા કે જે પ્રજાનો મોટો ભાગ ઈંગ્લીશ ભાષા બોલી જાણે છે. ઇંગ્લીશ ભાષા બોલતી પ્રજાઓ વચ્ચે સહકાર સારાયે જગતની સુલેહશાંતિ અને ઉન્નતિ માટે ખાસ આવશ્યક છે. બ્રિટિશ જનતાએ અમેરિકનો માટે ૧૯૧૪ થી ઘણી કઠણ વાતો વિચારી છે અને જાહેર પણ કરી છે. આ એવી વાતો છે કે જે વિષે બંને પ્રજા પરસ્પર વિચાર કરી શકે. કોઇ પણ વિચારવંત અંગ્રેજ એ બીના ભાગ્યેજ ભૂલી ગયો હશે કે, બંને પ્રજાને માથે માનવજાત-પ્રત્યેની એકજ સામાન્ય આદર્શ ઉપર રચાયેલી સામાન્ય જવાબદારી રહેલી છે. આ આદર્શ પ્રત્યેક વ્યક્તિમાટે સમાન સંજોગો મેળવવા અને જાળવવાનો છે અને જવાબદારી હાલના જમાનાના સુધારાને પડતીની દશાથી જાળવી ઇતિહાસની પુનરાવૃત્તિ થતી અટકાવવાની છે.

રાજદ્વારી બાબતો માટે તે થોડો વખત ફાજલ પાડતો.

મી૦ હુવરમાં અનેક ગુણો છે કે જેથી તે આપણા માન અને પ્રશંસાને પાત્ર ઠરે છે અને જેના વડેજ તે પોતાને અમેરિકાને અગાઉ કદી નહિ પ્રાપ્ત થયેલો એક સૌથી મહાનમાં મહાન પ્રમુખ પૂરવાર કરી શકે. સંપ્રદાયે "કવેકર" (ખ્રિસ્તી પંથના માણસો જે ક્રેંડ કરીને કહેવાય છે તે ક્રેંડોની સોસાયટીના એક મેંબર), ધંધે ખાણના ઇજનેર, એક સફળ નાણાંશાસ્ત્રી અને એક બાહોશ "ઓરગેનાઇઝર"થી જાણીતા આ નવા પ્રમુખને રાજદ્વારી બાબતો માટે બહુજ થોડો વખત ફાજલ રહેતો; તેમાંજ એ મહાન અમર આશા છુપાઇ રહી છે કે તે એક મોટો રાજદ્વારી પુરુષ પોતાને પૂરવાર કરશે.

એક અંગ્રેજ કે જેને મી૦ હુવર સાથે ઘરવટ જેવું છે તે તેને ગોરાતરીકે વર્ણવશે. વધુમાં તે કહેશે કે, એ માણસ એવો છે કે તેના મોઢામાંનો એક બોલ તે જમીનગીરી સમાન સમજો. તેનામાં બાહોશી, ચાલાકી, સમયસૂચકતા અને અગત્યની બાબતોનો આશય શું છે તે તાબડતોબ સમય ગુમાવ્યા વિના સમજી જવાની શક્તિ, એ ગુણો ઝળકી ઉઠે છે. આ બધામાંયે થોડું ઉમેરવાનું બાકી છે અને તે એટલુંજ કે, આ માણસ એક સિદ્ધાંતવાદી છે અને તે મજબૂત અંતઃકરણની નિશ્ચયતા, મક્કમ વિચાર, દૃઢ મનોબળ અને ચીવટાઇ એવા એવા ગુણો ધરાવે છે. તે હુકમ પાળવા કરતાં હુકમ ફરમાવવાનું સહેલું માને છે અને જોકે તે સ્પષ્ટ વિચાર ધરાવનાર છે, તોપણ તેની એટલી નબળાઇ તો જાણીતીજ છે કે તેના મગજમાં જે ખરા ખોટા વિચારો સ્ફૂરે તેને તે તર્કશાસ્ત્ર સાથે બરાબર ગોઠવી દે છે.

કોઇ પણ આગલા અમેરિકન પ્રમુખે મી૦ હુવરે જાણ્યા હોય તે રીતે બ્રિટિશ ટાપુઓ અને યૂરોપને જાણ્યા નથી. તેઓ કેન્સિંગ્ટન ખાતે રહ્યા હતા અને લંડનના એક શહેરમાં કામ પણ કર્યું હતું. અમેરિકનો જેઓ ઇંગ્લાંડમાં રહે છે તેઓ આપણા કરતાં પણ વધારે ઇંગ્લીશ બને છે. લડાઇદરમિયાન યૂરોપના જૂદા જૂદા વિસ્તારોમાં ભૂખે મરતી વસ્તીને ખોરાક આપનારા કમિશનના પ્રમુખતરીકેની તેમની સેવાઓથી તેઓ ફ્રાંસ અને બેલ્જીઅમની પ્રજાઓ સાથે બહુજ ઘાડા સંબંધમાં આવ્યા છે.

છાપાં વેચી કેળવણી લીધી.

આટલી બધી માહિતી હોવાથી તેઓ સહેજે પોતાના દેશને ઇંગ્લાંડ અને યૂરોપ સાથે સર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવે છે. અમેરિકાની સામાજિક વ્યવસ્થા જૂના જમાનાના સુધારા કરતાં તેમને વધારે સારી લાગી છે. એઓ એ બીનાથી બહુજ રાજી થાય છે કે, છેલ્લા અમેરિકન પ્રધાનમંડળમાં બારમાંથી નવ સભાસદો-પ્રમુખ અને ઉપપ્રમુખ સુદ્ધાં-પોતાનું ગુજરાન પોતાની મેળે કાંઇ પણ વડીલોપર્જિત મિલ્કત વારસામાં મેળવ્યા વિના કરતા હતા અને ખૂબ માનસિક શ્રમ ઉઠાવી જીવન ગુજાર્યું હતું. તે પોતે કબૂલ કરે છે કે "હું છાપાં વેચીને મારા ભણવાનો ખર્ચ મેળવતો હતો."

પ્રજાસત્તાક રાજ્યમાં તેના આ બધા અભિમાન છતાં તે સમાજવાદ(સોશિયાલીઝમ)ના છાંટા વિના આગળ વધતો આવ્યો છે. તે એક વ્યક્તિસ્વાતંત્ર્યવાદી (ઇંડિવિડયુઆલીસ્ટ) છે. પહેલા, છેલ્લા અને બધાજ વખતે તે તેમજ રહેશે. પ્રજા માટે પ્રજાનીજ સરકાર જોઇએ એમાં તે માનવાવાળા છે, અને તે પણ પ્રજાને દોરે એવા બાહોશ ધંધાદારી માણસોની સરકારમાં તે માને છે. તેમ માનવામાં તે કોઇ પણ જાતની આપખુદી હોવાની ના પાડે છે. તે એમ વારંવાર કહે છે કે, હાલ જે સરકારનો તે વડો છે તે સરકાર એક નવો સામાજિક જુસ્સો ધરાવનાર સરકાર છે. મી૦ હુવર તેને "અમેરિકન વ્યક્તિસ્વાતંત્ર્યવાદ"ની સરકાર જાહેર કરે છે.

જાહેર કરેલી રાજનીતિ

મી૦ હુવર પ્રમુખતરીકે ચુંટાયા ત્યારે તેમણે એવું જાહેર કર્યું હતું કે, અમેરિકાને પોતાના પ્રદેશોમાં વધારો કરવાની જરાયે જરૂર નથી. આથી મેક્સિકો અને કેનેડાને જે સ્વરાજ બક્ષવામાં આવ્યું છે તે માટે તે બંને મુલકોએ તેના અમલ દરમિયાન નિશ્ચિંત રહેવાનું છે; અને ચીન પણ તેના ભાગલાઓના જોડાણ કરવાના સંબંધમાં સહીસલામત રહેશે. બીજી બહુજ અગત્યની જાહેરાત એ કરવામાં આવી હતી કે, પ્રજા કાયદાને બરાબર માન આપીને ચાલતી નથી અને તેથી અમેરિકન ન્યાયને નબળો પાડવામાં આવ્યો છે. આથી તેમણે ન્યાયની બાબતોમાં તપાસ કરવા માટે એક કમીશન નીમવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

કાયદાની અવગણના અને લાંચ-રૂશ્વતની બદી દેશમાં કેમ દાખલ થઇ તે વિષે તે એમ માને છે કે, સરકાર દારૂની બંધી દેશમાં દાખલ કરવામાં નિષ્ફળ જવાથી આ પરિણામ આવ્યું છે. એક ચુસ્ત "પ્રૉહીબીશનિસ્ટ" તરીકે તેને દુનિયાને બતાવી આપવું પડશે કે, છૂટાપણાને ચાહતી પ્રજાની મરજી વિરુદ્ધ એ સંબંધમાં કાયદો લાગુ પાડવો એ મહાન અને અઘરૂં કાર્ય છે. બધાને સમાન સંજોગો આપવાની એની નીતિ પણ એણે દારૂ મેળવવાના સંબંધમાં ગરીબ અને તવંગર સર્વેને સરખા ગણી જાળવી રાખવાની છે. સર્વસ્વ ગણાતા અમેરિકન ડૉલરને તેણે તેની મુખ્ય નબળાઇમાંથી ચોખ્ખો બનાવવો પડશે.

તેના વખતમાં આપણે તે જે સંપ્રદાયનો છે તેના ઉપરથી માનીશું કે, દેશમાં સુલેહ-શાંતિજ સ્થપાશે અને અમેરિકન પ્રજાની રીતોમાં પણ ઘણા સુધારા થશે. તેનું યૂરોપને લગતું જ્ઞાન પરદેશોને લગતી બાબતોમાં ભારે આવકારદાયક અને ઉપયોગી થઇ પડશે કે જેમ કોઇ પણ બીજા પ્રમુખના વખતમાં બન્યું નહિ હોય. એમ માનવાને જરાયે કારણ નથી કે, તે સુલેહ અને દારૂબંધીના ૧૪ મુદ્દાઓ પોતાના દેશ ઉપરાંત બીજા દેશો ઉપર ઠસાવવાની ભૂલ કરે.

લુહારના દીકરાની કારકીર્દિ

પોતાનાજ દેશમાં મી૦ હુવરની મુશ્કેલીઓ ઘણી છે, રાજદ્વારી બાબતોમાં તેનું બીનઅનુભવીપણું તેને જ્યારે અને ત્યારે પણ કૉંગ્રેસ સાથે ઝઘડો ઉભો કરાવશે. તેની આગેવાનતરીકેની લાયકાત કસોટીના એરણ ઉપર હજી તો ઘડાવાની છે. આ લુહારના દીકરાની પ્રમુખતરીકેની કારકીર્દિ તેનાજ દેશમાં ભારે રસપૂર્વક અને અધીરાઇથી નિહાળવામાં આવશે. આ મહાન પ્રજાની ઉન્નતિનો આધાર તેનીજ ફતેહ ઉપર છે; એટલુંજ નહિ પણ એક કરતાં વધારે આંતરરાષ્ટ્રીય મુદ્દાઓના સંતોષકારક ઉકેલનો પણ આધાર તેનાપરજ છે.

(તા. ૧૧-૪-૨૯ના દૈનિક "હિંદુસ્થાન"નો રોલેન્ડ એન્ટવિસ્ટલનો લેખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭-उपवास-चिकित्सा अने तेना लाभो

નૈસર્ગિક રોગોપચારપદ્ધતિ તથા ઉપવાસચિકિત્સા, એ વિષયમાં આપણું પ્રાચીન વૈદ્યક અને બીજા ગ્રંથો શું કહે છે, અથવા એ પ્રાચીન લોકોને આ પદ્ધતિ નિયમપુરઃસર જ્ઞાત હતી કે નહિ તે પર વાદવિવાદમાં ન પડતાં આ બન્ને પદ્ધતિઓને થોડે ઘણે અંશે આચારમાં મૂકતાં મને શો ફાયદો થયો છે તેજ હું મારો અનુભવ જનતા પાસે મૂકીશ. વાચકજનતાએ પણ આ બાબતમાં પોતાનો અનુભવ મેળવી જોવો. આજથી લગભગ ચૌદેક વર્ષ પહેલાં મુંબઇ-મોહમયીમાં નિવાસ કરવાને લીધે, શરીર બલિષ્ઠ હોવાને લીધે અને તેને અંગે કંઇક એ બાબતના અભિમાનમાં તણાઇ જેમ સેંકડે ઘણા મનુષ્યો આહારવિહારમાં બેદરકાર બને છે તેમ હું પણ થઈ ગયો હતો. જીવનને માટે આપણને જેટલા પ્રમાણમાં પાણીની આવશ્યકતા છે તેથી લગભગ બીજે નંબરે આપણી મોહમયીપુરી અને ખરૂં કહીએ તો સિંધને છોડી આખા મુંબઈ ઇલાકામાં ત્હાએ સ્થાન મેળવ્યું છે. હું પણ એ "શનૈર્વિષ"(ધીમા ઝેર)નો શિકાર બન્યો. કડક ત્હા બે ત્રણ વાર પેટરૂપ પેટારામાં ઠલવાતી. પરિણામે બંધકોશ થયો, જોકે મુંબઇ શહેરવાસીઓની એ ફરિયાદ બહુ સાધારણ છે. બલ્કે આ વીસમી સદીથી સર્વ શિક્ષિત દુનિયામાં લગભગ બધાં માણસોને તે ફરિયાદ કરતાં સાંભળવામાં આવે છે. વિષમય ત્હા એક "ઉત્તેજક" પદાર્થ છે અને તેનું પાન કર્યા પછી તેની અસરથી તે સમયે તો ઝાડો ઉતરે છે. ત્હા પીને ઝાડે જનારા મેં હજારો જોયા છે અને હું પણ તેવો હતો. આવી રીતે આંતરડાંપર કૃત્રિમ દબાણ અને જોર વાપરવાથી તે બહુ નબળાં પડી જાય છે અને છેવટે પ્રત્યેક જોશ આપનારા પદાર્થોનું તેટલાજ અંશે વિપરિણામ આવે છે અને અંતે હમેશને માટે બંધકોશના બલિદાન થઇ પડાય છે. એટલે હવે ધીરે ધીરે મંદાગ્નિ, કબજીઆત વગેરેનો હું ભોગ થયો, શરીર પીળું પડી ગયું અને આયુષ્યમાં આશા ઓછી થઇ ગઈ. મુંબઈમાં ઘણા નામચીન ડૉક્ટરો અને વૈદ્યના ઉપચાર કર્યા અને તેમનાં ઔષધનાં રૂપમાં ઘણાંએ વિષો, પૂર્વથી સંચિત થયેલાં આ શરીરનાં વિષમાં ઉમેર્યાં. મને ઝાડો પાતળોજ ઉતરતો, કોઇ વાર આંતરડાંમાં એવો તો અમળાટ થતો કે છઠ્ઠીનું દૂધ યાદ આવતું; ધીરે ધીરે ફેફસાંઓપર પણ અસર થઇ. વ્યાયામનો નાનપણથીજ અભ્યાસી હોવાને લીધે કસરત તો હું કરતોજ હતો, છતાં તેથી તકલીફમાં વૃદ્ધિ થવા સિવાય મને જરાએ લાભ જણાયો નહિ. હવે જીવનની પરિસીમા માસ બે માસ પર આવી અટકી હોય એમ મને લાગવા માંડયું, ચાલવું પણ મુશ્કેલ થઈ પડયું અને મનની અસ્થિરતાએ ઘર કર્યું. ડૉક્ટરો અને વૈદ્યો કંટાળ્યા અને હું પણ કંટાળ્યો. યંત્રસંચાલિત પૂતળાં જેવા ડૉક્ટરોનાં ઝેરના બાટલાઓ અને ગોળીઓએ મને કશોય ફાયદો પહોંચાડયો નહિ. અંતે જલવાયુપરિવર્તન (હવાફેર) કરવા વલસાડ ગયો હતો. ત્યાં મારા એક પૂર્વપરિચિતે મુંબઇવાળા ડૉ. માદનનું ગુજરાતી ભાષામા બનાવેલું "અપવાસ (ઉપવાસ) ચિકિત્સા"નું પુસ્તક વાંચવા આપ્યું. આરોગ્યાકાંક્ષી હોવાને લીધે હું તો અથથી ઇતિ સુધી તે સર્વ વાંચી ગયો અને તેમાં દર્શાવેલી યુક્તિઓમાં કંઇક શ્રદ્ધા ચોંટી અને બે ત્રણ દિવસ પછી પ્રથમ બે ઉપવાસ-કેવળ જળપર રહી કર્યા. ત્રીજે દિવસે કેરીનો રસ ચૂસ્યો. આથી ફાયદો જણાયો. ઝાડો કંઇક બંધાઇને નીકળ્યો અને વિશ્વાસ બેઠો. એમ કરતાં એકસાથે આઠ દિવસના ઉપવાસ કર્યા. આ વખતે મુંબઈમાં રહેતા મી. મૂલર કે જે એક ચિત્રકારતરીકે ઘણા જાણીતા હતા તે પણ ઉપવાસમાં સામેલ હતા. કલાકે બે બે કલાકે તાજું પાણી પીતો અને ચોપાટી, બેન્ડસ્ટેન્ડ, એપોલો બંદર-આવે સ્થળોએ રોજ પાંચ છ માઇલ ચાલતો, તેમ મારાં સર્વ દૈનિક કાર્યો પણ કરતો. સ્નાનમાં વધુ સમય લગાડતો. પ્રથમ દિવસ કઠિન ગયો તેથી વધુ બીજો અને તેથીએ વધુ ત્રીજો દિવસ ગયો. એ ત્રણ દિવસ જરા પરાકાષ્ઠાના ગયા. ચોથે દિવસે જીભપર સફેદ અને પીળા થર જામવા માંડયા. "આંત્રબસ્તિ" (એનિમાં) લીધા પછી ભૂખ શમી ગઇ, અશક્તિ દૂર થઈ ગઇ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજનસિવાય જીવી શકાય છે, એવો વિશ્વાસ આવવા માંડ્યો. આઠ દિવસ પૂરા કરી નવમે દિવસે સંતરાં અને મોસંબી લીધાં અને મારા હર્ષની વચ્ચે ઘણે લાંબે વખતે મેં સુસંગઠિત અને સારા રંગનો-બંધાયલો ઝાડો આવેલો જોયો. મંદાગ્નિ દૂર થઇ ગયો અને ભૂખ લાગવા માંડી અને શરીર સ્વાભાવિક શક્તિ પકડવા માંડ્યું. લગભગ બેએક વર્ષસુધી સખ્ત શારીરિક દુઃખ અને બિમારી સહેવા પછી જે આ અમૂલ્ય સ્વાસ્થ્યલાભ મેળવ્યો તેથી હું કેટલો બધો હર્ષમાં આવ્યો હઇશ, તેનું શબ્દોમાં વર્ણન કરવું લગભગ અશક્ય છે. બસ, ત્યારથીજ હું "ઉપવાસચિકિત્સા"નો ભક્ત બન્યો. હવે જ્યારે જ્યારે કંઇ પણ શારીરિક કષ્ટ માલમ પડતું ત્યારે ઉપવાસરૂપી ઉત્તમ "રામબાણ" શસ્ત્રથી તેને ભેદી નાખતો. ઉપવાસમાં પૂર્ણ શ્રદ્ધા બેઠી અને તેનો પરમભક્ત બની એ વિષયમાં અને તેને લગતાં નૈસર્ગિક ચિકિત્સાનાં પુસ્તકો, જે જે સારા સારા અમેરિકન અને બીજા લેખકોએ લખ્યાં હતાં તે સર્વ વાંચ્યાં. મી. બરનાર મેકફેડન આ લેખકોમાં મુખ્ય હતો. એનું માસિક "ફીઝીકલ કલ્ચર" હું હંમેશ વાંચતો, હાલ પણ વાંચું છું. હવે મને મારા આત્મામાં આરોગ્યસંપાદન વિષે એટલો બધો તો વિશ્વાસ ઉત્પન્ન થયો કે તેને હું મારા એક હાથની વસ્તુ સમજવા લાગ્યો. ઉષ્ણ જલોપચાર, બાષ્પસ્નાન, શીત જલોપચાર, બસ્તિસ્નાન, અસ્થિ મર્દન-ચિકિત્સા, આતપચિકિત્સા, રંગચિકિત્સા, શરીરમર્દનચિકિત્સા (મસાજ), યોગાસનચિકિત્સા, પ્રાણચિકિત્સા અને માનસોપચાર પદ્ધતિ, એ સર્વ વિષયોમાં ધીમે ધીમે મેં પ્રવેશ કરવા માંડ્યો અને બીજા દર્દીઓના પણ ઇલાજો કરવા માંડ્યા. આટલી પ્રસ્તાવના કે જે મને મારા છેલ્લા, લગભગ દોઢ માસ પૂર્વે કરેલા બેંતાળીસ ઉપવાસનો અનુભવ જનતા પાસે મૂકું તે પહેલાં કરવી જરૂરની જણાઈ. ઉપવાસથી લગભગ બધા રોગો નષ્ટ થઇ જાય છે. માત્ર તેને પદ્ધતિસર કરવા જોઇએ. ઉપવાસ પાસે લગભગ કોઇ પણ અસાધ્ય રોગ ગણાતો નથી. ભગવદ્ગીતામાં જેમ શ્રી-કૃષ્ણ ભગવાન કહે છે કે **अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जंतवः** અર્થાત્ અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે માટેજ પ્રાણીઓ દુઃખી થાય છે. ખરેખર એમજ છે. એક ગ્રામવાસી સાધારણ માનવથી માંડી મોટા મોટા શિક્ષિત સુધી સર્વ મનુષ્યો અંધારામાંજ ગોથાં ખાય છે એમ તત્ત્વ-દૃષ્ટિથી અંતરને સહજ દેખાઈ આવે છે; બલ્કે ઘણી વાર એમજ બને છે કે, એક ગ્રામ્ય અશિક્ષિત મનુષ્ય સ્વભાવતઃ સ્વપ્રેરણાશક્તિથી દોરવાઇ જેટલો સન્માર્ગે ચાલે છે અને સુખી જીવન ગાળે છે તેટલું આપણે શિક્ષિત કહેવાતા લોકોમાં જોઇશું નહિ. ફરક માત્ર એટલોજ છે કે, એ ગામઠીઓ પોતાની ભૂલો કે અમુક વિષયની અજ્ઞાનતા છુપાવી શકતો નથી અને તે વિદ્યા તેને આવડતીએ નથી; જ્યારે આપણા શિક્ષિત કહેવાતા લોકો એ ગ્રામ્ય અને ભોળા માણસની સરળતા અને ભોળપણને મૂર્ખતા લેખે છે અને પોતાની તેથી સેંકડે અંશે કરેલી વધુ ભૂલોને યુક્તિવાદ અને વાક્ચાતુર્યથી કૃત્રિમ ગીલેટ કરી પોતાને પંડિતમન્ય સમજે છે. વનમાં વસતા પશુને કે ખુલ્લા મેદાનમાં વિચરતા એક દંડધારી ઉજ્જડ રબારીને ક્યારે ખાવું, કેમ ખાવું અને શું ખાવું, એ જેટલી ખબર છે તેટલીએ ખબર આપણા મોટામાં મોટા બહુ ઉંચું શિક્ષણ પામેલાને ખબર નથી. એ વનચર પશુ કે કે ભરવાડ જેટલા તંદુરસ્ત અને આનંદી રહે છે, તેના સોમા હિસ્સા જેટલું સ્વાસ્થ્ય અને આનંદ આપણા નસીબમાં નથી. વિલાયતમાં ઉંચી ઉંચી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઇ આવેલા ડૉક્ટરો જે પોતાને સ્વાસ્થ્યના ઇજારદારો સમજે છે અને સ્વાભાવિક કુદરતને વધુ અનુકૂળ પડતું તંદુરસ્ત જીવન ગાળનારા લોકોને અશિક્ષિત અને વિદ્યાહીન કહી પોતાનાં વિષમય ઔષધોના બાટલાઓથી ઘણી વાર પામર અને નિર્જીવ બનાવે છે તેઓ સામાન્ય માનવોને અજ્ઞાનાંધકારમાંજ ગોથાં ખવડાવ્યા કરે છે. એક શસ્ત્રવૈદ્ય-સર્જ્યન હમેશ બાપડા ગરજાઉ દર્દીપર પોતાની છુરી જેમ એક કસાઇ પશુપર નિર્દય રીતે ફેરવે છે તેમ ફેરવે છે. એમ કહો કે, તેને એવી રીતે છુરી ચલાવી ઘણા દાખલાઓમાં, મારી નાખવાનો સુદ્ધાંએ પરવાનો મળ્યો હોય છે. એક ઘણો અનુભવી વિદ્વાન કહે છે કે, ડૉક્ટરો અને વૈદ્યોએ પોતાના પ્રયોગો-અને શસ્ત્રપ્રયોગો બાપડા દર્દીઓપર એટલા બધા અજમાવ્યા છે કે કોઈ મહાયુદ્ધમાં જેટલાં મનુષ્યો મર્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે મરે છે, તે કરતાં પણ વધારે સ્વાસ્થ આપવાના ઇજારદાર ગણાતા ડૉક્ટરો અને વૈદ્યોને હાથે મર્યાં છે અને રોજ રોજ મરતાં જાય છે. છુરીથી કોઇનું ખૂન કરનારને સરકારી કાયદામાં ફાંસીની સજા છે, જ્યારે આપણા ફરવાનાવાળા ખુનીઓને માટે બારે દરવાજા મોકળા છે. વળી દર્દીપરના તેમના ઉપકાર અને ચગદી નાખે તેવી ફી તો જુઓ! માટેજ એક જુની સાધારણ કહેવત લોકોમાં પ્રચલિત છે કે-

वैद्यराजं नमस्तुभ्यं यमराज सहोदरम्। यमस्तु हरति प्राणान् वैद्यः प्राणान् धनानि च॥

અર્થાત્ હે વૈદ્ય-ડૉક્ટર! તને નમસ્કાર; કેમકે તું યમરાજાનો ભાઇ છે. યમ તો માત્ર પ્રાણજ હરે છે, પણ તું તો પ્રાણ અને ધન બન્ને હરે છે.

ડૉક્ટરો અને વૈદ્યોનાં આ મહાપાપની પ્રતીતિ આપણને થઇ નથી અને તેથીજ એ લોકોનું ટટ્ટુ ચાલે છે અને પાપીઓને બદલે તેઓ ઉપકારક ગણાય છે. અમેરિકામાં હવે આ પાપની સામે અવાજ ઉઠયો છે. આપણે પણ જ્યારે કુદરતને વધારે અનુસરતું જીવન ગાળીશું ત્યારે તેવી પ્રતીતિ આપણને પણ થશેજ થશે. શાસ્ત્રવિદો કહે છે કે-

मात्रा स्पर्शास्तु कौन्तेय शीतोष्ण सुखदुःखदाः। आगमापायिनोऽनित्यां न तेषु रमते बुधः॥

અર્થાત-ઇંદ્રિયોના ભોગો કદી શીત, કદી ઉષ્ણ, કદી સુખદાયક તો કદી દુઃખમય છે. તથા અસ્થિર અને અનિત્ય છે; માટે બુદ્ધિમાન પુરુષ તેમાં કદી પણ ફસાઈ રમણ કરતો નથી; અર્થાત્ અક્ષયસુખ બાહ્ય વસ્તુઓમાં નથી પણ પરમાત્માથી મેળવાય છે અને તેથીજ આપણાં ઉપનિષદો આત્માને ઓળખવાનું કહે છે; તેમ "નૈસર્ગિક ચિકિત્સકો" અને ઉપવાસચિકિત્સકો કોઈ પણ બાહ્ય દવાની જરૂર નથી અને આપણાં આ શરીરમાંજ સંપૂર્ણ સ્વાસ્થ્યનો ઝરો છે, એમ બતાવે છે. આત્માની ઓળખાણવગર મનુષ્ય જેમ દુઃખી થાય છે, તેમજ શરીરની જાણ વગર મનુષ્ય રોગી અને પીડિત બનેલો છે.

(તા. ૨૭-૫-૧૯૨૮ના "પ્રગતિ"માં લેખકઃ-શ્રી ડૉ. વિશ્વામિત્ર કૌશિક પંડિત)

૨૮-ભણતર અને પોષાક વચ્ચે સંબંધ

ભણતરને અને પોષાકને શો સંબંધ છે એ સમજવાની બુદ્ધિ હાલના વિદ્યાર્થીઓમાં આવી જણાતી નથી. 'સાદું જીવન અને ઉન્નત વિચારણા'નું સૂત્ર જે ભાષામાંથી તેમને મોંએ ચઢયું છે તેજ ભાષાનો અભ્યાસ કરતી વેળા તેમની રીતભાત જુઓ તો મોટો વિરોધ દેખાશે. એ ભાષાના સંસ્કારથી રંગાયેલા વિદ્યાગુરુઓ અને પ્રૉફેસરો પણ એવાજ તર્ક ગોઠવે છે કે, વિદ્વાન કે પ્રૉફેસર બનવાને જીવન ખર્ચાળ હોવું જોઇએ. તેઓ પરદેશી સંસ્કૃતિ પ્રચારે છે કે વિકૃતિ તેનો વિચાર કરવા જેટલી ફુરસદ તેમને કેમ નહિ મળતી હોય? ઘણા સાહેબ બનેલા વિદ્યાગુરુઓ અને તેમને પગલે ચાલતા પારસી અને દેશી પ્રૉફેસરો આ બાબતમાં વિદ્યાર્થીને ટપલા મારતાંએ શરમાતા નથી! વિદ્યાર્થી જાણે લખત કરી બંધાયેલો ગુલામ હોય, તેને સ્વાભિમાન કે દેશપ્રેમ નજ હોય એવો નિર્માલ્ય ગણી પોશાક અને રીતભાતની બાબતમાં કૉલેજ કે હાઇસ્કૂલના રાજાધિરાજો તરફથી કડક ફરમાનો આપવામાં આવે છે. તે સામે અવાજ કાઢતાં પણ થથરે એવા માનસવાળા વિદ્યાર્થીઓમાં (જ્ઞાન એ પરમ શક્તિ છે) એ અનુભવ શી રીતે ઉતરે? જોડા પહેરવાનો જ્યાં સખત કાયદો હતો તે કૉલેજમાં ઉઘાડે પગે જવાની હિંમત દાખવનારા અંબુભાઇ પુરાણીનો જવાબ બધાને મોંએથી કયારે નીકળશે? 'જ્ઞાન તો આંખો અને મગજવડે ગ્રહણ કરવાનું છે; પગેથી નથી પેસવાનું; ઉઘાડા પગને તેની સાથે શી લેવાદેવા છે?'

એક કૉલેજમાંથી મારાપર એક ભાઇએ પત્ર લખ્યો છે તેમાં પોશાક અને રીતભાતવિષે જે સ્થિતિ રજુ કરે છે તે વાંચવાથી ઉપરની વાતને ટેકો મળશેઃ-

'ઘણીખરી સંસ્થાઓમાં પશ્ચિમના ગુરુઓ ભણાવે છે. તેમનો એક હેતુ હિંદુસ્તાનમાં પશ્ચિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મની રહેણીકહેણી પ્રસારવાનો હોય છે. તેઓ વર્ગમાં ભણાવવા આવે ત્યારે ત્રણથી ચાર ઇંચનો સળગતો ટોટો મોંમાં રાખીને વર્ગમાં કામ કરે છે તે જોઇને કાચી સમજવાળા યુવાન ઉપર બહુજ ખરાબ અસર થાય છે અને સીગાર પીનારની સંખ્યા વધતી જાય છે. સાહેબ વિદ્યાગુરુઓ હિંદુ કે મુસલમાન વિદ્યાર્થીની લાગણી માટે જરા પણ દરકાર રાખતા નથી. તેમને વખતે વખતે કેમ તરછોડી કાઢવા તે તેઓ બરાબર જાણે છે. પારસી શિક્ષકો પણ તેમનું અનુકરણ કરે છે..... વિલાયતી ઢબના પોશાક પાછળ આપણો યુવાનવર્ગ ગાંડો બની મૂર્ખ અનુકરણ કરતાં શીખી ગયો છે. માતાપિતાની ખર્ચ કરવાની શક્તિ હોય કે ન હોય, પણ તેઓ તો સીનેમા ફિલ્મોના ઍકટરોની માફક ઓઢતા-પહેરતા અને રટાઇલથી લટકાં કરતા હરતાંફરતાં પોતાની જાતને જરા ઉંચી બનેલી માની લે છે. તેમનો પોશાકનો ખર્ચ, બાલની શોભાનો ખર્ચ, નવી ફેશનનો ખર્ચ-બધો મળી એટલો બધો થાય છે કે દેશની ગરીબી જોતાં તેમાં દીવાળિયાપણુંજ લાગે.....છતાં મારા એક પારસી શિક્ષક તો સમજાવે છે કે, ખાદી પહેરશો તો ઇંગ્લિશ નહિ આવડે!...બીડી પીવી તે તો આજના યુવાનોમાં સાધારણ વાત થઇ ગઇ છે અને હાલ સોમાં પંચોતેર ટકા પીતાજ હશે. દશ વર્ષ પછી કદાચ એકજ ટકો બાકી રહેશે...યુનિવર્સિટીની કેળવણીની ચક્કીમાંથી નીકળ્યા પછી તો આ મોજશોખનાં સ્વપ્નાંજ રહે છે ને નોકરીની શોધમાં રખડતાં ખર્ચ નિભાવતાં સોસો વાનાં વીતે છે. નિર્વાહનો પ્રશ્નજ ડોળા ફાડતો સામે ઉભો હોય તેને નવી શોધો, દેશસેવા કે ઉપાસનાની વાતો કેમ સૂઝે!'

એ ભાઇએ બીજું ઘણું લખ્યું છે જે વિષે આગલી મિજલસોમાં ખૂબ કહેવાઇ ગયું છે; પણ કેળવાયેલો યુવાન કેટલી રીતે દેશને બોજા રૂપ થઇ પડયો છે તેનો ખ્યાલ આપવાને સિંધની આર્ટ્સ, લૉ અને એન્જીનીયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ ૨૦ મી જુને પ્રિન્સિપાલ ગોખલેએ સજ્જડ દાખલાદલીલ અને ગણત્રી સાથે આંખ ઉઘાડી નાખે એવું જે વ્યાખ્યાન આપ્યું છે તે પશ્ચિમની ઉપરછલી રીતભાતો પ્રચારનારાની સામે ધરવા જેવું છે.

ઑકસફર્ડ અને કૅમ્બ્રિજના વિદ્યાર્થીઓની વાંદરિયા નકલ કરતાં સિંધના વિદ્યાર્થીને જોઇને અંગ્રેજો બહુ રમુજ મેળવે છે. સિંધની કૉલેજોના વિદ્યાર્થીઓ હૅટ, ભુરા કોટ, પિત્તળનાં બટન તથા ફલાનલનાં પહેરણો પહેરવામાં ને વિદ્યાર્થિનીઓ ઉંચી એડીનાં બૂટ વાપરવામાં શૂરાંપૂરાં છે. આપણા દેશની આબોહવા માટે પૂર્ણ અગવડરૂપ આ પોશાક સામે પ્રિન્સિપાલ ગોખલે (જે થોડાજ વખત પર વિલાયત જઇ આવ્યા છે) એ પોતાની જાતના દૃષ્ટાંતથી વિગ્રહ શરૂ કર્યો છે. ટર્મ ઉઘડતાંજ ત્રણે કૉલેજના ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓની સભા સમક્ષ પોતે એક ઝબ્બા જેવું પહેરણ (અદિયાર ઢબનું), ખેસ, ધોતી, લાલ દક્ષિણી જોડા સાથે ખુલ્લે માથે વ્યાખ્યાન આપવા રજુ થયા. તેમણે ચોખ્ખેચોખ્ખું જણાવ્યું કે, દેશને નુકસાનમાં ઉતારનારી રીતભાતો અને ખર્ચાળ ટેવો વિદ્યાથીઓમાં ઉતરે છે તે માટે તેમના ગુરુઓજ જવાબદાર છે. દેશમાં જે વખતે રાષ્ટ્રીયતાનાં પૂર ચઢે છે તે વખતે પ્રિન્સિપાલ ગોખલે જેવી ઉચ્ચ પદવીધર અને જવાબદાર વ્યક્તિ વિદ્યાર્થીઓ સમક્ષ સાદાઇનું દૃષ્ટાંત રજુ કરવા આગળ પડે એ વિદ્યાર્થીઓનું સુભાગ્ય છે. શાહી (ઇમ્પીરિયલ) એન્જીનીઅરિંગ ખાતામાંથી ફારગ થઈ તેમણે પોતે પોતાનું તત્ત્વ વ્યક્ત કરી શકે અને જોઈતી છૂટ ભોગવી શકે માટેજ સિંધ કૉલેજની જગ્યા સ્વીકારી, અને હવે વિદ્યાર્થીઓનાં જીવન ઘડવાનું કામ શરૂ કર્યું છે. દરેક જાતના આક્ષેપો સામે ટક્કર લેવાની વેગભરી મહારાષ્ટ્રી પ્રકૃતિવાળું તેમનું તેજસ્વી વ્યક્તિત્વ વિદ્યાર્થીઓપર જરૂર સજ્જડ છાપ પાડશે. એમના વ્યાખ્યાનનો સંદેશ એકજ હતોઃ- "મર્દ બનો." સિંધ આર્ટ્સ કૉલેજનો એ ધ્યાનમંત્ર છે. ત્યાંની એન્જીનીયરિંગ કૉલેજનો ધ્યાનમંત્ર છેઃ 'ટટ્ટાર ઉભા રહો, સીધી નજર રાખો, કામ કરો;' એટલે કે સદા ખડે પગે રહી એકચિત્તે પોતાનાજ કામમાં રત રહો. આવા મંત્રો સામે રાખનારા વિદ્યાર્થીઓ આગળ તેમણે નવું દૃષ્ટિબિંદુ રજુ કર્યું છેઃ "શી રીતે યોગ્ય જીવન ગાળવું; ખોરાક, નિવાસ ને વસ્ત્રો, એ ત્રણ ત્રણ ચીજો વિદ્યાર્થીને જોઇએજ. જીવનની એ ત્રણ મુખ્ય જરૂરિયાતો દેશની સામાજિક અને રાજકીય સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે જે રીતે પ્રાપ્ત થઇ શકે તેના આધારે તે મેળવવાનો વિચારક્રમ ગોઠવવો જોઇએ. દેશમાંથી જે મળી આવે તે પરજ તેણે સંતોષ લેવો જોઇએ. પોતાની ઉત્પન્ન કરવાની તાકાત કરતાં વધારે વાપરવાનું કોઈને પોસાયજ નહિ."

સામાન્ય રીતે કેળવાયેલો માણસ હાલની સ્થિતિમાં સમાજને નકામા બોજારૂપ લાગે છે. રાજકીય પરિસ્થિતિએ પોષેલી પરદેશી સામગ્રીથી ઝટ પૂરી પડતી કૃત્રિમ જરૂરિયાતોને લીધે તે ગરીબ ગામડિયાનો નાશ કરવામાં અને દેશના મૂળ પદાર્થોનો આર્થિક ઘસારો આપવામાં સાધન-રૂપ બની જાય છે. પ્રિન્સિપાલ ગોખલેએ ચોક્કસ ગણત્રીબંધ હકીકત સાથે બતાવી આપ્યું છે કે, પરદેશથી આવતી ચીજો વાપરનાર કેળવાયેલો વર્ગજ છે. હિંદુસ્તાનને તે માટે આટલું ખર્ચ રાખવું પડે છે. રૂા. ૧૬ લાખનાં બટાટાં, રૂા. ૮૬ લાખનો સૂકો મેવો હિંદ ખેતી પ્રધાન મુલક હોવા છતાં તેને રૂા. ૬૭ લાખ પરદેશી ઘઉં માટે અને રૂા. ૧૫ લાખ કઠોળ માટે બહાર મોકલવા પડે છે; અને આ ઓછું હોય તેમ પોતાના દેહમાં ઝેર ભરવા માટે તે દર વર્ષે રૂા. ૯૨ લાખનો બ્રાન્ડી રૂા. ૫૧ લાખનો વ્હીસ્કી તથા રૂા ૩૧ લાખનો સામાન્ય દારૂ મંગાવે છે. આ ઉપરાંત મોજમજા અને સ્વાદ માટે રૂા. ૧૦૧ લાખના પેટન્ટ ખોરાકો, રૂા. ૭૭ લાખનું ડબામાં જમાવેલું દૂધ, રૂા. ૪૮ લાખનાં બિસ્કિટ, રૂા. ૩૫ લાખની સંધરેલી માછલીઓ, રૂા. ૧૨ લાખની ચીઝ રૂા. ૧૦ લાખના મુરબ્બા રૂા. ૫ લાખની વિલાયતી ચટણીઓ, રૂા. ૨૫૦ લાખની સોપારી રૂ ૧૮૧૮ લાખની સાકર તથા રૂા. ૨૧૬ લાખની તમાકુ હિંદ મંગાવે છે.

ગરીબ માણસોને ઉપરની ચીજોની ભાગ્યેજ જરૂર પડતી હશે. આ બધાંનો મુખ્યત્વે ઉઠાવ કરનાર કેળવાયેલો વર્ગજ છે. હિંદુસ્તાન પોતાને ત્યાં પાકતું સરસ અનાજ હલકે ભાવે પરદેશ મોકલે છે અને વધુ ભાવ આપીને પરદેશનો ખોરાક ખરીદે છે. ઇંગ્લંડને એક રતલ ઘઉં એક આને વેચીને આપણે તે બિસ્કિટને રૂપે દોઢ રૂપિયે રતલને ભાવે ખરીદીએ છીએ, સાડાપાંચ આને વેચેલી તમાકુ સીગારરૂપે ૪॥ રૂપિયે પાછી લઇએ છીએ. સાફ થયા વિનાની ચા ૮૬૮ લાખની મોકલી પાછી આવતાં તે ઉપર ૨૩,૩૪૭ લાખ રૂપિયા ભરીએ છીએ. કપડાં ઉપર કેટલો વ્યય થાય છે તે વાત તો હજુ બાજુ રહે છે.

યુવાન વિદ્યાર્થીએ ભણવાના સમયમાં અને પછીની જીંદગીમાં આ આર્થિક ઘસારો ઓછો કરવા માટે બને તેટલા ઇલાજો લેવા જોઇએ. દેશમાં દૂધ જોઇએ એટલું તાજું મળે છે તો પછી ડબા-ઓની શી જરૂર ? અને બીજી ઘણીયે ચીજો દેશના ઉદ્યોગો મારફત મેળવી શકાય તેજ વાપરવાનો નિશ્ચય કાં ન થઇ શકે ? સમાજના કલ્યાણમાટે વિદ્યાર્થીઓની નીતિ અને દૃષ્ટિ એજ હોઈ શકે કે તેમણે દેશને વધારે આપીને થોડાથી પોતાનો નિભાવ કરી લેવો.

(શ્રાવણ-૧૯૮૪ ના "કુમાર"ની મીજલસમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯–આહારવિહારના સાદા સિદ્ધાંતોથી સર્વ દર્દોની દફનક્રિયા

ત્રીસ કરતાંએ વધારે વર્ષથી બનીર મેકફેડન વૈદ્યકીય ધંધાવાળાઓનો પાકો દુશ્મન થઇ પડયો છે. તેનું નામ લેતાં કોઇ ડૉક્ટરના મગજમાં કંપારી છૂટવા માંડે છે. તેના તરફ આ ડૉક્ટરોનો સખત તિરસ્કાર હતો. કારણ ફક્ત એટલુંજ હતું કે, મેકફેડન કુદરતી ઉપાયોથીજ દરદીઓને સારાં કરવા માગતો હતો. બચપણમાં પોતે એક માંદલો છોકરો હતો. અઢાર વર્ષની ઉંમરે તો દર્દે તેને ઘેરી લીધો હતો; પરંતુ કુદરતી ઉપાયો અને ખોરાકથીજ તેણે પોતાની જીંદગી સુધારી હતી અને ત્યારથી તે કુદરતનો ભક્ત બન્યો હતો.

પ્રચારકાર્ય

ડૉક્ટરોને આ પાલવે તેમ ન હતું. તે શીતળાની રસી મૂકાવવાની પણ વિરુદ્ધ હતો. આ તો જમાનાની મહાન શોધ ગણાતી. વૈદ્યકીય સારવારવિના સારા થવાય છે, એમ તે લોકોને સમજાવતો. આથી તો ડૉક્ટરો બળી મરતા અને કહેતા કે, મેકફેડનના વિચારો છોકરશાઇ, મૂર્ખાઇભરેલા અને કેવળ નકામા છે. મેકફેડન એકલા વિચારોથી સંતોષ પામે તેવો ન હતો. સાહિત્યના ક્ષેત્રમાં પણ તેણે ઝંપલાવ્યું હતું; પરંતુ તે પોતાના વિચારોના પ્રચારપૂરતુંજ પુસ્તકો અને માસિકોદ્વારા પોતાનું સ્થાન મજબૂત બનાવતો હતો. ગમે તેટલો વિરોધ છતાં તે તો આગળજ ધપ્યે જતો હતો.

ડૉક્ટરો સામે વાંધો નથી.

મેકફેડનને ડૉક્ટરો સામે કંઇ દ્વેષ નથી. ઉલટું તેમણે માણસજાત માટે દાખલ કરેલ કેટલાક સુધારા માટે તેને માન છે. કેટલાક ડૉક્ટરો તો તેના મિત્રો છે; છતાં પણ તે છેલ્લાં ત્રીસ વર્ષોથી ઔષધની વિરુદ્ધ સતત પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે. આનું કારણ ફક્ત એટલુંજ છે કે, પદ્ધતિસરનાં ઔષધની સત્તા એક ડૉક્ટર ઉપર અજબ છે અને તેનાં મૂળ તત્ત્વમાં વ્યાપારી દૃષ્ટિનો સમાવેશ થાય છે. ઉપરાંત કાયદાઓમાં અને રાજદ્વારી ક્ષેત્રોમાં પણ તે ઘુસેલ છે અને આને લઇનેજ મેકફેડન તેની વિરુદ્ધની પોતાની પ્રવૃત્તિઓનો પ્રચાર કરવા માગે છે.

ચૂસ્ત હિમાયતી

સકારણ અને વ્યાજબી રીતેજ તેણે આ કાર્ય ઉપાડી લીધેલ છે. પોતાના માસિકનો બહોળો ફેલાવો કરવા માટે સણસણાટીવાળી કોઇ વસ્તુનો ઉપયોગ કરવા તે માગતો નથી. શારીરિક સુધારાનો તે ચુસ્ત હીમાયતી છે. વૈદ્યકીય સુધારાએ લોકોમાંથી જે ખરૂં સત્ય હતું તેનો નાશ કરેલ છે અને તેને બદલે વિચિત્ર દશા ઉત્પન્ન કરેલ છે. આ સ્થિતિ સામાજિક સુધારાઓ અને મનુષ્યજાતિની તંદુરસ્તીની વિરુદ્ધ હોવાથી આ ઝુંબેશ ઉઠાવવાનું તેને કારણ મળેલ છે. ઘણાએ ડાક્ટરોની પ્રથાઓ ખોટી છે અને પોતાની કુદરતી રીતો વધારે સારી છે, તેમ મેકફેડન માને છે. વર્ષોના અનુભવ પછી ડૉક્ટરોને પોતાના મતને મળતા થતા તેણે જોયેલા છે. કુદરતના આ હીમાયતીની માગણીઓના અખતરા થવા જોઇએ, પરંતુ વૈદ્યકીય ધંધા તરફથી આમ કદી થવા પામેલજ નથી.

ડૉક્ટરોનો રોલ

ડૉક્ટરો કોઇ વખત ખરા પડતાં તેઓ મેકફેડનની જાળમાંથી લોકોને મુક્ત કરવા મંડી પડતા. બન્ને બાજુ તરફ જોતાં આ બાબતમાં ખરા–ખોટાનો સવાલ ઉભોજ રહેતો. કોઇ બાજુથી ખરી વસ્તુ બહાર આવતીજ ન હતી. આથી ડૉક્ટરો તરફથી તેને ઘણુંયે સહન કરવું પડતું. તેના કોઇ પુસ્તક તરફ તેઓ ખુની દૃષ્ટિથી જોતા. મેકફેડન એકાદ વખત જેલજાત્રા કરતાં બચી ગયો હતો અને એકાદ વખત તો બે વર્ષ માટે તે કરી આવ્યો પણ હતો.

ડૉક્ટરોનું સ્થાન

અમેરિકામાં ડૉક્ટરો સામે કોઇ વ્યક્તિએ ઝુંબેશ ઉઠાવવી તે એક ખરેખર કઠિન કામ છે. ડૉક્ટર ને ધર્મગુરુ બન્નેની ત્યાં સરખીજ ગણના થાય છે. આને લીધે સમાજમાં ડૉક્ટર બીજાઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂદો પડે છે. તેનું જ્ઞાન અગાધ હોય છે, તેની સમજ સંપૂર્ણ છે, આપણે તેને કંઇ સવાલ કરી શકીએજ નહિ; કારણ કે આટલી બધી સત્તા તેમના હાથમાં સંભવીજ શકે નહિ. આપણે આપણી તંદુરસ્તી-આપણી જીંદગી પણ કંઈ પણ સવાલવિના આપણે તેમના હાથમાં સોંપી દઇએ છીએ. આપણને તો ફક્ત તેમના સામું ડાચું ફાડીને જોઈ રહેવાનુંજ છે; કારણ કે આપણે ધંધાથી અજ્ઞાન છીએ. મેકફેડન આ ભ્રમણાનો નાશ કરવા માગે છે. ડૉક્ટરો કંઇ જાણતા નથી તેમ તેને ખાત્રી થાયછે. આને લઇનેજ અમેરિકન મેડીકલ એસોસીએશન તેને ચૂપ કરી દેવા માગે છે.

આપણી મનોદશા

માંદા પડતાંજ આપણું મન ડૉક્ટર તરફ વળે છે. ડૉક્ટરોમાંથી વિશ્વાસ છોડવા આપણે માગતાજ નથી, મનના સંતોષ અને શાંતિને વાસ્તે ડૉક્ટરજ છે. આવી નિર્બળ મનોદશાને લઇનેજ આમ બને છે; પરંતુ મેકફેડનના મત પ્રમાણે તમે તમારા શરીરનેજ તક આપો અને તે રોગને આપોઆપ મટાડશે. આટલા માટેજ ડૉક્ટરો આ માણસને ભયંકર ગણે છે.

એકજ સિદ્ધાંત

છેલ્લાં ત્રીસ વર્ષોમાં ડૉક્ટરોએ ઘણી નવી શોધો કરી જૂનીનું સ્થાન તેમને આપેલ છે, જ્યારે મેકફેડનનો સિદ્ધાંત જેનો તેજ રહેલ છે. તેજ સાબીત કરે છે કે, પોતાના વિચારોમાં તે કેટલો મક્કમ અને આગળ વધેલો છે. બહારની અડચણો દૂર થતાં શરીર જે એક જીવંત વસ્તુ છે તેને પોતાની મેળે પોતાની ગોઠવણ કરી લેવાની શક્તિ છે તેમ મેકફેડન જણાવે છે. શરીરની કુદરતી સ્વતંત્રતામાં આડે આવતી અગવડતાઓ દૂર કરવા માટેનાજ તેના પ્રયાસો છે અને ખોરાકને તેના પાયારૂપ તે ગણે છે.

ખોરાક અને ઉપવાસ

ખોરાક અને ઉપવાસ, આ બે વસ્તુઓ ઉપર મેકફેડનની પદ્ધતિની રચના થયેલ છે. વૈદ્યકીય વર્ગે પ્રથમ તો આની અવગણના કરેલી, પરંતુ અત્યારે મહાન વિજ્ઞાનીઓએ અખતરાઓથી સાબીત કર્યું છે કે, ઉપવાસની આવશ્યકતા છે. મેકફેડનના સિદ્ધાંતનો ઠેરઠેર ઉપયોગ થાય છે. ખોરાક વધારે લેવાતાં શરીરની બધી શક્તિઓ તેને પચાવવામાં રોકાઇ જાય છે; માટે જ્યારે ઓછો ખોરાક લેવાય છે ત્યારે આ શક્તિઓને શરીર સુધારવા માટે અવકાશ રહે છે. અત્યારે જે સામાન્ય ટેવ છે તેના કરતાં ઘણા ઓછા ખોરાકની જરૂર છે. ખોરાક શરીરને નુકસાનકર્તા ન હોતાં સાદો હોવાની આવશ્યકતા વિશેષ છે; અને એટલું તો ચોક્કસ છે કે, થોડું ખાવાથી તેમજ વ્યાજબી ખોરાક લેવાથી મંદવાડમાંથી બચી શકાશે અને શરીર અસલ સ્થિતિપર આવી શકશે. કાંઇ ગડબડાટ થતાં ઉપવાસ કરો. શરદી પણ ઉપવાસથી મટી જાય છે. પ્રથમ તો આને હાંસીપાત્ર ગણવામાં આવેલ, પરંતુ ૨૪ કલાકના ઉપવાસથી શરદી મટાડી શકાય છે તેમ મેકફેડને બતાવી આપેલું છે.

એક દૃષ્ટાંત

શિકાગો યુનિવર્સિટીમાં એક માણસે એક જંતુ જેની જીંદગી ફક્ત ૨૪ કલાકનીજ હોય છે તેના ઉપર ઉપવાસનો અખતરો અજમાવેલો કેટલાંક આવાં જીવડાંઓને તેણે ખોરાકવિનાનાં પૂરી રાખ્યાં હતાં. નવાઇ તો એ હતી કે, આથી આ જીવડાંઓ ૧૫ દિવસ જીવ્યાં. સાધારણ રીતે ખોરાક લેતાં તેઓ ૨૪ કલાકમાં મરી જતાં-વગરખોરાકે તેઓની જીંદગી ૧૫ દિવસની થઇ. આવીજ રીતે મનુષ્ય જો ખોરાકના સિદ્ધાંત સમજી જાય તો પોતાની જીંદગી બચાવી શકે. મેકફેડન જણાવે છે કે, ઉપવાસમાંજ તેને કાયમની યુવાનીનું રહસ્ય રહેલું જણાયેલ છે.

ખોરાકવિના માણસ મરતો નથી:

એકદમ ભૂખમરો વેઠવો તે મૂર્ખાઇભરેલું છે, પરંતુ થોડા વખત પહેલાં જેમ લોકો માનતા કે, એ કે ત્રણ દિવસ ખોરાક ન લેવાથી માણસ મરી જાય છે, તેવું કંઈ નથી. કેદીઓની હડતાળ ઉપરથી સમજાશે કે, એક મહીનો ખોરાક ન લેવા છતાં કંઇ ખરાબ અસર થતી નથી. ત્રણ દિવસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી ત્રણ અઠવાડિયાં સુધી ઉપવાસ કરવા તે ટેવાઇ ગયેલા માટે કંઇ વીસાતમાં નથી. બર્નાર મેકફેડનેજ આ સૂચન કરેલ છે; એટલુંજ નહિ પરંતુ કેટલાએ વિજ્ઞાનીઓએ આને ટેકો આપેલ છે. શિકાગો યુનિવર્સિટીના ક્લાસમાં એક અખતરો થયો હતો. છોકરાઓએ અને છોકરીઓએ એક અઠવાડીઆ સુધી ખોરાક લીધો ન હતો; છતાં તેઓને પોતાના હંમેશના કામકાજમાંથી જરા પણ પાછા હઠવાની જરૂર જણાઇ ન હતી. ઉલટું તેઓ પોતાનું કામ સરસ અને ઉમંગથી કરી શકયાં હતાં.

ઉપવાસથી બળ ઘટતું નથી.

મેકફેડનને આમાં કંઇ નવીન લાગતુંજ ન હતું. આની શોધખોળના ઇતિહાસમાં તેણે એક દાખલો આપેલો છે. જયોર્જ હેસ્લર નામનો તેનો એક નોકર એક વાર શિકાગોથી પીટર્સબર્ગ એટલે ૫૦૦ માઇલ બે અઠવાડીઆમાં પગે ચાલીને આવ્યો હતો. આ બે અઠવાડીઆમાં તેણે પાણી-સિવાય કંઇ લીધું ન હતું; છતાં પણ તે મુસાફરી પછી આનંદી, તંદુરસ્ત અને જેવો ને તેવો ખડતલ જણાયો હતો. "ફીઝીકલ કલ્ચર" નામના માસિકમાં થોડા વખત પહેલાં આને માટે કેટલાએ અખતરાઓનાં પરિણામ જણાવવામાં આવ્યાં હતાં. ડૉકટરોએ સાબીત કર્યું હતું કે, બે અઠવાડીયાંના ઉપવાસથી એક ૪૦ વરસના માણસના શારીરિક તંતુઓ યુવાન માણસના જેવા થોડા વખતને માટે બની જાય છે.

ઉપવાસથી ઘણાં દરદો મટે છે.

મેકફેડને ઉપવાસનો સિદ્ધાંત પ્રચલિત કરવાથીજ ડૉકટરો તેની સામે ધુરકી ઉઠયા હતા. તે જણાવે છે કે, દવાથી અસાધ્ય એવાં કેટલાંએ દર્દો ઉપવાસથી મટે છે. અગર તો તે મટાડવામાં ઉપવાસથી સહાનુભૂતિ મળે છે. દમ, ઉધરસ, કબજીઆત, પ્રમેહ, સ્ત્રીઓનાં દર્દો, સંધીવા, હોજરીનાં દર્દો વગેરે કેટલાએ રોગો આથી મટાડી શકાય છે. ડૉકટરો આથી રોશે ભરાય તેમાં કંઇ નવાઇ જેવુંજ નથી. બળતામાં ઘી હોમવા જેવું એ થયું કે, મેકફેડને જણાવ્યું કે ઉપવાસથી ગરમી તેમજ કેન્સરના રોગો પણ મટી શકે છે. ઉપવાસ અને દૂધના ખોરાકથી પોતે ઉપલા રોગો દૂર કરેલા છે એમ જણાવતાં તે ડૉકટરો ભભુકી ઉઠે છે. સેંકડો અખતરાઓ પછીજ મેકફેડન પોતાનો સિદ્ધાંત બહાર પાડે છે, જ્યારે ડૉકટરોનો કેવળ બકવાદજ હોય છે.

સિદ્ધાંતનું પૃથક્કરણ

ખોરાક બંધ કરતાંજ શારીરિક યંત્રકામ શરીરમાં રહેલ વધારાનાં તત્ત્વોને ખલાસ કરવા માંડશે. વધારાની ચરબી અને જ્યાં રોગ શરીરને પીડે છે તે જગ્યાના ખરાબ પદાર્થને તે હજમ કરી જશે. આથી ઉપવાસ દરમિયાન જ્યારે દર્દી પાતળો પડવા માંડે છે ત્યારે એમ નથી સમજવાનું કે તેનું માંસ ઓછું થાય છે; પરંતુ ખરી વાત એ છે કે, જે દર્દથી તે પીડાતો હોય છે તે ઓછું થવા માંડે છે. ઘણું વજન ઓછું થાય ત્યાંસુધી આ પ્રમાણે ચાલે છે. ત્યારબાદ ચોક્કસ રીત પ્રમાણે દૂધનો ખોરાક આપવામાં આવે છે. વૈદકશાસ્ત્રીઓ આને વિજ્ઞાનથી વિરુદ્ધ હોવાનું જાહેર કરે તેથી શું વળવાનું હતું? મેકફેડનના અખતરા ચોક્કસ છે. આ રીતે તેણે ઘણાઓને સારા કરેલ છે.

દૂધની ઉપયોગિતા

દૂધની બાબતમાં મેકફેડન ચોક્કસ રીતે જણાવે છે કે, તેની શરીરસુધારક પદ્ધતિમાં તેનો પણ મુખ્ય હિસ્સો છે. કોઈ પણ વસ્તુ કરતાં દૂધ વધારે ઉપયોગી અને ફાયદાકારક છે. આને તે સંપૂર્ણ ખોરાક જણાવે છે. અંગત તેમજ હજારો દર્દીઓ ઉપર અખતરા કર્યા પછીજ તેણે પોતાનો આ મત પ્રદર્શિત કરેલ છે. રોગ મટાડનાર અને શરીરને સુદૃઢ બનાવનારતરીકે દૂધનું પ્રથમ સ્થાન છે. તે એકલું પૌષ્ટિક અને જગતભરમાં એક સચોટ દવા છે.

કસરતની જરૂર

કસરતની જરૂર તો છેજ એમ તેનું પણ માનવું છે. બધી કસરતોમાં તે ચાલવાની કસરતને મુખ્ય સ્થાન આપે છે. ખોરાક, ઉપવાસ અને કસરત ઉપરાંત સરસ રીતે નાહવાની તેમજ તડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામાં ખુલ્લા શરીરે રહેવાની પદ્ધતિ-આટલી વસ્તુઓ શરીરની સુધારણામાટે મુખ્ય છે. આટલી વસ્તુઓનો સમજપૂર્વક ઉપયોગ થતાં કોઈ પણ રોગ અસાધ્ય રહેતો નથી.

પોતાના વાળ ખરી પડવા માંડતાં તેણે આ કુદરતી પદ્ધતિથી તેનો ઉપાય યોજ્યો હતો અને વાળ જાળવી શક્યો હતો. પૂફના હદ ઉપરાંતના વાચનથી તેની આંખો નબળી પડી હતી; પરંતુ આ ગુમાવેલી શક્તિ તે પાછી મેળવી શક્યો હતો. આમાં ડૉક્ટરો તેમજ દવાનો લેશમાત્ર પણ ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

ખરૂં રહસ્ય

મેકફેડને પોતાની આ કુદરતી પદ્ધતિથી કોઇ પણ વસ્તુનો નીવેડો લાવવો બાકી રાખેલ નથી. દરેક રોગને માટે તે કંઇને કંઇ ઉપાય બતાવેજ છે. ખોરાક તૈયાર કરવાની આખી રીત તેણે જણાવેલી છે અને તેને સારો આદર મળ્યો છે.

આ બધું છતાં ડૉક્ટર લોકો આ પદ્ધતિથી, મેકફેડનના નામમાત્રથી વિરુદ્ધ હતા. આનું ખરૂં કારણ તો શું છે તે કહી શકાય તેમ નથી; છતાં એટલું તો સત્ય છે કે, તેમણે મેકફેડનના સિદ્ધાંતો તરફ દુર્લક્ષ કરેલું છે. તેની ચકાસણી કરી જોઇ નથી. કુદરતી પદ્ધતિની અવગણના શામાટે થવી જોઇએ? એજ મેકફેડનનો વાંધો હતો. આમાં ગમે તેમ હોય. મેકફેડનને આ લોકો તરફથી ઘણુંયે સહન કરવું પડયું હતું; છતાં પણ તેના સતત પ્રયાસ અને અગાધ મહેનતના પરિણામરૂપ જે સરસ અને સાદી તેમજ કુદરતી રોગો મટાડવાની પ્રથા તેણે જનસમાજ સમક્ષ સાદર કરેલ છે, તેનો યથાર્થ ઉપયોગ તેની સાચી કિંમત સમજાવ્યા વિના રહેશે નહિ.

(તા.૮-૨-૧૯૨૯ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૩૦-પોલાંડની પ્રતિભાવાન પુત્રી મેડમ ક્યુરી

વિજ્ઞાને શોધેલી આધુનિક જગતની અદ્ભુત ચીજોમાં રેડિયમ સર્વોપરિ સ્થાન ભોગવે છે. વિજળી અને ગરમી ઉત્પન્ન કરવાની અખૂટ અને અવિરત શક્તિ ધરાવનારૂં એ તત્ત્વ આજ કરોડો વર્ષોથી પૃથ્વીના પેટામાં ખનીજો સાથે અદૃષ્ટ ને અજ્ઞાત પડેલું હતું; ત્યાંથી તેને આટલાં વર્ષ પછી શોધી કાઢી માનવજગત આગળ મૂકવાની પ્રતિભા દાખવનાર એક સ્ત્રીવિભૂતિ-પોલાંડ દેશની તેજસ્વી પુત્રી મૅડમ ક્યુરી છે. વિશ્વદેવના અગ્નિ જેવા એ રેડિયમના જેટલીજ અદ્ભુત તે જીવનદાયી, તેની શોધક મૅડમ ક્યુરીની પણ કથા છે.

પાંચ ભાંડુમાં સૌથી નાની એ મેરીનો જન્મ પોલાંડની રાજધાની વૉર્સોમાં ૧૮૬૭માં થયો. એનો પિતા મિ. સ્કલોડોવ્સ્કી વૉર્સોના એક વિદ્યાલયનો વિદ્વાન અધ્યાપક હતો. એની માતા કન્યાશાળાની અધિષ્ઠાત્રી હતી. આ શિક્ષક દંપતી પોતાનો સઘળો વખત બાળઉછેર અને બાળ-કેળવણી પાછળજ રોકતું અને એમનું ગૃહજીવન શાન્ત, રસભર્યું ને સુખી હતું.

છ વર્ષની વયે મેરી નિશાળે બેઠી. સ્વભાવે તે સસલા જેવી શરમાળ અને બીકણ હતી. સરખી બહેનપણીઓ સંગાથે પણ મેરીનું મોં સૌની પાછળ અર્ધું પર્ધું જ દેખાય. 'આગળ ન પડવું' એ એના મનની મોટામાં મોટી હોંશ, પણ મેરીના શિક્ષકો એમ એને પાછળ રહેવા દે તેવા ન હતા. જ્યારે જ્યારે કોઇ સજ્જન શાળાની મુલાકાત લેવા આવતા ત્યારે ત્યારે કવિતાના મુખ-પાઠ માટે કે ઉત્તમ વાચન માટે આ શરમાળ કન્યાનેજ ઉભી કરવામાં આવતી. બાપડી મેરીને તો તે ઘડીએ આકાશ પાતાળ એક થઇ જવા જેવું થતું, અને ઘણી વાર તો એવી આફતની પળે એ નાસી છૂટવાનુંયે કરતી. મનગમતી મઝા તો એને માને પડખે બેસી વાર્તાઓ સાંભળવામાં પડતી. વાર્તાઓનો એને અજબ શોખ હતો અને એ વાર્તાઓ પણ કેવી? પરીઓ ને રાક્ષસોની કલ્પના-કથાઓ નહિ, પણ કુદરતની અજાયબીઓની, સંસારની ખુબીઓની, પ્રકાશ, તારા અને વાદળાંઓની, ખડકો અને મેઘધનુષ્યોની-એવી જગતનાં વિસ્મયોની સાચી કથાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મેરીનું આ સુખ ઝાઝું ન ટકયું. નવ વર્ષની માંડ થઇ હશે ત્યાં એની માતા પરલોકવાસી થઇ, બધાંજ બાળકોને માની ખોટ તો પડી; પણ મેરીના દુઃખનો પાર ન હતો. એટલામાં આ એક ઘા ઉપર વળી બીજી આફત આવી. બાળક મેરીને પોતાની પ્રિય શાળા અને મમતાળુ શિક્ષકોને છોડી રશિયન શાળામાં ભણવા જવાનું થયું. પોલાંડ એ કાળે રશિયાના પંજા નીચે પરતંત્ર હતું અને આ રશિયન સ્કૂલો પોલાંડ દેશના સ્વતંત્ર પ્રાણને હણનારી સંસ્થાઓ હતી. શિક્ષકો વિદ્યાર્થીવર્ગને શત્રુ જેવા ગણતા. તેઓ એમના તરફ સદા શંકાની નજરે જોતા અને તેમના ખાનગી જીવનની પણ જાસુસી રાખતા. આવા કરડાકીભર્યા દબાણ વચ્ચે વિદ્યાર્થીઓનો બધો આનંદ ઉડી જતો. પોલાંડનું ઉછરતું કૌમાર તો સ્વદેશપ્રેમે ચમકી રહ્યું હતું અને નાનકડી મેરીનું હૃદય પણ રાષ્ટ્રીય લાગણીના જોરે જોસભેર ધબકતું, એટલે રશિયન શાળાનું ભણતર એને કારમા કંટક સમ થઇ પડયું.

આ કપરા શાળાજીવનમાં માત્ર હમેશાં સાંજનો સમય એની જીંદગીમાં આશીર્વાદરૂપ થઇ પડતો. સાંજ પડયે મેરી પોતાનાં ભાઇબહેન જોડે ખેલતી અને કયારેક બાપની જોડે વાતચીતે ચઢતી. મી. સ્કલોડોવ્સ્કીને પણ વિદ્યાનો મૂળથીજ શોખ હતો. એ પોતે કવિતા લખતો અને પરભાષાનાં સુંદર કાવ્યોને પોલિશમાં ઉતારતો પણ ખરો. પોતાના ગૃહજીવનના પ્રસંગોપર રચેલાં એનાં કાવ્યો ઘરમાં બાળકોને અતિ પ્રિય થઇ પડયાં હતાં. આમ મેરી બાળપણમાંથીજ કવિતાના સંસ્કાર ઝીલતી થઈ અને ફ્રેન્ચ, જર્મન ને અંગ્રેજી ભાષાના સાહિત્યનો પણ એને સારી પેઠે પરિચય થઇ ગયો; તોપણ એને પરમ પ્રિય એવા બે વિષયો તો હતા ગણિત ને ભૌતિકશાસ્ત્ર. એના જીવનનું મોઘેરૂં સ્વપ્ન હતું પોતાની વિદ્યાના પોતે પ્રયોગો કરે તેવી એક અચ્છી પ્રયોગશાળાની સ્વામિની બનવાનું; પણ એ સ્વપ્ન સિદ્ધ થતાં તો બહુ વાર લાગી.

દરમિયાન એનો શાળાનો અભ્યાસ હવે પૂરો થવા આવ્યો હતો. પંદરમે વર્ષે મેરીએ શાળા છોડી. એજ અરસામાં એના પિતાનું આરોગ્ય લથડયું. આરામની એને જરૂર હતી, પણ કુટુંબની આવક થોડી, એટલે ગુજરાન ચલાવવા પૂરતું મેરીએ કામ શોધ્યું. પ્રાંતના એક ગામડામાં કોઇ શ્રીમંતનાં છોકરાંની સંભાળ લેનારતરીકે તે રહી. ઘર છોડતી વેળા એનું હૃદય ભરાઇ આવ્યું ને ગાડીમાં બેસતાં મેરી ગળગળી થઇ ગઈ.

જે બાળકોની એને સંભાળ લેવાની હતી તેમાંનું સૌથી મોટું મેરીની ઉંમરનુંજ હતું, એટલે આ બધાંના શિક્ષક થવાને બદલે તે એમની મિત્ર બની ગઈ. થોડાજ વખતમાં સૌ બાળકોનાં દિલ એણે જીતી લીધાં. અહીં મેરીએ વળી ગામડાંનાં બીજાં બાળકો માટે ખાનગી નિશાળ પણ કાઢી. રશિયન સરકારને જાણ ન પડે તેવી રીતે એ કામ એને ચુપકીથી ને ભારે ભયમાં કરવાનું હતું. જો સરકારને આ બાબતની ખબર પડી હોત તો મેરીને જેલવાસ કે દેશવટો મળત.

આ બધા કામ ઉપરાંત રાતનો વખત એ પોતાનો અભ્યાસ આગળ ધપાવવામાં ગાળતી. જ્યારે ઘર આખું આરામની ઉંઘ લેતું ત્યારે જિજ્ઞાસુ મેરી આતુર નજરે વિજ્ઞાનની ચોપડીઓનાં પાનાં ઉકેલતી. એ વખતે એને હાથ પડેલાં એ પુસ્તકો જેવાંતેવાંજ હતાં અને એનું જ્ઞાન બહુજ અપૂર્ણ હતું; પણ આ પ્રવૃત્તિમાં એને સ્વતંત્રપણે કામ કરવાની જે ટેવ પડી એ એના ભાવિ જીવનમાં ખપ આવનારો મોટો લાભ થયો.

ચાર વરસ પછી મેરી ગામડામાંથી વૉર્સો પાછી આવી. અહીં પિતાની સિફારશથી દર રવિવારે એક પ્રયોગશાળામાં કામ કરવા જવાની સગવડ તે મેળવી શકી. બાકીના દિવસોમાં તેને રોજી કમાવા સખત કામ કરવું પડતું, છતાં પોતાના જીવનનું પ્રયોગશાળાનું સ્વપ્ન આટલું-યે ફળતું જોઇ તે બહુ ઉત્સાહિત થઇ.

આ અરસામાં પોલાંડના કેટલાક વિદ્યાર્થીઓએ પ્રજાની બુદ્ધિશક્તિ અને ચારિત્ર્યબળ ખીલવી તેને તેજસ્વી બનાવવા માટે એક ગુપ્ત મંડળ કાઢયું. મેરી આ મંડળમાં જોડાઈ અને ખૂબ ઉત્સાહથી આગળ પડતો ભાગ લેવા માંડી. રોજ રાત્રે ભરાતા તેના ગુપ્ત વર્ગોમાં તે નિયમિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતી. પોતે આગળ શીખતી અને બીજાઓને શીખવતી. સ્વદેશને માટે જ્ઞાનસમૃદ્ધ થઇને પળ આવ્યે તેને અર્પણ થવાના એના અભિલાષ હતા. આજ પણ એ કહે છે કે, મારા જીવનના એ સૌથી મોંઘેરા પ્રેરણાકાળે મારા અંતરમાં જે જ્વલંત વિચારો પ્રગટ થયા એજ માનવજાતના કલ્યાણમાં ઉપયોગી નીવડ્યા છે. એક એક વ્યક્તિને કેળવી કમાવીને તેનો વિકાસ કરો એટલે નવું જગત એની મેળે જન્મશે.

અંતે મેરીની લાંબા સમયની આકાંક્ષા પાર પડી. એણે કામ કરી કરીને થોડાક પૈસા બચાવ્યા હતા તે વડે તે આગળ અભ્યાસ માટે પારીસ ગઇ. એક મકાનને છઠ્ઠે માળે છેક ઉપરનું નાનકડું કાતરિયું ભાડે રાખી તે રહી. શહેરમાં ખાનગી શિક્ષણો આપી તે ગુજરાન ચલાવતી અને અવકાશના થોડા સમયમાં રાતના ઉજાગરા ઉમેરી વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષા માટે તૈયારી કરવા લાગી. એ નાના અંધારા કાતરિયામાં સુખ-સગવડની તો કલ્પના પણ ક્યાંથી હોય? ઠંડી ઓછી લાગે તથા જરા ઉંઘ આવે તેટલા માટે પોતાનાં હતાં તેટલાં બધાં કપડાં લઇ મેરી પથારી-ઉપર પાથરતી. કાતરિયામાં ગરમી રાખવા માટે લોઢાનો ચૂલો તો હતો, પણ કોલસા છ સીડીઓ ચઢાવીને લાવવા પડે; અને ક્યારેક તો કોલસા વેચાતા લેવાને પૈસાજ ન હોય! પોતાની રસોઇ પણ એક સ્પિરિટ-લેમ્પ ઉપર તે આછીપાતળી કરી લઇ ચલાવી લેતી. દુઃખના આ દોહ્યલા દિવસોમાં પણ મેરીનો ઉત્સાહી આત્મા સુખી રહેતો. સદાકાળ અભ્યાસમાં તે લીન રહેતી. જાણે નવીજ દુનિયામાં વસતી હોય! બે વર્ષ વીત્યે મેરી પોતાના પ્રિય વિષયોમાં સ્નાતક થઇ.

પારીસની વિખ્યાત યુનિવર્સિટી-સોરબોંની પ્રયોગશાળામાં હવે એને પ્રવેશ મળ્યો. ત્યાં ભૌતિકશાસ્ત્રના પ્રૉફેસર પીએરે ક્યુરી પાસે તે પ્રયોગશાળામાં કામ કરવા રહી. એ દરમિયાન પ્રૉફેસર ક્યુરી સાથે એને પ્રેમ બંધાયો. વિજ્ઞાનપ્રેમ એ એમના સંબંધનું મૂળ હતું. પરિચય વધતાં તેઓ પરણ્યાં અને પારીસમાં ગૃહસંસાર શરૂ થયો. પ્રૉફેસર સાહેબનો પગાર ઓછો હતો એટલે બંને જણને સખત કામ કરવું પડતું. ઘરકામ અને રસોઇ મેરી(હવે તો મેડમ ક્યુરી)ને માથે હતાંજ; તે ઉપરાંત એ પોતાના પતિને પ્રયોગશાળાના કાર્યમાં પણ મદદ કરતી અને પોતે પણ પ્રૉફેસરની પદવી મેળવવા આગળ અભ્યાસ ચલાવતી. લગ્ન પછીનેજ વર્ષે તેને એ પદવી ઘણા માન સાથે મળી. આટલા કામમાં પણ એ દંપતી રવિવારો ને તહેવારોમાં સાઇકલપર શહેર-બહારની કુદરતમાં લટાર લેવા નીકળી પડતાં, ફ્રાન્સના કોઈ શહેરમાં ફરી આવતાં કે વૅકેશનમાં પોલાંડ જતાં. હવે તો પ્રૉ. ક્યુરીએ પણ સમજવા પૂરતી પોલિશ ભાષા શીખી લીધી હતી.

ઇ. સ. ૧૮૯૭ માં એમને ઘેર પ્રથમ બાળકનો જન્મ થયો. આયા રાખી શકે એવી એમની સ્થિતિ નહોતી, એટલે બાળકની બધી સંભાળ માતાને માથે રહી. સદ્ભાગ્યે મૅડમ ક્યુરીના સસરા એમની જોડે રહેવા આવ્યા, એટલે જ્યારે મેરી પ્રયોગશાળામાં કામે ચઢતી ત્યારે નાના બાળકને દાદાજી રાખતા.

આ અરસામાં પ્રૉ. હેન્રી બેકેરલ નામનો વિખ્યાત ફ્રેંચ વિજ્ઞાની યૂરેનિયમ ધાતુના ક્ષારવડે નવા પ્રયોગો કરી રહ્યો હતો. પ્રકાશ ભેદી ન શકે એવા કાળા કાગળથી મજબૂત વિંટેલી ફોટોગ્રાફિક પ્લેટ ઉપર એ યૂરેનિયમ ક્ષાર મૂકવાથી જાણે પ્રકાશ પડ્યો હોય તેમ તેની અસર એ કાગળ સોંસરી ફોટોપ્લેટ પર થતી. યૂરેનિયમનાં આ અદ્ભુત તેજકિરણોની બાબતમાં ક્યુરી દંપતીને રસ પડ્યો અને તેમણે એ વિષયના ખાસ અભ્યાસ તથા પ્રયોગો કરવા માંડ્યા. તરત મૅડમ ક્યુરીએ શોધી કાઢ્યું કે, થોરિયમ નામની ધાતુવડે પણ આજ પ્રયોગ થઇ શકે છે. આ યૂરેનિયમ અને થોરિયમનાં તેજકિરણોનો એ આગળ અભ્યાસ કરવા જતી હતી, એવામાં એણે એક વળી નવી શોધ કરી. અસંખ્ય બીજાં ખનીજોનો અભ્યાસ કરતાં તેમાંની કેટલીકમાં એને એક અદ્ભુત તત્ત્વ મળી આવ્યું. આ ખનીજોમાં જોકે યૂરેનિયમ કે થોરિયમ બેમાંથી એકેયનો અંશ ન હતો, છતાં યૂરેનિયમના કરતાં વધુ તેજસ્વી ને ચૈતન્યવાળો પદાર્થ એણે શોધી કાઢ્યો અને એનું નામ, પોતાના દેશ પોલાંડના નામના સ્મરણતરીકે પોલોનિયમ રાખ્યું; પણ હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધખોળ તો ચાલુજ હતી અને એ પોલોનિયમ પર આગળ પ્રયોગો કરતાં એ દંપતીને એક વિશેષ નવું તત્ત્વ મળી આવ્યું. એનું નામ તેમણે રેડિયમ રાખ્યું.

પરંતુ એમ એટલી શોધ કરીને-રેડિયમ નામનું એક તત્ત્વ છે એટલું શોધીને-જ બેસી રહે એ કામ પતે એમ ન હતું. કાચી ધાતુઓમાં કેવળ અદૃશ્ય બનીને સંતાઇ રહેલા એ તત્ત્વને તેના શુદ્ધ સ્વરૂપે છૂટું પાડી જગત સમક્ષ તેને રજુ કરવાનું હતું; અને એ કાંઇ નાનીસુની વાત ન હતી. એમાં નાણાં જોઇએ, પૂરતાં સાધન સામગ્રી જોઇએ અને જથાબંધ કાચી ધાતુને ખાસ રાસાયનિક પ્રયોગો મારફત ગાળવાને સ્વતંત્ર પ્રયોગશાળા જોઇએ; પણ આફતોથી ઘડાયેલી મેરી મુસીબતોથી હારી જવાનું શીખીજ નહોતી. મુશ્કેલીઓને આળપંપાળ ગણી ખંખેરી નાખીને, એક અદ્‌ભુત તત્ત્વ શોધવાની ધીકતી ધગશે એ દંપતીએ કામ કરવા માંડ્યું. કૉલેજના કૉમ્પાઉન્ડમાં તેમણે એક જૂની છાપરી ભાડે રાખી. એનું કાચનું છાપરૂં ચોમાસામાં ચૂએ, ઉનાળામાં બેહદ તાપથી ધીકે અને શિયાળામાં ઠુંઠવતી ઠંડી આપે; પણ આ ક્ષુદ્ર છાપરીમાંજ એમના જીવનનું એ મહાકાર્ય પાર પડ્યું.

અખતરાઓ પાછળ એ દંપતી એટલાં રત રહેતાં કે એ કોટડીમાં તેઓ દિવસોના દિવસો ગાળી નાખતાં, ને મેરીના પેલા જૂના સ્પિરિટ-લૅમ્પ ઉપરજ રસોઈ બનાવી લઇ પાછાં કામે મચતાં. પીએરે ક્યુરી રેડિયમનાં કિરણોના ભૌતિક ગુણોનો અભ્યાસ કરતો ને મૅડમ ક્યુરી એ તત્ત્વને શુદ્ધ કરવાના પ્રયોગો પાછળ તન્મય રહેતી.

સાહસ ઘણું ભારે હતું. શરીરમાં અખૂટ શક્તિ જોઇએ, મગજમાં તીક્ષ્ણ ચોકસાઈ જોઇએ ને અંતરમાં અચલ શ્રદ્ધા જોઇએ. ભગીરથ પ્રયત્ન, અવિરત ખંત, અથાક મહેનત અને છતાં અખંડ સહનશીલતા ને બારીક ઝીણવટથી એમણે કામ ધપાવ્યે રાખ્યું. ઘણીવાર તો મૅડમ ક્યુરી આખો દિવસ ધાતુરસના ઉકળતા ચરૂઓ નજીક ખડેપગે રહેતી અને પોતાના કદના લોઢાના એક લાંબા ચાટવાવડે મિશ્રણો તૈયાર કરતી. ચાર વર્ષના અવિરત ખંત ને સતત શ્રમ પછી તેમણે જગતના એ નવા તત્ત્વ રેડિયમને શુદ્ધ ને સ્વતંત્રરૂપે સંસાર આગળ રજુ કર્યું. એમને જો સાધન-સંપન્ન ને વ્યવસ્થિત પ્રયોગશાળા મળી હોત તો આ કાર્ય ચારને બદલે એક વર્ષમાં પાર પડ્યું હોત. એ દંપતીનો મધુરો આનંદ તો રાત્રે પેલી છાપરીમાં જવાનો અને છાજલીપર ચમકતી શીશીઓમાં અખંડ પ્રકાશિત રેડિયમની કણીઓ જોવાનો હતો. એ તેજની પાછળ ભીંત ઉપર શીશીઓના આછા ઓળા પડતાં એ દેખાવ ઘણોજ સુંદર થતો. ઝગમગતી શીશીઓ જાણે પરી-ઓના દેશની દીવીઓ જેવી જાદુઇ દેખાતી; અને એ કદંગી છાપરી બદલાઇને એમને મન નંદનવનનું દેવમંદિર બની જતી. જગતના જ્ઞાનના પ્રદેશપર આ નવા પ્રકાશનું એ પ્રથમ દર્શન હતું; અને એ દર્શનનું દિવ્ય સુખ ક્યુરી દંપતી દરરોજ ભોગવતું.

દુનિયાને આ નવી શોધની ખબર પડી. ક્યુરી દંપતીની વાહવાહ બોલાઇ. પ્રો. બેકેરલની સાથોસાથ ક્યુરી દંપતીને પણ નોબેલ પારિતોષિક મળ્યું. તેઓ પૈસેટકે સુખી થયાં; પરંતુ જે શાન્ત મીઠું સુખ તેઓ આગળ ભોગવતાં તેમાં આ કીર્તિની પ્રાપ્તિ અને જાહેરાતે ભંગાણ પાડ્યું. વળી લાંબા વખતની તંગી અને ગરીબીને કારણે તથા અનવરત પરિશ્રમથી એમનાં શરીર એવાં તો તવાઇ ગયાં હતાં કે ચાર વર્ષ સુધી તેઓ કંઇજ કામ કરી ન શક્યાં. બીજી બાજુ નામના વધતી જતી હતી તે સાથે મુલાકાતીઓ સંખ્યાબંધ આવતા જતા. જાહેર ભાષણોની પણ માગણીઓપર માગણીઓ થવા માંડી અને તેમનો નિરાંતનો સમય તેમાં જવા લાગ્યો. પીએરે ક્યુરીને સૉરબોંમાં ભૌતિકશાસ્ત્રીનરીકે મોટું પદ મળ્યું અને મૅડમ ક્યુરી ત્યાંની પ્રયોગશાળામાં વડી પદવીધર નીમાઇ. આ સમયમાં એમને બીજી પુત્રી અવતરી. પેલી કોટડીને બદલે હવે સર્વ-સાધનસંપન્ન એક નવી પ્રયોગશાળા તેમણે વસાવી; પણ પીએરે ક્યુરીના નસીબમાં એ ન હતી. ઇ. સ. ૧૯૦૬ માં પારીસની એક શેરીમાંથી પસાર થતાં અકસ્માત્ તેના ઉપર ભારગાડી ફરી વળી અને તે મરણ પામ્યો.

મૅડમ ક્યુરીને આ આઘાત જેવોતેવો ન હતો; પણ તોયે કામ તેણે કદી ન છોડ્યું. પ્રયોગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળા અને બાળકોમાં તે પોતાનો બધો વખત ગાળતી. છેલ્લા જગયુદ્ધમાં એણે લશ્કરી દવાખાનાંમાં ઘાયલોની સારવારમાં રેડિયમનો ઉપયોગ પહેલી વાર દાખલ કરાવ્યો. જૂદેજૂદે સ્થળે આ કામની અનેક શાખાઓ ખોલી અને તેને પણ ન પહોંચી વળાયું ત્યારે રેડ ક્રોસ સોસાઈટીની મદદથી પારીસની આસપાસનાં સઘળાં દવાખાનાંમાં ગમે તે પળે રેડિયમની મદદ પહોંચાડી શકાય તે માટે એક મોટરબસ દોડાવવાની યોજના કરી. યુદ્ધભૂમિની બધી ઇસ્પિતાલો માટેનું રેડિયમ એ જાતેજ તૈયાર કરતી.

ક્યુરી દંપતી એ આદર્શવાદી દંપતીનું એક જ્વલંત દૃષ્ટાંત છે. એમણે પોતાની શોધમાંથી રાતી પાઇ સરખી પણ કમાઇ લેવાનો સ્વપ્નેયે ખ્યાલ કર્યો નથી. ઉલટું રેડિયમ ઉત્પન્ન કરવાની રીતનું લખાણ છપાવી દુનિયાભરમાં મફત ફેલાવ્યું છે. નથી એનું એમણે પેટન્ટ લીધું, નથી એનો તેમણે કોઇ ખાસ હક્ક રાખ્યો કે નથી રેડિયમ કાઢનારી કોઇ કંપનીમાં ભાગીદારી નોંધાવી. પોતાની પ્રયોગશાળામાં ઉત્પન્ન કરેલું બધું રેડિયમ તેમણે આગળ વધુ શોધખોળ કરવા માટે તથા નવું રેડિયમ ઉપજાવવા સારૂ એ પ્રયોગશાળાનેજ સમર્પણ કર્યું છે.

દવાખાનાંના ઉપયોગમાં રેડિયમ જોઇએ છે તો અણુભાર; પણ એ અણુભારની કિંમત તો અતિશય પડે છે. આવી અમૂલ્ય વસ્તુની શોધનું જગતને સમર્પણ કરી દેવું એ જેવોતેવો ત્યાગ છે? જીંદગી આખીના પરિશ્રમનું એ ફળ કેવળ વિનામૂલ્યે દેશને-સારી માનવજાતને-ચરણે ધરવામાં ક્યુરી દંપતીએ અઢળક રિદ્ધિ, અણમોલ ઔષધિ અને જગતના એક અદ્‌ભુત ચેતનતત્ત્વની શોધ જગતને સમર્પણ કરી દીધી છે; આખા સંસારની રિદ્ધિ, સિદ્ધિ ને કલ્યાણમાં પોતાનો સર્વ હિસ્સો આપી પોતાની જાત ને જીવન ધન્ય કરી દીધાં છે; દુનિયા આગળ માનવજીવનનો એક મોંઘો આદર્શ રજુ કરી દીધો છે.

મૅડમ ક્યુરી કહે છે કે "પોતાના સ્વાર્થને માટે ઉત્તમ કામ કરનારા વ્યવહારકુશળ મનુષ્યોની માનવજાતને અવશ્ય જરૂરત છેજ; પણ નિઃસ્વાર્થપણે પોતાની જાત કે સ્વાર્થની લવલેશ પરવા કર્યા વિના, કેવળ એક ધૂનની પાછળ જીવન વ્યતીત કરનારા સ્વપ્નશીલ આત્માઓની પણ એને એટલીજ જરૂરત છે.

વિજ્ઞાનની જ્યોતિર્દેવી સમી આ મૅડમ ક્યુરીએ પોતાના એ આદર્શ મુજબજ જીવન ગાળ્યું છે ને હજી ગાળે છે. પોતાના દેશને આજે સ્વતંત્રતા ભોગવતો પણ એ જુએ છે અને યુવાવસ્થાનું એ સ્વપ્ન પણ પાર પડેલું જોઇ જીવન સુખમય અને સાર્થક કરે છે. અસાધારણ શ્રમ અને ભોગ ખમી જગતના કલ્યાણમાં જીવનનું તત્ત્વ અર્પણ કરી દેનાર એ વિરલ આત્માની પ્રેરણા આપણાં ઉગતાં જીવનને ધન્ય બનાવો.

(અંગ્રેજી ઉપરથી શ્રાવણ-૧૯૮૪ના "કુમાર"માં લેખકઃ-શ્રી દેશળજી પરમાર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧–ભગવાન બુદ્ધ અને નિર્વાણમાર્ગ

વૈશાખી પૂર્ણિમાનો દિવસ હિંદુસ્તાનના ધાર્મિક ઇતિહાસમાં અતિ અગત્યનો છે; કારણ કે લગભગ પચીસસો વર્ષ પૂર્વે આજ દિવસે આ દેશમાં એવા મહાત્માનો જન્મ થયો હતો કે જેનું ઉદાર દિલ વિશ્વનાં દુઃખી–દરીદ્રીઓને જોઇને દ્રવી જતું. પોતે રાજકુમાર હોવા છતાં સર્વ વૈભવોનો ત્યાગ કરી ભરજુવાનીમાં તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો અને પોતાને માટે તેમજ સર્વ વિશ્વવાસીઓને માટે આધ્યાત્મિક ઉન્નતિનો અને સાંસારિક દુઃખનિવારણનો માર્ગ શોધી કાઢ્યો.

બૌદ્ધ ધર્મ પ્રાચીન વૈદિક ધર્મથી ભિન્ન નથી.

ભગવાન બૌદ્ધનો જન્મ થયો તે અરસામાં પ્રાચીન વૈદિક ધર્મમાં અનેક જાતના સડાઓ પેસી ગયા હતા; અર્થવિનાની ધાર્મિક ક્રિયાઓ અને ક્રૂર પશુયજ્ઞોએ ધર્મના સત્ય સ્વરૂપને ઢાંકી દીધું હતું, પોતાની શ્રેષ્ઠતા જાળવી રાખવા માટે બ્રાહ્મણોએ વેદના ઉંધા અર્થ કરવા માંડયા હતા અને પોતાના સિવાય બીજી વર્ણની વ્યક્તિઓ વિરુદ્ધ આડચો ઉભી કરી હતી. આનું પરિણામ એ આવ્યું કે, પ્રજામાં બ્રાહ્મણો વિરુદ્ધ જુસ્સો પેદા થયો અને તેમના આ જુલ્મ સામે અન્ય વર્ણોએ માથું ઉંચુ કર્યું. ભગવાન બુદ્ધ બ્રાહ્મણોની આ સ્વકલ્પિત શ્રેષ્ઠતાની સામે થવામાં મુખ્ય હતા. તેમણે સર્વ મનુષ્યોની સમાનતા જાહેર કરી. જો મનુષ્ય સત્ય માર્ગે ચાલે તો જાતિ અથવા વર્ણના ભેદભાવવિના દરેક વ્યક્તિ નિર્વાણનો અધિકારી છે એવો ઉદાર મત તેમણે ફેલાવ્યો. તેઓ કહે છે કે, જે માણસે દરેક દુષ્ટ વાસના દૂર કરી છે, જે દરેક જાતની અપવિત્રતાથી દૂર છે, જેણે પોતાના સ્વભાવ ઉપર વિજય મેળવ્યો છે, તેજ ખરો બ્રાહ્મણ છે. યજ્ઞવિષે પણ તેઓ કહે છે કે, નિર્વાણની પ્રાપ્તિ કરવી એજ સર્વથી શ્રેષ્ઠ યજ્ઞ છે. આ દૃષ્ટિએ જોતાં બ્રાહ્મણોએ ઘુસાડી દીધેલા વહેમોને દૂર કરી પ્રાચીન વેદનું ખરૂં સ્વરૂપ દર્શાવવામાં બુદ્ધે પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હતો, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

બુદ્ધ ભગવાનની સિદ્ધાવસ્થા અને અષ્ટાંગ માર્ગ

જૂદી જૂદી જાતની સાધના કર્યા પછી છેવટે ગયાના સુપ્રસિદ્ધ વડ નીચે તેમને સત્યજ્ઞાન અને ચાર મુખ્ય સત્યોની પ્રાપ્તિ થઈ:–

(૧) સંસારમાં દુઃખ સર્વત્ર છે.

(૨) તેનું કારણ તૃષ્ણા અથવા લાલસા છે.

(૩) નિર્વાણની પ્રાપ્તિથી તેનું નિર્વાણ થઇ શકે છે.

(૪) નિર્વાણનો માર્ગ.

બુદ્ધના મત પ્રમાણે મધ્યમ માર્ગનું અવલંબન કરવાથી નિર્વાણ મેળવી શકાય છે. અતિ દેહદમન કરવાથી અથવા તો તેથી ઉલટું સંપૂર્ણ વિલાસી જીવન ગાળવાથી જન્મ–મરણની દુગ્ધામાંથી બચી શકાતું નથી. આ સ્થિતિની પ્રાપ્તિ માટે તેમણે આઠ વિભાગવાળો માર્ગ બતાવ્યો છે. "સત્ય વિશ્વાસ, સત્ય નિશ્ચય, સત્ય વાણી, સત્ય કર્મ, સત્ય મનોભાવના, સત્ય પ્રયત્ન, સત્ય વિચાર અને સત્ય ધ્યાન–ધારણા." ટુંકામાં કહીએ તો પવિત્ર આચારવિચાર એ સંસારબંધનમાંથી છૂટવાનો ઉપાય છે.

મનુષ્યજાતિ માટે અગાધ પ્રેમ

આ જાતનું સત્ય જ્ઞાન મેળવી ભગવાન બુદ્ધે તેનો દેશવિદેશમાં ફેલાવો કર્યો. તેમનું વિશાળ હૃદય સંસારી મનુષ્યોનાં દુઃખ જોઈ રડી ઉઠતું અને તેથી આ દુઃખનિવારણનો માર્ગ સર્વને બતાવવા માટે તેમણે પોતાના શિષ્યોને આજ્ઞા કરી. તેમના વિશાળ હૃદયમાં ઉંચ–નીચની ભેદભાવના હતીજ નહિ, તેથી ચાંડાળથી માંડીને બ્રાહ્મણ સુધી સર્વને તેમણે એકસરખા અધિકારી ગણ્યા હતા. પોતે જ્યારે વસાલીમાં હતા ત્યારે એક વેશ્યાને તેમણે નિર્વાણમાર્ગનો ઉપદેશ કર્યો હતો; એટલુંજ નહિ પણ બીજા અમીર–ઉમરાવોનાં આમંત્રણ છોડી તેને ઘેર જમવા પણ પધાર્યા હતા. આ જાતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક દાખલાઓ આપી શકાય એમ છે.

બૌદ્ધ મત નાસ્તિકતાનો પ્રચારક નથી.

બૌદ્ધ મત નાસ્તિકતાનો ઉપદેશક છે એવું આપણે ઘણી વાર સાંભળીએ છીએ. આ ટીકા સત્ય નથી, એમ બૌદ્ધમતનાં પુસ્તકો વાંચવાથી આપણને તરત જણાઈ આવશે. બુદ્ધ ભગવાને બ્રહ્મના અસ્તિત્વની વિરુદ્ધ મત જાહેર કર્યોજ નથી. તેમણે તો માત્ર એ બ્રહ્મના સ્વરૂપનો નિર્ણય કરવામાં વખત ગુમાવવાની ના પાડી છે. કોઈ માણસના શરીરમાં ઝેરી બાણ પેસી ગયાં હોય તો તે માણસ શરીરમાં ઉત્પન્ન થતી અસહ્ય વેદનાને મટાડવાનો પ્રયત્ન કરશે, પણ કેવળ વિચાર કરવામાં-"આ બાણ કોણે માર્યું? બાણનું ફળ કયી જાતનું છે? બાણ મારનાર કોણ છે?" આ જાતના ફોગટ વિચારમાં-વખત ગુમાવશે નહિ. તેવીજ રીતે સંસારના ત્રિવિધ તાપથી બળીઝળી રહેલ મનુષ્યજાતિએ એ તાપ દૂર કરવાનો ઉપાય શોધી કાઢવામાં કામે લાગી જવું જોઇએ. જે અમાપ છે તેનું શબ્દોમાં માપ કાઢવાનો પ્રયત્ન વૃથા છે; માટેજ ભગવાન બુદ્ધે બુદ્ધિથી અજ્ઞેય એવા બ્રહ્મસંબંધી નિરર્થક વાદવિવાદ કરવાની મના કરી છે.

નિર્વાણનો અર્થ નાબુદી અથવા અસ્તિત્વનો અભાવ નથી. બૌદ્ધ ધર્મવિષે વિચાર કરતાં બીજી એક વાત એ યાદ રાખવાની છે કે, તેમાં બતાવેલ નિર્વાણ એટલે નાબુદી નથી. જે લોકો નિર્વાણનો અર્થ નાબુદી કરે છે તેઓ ભગવાન બુદ્ધનું કહેવું સમજ્યાજ નથી. તેમણે તો કહેલું છે કે, દેહનો નાશ થયા પહેલાં પણ નિર્વાણ ભોગવી શકાય છે, તો પછી તેનો અર્થ નાબુદી હોઇ શકેજ નહિ. સર્વ દુષ્ટ વાસનાઓનો નાશ થવાથી જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેનું નામ નિર્વાણ છે. ગીતાજીના પાંચમા અધ્યાયમાં બ્રહ્મનિર્વાણની સ્થિતિનું જે વર્ણન કર્યું છે તેને મળતીજ આ સ્થિતિ છે.

બૌદ્ધ સંઘ અને ધર્મપ્રચાર

બૌદ્ધ ભિક્ષુસંઘની સ્થાપના એ ભગવાન બુદ્ધનું અતિ અગત્યનું કાર્ય છે. તેમના વખત પહેલાં સંન્યાસીઓનાં ટોળાંઓની હયાતી હતી એ ખરૂં છે, પણ તેમનામાં સંઘશક્તિ ન હતી. આ જાતની શક્તિ મળવાથી બૌદ્ધ ભિક્ષુઓ દુનિયાના ઘણા ભાગમાં અતિ મહત્ત્વનું કાર્ય કરી શક્યા છે અને જગતના કલ્યાણમાં અતિઅગત્યનો ફાળો આપી શક્યા છે. તેમની રહેણી-કરણી એવી અસરકારક હતી કે એ ધર્મનો ફેલાવો ઘણી સહેલાઇથી થઈ શક્યો; અને આશ્ચર્યની વાત તો એ છે કે, બૌદ્ધ ધર્મના ફેલાવા માટે કદી પણ હથિયાર ઉઠાવવામાં આવ્યું નથી, છતાં આજે પણ દુનિયાની વસ્તીનો એક તૃતીયાંશ ભાગ એ ધર્મમાં માને છે. હાલના ધર્માંધ ધર્મપ્રચારકોએ આ ઉપરથી ઘણો ધડો લેવા જેવું છે. હાલના જમાનાના ઘણા ધર્મપ્રચારકો પોતાના ધર્મના ફેલાવા માટે ઘણી હલકી જાતનાં સાધનોનો ઉપયોગ કરે છે એ ઘણું શોચનીય છે.

હિંદુ ધર્મ ઉપર બૌદ્ધ ધર્મનો ઉપકાર

ભારતવર્ષમાં બૌદ્ધ ધર્મ તદ્દન નાબુદ થઇ ગયો છે, પણ તેણે કરેલા ઉપકારનાં ચિહ્નો ન ભુંસાય તેવી રીતે જોવામાં આવે છે. વિશ્વભ્રાતૃભાવ, સમાનતા એ બૌદ્ધ ધર્મના ખાસ ગુણો છે; તેની હાલના હિંદુ ધર્મ ઉપર ઉંડી અસર થયેલી છે. ખરૂં કહીએ તો હાલનો હિંદુ ધર્મ એ બૌદ્ધ ધર્મ અને પ્રાચીન વેદધર્મનું સંયુક્ત સ્વરૂપ છે; અને જો કે હિંદુઓએ બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો નથી છતાં પણ બુદ્ધને ભગવાનના અવતારતરીકે સ્વીકારી હિંદુ ધર્મમાં ઘણું માનવંતુ સ્થાન આપ્યું છે.

આવા ધાર્મિક આચાર્યને આપણા સર્વના અનેક વાર નમન હો!

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાં લેખક:-શ્રી. જયંતિલાલ મંગળજી ઓઝા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨–देश के लिये

(૧)

ગાંવ કે દૂસરે છોર સે અબ ભી ઢોલ કા ગંભીર શબ્દ સુનાઇ પડ રહા હૈ, અભી થોડી દેર પહલે ઇસ ચૌરાહે પર કુછ સિપાહિયોં ને એક ઘોષણા સુનાઇ હૈ. પતા નહીં, ઉસ ઘોષણા મેં ક્યા બાત થી; હાં, ઇતના સ્પષ્ટ હૈ, સુનનેવાલોં કે ઉપર ઉસને બડા અસર કિયા હૈ. ઐસા પ્રતીત હોતા હૈ માનોં એક વિદ્યુત–ધારા ઇધર સે ઉધર દૌડ ગઇ હૈ; ચારોં ઓર એક પ્રકાર કી ઉત્તેજના હૈ, યુવકોં કી આંખેં ચમક ઉઠી હૈં, ઉનકે સિર ગર્વ સે ઉન્નત હો ગયે હૈં, એકદૂસરે કી ઓર ભાવમયી દૃષ્ટિ સે દેખ રહે હૈ, જૈસે સબ એક હી બાત કા અનુમોદન કર રહે હોં–"હમ ભી જાયંગે" "હમ ભી જાયંગે." બુઢ્ઢોં કી અલ્પ ઔર ક્ષીણ દૃષ્ટિવાલી આંખોં મેં એક જ્યોતિ આ ગઇ હૈ, વે એક બાર સામને દૂર ક્ષિતિજ તક ખડે પેડોં ઔર હરી–હરી ખેતી સે સુહાતી જાપાની ભૂમિ કી ઓર દેખતે હૈં; ફિર અપને જીર્ણ ઝુર્રી પડે હુએ ઢીલે જોડોંવાલે શરીર કી ઓર, ઔર એક દીર્ઘ નિઃશ્વાસ કે સાથ ઉનકે નેત્રોં સે મુઝાંયે હુએ ગાલોં પર ગરમ ગરમ આંસુઓં કી બૂંદેં ટપક પડતી હૈં. એકાએક અપને જરાજીર્ણ દેહ કી સમગ્ર શક્તિ કો એક બાર એકત્ર કર કે લાઠી કે સહારે જોશ મેં ઉઠ ખડે હોતે હૈં, બચ્ચોં કે બાલ્ય–સુલભ–સારલ્ય સે યુક્ત સુંદર મુખોં પર ભી થોડી દેર કે લિયે ગંભીરતા કા ભાવ આ ગયા હૈ. વે એકટક, કુછ સોચતે હુએ, પિતાઓં કે વીરતા ઔર દૃઢતામય ચેહરોં કી ઓર દેખ રહે હૈં. ઉનકી આંખોં મેં ચપલતામિશ્રિત ઉત્સાહ ઔર આતુરતા હૈ.

એક રોટીવાલે કી દૂકાન પર એક ઝુંડ હૈ, એક અર્ધ–વૃદ્ધ વ્યક્તિ ને હાથ મેં તલવાર તોલતે હુએ, અપની બાહુઓં કી ઓર દેખ કર કહા–"અભી તો ઇનમેં તલવાર પકડને કે લિયે પર્યાપ્ત શક્તિ હૈ." ફિર, સામને ખડે હુએ યુવક કી ઓર દેખતે હુએ બોલા–"ક્યોંજી, તુમ દેખતે હો, મૈં બુઢ્ઢા હૂં? પરંતુ, મેરા મન અભી બુઢ્ઢા નહીં હૈ. અપની જન્મભૂમિ કે પ્રતિ મેરા મન ઉતના હી અટલ ઔર સત્ય હૈ." બુઢ્ઢા ગદ્‌ગદ્ કંઠ સે ઉમંગ મેં બોલતા જા રહા થા. સંધ્યા કે ધુંધલે પ્રકાશ ઔર ગાંવ કી ઝોંપડિયોં સે ઉઠે હુએ ધુએં મેં દૂર કે દૃશ્ય એક–એક કરતે વૃદ્ધ કે મસ્તિષ્ક મેં બહુત દિનોં કી બાતોં કી સ્મૃતિયોં કે સમાન લુપ્ત હોતે જા રહે થે. આસપાસ કી ઝોંપડિયાં હિલતી હુઇ અસ્પષ્ટ છાયા કે સમાન હો રહી થીં. ઉસ ધુંધલે પ્રકાશ મેં ભી વૃદ્ધ કે મુખપર ઉત્તેજના સ્પષ્ટ પ્રતીત હોતી થી, ઉસકા સ્વર ક્રમશઃ તેજ હો રહા થા. વહ કહતા ગયા–

"આજ જન્મભૂમિ કો હમારી આવશ્યકતા હૈ. બચપન સે આજ તક હમેં જિસને અપની ગોદ મેં ખિલાયા હૈ, ઔર મરને કે બાદ ભી જો હમારી ધૂલ કો અપને અંચલ મેં બાંધ કર છાતી સે લગા કર રક્ખેગી; સુખ–દુઃખ મેં, ચિંતા ઔર વિપત્તિ મેં, આવશ્યકતા પડને પર જિસે હમને પુકારા હૈ, આજ ઉસે હી હમારી આવશ્યકતા હૈ. જાપાન કે અન્ન સે બના રક્ત કા હરએક કણ ઉસીકા હૈ ઔર ઉસીકે કામ આના ચાહિયે."

વૃદ્ધ કા સ્વર કુછ–કુછ કાંપ રહા થા, દૂકાન પર જલતી હુઇ અંગીઠી કે દહકતે હુએ અંગારોં કા લાલ–લાલ પ્રકાશ વૃદ્ધ કે મુખ પર પડા રહા થા, જિસસે ઉસકે ચેહરે પર સૈનિક દૃઢતા દેખી જા સકતી થી.

"ઐં!" અભી થોડી દેર પહલે આયે હુએ એક આગંતુક ને કહા "ક્યા બાત હૈ?"

ભીડ મેં સે કોઇ દૃઢ સ્વર મેં બોલા–"તુમ્હેં પતા નહીં? આજ એક ઘોષણા હુઇ હૈ. રૂસી ભેડિયે, હમારે જાપાન પર, ખૂની આંખોં સે ઘૂરતે હુએ ગુર્રા રહે હૈં, જન્મભૂમિ ને અપને પુત્રોં કો સ્મરણ કિયા હૈ. જિનકો અપની જન્મભૂમિ સે પ્રેમ હૈ, વે ઉસકી પુણ્ય સેવા કે લિયે અપને નામ સૈનિકોં મેં જા કર લિખાવેં, આજ ઉસે ઉનકી આવશ્યકતા હૈ."

ઉસ ભીડ મેં સે બહુત લોગોં કા મિલા હુઆ કુછ ધીમા–ધીમા–સા શબ્દ સુનાઇ પડને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગા; ઈસી સમય દૂર સે બહુત મંદ ઘોષણા કા ઢમ-ઢમ શબ્દ હવા કે ઝોંકે કે સાથ આયા ઔર દૂર અનંત મે જા કર વિલીન હો ગયા.

(૨)

પ્રાતઃકાલ હો ગયા થા; સૂરજ અભી-અભી નિકલા થા. જિસ પ્રકાર એક ચતુર ચિત્રકાર પર્દે કે સમપૃષ્ટ પર પેન્સિલ કી નોક સે પહાડ, પેડ, નદી, નાલે, પુષ્પિત ઘાટી કે બીચ મેં કલ કલ કર કે બહનેવાલી તરંગિત નદી, ઉસકે તટ પર બસી હુઇ લતા-વેષ્ટિત સુંદર ઝોંપડિયાં આદિ અંકિત કર કે ઔર સુંદર રંગ દે કર જીવિત-જાગૃત દૃશ્ય બના દેતા હૈ, ઉસી પ્રકાર ઝોંપડિયાં, ગાંવ કે ચારોં ઓર હંસતી હુઇ ખેતી, નદી ઈત્યાદિ સબ દૃશ્ય એક-એક કર કે ઉષા કે પ્રકાશ સે પ્રકટ હો ગયે થે. બાલસૂર્ય કી સુનહરી કિરણેં નદી કી ઉઠતી હુઇ તરંગોં સે ઝિલમિલા ઝિલમિલા કર ખેલ રહી થીં ઔર પેડોં કી હરી-હરી પત્તિયોં મેં સુનહરે રંગ કી ગોટ લગા કર સ્વર્ગીય દૃશ્ય ઉપસ્થિત કર રહી થી. ઠંડી હવા બહ રહી થી. દૃશ્ય બડા સુહાવના થા. ગ્રામવાસિયોં કે જગને કા ધીમા-ધીમા શબ્દ હો રહા થા, એક વૃદ્ધા સ્ત્રી અપની ઝોંપડી સે બાહર નિકલી. દૂર કે એક લાઇન મેં મિલે હુએ પેડોં સે લે કર ઉસકે અપને પૈર કે નીચે કી હરિયાલી તક હરએક દૃશ્ય ઉસપર મોહિની મંત્ર પઢ રહા થા, વૃદ્ધા બડી દેર સે એકટક દેખ રહી થી. પીછે સે ઝોંપડી મેં સે નિકલ કર એક ૧૯ વર્ષ કે લડકે ને વૃદ્ધા કા હાથ પકડ કર પૂછા-

"માં! કયા દેખ રહી હો?"

વૃદ્ધા—બેટા! જો, ઇસ તુમ્હારી માં કી ભી માં હૈ, ઉસે દેખ રહી હૂં.

લડકા—કયા માં?

વૃદ્ધા—સામને દેખો; કયા દિખાઇ પડતા હૈ?

લડકા—હરે હરે ખેત, ઉનકે બીચ મેં ચમકતી સોને કી લકીર-સી વહ છોટી નદી, ઉસકે આગે છોટી હરી-હરી પહાડિયાં, ઉસકે દો અંગુલ ઉપર ચમકતે સોને કે કટોરે-સા સૂરજ ઔર નીલા આકાશ.

વૃદ્ધા—કૈસા દૃશ્ય હૈ?

લડકા—બડા સુંદર, માં! જૈસે દુનિયાભર કી સુંદરતા યહીં સજા કર રખ દી ગઇ હો!

વૃદ્ધા—યહી તુમ્હારી માં હૈ! ગૌર સે દેખો, તુમ્હારે અંગોં મેં ઇસીકી ધૂલ લગી હૈ; યહ જો અન્ન ખાતે હો, જિસસે બના હુઆ યહ રક્ત તુમ્હારે શરીર કી રગ-રગ મેં દૌડ રહા હૈ, યહ જો મીઠા અમૃત સા પાની પીતે હો, યહ પૃથ્વી જિસ પર તુમ ઇસ સમય ખડે હુએ હો, બૈઠતે-સોતે ઔર ચલતે-ફિરતે હો ઔર યહ મનોહર દૃશ્ય જો તુમ પર પ્રેમ કા મંત્ર પઢ રહા હૈ, જાનતે હો, યહ તુમ્હેં કહાં સે પ્રાપ્ત હોતા હૈ ઔર કહાં પર હૈ?

લડકા—ઇસ પૃથ્વી સે.

વૃદ્ધા—યહ પૃથ્વી કહાં કી હૈ?

લડકા—જાપાન કી.

વૃદ્ધા—યહી તુમ્હારી માં હૈ, બેટા! ઔર ગૌર સે દેખો.

લડકા—હાં, માં! યહ ભી હમારી માં હૈ.

વૃદ્ધા—નહીં-નહીં, "યહ ભી" નહીં, યહી તુમ્હારી માં હૈ ઔર "મૈં ભી" તુમ્હારી માં હૂં. માન લો, યદિ કોઇ તુમ્હારી ઇસ માં કે ઇસ હરે અંચલ કો ઉઘાડના ચાહે—ઇસ રમ્ય દૃશ્ય કો નષ્ટ-ભ્રષ્ટ કરના ચાહે-તુમ્હારી ઇસ માં કી છાતી પર અપને પૈને ભાલોં કો ગાઢ કર અત્યાચાર કરના ચાહે, તો?

લડકા—મેરે સબલ હાથ ઉસે રોકને કો આગે બઢેંગે.

વૃદ્ધા—શાબાશ, બેટા! શાબાશ! તુમ્હારા કર્તવ્ય હોગા કિ તુમ અપને પ્રાણોં સે અપની માતા કે શરીર કો ઢક કર શત્રુ કે વાર કો અપની છાતી પર લો.

લડકા—હાં, માં! મેરા યહી કર્તવ્ય હોગા.

વૃદ્ધા—તુમ્હારા યહી કર્તવ્ય હોગા; ઔર યદિ ઈસિસે ભી અધિક ઔર કુછ હો સકે, તો વહ ભી; તુમને કલ કી ઘોષણા સુની હૈ, બેટા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડકા—સુની હૈ, માં!

વૃદ્ધા—તબ કયા સોચ રહે હો બેટા? જાઓ, ગાંવ કે ઉધર બાગ મેં કપ્તાન કા કેમ્પ લગા હૈ, વહાં જા કર માતૃભૂમિ કી દિવ્ય સેવા મેં અપને શ્રદ્ધા ઔર કર્તવ્ય કે ફૂલ ચઢાઓ. બેટા! અપની ઇસ માતા કી ભી માતા કી મર્યાદા કો અક્ષય બનાને કે લિયે અપના નામ સૈનિકોં મેં લિખાઓ. આજ તુમ્હારી માં કો તુમ્હારી આવશ્યકતા હૈ.

લડકા—માં! મૈં અવશ્ય જાઉંગા. લો, યહ ચલા.....

(૩)

"માં! માં! દર્વાજા ખોલો, માં!"

શામ હો ગઇ થી, પરંતુ અભી અંધેરા નહીં ફૈલા થા; લડકા દર્વાજે પર આ કર ખડા હુઆ, ઘર કા દ્વાર બંદ થા. વહ થોડી દેર કુછ ચિંતિતસા સંધ્યા કી લલાઇ કી ઓર દેખતા રહા. ઉસકે મુખ પર પ્રસન્નતા નહીં થી. ઉસકે જૂતે ધૂલ મેં ભરે હુએ થે. ફિર દર્વાજે પર હાથ રખ કર ઉસને પુકારા—"માં! માં! દર્વાજા ખોલો, માં!"

ઉસકી આવાજ ભર્રાઈ હુઇ થી. જબ માં ને આ કર દર્વાજા ખોલા, ઉસકા હૃદય જોરોં સે ધડક રહા થા. વહ સોચ રહા થા, માતા પૂછેગી તો મૈં કયા કહૂંગા? માં દર્વાજા ખોલ કર ચલી. ઉસને અભી પુત્ર કે મુખ કો અચ્છી તરહ નહીં દેખા થા. વહ જબ આગેઆગે જા રહી થી, ઉસકે મુખ પર પ્રસન્નતા ઝલક રહી થી. એક પ્રકાર કા ગર્વ ઉસકી આંખોં મેં થા. લડકા પીછે પીછે આંગન મેં આ કર સ્ટૂલ પર બૈઠ ગયા; માં ને પૂછા—"નામ લિખા દિયા, બેટા?"

લડકા થોડી દેર ચૂપ રહા. ફિર સિર નીચા કિયે હુએ બોલા—"ઉન્હોંને નહીં લિખા, માં!"

માં ભોજન બનાને મેં લગી થી. ઉસને ચૌંક કર પૂછા—"કયા?"

લડકા—ઉન્હોંને નહીં લિખા, માં!

માતા—કયોં? કયા હુઆ?

લડકા—માં! મૈં યહાં સે ગયા, રાસ્તે મેં ઔર કઇ મેરે સાથી મિલે, વે ભી વહીં જા રહે થે. વહાં પર જા કર દેખા, બડી ભીડ થી, હર એક બારી-બારી સે જાતા થા. બડી દેર કે બાદ મેરા ભી નંબર આયા. માં, મૈં બડા પ્રસન્ન હો રહા થા. અફસર કે સામને લે જાયા ગયા. ઉન્હોંને મેરા નામ પૂછા. મૈંને નામ બતાયા. બોલેઃ—'બડા સુંદર નામ હૈ!' મેરી પીઠ પર પ્યાર સે હાથ રખ કર ઔર કમર મેં લટકતી તલવાર કી ઓર દેખતે હુએ બોલે, 'ઇસ વેશ મેં તુમ કૈસે ભલે માલૂમ હોતે હો, તુમ અપને દેશ કે લિયે અપના જીવન ઉત્સર્ગ કર સકોગે?' મૈંને કહા 'બડી પ્રસન્નતા કે સાથ.' ઉન્હોંને કહા, 'ઓહ! મેરે પ્યારે બચ્ચે! શાયદ તુમ નહીં જાનતે કિ તુમ્હેં અપને માતા-પિતા-પરિવાર કા ઔર સ્વયં અપને જીવન કા મોહ છોડ દેના પડેગા? તુમ બડે ભોલે હો. કયા તુમ્હારા યહ છોટા-સા હૃદય યુદ્ધક્ષેત્ર મેં તોપોં ઔર બંદૂકોં કી આવાજ સે ઔર તલવારોં કી ચમક ઔર ઝન્કાર સે ડર ન જાયગા? યહ ભી હો સકતા હૈ કિ ફિર તુમ અપને માતા-પિતા કા દર્શન ન કર સકો.' માં! મેરી છાતી ગર્વ સે ફૂલ ઉઠી. મૈંને ઉત્તર દિયા—'મહાશય! મૈં યહ સબ જાનતા હૂં. મેરી માતા કો છોડ કર મેરે ઘર મેં ઔર કોઇ નહીં હૈ. મૈં અપની માતા કો પ્યાર કરતા હૂં અવશ્ય, પરંતુ ઉસસે કહીં અધિક મુઝે અપની માતા જન્મ-ભૂમિ-અપને જાપાન-સે પ્યાર કરના સિખાયા ગયા હૈ. તોપ ઔર બંદૂકેં સચમુચ ભયાવહ હૈ, પરંતુ ઉનસે મુઝે ભય નહીં; ક્યોંકિ મૈં તો માતા કે પ્રેમ કા અભેદ્ય કવચ પહને હૂં. ફિર મુઝે ડર કિસકા?' ઉન્હોંને મુઝે અપને ઔર પાસ ખીંચ લિયા ઔર મેરે સિર પર હાથ રખ કર બોલે—'વીર બાલક! મૈં તુમસે બડા પ્રસન્ન હૂં. પરંતુ તુમ યુદ્ધ મેં નહીં જા સકતે.' માં! જૈસે કિસી ઉંચે પહાડ પર ચઢતે હુએ, શિખર કે સમીપ પહુંચ કર, મેરે પૈર ફિસલ ગયે હોં, ઔર મૈં નીચે ગિર પડા હોઉં. ઐસા હી મુઝે માલૂમ પડા. મૈંને પૂછાઃ—ક્યોં? ઇસપર ઉન્હોંને કહાઃ—'ક્યોંકિ તુમ્હારે ઘર પર અકેલી તુમ્હારી વૃદ્ધા માતા હી હૈ. યદિ તુમ યુદ્ધ મેં ચલે જાઓગે તો ઉસકી સેવા કૌન કરેગા?' મૈં ચૂપ હો ગયા. ઉન્હોંને અપની કમર સે યહ કટાર ખોલ કર મેરે કમર પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધ દી ઔર પ્યાર સે બોલે 'તુમ અપને ઘર જાઓ!'

થોડી દેર તક વૃદ્ધા કે મુખ પર ગહરી ચિંતા કે ભાવ અંકિત રહે, માનોં વહ ઘને જંગલ મે રાસ્તા ભૂલ કર ભટક રહી હો. પરંતુ અકસ્માત્ પ્રસન્નતા સે ઉસકી આંખેં ચમક ઉઠી, જૈસે અંધેરે મેં ભટકતે બટોહી કો દૂર પર વૃક્ષોં કી ઝુરમુટ કે બીચ સે ટિમટિમાતા હુઆ પ્રકાશ દિખાઇ પડા હો. વહ બોલી—

"બેટા! મૈં તુમ્હારે રાસ્તે મેં કંટક હુઇ. અચ્છા, તુમ કુછ ચિંતા મત કરો. કલ તુમ અવશ્ય અપના નામ સૈનિકોં મેં લિખા સકોગે."

યહ કહ કર વહ બડી તન્મયતા કે સાથ ભોજન બનાને લગી. લડકા માતા કે ઇન શબ્દોં કા ગૂઢ તાત્પર્ય સમઝને મેં અસમર્થ થા.

× × × ×

માતા ને આજ બડી લગન સે ઔર બડા સ્વાદિષ્ટ ભોજન બનાયા, માનોં અપને સારે જીવન કા પ્યાર, જો કિ વહ અપને એકલૌતે પુત્ર કે પ્રતિ રખતી થી, ઉસને ઉસમેં મિલા દિયા હો! પશ્ચાત્, બડે પ્રેમ સે પુત્ર કો ખિલાયા. ભોજનોપરાન્ત થોડી દેર મેં લડકા સો ગયા. પરંતુ માતા કો નિંદ ન આઇ.

(૪)

"ક્યોં, વીર બાલક! આજ ફિર યહાં કિસ લિયે આયે હો?"

"સૈનિકોં મેં નામ લિખાને."

"તુમ્હારે સૈનિક બન જાને પર તુમ્હારી વૃદ્ધા માતા કી સેવા કૌન કરેગા?"

યુવક ને અપની જેબ સે એક લિફાફા નિકાલ કર અફસર કે સન્મુખ મેજ પર રખ દિયા. અફસર ને લિફાફા ઉઠાયા. ઉસપર ઉસીકા પતા લિખા હુઆ થા. ઉસને કાંપતે હાથોં સે લિફાફા ખોલા, ઉસમેં લિખા થા—

મહાશય,

જિસ સમય મૈંને સુના કિ આપને કેવલ ઇસી લિયે કિ મેરે પુત્ર કે સૈનિક બન જાને પર મેરી સેવા કૌન કરેગા, ઉસકો દેશ કે પ્રતિ અપના કર્તવ્યપાલન કરને ઔર ઉસ અક્ષય પુણ્ય કા ભાગી હોને સે રોકા હૈ. મૈંને અપને આપકો સંસાર મેં સબસે અધિક દુર્ભાગિની સમઝા. બુઢાપે સે જર્જરિત મેરા શરીર મેરે પુત્ર કે દેશ-સેવા કે માર્ગ મેં રુકાવટ ડાલ રહા હૈ-અર્થાત્ મૈં અપને દેશકી વૈરિન હૂં! ક્યા યહ મેરા કમ દુર્ભાગ્ય હૈ? ઇસલિયે ઇસસે પહલે કિ મૈં અપને દેશ કે લિયે પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ રૂપ સે શત્રુ પ્રમાણિત હોઉં, અપને દેશ કે સાથ વિશ્વાસ-ઘાત કરૂં, યહ અચ્છા હૈ કિ મૈં અપને ઐસે જીવન કા હી અન્ત કર ડાલૂં?

અબ આપકો, મેરે પુત્ર કો અથવા સંસાર કો મેરે જીવન કે સુખ-દુઃખ કી ચિંતા નહીં કરની પડેગી; ક્યોંકિ મૈં ઐસી જગહ પહુંચ જાઉંગી, જહાં સંસાર કા કોઇ દુઃખ, બડી સે બડી આપત્તિ, કોઇ ચિંતા મેરે શરીર કા સ્પર્શ તક નહીં કર સકેગી.

મૈં અપને પુત્ર કો દેશ કે અર્પણ કરતી હુઇ, અપને પુત્ર ઔર પ્યારી જન્મભૂમિ સે, સદા કે લિયે બિદા હોતી હૂં.

આપકી—
સૌભાગ્યવતી માતા

× × × ×

પત્ર સમાપ્ત હુઆ. અફસર કા મુખ ગંભીર હો રહા થા. ઉસને યુવક કે મુખ કી ઓર દેખતે હુએ કહા—"ધન્ય હો વીર માતા! ધન્ય હો વીર પુત્ર! જાપાન અવશ્ય હી વિજયી હોગા." યુવક કો અપને પાસ બુલા કર ઔર પીઠ પર હાથ ફેરતે હુએ પાસ બૈઠે કલર્ક સે વહ બોલા—"ઇસકા નામ લિખો." ઔર ઉસને નામ લિખ લિયા. યુવક કે મુખ પર પ્રસન્નતા થી.

(કાર્તિક-૧૯૮૫ના "ત્યાગભૂમિ"માં લેખક શ્રી. ભદ્રજિત 'ભદ્ર')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩–સામાજિક બંધનની ભયંકર ચક્કીમાં ભિંસાતી નિર્દોષ બાળાઓ

પ્રત્યેક લગ્નગાળો આપણી કરુણ અને કારમી દશાનું સંપૂર્ણ ભાન કરાવે છે. જેને સાચી આંખ છે તે બધા આપણી સામાજિક દશાનું કરુણ છતાં ક્રૂર, દુઃખદ છતાં હાસ્યાસ્પદ ચિત્ર જોઇ શકે છે; જેને સાચા કાન છે તે સામાજિક બંધનોની ભયંકર ચક્કીમાં ભિંસાતી નિર્દોષ છતાં નિરાધાર, મનુષ્ય છતાં પ્રાણીઓ કરતાં પણ જેને માટે ઓછી કાળજી રાખવામાં આવે છે તેવી બાળાઓ અને યુવતીઓનાં હૃદયભેદક મૌન રુદન સાંભળી શકે છે; જેને સાચું હૃદય છે તેઓ એ ભયંકર પરિસ્થિતિ જોઈ કંપી ઉઠે છે; જેને સાચી બુદ્ધિ છે તે, સમાજ આ રીતે કયી દિશા તરફ ઘસડાતો જાય છે તેનો વિચાર કરી ચિંતામાં પડી જાય છે. તેમ છતાં લગ્નગાળો વહી જાય છે અને વખત જતાં વાત વિસારે પડે છે. બનેલા બનાવ ઉપર ભૂતકાળનો ગાઢો પડદો પડે છે; સામાજિક સીતમોની ચક્કીમાં મનુષ્યની મૂર્ખાઇને લીધે ભિંસાતી યુવતીઓનાં કારમાં કષ્ટમાંથી 'નશીબવાદ' અને 'પુનર્જન્મ'ની કલ્પનાઓદ્વારા ખોટાં સમાધાન શોધાય છે; અને વળી પાછા એ રામ એના એની દશાની ચક્કી તો જેમની તેમ–અવિરત ચાલ્યાંજ કરે છે.

× × × ×

વૃદ્ધ–બાળલગ્નોની સંખ્યા વધતી જાય છે એમ તો કદાચ ન કહી શકાય, પરંતુ વયનાં એ ભયંકર કજોડાં જોઇને કંપી ઉઠવાની લાગણી હમણાં હમણાં કંઈક વધુ ખીલતી જાય છે; અને તેથીજ પ્રત્યેક લગ્નગાળે થતાં આવાં કજોડાં વખતે કંઈ કંઇ હીલચાલ–ચળવળ થતી દેખાય છે. એવા બનાવો તેથી હમણાં હમણાં વિશેષ બનતા હોય તેમ લાગે છે.

× × × ×

એટલું ખરૂં છે કે, નાજુક બાળાઓને ઘરડા ખખ્ખ બની ગયેલા 'વરરાજા' ઘોળામાં ધૂળ નાખીને પણ પોતાની 'વહુ' બનાવવા નફફટ નાકે તૈયાર થાય છે. ત્યારે ત્યારે તે તે ન્યાતોના નવજુવાનો તેની સામે જૂદી જૂદી રીતે વિરોધ કરવા તૈયાર થાય છે. ગયે વર્ષે એક સાઠ–પાંસઠ વર્ષનો બુઢ્ઢો પુરુષ તેર ચૌદ વર્ષની બાળકી સાથે પાંચમી વખત પરણવા નીકળ્યો, ત્યારે તેની સામેના વિરોધથી પહેલવહેલાં સામટી રીતે ગુજરાતનાં તેમજ ગુજરાતની બહારનાં વર્તમાનપત્રો ગાજી ઉઠયાં હતાં. એ વિરોધમાં એ ઘરડા 'વરરાજા'ની ન્યાતના નવજુવાનોથી માંડીને ગુજરાતના આગેવાનો અને ગાંધીજી સુદ્ધાં ભળ્યા હતા. આમ સુવ્યવસ્થિત અને સંગીન વિરોધથી પરણવા નીકળેલ પુરુષ ગભરાયો, અને રહી રહીને પણ અક્કલ આવી હોય તેમ, પોતાનું એ અક્કલ-વિનાનું કામ માંડી વાળવાની ગુજરાતી જગતને જાહેરાતથી જાણ કરી; પણ એથી એ ક્રૂર ઘાતકી કામ થતું અટક્યું નહિ. એ પુરુષે પ્રબળ લોકમતને ઠગવાનું પાછું પગલું ભર્યું અને સૌને છેતરીને પેલી બાળાનો ભવ બાળવા ગુપ્ત લગ્ન કર્યાં.

× × × ×

પરંતુ આ વર્ષે નવજુવાનોએ વધારે સાવધાનીથી કામ લેવા માંડયું છે. ઉમરેઠના એક બુઢ્ઢા બ્રાહ્મણને ઘરડે ઘડપણ દશ–બાર વર્ષની બાળા સાથે પરણવાનો કેફ ચઢયો. કન્યાના પિતાએ તેમાં સાથ દીધો; પણ એ ન્યાતના નવજુવાનો જાગતા હતા. તેમણે ઉપરાઉપરિ પત્રિકાઓ કાઢી આ દુષ્ટ કાર્યને ખૂબજ જાહેરાત આપી, પરિણામે કન્યાનો ભાઇ અમદાવાદથી આવ્યો અને સાચા 'વીર'ની સાખીતી આપતો એ વીર પોતાની બહેનને ઉમરેઠથી અમદાવાદ લઈ ગયો. આમ નિર્દોષ બાળાને લગ્નને નામે વૈધવ્યકુંડમાં હોમાતી બચાવવામાં નવજુવાનોએ એક ડગલું આગળ ભર્યું.

× × × ×

ત્યાં તો અમદાવાદમાં એક 'પુરુષોત્તમ' (?) ભાઇ વૃદ્ધ વયે જુવાન બાલિકાને પરણવા તૈયાર થયાની વાતો વર્તમાનપત્રોદ્વારા દેશપરદેશમાં ફેલાઇ ગઈ. એ વૈશ્ય જ્ઞાતિના વીરયુવકોએ વધુ ઉમ્ર છતાં સુયોગ્ય અને દૃઢ પગલું ભર્યું. પશાભાઇને પરણતા અટકાવવા માટે એમને અદાલતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું પડયું. યુવકોના આ ધર્મયુદ્ધમાં કન્યાની માતા અને તેના ભાઇ ભળ્યા. ખુદ રમા (કન્યા)-એ પણ હિંમતપૂર્વક એ લડતમાં સાથ પૂરાવ્યો અને કન્યાના પિતાનો દુરાગ્રહ છતાં રમાને તેની ન્યાતના નવજુવાનો બચાવી શકયા.

× × × ×

રમાના પિતાનો દુરાગ્રહ જોઇને ખુદ ન્યાયાધીશની લાગણી પણ ધ્રૂજી ગઇ. એને પણ એક પુત્રીના પિતાની એવી વાતો સાંભળીને તિરસ્કારપૂર્ણ કંટાળો આવ્યો અને તેથી સામાજિક ધોરણે પિતાનું પુત્રીમાટે મનાતું વાલી-સંરક્ષકપદ તેમણે કાયદાની મદદથી છીનવી લીધું.

આમ ધીરે ધીરે વૃદ્ધ-બાળલગ્નનાં જોડાં તરફ લોકમત વધુ અને વધુ વિફરતો જાય છે, એ તો સ્પષ્ટ દેખાય છેજ; તોપણ તેની સાથે સાથે એ વાત પણ છુપી રહી શકતી નથી કે, પોતાને ઉચ્ચ, ખાનદાન, સંસ્કૃતિવાળા, દયાધર્મને માનવાનો દાવો કરનાર મનાવનારીજ કોમમાંથી આવાં ઘાતકી કામ કરનાર તેમજ તેમને તે કામમાં મદદ કરનાર સ્ત્રીપુરુષો હજી છે. કેટલાં હશે તે બહાર આવતાં થોડા ઘણા કિસ્સાઓ ઉપરથી પૂરવાર કરી ન શકાય; કેમકે જે બનાવો જાહેર થાય છે તેના કરતાં જાહેર થઇ શકતા નહિ હોય તેવા બનાવો હિંદુસમાજમાં અનેક બને છે.

× × × ×

એટલે ખાસ વિચારવા જેવો પ્રશ્ન છે તે તો એજ કે, હિંદુસમાજ આવી દશાને કયાં-સુધી નિભાવી રાખવા માગે છે? એક તરફ ફરજીઆત વૈધવ્ય પળાવવું અને બીજી તરફથી શર-માવનારી હદ સુધીનાં વયનાં કન્યોડાંની પણ છૂટ રાખવી, એ તો મીણબત્તીને બન્ને છેડેથી સળગાવવા જેવું કામ છે; અને ભલે આજસુધી એવાં કામ ચાલતાં આવ્યાં હોય તોપણ હવે પછી તેવાં કામ ચાલુ રાખી શકાશે એવી કલ્પનાના ભરોસે તણાવું એ નરી મૂર્ખાઇ છે; એટલુંજ નહિ પણ સમયબલને નહિ પીછાનનારી ભયંકર અજ્ઞાનતા છે; પરંતુ કુદરત કોઇની મૂર્ખાઇ કે અજ્ઞાનતાને કદી પણ નિભાવી લેતી નથી. અગ્નિમાં પડવાથી દાઝી જવાશે એવું જ્ઞાન ન ધરાવ-નાર નિર્દોષ બાળક સળગતા કોલસાને પકડવાથી દાઝયું ન હોય એમ કોઇ બતાવી શકશે ખરૂં? અથવા તો પથ્થર જડેલા રસ્તા ઉપર ઉંચી હવેલીની અગાશીએથી ભુસ્કો મારનાર છુંદાઇ ન જાય તેમ બની શકે ખરૂં? કુદરત તો કુદરતનું કામ કરવાનીજ. તે રીતે જો હિંદુસમાજ પોતાની આવી ક્રૂર અજ્ઞાનતા કે નફ્ફટ દુરાગ્રહ કાયમ રાખશે તો થોડાજ વખતમાં એ સમાજમાંથી અનેક યશ-સ્વતીઓ અને લીલાવતીઓ નીકળવા માંડે તો નવાઇ નથી; અને તે વખતે રુઢિભક્તોની રૂઢિ-ઓના કિલ્લાઓ જ્યારે જમીનદોસ્ત થઇ જશે, ત્યારે ઝારના જેવા હઠીલા આગેવાનોની કયી દશા થશે એ કલ્પવુંયે મુશ્કેલ છે.

* * * *

દશ બાર વર્ષની બાલિકાને ઘરડા માણસ સાથે પરણાવવી અને પછી તે વિધવા થાય, એટલે તમામ સામાજિક કાર્યોમાંથી તેને બાતલ બનાવી દેવી, એ પશુતા કરતાંયે વધુ શયતા-નિયત નથી તો શું છે? આવી ભયંકર દુષ્ટતા સામે બંડ ઉઠાવવા જેટલી હિંમત હજી તો એકાદ યશસ્વતી બતાવી શકે છે; બાકી તો થોડાજ દિવસ પહેલાં પેલી એક જુવાન મહારાષ્ટ્રીય વિધવા બહેને કર્યું તેમ, આત્મહત્યા કરીને એ કંટાળાભરેલા જીવનનો અંત આણવાજ ઘણી બહેનો તૈયાર થાય છે. શું આ હિંદુઓની સંસ્કૃતિ, હિંદુઓનું ધર્મશિક્ષણ, હિંદુઓનો લાંબા કાળનો જાતિ ઇતિહાસ શીખવે છે? રૂઢિઓના તમામ ગુલામોને, સનાતન ધર્મના એકે એક ઇજારદારોને મારો પડકાર છે કે, તેઓ પોતાના સ્થાનેથી બહાર નીકળીને બતાવી આપે કે, આ જાતની ભયંકર ક્રૂરતા અને જંગલી પ્રથાઓ ઉપરજ હિંદુસમાજ રચાયેલો છે.

* * * *

અત્યારે તો કાયદો પણ હિંદુ સ્ત્રીઓને અન્યાય કરે છે, દેવો પણ પુરુષોના પક્ષકાર બનેલા ચીતરાયા છે, શાસ્ત્રને નામે પણ પુરુષોનાજ લાભનાં સાટાં ઠોકાયાં છે; એટલે 'નશીબ'ના નામે તમામ જંગલીવેડાઓને નીભાવી લેવામાં આવે છે; પણ એ સઘળા નશીબના ગુલામોને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછું છું કેઃ--

(૧) તમે કે તમારો પુત્ર માંદા પડો છો ત્યારે નસીબ ઉપર આધાર રાખીને દાક્તરી સલાહ લેવાનું તેમજ ઔષધોપચાર કરવાનું માંડી વાળો છો ખરા કે ?

(૨) તમે અથવા તમારા પુત્ર-ભાઇમાંથી કોઈ એકાદ કારણવશાત્ કોઇક મારામારીમાં સપડાયા તો નશીબ ઉપર આધાર રાખીને પ્રતિપક્ષીનો માર ખાતા ઉભા રહો છો ખરા કે ?

(૩) સંજોગવશાત્ તમારી કે તમારા પુત્ર-ભાઇની ઉપર પોલીસ કેસ થયો તો નશીબ ઉપર આધાર રાખીને વકીલને રોકવાની તેમજ જેલમાં જતાં અટકવાની માથાકૂટમાંથી છૂટી જાઓ છો ખરા કે?

(૪) જીવન જીવવા માટે કમાવાની ખટપટ નહિ કરતાં નશીબ ઉપર આધાર રાખો છો કે? છોકરાનાં લગ્ન કરવામાં એ નશીબવાદનીજ આંધળાની લાકડી પકડીને બેસી રહો છો ખરા કે ?

જો આ બધાંજ કામોમાં પુરુષાર્થ અને મનુષ્યપ્રયત્નની વાતો માનવા તૈયાર થાઓ છો તો પછી આજ બુદ્ધિનો ઉપયોગ બાળકીઓને ઘરડાં માણસ સાથે પરણાવવા તૈયાર થતાં તેમજ મનુષ્યના જેવી મનુષ્ય સ્ત્રી વિધવાને નશીબના નામે ક્રૂર રૂઢિબંધનોમાં જકડી રાખવા શામાટે તૈયાર થાઓ છો ?

ત્યાં તો તમને શાસ્ત્રો અને બાપદાદા આડા આવે છે નહિ વારૂ ? જો એમ હોય તોપણ તમારે પ્રમાણિક લોકમત સમક્ષ કેટલાક સીધા ઉત્તરો આપવાના રહે છે.

(૧) શું શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે, બ્રાહ્મણને સાઠમે વર્ષે બાર વર્ષની બાળા સાથે લગ્ન કરવાની છૂટ આપવી ?

(૨) શું શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે, પેટની પુત્રીઓને જંગમ મિલ્કતની માફક દમડાની સાટે વેચવાનો ધંધો કરવો ?

(૩) શું શાસ્ત્રમાં કહ્યું છે કે, કસાઇ કરતાંયે વધુ ક્રૂરતા વિધવા બનેલી સ્ત્રી ઉપર ચલાવવી ?

તેની સાથે સાથે નીચેના ખુલાસાઓ પણ કરવાની તમારી જવાબદારી છેઃ-

(૧) શું શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેજ તમે જીવનનાં બધાંજ કામ કરો છો ?

(૨) જે રીતે શાસ્ત્રે તેનાથી વિરુદ્ધ જનારાઓ માટે જે શિક્ષા ઠરાવી છે, તે જાતની શિક્ષાઓનો અમલ તમે કરો છો ?

(૩) શાસ્ત્રે વિધવાઓને માટે ઠરાવેલા પુનર્લગ્નના અને બીજા માર્ગોનો અમલ કરવા તમે તૈયાર થાઓ છો ?

× × × ×

બાપદાદાના નામનો ડર બતાવતી વખતે પણ તમારે એવા થોડાક વધુ જવાબ આપવા પડશેઃ-

(૧) બાપદાદાઓના વખતમાં હાલની દાક્તરી અને શસ્ત્રક્રિયાની શોધખોળો નહોતી થઇ; તમે અત્યારે એ સાધનોનો ઉપયોગ કરતાં બાપદાદાઓની પરવાનગી કયી રીતે મેળવો છો ?

(૨) બાપદાદાઓના સમયમાં હાલના જેવાં વસ્ત્રોનો ઉપયોગ નહોતો થતો, અવર-જવરનાં અને સંદેશા-વ્યવહારનાં હાલનાં સાધનો ત્યારે નહોતાં; હાલની અદાલતો, બેંકો અને આયાત નીકાસના વ્યાપારી વ્યવહાર ત્યારે નહોતા; એ બધામાં પડતાં પહેલાં પૂર્વજોને કયા તારથી પૂછાવી લ્યો છો? જો તેમ કરતાં બાપદાદાની પરવાનગીની જરૂર ન પડતી હોય તો આ કામમાંજ બાપદાદા કેમ આડા આવે છે ?

હવે તો તમારાં મંદિરો અને દેવોની મૂર્તિઓને પણ બાપદાદાના સમયમાં નહોતાં તેવાં સાધનોવિના ચાલતું નથી; હવે તો ધર્માચાર્યો પણ મોટરો, મીલો, રેલ્વે ટ્રેનો બધાનો ઉપયોગ કરે છે. એ બધાજ કામમાં સમય અને સંજોગનાં પરિવર્તનો નીભાવી લ્યો છો; તો પછી આ એકજ કામમાં વિચાર કરતાં શામાટે અટકો છો ?

* * * *

આનુંજ નામ હઠ, દુરાગ્રહ, દંભ, આડંબર અથવા તો ઢોંગ છે; અને એવા ઢોંગ ચાલુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવાથીજ કેથેરિન મેયો તેમજ બીજા ટીકાખોરોને તમે તક આપો છો; પરંતુ હજી હિંદુ યુવક-યુવતીઓ એ ઢોંગની સામે થયાં નથી, ત્યાંસુધી તમે આ દુરાગ્રહ રાખી શકશો. પણ હમેશને માટે યુવક-યુવતીઓની એ ઉદાસીનતા કાયમ નહિ રહે. જેમ દુરાગ્રહ વધુ જીદ્દી, તેમ ઉદાસીનતાનો વેળાસર નાશ. તેમ થતાંજ સામાજિક બળવા ઠામ ઠામ શરૂ થશે; અને ત્યારે શાસ્ત્રો, બાપદાદા, મંદિરો, બ્રાહ્મણો, મૂર્તિઓ કે દેવાધિદેવો પણ એ જીર્ણતાનાં જાળાંને ટકાવી રાખવા આવી શકશે નહિ. તેવી સ્થિતિ થવા પછી હાર સ્વીકારવી એમાં કાયરતા છે, પણ તેમ થવા પહેલાં સમજીને સુધરવું એમાંજ માનવતા છે. હવે હિંદુ સમાજ માનવતાને માને છે કે કાયરતાને સ્વીકારે છે, એજ તેણે પોતાના વર્તન ઉપરથી બતાવી આપવાનું છે.

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાં લેખિકાઃ-કુમારી જયવતી દેશાઈ)

૩૪-સૂરજથી પણ વધારે ગરમ તારો

ઘણાકો એમજ ધારતા હશે કે, સૂરજના જેટલો ગરમ ગોળો આકાશમાં બીજો કોઇજ નથી; પણ વૈજ્ઞાનિકો અને ખગોળશાસ્ત્રીઓની શોધખોળો મુજબ ખુદ સૂરજના કરતાં પણ વધુ ગરમ એક તારો આસ્માનમાં હસ્તી ધરાવે છે. આલ્ડીબેરનને નામે ઓળખાતો આ લાલ રંગનો આતશીઆ તારો આખા જગતમાં સૌથી ગરમ હોવાનું કહેવાય છે અને આપણા સૂરજ કરતાં વધુ મોટો તે એક સૂરજ છે.

આ સૌથી ગરમ તારાની સપાટી નજદીકની ટેમ્પરેચર શુમારે ૮૦,૧૦૦ ડીગ્રી સેંટીગ્રેડ હોવાની ગણત્રી કરવામાં આવે છે કે જેની આગળ આપણા સૂર્યની સપાટી આસપાસની ફક્ત ૬,૦૦૦ ડીગ્રી સેંટીગ્રેડની ટેમ્પરેચર કુછ બીસાતમાં ગણાય નહિ; પણ આ આલ્ડીબેરન તારો આપણી પૃથ્વીથી બહુજ દૂર રહે છે કે આપણા સૂરજના કરતાંય વીશલાખ ઘણો વધુ દૂર આવેલો હોઇ તેની ગરમી આપણને લાગતી નથી.

આપણો સૂર્ય આપણી પૃથ્વીની સૌથી નજદીકમાં છે. તે ઇન્કેન્ડીસેંટ ગેસનો બનેલો એક ગોળો છે અને તેનાં કિરણોથી જે ઉકળાટ પડે છે તે કિરણો ૯૨,૦૦૦,૦૦૦ માઇલની મુસાફરી કર્યા પછી અત્રે આવી પહોંચે છે. આ કિરણો ભલાં માટેજ સઘળી દિશાઓએ ફરી ફરીને આપણી તરફ આવે છે, નહિ તો જો તે સ્થિર આવે તો ખગોળશાસ્ત્રીઓના જણાવવા મુજબ તેઓ પૃથ્વીને અથડાતાંજ જંગી બંબ ગોળાની મીસાલ ફાટી ઉઠે અને તેમાંથી ગરમ ગેસનાં ઉંબાડિયાં નીકળીને સઘળું ફના ફાત્યા કરી નાખે.

(દૈનિક "હિંદુસ્થાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫–आदर्श बालमंदिर

બાળકોની કેળવણીનો વિષય સહેલામાં સહેલો હોવો જોઇએ તે કઠણમાં કઠણ થઇ ગયો જણાય છે, અથવા કરી મૂકવામાં આવ્યો છે. અનુભવ તો એમ શીખવે છે કે, બાળકો આપણી ઇચ્છા-અનિચ્છાએ પણ કંઇક સારી કે ખરાબ કેળવણી પામી રહ્યાં છે. આ વાક્ય ઘણા વાંચનારને વિચિત્ર લાગશે; પણ બાળક કોને કહીએ, કેળવણી એટલે શું અને બાળકેળવણી કોણ આપી શકે? એ વિચારી લઇએ તો કદાચ ઉપરના વાક્યમાં કંઇ નવાઇ જેવું ન લાગે. બાળક એટલે દશ વર્ષની અંદરનાં છોકરા–છોકરીઓ અથવા એવી ઉમ્મરનાં લાગતાં બાળકો.

કેળવણી એટલે અક્ષરજ્ઞાન નહિ. અક્ષરજ્ઞાન એ કેળવણીનું સાધનમાત્ર છે. કેળવણી એટલે મન સુદ્ધાં બાળકની બધી ઇંદ્રિયોનો સદુપયોગ કરતાં બાળક જાણે તે. એટલે કે બાળક પોતાના હાથ, પગ ઇત્યાદિ કર્મેંદ્રિયોનો અને નાક, કાન ઇત્યાદિ જ્ઞાનેંદ્રિયોનો ખરો ઉપયોગ કરી જાણે. હાથ વતી ચોરવું નહિ જોઇએ, માખીઓ નહિ મારવી જોઇએ, પોતાના ભેરૂને કે નાનાં ભાઈ-બહેનને ન મારવાં જોઇએ એવું જ્ઞાન જે બાળક પામે છે તેની કેળવણીનો આરંભ થઇ ચૂકયો. જે બાળક પોતાનું શરીર, પોતાના દાંત, જીભ, નાક, કાન, આંખ, માથું, નખ ઇત્યાદિ સાફ રાખવાની આવશ્યકતા સમજે છે અને રાખે છે તેણે કેળવણીનો આરંભ કર્યો છે એમ કહી શકાય. જે બાળક ખાતાંપીતાં અડપલાં કરતું નથી, એકાન્તમાં કે સમાજમાં ખાવાપીવાની ક્રિયાઓ રીતસર કરે છે, રીતસર બેસી શકે છે અને શુદ્ધ–અશુદ્ધ ખોરાકનો ભેદ જાણી શુદ્ધની પસંદગી કરે છે, અકરાંતિયાપણે ખાતું નથી, જે જુએ તે માગતું નથી, ન મળે તોયે શાન્ત રહે છે, એ બાળકે કેળવણીમાં સારી પ્રગતિ કરી છે. જે બાળકના ઉચ્ચાર શુદ્ધ છે, જે પોતાની આસપાસ રહેલા પ્રદેશના ઇતિહાસ-ભૂગોળ તે શબ્દોનું નામ જાણ્યા વિના આપણને બતાવી શકે છે, જેને દેશ શું છે એનું ભાન થયું છે એણે પણ કેળવણીને માર્ગે ઠીક મજલ કરી છે. જે બાળક સાચજૂઠનો અને સારાસારનો ભેદ જાણી શકે છે તથા સારૂં અને સાચું પસંદ કરે છે, નઠારાનો અને જૂઠાનો ત્યાગ કરે છે એ બાળકે કેળવણીમાં બહુ સારી પ્રગતિ કરી છે. આ વસ્તુને હવે લંબાવવાની જરૂર રહેતી નથી. બીજા રંગો વાંચનાર પોતાની મેળે પૂરી શકે છે. માત્ર એક વાત સ્પષ્ટ કરવી જોઇએ. આમાં કયાંયે અક્ષરજ્ઞાનની કે લિપિજ્ઞાનની આવશ્યકતા નહિ જોવામાં આવે. બાળકોને લિપિજ્ઞાનમાં રોકવાં એ તેમનાં મન ઉપર અને તેમની બીજી ઇંદ્રિયો ઉપર દબાણ મૂકયા બરોબર છે, તેમની આંખનો અને તેમના હાથનો દુરુપયોગ કર્યા બરોબર છે. ખરી કેળવણી પામેલું બાળક અક્ષરજ્ઞાન યોગ્ય સમયે સહેજે મેળવી શકે અને તે રસપૂર્વક પામે. આજે બાળકોને એ જ્ઞાન બોજારૂપે થઇ પડે છે. આગળ વધવાના સારામાં સારા કાળનો નકામો ક્ષેપ થાય છે અને અંતે તેઓ સુંદર અક્ષર કાઢવાને બદલે, અને સુંદર રીતે વાંચવાને બદલે માખીના ટાંગા જેવા અક્ષર કાઢે છે. તે ઘણું ન વાંચવાનું વાંચે છે, અને વાંચે છે તે પણ ઘણી વેળા ખોટી રીતે વાંચે છે. આને કેળવણી કહેવી એ કેળવણીની ઉપર અત્યાચાર કર્યા બરોબર છે. બાળક અક્ષરજ્ઞાન પામે તેના પહેલાં તેને પ્રાથમિક કેળવણી મળી જવી જોઇએ. આમ કરવાથી આ ગરીબ મુલકમાં અનેક વાચનમાળા અને બાળપોથીઓના ખર્ચમાંથી અને ઘણા અનર્થમાંથી બચી જવાય. બાળપોથી હોવીજ જોઇએ તો તે શિક્ષકોને સારૂજ હોય. મારી વ્યાખ્યાનાં બાળકોને સારૂ કદી નહિ. જો આપણે ચાલુ પ્રવાહમાં ન તણાઈ રહ્યા હોઇએ તો આ વાત દીવા જેવી સ્પષ્ટ લાગવી જોઇએ.

ઉપર આલેખેલી કેળવણી બાળક ઘરમાંજ પામી શકે અને માતાનીજ મારફતે. એટલે જેવી તેવી કેળવણી તો બાળકો માતાની પાસેથી પામે છે. જો આજે આપણાં ઘર છિન્નભિન્ન થઈ ગયાં છે, માબાપ બાળકો પ્રત્યેનો પોતાનો ધર્મ ભૂલી ગયાં છે તો બાળકની કેળવણી જ્યાંસુધી અને ત્યાંસુધી એવા સંજોગોમાં અપાવી જોઇએ કે જ્યાં બાળકોને કુટુંબના જેવુંજ વાતાવરણ મળે. આ ધર્મ માતાજ બજાવી શકે, તેથી બાળકેળવણી સ્ત્રીનાજ હાથમાં હોવી જોઇએ. જે પ્રેમ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરજ સ્ત્રી બતાવી શકે એ સામાન્ય રીતે આજ લગી પુરુષ નથી બતાવી શકયો. આ બધું સાચું હોય તો બાળકેળવણીનો પ્રશ્ન ઉકેલતાં સહેજે સ્ત્રીકેળવણીનો પ્રશ્ન આપણી સામે ખડો થાય છે; અને જ્યાંલગી સાચી બાળકેળવણી આપવા લાયક માતા તૈયાર નથી થઇ, ત્યાંલગી બાળકો સેંકડો નિશાળોમાં જતાં છતાં કેળવણી વિનાનાંજ રહે છે, એમ કહેતાં મને સંકોચ નથી થતો.

હવે હું બાળકેળવણીની કંઈક રૂપરેખા દોરી જાઉં. ધારો કે, એક માતારૂપી સ્ત્રીના હાથમાં પાંચ બાળકો આવ્યાં છે. આ બાળકોને નથી બોલવાનું કે નથી ચાલવાનું ભાન; નાકમાંથી લીંટ વહે છે તે હાથવતી લૂછીને પગ ઉપર કે પોતાનાં કપડાં ઉપર લગાડે છે; આંખમાં ચીપડા છે; કાનમાં ને નખમાં મેલ ભર્યો છે; બેસવાનું કહેતાં પગ પસારીને બેસે છે; બોલે છે તો ફૂલ-ખરણી ઝરે છે; 'શું'નો 'હું' કહે છે અને 'હું'ને બદલે 'અમે'નો ઉપયોગ કરે છે. પૂર્વપશ્ચિમ અને ઉત્તરદક્ષિણનું તેમને ભાન નથી. શરીરે મેલા ડગલા પહેર્યા છે, ગુહ્ય ઇન્દ્રિય ઉઘાડી છે, તેને ચુંથ્યા કરે છે, જેમ વારો તેમ વધારે ચુંથે છે, ખિસ્સું હોય તો તેમાં કંઇક મેલી મિઠાઇ ભરેલી છે, એ વખતોવખત કાઢીને ચાવ્યા કરે છે, તેમાંથી થોડું કંઇ જમીન ઉપર વેરે છે અને ચીકણા હાથને વધારે ચીકણા કર્યેજ જાય છે. ટોપી પહેરેલી છે તેની કોર કાળીમેસ થઇ ગયેલી છે અને તેમાંથી ઠીકઠીક દુર્ગંધ આવે છે. આ પાંચ બાળકોને સંભાળનારી સ્ત્રીના મનમાં માતાની ભાવના પેદા થાય તોજ તે એમને શીખવી શકશે. પહેલો પાઠ તેમને ઢંગમાં લાવવાનોજ હશે. માતા તેમને પ્રેમથી નવરાવશે, કેટલાક દહાડાસુધી તો તેમની સાથે માત્ર વિનોદજ કરશે અને અનેક રીતે જેમ આજ લગી માતાઓએ કર્યું છે એમ, જેમ કૌશલ્યાએ બાળરામના પ્રત્યે કર્યું તેમ, માતા બાળકોને પોતાના પ્રેમપાશમાં બાંધશે અને જેમ નચાવવા માગે તેમ નાચતાં બાળકોને શીખવી દેશે. આટલી ચીજ માતાએ ન મેળવી હોય ત્યાંસુધી વછૂટી ગયેલાં વાછડાંની પાછળ બેબાકળી થઇને જેમ ગાય આમતેમ દોડયા કરે છે, તેમ આ માતા પેલાં પાંચ બાળકોની પાછળ ટળવળ્યા કરશે. જ્યાંલગી એ બાળકો સહેજે સાફ થયાં નથી, તેમના દાંત, કાન, હાથ, પગ જોઇએ તેવાં નથી થયાં, તેમનાં ગંધાતાં કપડાં જ્યાંસુધી બદલાયાં નથી અને જ્યાંસુધી 'હું'નો 'શું' નથી થયો, ત્યાંસુધી તે જંપ વાળીને બેસવાની નથી. આટલો કાબૂ મેળવ્યા પછી માતા બાળકને પહેલો પાઠ રામનામનો આપશે. તે રામને કોઇ રામ કહેશે, કોઈ રહેમાન કહેશે; વસ્તુ એકજ હોય. ધર્મ પછી અર્થ તો હશેજ, તેથી માતા અંકગણિતનો આરંભ કરશે. બાળકોને પલાખાં આપશે ને સરવાળા-બાદબાકી તે મોઢેથી શીખવશે. બાળકોને પોતે જ્યાં રહેતાં હોય તે જગ્યાનું ભાન હોવુંજ જોઇએ તેથી તે તેમની આસપાસનાં નદીનાળાં, ટેકરા, મકાનો બતાવશે ને તેમ કરતાં દિશાનું ભાન તો કરાવીજ દેશે અને બાળકોની ખાતર તે પોતાના વિષયનું જ્ઞાન વધારશે. આ કલ્પનામાં ઇતિહાસ અને ભૂગોળ નોખા વિષય કદી ન હોય, બન્નેનું જ્ઞાન વાર્તારૂપેજ અપાય. આટલેથી માતાને સંતોષ તો નજ થાય. હિંદુ માતા બાળકોને સંસ્કૃતનો ધ્વનિ બચપણથીજ સંભળાવે, તેથી તેમને ઈશ્વરસ્તુતિના શ્લોકો મોઢે કરાવે ને બાળકની જીભ શુદ્ધ ઉચ્ચારણને સારૂ વાળે. રાષ્ટ્રપ્રેમી માતા હિંદીનું જ્ઞાન તો આપેજ, તેથી બાળકની સાથે તે હિંદીમાં વાત કરે. હિંદી પુસ્ત-કોમાંથી કંઇ વાંચી સંભળાવે ને બાળકોને દ્વિભાષી બનાવે. બાળકને તે અક્ષરનું જ્ઞાન હમણાં નહિ આપે પણ તેના હાથમાં પીંછી તો મૂકે. તે ભૂમિતિની આકૃતિઓ કઢાવે. સીધી લીટી, વર્તુળ વગેરે કઢાવે. જે બાળકો ફૂલ ન કાઢી આપે અથવા લોટાનું ચિત્ર ન કરી આપે કે ત્રિકોણ ન કાઢી આપે તે કેળવણી પામેલ છે એમ માતા માનેજ નહિ; અને સંગીત વિના તો બાળકોને તે નજ રાખે. બાળકો મધુર સ્વરથી એકસાથે રાષ્ટ્રગીતો, ભજનો વગેરે ન ગાઇ શકે તે સહનજ ન કરે. તેમને તાલબદ્ધ ગાતાં શીખવે. ભલી થાય તો તેમના હાથમાં એકતારો મૂકે, તેમને ઝાંઝ આપે, ડાંડિયા-રાસ શીખવે. તેમનાં શરીર કસવા સારૂ તેમને કસરત કરાવે, કૂદાવે, દોડાવે અને બાળકોને સેવાભાવ શીખવવો છે ને હુન્નર પણ શીખવવો છે તેથી તે તેમને કાલાં વીણવા, ફોલવા, લોઢવા, પીંજવા ને કાંતવાની ક્રિયાઓ શીખવે ને બાળકો રોજ રમતમાં ઓછામાં ઓછો અર્ધો કલાક કાંતી નાખે.

આ ક્રમમાં હાલ આપણને જે પુસ્તકો મળે છે તેમાંનાં ઘણાં નકામાં છે. દરેક માતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો પ્રેમ નવાં પુસ્તકો આપી દેશે; કેમકે ગામેગામ નવા ઇતિહાસભૂગોળ હશે, અંકગણિતના દાખલા પણ નવાજ રચાય. ભાવનાવાળી માતા રોજ તૈયાર થઇને શીખવે ને પોતાની નોંધપોથીમાં નવી વાતો, નવા દાખલા વગેરે રચે ને બાળકોને શીખવે.

આ પાઠ્યક્રમને વધારે લંબાવવાની જરૂર ન હોવી જોઈએ. આમાંથી દરેક ત્રણ માસનો ક્રમ ઘડી શકયા; કેમકે બાળકો જૂદાજૂદા વાતાવરણમાં ઉછરેલાં હોય છે, તેથી આપણી પાસે એકજ ક્રમ હોઇ ન શકે. પ્રસંગે પ્રસંગે મળેલાં બાળકોને જોઇનેજ ક્રમ ઘડી શકાય. કેટલીક વેળા તો બાળકો ઉલટું શીખી આવ્યાં હોય તેમને તે ભૂલાવવું પડે. છ-સાત વર્ષનું બાળક જેવા તેવા અક્ષર કાઢી જાણતું હોય, અથવા તેને 'મા ભૂ પા' વાંચવાનું વ્યસન પડી ગયું હોય તો તે તેની પાસે ભૂલાવે. બાળક વાંચીને જ્ઞાન મેળવે એ ભ્રમ તેના મનમાંથી ન નીકળે ત્યાંલગી આગળ વધે નહિ. અક્ષરજ્ઞાન જેણે જીંદગીભરમાં ન મેળવ્યું હોય તે વિદ્વાન બની શકે એ સહેજે કલ્પનામાં આવી શકે તેવું છે.

આ લેખમાં મેં ક્યાંયે 'શિક્ષિકા' શબ્દનો ઉપયોગ નથી કર્યો. શિક્ષિકા તે માતા છે. જે માતાનું સ્થાન ન લઇ શકે તે શિક્ષિકા થાયજ નહિ. બાળક કેળવણી લે છે એવું બાળકને લાગવું ન જોઇએ. જે બાળકની પાછળ માતાની આંખ ફર્યાજ કરે છે તે બાળક ચોવીસે કલાક કેળવણી-જ લઇ રહેલ છે. નિશાળમાં છ કલાક બેસી આવનાર બાળક કંઇજ કેળવણી ન લેતું હોય. આ અસ્ત થઈ ગયેલ જીવનમાં સ્ત્રીશિક્ષિકાઓ કદાચ ન મળી શકે. પુરુષો મારફતેજ બાળશિક્ષણ હાલ સંભવે એમ ભલે હોય તો પુરુષશિક્ષકે માતાનું મહાપદ મેળવવું પડશે ને છેવટે તો માતાએ તૈયાર થવું પડશે; પણ જો મારી કલ્પના યોગ્ય હોય તો ગમે તે માતા, જેને પ્રેમ છે તે થોડી મદદથી તૈયાર થઈ શકે છે; અને પોતાને તૈયાર કરતી તે બાળકોને પણ તૈયાર કરી શકે છે.

(તા-૨-૬-૨૯ના "નવજીવન" માં લેખકઃ-મહાત્મા ગાંધીજી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬-ભારત માતાનો પોકાર

અર્ધરાત્રિનો સમય છે, બાલ અને વૃદ્ધ, ગરીબ અને તવંગર તથા પશુ અને પક્ષી સર્વ નિદ્રાદેવીના ખોળામાં સૂતાં છે. ચારે તરફ ચૂપકીદી છવાઇ ગઇ છે, કોઇના બોલવાનો અવાજ સંભળાતો નથી. કદી કદી વાદળની ગર્જનાના અવાજ સંભળાય છે. જોતજોતામાં ચારેબાજુ કાળાં વાદળો છવાઇ ગયાં. મોઢે મોહું સૂઝતું નથી. એટલામાં મૂશળધાર વરસાદ પડવા લાગ્યો. ઇંદ્ર અને રાક્ષસનું ભયંકર યુદ્ધ થવા લાગ્યું, વિજળીના કડાકાથી હૃદય થરથરતું હતું. આવે સમયે જંગલમાંથી કોઇની ચીસનો શબ્દ સંભળાયો, જે સાંભળી હૃદય કંપવા લાગ્યું; પણ તે શું છે તે જઇને જોવાની હિંમત ચાલી નહિ. આ સર્વની કંઈ પણ દરકાર કર્યા સિવાય એક યુવતીને તે જંગલ તરફ જલદી જલદી જતી મેં જોઇ. આ વાતનો નિર્ણય કરવાને માટે હું પણ તેની પાછળ ગયો. તે યુવતી જંગલમાં પહોંચી, પરંતુ તે અવાજ ક્યાંથી આવતો હતો તે સમજાયું નહિ. કોઇ વખત પૂર્વમાંથી તો કોઇ વખત પશ્ચિમમાંથી અને કોઇ વખત ઉત્તરમાંથી તો કોઇ વખત દક્ષિણમાંથી તે આવતો હતો. થોડા સમય પછી ચારે તરફ શાંતિ પથરાઇ ગઇ, વાદળ ખુલ્લું થવા લાગ્યું અને ચંદ્રમાની મનોહર ચાંદની પથરાઇ ગઇ; પણ એટલામાંજ ફરી પાછો કોઈના વિલાપનો અવાજ સંભળાયો. છેવટે જ્યાંથી તે શબ્દ આવતો હતો ત્યાં તે યુવતી ધીમે ધીમે પહોંચી ગઇ અને ત્યાં એક વિચિત્ર દૃશ્ય તેની નજરે પડયું. એક વૃદ્ધ સ્ત્રી તેના હાથમાં સૂકાયેલાં ફૂલોનો ગુચ્છો લઇને રડી રહી છે. તે ગુચ્છામાંનાં ફૂલોની પાંખડીઓ વેરણછેરણ થઇ ગઇ હતી તોપણ તેમાંથી ઘણીજ મનોહર સુગંધી આવતી હતી અને આખા જંગલમાં તે સુગંધ પ્રસરી રહી હતી. જો કે તે સ્ત્રી વૃદ્ધાવસ્થાને લીધે દુર્બળ હતી તોપણ તેના મુખમંડળની કાંતિ તેજસ્વી હતી. કપોલપ્રદેશ પર કાળી જટા લટકી રહી હતી, આખા શરીરપર માત્ર એકજ વસ્ત્ર હતું, મોઢામાંથી ઠંડા શ્વાસ નીકળી રહ્યા હતા. તેની આવી હાલત જોઇ તે યુવતી તેની પાસે બેસી ગઇ. હું પણ તેમની વાત સાંભળવાને માટે એક વૃક્ષની આડમાં છુપાઇને બેઠો. તે દેવીએ પ્રશ્ન કર્યો કે "માતા! તમે કોણ છો ? આ ભયંકર વનમાં તમે શામાટે એકલાં રહો છો ? આટલું બધું રુદન અને વિલાપ કરવાનું કારણ શું છે ?" દેવીનો આ પ્રશ્ન સાંભળી તે વૃદ્ધ સ્ત્રી શાંત થઈ એકીટસે તેના તરફ જોઈ રહી. તે બાવરી જેવી કેમ લાગતી હતી તે કેમ કહેવાય ? તેનાં મોટાં મોટાં કમળસમાન નેત્રો કોની શોધમાં હતાં તે શું કહેવાય ? તેના દિલની વાત કોણ કહી શકે ? તેનું દુઃખ જોઇ પ્રકૃતિથી પણ રહેવાયું નહિ, તેથી તેનાં નેત્રોદ્વારા દુઃખરૂપી ધારાઓ વહેવા લાગી અને મોઢામાં આંગળી ઘાલી દુઃખમય નજરે તે સ્ત્રી તરફ જોવા લાગી. પાઠકગણ ! થોડા સમયસુધી તે સ્ત્રીની એજ દશા રહી. બાદ તેણે જર્જર શરીરે દીર્ઘ શ્વાસ લેવા માંડયા. તેના હોઠ હાલતા હતા પણ તે શું બોલતી હતી તે સમજાયું નહિ. તેની આંખોમાંથી હજી પણ નીર ઝરતું હતું. તેની આવી દશા જોઇ તે યુવતીએ પોતાના હાથવડે તેનું મોહું સાફ કર્યું અને કહ્યું " માતા ! તમારા દુઃખની વાત મને કહો, મારાથી બનશે ત્યાંસુધી તમારો કલેશ દૂર કરવાને પરિશ્રમ કરીશ." આ કરુણામય શબ્દો સાંભળી તે વૃદ્ધ સ્ત્રી બોલી કે "પુત્રી ! તું મારા દુઃખની વાત સાંભળી શું કરીશ ? તે સાંભળવાને પણ સાહસની આવશ્યકતા છે. વારૂ, જ્યારે તારી સાંભળવાની ઇચ્છા છે તો સાંભળ. મારૂં નામ 'ભારતમાતા' છે. કે જેનું દૂધ પીને તું મોટી થઈ છે અને તેનીજ ગોદમાં તેં ક્રીડા કરી છે. જો, હવે મારી કેવી દશા થઇ ગઇ છે ! સારા સારા સુપુતોએ જન્મ લેવાનું છોડી દીધું છે; દુર્બળતાને લીધે સર્વ ઇંદ્રિયો શિથિલ થઇ ગઇ છે; મારે ત્રીસ કરોડ પુત્રપુત્રીઓ છે, તોપણ મારો કલેશ દૂર થતો નથી. કહે, આ દશામાં હું શું કરૂં ? હું ક્યાંસુધી જીવતી રહીશ?" આમ કહેતાં કહેતાં તેણે ફૂલોનો ગુચ્છો હાથમાં લઇને કહ્યું "જો, આ સૂકાઇ ગયેલી પાંખડીઓ આગલા સમયમાં મારાં સંતાન હતાં. તેમાં ગીતાનો ઉપદેશ કરનાર શ્રીકૃષ્ણ તથા પાંચ પાંડવો, પિતૃઆજ્ઞા પાલક શ્રીરામચંદ્ર. ભ્રાતૃપ્રેમી લક્ષ્મણ, બ્રહ્મવિદ્યામાં પારંગત મોટા મોટા ઋષિમુનિઓ અને કૌશલ્યા જેવી સહનશીલ દેવીઓ, સીતા અને સાવિત્રી જેવી પતિવ્રતા સ્ત્રીઓ અને ગાર્ગી જેવી બ્રહ્મવાદિની બ્રહ્મચારિણી સ્ત્રીઓ એમાં હતી. જો કે આ ગુચ્છાની માફક મારાં ભૂતપૂર્વ સંતાનો ચીમળાઇ ગયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તોપણ અદ્યાપિપર્યંત તેમની સુગંધ ચારે દિશાઓમાં ફેલાઇ રહી છે. દુઃખની વાત છે કે એવા સુપુત્રોએ જન્મ લેવાનું છોડી દીધું છે અને મારાપર રૂષ્ટ થઇને તેઓ અન્ય દેશોને સુશોભિત કરી રહ્યા છે. કદી કદી કોઇ સિતારો દેખાય છે તો તે અજ્ઞાનના ઘટાટોપના છવાયાથી અદૃશ્ય થઇ જાય છે. હાય ! જેની અમૃતમય છાયા નીચે દૂર દેશાવરના લોકો આવીને આરામ લેતા હતા ત્યાંજ આજે મારાં સંતાનોને રહેવા ઝુંપડી પણ મળતી નથી, મારાં લાખો પુત્રપુત્રીઓ અન્નને માટે તરફડે છે, દુષ્કાળ અને પ્લેગના મુખમાં મારાં હજારો સંતાનો ફસાઈ જાય છે, તેમને કોઇ આશ્રય આપનાર જણાતું નથી. કહે, હવે હું શું કરૂં ?" આટલું કહેતાં કહેતાં તે મૂર્ચ્છિત થઇ ધરતી-પર પડી ગઇ. માતાની આ દશા જોઇ તે યુવતી પણ રડવા લાગી. થોડા સમય બાદ જ્યારે માતાની મૂર્ચ્છા વળી ત્યારે તે ઉઠી અને કહેવા લાગી કે "અરે ! કુળકલંકી સત્યાનાશી દુર્યોધન ! તારે લીધેજ મારી આ દશા થઇ. જો તેં કુસંપનું બી વાવ્યું ના હોત તો મારા કરોડો સુયોગ્ય પુત્રોનું પ્રચંડ મહાભારતરૂપી યુદ્ધાગ્નિમાં બલિદાન થાત નહિ. અરે દુષ્ટ ! તેંજ મારા તમામ વીરોનું મૂલોચ્છેદન કર્યું કે જેઓ માંહોમાંહે કપાઇને મરી ગયા. તું સદૈવને માટે કુસંપનું બી વાવી ગયો, જેથી કરીને અદ્યાપિપર્યંત મારે ઘણાં દુઃખો સહન કરવાં પડ્યાં છે. અરે દુષ્ટ જયચંદ ! તેંજ મારૂં રહ્યું સહ્યું સર્વસ્વ નાશ કર્યું, તેં તારા ભાઇ (પૃથ્વીરાજ) સાથે વિરોધ કરી વિદેશીય શત્રુ(શાહબુદ્દીન)ને બોલાવી મારાં વીર સંતાનોનું રક્ત વહેવરાવ્યું. અરે નિર્દય ! તેં સાપને મિત્ર બનાવ્યો તેનું તને ક્યાં ભાન હતું ? એ અવસર મેળવી મને ડસશે તેનું તને જ્ઞાન હતું ? માત્ર મારો નહિ, પણ આખા દેશનો સંહાર કરશે તેનો તેં ક્યાંથી વિચાર કર્યો હોય ?" આટલું કહી તે ફરીથી બોલી કે "ઓ પ્યારા પુત્ર કાલીદાસ ! શું તુંજ શેક્સપિયરનું નામ ધારણ કરી યૂરપ ચાલી ગયો ? પ્યારા અર્જુન ! શું તેં મારી સાથે રીસાઇને નેપોલિયનનું નામ ધારણ કરી ફ્રાન્સને સુશોભિત કર્યું ? અરે વૃદ્ધ ભીષ્મ તથા દ્રોણાચાર્ય ! શું તમેજ વૉશિંગ્ટન અને ગેરીબાલ્ડી બની અમેરિકા ચાલ્યા ગયા ? વીર અભિમન્યુ ! શું તું આજ્ઞાકારી કેસાબિઅન્કા તો નથી થયો ને ? અરે શ્રીકૃષ્ણની ગીતાના રહસ્ય ! શું તેં ફિલોસોફીનું નામ ધારણ કરી પશ્ચિમ-ના વિદ્વાનોનો ઝુંડો આખી દુનિયા ઉપર ફરકાવી દીધો છે ? અરે રાજપૂત રમણીઓ અને સીતા-સાવિત્રી જેવી દેવીઓ ! શું તમારી બરાબરી કરે તેવી સ્ત્રીઓ આ વખતે આ દુનિયામાં છે ? અરે વીરજનની વિદુલા ! શું તારો મુકાબલો કરી શકે એવી કોઇ દેવી મળશે ? તારી માફક પોતાના એકના એક પુત્ર સંજયને આવું કેટલી સ્ત્રીઓ કહી શકશે કે 'અરે પુત્ર ! યુદ્ધમાં કોઇ વસ્તુનો મોહ કરીશ નહિ, તારા પ્રાણનો પણ મોહ કરતો નહિ; કારણ કે તારે એક દિવસ શરીર છુટવાનું તો છેજ.' અરે દેવીઓ! તમે મારો ત્યાગ કરી ક્યાં ચાલી ગઈ ?"

પાઠકગણ ! માતાનો આવો વિલાપ સાંભળી કયું એવું પથ્થર જેવું હૃદય હશે કે જે પીગળી જાય નહિ ? માતાનું રુદન સાંભળી તે યુવતીનું હૃદય કંપાયમાન થઇ ગયું; એટલુંજ નહિ પણ વનનાં દરેક વૃક્ષ અને પશુપક્ષીઓ રુદન કરવા લાગ્યાં અને હું પણ રડ્યો. મારા મનમાં નાના પ્રકારના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા અને મારા મોઢામાંથી નીકળી પડ્યું કે " હે વિધાતા ! આ એજ ભારતરૂપી જનની છે કે જે એક વખતે ઐશ્વર્યવાન હતી, જેમાં શ્રેષ્ઠોનો વાસ હતો; આજે તેજ માતા અપવિત્રાત્માઓથી ક્લેશિત થઈ રહી છે. જે એક વખતે સુવર્ણમય ભૂમિ બની હતી, જેનાં રત્નોની પ્રાપ્તિને માટે દૂર પ્રદેશના લોકો આવતા હતા; આજે તેનાંજ સંતાનો દરિદ્રતાથી માર્યાં માર્યાં ફરે છે. અરે કાળ ! તું ઘણો અન્યાયી છે, તને માતાની દશાપર દયા નથી એ શું ? અરે કાળચક્ર ! યાદ રાખજે કે, તારે તારાં કર્મોનાં ફળ ભોગવવાં પડશે અને માતાનું દુઃખ દૂર થશે. પાઠકગણ ! કાળચક્ર માતાના માથા ઉપર ઉભું રહ્યું છે અને તે માતાને પીલી નાખવા માગે છે; પણ આપણે તેને આપણાં કામોથી ઉત્તર દેવો જોઇએ કે અરે કાળ ! તું અમારૂં કહ્યું માનીશ, એટલુંજ નહિ પણ તારે અમારી આંગળીઓના ઇશારા પ્રમાણે કામ કરવું પડશે."

("સ્ત્રીદર્પણ" માર્ચ-સન ૧૯૧૬ ના અંકમાં. મૂળ લેખિકાઃ--શ્રીમતી કુમારી અમરદેવી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭–संस्कारविधिमां रहेला उत्तम लाभो

क्षेत्रभूता स्मृता नारी बीजभूतः स्मृतः पुमान् । क्षेत्रबीजसमायोगात् संभवः सर्वदेहिनाम् ॥

અર્થાત્—સ્ત્રી ક્ષેત્રરૂપ ને પુરુષ બીજરૂપ છે. ક્ષેત્ર અને બીજના સંયોગે સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે.

મનુષ્યનું શરીર, વાણી અને મન શુદ્ધ થવા માટે શાસ્ત્રકારોએ સોળ સંસ્કાર નક્કી કર્યા છે; કેમકે મેલા કાચમાં જેવી રીતે શરીર સ્વચ્છ દેખાતું નથી, તેમ સંસ્કારરહિત અંતઃકરણમાં આત્મજ્ઞાનનું દર્શન તથા અનુભવ થઇ શકતાં નથી. સંસ્કારના અભાવે વર્તમાન સમયમાં વિદ્યા, વીર્ય તથા દ્રવ્યના સંબંધમાં આપણી સ્થિતિ કેવી નિસ્તેજ અને નિર્માલ્ય થતી જાય છે, તે પ્રત્યક્ષ છે. માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર વર્ણમાં પહેલાં ત્રણ જે 'દ્વિજ' કહેવાય છે; તેમણે ગર્ભાધાનથી લઈ અંત્યેષ્ટિ સુધીના સર્વ સંસ્કાર કરવા, એવી શાસ્ત્રાજ્ઞા છે. વળી આ વિષય સ્ત્રીજાતિ માટે હોવાથી સર્વ દંપતીને અનુકૂળ એવું કંઇક વિવેચન અત્રે કરીશ.

કયા સંસ્કાર કયારે કરવા ?

(૧) ઋતુકાલમાં ગર્ભાધાન સંસ્કાર કરવા, (૨) ગર્ભ ફરકયા પહેલાં પુંસવન સંસ્કાર કરવા, (૩) છઠ્ઠે અથવા આઠમે માસે સીમંત સંસ્કાર કરવા, (૪) જન્મ્યા પછી જાતકર્મ સંસ્કાર કરવા, (૫) અગિયારમે માસે નામકરણ સંસ્કાર કરવા, (૬) ચોથે માસે નિષ્ક્રમણ સંસ્કાર કરવા, (૭) છઠ્ઠે માંસે અન્નપ્રાશન સંસ્કાર કરવા અને (૮) કુલાચાર પ્રમાણે ચૌલ સંસ્કાર કરવા.

મનોબળ ઉપરજ સંસ્કારનો આધાર હોવાથી દરેક કામના આરંભમાં સારા સંકલ્પ કરવાની ટેવ રાખવી. આપણામાં એ ઉપર એક કહેવત પણ છે કે "ભાવના તેવી સિદ્ધિ !" માટે ઉચ્ચ ભાવના અને વિચાર પણ ઉચ્ચ રાખવા.

મુખ્ય સંસ્કાર અને તેનું રહસ્ય

સીમંતસંસ્કાર વખતે વર તરફથી બોલાતા મંત્રનો એવો અર્થ છે કે:–"હે સીમંતિનિ ! હું તને ત્રણે લોકનું સુખ પ્રાપ્ત કરાવું છું; બળવાન વૃક્ષની ફળવાળી શાખાની પેઠે તું પુત્રવતી થા." આ પ્રસંગે સ્ત્રીની પાસે જે ઔષધિઓ તથા પાંચ વસ્તુઓ મૂકવામાં આવે છે, તેમાં (૧) કૃષિ (ખેતી), (૨) કર્મકાંડ, (૩) લેખનવિદ્યા, (૪) ક્ષત્રીધર્મ અને (૫) હુન્નર–ઉદ્યોગ સૂચવે છે. વળી ગાનતાનથી ગર્ભિણીનું મન પ્રફુલ્લિત કરવા કહ્યું છે; કેમકે પાંચ માસ પછી જેવા સંસ્કાર ગર્ભિણી ઉપર પાડવામાં આવે, તેવાજ સંસ્કાર ગર્ભ (ભાવિ પ્રજા) ઉપર પડે છે; માટે સારી સંતતિની ઇચ્છાવાળાં સ્ત્રી–પુરુષે આ વિષયમાં પ્રથમથીજ ધ્યાન આપવું જોઇએ.

जातकर्म–આ સંસ્કારપ્રસંગે કરવામાં આવતી પ્રાર્થનાનો અર્થ એવો છે કે "જેવી રીતે વાયુ અને સમુદ્ર ચલાયમાન થાય છે, તેવી રીતે આ દશ માસનો ગર્ભ, પ્રસવ થવા માટે પડદા સાથે ચલાયમાન થાઓ. જેવી રીતે વાયુ સર્વ દિશામાં ગતિ કરે છે, તે પ્રમાણે આ ગર્ભ પડદાસહિત ગતિ કરો. હે જીવ ! જરાયુ કહેતાં પડદો, જે જીવાત્માનું નિવાસસ્થાન છે તેનો ત્યાગ કરી ગર્ભ તથા ઓરની સાથે બહાર આવ."

विवाह—આ સંસ્કારમાં લાજા એટલે શેકેલી ડાંગર (સાળ) પરણનાર સ્ત્રીના હાથમાં વર પોતાને હાથે નાખે છે. આ લાજાહોમની ત્રણ આહુતિઓ આપતી વખતે સ્ત્રી કહે છે કે, હે સૂર્યદેવતા ! મેં સારા વરની પ્રાપ્તિ માટે તારૂં યજન કર્યું હતું. મને મારા પતિના ગ્રહસ્થાને એવી રીતે જોડ કે કદી છૂટી પડવાનો વખત ન આવે. મારો પતિ દીર્ઘાયુ થાઓ અને કુટુંબ વૃદ્ધિ પામો. હે અગ્નિદેવ ! અમો દંપતીની પ્રીતિને સદા અનુમોદન આપો.

તે પછી પતિ કહે છે કે "હે કન્યા ! સંતાન અને સૌભાગ્યની સિદ્ધિને સારૂ હું તારો હસ્ત ગ્રહણ કરૂં છું. તું મારી સાથે આનંદ ભોગવી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કર. ભગવાન સૂર્ય તથા અર્યમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના દેવતાએ તને રૂપગુણસંપન્ન ગૃહિણી થવા માટે મારે સ્વાધીન કરી છે. હું પુરુષ અને તું પ્રકૃતિ છે. હું સામવેદ અને તું તેની ઋચા પ્રમાણે છું. હું દ્યોરૂપ ને તું પૃથ્વીરૂપ છે. તારી પ્રજા દીર્ઘાયુષી થાઓ. આપણે પરસ્પર પ્રેમથી જોડાઇ તેજસ્વી થઇએ, ને ઉચ્ચ મનોવૃત્તિ ધારણ કરીએ. હે કન્યા ! આ પથ્થરપર પગ મૂકી તેના જેવી દૃઢ થા, તારી જોડે કંકાસ કરનારને સામી ઉભી રહી શાંત પાડ અને તને મારવા આવનારનો પરાજય કર."

પછી વળી વર, દેવી સરસ્વતીપ્રત્યે કહે છે કે "હે કલ્યાણેશ્વરિ ! તમે સર્વની રક્ષા કરો, વેદાદિ સર્વ શાસ્ત્રો આપને માતારૂપે વર્ણવે છે. તમેજ પ્રકૃતિ છો ને તમારામાંથીજ આ વિશ્વ ઉત્પન્ન થઇ તમારામાં પાછું સમાય છે. ગીતોમાં ગવાતા તમારા યશ, ગુણ તથા પ્રભાવ સાંભળી સ્ત્રીઓ સુયશ-કીર્તિ સંપાદન કરે છે. લાજાહોમ પૂરો થતાં વરકન્યાને ઉત્તર તરફ સાત પગલાં ભરાવતાં દરેક પગલે જે મંત્ર ભણે છે તે કેવા પવિત્ર અને સ્વધર્મસૂચક છે તે જુઓઃ—

(૧) ॐ **एकमिषे । विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને પહેલું પગલું અન્ન-પ્રાપ્તિ સારૂ ચલાવો.

(૨) ॐ **द्वे उर्ज्जे । विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને બીજું પગલું બળની પ્રાપ્તિ સારૂ ચલાવો.

(૩) ॐ **त्रीणि रायस्पोषाय । विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને ત્રીજું પગલું ધનની પ્રાપ્તિ સારૂ ચલાવો.

(૪) ॐ **चत्वारिमायो भवाय विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને ચોથું પગલું સુખની પ્રાપ્તિ સારૂ ચલાવો.

(૫) ॐ **पंच पशुभ्यो । विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને પાંચમું પગલું ગાય, ઢોર વગેરે પશુની સમૃદ્ધિ માટે ચલાવો.

(૬) ॐ **षड्ऋतुभ्यो । विष्णुस्त्वानयतु ।** અર્થઃ-ભગવાન વિષ્ણુ તને છઠ્ઠું પગલું સર્વ ઋતુ-ઓના આનંદ માટે ચલાવો.

(૭) ॐ **सखे सप्तपदा भव सा मामनुव्रता भव ।** અર્થઃ-અને તું સાતમું પગલું ચાલીને સપ્તલોકમાં પ્રસિદ્ધ તથા મારી આજ્ઞા પ્રમાણે વર્તનારી થા. મારા વ્રતને અનુકૂળ હું તારૂં હૃદય કરૂં છું. તારૂં ચિત્ત મારા ચિત્તને અનુકૂળ થાઓ. તું એકચિત્તે મારી આજ્ઞાનું પાલન કર. પ્રજાપતિ ભગવાન મારૂં કલ્યાણ કરવા તને પ્રેરણા કરે.

વર કન્યાને આશીર્વાદયુક્ત વચનોથી કહે છે કેઃ-હું વસ્ત્ર આપું છું તે પહેરી વૃદ્ધ થા અને પતિવ્રતના તેજવડે સો વર્ષ જીવ. પ્રજાને ઉત્પન્ન કરનારી તથા દ્રવ્યનું રક્ષણ કરનારી હે કન્યા ! એક દિશામાંથી બીજી દિશામાં જતા વાયુની પેઠે પ્રસન્નતાપૂર્વક તું તારા પિતાના ઘરમાંથી મારી જોડે આવે છે, તેથી વાયુદેવતા તારા કર્ણનો આશ્રય લઇ તને તેજસ્વી વચનો સંભળાવી સ્વધર્મનિષ્ઠ કરો. હે કન્યા ! તું સૌમ્ય (શીતળ) દૃષ્ટિવાળી થા. કદી પણ પતિનો વિરોધ કરીશ નહિ, પશુઓનું પાલન કરજે, સૂર્યાદિ દેવતાઓનું સેવન કરજે. તારૂં મન પ્રસન્ન રાખજે, સુખી થજે અને સૌને સુખ આપજે.

પછી વરકન્યાને ધ્રુવના તારાનું દર્શન કરાવતાં કહે છે કે "હે વધૂ ! તું આ ધ્રુવની પેઠે સ્થિર થા." ત્યાર પછી વરકન્યાને જમાડતી વખતે જે મંત્રો કહે છે તેનો ભાવાર્થ "મારા પ્રાણની જોડે હું તારા પ્રાણને જોડું છું, મારાં અસ્થિ (હાડકાં) જોડે હું તારાં હાડકાં જોડું છું, મારા માંસની જોડે તારા માંસને અને મારી ત્વચા(ચામડી)ની જોડે તારી ત્વચાને જોડું છું."

પૂર્વે આ પ્રમાણે વિવાહસંસ્કાર થતો એટલુંજ નહિ, પણ મંત્રોચ્ચારપૂર્વક વરકન્યા જાતે ક્રિયા કરી પછી સંસારમાં દાખલ થતાં. વિવાહના (લગ્ન) દિવસથી આરંભી ત્રણ દિવસ વરકન્યા સોળું ભોજન જમતાં, જમીન ઉપર પથારી કરી સૂઇ રહેતાં અને એક વર્ષપર્યંત અથવા તે ન બને તો બાર રાત્રિ, છ રાત્રિ અથવા છેવટ ત્રણ રાત્રિ બ્રહ્મચર્ય પાળી મનને વશ રાખતાં હતાં. તે ઉપરાંત લગ્નથી આરંભી નિત્ય અગ્નિની ઉપાસના કરતાં. આ ક્રિયા કરતી વેળા જમણો હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગમાં લેવાનું કારણ એવું જણાવ્યું છે કે, ડાબા કરતાં જમણો હાથ વધારે કલ્યાણકારક છે. કેમકે તેમાં આખા વિશ્વનું ઔષધ સમાયેલું હોવાથી તેનો સ્પર્શ થતાં સર્વ પ્રકારે કલ્યાણ થાય છે.

લગ્નનો હેતુ વિષયલાલસા નહિ, પણ ધર્મપાલન ને પ્રજોત્પત્તિ હતો; તેથી યોગ્ય વયે ક્રિયા કરવા જેટલી વિદ્યા ભણી લગ્ન કરવામાં આવતાં, અને તેથી સંસાર બહુધા સુખરૂપ નીવડતો. આધુનિક "ભણેલાંના ભવાડા અને મોટી ઉંમરની મોહકાણ" જેવું કવચિતજ થતું હશે; માટે આપણી ચાલુ વિવાહપદ્ધતિમાં કેવા પ્રકારનો સુધારો કરવાની આવશ્યકતા છે, તે આ સંસ્કારથી સમજવું જોઇએ.

કેટલાકો કહે છે કે, સોમ, ગંધર્વ અને અગ્નિના સેવનથી સ્ત્રીને બાળપણેજ ત્રણ પતિ થઇ ચૂકયા અને પુરુષ એ ચોથો પતિ છે. આ કથન બિલકુલ સત્ય નથી; કેમકે એ કંઇ મનુષ્ય નથી. જ્ઞાનવલ્કય કહે છે કે ઔષધિનાથ સોમ અથવા ચંદ્રે બાળપણે અનેક રોગથી ઉગારી આરોગ્ય આપ્યું. ગંધર્વે હાલરડાંના સંગીતથી મંગળ વાણી અને શાંતિ આપી, અને અગ્નિદેવના યોગે ભોજનાદિ સામગ્રીથી પોષણ તથા પવિત્રતા પ્રાપ્ત થયાં. આ ત્રણે પદાર્થો સાથે પોતાને નિકટનો સંબંધ સમજી, સ્ત્રીમાત્રે સાધારણ વૈદક, ગીત તથા રસોઇનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ.

પુત્ર જન્મ્યા પછી તેને ખોળામાં લઇ, પિતાએ જે મંગળ વચનો બોલવા સંસ્કારપ્રકરણમાં કહ્યું છે, તે પણ આશીર્વાદાત્મક અને જાણવા જોગ છેઃ-"આ પુત્ર મારા ઘરમાં મોટો થઇ, હજારો મનુષ્યોનું પાલન કરો અને તેની સંતતિ તથા પશુ આદિક સર્વ સુખી રહો. મારામાં જે પ્રાણશક્તિ છે તે હું મારા મનોબળથી તને અર્પણ કરું છું. હે અગ્નિદેવ ! કર્મ કરતાં મારાથી જે કાંઇ ન્યૂનાધિક થયું હોય તેને તમે સુધારી શાસ્ત્રાનુસાર કરો. હે સરસ્વતિ ! જેવું તારૂં સ્તનપાન સુખદ અને ધન-ધાન્યાદિ ઉત્તમ વસ્તુ આપે છે અને જે વડે તું વિશ્વના ઉત્તમ આત્માઓનું પોષણ કરે છે, તેવું મારા પુત્રને સ્તનપાનથી સર્વ સુખ અનુકૂળ થાઓ." આવી રીતે સંસ્કારી થયેલો પુત્ર પિતા અને પિતામહ કરતાં અધિક લક્ષ્મી, કીર્તિ તથા બ્રહ્મવર્ચસ પ્રાપ્ત કરે છે.

नामकरणः—આ સંસ્કાર સ્ત્રીને અગિયારમે દિવસે પ્રસૂતિસ્થાનમાંથી બહાર લાવી, સૂતક ઉતારી, ત્રણ બ્રાહ્મણોને જમાડી કરવો. પુત્રનું નામ બ્રાહ્મણ જાતિ હોય તો સુખવાચક, ક્ષત્રિય હોય તો શૌર્યવાચક અને વૈશ્ય હોય તો શ્રીવાચક પાડવું.

निष्क्रमणः—ચોથે માસે આ સંસ્કાર કરવો. પુત્રને ઘરની બહાર લઇ જઇ, સૂર્યનાં દર્શન કરાવવાં અને એવી ભાવના કરવી કેઃ—"તેના દર્શનથી અમે ૧૦૦ શરદ ઋતુને જોઇએ; ૧૦૦ શરદ ઋતુ શ્રુતિનું અધ્યયન કરીએ; ૧૦૦ શરદ ઋતુ વેદચર્ચા કરીએ, ૧૦૦ શરદ ઋતુ શ્રી, પ્રજા અને બ્રહ્મચર્યયુક્ત રહીએ અને ૧૦૦ વર્ષથી પણ વધારે વર્ષ આયુષ્ય ભોગવીએ." આ સ્થળે શરદ-ઋતુ કહેવાનું કારણ એ કે, એ ઋતુમાં તાવનો ઉપદ્રવ વધારે હોય છે; માટે એ કાળમાં શરીરની વિશેષ સંભાળ રાખવી.

अन्नप्राशनः—આ સંસ્કાર બાળકને આગળ કહ્યા પ્રમાણે સંકલ્પાદિ કરી છઠ્ઠે માસે કરાવવો. બાળક તેજસ્વી થાય તે માટે ઘી તથા ભાત અથવા દહીં, મધ અને ઘી ભાતમાં મેળવી સાકરવાળું કરી બાળકને ખવરાવવું. તે વખતે વળી એવી પ્રાર્થના કરવી કે "હે અન્નદાતા ઈશ્વર ! અમને અન્ન, આરોગ્ય અને બળ આપ; અમારી પ્રજાને તથા પશુને બળ આપ, કે જે બળવડે અમે તારી આજ્ઞા પ્રમાણે ચાલીએ."

चौलकर्म—પુત્ર એક વર્ષનો થાય ત્યારે, અથવા ત્રણ વર્ષ પૂરાં થતાં પહેલાં કુલાચાર પ્રમાણે યોગ્ય વયે આ સંસ્કાર કરવો. આ પ્રકરણમાં પણ આશીર્વાદ અને પ્રાર્થનાયુક્ત કહેવાનું કે "સૂર્યે ઉત્પન્ન કરેલું દિવ્ય જળ તને દીર્ઘાયુ તથા ઐશ્વર્ય પ્રાપ્ત કરાવવા તારા કેશને પલાળો" ઈત્યાદિ.

उपनयन—ઘરની બહાર મંડપ બાંધી પુત્રને આઠ વર્ષ પૂરાં થયા પછી અથવા ગર્ભથી આઠમે વર્ષે બ્રાહ્મણને, અગિયારમે વર્ષે ક્ષત્રિયને અને બારમે વર્ષે વૈશ્યને ઉપનયન સંસ્કાર કરવા; અર્થાત્ જનોઈ આપવાનો બોધ કરવો.

એ પ્રસંગમાં આચાર્ય કહે છે કે "જે વિધિથી બૃહસ્પતિએ ઇંદ્રને વસ્ત્ર પહેરાવ્યાં, તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધિથી તને લાંબું આયુષ્ય, બળ તથા ઐશ્વર્ય પ્રાપ્ત કરાવવાને હું આ વસ્ત્ર પહેરાવું છું" એમ કહી આચાર્યે વસ્ત્ર પહેરાવવાં.

કુમાર આ વખતે કહે છે કે "મેં આ ધારણ કરેલી મેખલા, મારાં અવિહિત કર્મોથી થયેલી અપવિત્રતાનો ત્યાગ કરી મારો વર્ણ શુદ્ધ કરો. પ્રાણ અને અપાનને નિયમમાં રાખી મને બળવાન બનાવનાર ભગિનીના જેવી હિતકર થાઓ અને મને કાંતિ તથા સૌભાગ્ય આપો. પરમાત્માનું જ્ઞાપક એટલે પરમાત્મસ્વરૂપ ઓળખાવી મને પાવન કરનાર, પ્રજાપતિની સાથે ઉત્પન્ન થયેલું હોવાથી સ્વાભાવિક શુદ્ધ અને આયુષ્ય તથા ઉત્તમ પદ પ્રાપ્ત કરાવનાર એવું યજ્ઞોપવીત હે આચાર્ય ! હું ધારણ કરું છું. આ યજ્ઞોપવીત મારામાં તેજ–બળની વૃદ્ધિ કરો."

જનોઇની ત્રણ સર અથવા ત્રણ તાર, સત્ત્વ, રજ અને તમ, એ ત્રિગુણ પ્રકૃતિ સૂચવે છે. અને તે પ્રકૃતિની ઉત્પત્તિ તથા લયનું સ્વરૂપ બ્રહ્મગાંઠથી સૂચિત છે. કુમાર દંડધારણ કરતાં ભણે છે કે "આ દંડ દીર્ઘાયુષ, વેદાધ્યયન અને બ્રહ્મવર્ચસની પ્રાપ્તિ સારૂ હું ગ્રહણ કરું છું." આચાર્ય કહે છે કે "હું તને પ્રજાપતિ દેવતા, સવિતાદેવતા, જળદેવતા, ઔષધિ, પૃથ્વી તથા વિશ્વેદેવા–સર્વ ભૂતોને સોંપું છું. તે સર્વે તારૂં રક્ષણ કરો. તું મારી આજ્ઞા પ્રમાણે વર્ત. દિવસે ઉંઘીશ નહિ, વાણીને નિયમમાં રાખજે અને સમિધ લાવી સાયં તથા પ્રાતઃકાળે તેનો અગ્નિમાં હોમ કરજે." ત્યાર બાદ ગાયત્રીમંત્રનો બોધ આપી છેવટ કહે છે કે "બ્રહ્મચારીએ પથારી ઉપરજ સૂવું. અતિ ક્ષાર તથા લવણવાળું ભોજન કરવું નહિ. દંડ ધારણ કરવો તથા મદ્ય, માંસ, અસત્ય ભાષણ અને સ્ત્રીઓમાં બેસવાનો સર્વથા ત્યાગ કરવો. કોઇની વસ્તુ આપ્યા વિના લેવી નહિ. કામ–ક્રોધાદિ દુર્ગુણોનો ત્યાગ કરવો. ગુરુ સૂતા હોય તો પોતે બેસીને, ગુરુ બેઠા હોય તો પોતે ઉભા થઇને, ગુરુ ઉભા હોય તો પાસે જઇને અને ગુરુ ચાલતા હોય તો દોડીને ઉત્તર આપવો.

સમાવર્તન–આ સંસ્કાર સોળ વર્ષસુધી બ્રાહ્મણને, બાવીસ વર્ષસુધી ક્ષત્રીને અને ચોવીસ વર્ષ સુધી વૈશ્યને ઉપનયન સંસ્કાર થઇ શકે છે. ગાયત્રીથી વિમુખ રહેનારને પતિત ગણવો અને તેની સાથે કશો વ્યવહાર રાખવો નહિ. સ્નાતકે રાત્રિને સમયે નદીમાં નહાવું નહિ, નગ્ન નહાવું નહિ, નગ્ન સૂવું નહિ, વરસાદ વરસતો હોય ત્યારે દોડવું નહિ, ઝાડ ઉપર ચઢવું નહિ અને જીવને જોખમમાં નાખવો નહિ.

પ્રાચીન કાળે આ પ્રમાણે સ્ત્રી–પુરુષ સંસ્કારી હોવાથી તે કાળને ખરેખરો સતયુગ કહીએ તો ચાલે. કેમકે પતિપ્રત્યેના ધર્મ જેમ સ્ત્રીઓ સમજતી, તેમ પુરુષો પણ પત્ની પ્રત્યેના પોતાના ધર્મ સમજી તે પ્રમાણે વર્તતા હતા. સ્ત્રી પુરુષનો ને પુરુષ સ્ત્રીનો આખી જીંદગીનો મિત્ર અથવા સોબતી છે. મિત્રો જેમ એકમેકનું કહેવા–સાંભળવામાં જુલમ કે અત્યાચાર માનતા નથી, તેમ તેઓએ પણ એકમેકની ભૂલો સુધારી, સન્માર્ગ પકડવો જોઇએ. એ સમયમાં દંપતીનો પ્રેમ ઉપરનોજ નહિ પણ અંતરનો હતો; અથવા બીજા શબ્દોમાં કહું તો પશુવત્ કામવાસનાનો નહિ, ખોટી પતરાજીનો નહિ પણ ખરા અંતઃકરણનો અને દૈવી (પ્રેમ)હતો. તે શુદ્ધ પ્રેમ પાછો પ્રાપ્ત કરવા માટે હવે આપણે સંસ્કારનું રહસ્ય સમજવું જોઇએ.

સંસ્કારના પ્રતાપ

સંસ્કાર અને સત્શાસ્ત્રના પ્રતાપે આપણી આર્ય માતાઓ કેવી પ્રતાપી અને પતિવ્રતા થઇ ગઇ તે જુઓ. કલિની પ્રેરણાથી નળ રાજા જ્યારે જુગાર રમવા તૈયાર થયા ત્યારે દમયંતીએ તેને જુગટાથી થતાં નુકસાનવિષે બોધ કર્યો. એ બાબત તે વખતની સ્ત્રીઓ કેટલી નીતિવાળી અને વ્યવહારમાં કુશળ હતી, તે બતાવી આપે છે. પુરુષહઠથી છેવટ જ્યારે પતિની જુગારમાં હાર થઇ ત્યારે દમયંતીને તેણે પિયર જવા ઘણો આગ્રહ કર્યો. તે વેળા તેણે નિર્ધન ધણીથી જૂદી પડવાની ઇચ્છા ન દર્શાવતાં વનવાસનાં ઘોર સંકટ વેઠવા સાથે ગઇ. નળે જ્યારે રસ્તામાં ત્યજી દીધી ત્યારે અનેક દુઃખ અને ત્રાસ છતાં દૃઢ પ્રેમી રહીને પિતાને ઘેર જઇને પણ દમયંતીએ તેની તપાસ કરાવી. તેને કૃશ તથા કુબડો જોઇને પણ આનંદથી ભેટી. એ તેનું કેવું પતિવ્રત ને કેવી પતિપ્રેમ-ભક્તિ! વિરાટ રાજાની પુત્રી અને અર્જુનના પુત્ર અભિમન્યુની પત્ની ઉત્તરાની હિંમત, વીરતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિભક્તિ કેવી વખણાય છે! એણે રણભૂમિમાં જઇ મરણશરણ સ્થિતિમાં પોતાના પતિની સેવા કરી આશ્વાસન આપ્યું અને પાછી પાની કરવાથી ક્ષત્રીવટને લાંછન લાગવાનું જણાવી મિત્ર-તુલ્ય બોધ કર્યો, એ તેનું કેટલું મનોબળ!

પાંડવની સ્ત્રીઓને તેમનાં સાસુ કુંતાજી સાથે કદી કલેશ થયો હોય એવું વાંચવામાં આવતું નથી. રાજા દશરથની પત્ની કૈકેયીએ રામ-સીતાની ઇર્ષા કરી, પણ સીતાએ તેમની સાથે કંકાસ કર્યો એવું ક્યાંય પણ સાંભળવામાં આવ્યું નથી; તેમજ ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારીને સો વહુઓ છતાં કોઇએ તેની આજ્ઞા લોપી સામો ઉત્તર વાળ્યો, એવું ક્યાંય જોવામાં આવતું નથી. આનું કારણ એજ કે, સ્ત્રીઓ પોતાના ધર્મ બરાબર સમજી તે પ્રમાણે વર્તતી હતી. માટે સર્વ સ્ત્રીપુરુષોએ પોતાનો ધર્મ અને કર્તવ્ય સમજવા ઉત્સુક થવું જોઇએ.

(તા. ૧૨-૯-૧૯૧૩ ના "સાંજવર્તમાન"માં લેખકઃ-કવિ કહાનજી ધર્મસિંહ-રાજકોટ)

૩૮-કુદરતની અદ્‌ભુત કારીગરી

ઇંદ્રિયોની અગમ્ય શક્તિઓ

આંખ વિના જોવાય! કાન વિના સંભળાય!!

સામાન્ય રીતે આજસુધી આપણી માન્યતા એવી રહેલી છે કે, જે કામ જે ઇંદ્રિયને માટે નિર્માણ થયેલું છે તે કામ તેનાથીજ બની શકે, બીજી કોઇથી નહિ. તેને અભાવે તે ઇંદ્રિયથી રહિત મનુષ્યને તેની ખોટજ ભોગવવી પડે. પણ હાલના જમાનામાં બીજી અનેક વિચિત્ર શોધોની સાથે એ માન્યતાને ખોટી ઠરાવે એવાં પણ દૃષ્ટાંત મળી આવેલાં છે. તેથી એમજ સિદ્ધ થાય છે કે, કેટલીક વાર એક ઇંદ્રિયની શક્તિ ગમે તે કારણસર તદ્દન ઘટી ગઇ હોય છે ત્યારે તેનું કામ આશ્ચર્યકારક રીતે બીજી-તે કામને માટે કંઇપણ યોગ્યતા નહિ ધરાવતી ઇંદ્રિય-ઘણીજ ખુશીથી કરી શકે છે, અને તેનો ભેદ વિજ્ઞાનશાસ્ત્રીઓ કે મોટા મોટા દાક્તરો પણ હજી પામી શકયા નથી.

એમ. જ્યુલીસ રોમેન નામના કોઇ યંત્રકારે હમણાં **'આંખવિનાની દૃષ્ટિ'** એ નામનું પુસ્તક બહાર પાડયું છે. તેમાં તે લખે છે કેઃ-"મેં આંધળાઓને પોતાની છાતીના સ્પર્શથી વાંચવાની ટેવ પાડી છે, અને માથાના પાછલા ભાગથી કે હથેળીવડે સામા માણસને ઓળખી કાઢવાને શક્તિમાન કર્યા છે! આ વાત આપણને તો અસંભવિત જેવીજ લાગે છે, પરંતુ કેટલાક વિદ્વાનોનો એવો મત પડે છે કે, આમ થતું હોય તો તે કંઇ નવાઈ જેવું ના કહેવાય; કેમકે ઘણા દાકતરો નોંધ રાખી ગયા છે તે ઉપરથી એવા અસામાન્ય ચમત્કારનું અસ્તિત્વ તો સિદ્ધ થઇજ શકે છે, અને મિ. રોમેને વર્ણવેલી શક્તિઓ ઉપરાંત આપણને વિશેષ ચમકાવે એવા કેસો પણ બનેલા તેમના જોવામાં આવ્યા છે.

સ્કૉટલેંડમાં એક બાઇ રહેતી હતી તેને કેટલીક વાર એવું દરદ થઇ આવતું કે તેની આંખે એકદમ અંધારાં આવી જતાં, અને તે દરદ રહેતું ત્યાંસુધી તે કંઇ પણ ચીજ જોઇ શકતી નહિ; પરંતુ આ સ્વાભાવિક દૃષ્ટિની ખામી આંખને બદલે બીજા અવયવોથી પૂરી પડતી.

એક ધર્મગુરુ તેની પાસે થઇને જતા હતા તેઓ લખી ગયા છે કે "એવી વખતે તે બધા રંગ-દિવસે કે રાત્રે-પણ બરાબર ઓળખી શકતી હતી. ઘોર અંધકારવાળા ઓરડામાં તેને રાખી હોય ત્યાં પણ તેની પાસે પુસ્તક મૂકવામાં આવે તો તે કડકડાટ ઝપાટાબંધ વાંચી શકતી અને સંગીતના સ્વરસૂચક ગાયન જેમાં ઉતારેલું હોય એવી ચોપડી તેની પાસે મૂકવામાં આવતી તો તે ગાયન પણ બરાબર ગાઈ શકતી; માત્ર પોતાની આંગળીઓજ તે લેખ ઉપર તે ફેરવતી ને કેટલીક વાર તો તેમ પણ કર્યા વિના પોતાનો હાથજ પાના ઉપર રાખવાથી-લીટીએ લીટીએ અક્ષરો ઉપર આંગળી ફેરવ્યા વિના પણ તેનાથી બધું બરાબર વાંચી શકાતું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં એને કેટલીક વાર ચિઠ્ઠીઓ પોતાની ગરદન કે હથેળીના પાછલા ભાગ અથવા પગના તળીઆને અડકાડીનેજ વાંચતાં જોઇ હતી."

બીજા એક કેસ વિષે ડૉ. મેલેટીન નામના કોઇ ફ્રેન્ચ તબીબ લખે છે કે, એક બાઇને વાયુ થઇ આવતું ત્યારે તેનું ઉદર, હાથ અને તેના પગની આંગળીઓનાં ટેરવાં તેની સર્વ ઇંદ્રિય-શક્તિનાં કેન્દ્ર બનતાં. તેના પેટ પર ગંજીફાનું પાનું તે જોઇ શકે નહિ એવી રીતે અમે મૂકતા તો તે તરત ઓળખી કાઢતી અને એક પછી એક આખા ગંજીફાનાં પાનાંમાંથી ગમે તેટલાં મૂકીએ તો તે બધાં કયાં કયાં છે તે યથાર્થ કહી આપતી. કોઇ વાર અમે ઘડિયાળ લઇને તેને બતાવ્યા વિના તેના પેટને અડકાડીને મૂકતા તો તેમાં કેટલા કલાક, કેટલી મિનિટ ને કેટલી સેંકડ થઇ છે તે બધું તે તુરત કહી દેતી. તેવીજ રીતે તેની પાસે કોઇ લાંબો લખેલો કાગળ તેણે કદી જોયો ન હોય એવો લાવીને અમે ત્યાં રાખતા તો તેના પણ શબ્દે શબ્દને કડકડાટ વાંચી બતાવતી.

બીજી વખત અમે જોતા કે સ્વાદ ચાખવાનું કે સુંઘવાનું કામ પણ તે ઉદરવડે અથવા આંગળીઓનાં ટેરવાંવડેજ કરી શકતી. તે વેળા તેની જીભ કે નાક તે કામમાં આવી શકતાંજ નહિ.

કાનનું કામ હાથ કરે!!

જોવાનું, સ્વાદ ચાખવાનું ને સુંઘવાનું કામ આ પ્રકારે અન્ય ઇંદ્રિયોથી થાય છે તેમજ કાનવગર પણ મનુષ્યો સાંભળી શકે છે! બેલોના શહેરની હૉસ્પીટલમાં એક દરદી બાઈ આવી હતી તેનું શરીર એવું મડદાલ થઈ ગયું હતું કે ગમે તેવો ગરમ કે ઠંડો પદાર્થ તેને અડકાડવામાં આવતો કે ગમે તેવો શસ્ત્ર-પ્રયોગ તેના પર કરવામાં આવતો તો તેની જરાએ અસર કે તેથી કંઇ દુઃખ તેને થતું નહિ. ગમે તેટલો મોટો અવાજ તેના કાન પાસે કરતા તો તેનાથી તે શુદ્ધિમાં આવતી નહિ પણ તેની હથેળી ઉપર કે પગનાં તળિયાંપર ઘણોજ ધીમેથી પણ કંઇ શબ્દ થતો તે બરાબર સાંભળી શકતી!

તેની આંખો બંધ હોય, અથવા તેને પાટા બાંધ્યા હોય તે છતાં તે પ્રત્યેક પદાર્થનું સ્વરૂપ તથા તેનો રંગ યથાર્થ ઓળખી આપતી. તેના હાથમાં કે પગનાં તળિયાંને સ્પર્શ થાય એવી રીતે કાગળ મૂકતા તો તે વાંચી શકતી, તેમજ ઘડિયાળમાંનો વખત પણ કહી સંભળાવતી.

આજકાલ આપણને કેટલાકના આવાજ પ્રયોગો જોતાં તેમાં શ્રદ્ધા બેસતી નથી, અજાયબી લાગે છે અને કંઇક યુક્તિ પ્રયુક્તિ હશે એમજ આપણું માનવું થાય છે; પણ ઉપરનાં દૃષ્ટાંતો માનીએ તો તેમાં અતિશયોક્તિ કે અસત્ય ન પણ હોય એમ સ્વીકારવાનું યોગ્ય લાગે છે. લખેલા બંધ કાગળ કપાળે અડકાડીને, પહેલેથી તેમાં શું લખેલું છે તે બિલકુલ નહિ જાણનારા એવા "જાદુગરો" તેમાંનું લખાણ આપણને સંભળાવે છે ત્યારે આપણને કોઈ દેવી-દેવતાને સાધવાથી કે મેલી વિદ્યાથી તે અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કર્યાનો વિચાર સહજ થઇ આવે છે.

હવાવિના કે નિરાહાર રહીને કોઇ મનુષ્ય જીવીજ શકે નહિ, અગ્નિને સ્પર્શ કરવાથી દાઝયા વિના રહેવાયજ નહિ, વિષપાન કે વિષભક્ષણ કર્યાનું ફળ મૃત્યુજ હોઇ શકે-એવી આપણી માન્યતાઓ પરાપૂર્વથી ચાલી આવે છે તે પણ આ જમાનામાં ખોટી પડતી કયાં નથી જોતા? કેટલાક યોગીઓ અથવા ફકીરો, મોટા મોટા દાકતરો અને હવે વિજ્ઞાન-શાસ્ત્રીઓની સમક્ષ પ્રાણાયામથી શ્વાસ રૂંધીને સર્વ ઇંદ્રિયોનું કાર્ય બંધ કરી દઇને અમુક દિવસ "કબર" જેવી પેટીઓમાં કે ભૂમિની અંદર ખોદેલા ખાડામાં પડયા રહે છે અને યોગ્ય કાળે પાછા તેમને બહાર કાઢવામાં આવે છે તે પછી, પ્રથમથી કરેલી સૂચના મુજબ, તેમના ઉપર અમુક ક્રિયા કરવામાં આવે છે તો પાછા શ્વાસોચ્છ્વાસ લઇને ધીમે ધીમે પ્રાણ પુનઃ પ્રાપ્ત કરીને હરતા ફરતા થઇ જાય છે એવી કથાઓ ઘણાના વાંચવામાં અવશ્ય આવી હશેજ.

અગ્નિને સ્પર્શ કરતા તો શું પણ ધગધગતા અંગારા ઉપર ખુલ્લે પગે ચાલતા અને દોડતા તથા બીજા જેને તેમ કરવું હોય તેને તેમ કરવાને નિમંત્રણ આપતા ફકીરો વગેરેની વાતો આપણે કયાં નથી જાણતા? કેટલાકે તો તે પ્રત્યક્ષ જોયું પણ હોવું જોઇએ.

તેવીજ રીતે ગમે તેવી અજાણી ઝેરી ચીજનું વિષપાન તથા વિષભક્ષણ કરવા છતાં તેનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ પામવાનું તો કોરે રહ્યું પણ સહેજ માઠી અસર પણ જેને નહિ થયેલી એવા એક "પ્રોફેસર"ના "ખેલ" મુંબઇની મોજીલી પ્રજાએ સ્વલ્પ કાળ ઉપરજ જાહેર નાટકશાળામાં કે એવે બીજે સ્થળે અનેક વાર જોયેલા છે ને તેવી અકલિત અનન્ય સાધારણ શક્તિ ધરાવનાર તે પુરુષ કયા અસ્વાભાવિક બળને લઇને આમ નિર્લેપ રહી શકે છે તે વર્તમાનકાળના વૈદ્યો કે દાક્તરો પણ સમજી શકયા નથી.

મેં પોતે ચોરવાડ મુકામે એક પંજાબી જેવા દેખાતા ફકીરને પાંચ શેર જેટલાં મરચાં ખાઇ જતો જોયો છે. તેની સાથે બીજા સ્વાદિષ્ટ પદાર્થ પણ ખાવામાં તે પાછો હઠે એવો ન હતો. કાચું અનાજ કે કાચો લોટ પણ ખાઇ જતો ને પાણીનો આખો ડબો (કેરોસીન તેલ ભરવાનો) પી શકતો, છતાં શરીરે તો શુષ્કજ હતો. આમાં પણ કયી ઇંદ્રિય કયા કારણથી આવી બળવાન થઈ હશે તે સમજી શકાતું નથી.

વિદ્યુત્-પ્રવાહના અદૃશ્ય પણ રાક્ષસી બળવડે કરીને ગતિમાં આવતાં અને શબ્દ તથા પ્રકાશનું ચમત્કારી રૂપાન્તર કરી બતાવતાં અસંખ્ય યંત્રો આજકાલ યૂરોપ-અમેરિકામાં શોધાયાં છે. તેથી મનુષ્યની બુદ્ધિ બીજું શું નહિ શોધી શકે તે આપણાથી કહી શકાતું નથી. આકાશમાં રહેતા ગ્રહો જોડે વાયરલેસ ટેલીગ્રાફ કે ટેલીફોનથી કે હવાઇ વિમાનોથી સંબંધ બાંધવાનું પણ કેટલેક કાળે વૈજ્ઞાનિકોના હાથમાં આવી જશે એમ કહે છે; તોપણ મનુષ્યમાત્રની અંતર્હિત, ગૂઢ, નિઃસીમ શક્તિઓનો ઉપર જણાવેલો આવિર્ભાવ કયા નિયમોને અનુસરીને થઇ શકે છે તેનું જ્ઞાન મેળવવાને કોઇ સમર્થ થશે કે કેમ એ તો સંદિગ્ધજ છે. સર્વશક્તિમાન સચરાચરવ્યાપી પ્રભુની અટપટી માયાજાળ તો કોઈથી ઉકેલી શકાય એમ લાગતું નથી.

("બે ઘડી મોજ"ના તા-૨૦-૧-૨૯ના અંકમાં લેખકઃ-સાક્ષરશ્રી છગનલાલ હરિલાલ પંડ્યા)

૩૯-આપણું સંગીત

હિંદનું અને પાશ્ચાત્ય સંગીત ઘણી ભિન્ન પ્રતિભાનાં છે. એ બે સંગીત તદ્દન જૂદા પાયાપર રચાયાં લાગે છે. ડૉ. ટાગોરથી માંડીને જે કોઇ સંગીતમાં પ્રવેશ કરવા માંડે છે તે કહે છે કે, પાશ્ચાત્ય સંગીતમાં સંવાદ (હાર્મની) અને હિંદના સંગીતમાં (હિંદનું, કારણ કે પૌર્વાત્ય સંગીતના પણ ઘણા પ્રકાર છે.) લય મુખ્ય માલમ પડે છે.

હિંદનું તત્ત્વજ્ઞાન અને ધર્મ, ખરી રીતે કહીએ તો હિંદની સમગ્ર સંસ્કૃતિ અંતરલક્ષથી રચાઇ છે તેમ એનું સંગીત પણ અંતરલક્ષી છે. આપણું સંગીત જીવનના ઉંડાણમાં, જીવનની ઉંડી ભાવનાઓમાં, જીવનની ઉંડી લાગણીઓમાં અને જીવનના ઉંડા અને ભવ્ય વિચારપ્રદેશમાં આપણને લઈ જાય છે. એ સંગીત આપણને સ્થૂલ ભૂમિકામાંથી આધ્યાત્મિક ભૂમિકામાં ખેંચી જાય છે. જ્યારે પાશ્ચાત્ય સંગીત બહારની સમાજ અને બહારની સૃષ્ટિ સાથે આપણને જોડતો માલમ પડે છે, ત્યારે આપણું સંગીત આપણા અંતરપ્રદેશો તરફ આપણને વાળે છે.

સંગીત અને કલાના જબરા વિવેચક ભરતમુનિ, એમની પુરાણી પ્રથા પ્રમાણે જણાવે છે કે, સંગીતનું મુખ્ય ધ્યેય મુક્તિ આપવાનું છે. મુક્તિ ઘણી રીતે સધાય, પણ સંગીતનું સેવન એનો માર્ગ બહુ સરળ કરી આપે છે. સંગીત સંગીતને ખાતર નહિ પણ મુક્તિને માટે છે-અર્થાત્ સંગીત સંગીત ખાતર નહિ પણ મનુષ્યને આત્મસાક્ષાત્કાર કરાવી તેને પરમાત્માની સંવિત્ સાથે એક કરવાના એક સુંદર સાધનતરીકે ઉપયોગી છે.

ઉત્તમ સંગીતકાર સંગીતના ભાવ સાથે લય પામે છે અને સહૃદય મનુષ્યને એની તરફ અનિવાર્ય રીતે આકર્ષે છે. પાશ્ચાત્ય સંગીતનું ધ્યેય બીજા સાથે સંવાદિતા સાધવાનું છે. તેમાં એકસામટા ઘણા ભાવોનું મિશ્રણ સંભવે છે અને એ ભાવોનુંજ જેમ પૂર્ણ પ્રકટન થાય તેમ તે ઉત્તમ લેખાય છે. આપણા સંગીતમાં એક ગાયનમાં એકજ મુખ્ય ભાવ પ્રકટ થાય છે. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભાવ ગાયક અને સમભાવી શ્રોતાને એના રસમાં તરબોળ કરી એને જગતનું ભાન ભૂલાવી દે છે. આપણું સંગીત જીવનને એક વસ્તુમાં તદ્રૂપ-તલ્લીન કરે છે. મીરાંનાં સંગીતનાં પદો એની કૃષ્ણભક્તિનું પાન કરાવી કૃષ્ણપ્રત્યે આપણો ભક્તિભાવ અને પ્રેમભાવ પ્રગટ કરે છે. નરસિંહ મહેતા પણ એનાં સંગીતનાં પદોથી આપણને ભક્તિ-વૈરાગ્યમાં લીન કરાવે છે. દયારામનાં પદો મીરાંની માફક પણ એથી વધારે સ્થૂલભાવથી ભક્તિપ્રેમ આપણામાં પૂરે છે. આ ઉપરથી આપણને સમજાશે કે, જે જીવનનાં ઉંડાં તત્વો સાથે માનવ-પ્રકૃતિનો લય કરાવે તે હિંદનું સંગીત. હિંદના તત્વજ્ઞાન, ધર્મ અને સંસ્કૃતત્વની માફક હિંદનું સંગીત પણ પરમજીવનમાં માનવજીવનને લય બનાવવા મથે છે.

આપણા સંગીતના ઘણા જૂદા જૂદા પ્રકાર છે. શાસ્ત્રીય કે ઉસ્તાદી સંગીત એમાંનો મુખ્ય ભાગ ભજવે છે. એમાં તાલ, સ્વર, આલાપપરનો કાબુ એક સ્વરપરથી બીજા સ્વરપર ઉતારવાની છટા ઇત્યાદિ અંશો બહુ પ્રકીર્ણ થયા છે. પણ મારો અંગત અભિપ્રાય તો એ છે કે, આપણા ઉસ્તાદો સંગીતની પરિભાષાપર બહુ ધ્યાન આપી સંગીતનું ખરૂં હાર્દ-જે ઉન્નત ભાવોમાં રહ્યું છે તે વિસારે પાડયું છે. રાગ સાથે ખેલવાની, એની સાથે કુસ્તી કરવાની અને ચાળા કરવાની ટેવ આપણા સંગીતકારોને પડી હોય છે અને એવો વિરોધ ઘણી વ્યકિત તરફથી કરવામાં આવ્યો છે; છતાં સંગીતના શાસ્ત્રીય અભ્યાસીઓ ઉસ્તાદી સંગીતને બહુ મહત્વ આપે છે. પ્રૉ. આથવલેના મત પ્રમાણે ઉચ્ચ શાસ્ત્રીય સંગીત એ સંગીતનો મહાન્ ભંડાર છે અને લોકસંગીત અને ગરબા ઇત્યાદિ સ્ત્રીઓ અને નાટયકારનું સંગીત એ જથામાંથી જેટલું ઝીલી શકે એટલો અંશ ગ્રહણ કરે છે.

એ પછી મારા મત પ્રમાણે સ્ત્રીઓનું સંગીત આવે છે. એમના સંગીતમાં સ્વરનું જ્ઞાન હોય છે. આલાપ પણ રસિકતાનાં બંધનોને વિમુકત કર્યા વગર લઇ શકે છે. સંગીતનું બહુ શાસ્ત્રીય નહિ પણ સ્વાભાવિક અંતઃપ્રેરણાથી જેટલું જ્ઞાન મળી શકે તેટલું મેળવી લે છે, પણ એ ઉપરાંત એમના કંઠની મધુરતા એમને બહુ સહાય આપે છે. એમનું સંગીત જાણે એમનું હૃદય ખુલ્લું કરતું હોય અને એમના હૃદયના ભાવોને કોઈ અલૌકિક રીતે વ્યકત કરતું હોય એમ લાગે છે. મને પોતાને તો એ સંગીતમાં સંગીતનો ખરો આત્મા દેખાય છે અને સહ્ભાગ્યે એમાં રાગ કે સૂર સાથે ખોટી રમત કે કુસ્તી હોતી નથી.

નાટયપ્રયોગમાં ગવાતું સંગીત ઉસ્તાદી સંગીત અને સ્ત્રીઓનાં સંગીતની કંઇક વચમાં આવે છે. એમાં સ્ત્રીના સંગીતની મોહક મધુરતા તો જવલ્લેજ માલમ પડે છે; પણ ઉસ્તાદી સંગીતની કેટલીક અગમ્યતા અને સામાન્ય મનુષ્યને લાગતી હાસ્યજનકતા જોવામાં આવતી નથી.

એ ઉપરાંત લોકગીતમાં જણાતું સંગીત બહુ સાદું અને સરલ હોય છે. જો એ સ્ત્રીઓદ્વારા પ્રગટ થાય છે તો એમાં કોમળતા અને મધુરતાનો સંચાર થાય છે; અને પુરુષો એ સંગીત સંભળાવે છે ત્યારે પણ ભાવો અને વિચારની સહૃદયતા અને સરળતા તરવરી આવે છે.

રાસ અને ગરબાનું સંગીત એ જૂના જમાનામાં જ્યારે સંગીત, કવિતા અને નૃત્ય, એ ત્રણે એક સમુદાયી જીવનમાં હતાં અને એ ત્રણ મહાન કળાનું વ્યકિતત્વ છૂટું પડયું ન હતું તેનું સ્મરણ કરાવે છે. ગરબા એ એક જાતનું હળવું અને ઓછામાં ઓછા વાંધાભરેલા નૃત્યનું સ્વરૂપ છે. સંગીત એની સાથે જોડાઇને, સંગીત અને નૃત્યને વાણી અને કાર્ય-હાવભાવને કેટલો ગાઢ સંબંધ છે તે પૂરવાર કરે છે.

ગરબામાં પણ સ્ત્રીના સંગીતની અજબ મોહકતા અને સુંદરતા પ્રકટ થાય છે. એમાં પણ માનવહૃદયના ભાવો વ્યકત થતા માલમ પડે છે.

પણ એક જાતનું અણમોલું સંગીત જેની બહુ થોડી નોંધ લેવાની તસ્દી લેવાય છે તે તો કોઇ ગરીબ ભિખારીનું કુટુંબ કે કોઇ ફકીર કે કોઇ સાધુઓની ટોળી કે પછી કોઇ ગામમાં ફરતી નાચ કરનારી સ્ત્રી અને સાથે ઢોલ તબલાં લઇ ફરનારી ટોળી પ્રકટ કરે છે, તે સંગીત છે.

આ પ્રકારનું સંગીત જેટલું સ્વાભાવિક હોય છે તેટલુંજ સુંદર હોય છે. ગાનાર સ્ત્રી, પુરુષો કે નાનાં બાળ-બાળકીઓને ખબર નથી હોતી કે, એ લોકો કેટલો સુંદર સૂર કાઢી ગાય છે અને કેટલા કર્ણોને કોઇ અજબ આનંદ આપે છે. એમનું સંગીત નિર્મળ અને સહૃદય ભાવોથી તરવરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. મને પોતાને એમાં સંગીતની બધી સુંદરતા અને મધુરતા પ્રકટ થતી લાગે છે. આવું સંગીત જેટલું ઉત્તમ છે તેટલુંજ અલક્ષિત છે.

આમ વિવિધ રીતે પ્રકટ થતું આપણું સંગીત જગતના સંગીતમાં અણમોલું સ્થાન ભોગવે છે; પણ આપણા સંગીતની મહત્તા અને ગૌરવ તરફ નજર કરતાં આપણા સંગીતકારની કેટલીક ત્રુટીઓપ્રત્યે દુર્લક્ષ થવું ન જોઇએ.

ડૉ. કઝિન્સે જણાવ્યું છે કે, આપણા ગવૈયાઓ ગાયનની પરિભાષામાં બહુ ધ્યાન આપતાં કંઠ-પ્રત્યે અતિશય બેદરકાર થઈ જાય છે, સારા સુંદર કંઠે ગાવાની એને જરા પણ આવશ્યકતા લાગતી હોય એમ જણાતું નથી; પણ સંગીતના સૂર, આલાપ અને રાગમાં પોતાનું ભાન ભૂલી જઇ ગમે તેવાં હાસ્યજનક મોઢાં કરી અને ગમે તેવા હાથપગના ચાળા કરી ગાયન ચલાવે રાખે છે.

કંઠપ્રત્યેની બેદરકારી આપણા સંગીતકારોમાંથી જતી નહિ રહે તો આપણા સંગીતની દિવ્ય મધુરતા પૂરેપૂરી નહિ પ્રકટ કરી શકે, માનવજીવનના ઉંડા ભાવો એ વ્યકત નહિ કરે અને જીવનનાં આધ્યાત્મ ઉંડાણ નહિ ગોતી શકે.

કેટલીક વખત એક ગાયનની એક લીટી ગાયા પછી તરત એની સા રી ગ મ ગાવામાં આવે છે. ખાસ કરીને નૃત્યના સંગીતમાં એ નિયમ જોવામાં આવે છે. આમાં પણ ડૉ. કઝિન્સ જે પોતે હિંદ તેમજ પાશ્ચાત્ય સંગીતવિષે બહુ સારૂં જ્ઞાન ધરાવે છે તેમને દોષ જણાય છે. ખરેખર, જાણે કોઇ માણસ એક વાકય બોલે અને પછી તરતજ એની બારાખડી બોલી જાય એના જેવું આ લાગે છે. આ પદ્ધતિ કેમ પડી હશે અને એની શાસ્ત્રીય સંગીતમાં શી આવશ્યકતા છે તે સમજાતું નથી; પણ આવી પ્રથા જો આપણા સંગીતમાંથી દૂર થાય તો આપણું સંગીત સુંદર અને સ્વાભાવિક બને.

સંગીતકારોએ બીજી ખાસ ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, પોતે ગાતી વખતે જેમ બને તેમ ઓછા ચાળા કરવાનું રાખે તો સારૂં. પોતે સ્વસ્થ ચિત્તે, સ્વસ્થ હૃદયે અને શાન્ત સ્થિતિમાં ગાય તો સંગીતની મહત્તા ઓછી નહિ થઇ જાય. સ્ત્રીઓ ઘણી વાર સારો આલાપ લઈને ગાય છે; પણ આલાપ લેતી વખતે પણ એ લોકો શરીર અને મનનું સ્વાસ્થ્ય રાખી શકે છે. આપણા ઉસ્તાદી ગવૈયાઓ એમનું અનુકરણ કરતાં કયારે શીખશે?

આપણું સંગીત, સંગીતના આ કેટલાક દોષોથી મુકત થયું નથી. હજી એ એની સ્વાભાવિક ઉજ્જવલતા, ભવ્યતા અને મધુરતા ખોઈ બેઠું નથી. દોષો છતાં એ કંઇ અજબ હૃદયના ભાવો પ્રકટ કરે છે અને એ સંગીતના સર્જક અને શ્રોતા બન્નેને જીવનની આધ્યાત્મિક એકતા તરફ ખેંચી જાય છે.

દોષોવાળું પણ આપણું સંગીત બહુ ઉત્તમ છે. તો દોષોથી મુકત થાય તો કેટલું અધિક બને!

("વસંત"ના એક અંકમાં લેખકઃ-શ્રી. પ્રભાકર હર્ષદરાય મહેતા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४०-बलदेवदास-मातृभवन, कलकत्ता

કિસી ભી દેશ કે લિયે યહ અત્યંત આવશ્યક હૈ કિ વહ અપને શિશુઓં કી રક્ષા કી સમુચિત વ્યવસ્થા કરેં. જો આજ બચ્ચે હૈં વહી કલ સમાજ કે નેતા ઔર ઉસકી લજ્જા કે રક્ષક હોંગે. યદિ વે અયોગ્ય હોંગે, યદિ જીવન-સંઘર્ષ મેં વે સબલ ન સિદ્ધ હોંગે તો યહ નિશ્ચિત હૈ કિ પ્રાકૃતિક નિયમોં કે અનુસાર વે મિટ જાયંગે ઔર અપને સાથ-સાથ અપને રાષ્ટ્ર, અપની જાતિ, અપની સભ્યતા કા ભી લોપ કર દેંગે. યહ સબ સોચ-વિચાર કર પ્રત્યેક દેશ-હિતૈષી વ્યક્તિ કો બચ્ચોં કે સ્વાસ્થ્ય કી ઓર ધ્યાન દેના ચાહિયે.

જબ તક બચ્ચા ગર્ભ મેં રહતા હૈ તબ તક તો ન જાને કિન અજ્ઞાત ઉપાયોં સે ઈશ્વર ઉસકી રક્ષા કરતા હૈ. ગર્ભ કે બાહર આને પર વહ માતા કી ગોદ કા દુલારા હો કર ઉસકી ચિંતા કા પાત્ર બનતા હૈ. પરંતુ પ્રસવ કે પશ્ચાત્ માતા હી ઇતની અશક્ત હો જાતી હૈ કિ જબ તક અન્ય લોગ ઉસકી સહાયતા ન કરેં તબ તક વહ બચ્ચે કી રક્ષા કરને મેં સફલ નહીં હો સકતી. જબ સે બચ્ચા માતા કે ગર્ભ મેં આવે તભી સે ઉસકે સ્વાસ્થ્ય કી રક્ષા હોની ચાહિયે. ઐસી અવસ્થા ન આને દેની ચાહિયે કિ ગર્ભસ્રાવ ઔર ગર્ભપાત કી પીડા કા વ્યર્થ કષ્ટ ઉસે સહન કરના પડે. યહ તભી હો સકતા હૈ જબ ઐસે ઉપયોગી માતૃ-ભવન સ્થાપિત હોં જિનમેં સમાજ કી વર્તમાન સ્થિતિ કો ધ્યાન મેં રખતે હુયે ઔષધિ ઔર ઉપચારસંબંધી સમસ્ત સંભવ સુવિધાયેં ધનિકોં ઔર નિર્ધનોં—દોનોં કો પ્રદાન કી જાય. કલકત્તે કી બલદેવદાસ-માતૃભવન નામ કી સંસ્થા ઐસી હી એક ઉપયોગી સંસ્થા હૈ.

ઇસ સંસ્થા કી સ્થાપના ૧૬ ફરવરી સન્ ૧૯૨૪ કો શ્રીમતી લિટન કે હાથોં હુઈ થી ઔર ઉસી વર્ષ કે માર્ચ માસ સે ઇસકા કાર્ય આરંભ હુઆ. પહલી માર્ચ સે દિસંબર સન્ ૧૯૨૪ તક, દસ મહીને કે ભીતર હી ઇસ માતૃ-ભવન ને ઇતના સંતોષજનક કામ કર દિખાયા કિ ઉસે સુદૃઢ રૂપ સે સંચાલિત કરને કી આવશ્યકતા પ્રતીત હુઈ. ૪૧૭ રોગિણી સ્ત્રિયોં કા ઈલાજ હુઆ. ઇસ સંખ્યા મેં સે ૩૫૩ કા સંબંધ પ્રસવ સે થા. ૩૬૩ બચ્ચોં ને માતૃ-ભવન મેં જન્મ ગ્રહણ કિયા. ઈનમેં સે ૨૯૧ બચ્ચે સકુશલ ઉત્પન્ન હુયે ઔર દસવેં દિન કે બાદ ઉનકે માતા-પિતા ઉન્હેં અપને ઘર લે ગયે. ચાર માતાયેં મર ગઈં. યે સ્ત્રિયોં પ્રાયઃ અયોગ્ય દાઇયોં કી શિકાર હો ચૂકને કે બાદ રોગ કી અંતિમ અવસ્થા મેં ઇસ સંસ્થા મેં આઇ થીં.

દૂસરે વર્ષ ઇસ સંસ્થા કી શરણ મેં આનેવાલી સ્ત્રિયોં કી સંખ્યા ૪૧૭ સે ૬૧૩ હો ગઇ. સન્ ૧૯૨૬ મેં યહ સંખ્યા ૭૦૦ હુઈ ઔર સન્ ૧૯૨૭ મેં યહ વૃદ્ધિ ૮૬૪ તક પહુંચી. ઇસ પ્રકાર યહ સંસ્થા દિનપ્રતિદિન ઉન્નતિ કરતી જા રહી હૈ ઔર અપની ઉપયોગિતા પ્રમાણિત કર રહી હૈ. એક બાત ઔર ભી ધ્યાન મેં રખને યોગ્ય હૈ, ભારતીય મહિલાયેં વિશેષ સંકોચ-શીલ હોતી હૈં ઔર અસ્પતાલ મેં જા કર બચ્ચા કો પ્રસવ કરના ઉનકે લિયે પ્રિય કાર્ય નહીં હૈ. ઐસી દશા મે ઇતને અલ્પકાલ મેં ઇતની લોક-પ્રિયતા પ્રાપ્ત કરના ઇસ માતૃ-ભવન કે ઉન્નાયકોં કી વિશેષ કાર્ય-તત્પરતા ઔર ઉદ્યોગશીલતા કા હી સૂચક હૈ.

કલકત્તા કારપોરેશન કે ભૂતપૂર્વ સુયોગ્ય ચીફ એક્ઝીક્યૂટિવ ઑફિસર શ્રીયુક્ત બાબૂ સુભાષ-ચન્દ્ર બોસ ને ઉક્ત માતૃભવન કી અધ્યક્ષા સે ઇસ સંબંધી કી યોજના માંગી થી; અધ્યક્ષા ને જો યોજના ભેજી ઔર જિસે સુભાષ બાબુ ને બહુત પસંદ કિયા થા ઉસકે કુછ અંશ યહાં દિયે જાતે હૈં-

૧-ગર્ભવતી સ્ત્રિયોં કો સમુચિત શિક્ષા-પ્રદાન કી વ્યવસ્થા કી જાય.

૨-ગર્ભવતી સ્ત્રિયોં કે ઘર જા કર ઉનકી સ્થિતિ દેખને કા પ્રબંધ કિયા જાય.

૩-એક ઐસા અસ્પતાલ હોના ચાહિયે જિસમેં ગર્ભસંબંધી જટિલ રોગોં ઔર શિકાયતોં કા ઉપચાર કિયા જા સકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪-પ્રસવ કે સમય ગર્ભવતી સ્ત્રિયોં કો સુદક્ષા વ્યક્તિયોં દ્વારા યથાસમય સહાયતા પહુંચાઇ જાય.

૫-રોગિણી સ્ત્રિયોં કે પ્રસવ કા પ્રબંધ અસ્પતાલ મેં કિયા જાય.

૬-શિશુ-ઔષધાલય વા શિશુ-શય્યા-શિક્ષણ કા પ્રબંધ કર કે માતાઓં કો સુવ્યવસ્થિત રૂપ સે સંમતિ પ્રદાન કી જાય ઔર ઉનકા ઉપચાર કિયા જાય.

૭-ઇન ઔષધાલયોં કી વ્યવસ્થા તબ તક કી જાય જબ તક બચ્ચે પાઠશાલા મેં જાનેયોગ્ય ન હો જાયં ઔર પ્રત્યેક બચ્ચે કી શિક્ષા અનિવાર્ય કર દી જાય.

૮-જો બચ્ચે સ્કૂલ ન જાતે હોં ઉનકી જાંચ સુવ્યવસ્થિત રૂપ સે કોઇ સુયોગ્ય વ્યકિત જા કર કિયા કરે.

૯-પ્રત્યેક સ્કૂલ મેં એક સુદક્ષ કર્મચારી યા ઔષધશાસ્ત્રી હોના ચાહિયે, જિસકા કર્તવ્ય સ્કૂલ કે લડકોં કે સ્વાસ્થ્યપર ધ્યાન રખના હોગા. જબ બચ્ચા સ્કૂલ જાને લગે તબ ઉસકે પહલે કી ડાકટરી રિપોર્ટ ભી સ્કૂલ મેં ભેજ દી જાય, જિસસે સ્કૂલ કા સ્વાસ્થ્ય-નિરીક્ષક બચ્ચે કે જન્મ સે હી ઉસકી શારીરિક અવસ્થા કા પરિચય પા સકે તથા ઉસકે ઘર કી પરિસ્થિતિ સમઝ સકે. યદિ બચ્ચે કે મસ્તિષ્ક મેં કોઇ દોષ હો તો ઉસકી શિક્ષા કા પૃથક્ પ્રબંધ હોના ચાહિયે. જિન બચ્ચોં કો ક્ષય-રોગ હૈ ઉન્હેં ખુલી હવા મેં પઢાના ચાહિયે. પ્રત્યેક બચ્ચે કો સફાઇ ઔર વ્યાયામ કી શિક્ષા મિલની ચાહિયે.

૧૦-સ્કૂલ કે સ્વાસ્થ્ય-નિરીક્ષક કો સ્કૂલ-ભવન કી સ્થિતિ કી ઉપયુક્તતા કે સંબંધ મેં અપની સંમતિ બતાની ચાહિયે, બેન્ચોં ઔર ડેસ્કોં કા બચ્ચોં કે શરીર પર કયા પ્રભાવ પડતા હૈ, બિજલી કી રોશની, પાઠ્યપુસ્તકોં મેં છાપે કે અક્ષરોં કે આકાર, બારીક કા સિલાઇ આદિ કે કામ આંખોં પર કૈસા જોર પડતા હૈ, ઇન સબ બાતોં કે સંબંધ મેં ઉન્હેં યથાસમય અપની સલાહ દેતે રહના ચાહિયે. નિર્બલ બચ્ચોં કે લિયે વ્યાયામ કા ઔર ગરીબ બચ્ચોં કે લિયે કુછ ભોજન આદિ કા ભી પ્રબંધ કરાને કી ઓર ધ્યાન દેના ચાહિયે.

૧૧—વર્તમાન સમય મેં હમારા કામ યહ હોના ચાહિયે કિ હમ યુવતી માતાઓં કો સમુચિત શિક્ષા પ્રદાન કર કે યોગ્ય બનાવેં, કયોંકિ અધિક અવસ્થા કી સ્ત્રિયોં કી અપેક્ષા ઉન પર પ્રભાવ ડાલના અધિક સંભવ હૈ.

૧૨—ઇસમેં તો કોઇ સંદેહ હો હી નહીં સકતા કિ સ્ત્રી કી પ્રસવ કે પૂર્વ કી અવસ્થા કા સંતાન કે ઉપર બડા પ્રભાવ પડતા હૈ. જો માતાયેં બચ્ચા પ્રસવ કરને કે પહલે યથેષ્ટ ભોજન નહીં પાતીં ઔર અભાવ મેં હી અપને દિન કાટતી હૈં ઉનકે બચ્ચે છોટે ઔર અસ્વસ્થ હોતે હૈં, કામ અધિક કરને ઔર પર્યાપ્ત ભોજન ન મિલને કે કારણ ગરીબોં કે બહુત સે બચ્ચે પૈદા હોને કે બાદ હી મર જાતે હૈં. બચ્ચોં કે મરને કા એક કારણ યહ ભી હૈ કિ ઉનકી દેખરેખ કી ઉચિત વ્યવસ્થા કરને કા જ્ઞાન માતાઓં કો નહીં હોતા, અતએવ ઇસ વિષય કી શિક્ષા કા પ્રસાર કરને કે લિયે ઘર ઘર મહિલા શિક્ષિકાઓં કે પહુંચને કી આવશ્યકતા હૈ; માતા કો બચ્ચોં કે દેખ-ભાલ કી શિક્ષા દેને મેં એક બાત સ્મરણ રખને કી આવશ્યકતા હૈ ઔર વહ યહ કિ કોરા પુસ્તક-જ્ઞાન કિસી કામ કા ન હોગા, લાભ હોગા માતા કે દૃષ્ટિ-કોણ કો વિસ્તૃત કર કે ઉસકી બુદ્ધિ કા વિકાસ કરને સે. લોગોં કી યહ ધારણા હૈ કિ પ્રત્યેક માતા અપને ભીતર વિદ્યમાન માતૃત્વ કી પ્રવૃત્તિ સે પ્રેરિત હો કર વહી કરેગી જો બચ્ચે કે લિયે સર્વોત્તમ હોગા, યહ સત્ય નહીં હૈ. નિઃસંદેહ અપની શક્તિભર વહ અપની દૃષ્ટિ મેં ઐસા હી સમઝ કર કોઇ કામ કરેગી. પરંતુ ઇસકા યહ અર્થ નહીં હૈ કિ વહ જો કુછ કરેગી વહ બચ્ચે કે લિયે વાસ્તવ મેં હિતકારક હોગા.

યુવતી માતા કો બચ્ચે કે સંબંધ મેં સભી બાતેં સમઝ લેની ચાહિયે; લેકિન પહલા બચ્ચા પૈદા હોને કે પહલે હી ઉસે યહ કર લેના ચાહિયે ઔર ઐસા ન હો કિ વહ ઉસકે ઉપર પ્રયોગ કર કે અનુભવ પ્રાપ્ત કરે. ઇસ વિષય પર શિક્ષા દેને કે લિયે ગર્ભવતી કી સ્થિતિ મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હી પ્રયત્ન હોના ચાહિયે.

પ્રસવપૂર્ણ શય્યાશિક્ષણ, માતૃભવન, શિશુશિક્ષણ આદિ કી વ્યવસ્થા એક હી સ્થાન પર હોની ચાહિયે. સપ્તાહ મેં કુછ દિન પ્રસવ-પૂર્વ ઔર કુછ દિન પ્રસવોત્તર શિક્ષા કે લિયે નિયત કર દેના ચાહિયે.

ઉક્ત માતૃ-ભવન કી અધ્યક્ષા કી યે બાતેં કેવલ બલદેવદાસ-માતૃ-ભવન અથવા કલકત્તે હી કે લિયે ઉપયોગી નહીં હૈં. સંપૂર્ણ દેશ કો ઇનકી આવશ્યકતા હૈ. બલદેવદાસ-માતૃ-ભવન જૈસી ઉપયોગી સંસ્થાયેં તો પ્રત્યેક નગર મેં હોની હી ચાહિયે, ડિસ્ટ્રિક્ટ બોર્ડોં કા ભી કર્તવ્ય હૈ કિ વે જનન-વિજ્ઞાન કે અધ્યયન કો ઉચિત રૂપ સે પ્રોત્સાહન દેં ઔર અપને અપને પ્રાન્તોં મેં માતાઓં ઔર શિશુઓં કે સ્વાસ્થ્ય કી રક્ષા કે નિમિત્ત વૈસી હી સંસ્થાઓં કો જન્મ દેં. અંત મેં કલકત્તા કારપોરેશન સે ભી હમારા યહ નિવેદન હૈ કિ વહ અપની વિશાલ નગરી મેં બલદેવદાસ-માતૃ-ભવન કા સમુચિત વિકાસ કરકે દેશ કે સામને એક ઉજ્જ્વલ આદર્શ ઉપસ્થિત કરેં.

("સરસ્વતી"ના એક અંકમાંથી)

૪૧-नदिया एक घाट बहु तेरे !

(એક ગરીબ પણ કેવો ધર્માત્મ હોઈ શકે છે !)

મંગરુ જાતિ કા મોચી થા. શહર કે એક છોર પર ઉસકા ઘર થા ઔર દૂસરે છોર પર ઉસકી દુકાન! ભગવાન હી જાને ઇસમેં કૌનસા રહસ્ય થા. ઉસકી દુકાન કે પાસ હી એક સડક થી. લોગ ઇસ પર કમ હી ચલતે નજર આતે થે, પર મંગરુ કો ઇસકી પરવાહ હી ક્યા થી!

ઉસકી દુકાન કી દશા ઔર ભી બેઢબ થી, ફૂસ કી ઝોંપડી થી ઔર બાંસ કે ટેઢે મેઢે ખંભે લગે થે. કિસીને ઉસે નયે જૂતે બનાતે નહીં દેખા. વહ પુરાને જૂતોં કી હી મરમ્મત કર અપની રોટી ચલાતા. ઉસકે ચેહરે પર કભી ભી વિષાદ કી રેખા નજર ન આઇ. જબ કિસીને ઉસે દેખા, મસ્ત પાયા. હાં, વહ કબીરદાસ કે ભજન કી એક પંક્તિ બરાબર હી ગુનગુનાયા કરતા થા—'નદિયા એક ઘાટ બહુ તેરે.'

જબ કભી કોઈ ઉસકી દુકાન પર આતા, વહ ઉસસે ધર્મ કી બાતેં છેડ બૈઠતા. બાત ચલતી હી રહતી કિ વહ કહ ઉઠતા "ઠીક હી હૈ. સભી એક હી પિતા કી સંતાન હૈ." ઉસે ન માયા થી ન મોહ. ઉસકે સીને મેં એક છોટા સા દિલ થા, ઔર વહ ભી ધર્મ સે લબાલબ. નિઃસંદેહ મંગરુ મસ્ત મૌલા થા.

× × × ×

પાંચ બજે કા સમય થા. સૂર્યદેવ પશ્ચિમદિશા મેં ઝિલમિલ કર રહે થે. મંગરુ અપની દુકાન મેં બૈઠે એક પુરાને જૂતે મેં તાગા ચલા રહા થા. બીચ બીચ મેં કુછ ગાતા ભી થા. ઉસ સમય ઉસકે ચેહરે પર ભોલેપન કા ભાવ થા; આંખોં મેં કરુણા કી આભા થી, જો દીનતા કી સહચરી હૈ. જૂતે કા તાગા ચલાના સમાપ્ત હુઆ, ઉસને દુકાન ઉઠાઇ. દિનભર કી આમદની કો ગિના, પૈસે ગિન કર ફૂલે ન સમાયા ઔર કહ ઉઠા-'આજ ૬ આને મિલે હૈં, મર્જી હૈ ભગવાન કી.' ઇતના કહતા હુઆ અપને ઘર કી ઓર ચલા.

અંધેરા અધિક હો ગયા થા. લોગોં કી ભીડ સડક પર અબ કમ થી. બાજાર મેં પહુંચ કર મંગરૂ ને દેખા કિ દુકાનેં ઉઠ રહી હૈં. કિસી પ્રકાર ઉસને કુછ આટા ઔર તરકારી મોલ લી. કૌડી કૌડી ખતમ હો ગઇ. ઘર પહુંચને કી અબ દેર થી. મંગરૂ કે બચ્ચે આશાભરી આંખોં સે સડક કી ઓર એક એક આદમી કો દેખ રહે થે; સ્ત્રી ભી ચૂલ્હે મેં આગ જલા કર પતિ કી બાટ દેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી થી. મૅંગરુ ઘર પહુંચા, બચ્ચે ગલે સે લિપટ ગયે મૅંગરુ ઉષા કી કિરણોં કે સમાન ખિલ પડા. સ્ત્રી સામાન લે કર અંદર ગઇ.

× × × ×

મૅંગરૂ કો હલ્કી સી નિંદ આ ગઇ થી. રાત કે અબ ૧૧ બજ ચૂકે થે. સ્ત્રી ને થાલી લગાઇ. બચ્ચે પિતા કો બાહર બુલાને ગયે. મૅંગરુ ઉઠા ઔર ચૌકેપર જા બૈઠા. બચ્ચે ઉસે ઘેર કર બૈઠ ગયે! બસ, અબ ખાને હી કી દેર થી. ઇતને મેં દરવાજે સે આવાજ આઇ 'અબ તુમ્હારી હી આશા હૈ બાબા! દિનભર કી ભૂખી હૂં, મુઝે ભી એક રોટી દેના. ઇતની બાત સુન કર મૅંગરુ કબ ખા સકતા થા? ઝટ બાહર આયા. એક માં થી, ઔર એક નન્હા સા બચ્ચા. મૉં બિલખ રહી થી, જાડે કી રાત થી. બચ્ચા મૉં કી ગોદ મેં લિપટા હુઆ ગર્મી કા અનુભવ કર રહા થા. સચમુચ યહ દૃશ્ય બડા હી કરુણાપૂર્ણ થા.

મૅંગરુ અંદર ગયા. ભરી થાલી લે કર બાહર નિકલા, ઇસને દુઃખિયા કે આગે થાલી રખ દી. મૅંગરુ કી સ્ત્રી પતિ કી ઓર ચુપચાપ દેખ રહી થી. ઉસ સમય વહ શાન્તિ કી મૂર્તિ થી, ઔર મૅંગરુ સંતોષ કા સ્વરૂપ બના હુઆ થા.

દુઃખિયા ઔર ઉસકા બચ્ચા, દોનોં હી ને રોટિયાં ખાઈ, મંગરુ ને પાની પિલાયા; મંગરુ ને પૂછા—'બહન! તુમ કૌન હો?'

દુઃખિયા—"મૈં એક દીન બ્રાહ્મણ કે ઘર કી અભાગિની હૂં. દીનતા કી મારી હુઇ હૂં."

'તુમ કૌન હો મેરે દાતા?' દુઃખિયા ને પૂછા. મૅંગરુ ને દબી આવાજ મેં કહા—"બહન! મૈં એક ગરીબ મોચી હૂં." ઇતના કહ કર ઉસને એક બાર આકાશ કી ઓર દેખા. ઉસ સમય ઉસકે મુખમંડલ સે ગંભીરતા ટપક રહી થી, માનોં મન હી મન વહ કિસી ગૂઢ વિષય પર તર્ક વિતર્ક કરતા હો. કુછ દેર ચૂપ રહા. ફિર મૅંગરુ બોલ ઉઠા 'નદિયા એક ઘાટ બહુ તેરે.'

ઇતના સુનતે હી દુઃખિયા કી અંતરાત્મા હંસ પડી. ઉસકે મુરઝાયે હુએ મુખડે પર એક આનંદ કી જ્યોતિ ચમક ઉઠી! તબ સે બરાબર વહ યહી રટા કરતી હૈ 'નદિયા એક ઘાટ બહુ તેરે' લોગ ઉસે પગલી કહતે હૈં, શહર કે લોક યહી કહ કર ઉસે ચિડાતે હૈં.

("મનોરમા"ના એક અંકમાં લેખકઃ—શ્રી પાંડેય અવધવિહારી "હિંદી ભૂષણ")

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨–एक बंगाळीनी अद्‌भुत यादशक्ति

સાઠ આંકડાની રકમને એજ રકમથી મનમાં ગુણી કાઢી!

મનુષ્યનું મન અને બુદ્ધિબળ એટલું બધું જબરજસ્ત છે કે તેના અખતરા જોઇને દુનિયા અજાયબીમાં ગરકાવ થાય છે. બંગાળાના એક યુવક સોમેશચંદ્ર બોઝે અમેરિકામાં જઇ મોટા મોટા દાખલાઓ મોઢેથી અને મનમાંજ ગણી, સાચા જવાબો આપી ત્યાંના મહાન ગણિતશાસ્ત્રીઓને અને માનસશાસ્ત્રીઓને હેરત પમાડયા હતા. તેનો ચિતાર એક અમેરિકન પ્રૉફેસર નીચેના લેખમાં આપે છે. મોટા મોટા પ્રૉફેસરોની બુદ્ધિ આ એક હિંદી છોકરા આગળ કેવી ઝાંખી પડી ગઈ અને તેને હરાવવા ભેગા થયેલા અમેરિકન બુદ્ધિમાન મહાપુરુષોએ પાછા પડી કેમ આંગળાં કરડયાં, તેની રોમાંચક હકીકત જાણવી હોય તો નીચેલો લેખ વાંચો.

અદ્‌ભુત યાદશકિત કે એકાગ્રતાનો પ્રતાપ!

બંગાળની એક નદીને કાંઠે સૂર્યોદય વખતે એક બ્રાહ્મણ નહાતો હતો. નજીકમાંજ કોઇ હિંદુ વિદ્યાર્થીનું એક અંગ્રેજે અપમાન કર્યું, અને પછી તે વિદ્યાર્થી તથા અંગ્રેજ વચ્ચે ગાળોની રમઝટ ચાલી. બન્ને જણ અંગ્રેજીમાં એકબીજાને ગાળો ભાંડતા હતા. નદીમાં નાહતો પેલો ભૂદેવ આ બધું ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. આખરે જ્યારે બન્ને જણને અદાલતને આંગણે ખડા થવું પડયું ત્યારે બ્રાહ્મણને સાહેદતરીકે બોલાવવામાં આવ્યો.

રાક્ષસી યાદશક્તિ

તેને બોલાવવામાં આવતાં જજ્જને ખબર પડી કે તે બ્રાહ્મણને જરા પણ અંગ્રેજી આવડતું નહોતું. છતાં તેણે કહ્યું કે હું બંનેની તકરાર વખતનો એકે એક હરફ તમારી આગળ બોલી જઇશ, મને બરાબર યાદ છે. પ્રથમ તો કોઇએ આ વાત માની નહિ; પણ તે ભૂદેવ તો એક પછી એક અંગ્રેજી વાકયો બોલવા માંડયો અને જ્યારે પેલા તકરારી માણસોએ કોર્ટને જણાવ્યું કે આ બ્રાહ્મણ એકેએક શબ્દ બરાબર બોલ્યો છે ત્યારે સૌ હેરત પામ્યા. અદાલતમાં અજાયબીનો પાર રહ્યો નહિ. ખરેખર એ ભૂદેવની યાદશકિત રાક્ષસી હતી!

અમેરિકામાં એક બંગાળીની સ્મરણશકિતનાં જાદુ

આ ભૂદેવને હું મળ્યો નથી; પણ એની યાદશકિતને પણ ઝાંખી પાડે એવા એક હિંદુ છોકરાનો મને ભેટો થયો છે. આ છોકરાનું નામ સોમેશચંદ્ર બોઝ. હિંદમાં એ છોકરો છે, મશહુર છે. ગણિતના દાખલા ગણવામાં તેની માનસિક શકિત એટલું તો અજાયબ કામ કરે છે કે માનસશાસ્ત્રના અભ્યાસીઓને આ છોકરો એક અણઉકેલ કોયડા જેવો લાગે છે. ગયે વખતે તે યૂરોપ અને અમેરિકા જઈ આવ્યો ત્યારે તેને દુનિયાભરમાં કીર્તિ મળી. લંડનનું "ડેલી મેલ" લખે છે કે "૧,૮૦૭,૯૪૭ ના આંકડાને એટલાજ આંકડાથી ગુણવા માટે આપણને કાગળ પેન્સીલ અને ગોગેરીધમના કોઠાની જરૂર પડે અને છતાં અર્ધા કલાકને અંતે માંડ એ દાખલો પૂરો થાય. ઉપરાંત દાખલો ગણતી વેળા શાન્તિ અને સગવડ જોઇએ તે જુદુંજ...પણ બંગાળાનો બાબુ સોમેશચંદ્ર બોઝ તો કાગળ, પેન્સીલ કે બીજા કશા સાધનવિના થોડીજ વારમાં આ દાખલો કરી શકે છે.

પણ આ તો નાની રકમની વાત થઇ. એક જબ્બર સભામાં કેટલાક ઘોંઘાટ વચ્ચે આ છોકરાએ ચાળીસ આંકડાની રકમને તેવડીજ રકમથી મનમાં ગુણીને વીસ મિનિટમાં જવાબ કહી આપ્યો હતો! એંશી આંકડાનો લાંબોલચક જવાબ તેણે પાટીઆ ઉપર લખી કાઢયો ત્યારે સૌના મોંમાંથી શાબાશીનો પોકાર નીકળી પડયો.

અમેરિકામાં મી. સોમેશચંદ્ર બોઝ આવી પહોંચતાં તેને કોલમ્બીઆ યુનિવર્સિટિના પ્રૉફેસર સી. જે. કૈસર પાસે લઇ જવાનું માન મને પ્રાપ્ત થયું. મેં પ્રૉ. કૈસરને બોઝની અજાયબ ગણનાશકિતની પીછાન કરાવી. પ્રૉફેસરના મોં ઉપર શંકા અને અશ્રદ્ધાની રેખાઓ તરવરવા લાગી. આખરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રૉફેસરે અચણુચ એક સાત આંકડાની રકમને બીજી સાત આંકડાની રકમથી ગુણવા કહ્યું.

પાટીઆ ઉપરની એક રકમ ઉપર એકજ દૃષ્ટિપાત નાખી સોમેશચંદ્રે આંખો બંધ કરી, બીજી બાજુ પ્રૉફેસર કાગળ, પેન્સીલ અને ગોગેરીધમનો કોઠો લઈ ગણવા બેઠા. બે ત્રણ મિનિટ-માંજ આંખો ખોલી છોકરાએ કહ્યું.

"જવાબ તૈયાર છે."

સોમેશચંદ્રે જવાબ આપ્યો તે પ્રૉફેસરે કાગળપર લખી લીધો. પછી પોતાનો દાખલો પૂરો કર્યો.

"તમારો જવાબ ખરોજ છે ?" પ્રૉફેસરે પૂછ્યું.

"હા, ખરોજ છે; ખોટો ન હોઇ શકે."

"ગુણાકારની પહેલી લાઇન બોલો જોઉં ?"

મી. બોઝ પહેલી લીટી બોલી ગયા.

"બીજી બોલો હવે."

યાદદાસ્તમાંથી બીજી લીટી પણ સંભળાવી.

"ખોટી છે" પ્રૉફેસરે કહ્યું.

"ના, તમારી લાઇન બરાબર તપાસો." મી૦ બોઝે નમ્રતાથી કહ્યું.

પ્રૉફેસરે ફરી ગણી જોયું તો પોતાની ભૂલ જણાઇ.

મી. બોઝે જે ગુણાકાર મનમાંજ કર્યો હતો તે ખરો હતો, તેથી પ્રૉફેસરને ખાત્રી થઇ ગઇ.

"તમે આ અજાયબ શકિતનું જાહેર પ્રદર્શન અમારા ગણિતશાસ્ત્રીઓની હાજરીમાં કરશો ખરા? આખું ખાતું, ગણિતના વિદ્યાર્થીઓ અને જાહેર પ્રજા તમારો બહુ આભાર માનશે."

આખરે જાહેર પ્રદર્શન માટે તારીખ મુકરર થઈ. પ્રૉફેસરો પોતાની સાથે સરવાળા અને ગુણાકાર કરવાનાં મશીનો લાવ્યા. એમણે દશ દશ આંકડાની રકમોના ગુણાકાર આપ્યા. એથી વધારે તો એ મશીનોમાં ગુણાકાર થઇ શકે તેમ નહોતું. તમામ દાખલાઓ મી. બોઝે મનમાંજ આંખો મીંચીને ગણી કાઢયા. તેના તમામ જવાબો ખરા પડયા!

પણ અમેરિકાના ગણિતશાસ્ત્રીઓએ મી. બોઝની સખ્તમાં સખ્ત તપાસણી કરવાનો નિશ્ચય કર્યો. કોલમ્બીઆ યુનિવર્સિટિના ગણિતના પ્રૉફેસરોએ અને માનસશાસ્ત્રના બીજા બડેખાંઓએ ભેગા મળી મી. બોઝને ફરી વખત જાહેર સભામાં તેની અજાયબ યાદશકિતનું પ્રદર્શન કરવા અરજ કરી. મી. બોઝ તો હમેશાં તૈયારજ હતા. આ વખતની સભા ગંજાવર બની. આલીશાન ઓરડામાં હજારો માણસોની મેદની મળી. આ હિંદુ છોકરાને ગુંચવી નાખવા ગણિતના વિદ્યાર્થીઓ ઘેરથી લાંબા દાખલા અને ગુણાકારો કરી લાવ્યા હતા; પણ તમામ દાખલામાં મી. બોઝના જવાબ ખરા પડયા. સભાગૃહમાં હર્ષનાદ ગાજી રહ્યા. દશ વર્ષ પહેલાં ડૉ. જગદીશચંદ્ર બોઝને જે પ્રચંડ તાળીઓના ગડ-ગડાટથી વધાવવામાં આવ્યા હતા, તેજ ગડગડાટથી આ નાનકડા બોઝને સભાજનોએ વધાવી લીધો.

પણ એની અજાયબશકિતનું સાચું પ્રદર્શન તો હજુ બાકીજ હતું. એ પ્રદર્શન તેણે નેવાર્ક ગામમાં કર્યું. અમેરિકાના મહાનગર ન્યુયૉર્ક અને નેવાર્કના ચુનંદા ગણિતશાસ્ત્રીઓની કમિટિ નીમવામાં આવી. રાતદિવસ માથાફોડ કરીને એમણે સાઠ આંકડાની રકમને એવડીજ રકમથી ગુ-ણવાનો દાખલો તૈયાર કર્યો. આ રહી એ રકમઃ—

૬૫૦૧ ૮૭૩૪ ૪૬૩૪ ૪૩૫૪ ૮૨૨૩ ૫૧૭૭ ૩૩૯૧ ૧૧૪૯ ૪૩૨૬ ૦૬૯૭ ૯૭૨૬ ૭૫૪૭ ૩૮૮૪ ૦૬૩૯ ૮૭૭૬

આ રકમને એજ રકમથી ગુણવાની હતી.

ગંજાવર સભા વચ્ચે બોઝ હાજર થયો. પાટીઆ ઉપર તે રકમ માંડવામાં આવી. આખી રકમ એ છોકરો પહેલેથી છેલ્લે સુધી વાંચી ગયો, અને પછી આંખો બંધ કરી ઉભો રહ્યો. તુરતજ આંખો ખોલી અને કહ્યું.

"અને હું મનમાંજ આંખો મીંચીને દાખલો ગણવા માંડીશ. તમારા ઘોંઘાટથી મને કશીજ અસર થવાની નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળતાંજ તમામ સભાજનો જોરશોરથી વાતો કરવા માંડયા. સોમેશ બોઝ તો આંખો બંધ કરીને ફકત હોઠજ ચલાવતો હતો. ચાલીસ મિનિટ થઇ કે તુરતજ બોઝે આંખો ખોલી અને જાહેર કર્યું કે " **જવાબ તૈયાર છે.** "

એમ કહીને તેણે પાટીઆ ઉપર જવાબ લખ્યો. એ જવાબ નીચે મુજબ હતોઃ-

૪૨૨૭ ૪૩૫૮ ૩૧૨૨ ૭૭૮૧ ૭૮૬૭ ૦૨૦૬ ૬૫૬૦ ૭૦૭૬ ૧૬૫૨ ૫૨૧૪ ૪૭૯૭ ૭૮૪૨ ૪૬૪૫ ૧૩૧૦ ૩૧૨૩ ૭૪૬૪ ૭૭૬૭ ૦૪૪૩ ૯૭૪૧ ૩૪૬૪ ૧૪૩૬ ૧૪૫૫ ૫૧૨૨ ૮૨૫૩ ૭૪૦૨ ૫૭૧૯ ૪૫૦૯ ૫૦૩૬ ૯૩૮૪ ૮૫૭૬

કમિટિના પ્રમુખે અને સભાપતિએ હસીને જાહેર કર્યું કે " મી. બોઝ ! તમારો જવાબ તદ્દન સાચો નથી. ૧૨૦ આંકડામાંથી ૧૯ આંકડા ખોટા છે. " સોમેશ બોઝના ચહેરા ઉપર ઝાંખપ આવી ગઈ. કોઇ દિવસ નહિ ને આ પહેલીજ વાર જવાબ ખોટો ? એક પણ શબ્દ બોલ્યા વિના તેણે ફરી વાર આંખો બંધ કરી દીધી થોડીવારજ મિનિટમાં ફરી દાખલાનો તાળો મેળવી જઇ તે બોલ્યોઃ-

" મારો જવાબ તદ્દન સાચો છે. જો ભૂલ હોય તો તમારી છે. તમે ફરી વખત ગણી જાવ. "

પણ આવડો ગંજાવર દાખલો ફરી ગણવાની પંચાત કોણ કરે ? કમીટીએ ના સંભળાવી, ત્યારે બોઝે કહ્યું.

" તો મહેરબાની કરી તમારો જવાબ પાટીઆ ઉપર માંડો. હું તમને તમારી ભૂલ પલકવારમાં સમજાવી દઇશ. "

કમિટિનો જવાબ પાટીઆપર મંડાયો. બોઝે ભૂલો બતાવી; પણ કમિટિના સભ્યોએ માન્યું નહિ. છેવટે તેમણે ત્યાં ને ત્યાં બોઝની રૂબરૂ ફરી વખત દાખલો ગણવા માંડયો. તેમની ગણતરીમાં બોઝે ભૂલો બતાવી દીધી. આખરે કાળાં શાહી જેવાં મોં કરીને તેમને કબૂલ રાખવું પડયું કે, **સોમેશ બોઝ સાચો છે.**

મી. બોઝની આવી અજાયબ શકિતનું કારણ શામાં છે ? સભામાંજ મોટા મોટા પંડિતોએ તેને આ બાબતનો પ્રશ્ન પૂછયો, એટલે બોઝે જવાબ આપ્યોઃ-

"ધ્યાન અને એકાગ્રતાથીજ મેં આટલી યાદશક્તિ કેળવી છે. ખાવાપીવા અને સૂવાનું હું બહુજ ઓછું રાખું છું. છેલ્લાં કેટલાંક વર્ષોથી હું દિવસના ફકત ચાર પ્યાલા દૂધના પીઉં છું. એ સિવાય કશો ખોરાક કે પાણી હું લેતો નથી. અને પૂરા ચોવીસ કલાકમાં હું **ત્રણજ કલાક ઉંઘું છું.** પીવામાં દારૂ અને પાણી લેતો નથી. રાતના અગિયારથી બે વાગ્યા સુધી સામાન્ય રીતે ઉંઘ લઉં છું. બે વાગ્યા પછી એક મિનિટ પણ હું પથારીમાં રહેતો નથી."

"બાકીનો વખત શું કામ કરો છો" તેના જવાબમાં મી. બોઝે જણાવ્યું કે "બાકીના બધા સમયમાં હું ધ્યાન અને સમાધિ કરૂં છું. એ સમાધિ અગર એકાગ્રતાના બળથીજ મારૂં જીવન ટકે છે, તેમાંથીજ મને બધી શકિત મળે છે, મારા આધ્યાત્મિક ગુરુનાં મને સમાધિમાં દર્શન થાય છે. દરરોજ સવારના બેથી છ વાગતાં સુધી હું પ્રાણાયામ, સમાધિ અને ધ્યાન કરૂં છું. આવી સમાધિ કે એકાગ્રતાવિના કોઇ પણ માણસ કોઇ પણ ધંધામાં ફતેહ મેળવી શકે નહિ. સમાધિથી અને ધ્યાનથી મન ઉપર કાબુ આવે છે અને શકિતઓ એજે જતી અટકે છે. એટલે તે શકિતનો ભંડાર એકઠો થતાં આપણે તેનો અજાયબ ઉપયોગ કરી શકીએ છીએ. આસપાસ ગમે તેવો શોરબકોર થવા છતાં આપણું ધ્યાન તૂટતું નથી.

"છોકરીઓનો નાચ થાય તો?" એક પ્રોફેસરે પૂછયું " શું ગમે તેવા અવાજથી પણ તમારૂં ધ્યાન તૂટે નહિ ?"

મી. બોઝે જવાબ આપ્યોઃ-" હા ! હું દાખલો ગણતો હોઉં કે બીજી રીતે ધ્યાનમગ્ન હોઉં ત્યારે તમે મારી આસપાસ પડઘમ બજાવો કે સુંદર છોકરીઓના નાચ નચાવો, ગમે તેવા અવાજો કરો તો પણ મારી એકાગ્રતામાં લગીરે ખલેલ પહોંચવા સંભવ નથી. ધ્યાન વખતે હું કંઇજ સાંભળતો નથી. મારા આત્મા અને મનની આસપાસ હું એ વખતે સંયમ અને નિગ્રહની કિલ્લેબંદી રચી દઉં છું. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી. બોઝે શકિત કયી રીતે કેળવી ?

" તમે આ ધ્યાન અને એકાગ્રતાની શકિત કયી રીતે કેળવી ? કે જન્મથીજ આ શકિત તમને ખુદાએ આપી હતી ? " આવો સવાલ પૂછતાં મી. બોઝે જવાબ આપ્યો કે,

" બચપણથીજ મારી યાદદાસ્ત સારી હતી. જ્યારે મારી ઉંમર આઠ વર્ષની થઇ ત્યારે મને માલૂમ પડયું કે, હું કાગળ-પેન્સીલની મદદવિનાજ મનમાં દાખલા ગણી શકું છું. અમારી નિશાળમાં હું થોડાજ દિવસોમાં પહેલા નંબરનો વિદ્યાર્થી બની બેઠો. હું અઢાર વર્ષનો થયો ત્યારે ચૌદ આંકડાની રકમને એવડીજ રકમે મનમાં ગુણી શકતો હતો. ધીમે ધીમે ચાળીસ આંકડા સુધી પહોંચીને આજે હું સાઠ આંકડાની રકમ સુધી પહોંચ્યો છું.

દાખલા એટલે માણસો !

" બાપડી લાંબી રકમોના ગુણાકાર, ભાગાકાર, સરવાળા, ઘનમૂળ વગેરે મનમાંજ કરવા ઉપરાંત એક વર્ષ સુધી હું એ તમામ દાખલાઓને બરાબર યાદ રાખી શકું છું. એ પછીથી યાદદાસ્તમાંથી એ દાખલા સરવા માંડે છે. એક વાર મનમાં એક દાખલો કરી ગયા પછી મને અગીઆર મહીને જો કોઇ પૂછે તો તેજ દાખલો મને બરાબર યાદ હોય છે અને ફરી વખત મનમાં ગણતરી કર્યા વિનાજ એક સેકંડમાં જવાબ આપી શકું છું. આ આંકડાઓ યાદ રાખવામાં મને મુશ્કેલી પડતી નથી; કારણ કે તમે લોકો જેમ અમુક માણસોને એક વખત જોયા પછી યાદ રાખી શકો છો, એજ રીતે હું દરેક આંકડાને જૂદા જૂદા માણસતરીકે ઓળખી કાઢું છું, મારા મન આગળ એ આંકડારૂપી માણસોનું કલ્પિત ચિત્ર ખડું થાય છે, અને તેઓ બધા મારા અગાઉના ઓળખીતા હોવાથી તેમને હું દશ બાર મહીના પછી પણ એકદમ પકડી પાડું છું. "

મનુષ્યનું મન

આ ઉપરથી સાબીત થાય કે, માણસનું મન ખરેખર એક એવી ચીજ છે કે તેની અદ્‌ભુત શકિત ઉપર દૂનિયા અજાયબી અનુભવે છે. એ મનની શકિતની કંઇ સીમાજ નથી. જેટલું કેળવવું હોય તેટલું તેને કેળવી શકાય છે.

("સમાજસેવા"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩–પ્રો. અવધાનીની અદ્‌ભુત યાદશક્તિ

સ્મરણશક્તિ ઉપર અદ્‌ભુત કાબુ ધરાવનાર પ્રૉ૦ અવધાની, હમણાં મુંબઇમાં આવ્યા છે. આ સજ્જન એક ગુજરાતી ગૃહસ્થ છે અને હિંદના યુવકો સ્મરણશક્તિ કેળવી માનસિક સત્તામાં વિકાસ સાધે એવી ઇચ્છા રાખે છે.

પ્રૉ૦ અવધાનીએ પ્રખર સ્મરણશક્તિના કેટલાક પ્રયોગો બે–ત્રણ દિવસ અગાઉ કોટમાં મેડોઝ સ્ટ્રીટમાં એલ. રોય સંપતની સ્વદેશી પ્રચારક કંપનીની ઑફિસમાં કર્યા હતા. એ વખતે મુંબઇના ઘણા ખરા પત્રકારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, અને કેટલાકે હાજરી આપી હતી.

પ્રૉ૦ અવધાનીના પ્રયોગોથી સૌ હેરત પામ્યા હતા અને જ્યારે બધા ઉઠયા ત્યારે દરેક પ્રેક્ષકના મોંમાંથી એવાજ ઉદ્‌ગાર નીકળતા હતા કે, માણસની માનસિક શક્તિ કેટલી બધી હદ સુધી ખીલી શકે છે! ખરેખર માનવબુદ્ધિના વિકાસને સીમાજ નથી.'

હજાર વાક્યો

પ્રૉ૦ અવધાની એકસામટાં હજાર વાક્યો યાદ રાખી શકે છે. તમે કાગળ ઉપર હજાર વાક્યો લખો, દરેક વાક્યને નંબર આપો, અને પછી તમે ફાવે તેવી રીતે આડા અવળા નંબર સાથે એ વાક્યો બોલી જાઓ. તો થોડીજ વારમાં પ્રૉ૦ અવધાની તમને એ સઘળાં વાક્યો નંબરવાર પાછાં કહી આપશે. એટલુંજ નહિ પણ અમુક નંબર ઉપર કયું વાક્ય છે એમ પૂછશો તોપણ તેનો જવાબ આપી દેશે, અગર અમુક વાક્યનો નંબર કયો છે તેનો પણ તુરત પ્રત્યુત્તર આપશે. એને ગમે તેમ સવાલો પૂછો કે '૩૫ મું વાક્ય બોલો, ૯૯૯ મું બોલો, ૬૯ મું કહો, ૧૩૭ મું કહો,' તો આ બધાના જવાબ તે ચપોચપ આપી દેશે. આ પ્રયોગ એમણે રૉય સંપતની ઑફિસમાં સૌની અજાયબી વચ્ચે કરી બતાવ્યો.

શબ્દો અને પેરેગ્રાફો

પ્રૉ૦ અવધાની અંગ્રેજી બીલકુલ જાણતા નથી, એમની માતૃભાષા ગુજરાતીજ છે. છતાં જો તમે અંગ્રેજી પેરેગ્રાફ લખી તેના પચાસ કે સો શબ્દો આડા અવળા બોલી જાઓ, ગમે તે ક્રમમાં એમને એ શબ્દો સંભળાવો તોપણ તે એના ઉપરથી આખો પેરેગ્રાફ ગોઠવી આપશે. અને અમુક નંબરનો શબ્દ કયો એમ પૂછશો તોપણ તેનો જવાબ આપશે. આ રીતે તેઓ ગમે તે ભાષાના શ્લોકો, પેરેગ્રાફો વગેરે કહી આપે છે.

બીજા અનેક પ્રયોગો

આ ઉપરાંત બીજા અનેક પ્રયોગો તેઓ કરી શકે છે, જે જોઇને આપણને એમજ થાય કે, આ માણસ પાસે કંઇ જાદુ હોવું જોઇએ; પણ ખરૂં જોતાં જાદુ જેવું કંઇજ નથી. એમણે બચપણથીજ સ્મરણશક્તિને કેળવી છે. તેઓ કહે છે કે, કોઇ પણ માણસ તાલીમથી આવી શક્તિ કેળવી શકે છે.

યૂરોપ અને અમેરિકા

આવા માણસો આપણા હિંદુસ્થાનમાં જન્મ્યા હોવાથી એમની કદર થતી નથી. યૂરોપ અગર અમેરિકામાં એવા ગૃહસ્થને આંગણે પૈસાની છોળો ઉડતી હોય અને એને માનપાન અપાતાં હોય. પ્રૉ૦ અવધાનીના પ્રયોગો અમે જોયા છે, અને એના માટે ઓછામાં ઓછું એમ કહી શકાય કે એ ખરેખર અદ્‌ભુત છે. એક હજાર વર્ષની તારીખો ઉપરના વાર પણ તે કહી આપે છે. તમે આજથી પહેલાંનાં પાંચસો સાતસો કે હજાર વર્ષ લઇ એને પૂછો કે ૧૭૬૩ ના ઓક્ટોબરની પચીસમી તારીખે કયો વાર હતો, તો તે ચટ લઇને કહી આપશે. બસો વર્ષનું પંચાગ લઇ તમે એને પૂછયાજ કરો અને એ જવાબો આપ્યાજ કરશે. શું યાદ રાખવું એ એમના જીવનમાં પ્રશ્ન નથી? શું ભૂલી જવું એ સવાલજ એમને આકરો થઇ પડયો છે? કોઇ પણ સ્થળે જે કંઇ પ્રયોગો કરવામાં આવે, એમને જે કંઇ પૂછવામાં આવે, એ બધું એમને વર્ષો સુધી યાદદાસ્તમાં એવું તો જડાઇ જાય છે કે એને ભૂલી જવામાં ભારે મહેનત ઉઠાવવી પડેછે.

(રવીવાર તા૦ ૧૪ મી જુલાઇ ૧૯૨૯ ના દૈનિક "હિંદુસ્થાન" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪–अणशियानी दुनिया

હું કંઈ જંતુશાસ્ત્ર કે તેવા કોઈ શાસ્ત્રનો અભ્યાસી નથી. છતાં અણશિયા ઉપર કંઇ લખવું તે ધૃષ્ટતાજ લેખાય; પરંતુ હું જે પ્રકારના અણશિયા વિષે આછાં–અધુરાં રેખાચિત્રો આલેખવા ઇચ્છું છું તે અણશિયાં સર્પાકારનાં ચોમાસામાં ઉદ્ભવતાં જીવજંતુઓની જાતનાં નહિ, પણ આ પૃથ્વીપર માનવી નામથી સંબોધાતાં, વાસ્તવિક રીતે અણશિયાનીજ કોટીનાં એ મનુષ્ય અણશિયાંજ છે.

આટલી પ્રસ્તાવનામાંજ મેં ચોમાસામાં ઉદ્ભવતા જીવજંતુની જાતના અણશિયાનો એક પ્રકાર તો ગણાવી દીધો. હવે માનવીરૂપી અણશિયાના પ્રકાર આછા આછા ચીતરૂં છું તે ચીતરવા પહેલા એ સ્પષ્ટીકરણ કરી લઉં. કુદરતના કયા ઉદ્દેશથી અણશિયાં ઉદ્ભવતાં હશે, એ તત્ત્વને બાજુપર મૂકી અણશિયું એટલે વિના ઉદ્દેશ થોકબંધ ઉદ્ભવતાં નિર્માલ્ય અને તેથી કચડાઇ કચડાઇ ટળવળતાં પામર જંતુઓ, એ વ્યાખ્યા સ્વીકારીનેજ આ વિષય ચર્ચું છું.

નંબર ૧

આવા ઉદ્દેશ વિના ઉદ્ભવતા માનવીરૂપી અણશિયાનો પહેલો પ્રકાર તે બાળલગ્નના પરિણામથી પેદા થતાં ટેંટડાં બાળકો. (બાળમાતપિતા એટલે કાચી વયનાં છોકરાછોકરીથી ઉત્પન્ન થતાં સંતાનો તે ઘણું કરી ટેંટડાંજ હોય છે.) પચીસ વર્ષનો પુરુષ અને વીસ વર્ષની કન્યા એ પ્રમાણથી ઓછી ઉંમરનાં માતાપિતાથી ઉત્પન્ન થતાં સઘળાં સંતાનોને હું અણશીયાના નામથીજ સંબોધું છું.

નંબર ૨

અણશિયાનો બીજો નંબર તે આપણી હિંદુ સ્ત્રીઓ. બાળમાતાપિતાની આંધળી વાસનાઓથી બાળકી ઉત્પન્ન થાય, તે બાળકા કે છોકરાના શરીરનું વર્ણન બનતાં સુધી આવું હોય છે. બસેર બસેર વજનનો માંસવગરનો હાડકાં અને ચામડીનો છોકરી કે છોકરારૂપી લોચો. શેરડીના સામાન્ય સાંઠાથી પણ પાતળા હાથ પગ, નાકમાંથી નીટનું વહેળિયું સતત ચાલતું હોય, તેનું મોં માખીઓનું ક્રીડાક્ષેત્ર હોય, પેટની ખીણ જેવા ભંડારમાં અનિચ્છિત ભરતી ભરાયા કરતી હોય, તેવી નિર્માલ્ય બાળકી. આથી છોકરી મોટી થાય ત્યારે તે બાળકી હસતી રમતી, કૂદતી ડોલતી, પ્રફુલ્લવદની કોઇ ફુલડાં સમી કન્યકા નથી બનતી; પરંતુ કિશોરી વયમાં પણ અકાળે પ્રૌઢા ગંભીર ડોશી સમી ડોઢડાહી ચાવળી બાળડોશી બને છે. તેની સમી અન્ય બાળપ્રૌઢાઓ સાથે એવી કન્યકાઓ શેરીમાં લાજ કાઢતાં, છાજીઆં લેતાં. 'વર' નામ સુણતાં મલકાઈ જતાં અને તેવા કોઇ 'વર' નામધારીની વહુ બનવા તલસતાં શીખે છે. સમાજની રૂઢિઓ પણ એવીજ છે કે તેવી કન્યાને જન્મ્યાને હજુ દસકો–દોઢ દસકો ન થયો હોય ત્યાં તો એ બાળપ્રૌઢાઓને કોઇ તેવાજ કિશોર વયના અસંસ્કારી (વંઠેલ) છોકરાની વહુ બનાવી દે છે. આ બધાં અણશિયાના જીવનવ્યવહાર કે નાટક ભજવાય છે. અને તેવી રીતે જન્મપ્રૌઢો, પ્રૌઢાઓ અને તેવાંજ તેમનાં માબાપો જીવનના કોડ કે લહાવા લે છે અને જીવન ધન્ય ધન્ય બન્યું માને છે. મારી દૃષ્ટિએ તો આપણા સારાએ સંસારનું જીવન, અણશિયા કરતાં લેશ પણ મહત્ત્વભર્યું કે ચઢીઆતું નથી દેખાતું. ઉપર વર્ણવેલ પ્રમાણેની કન્યા કિશોરી વયમાંજ કોઇ કિશોર 'ભાયડા'-ની વહુ થઈ જાય છે અને પછી તેવા કાચી વયનાને વળી તેના જેવાં કે કદાચ તેથી પણ વિશેષ નિર્માલ્ય સંતાનો પેદા થાય છે. એટલે તેવાંને સંતાન થાય તે પણ અણશિયુંજ હોય એ કુદરતી છે–અને કદાચ બાળક સારૂં હોય તો તે બાળકની બાળમાતા બાળકના જન્મ પછી સુવારોગ, ક્ષય કે ઝાડાના કાળમુખા રોગના પંજાનો ભોગ બને છે અને તેવા માનવીરૂપી અણશિયાં ઉદ્દેશવગર જન્મી કોઇ પણ ઉદ્દેશ માટે જીવ્યા વિના કે આખાએ જીવનમાં કંઇપણ મહત્ત્વનું કાર્ય કર્યા વગર કોઇ ને કોઇ રોગમાં તરત મૃત્યુ પામે છે, જેને પોતાના જીવનનો કંઇ પણ ખાસ મહત્ત્વનો ઉદ્દેશ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર ૩

જે જે વ્યક્તિ સામાન્ય જીવન જીવી, કોઇ અર્થવગરના સ્વાદ, મોહ કે શોખ માટેજ પામર જીવન જીવે છે તે પણ અણશિયાના વિશેષણનેજ લાયક છે. પરિણિત હિંદુ સ્ત્રીઓ સામાન્ય જીવનજ જીવે છે તેમાં, અને બે-ચાર એવી તો સ્ત્રીઓને જીવતાં નીરખવાનો પ્રસંગ બન્યો છે કે જે ઉપરથી સેંકડો વર્ષ પહેલાંની અજ્ઞાન, અભણ કે જંગલી સ્ત્રીઓ કેવી હશે તેનો ખ્યાલ આવી શકયો. આવી સ્ત્રીઓના પ્રકાર અનેક જાતના હોઇ તે બધાને વર્ણવવા જતાં એક પુસ્તક તૈયાર થાય; તેથી તેવાં બે-ચારજ ચિત્રો રજુ કરૂં. એક એવો પ્રકાર છે કે હર્ષભર મલકાતાં, હૈયે કોઇ 'વર' ની વહુ થવાને પિપાસુ કન્યા વટીલો ચોરીમાં જે પૂતળાંને રજુ કરે તેની સાથે પરણે. લગ્ન પછી સાસરે જાય, સંસ્કારિતા કે કેળવણી હોયજ નહિ; એટલે દરેક પરિસ્થિતિને પ્રથમ અપનાવી પછી તેનાપર જીત મેળવી તેની સરદારી લેતાં આવડે નહિ, એટલે ગમે તેના વાંકે કે ગમે તે કારણે વહુ અને સાસુ, નણંદ વગેરેને અણબનાવ થાય. સાસુ અને નણંદ પણ વહુનીજ કોટિનાં હોય; એટલે સાસુ, નણંદ બધાં વહુને વગોવે અને વહુ સાસુનું મૃત્યુ વાંચ્છવા લાગે. સાથે નણંદનો પગ ઘરમાંથી દૂર કરવાની યુક્તિ-પ્રયુક્તિ બધું આરંભે. તે વહુનો વર ઘણું કરી પોતાની સ્ત્રીના પક્ષમાંજ ઉભો રહે એટલે તે દંપતી કુટુંબમાં અળખામણું બને. આમ નિત્ય ચાલે અણશિયાનો કંકાસ. એનું નામ અણશિયાની દુનિયા. આવી સ્ત્રીઓનો જીવનભરનો કાર્યપ્રદેશ કુટુંબ; તેથી આગળ જ્ઞાતિ અને અમુક અંશે શેરી પણ ખરી. દિવસભરના કાર્યક્રમમાં રસોઇ, (રસોઇના અનેકવિધ સ્વાદમાં એકમયતા) બપોરના સૂવું કે દળવું ઝાટકવું, અનેક નવરીઓનું એકઠું થવું, દરેકે પોતપોતાના કુટુંબ કે જ્ઞાતિની કોઇ વ્યક્તિની ટીકામય આખ્યાયિકાઓ કથવી, સાંજના બહુ તો કોઇ પથ્થરની મૂર્તિનાં દર્શન કરવાં, રાંધવું અને સૂવું. આખા જીવનપર્યંતના તેવાઓના મહત્ત્વના પ્રસંગોમાં વિવેકબુદ્ધિની મર્યાદા અમર્યાદાના ખ્યાલ વગર વધારેમાં વધારે છોકરાંઓ (અણશિયાં) ઉત્પન્ન કરવાં, લગ્નમરણની નાતો જમવી, સારાં સારાં લૂગડાં ઘરેણાંથી હાંસી હાંસીને જાતને શણગારવી, છોકરાંનાં છોકરાંનાં છોકરાંને પણ બાળવયમાં પરણાવવામાં જીવનની લ્હાણ સમજવી અને જીવનને અંતે કોઇ બ્રાહ્મણને ગાયનું દાન કરી વૈતરણીમાંથી સહીસલામત પાર તરી સીધાં સ્વર્ગમાં પહોંચી જવાની રજાચિઠ્ઠી મેળવી અક્ષયમાં મળી જવું. કેટલીએક સ્ત્રીઓ બોલકણી હોય છે અને કેટલીએક સ્ત્રી તો ભલભલા પુરુષને પણ પાણી ભરાવે તેવી હોય છે. તેથી સ્ત્રીઓ ઘણું કરી વિલાસી, સ્વાદણી, બાઝકણા સ્વભાવની, સમજ્યે કે વગર સમજ્યે વાંક પાડવાવાળી ટીકાખોર, વાતુડી, ઉસ્તાદ છતાં રડવામાં પારંગત અને શરીરે તંદુરસ્ત; એટલી કાબેલિયતવાળી સ્ત્રીને વ્યવહારમાં રચ્યા પચ્યા રહેવા સિવાય જીવનનો કશોજ ઉદ્દેશ કે ઉંચ વિચાર સુદ્ધાં ન મળે. સ્ત્રીઓવિષે આટલી ચર્ચા તે ઠઠ્ઠારૂપે કે ટીકારૂપે હું નથીજ કરતો. સ્ત્રીઓને ઉન્નતિને શિખરે બિરાજતી અને પ્રકાશતી જોવા હું ઇચ્છું છું; પરંતુ આપણા સમાજનો ઘણો મોટો સમુદાય કેવાં જીવન જીવે છે?-અને તે જીવન પ્રશંસાપાત્ર તો નહિજ બલ્કે અણશિયા જેવાં જીવન છે. માટે તે કોટિમાંથી ઉચ્ચ કોટિ માટે સ્ત્રીઓને વિચાર કરતી કરવાનો છે. ફરી સ્પષ્ટ કરી લેવું ઘટે કે, આ ટીકા સારી સ્ત્રીજાતિ ઉપર નહિજ પરંતુ અમુક પ્રકારનું જીવન જીવતી અમુક પ્રકારની સ્ત્રીઓ ઉપરજ ચર્ચાયેલ છે. વાસ્તવિક રીતે સ્ત્રીઓની આવી અજ્ઞાન દશા માટે સમાજ અને તેમાંએ ખાસ કરી પુરુષવર્ગજ જવાબદાર છે; કિંતુ જ્યાં પુરુષ પણ નર્યા અણશિયાથી પણ અધમ જીવન જીવતા હોય ત્યાં સ્ત્રીઓ પાસેથી વધારે સારી આશા કેમજ રખાય? આ રહ્યા તેવા થોડા પુરુષરૂપ અણશિયાના નમુના.

કેટલાએક બબુચક જુવાનોને નીરખીએ છીએ ત્યારે તેને માટે અણશિયાનો ઉચ્ચાર આપોઆપ કરી જવાય છે. મારા એક પીછાણવાળા સજ્જનનો સાળો છે. તે છાપાના રિપોર્ટરનો ધંધો કરે છે. તેની ઉંમર આશરે ત્રીસેક વર્ષની છે છતાં પોતાની સ્ત્રીની કે બાળકની કંઇ પણ વૃત્તિ સમજવાની લેશ પણ દરકાર નહિ. જીવનમાં વ્યવસ્થા કે ચોખ્ખાઇ સાથે વેર, જીવન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં કોઇ પણ સામાન્ય પગલું ભરવા માટે પણ તેના પિતાની મરજી પ્રમાણેજ ચલન. જીવનમાં નાની એવી ઉપાધિ કે જવાબદારી સ્વીકારવાની આવી પડે ત્યાં નાસે. તેમના જીવનનાં ખાસ આટલાં લક્ષણો તો ખરાંજ. બેજવાબદારી, બેનિશ્ચિંતપણું, વાતોડિયાપણું, અવ્યવસ્થા, અસ્વચ્છતા, અનિયમિતતા-જોકે ભાઇ સાહેબે બી. એ. સુધી ઉકાળ્યું છે. તેમના ટુંક પરિચયમાં હું તો તેમનાથી કંટાળ્યો અને એમના જીવનપર અણશિયાનો ઇલ્કાબ લગાવી દીધો.

નંબર ૪

અમુક યુવકોનો એવો વર્ગ છે કે જે બાળપણથીજ પાણીવગરના હોય. નાની કમરના વાંકે રગશિયા ગાડાની જેમ ઉંટાળતા કંટાળતા ખાનગી માસ્તરની મદદથી વર્ષોને અંતે માંડમાંડ મેટ્રીક સુધી પહોંચે. મેટ્રીકમાં બે-ચાર વર્ષની દંભી મહેનત બાદ નપાસ કે કદાચ પાસ થઇ અભ્યાસ અને પુસ્તકનો બૉયકોટ કરે તે દરમિયાનજ એક કે બે અણશિયાના પિતાની પદવી પ્રાપ્ત કરી લીધી હોય, પછી નીકળે નોકરીની તલાશમાં. કોઈ રથળે કારકુનની કે ઘણું કરી કોઇ થર્ડ-ફોર્થ સ્ટાન્ડર્ડ સુધીની માધ્યમિક સ્કૂલમાં પંતુજીપણું મેળવે, પંતુજી એટલે નર્યું અણશિયા જેવું જીવન. ટુંક પગાર-પછી વારસાની લાલચપર આશાના કિલ્લા ચણે. તદ્દન નિર્માલ્ય જીવન. ગમે તેવા ટયુશનનું માખણ લે. એકદમ પરાવલંબી. ન મળે ઉંચ વિચાર, સારી ભાવનાઓનું સેવન કે ન મળે કોઇ જીવનમાં આદર્શ. રગશિયા ગાડા જેવું જીવન, ઉદ્દેશ વગરનું જીવવું, એમાં કંઇ મહત્તા નહિ એટલે મારી ભાષામાં અણશિયાની દુનિયા.

એક ભટાશંકર કરીને માણસ છે. આશરે ત્રણવીશી ઉપર પાંચ વર્ષ કે તેથી વધારે તેમની વય છે. અમુક કોઇ રાજ્યમાં વડા હજુરિયાનો હોદ્દો ધરાવે છે. શરીર કોઠીથીએ અધીકું ચાર-પાંચ મણનું ચરબીથી લચી પડતું બારદાન છે. ગોળમટોળ માથું અને પથ્થરિયા ચશ્માંમાંથી લખોટા જેવી ગોળમટોળ દેખાતી આંખો પતાસાં જેવડી બની તે વ્યક્તિનું સારૂંએ મામુલી જીવન ખુલ્લું પાડી દે છે. તેમના એ ગંજાવર પેટના ફાંદામાં ઢોરની માફક દરેક વસ્તુ વાગોળતા વાગોળતા એ આસ્વાદની નદીઓ અવિરત વહેવડાવ્યા કરે છે. તેમના શરીર પ્રમાણે તેમના આસન માટે નિત્ય એક લાકડાની ઘણી લાંબી પહોળી એવી પાટ રહે છે. તે જાતે નાગર ગૃહસ્થ છે, એ વાત કહેવી તે તેના વર્ણનની કદાચ મહત્તા વધારશે. તમો તેમને જ્યારે પણ મળવા જશો ત્યારે તેમનાં દર્શન તમોને તે પાટપરજ થશે. તેમની આસપાસ નિરંતર કોઇ ને કોઈ શાકની અને કોઇ ને કોઇ અથાણાં, રાઇતાં બનાવવાની વસ્તુઓની ઢગલીઓ પડી હોય. ખમણી, ખાંડણી, દસ્તો, ચારણી અને બખ્ખે છરીઓ પડેલીજ દેખાશે. આસપાસ પાંચ સાત નોકર-બૈરાંઓ કંઇ પ્રમોદી, ગોળપાપડી કે કંઇ પાકલાડુ વગેરે વગેરે બનાવવા માટેની તૈયારીઓ કરતીજ હોય. પાટપરથી પેલું બારદાન શાક સમારતું સમારતું ટાઢાપોરના અવનવા ગપાટા અને નોકરબાઇઓની સાથે મજાકના ટહુકાર ફેંકયાજ કરે. કંઇ કંઇ વાનીઓ બનાવરાવી પોતે આરોગે અને પોતાના દેવાધિદેવ એવા રાજાના ચરણમાં મોકલ્યા કરે. રાજાની તહેનાતમાં જાય ત્યારે રાજા અને વડા હજુરિયા વચ્ચે આખુંયે પાકશાસ્ત્ર ચર્ચાય. રાજા પણ સ્વાદીયો અને અમીર હજુરીયો પણ સ્વાદીયો. દાઢના સ્વાદમાં રાજા કે હજુરિયાને કંઇ ન મળે પોતાની ફરજનું કશુંજ ભાન. સારૂંએ જીવન અર્પણ કરેલું સ્વાદો અને શાકભાજીને! રાજ્યમાં અન્ય અમલદારોની નિત્ય ચાલે મહાખટપટો. એ ખટપટો તો એવી કે જેમાંથી સાક્ષરશિરોમણિ ગોવર્ધનરામભાઇને દેશી રાજ્યોનાં પ્રકરણ ચીતરવા વસ્તુસામગ્રી મળી હતી તેવી. પેલો હજુરિયો ખાનદાન કહેવાતાં સંસ્કારી કુટુંબનો પ્રખ્યાત અમીર છે. રાજા મહારાજ્યનો ભોક્તા છે. બંનેનાં જીવન જુઓ. કંઈજ ન મળે જવાબદારીનું કશુંજ ભાન કે ધનના સદુપયોગની વૃત્તિ. આપણા સમાજમાં આવી વ્યક્તિઓ કંઈ ગણીગાઠી નથી, પરંતુ સારોએ સમાજ અણશિયાની દુનિયાસમાનજ છે. સમાજ માંહેના સામાન્ય વર્ગને નથી કંઇ જીવન સુધારવાની ઇચ્છા, નથી કંઇ મહત્ત્વાકાંક્ષા કે નથી ઉદ્દેશ. આખીએ આપણી આલમમાં તડફડે છે વહેંતિયાંઓ, બબુચકો, માબાઇઓ, રેંજીપેંજીઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષવર્ગનાં જીવન જ્યાં આવાં અણશિયાં જેવાં નિર્બળ, નાતાકાત અને ઉદ્દેશહીન હોય ત્યાં જમાનાઓથી પુરુષવર્ગની ગુલામીની જંજીરમાં જકડાયેલ એવા સ્ત્રીવર્ગની તો દયાજ ખાવી રહી. જ્યારે કોઇ મારી સામે આપણો બાયલો પુરુષ આપણા સ્વરાજ્યના હક્ક વિરુદ્ધ વાયડી બોલી બોલે છે અને બકે છે કે "સરકાર માબાપના રાજ્યમાં કેવી સહીસલામતી અને શાન્તિ છે! તમે સ્વરાજ્યને લાયક નથી, તમારી આગળ શું ઇલાજ છે કે તમે સ્વરાજ્ય લેશો? તમારો દેશ તો ગુલામ રહેવાનેજ લાયક છે" વગેરે વગેરે માતૃદ્રોહી ઉચ્ચારો ભસે છે ત્યારે મને એમજ થઇ જાય છે કે, બ્રિટિશ ગવર્નમેન્ટનો ઉકેલ લાવ્યા પહેલાં અવા દેશદ્રોહી બકવાટ કરતા અણશિયાઓનેજ જમીનદોસ્ત કે દેશની બહારજ નસાડવા જોઇએ. કોઇ ક્રૉમ્વેલ કે કોઈ સોવીએટ સરકારજ આપણી વચ્ચે ખડી થવાની જરૂર છે કે જે સારાએ સમાજના દેશદ્રોહી અણશિયાઓને પકડી પકડીને કચરાની જેમ ઉકરડે નાખી દે; પરંતુ તે તો હાલ કલ્પનાજ લેખાય, કિન્તુ આપણા સમાજમાં ધુરંધર કેળવણીકારો તો ફાટી નીકળવાની જરૂર તો છેજ, કે જેઓ સમાજના એક છેડાથી તે બીજા છેડા સુધી કેળવણીના મહાસાગરોને ફેલાવી દે; આ સમાજના અસંસ્કારી અને ભાવનાહીન વર્ગમાં પ્રગતિ માટેની ધગશ પ્રકટાવી ઉન્નતિને શિખરે પહોંચાડે–નામધારી અણશિયામાંથી સાચા માનવી ઉપજાવે!

("હિંદુસ્થાન" તા. ૭–૯–૧૯૨૯ લેખકઃ–રમણકાન્ત ધ. ઓઝા)

૪૫–एक अहिंसावादी साचा महात्मानी जरूर

કાળી માતાજીને નામે ચાલતી રોજીંદી લોહીની નદીઓ અટકાવો!

મહાત્મા ગાંધીજી કલકત્તામાં કાળી માતાજીનું મંદિર જોવા ગયા હતા. તે વખતે તેમણે માતાજીને ભોગ આપવા માટે જતું ઘેટાંનું એક ટોળું તથા પોતાની આગળ વહેતી લોહીની નદી જોઈ, તેથી તેમને ઘણો ખેદ થયો હતો. તેનું અસરકારક વર્ણન તા. ૯–૪–૧૯૨૭ના 'ઇંડિયન નેશનલ હેરલ્ડ'માં છપાયું હતું.

મનુષ્યોનાં ખૂન

માતાજીને જનાવરોનો ભોગ આપવાના રિવાજને પરિણામે વખતે વખતે ધર્માંધ માણસો પોતાનાં સગાં તેમજ બીજાં મનુષ્યોનાં માતાજીને નામે ખૂન કરે છે, અને તેવા ખુનીઓને ફાંસી અથવા જન્મદેશનિકાલની સજા થાય છે, અને તેના સત્તાવાર દાખલા આ બાબતના એક ખાસ અંગ્રેજી હેન્ડબીલમાં મેં આપ્યા છે.

ઈશ્વરી ઇન્સાફી કાયદો

ઉપર પ્રમાણે જે હતભાગી આત્માઓ માતાજીને નામે મુંગાં પ્રાણીઓ તેમજ મનુષ્યોની હિંસા કરીને તેમના શાપ લે છે, તેઓ કર્મના ઈશ્વરી ઈન્સાફી કાયદા પ્રમાણે પોતાના મરણ પછી નરકમાં ત્રાસદાયક પીડા સહન કરવાને લાયક થાય છે.

પ્રાર્થના

લાખો પ્રાણીઓની તેમજ ઘણાં મનુષ્યોની હિંસા અટકાવવાનો, તથા લાખો આત્માઓને નરકની ત્રાસદાયક પીડાથી બચાવવાનો આ સવાલ છે. તેનો ખ્યાલ કરીને કોઈ મહાત્મા કલકત્તે જઇને બંગાળી હિંદુઓને કર્મ તથા પુનર્જન્મનો ખ્યાલ આપીને, કાળી માતાજીને નામે જનવરોની હિંસા કરવાનો રિવાજ બંધ કરાવી માતાજીને માત્ર મેવા–મીઠાઇ તથા ફળોનો ભોગ આપવાનો ઠરાવ કરવા માટે અપીલ કરે, અને તેથી તેઓ મહાપુણ્ય મેળવે એવી મારી પ્રાર્થના છે.

વાંચનાર! તમેજ એવા મહાત્મા થશો?

સતુ ભુવન–જુનાગઢ
તા. ૧૫–૫–૧૯૨૯

લાભશંકર લક્ષ્મીદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૬-उपवासनो एक चमत्कारिक उपचार

કયો રોગ

"મારી પત્ની ૨૨ વર્ષની છે. બે છોકરાની માતા છે. તેણે એક અત્યંત રસિક તેમજ સાહસ-ભરેલો ઉપવાસચિકિત્સાનો પ્રયોગ કર્યો છે. હું એને સાહસિક પ્રયોગ કહું છું. પણ એથી કોઇ એમ ન સમજે કે આ પદ્ધતિમાં કંઇ જોખમ રહેલ છે. માત્ર અકુદરતી ખોરાકને લઇને આપણાં શરીરબંધારણ એટલાં નિઃસત્ત્વ થઇ ગયાં છે કે અપવાસને નામેજ આપણે ભડકીએ છીએ."

"છેલ્લાં બે વર્ષથી મારી પત્નીને ઝીણો તાવ આવતો હતો. ૯૯.૫ થી ૧૦૦ ડીગ્રી સુધી પારો ચઢતો હતો. આંતરડાંની નબળાઇથી તેને કાયમની કબજિયાત રહેતી. પરિણામે જીભ હમેશ મેલી અને શ્વાસ ગંધાતો હતો. એની મુખ્ય ફરિયાદ, જેથી એ ખૂબ હેરાન થતી તે માસિકધર્મની અનિયમિતતા અને એ વધારે પ્રમાણમાં થતો એ હતી. કેટલીક વાર રક્તસ્રાવ બાર બાર દિવસ સુધી ચાલતો. એની અતિશય શારીરિક નબળાઇ અને લોહીના અભાવે ચહેરાની પીળાશ રહેતી તેનું મુખ્ય કારણ એજ હતું. એનું હૃદય પણ નબળુંજ હતું. જરા પણ શારીરિક શ્રમ થાય, દાદરો ચઢે અથવા ઢાળ ચઢવા પડે તો હૃદય ખૂબ ધડકવા લાગે. આ રોગ એને પરંપરાથી મળેલો હતો. એના પિતાનો અંત પણ એજ રોગે આણ્યો હતો. દાંતનાં પેઢાં બેસી ગયાં હતાં, તેમાં થોડું પરૂ થયું હતું અને એ વધવાની ધાસ્તી હતી. લાહોરના ઘણા પ્રખ્યાત દાક્તરોએ એ દરદીને તપાસેલ."

"શરૂઆતમાં ઝીણા તાવનું કારણ 'બેસિલસ કોલાઇ' છે એમ બતાવવામાં આવ્યું. અને એને સારૂ એને દવાઓ અને રસીઓ આપવામાં આવી, પણ રોગ ઘટવાને બદલે વધી ગયો. ભુંગળી અને 'એક્સ રે'થી છાતી તપાસતાં ફેફસાંમાં કંઇક બિગાડ જણાયો, અને ક્ષયરોગના પ્રારંભની શંકા પડી. જમણી બાજુના ફેફસાના ઉપરના ભાગમાં પ્રવાહી પદાર્થનો પ્રવેશ જણાયો. ડાબા ભાગમાં વાળને ઘસતાં જેવો કરકરાટ થાય છે એવો અવાજ શ્વાસ લેતાં ફેફસાંમાંથી આવતો. ડાબી બાજુના આગળના ભાગમાં અવાજ ખોખરો સંભળાતો અને 'એક્સરે'ની છબીમાં કેટલીયે છાયાઓ હતી, જેથી દાક્તરોને ચિંતા થવા લાગી અને તેમણે તેને હાંસી હાંસીને ખવરાવવાનું શરૂ કરાવ્યું. ક્ષયરોગનાં મૂળ એના કુટુંબમાં હતાં, અને એની બે બહેનો આ રોગમાં ગુજરી ગઈ હતી એટલે દાક્તરોની ચિંતા વળી વધી. હું ચોંકયો. સ્થિતિની વિષમતાનું મને પહેલી વાર ભાન થયું, અને આધુનિક રોગચિકિત્સાની વિશિષ્ટ પદ્ધતિના અભ્યાસ પાછળ મંડી પડયો."

પ્રારંભિક ક્રિયાઓ

"સૌથી પહેલાં તો આધુનિક શાસ્ત્રીય ગણાતી ઉંટવૈદ્યક પદ્ધતિઓનો એકસાથે ત્યાગ કર્યો અને ખોરાકસુધારાના અને પાણીના ઉપચાર શરૂ કર્યા; પણ કેટલાક અનિવાર્ય કૌટુંબિક પ્રસંગોને લીધે એમાં જોઇતી નિયમિતતા અને ચોકસાઇ ન રાખી શકાયાં. છતાં આ કુદરતી ઉપચારથી દેખીતો ફાયદો જણાયો. કેટલાક અશાન્તિજનક બનાવો એના કુટુંબમાં બની રહ્યા હતા. એક પ્રિય સંબંધીના મંદવાડથી થયેલા ઉત્પાતને કારણે તે તદ્દન સાજી ન થઇ શકી. પણ આ વિષે વધારે વિગતો હું અહીં નહિ આપું, કારણ કે કુદરતી ઉપચાર મારા આ લેખનો વિષય નથી. એટલું અહીં કહેવું બસ થશે કે, કાચું દૂધ, થુલાવાળા લોટની રોટલી, કાચી શાકભાજી, કુદરતી ક્ષારો અને જીવનતત્ત્વ ઠીક ઠીક પ્રમાણમાં મળે એવાં ફળો લેવાથી એના દાંતના પરૂમાં આશ્ચર્ય-જનક સુધારો થયો. તે દરમિયાન હું ડીવી, રાબાગ્લીએટી, કેરિંગ્ટન, મેકફેડન, પ્યુરિન્ટન અને એરેટ ઇત્યાદિના પ્રયોગો અને શોધોનો ઉંડો અભ્યાસ કરી રહ્યો હતો. આ બધા ઉપવાસચિકિત્સાના પ્રખ્યાત પંડિતો છે અને વર્ષોના અભ્યાસ અને પ્રયોગો પછી તેઓ માનતા થયા છે કે, વિવેક-પૂર્ણ અને મર્યાદિત અપવાસ—જેથી શરીર ક્ષીણ થવા છતાં ભૂખમરાને લઇને ક્ષય ન થાય—બધી પ્રકારના શારીરિક ક્રિયાઓના બગાડથી ઉત્પન્ન થયેલા રોગોને મૂળથી મટાડવાનો કુદરતી રાજમાર્ગ છે. મારા અભ્યાસથી ઉપવાસચિકિત્સાની અસરવિષે સિદ્ધાંતરૂપે તો મને ખાત્રી થઈ અને મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ની ઉપર એવો પ્રયોગ કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ પહેલાં મારી પત્ની ઉપરના પ્રયોગદરમિયાન કાંઇ અણધાર્યો બનાવ બની આવે તો તેને પહોંચી શકાય એ ઇરાદાથી ઉંડાણથી ઉપવાસનું રહસ્ય સમજી લેવા સારૂ જાતે અનુભવ લેવા ધાર્યું. આ હેતુથી મેં એક અઠવાડિયાના ઉપવાસ કર્યા; અને એથી રોગનું, એના ઉપાયનું ખરૂં સ્વરૂપ મારી આંખ આગળ ખડું થયું. મારી પત્નીની હિંમત પણ આથી વધી અને તે ઘણી સૂકાયેલી હોવા છતાં તેણે ઉપવાસની વિષમ દેખાતી પરીક્ષામાંથી પસાર થવા કબૂલ કર્યું."

૧૮ દિવસના ઉપવાસ

"છેવટે બીજી ઑકટોબર, ૧૯૨૮માં રમણીય કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં આશામાં અને ચિંતામાં મારી પત્નીએ લાંબા અપવાસ આદર્યા. મેં પ્રભુ આગળ પ્રાર્થના કરી કે, મારી પત્નીને પ્રેમાળ કુદરતની અમોઘ શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા આરોપે. અપવાસ શરૂ કર્યા પહેલાં એનું વજન ૯૪ રતલ હતું. ઉંડી દૃષ્ટિએ જોતાં બધા શારીરિક વ્યાધિઓનો અર્થ એજ છે કે, શરીર ખોરાકના વ્યભિચારથી એકઠા થયેલા વિકારોત્પાદક દ્રવ્યોને બહાર કાઢવાનો પ્રયત્ન કરી રહેલ છે, એટલે આ શારીરિક શુદ્ધિની ક્રિયાને મદદ આપવી જોઇએ, એ સ્પષ્ટ લાગે છે. આવી સ્થિતિમાં ખોરાક લેવો એ આ ક્રિયાને બાધક નીવડે છે. પણ અપવાસ કરીએ છીએ ત્યારે શરીરની કુદરતી ક્રિયાઓમાં વિઘ્ન નાખનારાં રોગજનક દ્રવ્યોને બહાર કાઢવાને સારૂ આપણા લોહીને અવકાશ મળે છે. એક વાર આપણે આ વસ્તુ સમજી લઇએ તો અપવાસની શરૂઆતમાં થોડા દિવસ શરીરશુદ્ધિની આ તીવ્ર ક્રિયાને લીધે તબિયતમાં વધારે બગાડ લાગે ત્યારે એમાં આશ્ચર્ય નહિ લાગે. મારી પત્નીને કોઇ વિશેષ પીડા ન થઇ. કારણ કે પાણીના અને ખોરાકવિષેના ફેરફારના પ્રાથમિક ઉપચારોથી ઘણાંક વિકારજનક દ્રવ્યો શરીરમાંથી નીકળી ચૂકયાં હતાં. આ લાંબા ઉપવાસ દરમિયાન મારી પત્નીએ આશ્ચર્ય ઉપજાવે એવી દૃઢતા બતાવી અને તમામ વખત હરતી ફરતી રહી અને થોડીઘણી કસરત પણ લેતી રહી. અપવાસના પહેલા ત્રણ દિવસમાં માણસ વાઘના જેવી અસહ્ય ભૂખ અનુભવે છે. તેના પણ ત્રણ દિવસ આકરા ગયા. પણ તેણે ખૂબ હિંમત બતાવી, અને નિશ્ચય-બળથી ભૂખને કાબુમાં રાખીને તેના પર વિજય મેળવ્યો. ચોથે દિવસે ભૂખ પોતાની મેળે મટી ગઇ અને તે પાછી જાગી ત્યારે તેણે અપવાસ તોડયો. અપવાસની શરૂઆતથીજ શરીરે મળ તજવા માંડયો. ઠંડું પાણી તેને સારા પ્રમાણમાં પીવા માટે આપવામાં આવતું અને રોજ તેને પીચકારી અપાતી. તેથી તેને નિયમિત દસ્ત થતા અને એ રીતે રોજ પુષ્કળ કાળો ગાંઠાવાળો મળ શરીરમાંથી નીકળતો. પહેલીજ વાર નળામાં કેટલો મળ ભરાયો હતો તેની ખબર પડી, અને રોગનું મૂળકારણ સમજાયું. દાક્તરોનો એવો અનુભવ છે કે રોજ નિયમિત રીતે એ વાર પાયખાને જતા સાજા કહેવાતા લોકોનાં આંતરડાંની પણ એવીજ સ્થિતિ હોય છે. આંતરડાની આવી ખરાબ સ્થિતિ હોય અને તે રોગનું ઘર બની જાય ત્યારે તેની સફાઇ કર્યા વગર કોઇ પણ રોગનું નિદાન કેમ થઇ શકે? સમાજમાં ગંદે હાથે જતાં આપણે અચકાઇએ છીએ અને ઢગલાબંધ સાબુપાણી અને બીજી વસ્તુઓ શરીરની બાહ્ય સ્વચ્છતાને સારૂ વાપરીએ છીએ, પણ આંતરડાંમાં ગમે એટલી ગંદકી ભરેલી હોય તોયે કચવાતા નથી. પણ આ તો બીજી વાત થઇ. શરીરનાં બધાં મળત્યાગ કરવાનાં અંગો—મૂત્રપિંડ, ફેફસાં, આંતરડાં અને ચામડી—શરીરમાંની વધારાની ચરબીને બહાર કાઢવા લાગ્યાં, તેનો પેશાબ ઘેરા રંગનો હતો અને તેમાં યૂરિક એસિડ અને આલ્બ્યૂમિન સારા પ્રમાણમાં હોવાં જોઇએ."

એનું પરિણામ

"આમ આ ઝેરીલાં દ્રવ્યોના ઝપાટાબંધ નિકાસને પરિણામે સ્વાભાવિક રીતે એનું વજન ઘટવા લાગ્યું. તે સાવ દુબળી પડી ગઇ, અપવાસને અંતે તે કેવળ હાડપિંજર જેવીજ દેખાતી હતી; છતાં તેણે કોઇ વખત અનુભવેલી નહિ એવી પ્રસન્નતા અને સ્ફૂર્તિ અનુભવી. કુદરતનો એ નિયમ છે કે, જ્યારે અપવાસથી શરીર બધા ઝેરી અને રોગજનક પદાર્થોના ત્યાગથી શુદ્ધ થઇ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ત્યારે પોતાની મેળે ભૂખ લાગવા માંડે છે. એટલે સાધારણ રીતે કુદરતી ભૂખ ફરીથી જાગે ત્યારેજ અપવાસ તોડવો જોઇએ. અપવાસને એથી વધારે લંબાવવાથી શરીરનો ક્ષય શરૂ થાય છે. અપવાસ અને ભૂખમરામાં આજ ભેદ છે. ૧૯મી ઑકટોબરે-સાંજના ચાર વાગે મારી પત્નીને આ કુદરતી ભૂખ લાગી. અપવાસ બંધ કરવાને કુદરત તરફથી આ સૂચના હતી. તે વખતે એનું વજન ૮૦ રતલ હતું. એટલે ૧૮ દિવસના અપવાસ દરમિયાન એણે ૧૪ રતલ વજન ખોયું. આ અખતરાએ ખોરાક અને શક્તિના સંબંધવિષે હાલના દાકતરી સિદ્ધાંતને ખોટો પાડયો. નારંગીના તાજા રસમાં થોડું પાણી ભેળવીને તેનાથી અપવાસ તોડયો. પાછળથી એમ જણાયું કે, આ ભૂખ કુદરતી નહોતી, માત્ર તેનો આભાસજ હતો. આ પ્રયોગને પૂરી રીતે પાર નહિ પાડવામાં આવ્યો એ દિલગીરીની વાત કહેવાય. છતાં સાંજે તેને પાછો થોડો નારંગીનો રસ આપ્યો. તે પછી પણ બે દિવસ સુધી તેને ફળના રસસિવાય બીજું કંઇ પણ આપ્યું નહિ, અને ત્યારબાદ ધીમે ધીમે છાશ, પાણી મેળવીને દૂધ અને પાણીવિનાનું દૂધ આપવા માંડયું. આમ છ દહાડા સુધી તેને પ્રવાહી પદાર્થોનો ખોરાક આપ્યો. પણ અમને બધાને આશ્ચર્ય થયું કે, આ છ દિવસોમાં કેવળ પ્રવાહી પદાર્થો લેતાં છતાં તેનું વજન ૧૧ રતલ વધ્યું."

"તેનું એમ કહેવું છે કે, આ અપવાસથી તેને અવર્ણનીય લાભ થયો છે. તે હવે બહુ પ્રફુલ્લિત, પ્રસન્નચિત્ત અને ઉલ્લાસમાં રહે છે; અને પહેલીજ વાર તેને જીવનમાં રસ આવવા લાગ્યો. કબજિયાત તદ્દન મટી ગઇ છે અને દિવસમાં નિયમિત રીતે બે વાર દસ્ત થાય છે. એક ડૉક્ટર જેમણે પહેલાં અનેક વાર તેને તપાસેલી તેમણે ફરીથી તપાસતાં જણાવ્યું છે કે, હવે તેનાં ફેફસાં તદ્દન સાફ થઇ ગયાં છે અને તેમાં પ્રવાહી પદાર્થોનો સંચય નથી. શ્વાસ લેતાં ફેફસાંમાં આકરો અવાજ થતો નથી, અને બધા ભાગોમાં સરખો અવાજ સંભળાય છે. અકસ્માતથી અપવાસ સમાપ્ત થતાંજ તેને દૂર બેસવાનો વખત હતો અને અમે એની ઘડીએ ઘડીએ વાટ જોવા લાગ્યા. ઠીક વખતે એ દૂર બેઠી અને ત્રીજે દિવસે સ્રાવ બંધ થયો. એ જોઇને તેના હર્ષ અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ; કારણ કે પહેલાં સ્રાવ બાર અને તેથી પણ વધારે દિવસ સુધી ચાલ્યા કરતો. હૃદયની સ્થિતિ અજમાવવાને શંકરાચાર્યની પવિત્ર ટેકરીપર પાંચ ફર્લાંગ ચઢી ગઇ. આ અનુભવ બીજા બધા અનુભવો કરતાં ચઢી જાય એવો હતો. પહેલાં સહેજ પણ મહેનત કરતાં હૃદય ધડકતું, નાડીની ગતિ અનિયમિત રહેતી, ઝીણો તાવ આવતો; તે બધું સાવ બંધ થઇ ગયું. આ કેવી સાદી, સસ્તી અને અમોઘ ચિકિત્સા ગણાય ? પણ આપણી ખાવાની લોલુપતા આ રામબાણ ઉપાયને ક્યાંથી સર્વવ્યાપી થવા દે ?" કે૦ જી૦ ડી૦

(હું આ કાગળ બે વાર વાંચી ગયો અને તે મને એટલો સાચો અને સરસ લખાયેલો લાગ્યો કે કે. જી. ડી. ની માગણીને સ્વીકાર્યા વિના હું ન રહી શક્યો. વાચક જાણે છે કે, હું ઉપવાસને શારીરિક અને આધ્યાત્મિક બન્ને દૃષ્ટિએ લાભકારક ગણું છું. ઉદ્યોગમંદિરમાં હું હમેશ સાથીઓને તેની ભલામણ કરૂં છું, અને તેથી હમેશ ફાયદોજ થાય છે. મને ખાત્રી છે કે, જો દાક્તરો અને વૈદ્યો હિંમતપૂર્વક લોકોમાં આ ચિકિત્સાનો પ્રચાર કરશે તો હાલ છે તેના કરતાં રોગનું પ્રમાણ ઘણું ઓછું થઇ જશે, અને અસંખ્ય લોકો જે દવાઓથી અને આગ્રહ કરી કરીને ખવડાવવાથી મરી જાય છે તે બચી જશે. પણ હું સૌને ચેતવણી આપી દઉં કે બધા મને આવી જાતના અહેવાલ મોકલશે તો તેને 'યંગ ઇંડિયા'માં સ્થાન મળશેજ એવું નથી. છતાં મારી અંગત જાણ અને સૂચનાને સારૂ તે મને પ્રામાણિક ખબર જરૂર લખી મોકલે. મો૦ ક૦ ગાંધી)

(તા. ૧૭ માર્ચ ૧૯૨૯ ના "નવજીવન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭–વૈદિક સભ્યતા કા આરંભિક કાલ

ગીતાના બીજા અધ્યાયના ૪૭ મા શ્લોકમાં કહ્યું છે કે "તમારો ધર્મ માત્ર કામ કરવાનો છે, ફળની ઇચ્છા રાખવાનો નહિ." કર્મમાત્રનું ફળ સારૂં યા નરસું હોય છે. તમે સઘળું કામ પરોપકારને માટે કરતા હો તેમાં શું ? કર્મથી દુઃખ તો ત્યારેજ થાય છે, કે જ્યારે તેની સાથે ફળેચ્છા જોડાયલી હોય છે. જેમકે કોઇ પણ ચિત્ર ફાટી જવાથી દુઃખ નથી થતું; પરંતુ પોતાનું ચિત્ર ફાટી જવાથી દુઃખ થાય છે. દક્ષિણાની ઇચ્છા રાખીને સારૂં કામ કરવું એ પણ એક પ્રકારનું વેચાણ છે; માટે કર્મ કરતી વખતે સાંસારિક પદાર્થોની કોઇ પણ લાલસા નહિ રાખતાં નિષ્કામ સત્કર્મ કરવામાંજ પોતાની સાચી, સર્વોત્તમ ને સદાની ઉન્નતિ રહેલી છે, એવી સમજણને જાગૃત રાખવી. કેમકે કર્મયોગનો વાસ્તવિક ઉદ્દેશ એજ રીતે પરિપૂર્ણ થાય છે. અને કર્મ કરનારો મનુષ્ય કેવી રીતે કામ કરતો રહીને બાહ્યકર્મોથી છૂટે છે તથા (આંતરિક અભ્યાસમાં અને દૈવી ગુણોમાં આગળ વધતો ચાલી પરિણામે સદાની સર્વોચ્ચ સચ્ચિદાનંદમય) મહાન મુક્તિને પ્રાપ્ત કરે છે તે યથાવત્ સમજાય છે. (તથા અનુભવાય છે.) ગીતાના ચોથા અધ્યાયના અઢારમા શ્લોકમાં એવાજ હેતુથી કહ્યું છે કે "જે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ દેખે છે–અર્થાત્ નિષ્કામ કર્મમાં ત્યાગ અને બાહ્યત્યાગમાં કર્મ અથવા મનનું ફસાવું સમજે છે, તેજ પૂર્ણ જ્ઞાની છે."

તેથી કર્મયોગનું રહસ્ય નિઃસ્વાર્થતાનું શિક્ષણ આપવામાં–નિષ્કામ કર્મનો માર્ગ દર્શાવવામાં રહેલું છે. જ્યારે પોતાનો ધર્મ (અથવા ફરજ) સમજીને કર્મ કરવાનો માણસનો સ્વભાવ બંધાઇ જાય છે; ત્યારે સ્વાર્થ તો આપોઆપ (ઘટતો ચાલી પૂરેપૂરો) નાબુદ થાય છે. અને એ પ્રમાણે લૌકિક સ્વાર્થ નાબુદ થતાં માણસ બ્રહ્માનંદ મેળવવા ભાગ્યશાળી થાય છે. સંસાર પોતાને માટે શું કહે છે કે શું કહેશે તેની કર્મયોગી ચિંતા રાખતો નથી; તેમ સારૂં કે માઠું પરિણામ આવે તે તેને દુઃખ દઇ શકતું નથી. સ્તુતિ કે નિંદા તેને પ્રસન્ન અપ્રસન્ન કરી શકતી નથી. (એટલુંજ નહિ પણ આગળ વધેલો યોગી તો પોતાની ઉંડી ને ઉંચી દૃષ્ટિને લીધે લોકનિંદાથી હિત માને છે અને લોકસ્તુતિ અથવા પ્રતિષ્ઠાને સુરાપાન અને સુકરી વિષ્ઠા જેવી સમજે છે.) એવા મનુષ્ય તો સંસારનાં બધાંયે કાર્યો બાળકોને રમાડનારી માતાની પેઠે કરે છે. માતાની પેઠે તે પ્રેમ કરે છે, પણ નોકરી હરાઇ જતાં તે કંઇ પણ દુઃખ લગાડયા સિવાય પોતાને માર્ગે ચાલ્યો જાય છે.

ગીતામાં બધા માર્ગોનું વર્ણન છે, પણ કર્મમાર્ગનેજ સર્વ કોઈ માટે સૌથી મુખ્ય માન્યો છે. બીજા અધ્યાયના ૩૯મા શ્લોકમાં શ્રીકૃષ્ણ કહે છે કે, અત્યારસુધી તેં જ્ઞાનયોગ સાંભળ્યો. હવે તને કર્મયોગ બતાવું છું, કે જેના પરિણામે તને (ચિત્તશુદ્ધિ અને અનુભવમાં વધારો થતાં) આત્મબુદ્ધિ પ્રાપ્ત થશે. આવી રીતે આખી ગીતામાં સ્થળે સ્થળે શ્રીકૃષ્ણ અર્જુનને કર્મ કરવાનો ઉપદેશ આપે છે. સાચું પૂછો તો ગીતાનો ઉદ્દેશજ અર્જુનના હૃદયમાંથી દુર્બળતાને દૂર કરી તેને કર્મમાં જોડવાનો છે.

બીજા અધ્યાયના ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ શ્લોકોમાં કર્મ કરવાની યુક્તિઓ બતાવી છે; અને તેને ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ માં ભારપૂર્વક અનુમોદન આપ્યું છે. ત્રીજા અધ્યાયના ૨૧, ૨૨ વગેરેમાં પણ એના ઉપરજ ભાર મૂક્યો છે. સમસ્ત જ્ઞાનના વિસ્તાર પછી અંતે ૧૮ મા અધ્યાયના ૭૨ મા શ્લોકમાં શ્રીકૃષ્ણ પૂછે છે કે "કેમ, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો તારો મોહ દૂર થયો કે નહિ ?" તેનો ઉત્તર અર્જુન ૭૩ મા શ્લોકમાં આપે છે કે "મારો મોહ દૂર થયો છે. મને સત્યજ્ઞાન પ્રાપ્ત થયું છે. હવે તમે આજ્ઞા કરશો તે પ્રમાણે હું કરીશ." આખી ગીતા આપણને આ ભાવજ દર્શાવી આપે છે.

ઉપનિષદ્ પણ "નિષ્કામ કર્મ" ઉપર ભાર દે છે.

ઉપનિષદોમાં પણ નિષ્કામ કર્મ ઉપર બહુ ભાર દીધો છે. છાંદોગ્ય ઉપનિષદ્માં અલંકારરૂપે એક કથા છે. તેમાં "નિષ્કામ કર્મ"નીજ મહત્તા દર્શાવેલી છે. ઇંદ્રિયો અને વિષયો વચ્ચે પરસ્પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ થયું. ઇંદ્રિયો દેવતા અને વિષય દૈત્યો સમાન છે. ઇંદ્રિયો હારવા લાગી. તેમણે પોતાનો નેતા ચૂંટવાનો વિચાર કર્યો. પ્રથમ આંખને નેતાતરીકે ચૂંટી. આ જોઇને અસુરોએ તરતજ સુંદર સુંદર વસ્તુઓ આગળ કરી દીધી. બિચારી આંખ તો તરતજ તેમાં ફસાઇ પડી અને તેથી બધી કર્મેંદ્રિયો હારી ગઇ. પછી કાનને ચૂંટયો. અસુરોએ તરતજ મધુર સ્વર અને રાગો શરૂ કર્યા. કાન તેમાં ફસાઈ પડ્યા. આથી પછી નાકને નેતૃત્વ આપ્યું તો તે પણ સુગંધીવાળા પદાર્થોમાં ફસાઇ પડયું. પછી તેમણે પ્રાણને પોતાનો નેતા બનાવ્યો. પ્રાણને કોઈ સ્વાર્થ નહોતો, એટલે તે કોઇ પણ પ્રકારે અસુરોના દાવમાં ફસ્યો નહિ અને દેવતાઓ વિજય પામ્યા. (આ રૂપકનો સારાંશ એ છે કે) પ્રાણની પેઠે નિઃસ્વાર્થી થવાથીજ મનુષ્ય સંસારના યુદ્ધમાં વિજય મેળવી શકે છે. અને પ્રાણના જેવા થવું એમાંજ દેવત્વ રહેલું છે.

મહાભારતમાં પણ કર્તવ્યપાલનનેજ સાચો કર્મયોગ કહ્યો છે.

મહાભારતમાં કર્મની મહત્તા દર્શાવતી અનેક કથાઓ મળી આવે છે. તેમાંની એક આ પ્રમાણે છેઃ—એક નવયુવક યોગી વૃક્ષની નીચે બેઠો હતો. ઉપરથી એક પક્ષી તેના ઉપર ચરક્યું. યોગીએ ક્રોધાયમાન થઇ તેના તરફ જોયું. તે પક્ષી બળી જઇ નીચે પડયું. એજ યોગી એક દિવસ ભિક્ષા માગવા એક ઘેર ગયો. ગૃહિણી તેના રોગી પતિની સેવામાં રોકાઈ હતી તેથી ભિક્ષા લાવતાં વાર થઇ ગઇ. જ્યારે તે ભિક્ષા લાવી ત્યારે યોગી કોપાયમાન થઇને તેના તરફ જોવા લાગ્યો. તે સ્ત્રીએ વિલંબનું કારણ દર્શાવી ક્ષમા માગી; પરંતુ યોગી શાંત ન થયો, એટલે તેણે કહ્યું કે, મહારાજ! અહીં કોઇ ચકલું કે પોપટ નથી કે બળી જાય. યોગી વિસ્મય પામ્યો અને તેણે તેની પાસેથી જ્ઞાન મેળવવા ઇચ્છા કરી. એ સ્ત્રીએ તેને નીચ કાર્ય કરનાર છતાં પૂર્ણ જ્ઞાની એવા કાશીમાં રહેતા શોનિકનો પત્તો આપ્યો. તે સ્ત્રીનું કાર્યજ તેનો સૌથી મહાન યોગ હતો.

પતિવ્રત ધર્મ એ સ્ત્રીને માટે કર્મયોગ છે.

એક સ્ત્રીને માટે તો સૌથી મોટો યોગ તેનો પતિવ્રત ધર્મજ છે, એ સાવિત્રીની કથાથી બરાબર સમજાય છે. સાવિત્રી એક રાજાની અત્યંત સુંદર અને સર્વગુણસંપન્ન કન્યા હતી. રાજાને કન્યા માટે વરની જરૂર હતી. તે પોતાની કન્યાને સાથે લઇને તેની શોધમાં નીકળ્યો. શોધતાં શોધતાં તેઓ વનમાં રાજર્ષિ દ્યુમત્સેનની કુટીએ જઇ પહોંચ્યા. તેમનો પુત્ર સત્યવાન ઘણો સુંદર અને સર્વ પ્રકારે યોગ્ય હતો. સાવિત્રી તેને મનથી વરી ચૂકી. જ્યારે તેઓ પાછાં આવ્યાં ત્યારે જ્યોતિષીએ કહ્યું કે, સત્યવાનમાં સઘળા ગુણો હયાત છે, પરંતુ એકજ મહાદોષ છે કે તેનું આયુષ્ય માત્ર એકજ વર્ષ બાકી છે. પિતાએ સાવિત્રીને બહુ બહુ સમજાવી, પરંતુ તે પોતાના નિશ્ચયમાંથી ડગી નહિ. લગ્ન થઈ ગયાં. સાવિત્રી ઝુંપડીમાં રહેવા લાગી. સત્યવાન હમેશાં વનમાં લાકડાં વગેરે લાવવા માટે જતો હતો. જ્યારે તેના મૃત્યુનો દિવસ આવી પહોંચ્યો, ત્યારે તે દિવસે સાવિત્રી તેની સાથે વનમાં ગઇ. સાંજ પડવા આવી અને સત્યવાનને તાવ ચઢ્યો. સાવિત્રી તેને ખોળામાં લઇને બેઠી. તે ખોળામાં માથું મૂકીને સૂઇ ગયો અને એ સ્થિતિમાંજ પ્રાણત્યાગ કર્યો. યમદૂત લેવા આવ્યા, પરંતુ સાવિત્રીનું તેજ એટલું બધું હતું કે તેઓ પાસેજ આવી શકતા નહોતા. અંતે તેઓ પાછા ફર્યા અને યમરાજ સ્વયં તેને લેવા આવ્યા. તેમની પણ સાવિત્રીની સામે જવાની હિંમત ચાલી નહિ. તેમણે દૂર રહીને સાવિત્રીને સમજાવવા માંડી કે સત્યવાન મરી ગયો છે, હવે તે જીવતો થાય તેમ નથી, એટલે ખોળામાંથી તેને દૂર કર. સાવિત્રીએ મૃત શરીરને નીચે મૂક્યું. જ્યારે યમરાજ તેને લઇને ચાલી નીકળ્યા ત્યારે સાવિત્રી તેમની પાછળ પડી. યમરાજ તેના તપથી વ્યાકુળ થઇ ગયા. તેને પાછી જવા આગ્રહ કર્યો અને કેટલાંય વરદાન આપ્યાં, પણ જ્યાંસુધી યમરાજે પોતાના પતિને વરદાનમાં આપ્યો નહિ ત્યાંસુધી સાવિત્રીએ પીછો છોડયો નહિ. આ એક દૃષ્ટાંત છે; પણ તેમાં રહેલા મહત્ત્વને જાણવા-સમજવાની ખાસ જરૂર છે.

પ્રેસિડન્ટ લિંકનનું દૃષ્ટાંત

બીજાં સ્થળોએ પણ આપણને 'કર્મ'નાં દૃષ્ટાંત મળી આવે છે. અબ્રહામ લિંકન એ અમે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિકાનો સૌથી મોટો અને સુપ્રસિદ્ધ પ્રમુખ થઈ ગયો છે. તે એક દિવસ ઘોડે બેસીને જતો હતો. રસ્તામાં એક ભુંડ કાદવમાં ફસાયેલું જોયું, તે નીકળવાને બહુ ફાંફાં મારતું હતું; પરંતુ નીકળી શકતું નહિ. લિંકન ઘોડા ઉપરથી ઉતર્યો અને મહામહેનતે તેને બહાર કાઢયું. આથી તેનાં કપડાં ઉપર કાદવ ઉડ્યો હતો. તે ઘોડેસ્વાર થઇને રાજસભામાં ચાલ્યો ગયો; ત્યારે લોકોએ કાદવ ઉડવાનું કારણ પૂછ્યું, એટલે તેણે બધી હકીકત કહી. આ ઉપરથી તેઓ કહેવા લાગ્યા કે, તમે તો બહુ દયાળુ કે ભુંડનું દુઃખ પણ જોઇ શક્યા નહિ. લિંકને ઉત્તર આપ્યો કે, આ મહેનત તેનું દુઃખ ઓછું કરવા માટે નથી ઉઠાવી, પરંતુ મારા પોતાના દુઃખને દૂર કરવાનોજ મારો હેતુ હતો. તેનું દુઃખ મને એવડું લાગતું હતું એટલે મેં મારા દુઃખની નિવૃત્તિ કરી છે.

મૌલાના રૂમનું દૃષ્ટાંત

મૌલાના રૂમે એક શ્લોક લખ્યો છે કેઃ–

"દિલ હાથમેં લા યહ બડા હજ હૈ, હજારો કાબોં સે એક દિલ હાસિલ કરના બહેતર હૈ."

ધર્મશાસ્ત્રી મૌલવીઓએ તેને નાસ્તિક ઠરાવ્યો અને તેના વિરુદ્ધ ફતવો કાઢવાની તૈયારી કરવા લાગ્યા. પોતાનો બચાવ કરતાં તેણે તે શ્લોકનું કારણ દર્શાવતાં નીચેની વાત સંભળાવી.

"હું એક વાર કાબાની યાત્રાએ ગયો હતો, ત્યાં જોયું તો મને પવિત્ર કાબાનાં દર્શન થયાં નહિ. પછી બરાબર પત્તો શોધીને કાબા તરફ હું ચાલી નીકળ્યો. રસ્તામાં કાબા મળ્યા. તેમને પૂછ્યું તો જણાયું કે, તે એક ડોશીનો સત્કાર કરવા ગયા હતા; મને તે ડોશીને જોવાની ઇચ્છા થઇ. મેં તેને પૂછ્યું કે, કાબા કે જેની પાસે લાખો માણસો જાય છે તે તને લેવા કેમ આવ્યો? ડોશીએ જવાબ આપ્યો કે, મને કંઇ ખબર નથી. મેં પૂછ્યું 'તમે કંઇક ભારે શુભ કાર્ય કર્યું હશે?' ડોશીએ કહ્યું 'મારાથી તો કોઇ દહાડોય કશું બની શક્યું નથી. માત્ર હમણાંજ રસ્તામાં આવતાં આવતાં મેં એક કુતરાને કૂવા ઉપર ફરતો જોયો. તે ખૂબ તરસ્યો હતો અને કૂવો બહુ ઉંડો હતો. મેં પાંદડાંનો એક પડીઓ બનાવ્યો અને મારૂં કપડું ફાડીને દોરી બનાવી, પરંતુ તે જળને પહોંચી શકી નહિ. જ્યારે એક પણ વસ્ત્ર ના રહ્યું ત્યારે મેં માથાના વાળ ઉખાડીને દોરી બનાવી અને પાણી કાઢી કૂતરાને પાયું.' આ વાત સાંભળીને મેં કહ્યું કે, જ્યારે એક નીચ પ્રાણી-પ્રત્યે દયા કરવાથી કાબાએ તને આટલું માન આપ્યું તો તો મનુષ્યે મનને વશ કરવું એજ ખરેખર કાબાની યાત્રાઓ કરવા કરતાં ઉત્તમ છે."

યુધિષ્ઠિરનું દૃષ્ટાંત

ઉપલા દૃષ્ટાંતથીએ ઘણું આગળ વધે એવું દૃષ્ટાંત યુધિષ્ઠિરનું છે. રાજપાટ ભોગવ્યા પછી પાંચે ભાઇઓએ હિમાલયમાં જઇ મોક્ષ મેળવવાનો નિશ્ચય કર્યો. દ્રૌપદીને સાથે લઇ સૌ હિમાલય તરફ ચાલી નીકળ્યા. એ રસ્તે જતાં પાછા ફરવું એ પાપ મનાતું હતું. સૌથી પહેલી દ્રૌપદી ભૂખ-તરસથી થાકીને લોથ થઇ અને પ્રાણ છોડયા. ચાલતાં ચાલતાં નકુળ અને સહદેવ હારી ગયા અને પ્રાણહીન થઇને નીચે પડયા. પછી ભીમ અને અર્જુન પણ પડયા, યુધિષ્ઠિર એકલા આગળ વધતા હતા; પરંતુ એક કૂતરો શરૂઆતથી તેમની સાથે હતો. અંતે યુધિષ્ઠિર ઇંદ્રલોકને બારણે પહોંચ્યા અને તેમને માટે બારણું ખોલવામાં આવ્યું. તેમણે કૂતરાને અંદર દાખલ કરવાનું કહ્યું તો ઉત્તર મળ્યો કે, નીચ કૂતરો ઇંદ્રલોકમાં કેમ પ્રવેશી શકે? યુધિષ્ઠિરે કહ્યું કે, હું મારા સાથીને છોડીને એકલો અંદર આવીશ નહિ. પરસ્પર ચર્ચાને અંતે એમ નક્કી થયું કે, તમે તમારાં સઘળાં પુણ્યકર્મોનું ફળ તેને આપો તો તે દાખલ થઇ શકે. જેવો યુધિષ્ઠિરે આ વાતનો સ્વીકાર કર્યો કે તરતજ દૃશ્ય બદલાઇ ગયું. સૌ લોકોમાં યુધિષ્ઠિરનો જયજયકાર થયો. દ્રૌપદી અને ચાર ભાઇ યુધિષ્ઠિરની સન્મુખ હતા અને કૂતરો ધર્મરાજાના રૂપમાં હાથ જોડીને યુધિષ્ઠિરની સાથે હતો.

× × × × ×

(દેવસ્વરૂપ ભાઈ પરમાનંદજીના "ગીતામૃત" પુસ્તકમાંથી અનુવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૩-ગીતાદેવીની કૃપાનો મહિમા

માલનો ભાવ વધી જવાથી અને વાયદા પ્રમાણે માલ વેચવોજ પડવાથી મારા હોશ-કોશ ઠેકાણે આવી ગયા. એક ક્ષણ પહેલાં જે લખપતિ હતો તે કંગાળ થઇ ગયો. ઘરબાર, બગીચો, જમીન બધુંયે વેચાઇ ગયું. એ બધું વેચતાંયે જરૂરીઆત પૂરી થઇ નહિ. સંબંધી અને શુભેચ્છકોની મદદથી આબરૂ બચી. જો કે દેવાળીઓ ન કહેવાયો, છતાં પણ લોકવાયકા તો ઉઠી. આથી મનને ગ્લાનિ થઈ અને ગામ છોડવાનો-સ્નેહીઓથી દૂર થવાનો નિશ્ચય કર્યો.

ક્યાં જવું ? શું કરવું ? ચિત્તને શાંતિ કેમ મળે ? સ્થિરતા શી રીતે પ્રાપ્ત થાય ? એજ વિચાર રાતદહાડો આવવા લાગ્યા. પ્રસિદ્ધ પ્રસિદ્ધ તીર્થોમાં ફર્યો; અહીં તહીનાં મંદિરોને ઉંબરે માથાં ઘસ્યાં, ગુરુઓને શરણે ગયો, ગુફાઓમાં ઘૂસ્યો, પર્વતોમાં આથડ્યો; હિમાલયના શિખરે પહોંચ્યો, પરંતુ બધુંયે વ્યર્થ ! ક્યાંયે શાંતિ ન મળી !

તીર્થોમાં કંઈક કંઇક શાંતિ મળતી, પરંતુ ત્યાંયે ભિખારીઓ ઝંપવા દેતા નહિ. મંદિરમાં શાંતિ હતી ત્યારે ત્યાં તો "પૂજારી મહારાજ" માત્ર પૈસાદારોનેજ ચરણામૃત—પ્રસાદ આપતા હતા; એટલે એવાઓના વસવાટવાળી ગુફાઓ અને પર્વતોપર તો શાંતિ મળેજ ક્યાંથી ? ત્યાં તો હવે ધન ધૂતવાના અડ્ડા જામ્યા છે; ત્યાંના મહંતો વધારે પૈસા કેવી રીતે ભેગા થાય તેનીજ ચિંતામાં ડૂબ્યા રહે છે.

અષાડ ઉતરતાં શ્રાવણ માસ આવ્યો, અને વરસાદે કંઇક દગો દીધો. તોયે બધે લીલુંછમ છે અને શીતળ પવન વાઇ રહ્યો છે; તેથી બહારથી કંઇક શાંતિ દેખાય છે; પરંતુ હૃદયની ઉંડી ઉષ્ણતા આગળ આ બહારની શાંતિ શા હિસાબમાં ?

શાંતિની શોધમાં આમ તેમ માર્યો માર્યો ફર્યો; રસ્તે ચાલવું કઠિન થઇ પડ્યું; ખૂબ ઠોકરો ખાધી; થાકીને એક વિશાળ વૃક્ષની છાયામાં બેઠો અને તરતજ એક દીપક દેખાયો. તે જોતાંજ તેના તરફ ચાલ્યો અને એક મોટા દરવાજા પાસે આવીને હું ઉભો રહ્યો. પાસેજ એક બ્રહ્મચારીને ગુરુજીને માટે કંઈક લઈ જતો જોયો. તેનું સ્વરૂપ મોહક હતું, શરીરનો બાંધો મજબૂત હતો, વિખરેલા કેશ મુખમંડળ ઉપર શોભી રહ્યા હતા, ભગવું વસ્ત્ર તેણે એવી છટાથી પહેર્યું હતું કે તે જોઇને પૂજ્યભાવ થયા સિવાય રહે નહિ. મેં નમસ્કાર કરી તેને પૂછ્યું—"બ્રહ્મચારીજી ! અહીં રહેવાનું મળશે ?"

બ્રહ્મચારીએ આશ્ચર્યથી માત્ર મારા તરફ જોયું અને તરતજ તે વિદ્યાલયમાં દાખલ થવાનો સંકેત કરીને ચાલ્યો ગયો.

વિદ્યાલયમાં તે વખતે માત્ર એકજ વિદ્યાર્થી ભણતો હતો. તેની ઉંમર પહેલા બ્રહ્મચારી કરતાં કંઈક વધારે હતી. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે આ મઠમાં પ્રથમ સેવા અને પછી વિદ્યાભ્યાસનો ક્રમ છે એવું મને માલમ પડ્યું. ગુરુસેવા અને અધ્યાત્મવિદ્યાના પ્રતાપથી તેમણે મને જોતાંજ કહ્યું કે "આપની ઇચ્છા હું સમજી ગયો છું, પરંતુ એ સંબંધી મારાથી કશું કહી શકાય નહિ. સામે ગુરુજી છે, ત્યાં જવા આપ કૃપા કરો."

હૃદયની વાત તેને સમજી ગયેલો જોઇને હું આશ્ચર્ય પામ્યો. વાયર્લેસ, ટેલીફોન વગેરે વર્તમાન શોધો આ શક્તિ આગળ શા હિસાબમાં છે ? આગળ જતાં એક વૃદ્ધ સંન્યાસી મૃગચર્મ ઉપર બેઠેલા દેખાયા. સામે પુસ્તકોનો ઢગલો હતો. ગુરુ મહારાજ કોઇ ઉચ્ચ વિચારમાં મગ્ન જણાતા હતા. થોડી વારે વિચારસમાધિ છૂટતાં તેમણે કહ્યું કે "આપને અહીં રહેવાની ઇચ્છા છે; પરંતુ એ તો અધ્યક્ષના હાથની વાત છે. આપ તેમના આ સામેના નિવાસસ્થાને પધારો."

આશ્ચર્ય વિશેષ વધ્યું, પ્રાચીન શિક્ષણપ્રણાલી માટે પૂજ્યભાવ પેદા થયો. કહેલા સ્થળે જઇને જોયું તો એક ઘણાજ વૃદ્ધ મહાત્મા આસન ઉપર બેઠા છે. મને શંકા પડી કે, આ તે માનવપ્રતિમા છે કે પથ્થરની મૂર્તિ ? આટલી મોટી ઉંમરે આ પ્રમાણે શી રીતે બેસી શકાય ? એ સમજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાયું નહિ. પાસે જઇને પ્રણામ કરતાંજ તે પૂજ્ય પુરુષે પોતાનાં તેજસ્વી નેત્રોથી થોડી વાર મારા તરફ જોઇને કહ્યું કે "અચ્છા! એકબીજાને માન આપવામાંજ આપણું કલ્યાણ છે, પરંતુ કશી વ્યવસ્થાની બાબતમાં હું કંઇજ કરી શકું તેમ નથી. તું ભૂલો પડયો છે, અધ્યક્ષની પાસે જા."

વૃદ્ધે એમ કહીને આંખો મીંચી દીધી. હું અધ્યક્ષ પાસે ગયો. અધ્યક્ષ તેમનાથી પણ વૃદ્ધ દેખાયા. તેમના શરીરની કરચલીઓ તેમની ઉંમરનો પરિચય આપતી હતી. મારા પગનો અવાજ સાંભળીને તેઓ બેઠા થયા અને કહ્યું કે "પાસેના શાંતિગૃહમાં જાઓ, ત્યાં તમારી ઇચ્છા પૂર્ણ થશે."

એક પછી એક વૃદ્ધ પુરુષ અને તેમની ભવ્ય આકૃતિ જોઇને મારૂં આશ્ચર્ય વધતું ચાલ્યું હતું. બસ, હું તો એજ વિચાર્યા કરતો હતો કે, જોઉં હવે આગળ કેવા વૃદ્ધનાં દર્શન થાય છે, અને તેઓ શું કહે છે? હું આશાભર્યા હૃદયે આગળ વધ્યો. શાંતિગૃહમાં વૃદ્ધને બદલે એક અપૂર્વ સૌંદર્યવાળી, ચિત્તાકર્ષક યુવતી બેઠેલી દેખાઇ. ત્યાં દીવાનો પ્રકાશ નહોતો, માત્ર તેની મુખાકૃતિનું શીતળ તેજ ચોતરફ ફેલાઇ રહ્યું હતું. તેનાં વસ્ત્ર વગેરે ઉજ્જ્વળ અને શાંતિદાયક હતું.

"હું ક્યાં આવી પહોંચ્યો? શી રીતે તેમની સાથે વાત કરૂં?" એમ વિચારવા લાગ્યો. બહુ વાર થઇ ગઈ; પરંતુ કંઇ પણ કહી શક્યો નહિ, પથ્થરની મૂર્તિ પેઠે સ્થિર ઉભેલો જોઇને તે દેવી નમ્રતાથી બોલ્યાં:–"નિશ્ચિંત થઇને આ આસન ઉપર બેસો."

અહો! એ સ્વરમાં કેવી મિઠાશ હતી! એ સ્વર મારે કાને પડતાંજ રોમે રોમમાં શાંતિનું સામ્રાજ્ય વ્યાપ્યું. લાંબા કાળથી બળતું હૃદય એક પળમાં શાંતિ પામ્યું!

તે દેવીએ કહ્યું:–"આપને વિશ્રામ તો શું, સર્વ કંઇ મારાથીજ પ્રાપ્ત થશે. ઇચ્છા પ્રમાણે જે જોઇએ તે માગી લ્યો."

મેં કહ્યું:–"દેવિ! આપની આ અપૂર્વ કૃપાથી હું મને ભાગ્યશાળી માનું છું. પરંતુ કંઇ માગતા પહેલાં આપને જાણી લેવાની મને ખૂબ અભિલાષા છે. કૃપા કરીને આપનો પરિચય આપો."

"મારૂં નામ 'ગીતા' છે" દેવીએ મધુર સ્વરે કહ્યું.

અહો! કેવું મધુર નામ! મેં વિચાર્યું:–"જે ગીતાથી અનેક લાભ પ્રાપ્ત થાય છે, તે ગીતા-દેવીનેજ હું માગું અને પ્રેમપૂર્વક તેનેજ મારા હૃદયમંદિરમાં પધરાવીને હૃદયને પવિત્ર કરૂં." મેં કહ્યું:–"દેવિ ગીતે! મને તમારીજ આવશ્યકતા છે. તમારી કૃપા થઇ એટલે મારાં સઘળાં કાર્યો સુધરી જશે."

ગીતાદેવીએ કહ્યું:–"તથાસ્તુ!"

પ્રાતઃકાળ થઇ ચૂક્યો હતો, હું પડયો પડયો સૂઇ રહ્યો હતો. સહસ્રરશ્મિ ભગવાન સૂર્ય-નારાયણના પ્રકાશે મને જગાડયો; અહો! બહુ દિવસ ચઢી ગયો. રાત્રે શ્રીકૃષ્ણજન્મોત્સવ જોવાને જાગ્યો, તેથી મોડા સુધી સૂઇ રહ્યો અને ઉપરોક્ત સ્વપ્ન જોતો રહ્યો.

"ખ્વાબ થા જો કુછ કિ દેખા, જો સુના અફસાના થા!"

("હિંદુપંચ"ના શ્રીકૃષ્ણાંકમાંના શ્રી. આનંદીપ્રસાદ મિશ્રના લેખનો અનુવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪–गीताजीनो एक महत्त्वनो संदेश

એ એક ગંભીર ક્ષણ હતી! અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું:–"ભાઇ! હું આ યુદ્ધમાં લડી શકીશ નહિ. અરે, જે ગુરુજનોએ મને પોતાના ખોળામાં રમાડ્યો છે, મને પાળ્યો–પોષ્યો છે; યુદ્ધ–વિદ્યાની દીક્ષા આપી છે અને જેઓ મારા પૂજ્ય સ્વજનો છે; તેમનાજ ઉપર હું શી રીતે કૃતઘ્ન થઇને શસ્ત્ર ચલાવું? ધિક્કાર છે એ રાજ્યને, એ વૈભવને કે જેને પ્રાપ્ત કરવાને માટે આ સ્વજનોના રક્તની નદીમાં થઇને જવું પડે. એવું રાજ્ય મેળવવા કરતાં તો માગી ભીખીને પેટ ભરવું સારૂં છે. ભીષણ નર–હત્યાથી થનારાં પરિણામોનો ખ્યાલ આવતાંજ મારી આંખો સમક્ષ અંધકાર છવાઇ જાય છે. ના, આવું નૃશંસ (ક્રૂર–ઘાતકી) કાર્ય મારાથી થઇ શકશે નહિ. ભાઇ! લે, આ તારૂં ધનુષ્ય અને બાણ!"

બન્ને સેનાઓની દૃષ્ટિ કૃષ્ણાર્જુન તરફ ચોંટેલી હતી. પ્રત્યેક સૈનિક યુદ્ધ શરૂ કરવાની આજ્ઞાની આતુરતાપૂર્વક રાહ જોતો હતો અને યુદ્ધ–નાટકના આ મુખ્ય પાત્રની આ દશા! શ્રીકૃષ્ણ પણ આશ્ચર્યચકિત થઇ ગયા.

પ્રશ્ન એ નહોતો કે, ફલાણા ફલાણા ગુરુજનોની વિરુદ્ધ શસ્ત્રો ચલવાય કે નહિ, પણ એ યુદ્ધ તો અન્યાયનો સામનો કરવાને માટે હતું. સૌને પોતપોતાની તરફથી વિચાર કરવાનો પૂરતો સમય મળી ચૂક્યો હતો. સ્વયં શ્રીકૃષ્ણ શાંતિનો સંદેશો લઇને કૌરવેશ્વરના દરબારમાં ગયા હતા; પરંતુ ત્યાં તો રાજસત્તા રાજમદમાં મસ્ત હતી. શાંતિની વિષ્ટિ સાંભળવાને ત્યાં કોઇ પણ તૈયાર નહોતું. કૌરવપક્ષના વૃદ્ધ મહાપુરુષો પણ એવા થઇ ગયા હતા કે તેઓ પણ પોતાના અંતર્યામીના અવાજ તરફ ધ્યાન આપી શકતા નહિ. રૂઢિ રાક્ષસીએ એ મહાપુરુષોના વિવેક, સ્વાભિમાન અને ન્યાયભાવનાને પણ મૂર્ચ્છિત કરી દીધી હતી. રાજાની વિરુદ્ધ થવાયજ કેમ? જન્મભર જેનું લૂણ ખાધું, તેને યુદ્ધસમયે શી રીતે છોડી દેવાય? એ તો વિશ્વાસઘાતજ કહેવાયને!

મૂંગેમોઢે અન્યાય સહન કરવાની વૃત્તિએ એ સમર્થ અને જ્ઞાનવાન વૃદ્ધોને પણ પ્રત્યક્ષ અન્યાયના પક્ષમાં લડવાને ઉભા કર્યા હતા.

પણ કર્તવ્ય કઠોર હોય છે; સ્વજન કે પરજનનો ત્યાં ભેદ નથી રહી શકતો, ત્યાં તો સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાયજ જોવાય છે. કર્તવ્યના ધર્મક્ષેત્રમાં ઉભા રહેલા અર્જુનનું ચિત્ત ભ્રમિત થઈ ગયું, એ તો કાયરતા નહિ પણ મોહ હતો. જો નરી કાયરતાજ હોત તો તો બે–ચાર પ્રોત્સાહક વાતોથી પણ શ્રીકૃષ્ણ અર્જુનના શૌર્યને જાગૃત કરત; પણ એ તો સ્નેહજન્ય મોહ હતો. શત્રુ સાથે નહિ, પરંતુ પોતાના સ્વજનો સાથે લડવા માટે તેને તૈયાર કરવાનો હતો.

શ્રીકૃષ્ણ હસ્યા અને અર્જુનને વિવિધ પ્રકારે સમજાવવા લાગ્યા. અર્જુનનો મોહ પાંડિત્યપૂર્ણ હતો. જેમ જેમ શ્રીકૃષ્ણ તેને સમજાવતા હતા, તેમ તેમ અર્જુન પોતાની શંકાઓ તેમની સમક્ષ રજુ કરતો હતો અને એ વાતચીતને બહાને દુનિયાભરનું જ્ઞાન, વિજ્ઞાન, રાજયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગની બાબતો ચર્ચાઈ હતી.

આ વખતે અર્જુનની આગળ ન્યાય–અન્યાયનો પ્રશ્ન ગૌણ થઇ ગયો હતો. યુદ્ધક્ષેત્રમાં તેના ઉપર જે કૌટુંબિક મોહ સવાર થયો હતો; તે ન્યાયને રાજ્યલોભના રૂપમાં જોવા લાગ્યો. અને અન્યાયનો પ્રતીકાર કરવાની વાતને, આતતાયીને દંડ દેવાની વાતને તેણે ભૂલાવીજ દીધી! તે પોતાના કુળનાશમાં યા તો કેટલાંક કુળોના નાશમાં આખા સમાજનો નાશ જોવા લાગ્યો.

શ્રીકૃષ્ણની સામે માત્ર કુરુકુળનો અથવા તો આ મહાયુદ્ધમાં સામેલ થનારાં કુટુંબોનાજ ભલા–બૂરાનો સવાલ નહોતો. તેમની સમક્ષ તો વિશ્વના કલ્યાણની વાત હતી. અન્યાયની આગળ મસ્તક નમાવીને તેને સહી લેવાની ચાલી પડેલી રૂઢિને રોકયા–ટોકયા સિવાય ચાલુ રહેવા દઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસ્ત સંસારમાં ફેલાવા દેવી કે અહીંથીજ તેનો નાશ કરવો ? એવો જબરદસ્ત અને વિશ્વ-હિતનો આ સવાલ હતો.

શ્રીકૃષ્ણ ભગવાનને એમાંનો બીજો માર્ગજ શ્રેયસ્કર લાગ્યો. અને વિવિધ પ્રકારની યુક્તિઓથી તેનેજ માટે તેમણે અર્જુનને તૈયાર કર્યો. એક મહાન સિદ્ધાંતને સ્થાપવાને માટે ભારેમાં ભારે નુકસાન ઉઠાવવું પડે તોપણ મહાપુરુષ આઘુંપાછું જોવા રહેતો નથી; તેનો મહાભારતનું યુદ્ધ એ પ્રત્યક્ષ પૂરાવો છે.

અન્યાયને મૂંગે મોઢે સહન કરો નહિ. તેનો પ્રતીકાર કરો, ભલેને તેને ખાતર તમારે ગમે તેટલો મહાન ભોગ આપવો પડે એ પણ ગીતાનો એક મહત્ત્વનો સંદેશ છે.

ગીતામાં આપેલી આધ્યાત્મિક દલીલો અર્જુનના સૂક્ષ્મ મોહનાં વાદળોને દૂર કરવા માટે અને સ્વધર્મ અથવા સ્વકર્તવ્યનો સ્પષ્ટ માર્ગ દર્શાવવા માટે અપાઈ છે. આત્માની અમરતા, નિષ્કામ કર્મનું માહાત્મ્ય અને વિશ્વરૂપદર્શનદ્વારા વિશ્વચક્રની ગતિ સમજાવ્યા સિવાય તેઓ અર્જુનને બીજી શી રીતે તૈયાર કરી શકત ?

ગીતા એ એક સ્વર્ગીય ગાન છે, નાહી ધોઇને પવિત્ર થઇ તેનો પાઠ કરનારા લોકો તેના માહાત્મ્યને કંઇક કંઇક સમજી શકે છે. પંડિતોનાં પ્રવચનોમાં તેઓ તેના આંતબાહ્ય સૌંદર્યનું દર્શન કરી શકે છે અને ગુરુચરણોમાં બેસીને તેઓ તેના **"समोहं सर्व भूतेषु"** નો કંઇક અનુભવ પણ કરી શકે છે. પરંતુ આ મોહન-મંત્રના પૂરેપૂરા રહસ્યને અને સંદેશને તો તેજ ભારતપુત્ર સમજી શકે કે જે એ અંધપુત્ર દુર્યોધન દુઃશાસનના અત્યાચારોનો એકેવારે નાશ કરવાનો નિશ્ચય કરીને યુદ્ધભૂમિમાં તત્પર થઇ ઉભો હોય.

હા, અન્યાયનો પ્રતીકાર કરવાનાં સાધનોમાં કાળ-માહાત્મ્ય, પરિસ્થિતિ અને સામાજિક પ્રગતિ અનુસાર જરૂર ફેર પડી શકે છે. પરંતુ એ વાત ગૌણ છે. આપણે તો માત્ર ગીતાના મુખ્ય સંદેશનેજ સમજી લઇશું તો મુક્તિ તો આપણા હાથનું રમકડું બની રહેશે. "બસ, અન્યાયોની સામે યુદ્ધ કર" એજ જીવનમંત્ર છે. બહારના અન્યાયો સાથે યુદ્ધ કરવાથી બાહ્ય મુક્તિ અને આંતરિક વિકારો સાથે યુદ્ધ કરવાથી પરમ મુક્તિ, એ એનાં નિશ્ચિત ફળ છે.

('ત્યાગભૂમિ'ના માઘ-સં. ૧૯૮૪ના અંકમાંથી અનુવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫–કેળવાયેલો વર્ગ એટલે વિલાસી, એદી, નમાલો વર્ગ!

સ્વતંત્રતાની વાતો ખૂબ કરે, પણ બલિદાનથી ધ્રૂજી ઉઠે!

(સ્વ૦ લાલાજી શું કહે છે?)

સ્વર્ગસ્થ ભારતસિંહ લાલા લજપતરાયના સામાહિક પત્ર 'પીપલ'માં તેમણે ઉર્દુમાં લખેલા આત્મચરિત્રનું ભાષાંતર પ્રસિદ્ધ થાય છે. તેમાં તેમણે આપણા કેળવાયેલા વર્ગનો અચ્છો ચિતાર આપ્યો છે. તે નીચે મુજબ છે:—

કેળવાયેલો વર્ગ અને તેના નેતાઓ ઘણું ખરૂં સ્વાર્થી, સંકુચિત મનોદશાવાળા અને કાયર પુરુષો હોય છે. સ્વતંત્રતા તેઓ ચાહે છે ખરા, પણ સ્વતંત્રતા માટે કોઇપણ જાતનો ભોગ આપવા તેઓ તૈયાર નથી. હાલની કેળવણીની પદ્ધતિ અને જીવન ટકાવી રાખવાને સ્વીકારવા પડતા હાલના માર્ગોએ બલિદાન આપવાની તેમની ભાવનાજ્યોતિને લગભગ બૂઝાવી નાખી છે. હિંદને કદીએ સ્વરાજ્ય મળશે કે કેમ, એ વિષે આ વર્ગના ૭૫ ટકા લોકોને સંશય આવે છે. ભારત આઝાદી પ્રાપ્ત કરે તો પોતાને કયી સ્થિતિમાં મૂકાવું પડશે એનો આમાંના ૮–૧૦ લોકોને તો ખ્યાલ નથી. મને લાગે છે કે, જો આજે બ્રિટીશરો એક અઠવાડિયામાં આ દેશનો કિનારો છોડી દેવાની જાહેરાત કરે, તો આ વર્ગના લોકો પોતાનો ત્યાગ કરીને જતા નહિ રહેવાનાં વિનતિપત્રોનો બ્રિટીશરો ઉપર વરસાદ વરસાવે. પોતાનાં ભાષણોમાં વફાદારી માટેના તેઓના બરાડા એ કેવળ ઢોંગ છે. સોએ અરે કદાચ દશ હજારે પણ એક કેળવાયેલો અંગ્રેજોનો સાચો મિત્ર નથી. કેળવાયેલાઓમાંના ૫૦ ટકાને પોતાની હયાતી દરમિયાન અંગ્રેજો ચાલ્યા જાય એ ગોઠતું નથી. રાજકીય અશાંતિ અને ક્રાંતિની ચળવળો વધુ લોખંડી જીવન માગે છે. એ જીવન આ વર્ગને સ્વપ્નસમ છે. જીવન દરમિયાન આખો વખત સુખની શય્યામાં આળોટેલા એમણે મુશ્કેલીની કરડી દૃષ્ટિ નિહાળી નથી હોતી. હથિયારને સ્પર્શ સરખો ના કર્યો હોય, રમતમાંએ જેણે હરિફની સાથે સરસાઇયુદ્ધ ન કર્યું હોય એવા આ વર્ગને કઠિનાઇને જીવનસખીતરીકે સ્વીકારવાના કોડ તો સ્વપ્નેયે ક્યાંથી થાય? સ્વપ્નેયે ક્યાંથી એ વિચાર તેમના મગજમાં દાખલ થાય? સહેલાઇથી જીવનનિર્વાહનાં સાધન શોધી આપનાર મનાતી બ્રિટિશ કેળવણીના ટેકાથી આ લોકોએ પોતાનું જીવન પૂરૂં કર્યું હોય છે. રાજકીય ક્રાંતિઓદરમિયાન આખો સમાજ છિન્નભિન્ન થઇ જાય છે, એ વાતની આ લોકને પૂરી ખબર હોય છે. તેઓની જીભને ટેરવે સ્વતંત્રતા શબ્દનો જાપ હોય છે, પણ તેમના હૃદયમાં એને માટે થોડી જગ્યા હોય છે. સ્વતંત્રતાદેવીની વેદીમાં આપવાં પડતાં બલિદાન અને સહન કરવી પડતી મુશ્કેલીઓનાં દૃશ્ય નજર આગળ આવતાંજ તેઓને ધ્રૂજારી છૂટે છે. એટલે તેઓ ગુલામીની સાંકળ શિરે વહોરવાનું સ્વીકારીને પણ પોતાને મળેલ વસ્તુઓમાં રંગરાગ ઉડાવે છે. અશાંતિ અને કાર્યબોજનો ભાર વહોરી લઇને સુખોનો ત્યાગ કરવો તેઓને ઇષ્ટ લાગતો નથી. મોજમજાહ, માનમર્તબો અને તૃષ્ણાના આ લોકો ગુલામ બની ગયા હોય છે. સુંદર ભોજન, આકર્ષક દિવાનખાનાં કે મઝાની મોટરકાર જેટલીએ તેમને સ્વરાજ્યની કિંમત લાગતી નથી. જાહેર ફંડમાં નાણાં ભર્યાં કે રજાને દિવસે સત્તાવાળાઓની આંખમાં ખટકે નહિ એવું ભાષણ કર્યું કે બલિદાનની ટોચે પહોંચી ચૂક્યા એમ આ લોક માને છે. તેમની દેશભક્તિ નીચેની કસોટીએ કસાયેલી હોય છે:—

(૧) તેમની ત્રીજેરીને આંચ ન આવે, (૨) અંગ્રેજ અમલદારો સાથેના તેમના સંબંધને હરકત ન આવે, બ્રિટિશ દરબારમાંનો તેઓનો મોભો જળવાઇ રહે, બ્રિટિશ રાજ્ય કરતાં માતૃભૂમિ વધુ પ્રિય છે એવી અંગ્રેજોના હૃદયમાં શંકા ઉત્પન્ન થાય એવું કાર્ય તેઓને ન કરવું પડે. (૩) આરોગ્યને માટે જરૂરી હોય તે ઉપરાંતના ભોગવિલાસનાં સુખોને પણ ઉની આંચ ન આવે. (૪) પોતાનાં બાળકોની ભાવી લહેરી જીંદગી માટેનાં સાધનો કે રસ્તાઓ રૂંધાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬–तंबाकु अने तेनी झेरी असर

સન ૧૪૯૨ના નવેમ્બર મહીનામાં કોલંબસે ક્યૂબા ટાપુની શોધમાં પોતાના બે ખલાસીઓને મોકલ્યા હતા. તેમણે પાછા ફરીને તેને કેટલીક આશ્ચર્યજનક વાતો સંભળાવી હતી તેમાં તંબાકુના ઉપયોગની પણ એક વાત હતી. એમણે કોલંબસને કહ્યું કે "ક્યૂબાનાં જંગલી મનુષ્યો કોઇ જાતનાં પાન એકઠાં કરીને તેને આમ તેમ વાળે છે. પછી એ વાળેલાં પાનનો એક છેડો મોંમાં રાખે છે અને બીજે છેડે આગ લગાડી નાકથી અને મોઢેથી ધૂમાડો કાઢે છે!' સભ્ય જાતિએ જોયેલું તંબાકુના ઉપયોગનું આ પ્રથમ દૃશ્ય હતું.

તંબાકુનો ઉપયોગ કરવાનું અસભ્ય જાતિઓ પાસેથી સૌથી પહેલી વાર અમેરિકાના યૂરોપીયન મુસાફરો શીખ્યા. ત્યાર પછી તેનો પ્રચાર યૂરોપમાં થયો અને જહાંગીરના સમયમાં યૂરોપવાસીઓદ્વારા તેનો ભારતવર્ષમાં પ્રવેશ થયો.

એમ જણાય છે કે, સન ૧૪૯૪માં કોલંબસે અમેરિકાના જંગલીઓને તંબાકુ સુંઘતાં પણ જોયા હતા. રૂશિયાના પેન નામના એક ફકીરે–જે કોલંબસની સાથે હતો–લખ્યું છે કે, તેઓ પાંદડાંનું ચૂર્ણ કરતા અને લાકડાની એક સુંદર ભુંગળીવડે તેને શ્વાસની સાથે ખેંચતા હતા. ભુંગળીનો એક છેડો તેઓ નાકમાં રાખતા અને બીજો છેડો ભૂકા ઉપર રાખતા હતા.

સન ૧૫૦૩માં સ્પેનવાસીઓ પારાગોયને કિનારે ઉતર્યા ત્યારે ત્યાંના નિવાસીઓ તેમની સાથે લડવામાં ઢોલ વગાડવું, પાણી છાંટવું, પાન ચવડાવવાં અને પાનના રસની પીચકારીઓ મારવી વગેરે સાધનોનો ઉપયોગ કરતા હતા. આ પાન તંબાકુનાં હતાં. તંબાકુ ચવડાવવામાં તેમનો ઉદ્દેશ એવો હતો કે, તેનો ઝેરી રસ નવા આવનારાઓને આંધળા બનાવી દે. શરૂઆતમાં લોકો શત્રુઓનો નાશ કરવા માટે તંબાકુ ખવડાવતા અને તેનો દારૂગોળાની પેઠે ઉપયોગ કરતા હતા.

વાંચનાર! તમે તંબાકુ સુંઘતા, ખાતા કે પીતા હો તો તેમાંનું કંઈ પણ કરતા પહેલાં જરા થોભી જાઓ અને વિચાર કરો કે, જેને જંગલી અસભ્ય લોકો પણ ઘાતક પદાર્થ સમજતા હતા તેનાથી આપણું શું ભલું થવાનું છે?

તંબાકુમાં નિકોટાઇન નામનું ઝેર હોય છે અને તે સૂકાં પાનને ભઠ્ઠી ઉપર ઉકાળીને કાઢવામાં આવે છે. એક શેર તંબાકુનું ઝેર ૩૦૦ માણસોને મારી નાખવાને પૂરતું છે. એક સિગારેટનું ઝેર જો એક વખતજ પીવામાં આવે તો તે બે માણસોના જીવ લે. નિકોટાઇનનું એક ટીપું આખા ઓરડાની હવા બગાડવા માટે પૂરતું છે. તંબાકુમાંથી જીવહત્યાને માટે એક પ્રકારનું ઝેર તૈયાર કરવામાં આવે છે. સાઠેક વર્ષથી વધારે સમય પહેલાં કાઉન્ટ વોકરે પોતાના સાળાની હત્યા કરવા માટે તંબાકુના તેલનો ઉપયોગ કર્યો હતો.

તંબાકુનું ઝેર એટલું બધું જલદ હોય છે કે તેનાં લીલાં પાનનો લેપ ચામડી ઉપર કરવાથી તેનાં ભયંકર લક્ષણો દેખાઇ આવે છે. સિગારેટ ખોલીને તેની પાંદડીનો પેટ ઉપર લેપ કરવામાં આવે તો જીવ ગભરાવા લાગશે. ઉલટી કરવાને માટે આજ યુક્તિ શોધી કઢાઇ હતી. ડરપોક સિપાઇઓ માંદા પડવા માટે પોતાનાં પડખાંમાં તંબાકુનાં પાન દબાવીને સૂતા જોવામાં આવ્યા છે. જે ચીજનો લેપજ આટલો ભયંકર છે તેનો રસ અથવા ધૂમાડો કેટલો ઝેરી હશે તે તો આપ સહેજે સમજી શકશો. તંબાકુના ધૂમાડામાં નિકોટાઇન ઉપરાંત પ્રૂસિક એસિડ અને કાર્બોનિક એસિડ વગેરે બીજાં ઝેર પણ જોવામાં આવે છે.

ઉડતું ઝેર શ્વાસદ્વારા શરીરમાં જેટલું જલદી દાખલ થાય છે તેટલું બીજે કોઇ રસ્તે થઈ શકતું નથી; કારણકે ફેફસાંની આસપાસ એક એવી કોમળ ચામડી (મ્યુસસ મેમ્બ્રેન) હોય છે કે જે ગેસને જલદી જલદી ગ્રહણ કરી લે છે. દર ત્રીજી મિનિટે શરીરનું લોહી ફેફસાંમાં શુદ્ધ થવા માટે આવે છે. તેથી ફેફસાંની એ કોમળ ચામડીમાં તંબાકુનું ઝેર દાખલ થતાંજ તે લોહીમાં ભળી જઇને ત્રણ મિનિટમાંજ આખા શરીરને ઝેરી બનાવી દે છે. તંબાકુ ખાવાથી કે સુંઘવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો સંબંધ એ કોમળ ત્વચા સાથે થાય છે ત્યારે તેના ઝેરી દ્રવ્યનું શોષણ સામાન્ય ત્વચા ઉપરના લેપ કરતાં પણ વધુ જલદી થવા લાગે છે.

ઓરડાની જમીન ઉપર નિકોટાઇનનું એક ટીપું નાખવાથી આખા ઓરડાની હવા ઝેરી થઇ જાય છે. તંબાકુ પીવાથી માત્ર પીનારાનુંજ સ્વાસ્થ્ય બગડે છે એટલુંજ નહિ પરંતુ તેની પાસે બેઠેલા માણસોના આરોગ્યને પણ તેથી કરીને ધક્કો પહોંચે છે; કેમકે તંબાકુનો ઝેરી ધૂમાડો હવામાં ભળી જઇને તેમનાં શરીરમાં પણ પહોંચી જાય છે.

પહેલી વારજ તંબાકુનો ઉપયોગ કરતાં જીવ ગભરાય છે અને માથામાં ચક્કર આવવા લાગે છે. તંબાકુના ઝેરીપણાની આ એક સ્પષ્ટ સાબીતી છે. શરીરમાં તંબાકુનું ઝેર વધુ પ્રમાણમાં દાખલ થતાં જીવ ખૂબ ગભરાય છે. ઝાડા થાય છે, શરીરમાં પીળાશ અને ફિક્કાશ આવી જાય છે, આંખો ઉંડી ઉતરી જાય છે, શરીર શિથિલ થઇ જાય છે, હૃદય બરાબર ચાલતું નથી અને શ્વાસ લેવામાં હરકત આવે છે. જેઓ તંબાકુની ટેવવાળા નથી તેમનામાં ઉપરોક્ત અસરો બહુ ઓછા પ્રમાણમાં દેખાશે.

હજુસુધી કોઇએ તંબાકુ પીતાં શીખતા છોકરાના હૃદયને ચીરીને પરીક્ષા નથી કરી, પરંતુ નાના જીવોનાં શરીરોમાં યંત્રદ્વારા તંબાકુ પહોંચાડીને તેની પરીક્ષા કરી જોવાઇ છે. પરિણામ એ જણાયું છે કે, મગજ પીળું અને લોહીવિનાનું થઇ ગયું છે, આમાશયમાં લાલ ડાઘા ઉપસેલા છે, લોહી બહુ પાતળું પડી ગયું છે અને ફેફસાં પીળાં પડી ગયાં છે. હૃદયમાં લોહી ભેગું થઇ ગયું હતું અને તે બહુ ધીમું ધીમું ચાલતું હતું અને નબળાઇથી ધ્રજતું હતું. જે બાળકોનું શરીર ખીલતું હોય તેમને માટે તંબાકુ, સિગારેટ કે બીડીનો ઉપયોગ કરવો બહુજ નુકસાનકારક છે. તંબાકુ પીનારા છોકરાઓ ઘણે ભાગે ઠીંગણા રહી જાય છે તથા તેમનું શરીર વિકાસ પામતું નથી.

ઘણી વાર કહેવામાં આવે છે કે, જો તંબાકુ આટલી બધી ઝેરી છે તો તેનો ઉપયોગ કરનારા માણસો મરી કેમ જતા નથી? તેનો જવાબ એ છે કે, શરીરમાં એક એવો ગુણ છે કે તે પરિસ્થિતિને અનુકૂળ બની જાય છે. આથી તે મહાભયંકર ઝેરથી પણ ટેવાઇ જાય છે. બીજું એ કે, તંબાકુનો ઉપયોગ થોડા પ્રમાણમાં કરવામાં આવે છે. ખરૂં જોતાં તો તંબાકુનો ઉપયોગ કરનારાઓ તેના ઝેરથીજ વહેલા વહેલા સ્મશાનને માર્ગે પડે છે-મૃત્યુ પામે છે. હા, ઝેરને પોતાનો પૂરો પ્રભાવ પાડતાં થોડોક સમય જરૂર લાગે છે.

ઇંગ્લેંડના સૌથી પ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા અને ચિકિત્સક ડૉ. બી. ડબ્લ્યુ. રિચર્ડસને તંબાકુ પીવાથી થતાં નુકસાન નીચે પ્રમાણે વર્ણવેલાં છે:-

૧-લોહી બહુ પાતળું પડી જાય છે અને લાલ રજકણોમાં ફેરફાર થઇ જાય છે.

૨-પક્વાશયની શક્તિ ક્ષીણ થઇ જાય છે અને તેથી કરીને નિર્બળતા આવે છે અને જીવ ગભરાય છે.

૩-હૃદય અને ફેફસાં નબળાં પડી જાય છે અને તેઓ નિયમિત કામ કરી શકતાં નથી.

૪-જ્ઞાનેંદ્રિય ક્ષીણ થઇ જાય છે, આંખોની પુતળીઓ ફેલાઇ જાય છે અને આંખોની નીચે કાળા-પીળા ડાઘ દેખાય છે. કાનવડે સ્પષ્ટ સંભળાતું નથી અને બીજા કેટલાક પ્રકારના અવાજો સંભળાય છે.

૫-મગજનું પોષણ થવામાં અને મેલ નીકળવામાં અડચણ થાય છે.

૬-શરીરની નાડીઓ શિથિલ થઇ જાય છે, કેમકે જેમના ઉપર તેનો પૂરો આધાર હોય છે એવા રસપિંડોમાં પૂરતી શક્તિ રહેતી નથી.

૭-મોઢામાં પણ ગરબડ થઇ જાય છે, ગળાનો કાકડો ફૂલી જાય છે અને તેમાં જખમ પડે છે. મોઢાના અંતર્ભાગનો કોમળ ભાગ લાલ અને સૂકો થઇ જાય છે અને કોઈ કોઇ વાર છોલાઇ પણ જાય છે. અવાળાં સડી જાય છે, સંકોચાઇ જાય છે અને કમજોર થઇ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢામાંથી દુર્ગંધ નીકળે છે અને દાંતમાં મેલ ભરાઈને તે જલદી પડી જાય છે.

૮–ફેફસાં(બ્રોન્શિયલ સરફેસ)ના કામમાં અડચણ થાય છે, ઉત્તેજના થાય છે અને કફ વધે છે.

નિકોટાઇનથી લોહીનાં રજકણોને જે નુકસાન પહોંચે છે તે સૂક્ષ્મદર્શક યંત્રથી કોઇ પણ તંબાકુના બંધાણીના લોહીમાં જોઇ શકાય છે. આ વિષે ડૉ૦ રિચર્ડસન કહે છે કેઃ–

"તંબાકુનો ઉપયોગ કરનારાઓની બહારની ચામડી ઘણે ભાગે ફિક્કી અને સૂજેલી દેખાય છે. સૂક્ષ્મદર્શક યંત્રથી જોવામાં આવ્યું છે કે, તંબાકુનું સેવન કરનારાઓના રક્તકણોનો ગોળી જેવો આકાર નાશ પામ્યો હોય છે અને તે ચપટો થઇ ગયો હોય છે. વળી તેને માથાં ઉપસી આવેલાં હોય છે અને તેઓ પરસ્પર ચોંટી રહેવાને બદલે અલગ અલગ થઇ ગયાં હોય છે. તંબાકુનું ઝેર શ્વાસ ઉપર પણ અસર કરે છે, તે પાચનશક્તિ બગાડે છે, સ્વાદ અને પ્રાણશક્તિને ક્ષીણ કરે છે, લોહીને બગાડે છે, મગજમાં વિકાર ઉત્પન્ન કરે છે, હૃદયની નાડીઓને ઉત્તેજિત કરે છે, જ્ઞાનતંતુઓને બરબાદ કરી નાખે છે, યકૃતની હીલચાલમાં અટકાવ નાખે છે, દૃષ્ટિને નિર્બળ કરે છે અને પ્રત્યેક માંસતંતુ અને ઇંદ્રિયને નુકસાન કરે છે. ટુંકામાં કહીએ તો **તંબાકુનું સેવન કરવું એટલે જીવનજ્યોતિનો ક્ષય કરવો, જ્ઞાનશક્તિનો નાશ કરવો, આયુષ્ય ઓછું કરવું અને શરીરનો અંત લાવવો.**"

એજ ડૉક્ટર સાહેબના શબ્દોમાં કહીશું કે "સ્ત્રીપુરુષોના મોટા ભાગને બાળપણથીજ તંબાકુના ખૂબ પ્રેમી બનાવો, પછી તેજ સ્ત્રીપુરુષોને પરણાવો અને પછી જુઓ કે તેમનાદ્વારા કેવાં અયોગ્ય સંતાનો ઉત્પન્ન થાય છે."

હવે અમે તંબાકુથી થતાં નુકસાનનું વિસ્તારપૂર્વક વર્ણન કરીએ છીએઃ—

તંબાકુ પીવાથી ગળામાં જખમ થાય છેઃ—તંબાકુના ઝેરી ગરમ ધૂમાડાથી મોં અને ગળાની ઝિલ્લી(આંતર્ભાગની કોમળ ત્વચા)માં ખરબચડાપણું અને નીરસતા પેદા થાય છે. તંબાકુ પીનારાઓ કહે છે કે, તેથી ગળું સાફ થાય છે. જો ગળામાં કંઇ જખમ થયો હોય તો તંબાકુથી થોડાક સમય માટે તો ઠીક થઇ જાય છે; પરંતુ ગળાના મૂળ જખમમાં આરામ થતો નથી. ઉલટો તે તો મોટો થાય છે.

તંબાકુ અને ક્ષય—બગડેલી હવામાં શ્વાસ લેવાથી ફેફસાંનો રોગ તથા ક્ષયરોગ થાય છે. તંબાકુનો ઝેરી ધૂમાડો લોહી તથા ફેફસાંમાં દાખલ થઇને ક્ષયરોગ પેદા કરે છે. વિલાયતનાં 'મેટ્રોપોલિટન ફ્રી હૉસ્પિટલ'ના મુખ્ય ડૉક્ટર આના સમર્થનમાં 'પબ્લિક હેલ્થ' નામના પત્રમાં લખે છે કે "**યુવકોને ક્ષયરોગ ઘણેભાગે તંબાકુ પીવાથીજ થાય છે.**"

હૃદયનાં દરદોનું તંબાકુ એ એક કારણ છે—નાડીથી હૃદયની સ્થિતિનો ખ્યાલ આવે છે. તંબાકુ પીનારાઓની નાડી ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, તેમનું હૃદય નબળું પડી ગયું છે, તેની ગતિમાં રોગ પેઠો છે–અર્થાત્ હૃદય પણ તંબાકુની ખરાબ અસરથી બચવા પામ્યું નથી. તંબાકુના સેવનથીજ ઘણે ભાગે હૃદય ધડકવાનો રોગ (હૃત્કંપ વગેરે) થાય છે.

તંબાકુ અને અજીર્ણ—ઘણા લોકો માને છે કે, તંબાકુથી પેટના રોગ દૂર થાય છે. પરંતુ વાસ્તવિક રીતે તો તેનાથીજ ઘણે ભાગે અજીર્ણનો રોગ લાગુ પડે છે. તંબાકુના ઉપયોગથી આમાશયની ક્રિયા શિથિલ થઈ જાય છે અને તે નિર્બળ બની જાય છે. તંબાકુના સેવનથી ભૂખ મરી જાય છે; જો કે શરીરને ભોજનની જરૂર રહે છે, પરંતુ તંબાકુના નિશ્ચેતન પ્રભાવથી ભૂખ મરી જાય છે. આથી પાચનશક્તિ બગડી જાય છે અને અજીર્ણ ઘર ઘાલીને બેસે છે.

કેન્સર રોગનું કારણ પણ તંબાકુ છે—તંબાકુથી ઘણે ભાગે કેન્સર રોગ થાય છે. તે ખાધા–પીધાથી ગાલ, હોઠ અને જીભમાં કેન્સર રોગ થાય છે. કેન્સર એ એક અસાધ્ય રોગ છે. ભારતવર્ષમાં ઘણું કરીને આ રોગ તંબાકુ ખાવાથી અને વિલાયતમાં ચૂંગી(કલે પાઇપ)વડે તંબાકુ પીવાથી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંબાકુથી લકવાની બિમારી થાય છે—તંબાકુના સેવનથી શરીરની નાડીઓ અને જ્ઞાનતંતુઓ નિર્બળ થઇ જાય છે અને નાડીઓ અને જ્ઞાનતંતુની નબળાઇજ લકવાનું રૂપ લે છે.

નસોની નબળાઈ—જેઓ તંબાકુ ખાય, પીએ કે સુંઘે છે તેમની વાતરજ્જુ વિશેષ નિર્બળ બની જાય છે; અને જલદી ઉત્તેજિત થવું, સહેજ પણ ભયભીત થવું, હાથનું ધ્રજવું વગેરે દર્દો થાય છે. તંબાકુના ઉપયોગ પછી થોડી વારે એમ લાગે છે કે, નાડીઓમાં શક્તિ આવી છે, પરંતુ સાચી વાત તો ઉલટીજ હોય છે. તંબાકુનો ઉપયોગ અકુદરતી છે અને મનુષ્યના શરીરની રચનાને બિલકુલ અનુકૂળ નથી.

તંબાકુની અસર સંતાનો ઉપર પણ પડે છે—ડૉ. પિડલા કહે છે કે "જે માણસ તંબાકુના વ્યસનમાં રચ્યોપચ્યો રહીને પોતાના સ્વાસ્થ્ય અને શારીરિક તેમજ માનસિક શક્તિઓનો નાશ કરવાને કમ્મર કસે છે તેના દુર્ગુણની અસરનો અંત તેના શરીરની સાથેજ આવતો હોય તો તો કંઇ હરકત નહિ; પરંતુ તેમ થતું નથી. તંબાકુના ઉપયોગનો પ્રભાવ સંતાનો ઉપર પણ પડે છે. તંબાકુના બંધાણીઓનાં સંતાનો રોગી પ્રકૃતિનાં, નાની ઉંમરે મરનારાં, ઢીંગણાં અને ઉન્માદરોગવાળાં હોય છે. એજ તેમની (માતાપિતાની) તંબાકુથી મેળવેલી નિર્બળતા અને અસ્વસ્થતાનાં પૂરતાં પ્રમાણ છે."

આ લેખમાં વર્ણવેલા રોગો સિવાય બીજા પણ અનેક રોગ માનવશરીરને તંબાકુને કારણે જર્જરિત કરે છે. તોપણ અમને આશા છે કે, આ નાનકડો લેખ તંબાકુનું સેવન કોઇ પણ સ્થિતિમાં ફાયદો કરનારૂં નથી એ વાતની સાબીતી આપવા સમર્થ નીવડશે. જે યુવક તંબાકુ ખાવાપીવાની ટેવ પાડતો હોય તેણે તેના દોષ જાણી લઇને સાવધાન થવું જોઇએ.

તંબાકુના દુર્વ્યસનથી છૂટકારો મેળવવાનો ઉપાય એજ છે કે, તેને એકી વખતે છોડી દો. ધીમે ધીમે છોડવી એ તો માત્ર મનની છેતરપિંડી છે અને એમ ધીમે ધીમે છૂટાવું જ મુશ્કેલ છે. એકેસપાટે તંબાકુ છોડી દેવાથી શરીર સૂકાઇ જશે એવો ખ્યાલજ ખોટો છે. ભલે શરૂઆતમાં કદાચ થોડી તકલીફ અને અગવડ લાગે, પરંતુ તેથી શરીરને જરાપણ નુકસાન થવાનું નથી. જેલમાં જતાંજ કેદીઓની તંબાકુ છોડાવી દેવામાં આવે છે. તેમને કંઇ પણ શારીરિક નુકસાન થતું નથી, પરંતુ વખત જતાં ઉલટો લાભજ થાય છે.

મહાત્મા ગાંધીજી આ બાબતમાં કહે છે કેઃ-"બીડીનો ખર્ચ પણ કંઇ સાધારણ નથી. કેટલાય માણસોનું ખર્ચ માસિક રૂ. ૭૫)થી પણ વધારે હોય છે. આવાં ઉદાહરણ મેં જાતે જોયેલાં છે. ભારતવર્ષના ૩૨ કરોડ મનુષ્યોમાંથી જો ઓછામાં ઓછા સાત કરોડ માણસો પણ તેના ઉપયોગ કરનારા ગણીએ અને તે દરેકનું માસિક બીડી-ખર્ચ આઠ આના ગણીએ તો દર વર્ષે ઓછામાં ઓછા બેતાલીસ કરોડ રૂપિયાનો ધૂમાડો કરવામાં આવે છે અને દિવાસળીનું ખર્ચ તો જૂદું. જો આટલું દ્રવ્ય આપણા ભાઇઓને, જેમને પૂરતો ખોરાક પણ મળતો નથી તેમને આપવામાં આવે તો કેવું ?"

તંબાકુના બંધાણી વાચક! તમે તંબાકુના દુર્ગુણોનો વિચાર કરી તેના સકંજામાંથી છૂટવાનો દૃઢ નિશ્ચય અને ખાસ પ્રયત્ન કરશો કે ?

("ત્યાગભૂમિ"ના અંકોમાંથી શ્રીનિવાસ શર્માના લેખોનો અનુવાદ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭–भारतवर्षनां आंधळां

મુંબઇમાં આંધળાંને આશ્રય આપનારૂં એક સ્થાન તારદેવમાં છે. તેમાં શ્રી. હરિપ્રસાદ છત્રપતિ આચાર્ય છે ને તેમાં હાડવૈદ્ય ભાઇ બહેરામજી ખંભાતા તથા તેમનાં પત્ની રસ લે છે. ત્રણ પ્રકારનાં આંધળાંનો પરિચય થોડોઘણો આપણને બંધાયને છે. એક તો જ્ઞાને આંધળાં છે. તેમની સંખ્યાની ગણતરી કોઇ કાઢી શક્યું નથી. અજ્ઞાનરૂપી અંધાપાનું દુઃખ ભલે આપણે ન ઓળખીએ, પણ શરીરના અંધાપા કરતાં એ ઘણું વધારે છે. બીજાં આંધળાં ભૂખના દુઃખથી પીડાતા લોકો છે. એમની સંખ્યા ગણાય એવી છે. ઓછામાં ઓછી દશ કરોડની તે ગણવામાં આવી છે. તેઓ દેખે છે, છતાં આંધળાં છે. તેમની આંખમાં તેજ નથી. મીણનાં પૂતળાંમાં મૂકેલી આંખ યંત્રવડે ચાલે છે, પણ તે જોતી નથી; તેમ લગભગ આ દશ કરોડની આંખની કીકી ચાલે છે ખરી, પણ તે દેખતી નથી. આ આંધળાંની સેવા કરવામાં હું નિરંતર ગુંથાયેલો હોવાથી પેલા શરીરે આંધળાંને વિષે ઉદાસીન રહ્યો છું.

પણ ભાઇ ખંભાતાનો પ્રેમ મને તેમની યત્કિંચિત્ ક્ષણિક સેવા કરવા મુંબઇ ઘસડી ગયો. મજકૂર આશ્રયધામની મદદઅર્થે વનિતા વિશ્રામમાં થયેલી સભામાં પ્રમુખપદ લેવું એ તા. ૭ મીની ત્રીજી ક્રિયા હતી.

આ સંસ્થા તરફથી પ્રગટ થયેલ સાહિત્ય અને ભાઇ છત્રપતિના ભાષણનો સાર એ છે કે, દેશમાં પંદર લાખ આંધળાં છે. તેમાંના લગભગ સિત્તેર ટકાની જો વેળાસર તજવીજ થાય તો તેઓ દેખતાં થઇ શકે. આટલી સંખ્યા બંને આંખે આંધળાંની છે. તેના કરતાં અઢીગણી સંખ્યા અર્ધ આંધળાંની છે. મુંબઇમાં રહેતા એક આંધળાને મુંબઈના સખી પણ વિવેક ન જાળવનારા ગૃહસ્થો જણ દીઠ રોજ રૂ. ૫) સરેરાશે આપતા જણાય છે; પણ આ પૈસા બધાં આંધળાં ભાઇ-બહેનો નથી પામતાં. તેમને દોરનારા તેમના ભાડૂતી નોકરો તેમાંનો મુખ્ય ભાગ ખાઇ જાય છે.

આ દુઃખદ સ્થિતિને સુધારવી એ પ્રયાસ આ સંસ્થાના સંચાલકોનો છે. આંધળાં તો દુનિયામાં બધેય છે. પશ્ચિમના શોધક અને પરોપકારી લોકોએ આવી બાબતમાં ઘણું કામ કર્યું છે. અમેરિકામાં આ પ્રકારની દયાનો પ્રચાર વધારેમાં વધારે જોવામાં આવે છે. હિંદુસ્તાનમાં ચાલતા આધુનિક પ્રયત્નો તેનું યત્કિંચિત્ અનુકરણ છે. ત્યાં આંધળાંને સારૂ અનેક નિશાળો છે, કુશળ શિક્ષકો છે ને હેલનકેલર જેવી પ્રખ્યાત ને સુશિક્ષિત સ્ત્રી તૈયાર થઇ શકી છે, જેનાં પુસ્તકો પ્રેમપૂર્વક વાંચે છે. મતલબ કે, ત્યાંનાં આંધળાં કોઇની ઉપર બોજારૂપ થવાને બદલે છેવટે અનેક ધંધા કરી પોતાની આજીવિકા કમાય છે.

તારદેવમાં તૈયાર થયેલાં આંધળાંને સભામાં લાવવામાં આવ્યાં હતાં. તેમણે સંગીત ગાયું. એકે હારમોનિયમ વગાડયું, બીજાએ તબલાં વગાડયાં. કોઇએ આંધળાંને સારૂ જે ઉપસેલી લિપિ શોધવામાં આવી છે તેમાં લખાયેલું પુસ્તક વાંચી સંભળાવ્યું, બીજાઓએ લખી બતાવ્યું. એકે સોય પરોવી. તેમણે કરેલું નેતરકામ પણ રજુ કરવામાં આવ્યું હતું.

આ સંસ્થાની માગણી નીચે પ્રમાણે છેઃ–

૧–તેને નિભાવવાને સારૂ ધનિક લોક પૈસા આપે.

૨–આંધળાંને ભીખ કોઇ ન આપે, પણ તેમને મજકૂર સ્થાને મોકલી આપે તો તેમની સારવાર કરવામાં આવશે ને તેમની આંખ દુરસ્ત થાય એવી હશે તો તેનો ઇલાજ પણ કરવામાં આવશે.

૩–આમ ભીખ ન આપતાં બચતો પૈસો અથવા તેમાંનો અંશ મજકૂર સંસ્થાને દાની લોક આપે.

૪–જેની પાસે ધન નથી પણ આવાં અપંગ પ્રત્યે દયા છે તે તેમને જુએ ત્યારે ધીરજથી સમજાવે ને સંસ્થામાં મોકલે, જ્યાં તેમની તપાસ થશે.

આપણામાં સ્વરાજ્યની ખરી ભાવના પેદા થઇ હોય તો આંધળાંને પણ તેની હૂંફ મળતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ જાય. તેમને દુઃખ ટળવામાં સ્વરાજ્યને સારૂ થોભવાની આવશ્યકતા નથી. સ્વરાજ્યનો સૂરજ પૂરો ઉગ્યા પહેલાંજ તેની ફૂંક ને તેનો પ્રકાશ ચોમેર ફેલાવ્યા વિના નજ રહે. મારી સૂચનાનો અમલ કરવામાં કંઇ વખતનો કે શક્તિનો વ્યય નથી થતો. સ્વરાજ્યભાવના એટલે ભારતવર્ષનાં બધાં આંધળાં, લૂલાં, મૂંગાં, ભૂખે રવડતાં, નમાયાં, દુઃખી માત્રની સ્વતંત્રતાને વિષે એટલીજ ધગશ જેટલી પોતાને વિષે. આવું હૃદયપરિવર્તન જેનું થયું છે તે દુઃખીની સેવાનો એક પણ અવસર ન ચૂકે.

(તા. ૧૫-૯-૧૯૨૯ના "નવજીવન"માં લખનારઃ-મોહનદાસ કરમચંદ ગાંધી)

૫૮-अमारी भरतभूमि रळियात

જયજય માતૃભૂમિ સાક્ષાત્, અમારી ભરતભૂમિ રળિયાત. અમારી૦
વીરનરનાં બલિદાન અપાયાં, જન્મભૂમિને કાજ;
અમર થઇ અમરાવતી ઉતર્યા, દેવ શું રમતા રાસ. અમારી૦
શૂર ક્ષત્રાણી વીર સતીઓ, સતીત્વ-રક્ષા માટ;
સહર્ષ ભેટી અગ્નિઝાળને, જૌહર કરવા કાજ. અમારી૦
વીર વીક્રમ, પૃથુરાજ, શિવાજી છત્રપતિ મહારાજ;
રામ, કૃષ્ણના વીર વંશજો, પ્રતાપ દુર્ગાદાસ. અમારી૦
ક્યાં છે? ક્યાં છે? એ ભડવીરો? સ્વતંત્રતાના તાજ?
ગુલામીમાંથી કોણ છોડવે? શૂર ક્ષત્રી ક્યાં આજ? અમારી૦
સિંહણસુત ગહ્વર સંતાયાં, ક્યાં શૂરા વનરાજ?
આશા ક્યાંથી હવે રાખવી? ઉજ્જવળ પુણ્ય પ્રભાત! અમારી૦
પુણ્ય પ્રભાએ પુનિત કરીને, પ્રભુજી દેશસમાજ;
શાન્તિ શાન્તિ સકળ સ્થળ સ્થાપો, સ્વતંત્રતાના તાજ. અમારી૦

(તા. ૧૫-૯-૧૯૨૯ ના "આર્ય પ્રકાશમાં લેખકઃ-રા. "મયૂખ")

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૯–પ્રેમોન્મત્ત સાધ્વી વિદુરપત્ની

(મહાભારતની એક પ્રસંગકથા)

પાંડવ અને કૌરવનું અઢાર અક્ષૌણી જેટલું અફાટ સૈન્ય કુરુક્ષેત્ર પર સામસામી છાવણી નાખી પડયું હતું. આ પ્રલયસમાન મહાભારતને કોણ અટકાવી શકે ? ભલભલા તો થાકી ગયા. પાંડવો તો કૃષ્ણને પોતાના સર્વ અધિકાર સોંપી, છેવટે નાનકડાં પાંચ ગામ લેઇ યુદ્ધથી નિવૃત્ત થવા તૈયાર હતા. પણ દુર્બુદ્ધિ દુર્યોધન શાનો માને ? એના લોહીતરસ્યા સાથીઓ એને માનવા દે પણ શાના ? છેવટે મહાકુશળ એવા કૃષ્ણચંદ્ર કૌરવસભામાં દુર્યોધનને સમજાવવા ગયા. કૃષ્ણે ઘણું કહ્યું. આપ્તજનોએ પણ કહ્યું કે, કૃષ્ણની વિષ્ટિ નકામી ગઇ. મહાસંગ્રામે ઘાણ વાળી નાખ્યો. નિઃશસ્ત્રવ્રતધારી કૃષ્ણ અર્જુનનો સાથી થયો અને ધર્મનો જય થયો. ધર્મ અને કર્તવ્ય માટે થયેલા સંહારનું ફળ એ જયમાં છે. કૃષ્ણની વિષ્ટિ નિષ્ફળ ગઇ એનું ફળ સંગ્રામ.

કૃષ્ણચંદ્રજી આ વખતે કૌરવનગરમાં બીજા કોઇને ત્યાં નહિ પણ પોતાના ભક્ત સ્નેહી વિદુરજીના વાસમાં ઉતર્યા હતા. વિદુરજીને પાંડવ અને કૌરવ સમાન હતા, પરંતુ પાંડવો ધર્મમાર્ગે હોવાથી એમના પ્રત્યે વિશેષ પ્રેમ હતો. ધૃતરાષ્ટ્રપર એમને અત્યંત પ્રેમ હોવાથી અપમાન સહન કરીને પણ એ હસ્તિનાપુરમાં પડી રહેતા.

એમને ઘેર આજે કૃષ્ણજી ઉતર્યા છે. ભક્ત વિદુર અને નિષ્પાપ ભોળી વિદુરપત્નીના આનંદનો આજે પાર નથી. મહાભારતનું યુદ્ધ થાઓ કે ન થાઓ પણ વિદુરજીને ત્યાં યોગીન્દ્ર કૃષ્ણચંદ્રનું આતિથ્ય અને સ્નેહમિલન થવાનું છે. વિદુરપત્ની જાણે કૃષ્ણજીનું સ્વાગત કરવાની તૈયારીમાં ગાંડી ઘેલી થઇ ગઇ છે. અહાહા ! મહાસમર્થ એવા રાજયોગી મિત્ર પોતાની મહુલીમાં આવે ત્યારે લૂખી સૂકી રોટલી અને ભાજીને પ્રેમરસથી મિષ્ટ બનાવી ખવડાવવા સ્નેહઘેલાં શું શું ના કરે ? કૃષ્ણને બ્રહ્માંડમાં પણ આવું પ્રેમકુંજનું સ્થળ ક્યાં મળવાનું હતું ! ઉભયના આ સુંદર મિલનને ધન્ય છે.

કૃષ્ણચંદ્રે દુર્યોધનના આગ્રહભર્યા સત્કારનો અસ્વીકાર કર્યો હતો. સોયની અણી જેટલી પણ પૃથ્વી ના આપવાની હઠ લેઈ બેસનાર દુર્બુદ્ધિ મદોન્મત્તને ત્યાં કૃષ્ણ અતિથિ બને ? સર્વથા એનો ત્યાગ કરીને ભૂખ્યા ડાંસ જેવા એ છૂટ્યા એવા આવ્યા વિદુરજીની કુટિરમાં ! કૃષ્ણના સત્કારનુંજ ચિંતન કરી રહેનારને કલ્પના પણ શાની હોય કે રાજદરબારમાંથી કૃષ્ણચંદ્રજી અસહકાર કરી ભૂખ્યા દોડયા આવશે ? પણ એવાજ ઓચિંતા આવી ઉભા.

કૃષ્ણચંદ્રજીએ આવી તરતજ જાણે ઘરજ હોય તેમ ઘૂમ પાડી ખાવાનું માગ્યું. ભૂખ્યો કૃષ્ણ દુર્યોધનને છોડે, પણ વિદુરને ત્યાં તો માગીને ખાધા વિના છોડે કેમ ?

વિદુરપત્ની બિચારી એ વખતે નહાતી હતી. વિદુરજી ઘેર નહોતા. કૃષ્ણનો અવાજ સાંભળી વિદુરપત્ની ચોંકી અને ફામમાં ને ફામમાં દોડીને બારણું ઉઘાડયું. આ દશામાં એ શરીરે વસ્ત્ર નાખવાનું પણ ભૂલી ગઈ. કૃષ્ણચંદ્રજી ડગલું પાછા હઠી ગયા અને આંખ મીંચી દેઇ એના અંગ પર ઉપરણો નાખી દીધો, ત્યારેજ એને ભાન આવ્યું. રંક સ્નેહીના વાસમાં ખાવાનું હોય એવું જગતભરમાં ક્યાં હોય ? કૃષ્ણચંદ્રજીનાં અહોભાગ્ય હતાં કે આજે રાજમહેલાતો અને મહાભુવનોમાં કદીએ નહિ મળેલાં એવાં ભાવતાં ભોજન આજે એ જમશે.

વિદુરપત્ની તરતજ વસ્ત્ર લપેટી કૃષ્ણજીને બેસો કહેવાનું ભૂલી ગઇ અને ઘરમાં ખાવાનુંજ લેવાને દોડી. કેળાં ખાસ આણી મૂકેલાં તે ઉતાવળે ઉતાવળે લાવીને કૃષ્ણને ફોલી આપવા મંડી પડી. આવા પ્રેમોન્માદની લહરમાં એણે કેળાં ફોલી છોડાં કૃષ્ણને આપવા માંડયાં અને ગર્ભ ફેંકી દેવા માંડયો ! કૃષ્ણને વળી કહેવું પડે ? એણે તો છોડાં સ્વાદભેર ખાવા માંડયાં. ખરેજ, આવું સ્વાદિષ્ટ ભોજન કૃષ્ણને જન્મમાં આજેજ મળ્યું હતું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કૃષ્ણજી ખાવામાં ચકચૂર બન્યા હતા અને વિદુરપત્ની એક પછી એક છોડાં ભાવપૂર્વક આપતી હતી ત્યાં તો વિદુરજી દોડતા આવી પહોંચ્યા. કૃષ્ણજીને છોડાં ખાતા જોયા. વિદુરજી જરા હસ્યા અને બોલ્યા કે "અરે ! આ શું ? કેળાંનાં છોડાં ખવડાવે છે !" ત્યારેજ વિદુરપત્ની ભાનમાં આવી અને કૃષ્ણનોજ વાંક કાઢતાં સરળભાવે બોલી ઉઠી કેઃ-

"મને વિદુરજી છોડાં ખવડાવ્યાનું કહે છે; હું તો તન-મનનું ભાન ભૂલી હતી, પણ તમે એ ખાધાં કેમ ? કેમ ભાન ભૂલી ગયા ?"

આટલું કહી વિદુરપત્ની છોડાં આપતી અટકી ગઇ એટલે વિદુરજીએ કેળાં ખવડાવવા માંડયાં. કૃષ્ણજી એ ખાતાં બોલી ઉઠયા કેઃ-

"વિદુરજી ! આપે મને કેળાં તો બહુજ સંભાળથી ખવડાવ્યાં, પણ એમાં છોડાં જેવો સ્વાદ નથી આવતો હોં !"

પ્રેમોન્મત્ત સાધ્વી દેવીના પ્રેમોન્માદથી અતિથિદેવ તૃપ્ત થયા. સ્નેહાળ દંપતિ કૃતાર્થ થયાં.

(તા. ૧૫-૬-૧૯૨૯ ના "આર્યપ્રકાશ"માંથી)

૬૦-બાળકોની પ્રાર્થના

હૃદયમાં બળ આપો ભગવાન (૨)
બાળ અમે સૌ ભેળા મળતાં, કરીએ તુજ ગુણગાન. હૃદયમાં૦
પૂજ્ય, વડિલ, ગુરુ શ્રેષ્ઠજનોનાં, કરીએ નિત સન્માન;
વિનય, વિવેક ધરી હમ્મેશાં, મેળવીએ યશ-માન. હૃદયમાં૦
સ્વદેશનાં દુઃખ દૂર કરવામાં, અર્પણ કરીએ પ્રાણ;
મિત્ર બની સહુ સંપી રહેતાં, તજીએ નિજ અભિમાન. હૃદયમાં૦
ભીષ્મ, કર્ણ અર્જુન સરખાના, જીવનનું ધરી ધ્યાન;
ધર્મ, દાન ને શૌર્ય આદિનાં, મેળવીએ શુભ જ્ઞાન. હૃદયમાં૦
સ્વજન, સહોદર, માત તાત સહુ, તમેજ અમ આરામ;
અંતરમાં અજવાળું થાતાં, મેળવીએ રસલ્હાણ. હૃદયમાં૦

(સપ્ટેમ્બર-૧૯૨૯ ના "બાલમિત્ર"માં લેખકઃ-શ્રી. અ.)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૧–રેડીઓનો મહિમા

જે વખતે હું કારોઆ નામની સ્ટીમર મારફતે દક્ષિણ આફ્રિકાથી ભારતદેશમાં આવવાને નીકળ્યો હતો, તે વખતે મારી સાથે એક હિંદી ડૉક્ટર પણ પ્રવાસ કરી રહ્યા હતા. સીએલસ બંદરના મુખ આગળથી ચાલતાં મેં જોયું કે, દક્ષિણ તરફ જનાર એક સ્ટીમર જે ઘણે દૂર હતી તે અમારી સાથે વગરતારના તારવડે વાત કરવા લાગી. આ દોરડાવગરના તારના વિભાગના અમારા અધિકારીએ વહાણના ડૉક્ટરને જણાવ્યું કે, કારગો સ્ટીમર પર એક વ્યક્તિ ભયંકર મંદવાડમાં સપડાયેલ છે. એની સાથે કોઈ ડૉક્ટર નથી; એટલુંજ નહિ પણ એમાં કોઇ પ્રવાસી પણ નથી. આથી અમારી સ્ટીમરના ડૉક્ટરે મદદ કરવાનો નિશ્ચય કર્યો અને એ તારદ્વારા એ સ્ટીમરના કપ્તાન સાથે સંભાષણ શરૂ કર્યું. મિનિટે મિનિટે બંને તરફથી નવનવા સમાચારના વિનિમય થયા. દર્દીના રોગને જાણી લઇને એનો સુલભ ઉપાય બતાવ્યો અને સંદેશો મળ્યો કે, દર્દીને એ ઉપાયથી આરામ થયો છે. જો આ સમયે રેડીઓના પ્રતાપે ચાલતા વગરતારના સંદેશા ના મોકલી શકાત તો દૂરની એક સ્ટીમરના અસહાય દર્દીને મોતના મુખમાંથી કેમ બચાવી શકાત?

એક વખત હું એક બીજી કંપનીની કારગો બોટ પર બેઠો હતો. આ બોટમાં હું ડૉ. રવીન્દ્રનાથની સાથે જાપાનની યાત્રા કરી રહ્યો હતો. માર્ગમાં એક ભીષણ તોફાન થયું અને એણે સર્વ દિશાઓને આચ્છાદિત કરી મૂકી. આ આંધીમાં આ સ્ટીમરે કેટલાએ કલાક સુધી લપડાકો ખાધા કરી. આ સમયે નાવિક ચતુર અને ધૈર્યવાન ન હોત તો એ બોટને બચાવી પણ ન શકાત. જ્યારે અમે આ તોફાનમાંથી છૂટીને એક સુરક્ષિત સ્થાનમાં આવ્યા ત્યારે મને યાદ આવ્યું કે, અમારી બોટમાં દોરડા વગરના તારનું યંત્ર નહોતું. જો આથીએ વધારે આપત્તિ સામે ટક્કર લેવાનો સમય આવત તો અમે અમારા છૂટકારા માટે જોઇતી સહાય કેવી રીતે માગી શકત? આથી તો આંતરરાષ્ટ્રીય નિયમ પ્રમાણે કોઈ પણ સ્ટીમર નાની હોય તોપણ દૂર જવા માટે એમાં એવા તારની વ્યવસ્થા ના હોય તે બંદરની હદની બહાર જઇ શકતી નથી.

જ્યારે હું કેપટાઉનમાં હતો તે વખતે એક દિવસ હું ત્યાંના દવાખાનામાં એક ગરીબ હિંદી દર્દીને મળવા ગયો હતો. અહીં પણ મેં દોરડાવગરના તારની સુંદર વ્યવસ્થા જોઇ. આ દવાખાનામાં ઑપરેશન કરેલા દર્દીઓને એમના ઘા રૂઝાતા સુધી વૉર્ડમાંજ પડી રહેવું પડે છે. એમને કશુંયે કામ હોતું નથી. મને અહીં એ જોઇને આનંદ થયો કે, એવા દર્દીઓને એક રેડીઓ સેટ મળતો હતો અને તે દ્વારા તેઓ પડયા પડયા ગીત અને વાજીંત્રોનું શ્રવણ કરી આનંદ મેળવતા. તેઓ આ સંગીતમાં એવા લીન થતા કે એમના ઘાની પીડા પણ એ ભૂલી જતા. આવા આનંદથી દર્દીને આરામ પણ જલદી થતો.

સને ૧૯૨૩ માં હું લંડનમાં હતો. રસ્તામાં કંઇ અકસ્માત્ થવાથી એક નવયુવક લંડનની મિડલસેક્સ હૉસ્પીટલમાં આવ્યો. એ કોઇ પણ ઉપાયે બચી શકે એમ નહોતું. આ યુવક એક ગામડાનો હતો. એને એકમાત્ર મા હતી. ગામડું મેડનહેડથી કેટલુંક દૂર હતું. દર્દી મરણસમયે માતાના દર્શનમાટે ઝંખતો. ડૉક્ટર આથી વિચારમાં પડયો. એણે રેડીઓ સ્ટેશને ટેલિફોન કર્યો. રેડીઓ સંગીતમાં રોકાયું હતું, પરંતુ એના મેનેજરે ડૉક્ટરની હકીકત જાણતાંજ એ કાર્યક્રમ બંધ કરી, ડૉક્ટરની વિનતિપરથી રેડીઓદ્વારા એ ગામડા સુધી સમાચાર પહોંચાડયા અને વિનતિ કરી કે, દર્દીની મા જ્યાં રહેતી હોય ત્યાં કોઇ દયાળુ ગૃહસ્થે એને તરત ખબર આપવા મોટરથી પહોંચી જવું. આ કરુણ પ્રસંગ સાંભળી કેટલીએ મોટરો આપોઆપ છૂટી અને એમાંની એક સૌથી વહેલી પહોંચતાં એણે માતાને સમાચાર આપ્યા; એટલુંજ નહિ પણ મોટરદ્વારા એને દવાખાનામાં આણી મરણના સમયે પુત્રનો મેળાપ કરાવી આપ્યો. ધન્ય છે!

આ પ્રસંગો કહેવાનું તાત્પર્ય એ છે કે, આપણા હાથમાં જે શક્તિ આવી છે, એનો આપણે સદુપયોગ કરીએ અને લાભ પામીએ. શક્તિનો દુરૂપયોગ નજ થવો જોઇએ, નહિ તો એજ શક્તિ મહાન અનર્થ પણ કરી શકે છે. (દીનબંધુ સી. એફ. એન્ડ્રુઝના લેખ ઉપરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૨-બાળકોને પૂછવા સમજાવવા જેવા કેટલાક પ્રશ્નો

૧-તમે સવારમાં વહેલા ઉઠો છો કે નહિ ?

૨-સવારમાં પથારીમાંથી ઉઠીને ઈશ્વરનું સ્મરણ, માતપિતા વગેરે ગુરુજનોને શ્રદ્ધાપૂર્વક પ્રણામ, શૌચ, દાતણ અને સ્નાનાદિ નિત્યકર્મો કરવામાં આળસ તો નથી કરતા ને ?

૩-નિત્યકર્મોથી પરવારી તમારા પાઠ તૈયાર કરો છો ?

૪-ભોજન નિયમિત અને થોડી ભૂખ બાકી રાખીને કરો છો કે નહિ ? અને જે કંઇ રુચિપૂર્વક ખાઓ છો તે બધું સાદુ અને સાત્ત્વિક તો હોય છે ને ? ગળ્યા, ખાટા અને તીખા તમતમા ભોજનના ચક્કરમાં તો તમે ફસાયા નથી ને ? ચા, પાન અને બીડી-સિગારેટની ખૂરી આદત તો તમારામાં પેઠી નથી ને ?

૫-ભોજન પછી હાથ-મોં ધોઇને, દાંત સારી રીતે સાફ કરીને સાદાં અને સ્વચ્છ કપડાં પહેરી પ્રસન્નચિત્તે તમે શાળામાં જાઓ છો કે નહિ ?

૬-રસ્તામાં કોઇ સાથે લડતા ઝગડતા કે ગપાટા કે ખેલતમાશામાં વખત ગાળી નિશાળે મોડા તો નથી જતા ને ?

૭-શાળામાં બરાબર વખતે પહોંચી તમારા સરળ, સાદા અને સત્ય વર્તન તથા આજ્ઞાપાલન અને નમ્રતાથી શિક્ષકો તથા સહાધ્યાયીઓને પ્રસન્ન અને સંતુષ્ટ રાખો છો કે નહિ ?

૮-હમેશના પાઠ હમેશાં તૈયાર કરો છો ?

૯-તમારા સાથીઓ સાથે લડતા ઝગડતા તો નથી ને ?

૧૦-કોઇની નિંદા તો નથી કરતા ને ?

૧૧-પોતાની ભૂલ સમજાતાં તેનો તરત સ્વીકાર કરો છો કે નહિ ? અને એવું થાય ત્યારે ચીડાવા અને ખોટું લગાડવા કરતાં પશ્ચાત્તાપપૂર્વક ભવિષ્યમાં એવી ભૂલોથી બચવાના પ્રયત્ન કરો છો કે નહિ ?

૧૨-આજ્ઞાપાલન અને નમ્રતા એ સદ્‌ગુણ છે; પરંતુ અયોગ્ય યા નીતિવિરુદ્ધ વિષયમાં ગુરુજનોથી પણ દબાવું કે નમતું આપવું જોઇએ નહિ. આ સુવર્ણ સિદ્ધાંત તમને માલમ છે કે નહિ ?

૧૩-શાળામાંથી આવીને રમો છો કે નહિ ?

૧૪-શાળાના પાઠ વગેરે રાત્રે અથવા કોઇ પણ વખતે તમારાં માતપિતા વગેરેને બતાવો છો કે નહિ ?

૧૫-રાતનું ભોજન સૂતા પહેલાં ઓછામાં ઓછા બે કલાક પહેલાં કરો છો કે નહિ ?

૧૬-વહેલા સૂવું અને વહેલા ઉઠવું એ માત્ર તંદુરસ્તી માટેજ નહિ; પરંતુ બુદ્ધિ, બળ, સંપત્તિ અને આરોગ્ય માટે પણ જરૂરનું છે, તે તમે જાણો છો કે નહિ ?

૧૭-રાત્રે નવ વાગતા સુધીમાં તો સૂઈ જાઓ છો ને ?

૧૮-સૂતા પહેલાં એક વાર એકાગ્ર અને શાંત મનથી તે મહાપ્રભુનું પણ સ્મરણ-વંદન કરો છો કે નહિ કે જેની તમે એક નાનકડી પ્રતિમૂર્તિ અને રચના છો ?

૧૯-પોતાનાં સર્વ કાર્યો તમે તે મહાપ્રભુના શુભ સ્મરણપૂર્વક શરૂ કરો છો ને ?

૨૦-રોજ શક્તિ પ્રમાણે વ્યાયામ પણ કરો છો કે નહિ ?

૨૧-કોઇ વાતની અતિશયતા તો સારી નહિ; છતાં પણ તમારા મનોરંજનાર્થે સંગીત અને વાદ્ય વગેરેનો પણ કંઇક શોખ તમને છે કે નહિ ?

૨૨-ચિંતાતુર અને ઉદાસ તો નથી રહેતાને ? દિવસમાં એક વાર તો ખૂબ હસી લ્યો છો ને ?

૨૩-ઘરમાં વડીલોથી રીસાતા કે ભાઇ-બહેનો વગેરે સાથે લડતા-ઝગડતા તો નથી ને ?

૨૪-કોઇને સતાવતા કે ખીજવતા તો નથી ને ? સૌની સાથે પ્રેમ અને દયાભર્યું વર્તન રાખો છો ને ?

૨૫-સ્વચ્છતાનું મહત્ત્વ જાણી સમજીને તેનું પાલન કરો છો કે નહિ ?

(" ત્યાગભૂમિ " ના એક અંકમાંનો શ્રી. 'મુકુટ' ના લેખનો અનુવાદ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६३–एक बुढ्ढा और बुद्ध भगवान

'અરરરરર ! શિવ શિવ ! હે ભગવાન ! અરે ઇસ પીડા સે તો મૃત્યુ ભલી, હે દૈવ ! ઔર કિતને દિન ઇસ કષ્ટ મેં બીતાને હોગે ?"

"સારથિ ! જરા રથ ઠહરા દે ! દેખ તો, યહ કિસ દેશ કા મનુષ્ય હૈ ? ઇસકી સૂરત ઇતની ડરાવની, ઐસી બીભત્સ ક્યોં હૈ ? અરે, યહ તો મગધ કી ભાષા હી બોલ રહા હૈ, પર યહ ક્યા ? ઇસકી વાણી ઠેઠ મેરે હૃદય કે અંતસ્તલ મેં જા કર ક્યોં ચૂભ રહી હૈ ?"

"હાય ! આજ તો બડા અનર્થ હુઆ. જો દૃશ્ય યુવરાજ સિદ્ધાર્થ કે દૃષ્ટિ-પથ મેં ભી ન આના ચાહિયે થા વહી મેરી અસાવધાની કે કારણ ઉનકે સામને ઉપસ્થિત હૈ, ઔર કુમાર વ્યાકુલ-હૃદય હો ઉસે દેખ રહે હૈં, હા હંત, અબ ક્યા કરૂં ?"

"હે વિચિત્ર મનુષ્ય ! તુમ કૌન હો ? તુમ્હારી યહ અવસ્થા ક્યોં ? મેરે પ્રમોદવન મેં ચહચહાનેવાલી ચિડિયાઓંકીસી ચંચલતા ઔર પ્રસન્નતા તુમ્હારે અંદર ક્યોં નહીં ? તુમ્હારી આવાજ ઉસ આમ્ર-શાખા પર કૂકનેવાલી કોકિલ કી તરહ મધુર ક્યોં નહીં ? તુમ્હારે કંઠ સે યહ ઘરઘર-ધ્વનિ ક્યોં નિકલ રહી હૈ ? અપને કિરીટ-કુંડલ-કેયૂરાદિ આભૂષણ ઉતાર કર તુમ યહાં ઇસ વૃક્ષ કી છાયા મેં આ કર ક્યોં બૈઠે હો ? અપને ભવ્ય ભવન કો છોડ કર તુમ કહીં વાયુ-સેવન કે લિયે તો નહીં નિકલે હો ? પર તુમ્હારે શરીર પર યે અસંખ્ય ઝુર્રિયાં કૈસી ? મેરે સખા ઔર મિત્ર રાજકુમારોં કી ભાંતિ તુમ્હારા ભી શરીર ક્રાંતિશીલ ઔર હૃષ્ટપુષ્ટ ક્યોં નહીં ?"

"હાય રે દૈવ ! યહ કૈસી વિડંબના હૈ. યુવરાજ કે પ્રમોદવન મેં ચહ-ચહાનેવાલી ચિડિયાઓં કી ભાંતિ મૈં ભી પ્રસન્ન ક્યોં નહીં ? ક્યા મૈં અપને બહુમૂલ્ય આભૂષણોં કો ઉતાર કર અપને ભવ્ય ભવનોં કો છોડ કર વાયુ-સેવન કે લિયે નિકલા હૂં ? યુવરાજ ! તુમ્હારે યે ભોલેભાલે પ્રશ્ન ઇસ જરાવ્યાધિ સે ભી અધિક દુઃખદાયક હૈ. અબોધ રાજકુમાર ! આજ વર્ષોં સે યહ વટવૃક્ષ હી મેરા ભવ્ય ભવન હૈ ઔર યહ ફટા હુઆ ચીંથડા મેરે વસ્ત્રાભરણ, ઇસ શતસંધિ જર્જર શરીર કો યહાં સે વહાં લે જાને મેં હમેશા મુઝે સહારા દેનેવાલી યહ યષ્ટિકા મેરા રાજદંડ હૈ."

"અરરરરર ! રામ રે રામ ! યહ પીઠ મેં કૈસા દર્દ હો રહા હૈ, અરે બાપરે ! મર ગયા ! અબ કી બાર, યહ ઘુટના તો પ્રાણ લે રહા હૈ, રામ હરે રામ."

"મહારાજ શુદ્ધોદન ! તુમને યહ ક્યા કિયા ? ઇસ રાહ સે સૈંકડોં બટોહી જાતે હૈં; પર મેરી જરા ઔર વ્યાધિ કા કોઇ ઐસા ઉપહાસ તો નહીં કરતા; પર તુમને ઇસ કુમાર કો વર્ષોં તક ભોગવિલાસ-મય વાયુમંડલ મેં રખ કર યૌવન કે ઉપવન મેં ઇસકા પાલન-પોષણ કર ઇસે કૈસા અજ્ઞાન બના રક્ખા હૈ ! યહ ક્યા જાને વૃદ્ધાવસ્થા કી પીડા ? શુદ્ધોદન ! તુમ ભી તો વૃદ્ધ હો. પર તુમ્હારી વૃદ્ધાવસ્થા મેં ઔર મેરી ઇસ નિર્બલ વૃદ્ધાવસ્થા મેં કિતના અંતર હૈ !"

"જાઓ કુમાર ! યૌવન કે ભોગ-વિલાસ તુમ્હારી પ્રતીક્ષા કર રહે હૈં. મેરી નિર્બલતા કા ઇતના ઉપહાસ ક્યા પર્યાપ્ત નહીં હુઆ ? જાઓ ! ચાહે શુદ્ધોદન તુમ્હેં હજાર-હજાર પ્રકારવાલે મહલોં મેં સુરક્ષિત રક્ખેં, નિરંતર યુવક ઔર યુવતિયોં સે હી તુમ્હેં પરિવેષ્ટિત રક્ખેં; પર તુમ હાં, યુવરાજ ! તુમ ભી ઇસ જરા કે આક્રમણ સે બચ નહીં સકતે. તબ તુમ્હારે સ્નિગ્ધ સુકોમલ શરીર પર ઝુર્રિયાં પડ જાયંગી, યે કાલે-કાલે ઘુંઘરાલે બાલ મેરે ઇન બાલોં જૈસે હી સફેદ હો જાયંગે. યે પુષ્ટ બાહુ નિર્બલ હો જાયંગે. ભવ્ય ભવન એક તરફ રક્ખે રહ જાયંગે, યે કિરીટ-કુંડલ ઔર મણિમાલાયેં વૃદ્ધાવસ્થા કે આક્રમણ સે તુમ્હારી રક્ષા ન કર સકેંગી, યહ યૌવન કા હરા-ભરા ઉપવન ઉજડ જાયગા. યે કાલી-કાલી આંખેં ભૂરી હો જાયંગી; આંખ-કાન બેકામ હો જાયેંગે, હાથ ઔર પાંવ કાંપને લગેંગે; તબ સારે યુવક સાથી તુમ્હારા ઉપહાસ કરેંગે. કુમાર ! ઇસ જરાજીર્ણાવસ્થા કી પીડા તુમ્હેં તબ માલૂમ હોગી, ઔર સંભવ હૈ તબ ભી ન માલૂમ હો, શાયદ દૈવ તુમ્હેં યહ દુઃખ ન ભી દિખાવેં. સ્વયં વૃદ્ધ હોને પર ભી શાયદ તુમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં જાનોગે કિ ગરીબોં કી વૃદ્ધાવસ્થા કૈસી ભયંકર હોતી હૈ. ગ્રીષ્મ, વર્ષા ઔર શીત કી નિર્દય કઠોર યંત્રણાઓં કો સહનેવાલે ઇસ વૃક્ષ કી છાયા મેં બૈઠ કર વૃદ્ધ કે દુઃખોં કો તુમ ક્યા જાનો? દિનરાત ઇન આંતોં મેં ક્ષુધા કી જો આગ નિરંતર ધધકતી રહતી હૈ ઉસકા અનુભવ તુમ્હેં ભગવાન કભી ન કરાયે બેટા!"

"જાઓ, જાઓ! મૈં તુમ્હારી આંખોં મેં કરુણા કા દર્શન કર રહા હૂં, અપની આત્મા કો દુઃખી ન કરો. યહાં તો સંસાર મેં દુઃખ હી દુઃખ ભરા હૈ, દુઃખ કા સાગર ઉમડ રહા હૈ, બેટા! તુમ કિસ–કિસ કે દુઃખ સે દુઃખી હોગે? તુમ તો રાજ કરને કો આયે હો. જાઓ! તુમ કિસ–કિસ કે દુઃખ કો હરોગે બેટા?"

"ક્યા મૈં કેવલ રાજ કરને હી આયા હૂં? સંસાર મેં સબ દુઃખ હી દુઃખ ભરા હૈ, ઇસ વૃદ્ધ કી વાણી મેં કિતની પીડા હૈ? ક્યા વૃદ્ધાવસ્થા સબકી ઐસી હી હોતી હૈ, તાત ભી તો વૃદ્ધ હી હૈ; પર વહ તો ઐસે દુર્બલ ઔર દીન નહીં હૈ. યહ વૃદ્ધ ઠીક હી કહતા હૈ. રાજા કી વૃદ્ધાવસ્થા ઔર ગરીબોં કી વૃદ્ધાવસ્થા મેં મહાન અંતર હોતા હૈ, ઉનકી પરિચર્યા કે લિયે સૈંકડોં પરિજન હૈં, યહાં ઇસ વૃદ્ધ કો કૌન પૂછતા હૈ?"

"હે વૃદ્ધ! મેરે તાત ને કભી તુમ્હારી સહાયતા કી થી યા નહીં? કિસીકો તુમ્હારી સેવા કે લિયે ભેજા થા?"

"કુમાર! તુમ નિરે અબોધ હો, તુમ્હારે પિતા કે રાજ્ય મેં ઔર ઇસ પૃથ્વીતલ પર કરોડોં સ્ત્રી–પુરુષ પ્રતિદિન વૃદ્ધાવસ્થા કી રાહ પર ચલતે રહતે હૈં; તુમ્હારા પિતા અકેલા કિસ–કિસકી સેવા કર સકતા હૈ?"

"તબ તો મૈં ભી ઉસી સિંહાસન પર બૈઠુંગા, ક્યા મૈં ભી ઇસ સંસાર કી સેવા કરને લાયક ન રહૂંગા? ફિર ઐસે રાજૈશ્વર્ય સે ક્યા લાભ? ફિર ઇસ રાજ્ય–સત્તા, ઇસ અખૂટ સંપત્તિ, ઇન બહુમૂલ્ય વસ્ત્રાભરણોં, ઇન સૈંકડોં પરિજનોં કા ક્યા પ્રયોજન હૈ? ક્યા એક યા દો હી શરીરોં કી સેવા કે લિયે ઇતને સેવકોં કી જરૂરત હોતી હૈ? ક્યા ઉન્હીકે લિયે યહ ભોગ–સામગ્રી હૈ? અરે! અબ તક મૈં કિતને અંધકાર મેં હૂં, સ્ત્રિયોં કી ભાંતિ શરીર કો વસ્ત્રાભરણોં સે સજાને કે અતિરિક્ત મુઝે ઔર કોઇ બાત હી નહીં સિખાઇ ગઇ, ક્યા સબ રાજકુમારોં કો યહી શિક્ષા દી જાતી હૈ? પતા નહીં પિતાજી કી બુદ્ધિ મેં ક્યા હો ગયા? ઉનકે સચિવ, મંત્રી ક્યા ઉન્હેં સત્પરામર્શ દેતે હૈં? સચમુચ જીવન એક ગંભીર સમસ્યા હૈ, મુઝે ઇસે હલ કરના હોગા. યે ભોગવિલાસ મેરી આત્મા કો કલંકિત ન કર સકેંગે. અંતસ્તલ સે એક આવાજ કહતી હૈ, તેરા રાજત્વ શૈલૂષોં ઔર સ્ત્રિયોં કી ભાંતિ શરીર કો સજાને મેં નહીં, માનવજાતિ કી સેવા મેં હૈ."

("ત્યાગભૂમિ"ના એક અંકમાં લેખકઃ–શ્રી. વૈ૦ મ૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪–ભારતવર્ષપર સેમીરમિસની ચઢાઈ

ઇતિહાસવેત્તાઓએ અસીરિયાના પ્રતાપી શાસક રાજા નીનસ અને એની રાણી સેમીરમિસના સંબંધમાં ડાયડોરસ નામના પ્રાચીન લેખકની લખેલી પૌરાણિક કથાઓને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માની છે. એણે ઇતિહાસમાં એની ચર્ચા પણ કરી છે. અહીં આ લેખમાં એનું દિગ્દર્શન કરાવવાનો યત્ન કર્યો છે.

ડાયડોરસનું કથન છે કે, અસીરિયાનો પ્રથમ રાજા નીનસ થયો. તે સ્વભાવે યુદ્ધપ્રિય અને કીર્તિલોલુપ હતો. એણે પોતાના રાજ્યકાળમાં અનેક મહત્ત્વપૂર્ણ અને ઉલ્લેખ કરવાયોગ્ય કાર્યો કર્યાં; જેથી એની કીર્તિ દેશદેશાંતરોમાં ફેલાઇ. શાસનાધિકાર પ્રાપ્ત થતાંજ એણે એક અત્યંત વિશાળ સુસંગઠિત સેના લઇ દિગ્વિજય કરવાને સારૂ પ્રયાણ કર્યું. સૌથી પ્રથમ એણે બેબિલોન રાજ્યપર ચઢાઇ કરી અને ત્યાંના રાજાને બાળબચ્ચાંસહિત પકડીને કતલ કરી નાખ્યો. પછી તે અરમીનિયામાં ગયો. ત્યાંનો રાજા બરજનસ એના આક્રમણથી ભયભીત બનીને તેને શરણે આવ્યો અને અખૂટ ધન આપીને એની અધીનતાનો સ્વીકાર કર્યો. એ દિવસોમાં મેડિયાનો રાજા ફારનસ અત્યંત બળવાન મનાતો હતો. એનું બળ તોડવાને નીનસે મેડિયાપર ચઢાઇ કરી અને યુદ્ધમાં રાજા–રાણી અને એમના સાત પુત્રોને કેદ કરી, રાજ્યપર પોતાનો અધિકાર જમાવ્યો. એ વિજયથી નીનસની મહત્ત્વાકાંક્ષા ખૂબજ વધી અને તે ભારતવર્ષ અને બેક્ટ્રિયા સિવાય સમસ્ત એશિયાઇ રાજ્યોને પોતાની છત્રછાયામાં લઇને સત્તર વર્ષ પછી પોતાની રાજધાનીમાં પાછો આવ્યો. હવે એને પોતાની રાજ્યધાનીને સર્વાંગ સુંદર બનાવવાની ઇચ્છા થઇ આવી. આ કાર્યમાં પણ એને ઉચિત સફળતા મળી અને ફરાત નદીને કિનારે ૪૮૦ ફર્લાંગના પરિઘમાં એની ઇચ્છાનુસાર એક નગર તૈયાર થયું. એ નગરની આસપાસનો કોટ ૧૦૦ ફુટ ઉંચો અને ૨૫ ફુટ પહોળો હતો અને એનાપર ૨૦૦ ફુટ ઉંચાઇના પંદરસો બૂરજ હતા. ત્યારબાદ એને બેક્ટ્રિયા રાજ્યપર વિજય મેળવવાનો અને ત્યાંની દિવ્ય સુંદરી સેમીરમિસને હસ્તગત કરવાનો વિચાર આવ્યો. આથી તે પ્રથમ કરતાંયે અધિક મોટું સૈન્ય લઇને ગયો અને અત્યંત મુશ્કેલીઓ તથા આફતો પાર કરી પોતાના મનોરથમાં સફળ થયો.

નીનસના મૃત્યુ પછી એની રાણી સેમીરમિસ—જેના નામનો અર્થ સીરિયાની ભાષામાં "કબૂતરી" થાય છે–અસીરિયાના રાજ્યસિંહાસનપર આવી. એણે પોતાના પતિની લાશને શાહી મહેલમાં દફનાવીને અને એ ઇમારતને માટીથી ભરીને તેના ઉપર ૯ ફર્લાંગ ઉંચી કબર બનાવવાની આજ્ઞા આપી. કહેવાય છે કે, ફરાત નદીના કિનારે એ હજુયે ઉભી છે અને એક શાહી બૂરજની માફક નજરે પડે છે.

પતિની માફક પત્નીમાં પણ અસાધારણ ઉત્સાહ અને ઉચ્ચ અભિલાષાઓ હતી. સેમીરમિસ પણ સંસારમાં પોતાનું નામ અમર કરવા ઇચ્છતી હતી. એથી ઉત્સાહથી પ્રેરાઇને એણે બેબિલોન પ્રાન્તમાં અનુપમ નગર રચવાનો વિચાર કર્યો. આ કાર્યને સારૂ દેશદેશાંતરથી કુશળ કારીગર, નિપુણ કલાકોવિદો અને ધુરંધર શિલ્પીઓને બોલાવવામાં આવ્યા; જેમની સંખ્યા મજૂરો સાથે ગણતાં લગભગ ૨૦ લાખની થતી હતી. નગરનું નિર્માણ કરવાને સારૂ ઉત્તમોત્તમ અને બહુમૂલ્ય સામગ્રી પણ બહારથી મંગાવવામાં આવી, જેની કિંમતનો આંક મૂકવો અસંભવિત લાગે છે. ડાયડોરસનું કથન છે કે, એ અદ્વિતીય નગરની મધ્યમાં થઇ ફરાત નદી વહેતી હતી. એના ઉપર પાંચ ફર્લાંગ લાંબો અને ત્રીસ ફુટ પહોળો પૂલ બાંધેલો હતો અને એના બન્ને છેડે રાજમહેલ બાંધેલા હતા. એ પૂલ અને રાજમહેલ બાંધવામાં કારીગરોએ પોતાની સમગ્ર કલા ઠાલવી હતી. એ જોઇને દર્શકોના મનમાં આનંદ થતો. મહેલની ચારે બાજુએ ૩૦ ફર્લાંગના ઘેરાવાનો કોટ હતો; અને એનાપર ઉંચા મિનારા બાંધેલા હતા, જેનાપર હિંસક પશુપક્ષીઓની જીવંત મૂર્તિઓ રંગબેરંગી મૂકેલી હતી. અને નગરનો જે કોટ હતો તે વૃત્તાકાર હતો, જેનો પરિઘ ૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફર્લાંગ હતો. તેના ઉપર જંગલી પશુપક્ષીઓનાં યુદ્ધ, અશ્વારૂઢ સેમીરમિસના ભાલાથી થતો ચિત્તાનો વધ, નીનસ અને સિંહની કુસ્તી વગેરે રંગીન દૃશ્ય ઝળિત હોય તેવાં આળેખેલાં હતાં. નગરનો આ બહારનો કોટ એટલો બધો ઉંચો હતો કે ગગન સાથે વાતો કરતો હોય એમ લાગતું. એની પહોળાઇના સંબંધમાં લખાયું છે કે, એનાપર ૬ રથ એકજ હારમાં સરળતાથી દોડાવી શકાતા હતા. કિલ્લા ઉપર ૨૫૦ મિનારા હતા; જે એકબીજાથી લગભગ દોઢ ફર્લાંગના અંતરે હતા. આ નગરના મધ્યભાગમાં ભગવાન બૃહસ્પતિનું એક વિશાળ મંદિર હતું. એમાં વિશુદ્ધ સુવર્ણની ૪૦ ફુટ ઉંચી મૂર્તિ હતી. મૂર્તિની સામે ૪૦ ફુટ લાંબી અને ૧૫ ફુટ પહોળી સુવર્ણની એક ચોકી રાખી હતી, જેનાપર સોનાના મોટામોટા ઘંટ તથા પૂજાનાં અન્ય પાત્ર રાખવામાં આવતાં. આ નગર સર્વોત્કૃષ્ટ હોવાની ચર્ચા સિકંદરના ઇતિહાસલેખકોએ પણ કરી છે. તે ઉપરથી પ્રતીત થાય છે કે, ભારતવર્ષ તરફ આવતી વેળા એણે એ જોયું હશે. આ તો થઈ કેવળ એક નગરની વાત. આવી જાતનાં અનેક નગર ફરાત અને દજલાના તટવર્તી સ્થળોમાં એણે નિર્માણ કરાવ્યાં. એનો બંધાવેલો એક સ્તૂપ તો એકજ પથ્થરમાંથી કરાવ્યો છે અને તે ૧૫૦ ફુટ ઉંચો, ૫ ફુટ પહોળો અને એટલોજ મોટો છે. હજુયે એ હયાતી ભોગવે છે. એની ગણના હજુયે સાત આશ્ચર્યમાં કરવામાં આવે છે.

આ બધામાંથી પરવાર્યા બાદ સેમીરમિસ અત્યંત વિશાળ સૈન્ય લઇ મીડિયા ગઇ અને ત્યાં બાગિરસ્થાન પર્વતની તળેટીમાં પોતાનો મુકામ કર્યો. એણે ભગવાન બૃહસ્પતિને સારૂ ૧૨ ફર્લાંગ લાંબો એક બાગ બનાવરાવ્યો. બાગની તરફ પર્વતનો જે દિવાલસમો ભાગ હતો એનાપર તેણે પોતાની અને પોતાના એક હજાર શરીરરક્ષકોની મૂર્તિઓ કોતરાવી. ત્યાંથી તે મીડિયાના ચાન નામના નગરમાં ગઇ અને એની નજીકના પર્વતની ઉચ્ચ સમભૂમિપર એણે એક વિસ્તૃત બાગ અને વિશાળ ભુવન બંધાવ્યાં. એ સ્થાનની મનોહર છટાથી તે એટલી બધી મુગ્ધ બની ગઇ કે ત્યાંથી જવાનું એને મન ન થયું અને ભોગવિલાસમાં કાલક્ષેપ કરતી તે ત્યાં દીર્ઘકાળપર્યંત રોકાઇ.

ત્યાંથી સેમીરમિસ ઇકવતનની તરફ રવાના થઇ. માર્ગમાં જરચ્યૂમનો પર્વત આવ્યો; જે માઇલોપર્યંત લાંબો, અત્યંત ઉંચો અને દિવાલની માફક ઉભો ઢાળવાળો હતો. એ પાર કરવાને સારૂ પર્વતની પરિક્રમા કરવી એ પોતાના દરજ્જાની વિરુદ્ધનું માન્યું; અને તેથી પર્વત કોતરાવીને એક સુંદર માર્ગ બનાવરાવ્યો. એ રસ્તો હજુયે કાયમ છે અને તે "સેમીરમિસના માર્ગ"ના નામે સુવિખ્યાત છે. એ માર્ગ થઇને તે ઇકવતનમાં આવી. અહીંના નિવાસીઓને પાણીના અભાવે અત્યંત હાડમારી પડતી હતી. એ દૂર કરવાને સારૂ એણે એક દૂરના પર્વતમાંથી-જ્યાં જળનો વિપુલ સંગ્રહ હતો-નગરપર્યંત ૪૮ ફુટ ઉંડી અને ૧૫ ફુટ પહોળી એક નહેર ખોદાવી. ત્યાંથી તે ઇરાન તથા પોતાનાં અન્ય રાજ્યોમાં વિચરતી તથા પ્રજાનાં દુઃખોનું નિવારણ કરતી મિસર દેશમાં પહોંચી. મિસરનો લીબિયા પ્રાંત એના અધિકારમાં નહોતો. આથી એનો અધિકાંશ ભાગ પોતાના અધિકારમાં લઈ ત્યાંના ભગવાન બૃહસ્પતિના પ્રસિદ્ધ મંદિરમાં પોતાનું મૃત્યુવિષયક ભવિષ્ય જાણવા સારૂ ગઈ. મંદિરના દૈવી શક્તિસંપન્ન પૂજારીએ એને કહ્યું કે "તમારો પુત્ર નિનાયસ તમારી વિરુદ્ધ ષડયંત્ર કરશે ત્યારે તમારૂં મૃત્યુ થશે; અને મૃત્યુ બાદ એશિયાનાં કેટલાંક રાજ્યોમાં દેવીની માફક તમારી પૂજા થશે." ત્યાંથી તે ધૂથોપિયા અને અનેક આશ્ચર્યજનક સ્થળોએ ઘૂમતી-ફરતી ઘણા લાંબા વખતે પોતાની રાજધાનીમાં પાછી આવી.

સેમીરમિસે ઘણા વખતથી સાંભળ્યું હતું કે "જગતમાં ભારતવર્ષજ એક એવો દેશ છે કે જે વિદ્યા, બુદ્ધિ અને કલાકૌશલ્યનું અદ્વિતીય પુણ્યક્ષેત્ર તથા જીવનને અલાકિક આનંદ અને વૈભવ આપનારૂં સાક્ષાત્ સ્વર્ગ છે. ત્યાં નથી જળાશયોની તાણ કે નથી દુષ્કાળની આશંકા. જેવાં ફળફૂલ ત્યાં ઉત્પન્ન થાય છે, તેવાં સંસારના અન્ય દેશવાસીઓને તો શું, પરંતુ દેવતાઓને પણ દુર્લભ છે. સોનું, ચાંદી, રત્ન આદિ અમૂલ્ય પદાર્થોથી ત્યાંની ખાણો ભરેલી છે. ત્યાંનાં જંગલોમાં અસંખ્ય હાથી છે; અને તેના જેવા હાથી અન્ય કયાંયે જગતભરમાં શોધ્યા પણ જડે નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી આવી વાતો હમેશાં તેના કાને આવતી હોવાથી એના મનમાં લોભાગ્નિ પેદા થયો અને એણે ભારતવર્ષને જીતીને પોતાના સામ્રાજ્યમાં ભેળવી, પોતાની કીર્તિ સદાને માટે અમર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. એ સંકલ્પને કાર્યરૂપમાં પરિણત કરવાને એણે આજ્ઞા દીધી કે, સામ્રાજ્યભરમાં જેટલા સાહસી અને હૃષ્ટપૃષ્ટ માણસો મળે, એ બધાએ સૈન્યમાં દાખલ થઇ જાય. સૌને નવીન અસ્ત્રશસ્ત્ર અને બખ્તરો આપવામાં આવે. ભારતવર્ષની નદીઓ પાર કરવાને સારૂ સામ્રાજ્યના સમુદ્રતટવર્તી પ્રાંતોમાંથી ઈમારતી લાકડું મંગાવી નૌકાઓ તૈયાર કરવામાં આવે. આ બધું થયું તો ખરૂં, પરંતુ ભારતવર્ષના પ્રબળ હાથીઓનો સામનો કરવા સારૂ શું કરવું ? એની પાસે હાથીઓ ન હતા. એ ઉણપની પૂર્તિ કરવાને, અથવા તો ભારતવાસીના મનમાં ભય ઉત્પન્ન કરવાને સારૂ, એણે ત્રીસ લાખ કાળા બળદોનો સંહાર કરાવ્યો અને એમનાં ચામડાંમાંથી નકલી હાથી તૈયાર કરાવવાની યોજના કરી. હાથી બનાવવાનું કામ અત્યંત છુપી રીતે કરાવવામાં આવ્યું, કે જેથી શત્રુપક્ષના જાસુસો એ રહસ્ય જાણી ન જાય.

યુદ્ધની તૈયારી કરવામાં બે વર્ષ વીતી ગયાં. ત્રીજે વર્ષે તે પોતાની સેના લઇને બેક્ટ્રિયા પ્રાંતમાં આવી. કેસિમસ લખે છે કે, એના સૈન્યમાં ત્રીસ લાખ પાયદળ, વીસ લાખ ઘોડા, એક લાખ રથ, એક લાખ ઊંટ, બે હજાર નૌકાઓ તથા અસંખ્ય નકલી હાથીઓ હતા.

ભારતવર્ષના રાજા શતાયુવત્સને જ્યારે સમાચાર મળ્યા કે, રાણી સેમીરમિસ લડવાને સારૂ વિશાળ સૈન્ય લઈ આવી રહી છે, ત્યારે તે પણ શત્રુનો સામનો કરવાને તૈયારીઓ કરવા લાગ્યો. એ દિવસોમાં નદીનાળાંઓનાં તટવર્તી સ્થાનોમાં મનુષ્યની ઉંચાઇનાં બેતવૃક્ષ બહુ થતાં હતાં. એનાં લાકડાંમાંથી એણે ચાર હજાર નાવ તૈયાર કરાવી નવાં નવાં શસ્ત્રાસ્ત્રો, રથ આદિ તૈયાર કરાવ્યાં અને દેશના મહાન યોદ્ધાઓને શત્રુપક્ષનો મદમર્દન કરવાને સારૂ એકત્ર કર્યા. અસંખ્ય જંગલી હાથીઓ પકડાવીને તેમને યુદ્ધકળા શીખવી; અને એવી રીતે લડાયક હાથીઓમાં વૃદ્ધિ કરી.

યુદ્ધની સંપૂર્ણ તૈયારી કરી લીધા બાદ શતાયુવત્સે સેમીરમિસને પોતાના દૂતદ્વારા એક પત્ર મોકલાવ્યો. એમાં લખ્યું હતું કે, મહારાણી ! શું વિધાતા તમારા સામ્રાજ્ય અને તમારી પ્રિય પ્રજાનું અમંગળ ચાહે છે, કે તમારા મનમાં ભારતવર્ષ સાથે વિના કારણે યુદ્ધ કરવાની ઇચ્છા થઈ આવી છે ? ભારતવર્ષ કાંઇ તમારો શત્રુ નથી. એણે કદીયે તમારા સામ્રાજ્ય અને તમારી પ્રિય પ્રજાનું અનિષ્ટ નથી કીધું; તો પછી તમે ભારતરૂપી માર્તંડને પકડવાને સારૂ દળબળ-સહિત ઉડતાં શા સારૂ આવી રહ્યાં છો ? આપની આ ધૃષ્ટતા અક્ષમ્ય છે. ભારતવર્ષ એ સહન નહિ કરી શકે. એનું પ્રબળ તેજ તમને સૈન્યસહિતભસ્મ કર્યા વિના નહિ રહે. તમારો દેશ તમારા-પર ઘૃણા દાખવશે અને વિના કારણે પોતાની પ્રજાના રક્તથી નદીઓ વહેવડાવ્યાનું કલંક તમારા માથે આરોપશે. ભારતવર્ષની સાથે બાથ ભીડવી એ પોતાના હાથેજ પોતાનું પતન કરવા જેવું છે, એ શું તમે નથી જાણતાં ? માટે સાવધ થાઓ, અને તમારી અસંખ્ય સેનાને પ્રાણદાન દેવાનું પુણ્ય લઇ જે જગાએ આ પત્ર મળે ત્યાંથીજ પાછાં જાઓ; અન્યથા સમરભૂમિમાં આવ્યા બાદ પ્રાણ બચાવવાનો અવસર ફરીથી નહિ મળે.

પત્ર વાંચીને સેમીરમિસ હસી પડી; અને પત્રના ઉત્તરમાં લખ્યું કે "ભારતીય નરેશની શૂરતા અને યુદ્ધકૌશલ્યની પરીક્ષા લેવાને હું અત્યંત ઉત્સુક છું. આશા છે કે, તેઓ તૈયાર રહેશે." આવો ઉત્તર પાઠવીને તે આગળ વધી. જ્યારે તે સિંધુનદીની નિકટ આવી પહોંચી ત્યારે નદીમાં શત્રુપક્ષની સહસ્ર નૌકાઓ યોદ્ધાઓસહિત જલક્રીડા કરી રહી હતી. એણે પણ પોતાની નૌકાઓ જળમાં વહેતી મૂકી અને ઉત્તમોત્તમ અનુભવી સૈનિકોની સાથે એમાં સવાર થઇ; અને જરૂરી-આતના પ્રસંગ સારૂ એક સૈન્યસમૂહ તટપર તૈયાર રાખી તે આગળ વધી. સાથેજ ઉભય પક્ષના રણમદમસ્ત વીરોનાં હૃદયો પણ આલ્હાદથી ઉછળવા લાગ્યાં. આકાશ જયજયકાર તથા રણવાદ્યોના ભયંકર નાદથી કંપી ઉઠયું. સૈનિકોના રુધિરથી નદી રક્તવર્ણી થઇ ગઇ; અને એમની વેષભૂષાની પ્રતિચ્છાયાથી એણે વિકરાળ રૂપ ધારણ કર્યું. એની આ વિકરાળતા કેટલા સમય સુધી રહી એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબર નથી; પરંતુ એ અવસરે એનાપર સહસ્રો સૈનિકોનું બલિદાન દેવાયું-લેવાયું. હજારો નૌકાઓ એના વક્ષઃસ્થળમાં લીન થઇ ગઇ અને અસંખ્ય ભારતીય બંદીવાન બન્યા. નદીની મધ્યમાંના ટાપુઓ અને તટવર્તી નગર એ દિવસે વિદેશીઓના બન્યા અને એમની સ્વતંત્રતા કેટલાક વખતને સારૂ પરતંત્રતામાં ફેરવાઇ ગઇ. શતાબ્રુવત્સ આ સમસ્ત દૃશ્ય પોતાની આંખોએ નિરખી રહ્યો હતો અને આખરે પોતે ભયભીત બની નાસી રહ્યો છે, એમ શત્રુઓને બતાવવા એણે પોતાના સૈન્યને પાછા ફરવાની આજ્ઞા આપી. તે જાણતો હતો કે, એમ કરવાથી શત્રુ નદીપાર ઉતરશે અને એનો બદલો પોતાની ઇચ્છાનુસાર તેને મળશે.

અને બન્યું પણ એવુંજ. જ્યારે સેમીરમિસે જોયું કે શત્રુઓ નાસી રહ્યા છે ત્યારે તે ઉત્તેજિત બની અત્યંત શીઘ્રતાથી નદીપર નૌકાઓનો વિશાળ પૂલ બનાવીને અને એના રક્ષણનો ભાર ૬ લાખ સૈનિકોને સોંપીને બાકીના લશ્કર સાથે શત્રુનો પીછો પકડવાને તે આગળ વધી. યુદ્ધ-ક્ષેત્રમાં આવી એણે નકલી હાથીઓનો સમુદાય શત્રુઓને ભયભીત કરવાને સારૂ સૈન્યના અગ્ર-ભાગમાં મૂક્યો. અહીં એક વાત સ્પષ્ટ કરવી આવશ્યક છે કે, એ હાથીઓની મધ્યમાં સૈનિકો છુપાયલા હતા. તેઓ જીવિત હાથીઓની માફક સંચાલન કરતા હતા. પ્રથમ તો આ હાથીઓનું વિશાળ ઝુંડ પોતાની તરફ આગળ આવતું જોઇને ભારતીય વીરો ગભરામણમાં પડયા; એમના વિજયની આશાપર નિરાશાની રેખા તરવરવા લાગી; અને તેઓ આશ્ચર્ય પામવા લાગ્યા કે, અસી-રિયામાં હાથીઓનો આટલો મોટો કાફલો ક્યાંથી આવ્યો? પરંતુ આ ભેદ અનાયાસે ખુલ્લો પડી ગયો. પછી તો પૂછવુંજ શું? શતાબ્રુવત્સે પોતાનું સૈન્ય આગળ ધપાવ્યું. સેમીરમિસે પણ એમજ કર્યું. આગળ વધતાં વધતાં જ્યારે તેઓ એકબીજાની સન્મુખ આવી પહોંચ્યાં, ત્યારે શતાબ્રુવત્સે ઘોડા અને રથને પોતાની સેનાના અગ્રભાગમાં રાખ્યા. સેમીરમિસે જોયું કે, શત્રુ હવે શસ્ત્રપ્રહાર કરનાર છે, એટલે એણે પણ સૈન્યના અગ્રભાગમાં નકલી હાથી ઉભા કરી દીધા. એટલામાં ભારતીય ઘોડેસ્વાર શત્રુઓપર તૂટી પડયા; પરંતુ એમની ભારે દુર્દશા થઇ. ઘોડેસ્વારોને જે દૂરથી હાથી દેખાતા તે સમીપ પહોંચતાં વિચિત્ર પ્રકારનાં જીવધારી દેખાવા લાગ્યાં. એવાં પ્રાણીઓનો સામનો કરવાનો અભ્યાસ ન હોવાથી તથા એમના દેહમાંથી નીકળતી તીવ્ર દુર્ગંધ ન સહી શકવાથી તેઓ ભડકયા અને પડતા આખડતા તથા સ્વારોને પગનીચે કચડતા, જ્યાં માર્ગ જડયો ત્યાં નાસી છૂટયા. સેમીરમિસને અનાયાસે આ સુંદર તક મળી આવી. તે ચૂંટી કાઢેલા સૈનિકોને લઇને બચેલા સ્વારોપર તૂટી પડી અને એમની જીવનલીલા પૂર્ણ કરી નાખી. શતાબ્રુવત્સ આ અનિશ્ચિત હારથી કાંઇક આશ્ચર્ય પામ્યો; પરંતુ એની પરવા ન કરતાં એણે શત્રુઓને યોગ્ય ઉત્તર આપવાને પાયદળ સૈન્યને આગળ ધપાવ્યું અને સેનાના મુખ્ય ભાગમાં હાથીઓને ગોઠવી દીધા; એટલુંજ નહિ, પરંતુ તે પોતાના હાથીપર બેસીને પોતાના વ્યૂહની વામ બાજુમાં આવી ઉભો રહ્યો અને યુદ્ધસંચાલનનું કાર્ય સ્વયં કરવા લાગ્યો. હવે સેમીરમિસના હાથીઓનું કશું ન વળ્યું. તે રમકડાંજ હતાં અને રમકડાંની માફક-જ ક્ષણભરમાં નષ્ટ થઇ ગયાં. શતાબ્રુવત્સનો હાથી આગળ વધતોજ ગયો ને થોડી વારમાં તો શત્રુના વ્યૂહને ભેદીને હાહાકાર મચાવી દીધો. એ સમયે કેટલાયે અસીરિયાના યોદ્ધાઓ હાથીના પગતળે છુંદાઇને મૂઆ. કેટલાયે હાથીના દંતૂશળથી ભોંકાઇને મરણને શરણ થયા અને કેટલાયે એમની સૂંઢના ઝપાટાથી આકાશમાં અદ્ધર ઉછળી પૃથ્વીપર પટકાઇને મૃત્યુવશ થયા. ભારતીય યોદ્ધાઓએ શત્રુઓની સારી પેઠે ખબર લીધી અને રણક્ષેત્રમાં એમની લાશોનો મોટો ઢગ રચી મૂક્યો.

અસીરિયાની સેના ભયભીત થઇ ગઇ હતી એટલે તે ઝાઝી વાર થોભી શકી નહિ અને જીવ લઇને નાસવા લાગી. આ અવસરે શતાબ્રુવત્સ અને સેમીરમિસનો ભેટો થઈ ગયો. શતાબ્રુવત્સે એનાપર તીરોનો મારો ચલાવ્યો અને એના હાથ તથા ખભાને વિંધી નાખ્યા. જો સેમીરમિસનો ઘોડો અત્યંત તેજથી નાસી છૂટયો ન હોત તો સેમીરમિસનો અંત આવત અથવા તો જીવતી કેદ પકડાઈ જાત, એમાં સંદેહ ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેમીરમિસ પૂલ પાસે પહોંચી અને જોયું તો એના બચેલા સૈનિકો પૂલ ઉતરવાને સારૂ ખૂબ અધીર બની ગયા હતા અને એકબીજાને ધક્કા મુક્કી મારી આગળ જવાની કોશીશ કરતા હતા. પૂલની પહોળાઈ તેઓ બધા સાથે નીકળી શકે એટલી નહોતી; અને તેથી ઘણા સૈનિકો હોંસાતોસીમાં કચરાઈ મૂઆ; અને ઘણા નદીમાં પડી જળચર પ્રાણીઓના ભોગ થઇ પડયા. શતાઝુવત્સે નાસતા શત્રુઓનો પીછો લેવાનો વિચાર કર્યો; પરંતુ એના બુદ્ધિમાન મંત્રીઓએ એને એમ ન કરવાની સલાહ આપી. આથી તે વિજયડંકો બજાવતો પાછો ફર્યો. આ તરફ સેમીરમિસ પોતાના ભાગ્યને દોષ દેતી કેવળ કેટલા સૈનિકો લઇ પાછી પોતાના દેશ તરફ ચાલી નીકળી. આ પરાજયથી એને એટલી લજ્જા આવી ગઇ કે તે દિવસથી એણે યુદ્ધનું નામસુદ્ધાં પણ ન લીધું.

કેટલાક વખત પછી એક દિવસ એક હબસી ગુલામના આઘાતથી સેમીરમિસ બહુ જખમાઇ. અપરાધીને પકડવામાં આવ્યો અને એણે પ્રકટ કર્યું કે, એના પુત્રના પડયંત્રથી એણે એ કૃત્ય કર્યું હતું. સેમીરમિસને ભગવાન બૃહસ્પતિના પૂજારીઓની ભવિષ્યવાણી યાદ હતી. એણે તે વખતે એક દરબાર ભરાવ્યો અને પોતાના પુત્રને રાજતિલક કરાવી, હાજર રહેલી પ્રજા તથા રાજાને નવા સમ્રાટની આજ્ઞાનું પાલન કરવાની શિક્ષા આપી. પછી તે ૬૨ વર્ષની ઉંમરે ૪૨ વર્ષ રાજ્ય કરીને મૃત્યુ પામી. *

૬૫–एक कविराज की कामना

બના દો બુદ્ધિહીન ભગવાન.
તર્કશક્તિ સારી હી હર લો, હરો જ્ઞાન–વિજ્ઞાન;
હરો સભ્યતા–શિક્ષા–સંસ્કૃતિ–નવ્ય–જગત કી શાન.
વિદ્યા–ધનમદ–હરો, હરો હે હરે! સભી અભિમાન;
નીતિ–ભીતિ સે પિંડ છુડા કર કરો સરલતા–દાન.
નહીં ચાહિયે ભોગ યોગ કુછ નહીં માન–સમ્માન;
ગ્રામ્ય–ગંવાર બના દો, તૃણસમ–દીન નિપટનિર્માન.
ભર દો હૃદય ભક્તિ–શ્રદ્ધાસે કરો પ્રેમકા દાન;
પ્રેમ સિંધુ ! નિજ મધ્ય ડુબોકર મેટો નામ નિશાન. 'તર્કત્રસ્ત'

("કલ્યાણ" ના ભક્તાંક ઉપરથી)

* હિંદ ઉપરનાં પરદેશી આક્રમણોમાં આ આક્રમણની કથા ઘણાને અજ્ઞાત હશે. અલેકજાંડરના આક્રમણથી આ વધારે રસિક છે અને ઓછું સાહસિક નથી. એની ઐતિહાસિકતા હજી વિશેષ પૂરાવાની અપેક્ષા રાખે છે. આ જાણીતા "પ્રસ્થાન" માસિકના આષાઢ મહિનાના અંકમાં જ્ઞાનગોચરીના મથાળા નીચે સંગ્રહિત છે. ત્યાંથી તંત્રી અને લેખકના આભાર સાથે અહીં ઉદ્ધૃત કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૬–ગુન્હેગાર કોણ ?

"જાઓ, ગુન્હેગારને હાજર કરો !"

"જી હજુર !" ન્યાયાધીશના હુકમની સામે માથું ઝુકાવી કૉન્સ્ટેબલે કહ્યું અને તે ગુન્હેગારને લઈ આવવા માટે જેલ તરફ ચાલ્યો ગયો.

વહાલા વાચક ! અમેરિકાના પાટનગર ન્યુયૉર્ક શહેરની હાઇકૉર્ટમાં આજે બહુજ ભીડ છે. કયાંયે ખાલી જગ્યા જોવામાં નથી આવતી. આસપાસનાં ગામો અને નગરોમાંથી પણ કેટલાએ લોકો ન્યુયૉર્કની વડી અદાલતમાં આવ્યા છે. જે કેસમાં સ્ત્રી ગુન્હેગાર હોય, એવો અમેરિકામાં આ પહેલોજ કેસ છે. ત્યાં અંગ્રેજોની સત્તા શરૂ થઇ ચૂકી છે અને લોકો એઓના ન્યાયનું ધોરણ જાણી લેવા માટે આવ્યા છે. મિ. રૉબર્ટ જોસફ ન્યાયાધીશના જબરદસ્ત જોખમદાર આસન ઉપર બેઠેલો છે. લોકો આપસઆપસમાં વાતો કરી રહ્યા છે. કોઈ કહે છે કે "એક સ્ત્રીપર કેસ ચલાવવો, એ કાંઇ સભ્યતા કે શિષ્ટતા નથી." કોઇ કહે છે કે "જુઓ, હમણાંજ ન્યાયની ખબર પડી જશે. શી ખબર કે એક સ્ત્રીને ન્યાયાધીશે શામાટે પકડી મંગાવી છે ?"

આ બનાવ ઇ. સ. ૧૭૦૭ માં બનેલો છે. આજની જબરદસ્ત ભીડ જોઇ અંગ્રેજી સત્તાએ પોલીસની એક ટુકડી બોલાવી અદાલતની આસપાસ ગોઠવી દીધેલ છે. સરકારને ડર છે કે, કયાંએ બળવો ન થઇ જાય; કારણ કે અહીં પણ સ્ત્રીઓને જબરૂં સન્માન આપવામાં આવે છે.

ગુન્હેગાર એક સ્ત્રી છે. કેટલાકોની—સાક્ષીઓની જુબાની ઉપરથી જાણવામાં આવ્યું છે કે, એ સ્ત્રીએ કેટલાંએ બચ્ચાંઓનાં ખૂન કર્યાં છે ! અને તે એક તળાવને કિનારે તેમ કરતાં પકડાઈ છે. જુઓ, વાત ખરી છે કે ખોટી, તે હમણાંજ જાણવામાં આવી જશે.

"સિપાઇ ! જુઓ કે, ગુન્હેગાર આવે છે કે નહિ ?" જડ્જ રૉબર્ટ જોસફે કહ્યું.

"હજુર ! એ જુઓ, એ આવે છે." સિપાઈએ કહ્યું.

સામેથી મહામહેનતે ભીડને હઠાવતો કૉન્સ્ટેબલ એક શાન્તમૂર્તિ નારીને લઇને ચાલ્યો આવે છે. એ કોર્ટમાં આવ્યો. સિપાઈજ જડ્જ સાહેબને નીચો ઝૂકી સલામ કરી અને ગુન્હેગારને જડ્જની સામે ઉભો કરી દીધો. ન્યાયાધીશે એ ગુન્હેગાર સ્ત્રીને ઉદ્દેશીને કહ્યું:—

"મિસિસ એરંડલ ! તમારા ઉપર ગુન્હો સાબિત થઇ ગયો. એ તમારે જાણી લેવું જોઇએ."

"હા, તે મેં જાણી લીધું છે" ગુન્હેગાર સ્ત્રીએ કહ્યું.

"તો પછી કહો, તમારે કાંઇ કહેવું છે ?"

"કાંઇ નથી કહેવું !"

"એટલે એમ કે, તમે તમારો ગુન્હો કબૂલ કરો છો એમજ ને ?"

"એ પૂછો છો શા માટે ? શું અત્યાર સુધી તે કબૂલ નથી કર્યો ?"

"કોર્ટ જે કાંઈ પૂછે છે તેનોજ જવાબ આપો." આ ફેંસલાને દિવસે ફરીને સારી રીતે પૂછી જોવાનો રિવાજ છે.

"તો મારે ગુન્હો કબૂલજ છે !"

"જે બચ્ચાંઓને તમે ક્રૂરતાથી નિર્દયપણે રહેંસી નાખ્યાં તે બચ્ચાં કોનાં હતાં ?"

"માફ કરો ! એ હું નથી કહી શકતી."

"ઓ ગુન્હેગાર ઔરત ! સાંભળ. જો તું શરૂઆતમાંજ તારા અપરાધો છુપાવી લેત તો કદાચ બચી પણ જાત; કારણ કે એ નિર્દય કામ તેંજ કર્યું છે, એનો પ્રત્યક્ષ પૂરાવોજ નહોતો. પણ જ્યારે તેં બધો અપરાધ તારા પોતાનાજ માથે ઉઠાવી લીધો છે તો પછી શામાટે ડરે છે ? આ રિવાજ પ્રમાણે પણ વર્ત !"

જડ્જ સાહેબની વાત સાંભળી મિસિસ એરંડેલ કેટલીક વાર ચૂપ રહી. એ અપરાધી અબળાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતઃકરણમાં જબરી ગડમથલ થતી હતી. એના અંતરમાં એક જાતની ચળવળ જબરૂં જુદ્ધ મચાવ્યું હતું. આખરે એણે મ્યું ઉંચું કર્યું અને તે કહેવા લાગીઃ—

"નામવર જડ્જ સાહેબ! તો હવે આપ મારા પહેલાંના શબ્દો કે જુબાનીને ફેંકી દો અને આજે મારી જુબાની આદિથી અંતસુધી લખી લ્યો. આજે હું બધી વાતો સાફ સાફ અને સાવ સાચેસાચીજ કહીશ. લખો, શરૂ કરો. જે બાળકોનાં ખૂન થયાં છે તે મારાં પોતાનાંજ બચ્ચાં હતાં, કોઇ બીજાનાં નહિ. લખ્યું કે સાહેબ?"

આ શબ્દોનો ઉચ્ચાર કરતાં એ સ્ત્રી જરા પણ અચકાઇ નહિ કે ગભરાઇ પણ નહિ. એ મહિલાના મુખમંડળ ઉપર તરવરતા ભાવો, એની સત્યતા પૂરવાર કરતા હતા; છતાં પણ જડ્જે કહ્યુંઃ—

"મને વિશ્વાસજ નથી આવતો કે, કોઇ પોતાનાંજ બાળકોનાં ખૂન કરી શકે?"

"હા, મારી શકે છે. ખૂન પણ કરી શકે છે! મેં તેમ કર્યું છે ખરૂં! તમે મારી જુબાની લખતા જાઓ. છેવટે તમને પોતાનેજ વિશ્વાસ આવી જશે!"

(૨)

"જડ્જ સાહેબ! મારા નામ ઉપરથીજ આપને જણાઇ આવ્યું હશે કે, હું એરંડેલ વંશની એક છોકરી છું. મારાં લગ્ન એક ગરીબ ખેડુત સાથે થયાં હતાં; કારણ કે હું કાંઈ પૈસો, વૈભવ કે સુખવાસનાની ભૂખી નહોતી. હું મારા નાનકડા ને ટુંકા જીવનને શાંતિમય જીવન બનાવવા માગતી હતી."

"એજ સુખસ્વપ્નના સ્મરણમાં મેં ધન-વૈભવની પરવાહ કરી નહિ. શાંતિ-શાંતિ, એ તો ભીંત ઉપર પડેલો પડછાયો છે. તે જોઇને નાનું બચ્ચું તેને પકડી લેવા દોડી જાય છે; પણ તેનું માથું એ ભીંત સાથે અફળાઇને એ રોવા માંડે છે. નામવર! મારાં લગ્ન થયા પછી હું કેટલાક દિવસો સુધી બહુજ સુખી રહી. આખો દિવસ મહેનત કરી આવી મારા પતિદેવ બચ્ચાંઓને રાજા કહી ઉંચકી લેતા હતા. રાત્રે એ સાદા ઓરડામાં હજુ પણ મને યાદ છે કે, તેઓ મને ઘણાજ પ્રેમથી છાતીએ ચાંપતા. એ સુખોથી હું મને પોતાને બહુજ ભાગ્યશાળી સમજતી. અંગ્રેજોના રાજ્યને પણ હું બહુજ શાંતિમય રાજ્ય માનતી હતી."

"તમારા (સરકારના) રાજ્યમાં જમીનદારોએ એક જુલ્મી નિયમ કરી રાખ્યો છે. ખેડુતને જરૂરને વખતે પૈસા તેઓજ આપે છે. બીજાઓને સાહૂકાર બનવા નથી દેતા; છતાં પણ વ્યાજ બીજાઓ કરતાં ઘણુંજ વધારે પડતું લે છે. બાપડા ખેડુતો પોતાના કિંમતી લોહીનું પાણી કરી મહામહેનતે એ કરજમાંથી છૂટી શકે છે. મારા પતિ પણ કરજ લેતાં બહુજ ગભરાતા. બીજો કોઈ ઉપાયજ નહોતો. અમને બહુજ થોડા રૂપિયાની જરૂર હતી. એક દીકરો, એક દીકરી, એઓ અને હું. એ અમારૂં કુટુંબ! મારા પતિ વર્ષ પૂરૂં થતાં થતાં તો કરજ ચૂકવી દેતા અને શાંતિમય શ્વાસ લઇ ફરી પોતાને કામે લાગી જતા."

"પણ નિષ્ઠુર અને વિકટ વિધાતાથી મારી આ શાંતિમય ક્રિયા-ક્રીડા જોઇ શકાઇ નહિ. એણે એમાં ફેરફાર કરી નાખ્યો. આનંદની જગ્યાએ વિષાદનું રુદન છવાઇ ગયું. ખેડુતોની ઉપર આપત્તિઓનાં આભ તૂટી પડયાં. અચાનક કાળ પડયો; એટલા માટે કરજ લેવું પડયું. બીજે વર્ષે પણ કાળ પડવાથી અમે કરજ ભરી શકયાં નહિ. ફરી વાર કરજ કરવું પડયું. ત્રીજે વર્ષે પણ એમજ બન્યું-કાળ પડયો. અમે લૂંટાઇ-લેવાઇ ગયાં. માથા પર બે વર્ષનું કરજ! ખાવા માટે અનાજનો એક પણ દાણો નહિ. અમે ભયંકરથી પણ ભયંકર હાલતમાં આવી પડયાં. અમારા જીવનમાં જબરૂં અંધારૂં છવાઇ ગયું."

"જમીનદાર-સાહૂકારની પાસે જતાં મારા પતિ અચકાતા-ગભરાતા. ત્યાં જવાથી તેમને પાછલું કરજ આપવું પડત અને તેમની પાસે હતું પણ શું કે જે આપે? એ તો ફરી કરજજ લેવા માગતા હતા. મને-કમને મારા પતિ જમીનદારની પાસે ગયા. કામ કઠણ હતું. આ વખતે એણે રૂપિયા આપ્યા નહિ. એ અમારી જમીનનો લાલચી હતો અને કરજને બદલે જમીન જપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લેવા માગતો હતો. મારા શાંતિપ્રિય પતિએ જમીનદારને કહ્યું—સાહેબ! ગરીબ ઉપર દયા કરો. આ વખતે જેમ બનશે તેમ રૂપિયા ભરી દઇશ. ગમે તેમ થાય તોપણ ખેતી તો કરવીજ પડશે સાહેબ!"

"જમીનદારે રૂપિયા આપવાનું કબૂલ કર્યું; પણ એવી શરતે કે એકના બે પાછા આપવા. અહીં તો જીવન-મરણનો સવાલ હતો. પતિએ તે મુજબ લખી આપ્યું. રૂપિયા મળ્યા. ખેતીનું કામ શરૂ થઇ ગયું."

"આ વર્ષે પણ મારા પતિ ચિંતાતુરજ હતા. તે કહેતા કે 'જો આ વર્ષે પણ દુકાળ પડયો તો...'"

"હું એમને વચમાંજ અટકાવી દઇ કહેતી કે શું વારે વારે દુકાળ પડે છે? નહિ. એ બનવાજોગજ નથી."

"અમે બન્ને અંતઃકરણપૂર્વક તે દયાળુ પરમાત્માની પ્રાર્થના કરતાં. અમને આશા હતી કે, આ વર્ષ મજાનું જશે! અમારી મહેનત એળે નહિ જાય. એ બહુજ ઉમેદથી અને આશાભર્યા અંતરે કામ કરવામાં લાગી ગયા હતા. વેળાસર વરસાદ પણ આવ્યો. બધાં ખેતરો લીલાંછમ થઇ ગયાં. મોલ મજાના ઉગી નીકળ્યા. અનાજ પણ પાકી ગયું અને પાક પણ ઘણોજ સારો ને સરસ હતો. આ વર્ષે મારા પતિદેવ બહુજ આનંદમાં હતા—ખુશી હતા અને સાથે સાથે હતા પણ સંતોષી! જાણે કે તેમને આ બધુંએ વગરમહેનત મળી રહ્યું હોયની!"

"નામવર! હું પહેલાંજ કહી ચૂકી છું કે, નસીબ અમારી વિરુદ્ધ હતું. અમે અભાગીઆં હતાં. એક દિવસે ખેડુતોએ ખેતરોમાં જઇને જોયું તો હાય...! પાક બધોએ સૂકાઈ ગયો હતો, અનાજ બળી ગયું હતું. આ બધું એ રાત્રે પડેલા જબરજસ્ત હીમનું પરિણામ હતું. હાય! ખેડુતોનો ઓટલો વળી ગયો—સત્યાનાશ થઇ ગયું. હીમને લીધે પાક બળી જવાથી ખેડુતોનાં હૃદયો ફાટી પડયાં. હવે તો મારા પતિદેવ આ જીવનને તદ્દન નકામું ગણવા—માનવા લાગ્યા."

"જમીનદારને રૂપિયા ભરવાજ જોઇતા હતા. રૂપિયા ભર્યા વિના એ ગામમાં રહેવું બહુજ મુશ્કેલ હતું. રૂપિયા આપવા ક્યાંથી? પાસે કાંઇ નહોતું. ખાવાના સાંસા હતા. કાંઇ સૂઝતું નહોતું. આખરે નક્કી કર્યું કે, બળદ વેચીને કરજ ભરવું! બળદો મને બહુજ પ્રિય હતા. એ અમારા દોહ્યલા દુઃખદાયક દિવસોમાં સોબતે રહેનારા બહાદૂરો હતા. જે વખતે એ બળદ ખુંટેથી છોડી વેચવા માટે લઇ જવા લાગ્યા ત્યારે હું રોતી હતી. એ બળદોનો વિયોગ મને ગમતો નહોતો; છતાં પણ હું લાચાર હતી. હાય રે કરજ..... અફસોસ!'

"એ બળદો અમારા મિત્રો હતા, સહચર હતા, નોકર હતા. અમારા આનંદદાયક દિવસોના સાચા સાથી હતા! અમારી દશા પલટાઇ ગઇ. અમે કંગાલ બની ગયાં; છતાં પણ અમે અમારા એ બળદોનો ત્યાગ નહોતો કર્યો. એ એવા બળદ હતા કે બોલાવતાંજ એકદમ દોડીને પાસે આવી જતા. હું જે કાંઇ ખવરાવતી તે ખાઇ લેતા અને ગુપચુપ પોતાની જગ્યાએજ ઉભા રહી જતા. ધનવાનને જેમ ધનનું અભિમાન હોય છે, તેમ એ બળદો ઉપર મને પણ જબરૂં અભિમાન હતું. એ બળદો મને મારા પોતાના પ્યારામાં પ્યારા પુત્ર જેટલા પ્રિય હતા. આ બળદો નહોતા વેચાતા, પણ આત્મા અને સહૃદયતાનાં વેચાણ હતાં. હું એમને બળદ લઇ જવા નહોતી દેતી, પણ હાય જમીનદાર સાહૂકારનું કરજ...યમરાજનું દેવું! શરીર ધ્રૂજી ઉઠે છે અને અંતઃકરણ ભયભીત થઇ પીડા પામે છે."

"મારા પતિ પણ રોતા હતા; આંખેથી નહિ પણ હૃદયથી રોતા હતા. આખરે તેઓ બળદો વેચવા બજારમાં ચાલ્યા ગયા. એ બળદો વેચીને કરજ ભરવામાં આવ્યું; હૃદયનું રક્ત વેચીને કરજ આપી દેવામાં આવ્યું હતું."

"કેમ જડ્જ સાહેબ! તમે શા માટે માથું નીચું ઘાલી દીધું છે? લખો, એને બીજેજ દિવસે જમીનનો કર વસૂલ કરવાની શરૂઆત થઇ. બધાએ ખેડુતો પાયમાલ થઈ ગયા હતા; પરંતુ જમીનદારનો ભય સર્વને ભયભીત કરી રહ્યો હતો. લોકોએ ઘરનાં રાચરચીલાં, વાસણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂસણ, ઢોરઢાંખર વેચી સાટીને કર ચૂકવ્યો. જમીનમહેસુલ વસુલ કરવા માટે જમીનદારના સિપાઇઓ અમારે ત્યાં આવ્યા; પણ પાસે હતું શું ? કાંઇજ નહિ ! જ્યાં ખાવાના સાંસા ત્યાં જમીનમહેસૂલના રૂપિયા અમારી પાસે ક્યાંથી હોય ? એક સિપાઇ હંટર લઇ અમારા ઘર તરફ આવ્યો. મેં મારા પતિને સમજાવી કહ્યું કે, એ સિપાઇને કહી દો કે, થોડા દિવસ થોભી જાવ. કાંઇક ધીરજ રાખો. રૂપિયા થોડા દિ પછી આપીશું. ઘણા ઘણા કાલાવાલા કર્યા પછી સિપાઇ ચાલી ગયો. મને પાકો વિશ્વાસ હતો કે, જમીનદાર ચૂપચાપ નહિ બેસે. એ જરૂર રૂપિયા વસુલ કરશે અને પછી ઝંપીને બેસશે. ”

“બીજે દિવસે જમીનદારનો એક જમાદાર રૂપિયા લેવા આવ્યો. મેં રડી રડીને તેને મારી તમામ હકીકત કહી સંભળાવી. એ જમાદાર આવ્યો તો હતો રૂપિયા વસુલ કરવા, પણ એના અંતઃકરણમાં દયા હતી, મનુષ્યત્વ હતું, ઉદારતા હતી અને સહાનુભૂતિ તેમજ દુઃખિયાંઓની દાઝ પણ હતી. એની સામેજ મારાં વહાલાં ભૂલકાંઓ રોટલીના ટુકડા માટે ટળવળતાં ટળવળતાં રડતાં હતાં. એ જોઇ જમાદારને દયા આવી ગઇ, એનું હૃદય પીગળી ગયું અને અમને ૨૦ ડૉલર આપ્યા. ડૂબતાને આધાર મળી ગયો. અંતરનું આંદોલન શાન્ત થયું; પરંતુ શાંતિ, શાંતિ તો આવનારા તોફાનની શરૂઆતજ હોય છે. એથી હું પૂરેપૂરી બેફિકર નહોતી.”

“એ દિવસને વીત્યે આશરે ચાર મહિના થઇ ગયા હશે. એ નિર્દય જમીનદારે મારા પતિને બોલાવ્યા; તેઓ ગયા. થોડી વાર પછી કેટલાક સિપાઇઓ મારે ઘેર આવ્યા. અનાજ વગેરે તમામ સામાન ઉઠાવી ગયા. પછી મને ખબર પડી કે, એ જમીનદારનુંજ કામ હતું. હૃદયમાં તોફાન મચી ગયુ કે, મારા પતિદેવનું શું થયું હશે ? એઓ કેમ હશે ? કેવી હાલતમાં હશે ?”

“એક કલાક પછી પતિદેવ ઘેર આવ્યા. એમનું મોં ઉતરેલું હતું-હૃદય ઉદાસ હતું. તેઓ દુઃખી દેખાતા હતા. એઓ લથડિયાં ખાઇ રહ્યા હતા. જોયું તો જણાઇ આવ્યું કે, એમના શરીરમાંથી રક્ત ટપકી રહ્યું છે. પીઠ ઉપર ચાબૂકનો જબરો માર પડયો હતો. હાય ! શું મનુષ્ય મનુષ્યને આવું રાક્ષસી નરપિશાચ જેવું દુઃખ દઇ શકે છે ? આટ આટલી નિષ્ઠુરતા કરી શકે છે ? હાય ! અરે ઓ પાપિયા ! આ તેં શું કરી નાખ્યું ? આમ મારૂં અંતઃકરણ ક્રોધથી ભરાઇ ગયું; પણ ગરીબના ક્રોધનો ઉપયોગ શો ? તે તો ફક્ત આંસુઓના રૂપમાંજ દેખાઇ શકે છે-ઢળી પડે છે ! હું રોવા લાગી. એ આવીને ગુપચૂપ બેસી ગયા. હું એમની પીઠે પાટા બાંધવા લાગી.”

“પતિએ જબરો ને લાંબો નિસાસો નાખી કહ્યું—‘એ દુષ્ટે ૨૦ ડૉલર પણ ઝુંટવી લીધા.’ ”

“ એને એમ કરવાનો શો હક્ક હતો ? તમે કેમ આપી દીધા ? મેં લથડતી જીભે પૂછયું. ”

“ ‘હું કદીએ ન આપત, પણ મને ચાબુકના મારે વ્યાકુળ બનાવી દીધો. એ મારથી હું બેભાન થઇ જમીન ઉપર ઢળી પડયો. એ વખત ૨૦ ડૉલર એ રાક્ષસોએ મારી કમરમાંથી કાઢી લીધા. વહાલી ! મને બહુજ પીડા થઇ રહી છે. મને તમારા ખોળામાં માથું મૂકીને સૂઇ રહેવા દો.’”

“મેં એમને સૂવાડયા. એ કરાંઝવા લાગ્યા. જો કોઇ પૈસાવાળાને આવું દુઃખ હોત તો દવાઓના ઢગલે ઢગલા થઇ જાત; પણ નિષ્ઠુર ને ક્રૂર નિર્દયતા ! તું કોઇને પણ નથી ચાહી શકતી? કોણ જાણે છે કે, એ વખતે મારી ઉપર શું શું વીતક વીતી રહ્યાં હશે?” હાય ! અંગ્રેજી રાજ્યમાં આ એક સ્વતંત્રતાનું જાજ્વલ્યમાન ઉદાહરણ હતું.

“ ન્યાયી પદવીના અધિકારી પુરુષ ! શા માટે નિસ્તબ્ધ થઈ જાઓ છો ? ”

જડ્જ—“ ત્યાર પછી શું થયું ? ”

“ ત્રણ દિવસ જેમ તેમ નભ્યું. પછી તો ઘરમાં અનાજનો એક પણ દાણો રહ્યો નહિ. પતિદેવ નોકરી માટે ઘેરથી નીકળી પડયા. એમને ગયે ત્રણ દિવસ થઇ ગયા, પણ એ પાછા આવ્યા નહિ. એ ત્રણ દિવસ અમે સાવ ભૂખ્યાં હતાં. જેમ તેમ કરી બચ્ચાંઓને ખાવાનું આપી દેવાતું. આખરે મેં અને મારી ઘરડી સાસુએ મજુરી કરવાનું શરૂ કર્યું ! પતિ તો ન આવ્યા તે નજ આવ્યા. તેઓ સુખેથી ઘેર આવી જાય એટલા માટે હું દરરોજ પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી. હું નથી જાણતી કે, મારી પ્રાર્થના પરમાત્મા સાંભળતો હતો કે નહિ ! હું માનું છું કે, કદાચ ગરીબોને માટે તેના પણ દરવાજા બંધજ હશે."

"મને ઉંઘ આવતી નહોતી. અંતઃકરણમાં શંકાઓ અને ચિંતાઓ ભરેલી હતી. કોઇ કોઇવાર હું હાથ જોડીને આકાશ તરફ જોતી-ઈશ્વરની દયા માટે યાચના કરતી. બહાર આવીને વારે વારે જોતી કે, તેઓ કદાચ આવીને દરવાજે ઉભા હશે અને અમને જગાડવા નહિ માગતા હોય. આમ કેટલીએ રાત્રિઓ મેં મારા મનમોહનના મંગલ માટે વ્યતીત કરી. આખરે હું બહુજ-બેહદ-ચિંતાતુર થઇ ગઈ. એ ચિંતા ભવિષ્યમાં આવનાર આફતની અગાઉથી સૂચના હતી."

"એક દિવસ મેં સાંભળ્યું કે, મારા પતિદેવ એક મોટરની નીચે કચરાઇ-ચગદાઇ જઇ પરલોકે પહોંચી ગયા ! હાય ! ઓ જડ્જ સાહેબ ! જરા વિચાર કરો કે, તે વખતે મારી ઉપર શું શું નહિ વીત્યું હોય ? મોટર ! રાક્ષસી મોટર ! ! માનવશરીરની ઉપર થઇને નીકળી ગઇ ! કોઇએ એને અટકાવી નહિ. કચરાઈ જવા બાદ મારા પતિને દવાખાને મોકલવામાં આવ્યા હતા કે કેમ ? એ વિચારવાજોગ સવાલ છે. ધનવાન અમીરોના વિલાસનો દંડ ગરીબોની ઉપર પડે છે. ન્યાયાધીશ ! કહો-કહો કે, આ કેવો અજબ ગજબનો ન્યાય છે વારૂ ! ખરેખર, હવે એ કહેવાતા પરમકૃપાળુ પરમાત્માપરથી મારો વિશ્વાસ ઉઠી ગયો. ગરીબોને કુટુંબસ્નેહ-પારિવારિક પ્રેમ-પૈસાદારોથી કેટલોએ વધારે હોય છે. મારી સાસુએ, મારા પતિના મોતની ખબર સાંભળીને પોતાનું માથું એક પથ્થર ઉપર પછાડી દીધું. એ જરા જરા ટળવળ્યાં અને શાંત થઇ ગયાં. આ દુનિયાથી તેઓ દૂર થઇ ગયાં. મને પણ આ જીંદગીની ઉપર જબરદસ્ત કંટાળો આવી ગયો. હું આત્મહત્યા કરવા માગતી હતી, પણ મારી પાછળ બિચારાં બે નિર્દોષ ભૂલકાં હતાં-એક દીકરો અને એક દીકરી ! મેં રડતાં રડતાં છાતીપર પથ્થર મૂકીને સાસુજીની ઉત્તરક્રિયા કરી. એ કામ પણ ભીખ માગીને મેં કર્યું."

"ન્યાયાધીશ ! શામાટે તમે આંસુ લૂછી રહ્યા છો ? શા સારૂ આંસુ ખેરવી રહ્યા છો ? જ્યારે દુનિયાની સહાનુભૂતિ ગરીબો તરફ નથી તો શા માટે તમે મારી સ્થિતિ ઉપર રડો છો ?"

'ન્યાયાધીશે બહુજ દુઃખથી માથું ઉંચું કર્યું અને કહ્યું—"વારૂ ત્યાર પછી શું ?'"

"ત્યાર પછી બાળકો રડવા લાગ્યાં, ખાવાનું માગવા લાગ્યાં. હું એમને ખાવાનું આપું ક્યાંથી ? મારી પાસે છે શું અને હતું પણ શું ? ન્યાયાધીશ ! મારાં ભાગ્ય ફૂટી ગયાં હતાં. બાળકો રોતાં હતાં અને મારૂં હૃદય ટળવળતું ને કપાઇ જતું હતું. કોઈ ઉપાયજ નહોતો. આખા દિવસ બાદ રાત્રે બાળકોનાં મોં ઉતરી ગયાં. એમને એક કોળિયો પણ ખાવાનું નહોતું મળ્યું."

"નાનકડી મેરીએ કહ્યું—'બા ! ખાવાનું આપ' વહાલા દીકરા જેકસે કહ્યું—'બા ! મારા પિતાજીને બોલાવ તે અમને જરૂર જરૂર ખાવાનું આપશે. તું તો નથી આપતી.'"

'જડ્જ સાહેબ ! તમારે કોઇ બચ્ચાં છે ખરાં કે ? જો હોય તો તમો પોતે મારા જેવી હાલતમાં તમને પોતાને મૂકી જુઓ અને પછી કાંઈક કલ્પના કરો એટલે તમને મારા દુઃખની કલ્પના આવી શકશે. ન્યાયાધીશ—ઓ ન્યાયાધીશ ! એજ વખતે મારૂં ભાવી ઘોર અંધકારમય બની ગયું. જીવનમાં રસ રહ્યો નહિ—સુખની કલ્પના પણ બાકી રહી નહિ. બાળકોએ ફરી કહ્યું—'બા ! રોટલી-ખાવાનું-આપ !'"

"ચાલો, હું તમને તે આપું."

"એમ કહી હું બન્ને બાળકોને બહાર લઇ ગઇ. થોડે દૂર ગયા પછી જેકસે કહ્યું—'બા ક્યાં છે ખાવાનું ?'"

"'ચાલ મારા બાલુડા—ચાલ, જરા આગળ વધ. હું તને ખાવાનું આપીશ.'"

"ચાલતાં ચાલતાં અમે એક તળાવની પાળે જઇ પહોંચ્યાં. મેં એક વખત બચ્ચાંઓને પ્રેમભરી નજરે જોયાં. એ વખતે ખાવાનું મળશે, એ આશાએ તેઓ પ્રફુલ્લિત થઇ ગયાં હતાં. આશાનો અનેરો ચમકાર તેમની આંખોમાં થનગન કરતો નાચી રહ્યો હતો. એ જોઇ હું રડી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જડ્જ ! હું એ બાળકોની હતભાગિની માતા હતી-માતા!'

"એ વખતે જેકસે ફરી કહ્યું—'બા, ખાવાનું આપને !' "

" 'આપું છું !' એટલું કહી મેં આસપાસ આમતેમ જોયું. કોઇ ત્યાં નહોતું. મેં જેકસનું ગળું પકડી લીધું. એ જોર જોરથી બૂમો પાડે તે પહેલાંજ મેં એને ભૂ-પીતો કરી નાખ્યો. એ શાન્ત થઇ ગયો, એનો જીવનદીપક બૂઝાઇ ગયો અને આખરે મેં એને તળાવના પાણીમાં ફેંકી દીધો."

"અણસમજુ બાલિકા મેરી સમજી કે—જેકસને બાએ ખાવાનું આપ્યું અને તેથી તે શાંત થઇ ગયો—મૂંગો રહ્યો. દર્દભર્યા અવાજે દયામણું મ્હોં કરી મેરી બોલી—'બા! મને ખાવાનું આપને ?' "

"એ બાલિકાને એના ભાઇની પાસે પહોંચાડી દેવા મેં મારા હૃદયને મજબૂત બનાવ્યું. મેરીનું નાનકડું સુંદર ગળું મેં એકદમ દબાવી દીધું અને તે એટલા જોરથી કે બિચારી બાલિકાના સુકોમળ શરીરમાંથી તત્કાળ પ્રાણજ્યોતિ નીકળી ગઇ—રહી ગઇ ફક્ત તેની ચેતનહીન કાયા ! તેના મડદાને પણ મેં તળાવમાં પધરાવી દીધું. મારી આંખોમાંથી બે આંસુઓ ટપકી પડયાં. ત્યારપછી હું એજ તળાવમાં જળસમાધિ લેવા—મારાં બચ્ચાંઓને મળવા-કૂદી પડતી હતી એટલામાંજ મને પકડી લેવામાં આવી. ઓ જડ્જ સાહેબ ! આ મારી પાપકથા છે-કષ્ટમય કરુણ કહાણી છે."

ન્યાયાધીશ બોલ્યો—"એરંડેલ ! આ તમારાં બાળકોના જીવન ઉપર બલાત્કાર હતો. શું તમારા સિવાય બીજા ખેડુતો અહીં નહોતા ?"

એ સાંભળી એરંડેલ બોલી—"નહિ, નહિ" તે ગર્જના કરવા લાગી—"હા, હતા અને અત્યારે પણ છે ખરા ! કદાચ સ્નેહમયી માતાઓમાં તમે મને નિર્દયી-નિષ્ઠુર સમજતા હશો."

"હા, તેમજ છે ! "

"પણ એ તમારી જબરી ભૂલ છે."

"કેવી રીતે ? જરા સમજાવ તો ! "

"ન્યાયાધીશ ! તમે ગામડાંઓમાં જઇને જુઓ. ખેડુતોની સ્ત્રીઓ ભૂખથી દિવાની થઇ રહી છે. અન્નવિના તેઓ તથા તેમનાં બાળબચ્ચાંઓ ટળવળી રહ્યાં છે. તેઓને પોતાનીજ ફીકર છે-બચ્ચાંઓની નહિ. એઓ પોતાનાજ રક્તમાંસના પિંડોને ચીરી ચીરીને અને રાંધીરાંધીને ખાઇ રહી છે. તેઓ અંગ્રેજોને-જે જાતિના તમો પોતે પણ એક ગૌરવવાન પુરુષ છો તે જાતિને-લાખો લાખો ધિક્કાર દઇ રહી છે. તેઓની ફિટકાર અને કદુઆઓના શાપનો તમો લોકો ઉપર વરસાદ વરસાવી રહી છે—ચોધાર આંસુડે રોઈ રહ્યાં છે. શું એજ તમારો ન્યાય છે ? શું એજ સામ્રાજ્યસુખ છે ? કહો, ન્યાયાધીશ ! સાફસાફ કહો-સ્પષ્ટ કહો કે, આ તે તમારો કેવો વિચિત્ર જવાબ છે ? અજબ ઇન્સાફ છે ?"

કેવી વિષાદમય કરુણ કહાણી છે ! ન્યાયના શાસનના ભયંકર પરિણામનો વિચાર કરી ન્યાયાધીશની આંખોમાંથી ટપટપ આંસુડાંઓ ખરવા લાગ્યાં; પરંતુ ન્યાયાધીશનું આસન કોઇ ભાવનાઓ પ્રદર્શિત કરવાનું આસન કે સ્થાન નહોતું. એ તો ન્યાયાસન હતું—ન્યાયમંદિર હતું. એ દંડનુ સ્થાન હતું. અહીં કોમળ ભાવોનું સામ્રાજ્ય નહોતું. અહીં તો પ્રમાણોની જીત હતી-પરિસ્થિતિની નહિ. જડ્જ જોસફનું હૃદય પીગળી જવા છતાં પણ તે એરંડેલને કાંઇ પણ સહાયતા કરી શક્યો નહિ.

તેણે કહ્યું—" મિસિસ એરંડેલ ! કોઇ પણ રીતે કોર્ટ તમારી સહાયતા નથી કરી શકતી. એને માટે મને બહુજ દુઃખ થાય છે-પશ્ચાત્તાપ પણ થાય છે ; પરંતુ હું શું કરું ? પરાધીન પ્રાણી સ્વતંત્ર વિચારોની સાથે નથી રહી શકતો. તમે પોતેજ તમારો ગુન્હો કબૂલ કરી લીધો છે. તેથી તમારા ઉપર બાળહત્યાનો ગુન્હો લાગી ચૂક્યો છે. બોલો, તમને કયી સજા વધારે સુખ અને શાંતિદાયક છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું મોતસિવાય બીજું કાંઇ પણ નથી માગતી કે નથી ચાહતી. મૃત્યુદંડજ મારે માટે સુખકારક અને શાંતિદાયક છે-હું પણ તેજ ચાહું છું' માગું છું. હવે મને જીવતા રહેવાની લાલચ નથી અને આશા કે અભિલાષા પણ નથી."

જડ્જ—"તમારે જીવવુંજ પડશે. ન્યાય કહે છે કે, તમને જીંદગી સુધી દેશનિકાલની સજા થવી જોઇએ."

"કેમ વારૂ ?"

"તમે એક ભયંકર પાપ કર્યું છે. તમે કાળે પાણીએ જશો ને ત્યાં રહીને તમારાં પોતાનાં વહાલાં બચ્ચાંઓ માટે પશ્ચાત્તાપ કરતાં રહેશો. તમને એજ સજા કરવામાં આવે છે."

"એ સજા હું નથી કબૂલ કરતી. કાળેપાણીએ મને કોઇ પણ લઇ જઇ શકે તેમ નથી. હું હવે સ્વતંત્ર છું. મારી ઉપર કોઇની પણ સત્તા નથી."

જડ્જ—"તારે જવુંજ પડશે. સિપાઇઓ ! તમારે ગુન્હેગારને લઇ જવી પડશે. આની ઉપર તમારે સખ્તાઇ પણ કરવી પડશે. જાઓ, એને લઇ જાઓ. લેડી એરંડેલ—"

"હું જાઉં છું મિ. જોસફ ! પરંતુ તમે પણ સાંભળી લ્યો. (સિપાઇઓને પોતાની તરફ ધસી આવતા જોઇને) સિપાઇઓ ! જરાક થોભી જાઓ. તમારે મારી ઉપર શક્તિપ્રયોગ કરવાની જરૂરજ નથી. વારૂ મિ. જડજ ! હું તો જાઉં છું, પણ તમને એ જણાવવા માગું છું કે, આ ખૂનની સજા તમે નથી કરી. આ તો ગરીબાઇ માટેની સજા છે. શું એ તમે સમજી શકો છો ? મારી ઉપર બાળહત્યાનો ગુન્હો છેજ નહિ; પણ વર્તમાન સરકાર—નીચ ને સ્વાર્થી લોકોના ક્રૂર કુરાજ્ય...નો અપરાધ છે. સરકાર દરવર્ષે વગર ઉપકાર કર્યે પ્રજાની પાસેથી જમીન મહેસૂલ વગેરેના રૂપમાં કરોડો ડૉલર વસુલ કરે છે. તે સરકારે આપત્તિને વખતે-વસમી વેળાએ ગરીબ બિચારી રાંકડી રૈયતની સહાયતા ન કરવી જોઇએ ? શું એ એનો ધર્મ નથી ? શું એ તેમની ન્યાયી ને યોગ્ય ફરજ નથી ? મિ. જડ્જ ! સાંભળી લ્યો અને એ સ્મરણમાં રાખો કે, આ અન્યાયી સત્તા વધારે દિવસ ટકી રહેશે નહિ. તરતમાંજ તમારી જાતિનું સત્યાનાશ થઇ જશે—તમારો ઓટલો વળી જશે ! એ પણ ન ભૂલશો કે, આ અમેરિકામાં થોડાજ સમયમાં એવો તો જબરદસ્ત ને દારુણ દાવાનળ સળગી ઉઠશે કે જે તમને બાળીને રાખખાખ બનાવી દેશે અને આ પ્રાંત સ્વતંત્ર થઇ જશે. તમારૂં પોતાનુંજ રક્ત તમારો જબરો શત્રુ થઈ પડશે. તમારાંજ અંગો ફાટી જશે અને તમને પીડા દેવા લાગશે. આખરે એક દિવસ એવો આવશે, કે જ્યારે તમારૂં નામજ નહિ રહે. દુષ્ટો ! ગરીબોને સતાવી સતાવીને રાજી થનારા શયતાનો ! તમારો થોડાજ સમય બાદ નાશ થઇ જશે. તમારી સંઘશકિત કાંઇ પણ કામ નહિ લાગે. કાયરો ! કુટિલ નીતિજ્ઞો ! તમારા કાયદાઓ અને ન્યાયની ઉપર દુનિયા ખડખડ હસશે. ભાઇ ભાઇ જૂદા જૂદા પક્ષોમાં સામેલ થશે. તમારૂં ભયાનક પતન થશે. દુનિયામાંથી તમારૂં નામનિશાન પણ મટી જશે. જો રહી જશો તો હાથ ચોળી ચોળીને રડશો અને સડી સડીને મરી જશો. મિ. જડ્જ ! મારાં આ વચનો તમારાપ્રત્યેની મારી શત્રુતાનાં નથી, પણ મારા દારુણ દુઃખમય અંતઃકરણનો ખરેખરો અને ભયંકર શાપ છે ને તે જરૂર ફળશેજ ! મિ. જોસેફ ન્યાયાધીશ ! જુઓ, આકાશ તરફ નજર કરી જુઓ, પરલોક—સ્વર્ગ—તમારી ઉપર થુંકે છે. તમને દુનિયામાંથી ઉઠાવી લઇ જવા માટે શયતાન તૈયાર થઇ ગયો છે—ઉભો છે. તમે ક્રોધના પાત્ર નહિ પણ પતિત થનારા ને દયાને પાત્ર છો. પરમાત્મા તમને ક્ષમા કરે. સિપાઇઓ ! મને જલદી લઇ ચાલો. આ ન્યાયાધીશ છતાં પણ અંગ્રેજજ છે ને પામર છે. એને હૃદય નથી. હૃદય હોય તોપણ તે નિષ્ઠુર છે, નિર્દય છે. એ મનુષ્યત્વહીન પામરનું મ્હોં પણ હું નથી જોવા માગતી. ચાલો, ભાઇઓ ! ચાલો. મિ. જડ્જ ! તમને આ મારી આખરી સલામ છે."

અદાલતની ભીડમાંથી "હિયર, હિયર" ને "બ્રેવો-બ્રેવો" ના અવાજો નીકળવાથી અદાલત ગર્જના કરવા લાગી. ગુન્હેગાર સ્ત્રી સિપાઇઓની સાથે કેદખાના તરફ ચાલી નીકળી. મિસિસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરંડેલના મુખ ઉપર કાંતિ હતી, શૌર્યનાં ચિહ્નો હતાં અને શોકના તરંગો-ભાવો તે ઉપર તરવરી રહ્યા હતા.

આજે આખી દુનિયા શાંત જણાય છે. સંધ્યાનો સમય હોવાથી આકાશમાં ભગવાન સૂર્યનારાયણ પણ શાંત લાગે છે. સ્વચ્છ આકાશમાં વાદળના બે ચાર ટુકડાઓ આમતેમ ફેલાઇ ગયા છે. એ ટુકડાઓ સૂર્યની મનોહર રતાશને લીધે બહુજ રૂપાળા લાગે છે. વિશાળ સમુદ્ર પણ બધી રીતે શાંત છે. ફક્ત જળના બે ચાર તરંગો ઉત્પન્ન થઇ આમતેમ મજેથી નાચે છે એટલુંજ ! એ સાગરના વિશાળ પટ ઉપર બ્રિટીશ કેબલેટ નામની સ્ટીમર વેગથી ચાલી જાય છે. એમાંના મુસાફરો કોઇ વખતે જમવા જાય છે તો કોઇ વખતે સમુદ્ર અને આકાશના મનમોહક દેખાવો જોવા માટે ડેક ઉપર આવીને ઉભા રહે છે. કોઇ કોઇ તો આગબોટનાં મશીનો જોવા માટે તેમાં નીચે ઉતરી જાય છે. એ આગબોટના એક ઓરડામાં એક અબળા સ્ત્રી ગુપચુપ બેઠી છે. વહાલા વાચક ! એજ સ્ત્રી મિસિસ એરંડેલ છે. આજે એ ક્રસ્કે ક્રસ્કે રડી રહી છે. એનું આપત્તિમય અંતઃકરણ ઉદાસ થઇ ગયું છે. દુઃખોથી બળી ગયેલી અબળાના અંતઃકરણમાં આત્મવેદના સિવાય બીજું શું રહી શકે તેમ છે વારૂ ? એનો સંસાર નષ્ટભ્રષ્ટ થઇ ગયો છે. માળામાંથી પક્ષીઓ પોતાની પાંખો પહોળી કરીને ઉડી ગયાં છે અને સ્વતંત્રતાની પ્રેમી પંખિણીને જબરદસ્તીથી પરાધીનતાનાં પાશવિક બંધનોથી બાંધી લેવામાં આવી છે. આજે-અત્યારેજ મિસિસ એરંડલ વિચાર કરી રહી છે કે, ખરેખર હું ગુન્હેગારજ હતી. મારે મારાં બાળકોનાં ખૂન કરવાની શી જરૂર હતી ? શું મજુરી કરવાથી પેટનો ખાડો પૂરવા પૂરતું નજ મળી શકત ? ના, મજુરી મળતીજ નહોતી. એવી હાલતમાં ખરેખર મારાં વહાલાં બાળકોનું ભરણપોષણ કરવાનું મારે માટે બધી રીતે અસંભવિત હતું--મારાથી ન બનવા જોગ કામ હતું ! વહાલા દીકરા જેકસ ! મેં તને અને તારી બહેન મેરીને પોતાના સ્વાર્થમય યજ્ઞકુંડમાં હોમી દીધાં આહુતિ બનાવી બલિદાનની વેદી ઉપર વધેરી નાખ્યાં, છૂંદીછૂંદીને ચગદી પણ નાખ્યાં ! તે વખતે તમે અજ્ઞાન બાળકો હતાં; પણ હવે પરલોકમાં, મારાં વહાલાં ભૂલકાંઓ ! તમે અજ્ઞાન નહિજ રહી શકો ! હાય, પ્યારા પુત્ર જેકસ-ઓ મેરી ! આજે તમારૂં સ્મરણ મને વિહ્વલ બનાવી દે છે. મને માફ કરજો. મારાં વહાલાં ભૂલકાંઓ ! અરે...પણ આ શું ?...

એ અબલા ઓરતે જોયું કે, સમુદ્રના ચંચલ તરંગો ઉપર બે દિવ્ય બાળકો તરી રહ્યાં છે. આહ ! સૌ શાંત થઇ ગયું. જાણે કે આગબોટ ઉભી રહી ગઇ હોયની ! તરંગોપર રમતાં બાળકો જેકસ અને મેરી છે, તેમનું મુખમંડળ મધુર મધુર હાસ્યની ઝાંખીથી ચમકી રહ્યું છે. કદાચ, હવે તેઓ ભૂખ્યાં નહિ હોય ! એકાએક સમુદ્રનાં હાથીસમાં મોજાંઓ શાંત થઈ ગયાં. એ બાળકો સાગરના તરંગો ઉપર ઉભાં રહી ગયાં. ધામે ધામે પછી તેઓ પોતાની પાસેજ જાણે આવી ઉભાં હોયની, એવો મિસિસ એરંડેલને ભાસ થઇ આવ્યો. એ બાળકોનાં મુખ ઉપર તિરસ્કાર અને ધૃણાના ભાવો ચમકી રહ્યા હતા. જેકસ જાણે પોતાની સ્નેહમયી માતાને કહી રહ્યો હતો કે "બા, બા ! તું આ પાપી લોકોના પંજામાં કેમ આવી ગઇ છે ? બા ! આ ન્યાય નથી. આવ, અમે તને બચાવી લઇશું."

મેરીએ પણ જાણે કહ્યું કે " બા ! ચાલી આવ. તારી દયાકૃપાથી અમે સુખી છીએ માડી !"

"અહા ! મારી દયાનું સ્મરણ કરાવી મને તિરસ્કારમય શબ્દોનું લક્ષ્ય બનાવી રહી છે— મને તરછોડી રહી છે. એણે તે તરફથી આંખો ફેરવી લીધી. આંખો ફેરવી લેતાંજ તે જે ઓરડામાં હતી તેના એક ખૂણામાં ફરી બાળકોનાં મધુર મુખ દેખાવા લાગ્યાં. બારીમાંથી બીજી તરફ જોયું તો ત્યાં પણ બાળકો ઉભાં ઉભાં કહી રહ્યાં છે કેઃ—

"માતા-માતા ! આ ન્યાય નથી."

હવે આ નારીને નિરાંત ક્યાં મળી શકે ? ખરેખર અહીં ન્યાય નથી. શું મારો એજ ન્યાય હતો ? ઓ પરમાત્મા ! શું દુનિયામાં તારી હસ્તી છેજ નહિ ? અને જો હોય તો તું શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઇ રહ્યો છે? શું તું નહિ જાગે? સારૂં, હવે હું પોતેજ તમારી નિદ્રા, તમારી પાસે આવી દૂર કરવાની કોશીશો કરીશ. તમામ દુનિયા સુખમાં છે તો પછી મનેજ શા માટે દુઃખની ભયંકર જ્વાલામાં નાખી દીધી-રે હોમી દીધી? મોતજ મારી માતાની પવિત્ર સોડ છે અને તેજ મને આરામ આપી શકશે. થોભો, ઓ વહાલાં બચ્ચાંઓ! જરાક થોભી જાઓ, આવું છું. ખરેખર અહીં ન્યાય છેજ નહિ!

એણે ફરી બારીમાંથી જોયું તો બાળકો અદૃશ્ય થઇ ગયાં હતાં.

હવે ગુન્હેગારને જીવનનો મોહ થવા લાગ્યો. ઓહો! જીવન કેટલું બધું સુંદર અને કેટલું મોહક છે! એની સૌંદર્યમય સુંદરતામાં મૃત્યુને કાંઠે પહોંચી ગયેલો માણસ પણ મોહિત થઇ જાય છે, મુગ્ધ બની જાય છે, જીવનની તરફ તે લાલસામય તરંગોવડે જોવા મંડી જાય છે. નહિ, જીવનને વેડફી દેવાની જરૂરજ શી છે? એવો વિચાર કરી એરંડેલે આંખો ઉઘાડી તો તેને ફરી પણ પોતાનાં બાળકો દેખાયાં. તેમનાં મુખ ઉપર તિરસ્કારમય ભાવો ઉછળતા હતા અને આંખો પણ તેવાજ ભાવોથી ભરેલી હતી અને તેઓ તેની તરફ જોઈ જોઇ ઘૂરકે ઘૂરકે રહી રહ્યાં હતાં.

હવે એનાથી રહી શકાયું નહિ. હવે એણે નિશ્ચય કરી લીધો કે, જ્યાંસુધી આ જીવન છે ત્યાંસુધી આ ભયંકર દેખાવ દેખાતો બંધ થશે નહિ. હું જીવતી રહું પણ શામાટે? શું એજ અન્યાયી અધિકારીના અન્યાય સહન કરવા માટે? એ નહિ બને. અને બની શકશે પણ નહિ. એવો વિચાર કરીને તેણે મરવાનો નિશ્ચય કરી લીધો.

ઓરડીનો દરવાજો બંધ હતો. એ બહાર આવવા માગતી હતી, પણ આવી શકી નહિ. હવે એવો સમય હતો, કે જ્યારે તે મરવા માગતી હતી પણ સાધન નહોતું. ફક્ત બારીએ લોઢાના ગજ બેસાડેલા હતા.

મરનાર આખરે મરવાનું સાધન ખોળીજ કાઢે છે. એરંડેલે ગુપચુપ એક ભોંયરાનો દરવાજો ઉઘાડયો અને તે રસ્તે તે એક નીચેના ઓરડામાં પહોંચી ગઇ. અહીં સ્વચ્છ પાણી ભેગું કરવાનો ઓરડો હતો. પાણી છોડવા માટે ત્યાં એક ચક્કર લગાડેલું હતું.

મિસિસ એરંડેલે-દુઃખી અભાગણીએ-એક વાર આમ તેમ જોયું. પછી આકાશ તરફ જોયું. થોડી વાર તે તે તરફજ જોતી રહી. એ દૃઢનિશ્ચયથી ઉઠીને એક સિંહણની જેમ ઉભી થઇ ગઇ. એનામાં જેટલી શક્તિ હતી તે બધી એકઠી કરી તેણે જોરથી-ખૂબ જોરથી-લોઢાના ચક્કર ઉપર એક નારિયેળની જેમ-માથું પછાડયું! ચક્કરે અટ્ટહાસ્ય કર્યું અને ગુન્હેગાર સ્ત્રી મિસિસ એરંડેલ હમેશને માટે શાન્ત ગઈ ગઈ. એનાં કાર્યોનો અંત થઇ ગયો.

એ અપરાધી સ્ત્રીનાં અધિકારીઓ પ્રત્યે નીકળેલાં શાપવચનો ઘણા કાળ સુધી આકાશમા ગર્જના કરતાં રહ્યાં. કોણ કહી શકે છે કે, મિસિસ એરંડેલનો એ ભયંકર શાપ સફળ થયો કે નહિ?

અમે પણ અમારા વાચકોને નમ્રતાથી પૂછીએ છીએ કે—આપ પોતેજ કહો કે, આમાં અપરાધી-ગુન્હેગાર-હતું કોણ?

("ચિત્રમય જગત" ના અંકમાંથી. લેખકઃ-શ્રી. પંડિત ઉદયચંદ વૈદ્ય.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૭–ક્રૉસ લઈને આવેલા પરોણાઓ

"જ્યાંથી જ્યાંથી મિશનરીઓની પૂર્ણ હકાલપટ્ટી થઈ, ત્યાં ત્યાં સ્વરાજ્ય ટક્યું અને બાકીના દેશ યૂરોપીયનોએ ગળા નીચે ઉતારી દીધા. જાપાનના સ્વાતંત્ર્યનું કારણ ખ્રિસ્તીધર્મનો સમૂળ ઉચ્છેદજ છે, એમ અમને લાગે છે."

× × × × ×

એશિયા ખંડમાંના જૂદા જૂદા દેશોને પાશ્ચાત્યોએ કેવી રીતે હોઇયાં કર્યા, એ સમજવાને ઉપલો ઉતારો સારો ઉપયોગી થશે. એશિયા ખંડને જીતવા સારૂ પ્રથમ પ્રવાસીઓ આવ્યા અને એ પ્રવાસીઓ પોતાની સાથે પાદરી લોકને લેતા આવ્યા. ત્યારપછી વેપારી આવ્યા અને છેવટે તરવારે આવીને એશિયા ખંડને પાદાક્રાંત કર્યો. ક્રૉસ, ત્રાજુડી અને તરવાર, એ આપણા એશિયાટિક રાષ્ટ્રોના ગળામાં ફાંસો નાખવા સારૂ તૈયાર કરેલાં ત્રણ સાધનો હતાં. તો આ એશિયા અંકમાંના નિરનિરાળા વિષયો વાંચતાં પહેલાં જે ખ્રિસ્તી ધર્મે આપણા દાસ્યનો પહેલો ફાંસો નાખ્યો તેનો સંક્ષેપમાં ઇતિહાસ જોઇએ.

એશિયાખંડ શોધવાને આવેલા વાસ્કો ડી ગામા, ફર્ડિનાન્ડ મૅગલિન અને અલબુકર્ક વગેરે પ્રવાસીઓ સંબંધેની હકીકત વાચકવર્ગને જ્ઞાત છે એમ સમજીને અમે પ્રથમ ધાર્મિક પારતંત્ર્યના પ્રશ્નને હાથમાં લઇએ છીએ. હિંદુસ્તાન, જાવા, સુમાત્રા, ચીન, જાપાન વગેરે દેશોમાં પાશ્ચાત્ય રાષ્ટ્રોમાંથી જૂદાં જૂદાં મિશન આવ્યાં, એ બધાંએ પોતાની પુણ્યાઇ ખર્ચીને એશિયાખંડની ભૂમિ પાશ્ચાત્ય લૂંટારાઓના પરાક્રમને માટે અચ્છી રીતે તૈયાર કરી રાખી. એ તમામ મિશનરીઓના પરાક્રમનાં ગુણગાન પાશ્ચાત્ય લેખકોએ ગાયાં છે. એ પ્રત્યેક મિશનના કાર્યનો અમારે વિચાર કરવાનો નથી; કારણ આ ઇતિહાસ કહેવાનું સ્થળ નથી, પણ આપણા અગે લાગેલી આગનુંજ માત્ર અમારે નિરીક્ષણ કરવાનું છે.

હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરનાર પહેલો વીર થૉમસ નામનો હતો. તેણે બહુ જૂના કાળમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો હતો; પણ પોર્ટુગીઝોએ હિંદુસ્થાન જીતવાની શરૂઆત કરી ત્યારથી ખ્રિસ્તી પાદરીઓને આપણા દેશના જંગલી, અજ્ઞાની, ખોટા ધર્મની ને ખોટા દેવોની આરાધના કરનારા લોકોની કરુણા આવી ને આપણને અજ્ઞાનપંકમાંથી તેમજ નરકમાંથી છોડાવવાને તેમને વધુ સગવડ મળી. યૂરોપમાં ઇગ્નેટસ લૉયલાએ જેસુઇટ પંથ સ્થાપ્યો અને ૧૫૪૧ માં ફ્રાન્સિસ ઝેવિયર હિંદુસ્થાનમાં આવવાને નીકળ્યો. ઝેવિયર સાહેબની ધર્મભાવનાનો સાગર પોતાને આટલા બધા અજ્ઞ લોકોને ધાર્મિક ગુલામગીરીમાંથી છોડવવાનું શ્રેય મળશે એવી કલ્પનાથી ઉછળવા લાગ્યો અને જે લોકોને વટલાવવાના છે તેમની ભાષા તો પોતાને આવડવી જોઇએ એ વિચાર પણ તેમને સૂઝ્યો નહિ. ઝેવિયર સાહેબને હિંદુસ્થાનમાં વટલાવવાનું કામ કરવા સારૂ કુલમુખત્યારી આપવામાં આવી. ઝેવિયર સાહેબ હાથમાં એક ઘંટા લેતા ને રસ્તામાં તે ઘંટા વગાડતા જતા. છોકરાંઓ તેમની પાછળ લાગતાં, પણ એ છોકરાંઓનેજ તેઓ ઇસુખ્રિસ્તના પવિત્ર બાયબલમાંનાં વાક્યો બોલાવતા અને તે વાક્યો તમારાં માબાપ પાસે પણ બોલાવો એવો ઉપદેશ કરતા. આગળ જતાં તેમણે ગોવામાં શાળા અને કૉલેજ કાઢયાં. ધર્મપ્રસારને માટે આ શિક્ષણસંસ્થાઓનો સારો ઉપયોગ થશે એવી તેમની કલ્પના હતી; પણ એ સંસ્થાઓનો ખર્ચ કેવી રીતે નિભાવવો એની તેમને ચિંતા થઇ પડવાથી તેમણે એક નવોજ માર્ગ શોધી કાઢયો. ગોવામાં જે હિંદુ લોકોનાં દેવળો હતાં તે દેવળો તેમણે લશ્કરી સિપાઇઓની મદદથી ઉધ્વસ્ત કર્યાં અને એ દેવળોમાંની મૂર્તિના દાગદાગીના, હીરા, માણેક, મોતી વગેરે અમૂલ્ય સંપત્તિ લૂંટી લઇને તેનો વિનિયોગ આ સંસ્થામાં કર્યો. ત્યારપછીના કાળમાં ગોવાની અંદર મિશનરીઓએ અત્યંત રોમાંચકારી એવા અત્યાચાર કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેવિયરે વચમાં હિંદી અને મલાઇ ભાષાનો ભાગ્યોતૂટયો પરિચય કરી લીધો. પછી તે ગોવાથી આગળ મલબાર તરફ વળ્યો. આ આખો મલબાર પ્રાંત પોર્ટુગીઝોના કબજામાં આવ્યો હતો. અહીં સુદ્ધાં ઝેવિયર ઘંટા વગાડતો ફરવા લાગતો. છોકરાંઓ તેની પૂંઠે લાગી તેની રેવડી ઉડાવતા. પણ કોઈ પણ પ્રકારે શ્રોતા મળ્યા કે એનું કામ ચાલતું. પછી તે એક મોટા પથ્થર ઉપર ઉભો રહેતો. અને લૅટિન, સ્પૅનિશ, ઇટાલિયન, ફ્રેંચ વગેરે ભાષાઓનો આધાર લઇને અને સાથે સાથે હાથપગના ચાળાની મદદ લઇને ઉપદેશ શરૂ કરતો. છેવટે તે ક્રૉસ કાઢતો. એ ક્રૉસનું પોતે ચુંબન લઈ લોકોની પાસે પણ ચુંબન લેવરાવતો. પછી તે પ્રત્યેક જણને એક એક માળા બક્ષીસ આપતો. કેવળ ચુંબન કર્યાથી ને એકલી માળા ફેરવવાથી તમે વટલાયા એમ તે કહેતો. વટલાવવાના આ પ્રકાર સિવાય બીજો પ્રકાર વધુ પ્રભાવશાળી હતો. તે પોર્ટુગીઝ સિપાઇઓની મદદથી હિંદુનાં દેવળો તોડી નાખતો, અંદરની મૂર્તિઓના ટુકડા કરતો, એજ જગોએ પવિત્ર ઇસુનાં દેવળો ઉભાં કરતો ને એ દેવળોમાં ક્રૉસપર લટકનારા ઇસુની મૂર્તિ સ્થાપતો. આવાં દેવળો તેણે કેટલાં ઉધ્વસ્ત કર્યાં એનો પત્તોજ નથી. તરુણો જો ધર્માન્તર કરે તો બહુ ઉત્તમ, એવા ઉદ્દેશથી તેણે શાળાઓ કાઢી ને એ શાળાઓમાં સૈનિકોની ધાકથી છોકરાંઓને આવવાની ફરજ પાડી. અનેક ઠેકાણે શાળાઓ ઉઘાડવાને કાર્યકર્તાઓની જરૂર પડવા લાગી. ઇગ્નૉટસ લૉયલાને લખવામાં આવ્યાથી તે આવા કાર્યકર્તાઓને આપણા ઉદ્ધારને માટે બોટો ભરીને મોકલવા લાગ્યો. એમનું મુખ્ય કેંદ્ર ગોવાની કૉલેજ હતું. ત્યાં આગળ ઝેવિયરે ૧૨૦ હિંદુ છોકરાંને લશ્કરી સખ્તાઇથી આણીને વટલાવ્યા ને તેમને પોતાના જાતભાઇઓને વટલાવવાનો હુકમ કર્યો. સિલોનમાં આવેલા કંદીના રાજાને તેની આસપાસ લશ્કરી અધિકારીઓ ઉભા રાખીને આવીજ રીતે વટલાવવામાં આવ્યો અને તેના પ્રજાજન તેમજ અધિકારી પૈકી જેઓ વટલાવાને રાજી નહિ હોય તેમની માલમત્તા જપ્ત કરવામાં આવશે એવો હુકમ કાઢયો. આવા પ્રકારની બળજબરીના ધર્માન્તરને લીધે દરરોજ હજારો લોક ખ્રિસ્તી થવા લાગ્યા ને ઝેવિયર સાહેબને બાપ્ટિસ્મા વિધિ કરવા સારૂ દિવસ ને રાત્રિ અધુરાં જણાવા લાગ્યાં.

આ ધર્માંતર કેવળ નામનું હતું. વટલાયલા લોકોને પાદરીઓ ખ્રિસ્તી કહેતા એટલુંજ, પણ તેમનાં પગલાં ત્યાંથી ગયા પછી તરતજ આચારવિચારથી પૂર્ણ હિંદુ એવા આ વટલાયલા લોકોને બ્રાહ્મણો ફરીથી પોતાના ધર્મમાં લેતા. આ પ્રકાર જોઈને ઝેવિયર તથા તેના દોસ્ત અંતોન ક્રિમિનલનો પિત્તો ખસી ગયો અને તેમણે બ્રાહ્મણોનો અનન્વિત છળ કરવાની શરૂઆત કરી. આ છળ મનુષ્યત્વને કલંક લગાડનારો હતો અને એ કૃત્ય પવિત્ર ઇસુખ્રિસ્તના અનુયાયી-એક ગાલમાં મારવાથી બીજો ગાલ આગળ કરવો આમ કહેનારા—કરતા હતા! આ છળ અસહ્ય થવાથી જે લોક હજુ સુધી હિંદુ રહ્યા હતા તેમની પાસે બ્રાહ્મણોએ મદદને માટે યાચના કરી. ત્યારપછી આ પોર્ટુગીઝો વિરુદ્ધ લડાઇ થતાં એ લડાઇમાં આ અંતોન ક્રિમિનલ તેમજ બીજા અનેક પોર્ટુગીઝ લોક માર્યા ગયા. આ કતલને લીધે મિશનરી લોકોનો જુલમ કંઇક કાળ ઠંડો પડયો, પણ ફ્રાન્સિસ ઝેવિયર એ કંઇ આવા બનાવથી ગભરાઇ જાય એવો નહોતો. એણે વટલાયલાઓની શુદ્ધિ કરી લેનારા બ્રાહ્મણો ઉપર વેર લેવાનું નક્કી કર્યું. એણે ગોવામાં એક ધર્મમંડળ સ્થાપ્યું ને એ મંડળનો તે પોતે અધ્યક્ષ થયો. આ મંડળના હાથમાં એકજ કામ હતું. તે એ કે, જે બ્રાહ્મણ વટલાયલાઓને પોતાના ધર્મમાં પાછા લે ને ખ્રિસ્તી ધર્મના વધતા જતા પ્રસારને અડચણ કરે, તેમને અત્યંત ભયંકર અને અમાનુષપણે સજા કરવી આ શિક્ષા કરવા સારૂ તેણે લશ્કરની મદદ માગી ને તે તેને મળી. આ નીચ ફરમાનને લીધે ઘણા બ્રાહ્મણોને ફાંસીને લાકડે લટકવું પડયું અથવા તેમને જન્મટીપ કે હદપારી મળી અને તેમની માલમત્તાની ધૂળધાણી થઇ ને સંપત્તિ મિશનરીઓના તાબામાં ગઈ. આ પ્રકારને લીધે કેટલાક બીકણ લોક મૃત્યુની શિક્ષા ચૂકવવા સારૂ કિંવા આગની પ્રચંડ જ્વાળામાં જીવતાં બળી મરવા કરતાં ખ્રિસ્તી થવું સારૂં એમ કહેવા લાગ્યા. કપટજાળ, વિધ્વંસ, ખૂન, તુરંગ ઇત્યાદિક આસુરી સાધનોવડે ઝેવિયરે હિંદુસ્થાનમાં ધર્મપ્રસાર કર્યો. આવી રીતે આ રાક્ષસે હિંદુસ્થાનમાં ધીંગાણું કર્યા પછી જાપા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમાં પણ તેવુંજ પરાક્રમ કરવાની તેને બુદ્ધિ થઇ અને તેણે જાપાન તરફ પોતાનો મોરચો માંડ્યો.

ઝેવિયર અને એંજર નામના એક જાપાની ગૃહસ્થે સાઝુમા રાજાના રાજ્યમાં પગલાં કર્યાં. ઝેવિયરે પ્રથમ એંજરને પોતાના પવિત્ર ધર્મની દીક્ષા દીધી. એ એંજરનું જાપાનના બાદશાહ આગળ સારૂં વજન હોવાથી બાદશાહે ઝેવિયરનું અચ્છી રીતે સ્વાગત કર્યું; એટલુંજ નહિ પણ તેને પવિત્ર ધર્મપ્રસાર કરવાને પરવાનગી સુદ્ધાં આપી. ઝેવિયરને જાપાની આવડતું નહોતું, પણ તેની ઘંટા તેમજ યૂરોપમાંની બધી ભાષાઓનું મિશ્રણ, એની સહાયથી તે ત્યાંના લોકો આગળ બડબડ કરવા લાગ્યો. ત્યાંના લોક હિંદુ લોકના જેવા ભોળા અને મૂર્ખ નહોતા. તેમને આ પ્રકાર લુચ્ચાઇભર્યો લાગ્યો. અહીં આગળ પોતાની દાળ ગળતી નથી એ જોઇને ઝેવિયર બૉંઝ બન્યો. બુદ્ધધર્મમાંના શ્રેષ્ઠ ભિક્ષુને બૉંઝ કહેતા. તેમનામાં અને રોમન કૅથોલિક ધર્મમાંના આચારોમાં પુષ્કળ સામ્ય હોવાને લીધે ઝેવિયરને સારી તક મળી; પણ ત્યાંના ધર્મગુરુઓને આ ભામટો બૉંઝ બનવાથી અત્યંત ગુસ્સો આવ્યો અને આ લુચ્ચા બૉંઝને લીધે આપણા ધર્મ ઉપર સંકટ આવશે એવી પોતાના રાજા પાસે તકરાર કરી. લગભગ બંડ કરવાની લોકોની પ્રવૃત્તિ જોઇને રાજાએ પોતાનું ધોરણ બદલ્યું. એણે ઝેવિયરને કહ્યું કે, તું જો એક ક્ષણ પણ અમારા રાજ્યમાં રહેશે તો તને ઠાર મારીશું અને પોતાની પ્રજાને હુકમ કર્યો કે, જે કોઈ ખ્રિસ્તીધર્મ સ્વીકારશે તેને પણ જીવથી જવું પડશે.

ઝેવિયર સાહેબને એ રાજ્ય છોડીને ગયા સિવાય છૂટકોજ નહોતો; પણ એજ જાપાનના બીજા એક પ્રાન્તપર ફરાંડો નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનું ને ઉપલા રાજાનું પરસ્પર વેર હોવાથી ઝેવિયર ફરાંડોની પાસે ગયો. ફરાંડોએ તેને ધર્માન્તરની ચળવળ કરવાની પરવાનગી આપી અને ઝેવિયરે માત્ર વીસ દિવસમાં અનેક લોકોને વટલાવ્યા. ત્યારપછી તેણે જાપાનના અન્ય સ્થળે જવાના પ્રયત્નો કર્યા, પણ તે બધા નિષ્ફળ ગયા. પછી તે બુદ્ધ ધર્મના મૂળસ્થાન તરફ–ચીન તરફ–વળ્યો. ચીન દેશને ખ્રિસ્તમય કરી નાખ્યા પછી આત્મઘાતકી જાપાની લોક પોતાના કાબુમાં આવશે એવી તેની કલ્પના હતી; પણ ચીનમાંનો પહેલો મુકામ અચાનક નીવડ્યો. ત્યાંના રાજાએ આ બૉંઝને જો કે આશ્રય દીધો તથાપિ એ દેશના બૉંઝોએ તેને હાંકી મૂકવાની રાજાને ફરજ પાડયાથી બિચારા ઝેવિયરને વીલે મોઢે કંતાન તરફ જવાની ફરજ પડી. કંતાનમાં આવ્યા પછી તેણે પેકિંગમાં જવા સારૂ પોર્ટુગીઝ વાયસરૉયનો પત્ર માગ્યો. વાયસરૉય પત્ર આપવાને નાખુશ હતો; પણ એક વેપારીને આ સારી તક છે એમ લાગ્યા ઉપરથી તેણે અપાવરાવ્યો. ઝેવિયરે પોતાનો માર્ગ મલાયા તરફથી જવાનો નક્કી કર્યો. તે એક સાદા વેપારીતરીકે પેકિંગના એલચીખાતામાં જતો હોવાથી તેને સંશય ઉપરથી પ્રતિબંધ થયો; પણ એટલાથી કંઈ આ વીર ડગમગ્યો નહિ ને એક નાનકડી બોટમાં બેસીને નાસી છૂટયો. તેને ત્યાંથી ગુપચૂપ પેકિંગમાં જવું હતું; પણ આવી ભામટાગિરી ઈસુખ્રિસ્તને ન ગમવાથી ઝેવિયર સાહેબ તાવથી આજારી પડયા ને ઇસુના દેહમાં વિલીન થયા. આ ઝેવિયરની એક મોટી કબર ગોવામાં બાંધેલી છે. ઝેવિયરે કુમાર્ગનો આશ્રય કરીને ખ્રિસ્તી ધર્મ ફેલાવવાનો કેવો પ્રયત્ન કર્યો એ આપણે જોયું. ઝેવિયર એ એક જબરદસ્ત ધર્મપ્રસારક હતો તેથીજ તેના કાર્યનું અવલોકન કરવું પડયું. ત્યારપછી ઇતર ધર્મોપદેશકોએ તેનાથી પણ વધારે નીચતા કરી. ઝેવિયરના મૃત્યુ પછી તેના નામની શાળા, કૉલેજો, રૂગ્ણાલયો, અનાથાલયો વગેરે ધર્મપ્રસારને માટે કાઢવામાં આવ્યાં.

ખ્રિસ્તી મિશનરીઓ ધર્મપ્રસારને માટે જૂદી જૂદી જાતના માર્ગ યોજતા ને પોતે બ્રાહ્મણોના જેવો પોશાક પહેરતા તથા પોતે હિંદુના કરતાં જૂદા નથી એમ બતાવવાનો પ્રયત્ન કરતા. તે હિંદુઓને કહેતા કે, તમે તમારાં નામ, આચારવ્યવહાર બધું હિંદુ પ્રમાણે કરો, પણ ફક્ત બાપ્ટિસ્મા લ્યો એટલે થયું. બ્રાહ્મણવેષધારી આ મિશનરીઓ, પ્રસંગ આવતાં અમે ખ્રિસ્તી નહિ પણ હિંદુ છીએ એમ સુદ્ધાં કહેતા અને ખ્રિસ્તના ક્રૉસને પગતળે છુંદવા ઉપરાંત ગમે તેવી નિંદા કરતા. આવી જાતનાં એક બે ઉદાહરણ આપ્યા સિવાય આગળ વધવું યોગ્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિટર ફ્રૉન્સ્ટન્ટાઈન નામનો એક પાદરી હિંદી અને સંસ્કૃત ભાષા ઉત્તમ શીખ્યો હતો. બ્રાહ્મણના આચાર તે એટલા બીનચૂક પાળતો કે, તેને તમામ લોક મહાન સાધુ કહેવા લાગ્યા. તેની કીર્તિ રાજાના કાનપર પહોંચી. એ સાધુનાં કાવ્ય ચારે તરફ પ્રસરવા લાગ્યાં. રાજાને જ્યારે આ બ્રહ્મર્ષિની હકીકત જાણવામાં આવી ત્યારે તેને પોતાનો પ્રધાન અને મુખ્ય મંત્રી બનાવ્યો. આ પિટર સાહેબ પૂરેપૂરા બ્રાહ્મણ બન્યા. ઘોડાપર બેસીને તે રૂઆબભેર ફરવા જતો. પાલખીમાં બેસીને પણ ફરતો. તેના આગળ મસાલો બળતી અને આજુબાજુના અશ્વસ્થ સિપાઇઓ રણશિંગું ફૂંકીને તેનું આગમન જાહેર કરતા. તેની આ લુચ્ચાઇ ઘણા દિવસ ચાલુ રહી હતી.

બીજો એક પાદરી તદ્દન હલકી જાતના લોકોમાં જઇને મળતો. તે એક વેશ્યાને ત્યાં જઈ તેનો વિશ્વાસુ માણસ બન્યો. તે એ વેશ્યાની સાથે ગાવું, બજાવવું, નાચવું ને દારૂ પીવો ઇત્યાદિ નિંદ્ય બાબતો કરતો. એ વેશ્યા ખ્રિસ્તી થવાને તૈયાર હતી. ખ્રિસ્તીધર્મ વેશ્યાવૃત્તિનો તિરસ્કાર કરે છે એમ તેની જાણમાં આવ્યું; પણ આ પાદરીએ તેને કહ્યું કે, તમે મજેથી વેશ્યાનો ધંધો કરો, પણ તમારા ઉત્પન્નનો કેટલોક ભાગ પવિત્ર દેવળોને આપો એટલે થયું. આવી નીચ અને નિંદ્ય રીતે આ પાદરી લોકો ધર્માંતર કરાવતા હતા.

જાપાનમાંનો આ ખ્રિસ્તીધર્મનો પ્રસાર આપણે થોડોક જોયોજ. ત્યારપછી જાપાનમાં આ ધર્મે વિસ્તૃત પ્રમાણમાં હાથપગ પસાર્યા ને ફ્રૉંસની પછવાડે રાજ્ય આવે છે એ ન્યાયે આખો જાપાન ખ્રિસ્તમય થશે કે શું એવી દહેશત લાગવા માંડી. એ વખતે જાપાનમાં એકસૂત્રી સત્તા નહોતી. જાપાનના નિરનિરાળા વિભાગ અને નિરનિરાળાં પ૦ રાજ્યો થયાં હતાં. આ અંધાધુંધીને લીધે ખ્રિસ્તી ધર્મને ત્યાં આગળ ચંચુપ્રવેશ કરવાનું કામ સહેલું થયું; પણ આ થયેલો ચંચુપ્રવેશ આગળ જતાં પ્રાણસહિત કેવો ખેંચી કાઢવામાં આવ્યો તેજ ઇતિહાસ આપણે જોઇએ.

જાપાનના અનેક ટુકડા થવાથી ત્યાંના રાજાઓ એકબીજાનો દ્વેષ કરતા. પાડોશીઓનો દ્વેષ બીજાઓનો નાશ કરવાને હિંદુસ્થાનને ઓહીયાં કરનારા પાશ્ચાત્યોને ઉપયોગી થશે એવી આત્મઘાતકી કલ્પના તેમના મગજમાં આવી. આ પાશ્ચાત્યોની મદદનો લાભ ખ્રિસ્તી મિશનરીઓની મારફતેજ થવો શક્ય છે એ પણ તેમને સમજાઈ ચૂક્યું. એથી કેટલાક જાપાની રાજાઓ પાદરીઓની પાસે ગયા ને તેમની મદદ માગવા લાગ્યા. પાદરીઓને એજ જોઇતું હતું. તેમણે જાપાનમાં પ્રવેશ કરી લીધો. એ પૈકી કેટલાક રાજા પોતે ખ્રિસ્તી બન્યા. તેમણે પોતાની પ્રજાપર ધર્માંતરની સખ્તાઇ કરી, તેમણે આ પાદરીઓને મોટી મોટી જમીનો આપી. ઓમુરના રાજાએ તો એક ગામજ તેમને બક્ષીસ આપી દીધું. આવી રીતે ખ્રિસ્તી પાદરીઓને આખું રાન ચરવાને મળ્યું. તેમને પોતાની શાળા-કૉલેજોને માટે, ઇસ્પિતાલોને માટે તેમજ અનાથાલયો માટે મોટી મોટી ઇમારતો મળવા લાગી. આ સત્તા હાથમાં આવ્યાથી આ મિશનરીઓ ખૂબ શિરજોર બન્યા. તેમની મદદમાં લશ્કર હોવાથી તે આજુબાજુના રાજાઓને સુદ્ધાં તમે ધર્માંતર કરો નહિ તો તમારાપર સ્વારી કરીશું આમ ધમકાવવા લાગ્યા. આ ધમકીનું આગળ જતાં કૃતિમાં રૂપાન્તર થયું. આ કાળા ઝબ્બાવાળા, ત્યાંના રાજાઓ પાસે ખરેખરજ પાડોશના બુદ્ધ રાજાઓપર સ્વારીઓ કરવા લાગ્યા. અને ખ્રિસ્તી ધર્મ આખા જાપાનને વ્યાપી નાખશે કે શું એવી બીક લાગવા માંડી. જાપાનના આ આત્મઘાતકી ને મૂર્ખ રાજાઓને ખ્રિસ્તી ધર્મને માટે બીલકુલજ પ્રેમ નહોતો એ બીના લક્ષમાં રાખવી જોઇએ. પરસ્પરના ઝેરવેરે તેમના અંતઃકરણમાં વાસો કર્યો હોવાને લીધે પરદેશી મિશનરીઓને હાથમાં લઈ પોતાના પાડોશીઓને ખંખેરવાનો તેમણે નીચ ઉદ્યોગ કર્યો અને મિશનરીઓએ પણ આગળપાછળનો વિચાર ન કરતાં એ આગમાં તેલ હોમ્યું. આવા પ્રકારને લીધે જાપાનમાં ખૂન, મારામારીઓ, બંડો, યુક્તિ પ્રયુક્તિઓ, કારસ્થાનો વગેરેને જોર મળ્યું. તરવારના જોરપર મુસલમાની ધર્મ ફેલાવનારા મહંમદને દોષ દેનારા ખ્રિસ્તી લોકોએ આ રક્તમય ઇતિહાસનો અવશ્ય વિચાર કરવો. ત્યાંના મિશનરીઓએ ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરતી વેળા ખરા ખ્રિસ્તી ધર્મને ટોલ્લે મૂકી ખોટોજ ધર્મ ફેલાવ્યો. જાપાની લોકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના પ્રમાણે તેમણે ઇસુખ્રિસ્તનું ચરિત્ર બનાવ્યું. ઇસુખ્રિસ્ત એ એક સુતારની સ્ત્રીનો છોકરો હતો; ને જગતમાં જરીનાં કપડાં પહેરીને જેદાહના રાજાતરીકે રાજ્ય કરવા લાગ્યો ને એક પલંગ ઉપર અત્યંત વૈભવમાં તે મરણ પામ્યો. આવું તેમણે ઇસુનું ચરિત્ર આલેખ્યું ! પણ ઇસુથી આ પોતાની વિટંબના સહન ન થઇ એમ દેખાય છે. નિદાન જાપાનમાંના એ ઇસુએ પોતાના ઓટા ભક્તો ઉપર એને માટે પૂરેપૂરૂં વેર લીધું.

આ મિશનરી સંસ્થા એ વખતે જેમ પરસ્પરનું વેર લેવાને ઉપયોગમાં આવતી, તેમ તે પોતાનો વેપાર ને ઐશ્વર્ય વધારવામાં પણ ઉપયોગી થતી. કિયુશુના લોકોએ આ મિશનરીઓ આવ્યા કે વેપાર વધે છે એવું જોઇને તેમને પોતાના પ્રાંતમાં આવવાને નિમંત્રણ આપ્યું. આ મિશનરીઓ નાગાસાકીમાં આવીને રહ્યા. આ નાગાસાકી એક ગામડું હતું; પણ મિશનરીઓની પુણ્યાઇથી તે થોડાંક વર્ષમાં પ્રચંડ બંદર બન્યું. આવી રીતે પોતાની ચઢતી જોઇને ત્યાંના રાજાએ પોતાની સર્વ પ્રજાને ખ્રિસ્તી થવાની સપ્તાઈ કરી. જે ખ્રિસ્તી નહિ બને તેને ફાંસીએ લટકાવવામાં આવશે આવો હુકમ કાઢવામાં આવ્યો. આથી ત્યાંના ૨૦,૦૦૦ લોક પાંચ સાત મહીનામાં ખ્રિસ્તી બન્યા. બંગોમાં પણ આવોજ પ્રકાર બન્યો; પણ ખ્રિસ્તી મિશનરી પોતાનાં ટોળાંમાં આવાં અન્ન મેંઢાંઓને ખેંચીને કંઇ સ્વસ્થ બેસતા નહિ. તે બુદ્ધ-ધર્મનાં દેવળોને તોડી નાખી એ ધર્મને નષ્ટ કરી નાખવાનો પ્રયત્ન કરતા. એ વખતે નોબુનાગ નામનો એક બલાઢ્ય રાજા હતો. એણે થોડા દિવસ પોતાના રાજ્યમાં આ મિશનરીઓને મસ્તી કરવા દીધી; પણ પછી ખ્રિસ્તી લોકોના અત્યાચાર જોઇને ને રાજકીય વર્ચસ્વ લક્ષમાં લઇને તેને તેમની ચીડ આવી. તે ખ્રિસ્તીધર્મને બીલકુલ હાર કરવાનો વિચાર કરતો હતો; પણ એટલામાં એનું ખૂન થવાથી એ વિચાર વિચારમાંજ રહ્યો. આ વખતે જાપાન-માં ૧૦૦ થી બે લાખ ખ્રિસ્તી હતા. નોબુનાગની પછી હિડેયોશી નામનો રાજા પરાક્રમથી જાપાનમાં શ્રેષ્ઠ ઠર્યો. તેણે પ્રથમ ખ્રિસ્તી લોકોને એટલી સહાનુભૂતિ બતાવી કે હું અર્ધા જાપાન-ને ખ્રિસ્તી કરી દઇશ એમ તેણે કહ્યું. તેના સૈન્યનું આધિપત્ય ક્રિશ્ચિયનના હાથમાં ગયું. તેનો ડૉક્ટર, બબર્ચી, તેની સેક્રેટરી બાઇ, તેની રાણીની બહેન આ બધાં ક્રિશ્ચિયન હતાં. આ રાજાને પોતાની મુઠ્ઠીમાં આવેલો જોઇને મિશનરીઓને એટલો આનંદ થયો કે, હવે આપણે રોમના પોપને સુદ્ધાં આપણા પરાક્રમથી આશ્ચર્યચકિત કરશું એવો વિશ્વાસ આવ્યો; પણ તેમના મનની મ્હેલાતો બંધાવી આ પ્રમાણે ચાલુ હતી એટલામાં હિડેયોશીનું મન એકદમ બદલાયું. તેણે પાદરીઓના મુખ્યને તાકીદનો પત્ર મોકલીને પૂછાવ્યું કે, તમે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર શા સારૂ કરો છો ? જાપાની લોકોને વેચાતા લઇ ગુલામતરીકે શા સારૂ વેચવામાં આવે છે ? મિશનરી લોક ગાય અને બળદ જેવા અત્યંત ઉપયુક્ત પ્રાણીને શા સારૂ ખાય છે ? બુદ્ધનાં દેવળો શા સારૂ પાડી નાખવામાં આવે છે ને બુદ્ધભિક્ષુઓને શા સારૂ સતાવવામાં આવે છે ? આ પ્રશ્નોના ઉત્તર મિશનરીઓ શું આપે ? હિડેયોશીએ તાબડતોબ બધા મિશનરીઓને એકત્ર બોલાવીને તેમને વીસ દિવસની અંદર જાપાન છોડીને ચાલ્યા જવાનું ફરમાવ્યું. એ વખતે તમામ અધિકારીઓ ખ્રિસ્તી હોવાથી તેમણે આ મિશનરીઓને છૂટાછવાયા કરી દઇ રાજાના હુકમને ટોલ્લે મૂક્યો.

આ વખતે સ્પેને પણ કેટલાક મિશનરી, વેપારને બહાને જાપાનમાં મોકલ્યા. ત્યારે હિડેયોશી-નો દરબાર પૂર્ણ યૂરોપીયન બન્યો હતો. તેના દરબારમાં યૂરોપીયન પોષાકના અધિકારી હતા. ત્યાંના લોક દાગીનાતરીકે ક્રૉસ અને માળા પહેરતા. હિડેયોશીને આ વાતની ચીડજ હતી. પોતાનો હુકમ ન માનતાં મિશનરીઓ પોતાના રાજ્યની અંદર ફરે છે એ બીના પણ તેની જાણમાં હતી. એજ વખતે સ્પેનમાંથી બીજા પંથના મિશનરી ત્યાં આવ્યા અને તે પહેલા મિશનરીઓને બીકણ કહીને વધારે અત્યાચાર કરવા લાગ્યા. આ બાબતનો હિડેયોશીને અત્યંત ગુસ્સો આવતાં તેણે જૂદા જૂદા પેશાના ને વેશના ૨૬ લોકોને પકડ્યા. એ બધાનો એકેક કાન કાપ્યો, તેમનો મુખ્ય ગામોમાં વરઘોડો કાઢ્યો ને એ વરઘોડો નાગાસાકીએ પહોંચાડ્યો. ને ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ટેકરી ઉપર તેમને એક રાંગમાં ઉભા રાખીને ક્રૉસ ઉપર લટકાવવામાં આવ્યા. એમના ગળામાં લોખંડી સળિયા ખોસવામાં આવ્યા, તેમના હાથપગમાં લોખંડી ભાલા ઠોકયા અને આવી રીતે ઉન્મત્ત, મગરૂર, નીતિભ્રષ્ટ એવા મિશનરીઓની બરાબર ખબર લેવામાં આવી. જે ડચ લોક કેવળ વેપારજ કરતા હતા તેમની વિરુદ્ધ શસ્ત્ર ઉંચકવામાં આવ્યાં નહિ; પણ આ ડચોને તેઓ પ્રોટેસ્ટંટ હોવાથી મિશનરીઓ શત્રુ સમજતા અને તેમની વિરુદ્ધ તે ચોર અને લૂંટારૂઓ છે એવી ઘોષણા કરતા. હિડેયોશીની પછી ત્યાંનો કારભાર ઇયેયાસુના હાથમાં આવ્યો. ફરીથી મિશનરી લોક નાના પ્રકારની યુક્તિ પ્રયુક્તિઓ કરીને પોતાની પ્રતિષ્ઠા જમાવવા લાગ્યા. ઇયેયાસુને મિશનરીઓની બધી કારવાઇ ધર્મપ્રસારને માટે નહિ, પણ જાપાનને હજમ કરવા સારૂ ચાલુ છે એમ અનેક ઉદાહરણો ઉપરથી સમજાઈ ચૂકયું. આ મિશનરીઓ ઇયેયાસુની વિરુદ્ધ કારસ્થાનો રચીને તેના શત્રુની બાજુએ બંડમાં સામેલ થયા. આગળ જતાં ઇયેયાસુ ઇ. સ. ૧૬૧૬ માં મરણ પામ્યો ને તેનો છોકરો હિડેટાડા ગાદીપર આવ્યો. તેણે ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ જોરદાર ચળવળ શરૂ કરી અને એ પ્રકારના હુકમ છોડયા. આ હુકમ છોડવાનું કારણ જાપાન દેશને પોતાના રાજ્યની સાથે જોડી દેવાનો પાદરીઓએ રચેલો તાગડો હતો. હવે પછી ખ્રિસ્તી મિશનરીઓના છળની મજબૂત શરૂઆત થઇ. આ મિશનરીઓને જો જાપાને આવુંજ ધીંગાણું મચાવા દીધું હોત તો જાપાનનું રાજ્ય પોર્ટુગીઝ, અંગ્રેજ, સ્પેન કિંવા ડચ લોકોના તાબામાં ગયું હોત. આ ઉપરથી એક સિદ્ધાંત કાઢી શકાય છે. જ્યાંથી જ્યાંથી મિશનરીઓની પૂર્ણ હકાલપટ્ટી થઇ, ત્યાં ત્યાં સ્વરાજ્ય ટકયું અને બાકીના દેશ યૂરોપીયનોએ ગળા નીચે ઉતારી દીધા. જાપાનના સ્વાતંત્ર્યનું કારણ ખ્રિસ્તી ધર્મનો સમૂળ ઉચ્છેદજ છે, એમ અમને લાગે છે. આ ખ્રિસ્તી ધર્મનો ઉચ્છેદ કેવી રીતે કરવામાં આવ્યો એ આપણે સંક્ષેપમાં તપાસીએ.

હિડેયોશીએ મિશનરીઓને હાંકી કાઢયા હતા એ આપણે જાણીએ છીએ; તેવીજ રીતે તે મિશનરીઓ ત્યાંથી ન ચાલ્યા જતાં ત્યાં આગળ પડી રહ્યા, એ પણ આપણા જાણવામાં આવ્યું છે. એ મિશનરીઓ પૈકી હાથમાં આવેલા બે મિશનરીઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો. બીજા મિશનરીઓને કેદમાં નાખ્યા, ફાંસીએ ચઢાવ્યા, ઉભા બાળ્યા ને તેમના ટુકડે ટુકડા કર્યા. જેમની બાબતમાં તેઓ ખ્રિસ્તી છે એવો સંશય હતો તેમને મેરીની અને ઇસુખ્રિસ્તની છબીઓ પગતળે છુંદવાનો હુકમ ફરમાવવામાં આવ્યો. વટલાયલા લોક અમે ખ્રિસ્તી નથી એમ કહેવા લાગ્યા. ૧૬૨૪માં સ્પેનિશોને 'જો તમે જાપાનમાં આવશો તો મૃત્યુમુખે પડશો' એમ જણાવવામાં આવ્યું. શિંબારના બંડમાં ૩૦,૦૦૦ ખ્રિસ્તી લોકોની કતલ કરવામાં આવી. ૧૬૩૮ માં ડચ સિવાયના તમામ યૂરોપીયનોને જાપાનમાંથી હાંકી કાઢવામાં આવ્યા. જાપાની લોકોને પરદેશમાં જવાની બંધી થઇ. આ વખતથી જાપાનને બાહ્ય જગત બંધ થયું અને જાપાનમાંના ખ્રિસ્તી ધર્મનો અંત આવ્યો.

ત્યાર પછી ૧૬૪૦ માં કેટલાક પોર્ટુગીઝ વેપારી નાગાસાકી મુકામે એક અરજી લઇને આવ્યા. હવે મિશનરીઓ ઘણાં વર્ષથી જાપાનમાં આવ્યા નથી તો વેપારને માટે અમને પરવાનગી આપો એવી તેમણે માગણી કરી. આ ૫૭ જણને ધર્માન્તર કરો નહિ તો મૃત્યુને કબૂલ કરો આવો હુકમ કરવામાં આવ્યો. એમના પૈકી ૪૪ જણને ઠાર માર્યા અને બાકીના ૧૩ જણને આ સમાચાર પહોંચાડવાને પાછા મોકલ્યા. પણ જતાં પહેલાં તેમને જે ઠેકાણે ૪૪ જણને ઠાર મારવામાં આવ્યા હતા તે ઠેકાણે લઇ જવામાં આવ્યા ને ત્યાં આગળ લગાડેલું પાટીયું વાંચવાને કહ્યું. એ પાટીયા ઉપર નીચેનો મજકુર હતોઃ–

"જ્યાંસુધી સૂર્ય પૃથ્વી ઉપર પ્રકાશે છે ત્યાંસુધી કોઇ પણ મિશનરીએ જાપાનમાં આવવાનું સાહસ કરવું નહિ; અને કદાચિત્ ફિલીપ રાજા, પ્રત્યક્ષ ઇસુખ્રિસ્ત કિંવા ગૌતમ બુદ્ધ આવશે તોપણ તેમનાથી આ હુકમ બદલાવી શકાશે નહિ. ને આવનારા મિશનરીઓનાં કાપવામાં આવનાર મસ્તક તેમનાથી બચાવી શકાશે નહિ."

× × × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukul Library
Kangri

જાપાને કાઢેલો આ હુકમ અત્યંત ચિવટાઇથી પાળવામાં આવ્યો. ફક્ત ડચ લોકોને માત્ર જાપાને વેપાર કરવાની પરવાનગી આપી હતી. એમને ફક્ત નાગાસાકીમાં રહીને વેપાર કરવાની પરવાનગી હતી. ડચોએ પોતાની વસાહત દેશીમા નામના એક કૃત્રિમ બેટપર કરી હતી. આ ઠેકાણે રાત ને દિવસ પહેરો રહેતો અને આવનાર તેમજ જનારાં વહાણોની તપાસ લેવામાં આવતી. ડચ વહાણ બંદરમાં આવ્યું કે અધિકારીઓ તે વહાણોની તપાસ કરતા. ટ્રંકો, પથારીઓ વગેરેને બાજુમાં કાઢતા; તોપો તથા દારૂગોળો કબજામાં લઈ તેને તાળાં મારતા; ખ્રિસ્તીધર્મનાં પુસ્તકો અને જે પુસ્તકમાં ક્રિશ્ચિયન એવો શબ્દ હોય તે પુસ્તકો તાળાંકુંચીમાં નાખી તેનાપર મહોર કરવામાં આવતી. પ્રત્યેકની ધર્મપરીક્ષા લેવામાં આવતી ને મુદ્દામ રાખવામાં આવેલી ઇસુ-ખ્રિસ્તની આકૃતિવાળી પટ્ટીપર તેમને ચલાવવામાં આવતા. દેશીમામાં આવેલી તુરંગની જગો માટે તેમની પાસેથી ભાડું લેવામાં આવતું. ડચોને રવિવારે પ્રાર્થના કરવા દેવામાં આવતી નહોતી, ઇસુખ્રિસ્તના સનવાળી એક ઈમારતની ભીંત પણ તેમની પાસે પડાવી નાખવામાં આવી. હમણાંની તારીખો પણ તેમને ગણવા દેવામાં આવતી નહિ. આટલા સખત બંદોબસ્તવડે ૧૦૦–૧૫૦ વર્ષ સુધી ખ્રિસ્તીધર્મને અટકાવી નાખ્યા પછી આગળ જતાં કાળ બદલાયો. ને ૧૮મા સૈકા પછી જાપાન અને યૂરોપનો વેપાર અને વિદ્યા વગેરેના કારણથી થોડો થોડો સંબંધ આવવા લાગ્યો. ક્રિશ્ચિયન મિશનરીઓને થયેલી શિક્ષા યોગ્યજ હતી. અને એને લીધેજ આજ જાપાન સ્વતંત્ર દેશતરીકે જીવતો રહ્યો છે, એ સૌ કોઇએ લક્ષમાં રાખવું. જાપાનના આ ડહાપણભર્યા ધોરણનું અમે તો શું પણ પાશ્ચાત્ય લોક સુદ્ધાં અભિનંદન કરે છે ને તેના એ ધોરણને લીધેજ તે સ્વતંત્ર રહ્યું છે, એમ કહે છે.

ચીનમાં ખ્રિસ્તીધર્મનો પ્રવેશ થવો જાપાનના કરતાંય વધુ કઠણ હતો. શક્તિ અથવા યુક્તિ એ પૈકી એકનોય ત્યાં આગળ ઉપયોગ ન થયો. ચીનનો દરવાજો ખ્રિસ્તી ધર્મના પ્રસારને માટે એટલો ઘટ્ટ બેડો હતો. ઝેવિયર બાબા ત્યાં આગળ પહોંચતા પહેલાંજ કાળાધીન થયા અને તેની પછવાડે આવેલા બીજા પાદરી એવાજ હતબુદ્ધ થયા. છેવટે શક્તિ અને યુક્તિથી જે બીના સાધ્ય ન થઇ શકી તે રિક્કી નામના એક વિદ્વાન પાદરીએ કેવી રીતે સાધ્ય કરી તે આપણે જોઇએ.

રિક્કી પોતે ગણિત તેમજ યંત્રશાસ્ત્રમાં અત્યંત પ્રવીણ હતો. એ માણસને પોતાના ટોળામાં ખેંચી લેવા ઇચ્છતા મિશનરીઓનો અનેક વર્ષ પછી છેવટે જય થયો અને તેનું મન વાળી લેવામાં આવી ચીન દેશને ખ્રિસ્તમય કરી મૂકવા સારૂ તેની યોજના કરવામાં આવી. તે ચીન તરફ લામાના વેષમાં ગયો અને કંતાન કિંવા બીજા એકાદા મોટા શહેરમાં જવા પહેલાં પોતાને કોઇ રખેને ઓળખી જાય એની તેને બહુ બીક લાગતી. તે ચાવો–ચિવુ નામના એક નાનકડા બંદરમાં રહ્યો ને થોડાજ વખતમાં ગણિત તથા ઇતર શાસ્ત્રોના અધ્યાપકતરીકે પ્રસિદ્ધિમાં આવ્યો. ત્યારપછી તેણે ચીન દેશનો નકશો તૈયાર કરીને ત્યાંના સરદારોનું લક્ષ પોતાની તરફ ખેંચી લીધું. શરૂઆતમાં ક્રિશ્ચિયનધર્મ સંબંધે તે એક અક્ષર પણ કાઢતો નહિ; પણ શિક્ષણના ઓથેઓથે તે ખ્રિસ્તીધર્મનાં તત્ત્વો ધીમેથી સરકાવી દેતો. ચીનમાં આ વખતે ફક્ત બેજ ધર્મ હતા. એક બુદ્ધધર્મ. એનો પ્રસાર નીચલા વર્ગમાં થયેલો હતો. આ ધર્મમાં ભિક્ષુ, ભિક્ષુણી, મઠ, ધર્મ-ભોળાપણું, દૈવી લીલા વગેરેનું પ્રાબલ્ય હતું. બીજો ધર્મ કન્ફ્યુત્સુનો. આ ધર્મ નીતિપ્રધાન હતો અને ક્રિશ્ચિયન ધર્મસાથે એનું સામ્ય હતું. આ ધર્મનો પ્રસાર સુશિક્ષિત અને ઉપલા વર્ગના લોકોમાં હતો, રિક્કીનું ને કન્ફ્યુત્સુ ધર્મનું સખ્ય જલદીથી થયું ને તેણે એ ધર્મપદ્ધતિપર ક્રિશ્ચિયન ધર્મનું પ્રશ્નોત્તરરૂપે એક નાનકડું પુસ્તક તૈયાર કર્યું. આગળ જતાં તેણે ચીની આચારવિચારને પૂર્ણપણે આત્મસાત કરી લીધા ને તે નાનકીન શહેરમાં વૈદ્યતરીકે ગયો. નાનકીનમાં એક મેંડારિનના છોકરાને એણે દવા આપી અને સાજો કર્યો. ચીની વૈદ્યોએ એ છોકરાને અત્યંત અશાસ્ત્રીય દવાઓ આપીને તેની પ્રકૃતિ બગાડી મૂકી હતી. તે મેંડારિન (સર-દાર) રિક્કીની ઉપર ખુશ થયો અને તેને પેકીનમાં લઇ ગયો. ત્યાં થોડાજ વખતમાં ઉપલા દર-જ્જાના લોકોની સાથે તેનો પરિચય થયો ને તેની બુદ્ધિમત્તાથી સર્વ જણ ચકિત થઈ ગયા; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલાથી રિક્કીના મનનું સમાધાન થયું નહિ. તેને રાજાના દરબારમાં પ્રવેશ જોઇતો હતો. તેથી તે ત્યાંના નોકરચાકરોની વધુ પડતી સ્તુતિ કરીને તેમને ઇનામો તેમજ લાંચ વગેરે આપીને ત્યાં આગળ પેસવાનો પ્રયત્ન કરવા લાગ્યો. છેવટે ૧૬૦૧ માં રિક્કીની પાસે આપોઆપ ઘંટા વાગનારૂં ને તેણે બનાવેલું ઘડિયાળ છે એવું સાંભળીને સમ્રાટ્ વ્હેનલીએ તેને બોલાવવા માણસ મોકલ્યું. રિક્કીએ પણ પોતાની આ કૃતિ રાજાને આપી અને બીજાં પણ કેટલાંક યંત્રો રાજાના ચરણમાં અર્પણ કર્યાં. રાજાને તે ઘડિયાળ જોઇને બહુ આશ્ચર્ય થયું ને રિક્કીના ગયા પછી તે એ ઘડિયાળની સાથે પોતાની સ્ત્રી તથા બીજા સ્નેહીસોબતીઓસહ રમવા લાગ્યો. થોડાજ વખતમાં ઘડિયાળ બંધ પડ્યું. વ્હેનલીએ ઘડિયાળના મૃત્યુને લીધે આંસુ પાડયાં ને રિક્કીને એ ઘડિયાળના મૃત્યુની ખબર પહોંચાડી. રિક્કીએ કહ્યું કે "તે મરી ગઇ હશે તોપણ સ્વર્ગનો પુત્ર જો હુકમ કરશે તો તે જીવતી થશે." ઘડિયાળને એ ઘેર લઈ ગયો ને બરાબર દુરસ્ત કરીને પાછી આણી આપી. આથી તે રિક્કી બાદશાહના હૈયાનો હાર બન્યો. એણે રાજાને માટે ઘડિયાળો મંગાવી. આ ઘડિયાળો ગોવેથી આવતી હતી પણ એ પ્રત્યેક ઘડિયાળની સાથે તેનાથી બમણા કિંવા ત્રણગણા પાદરીઓ આવીને તે ચીનની અપવિત્ર ભૂમિને પુનિત કરતા.

ગોવેથી મૅથિયસ બાબા આવ્યા. તેમણે રાજાનું લક્ષ ગણિત અને રસાયણશાસ્ત્ર તરફ ખેંચ્યું. રાજા સાહેબ ખુશ થયા અને તેમણે આ બાબાને પોતાના દરબારમાં મેન્ડારિન કર્યા ને દરબારમાંની એક મોટી જગો આપી. કૉલેજ કાઢવા સારૂ ગામમાં એક મોટું ઘર આપ્યું ને એના નિભાવને અર્થે મોટું ઉત્પન્ન પણ આપી દીધું. આ ક્રિશ્ચિયન કૉલેજ નહોતી. તે માત્ર શાસ્ત્રજ્ઞાનની સંસ્થા હતી. એ ખ્રિસ્તી ધર્મનું જ્ઞાન આપતો, પણ બહુ સંભાળીને. તેણે ચીની વિદ્યાર્થીઓને પોતાના રીતરિવાજ તથા આચાર-વિચાર ન છોડવા એમ કહ્યું ને તેની સાથે "તમે બાપ્ટિસ્મા લેશો તો તમને યૂરોપ મોકલીને મોટા શાસ્ત્રજ્ઞ બનાવી આણીશ ને ગવર્નરની જગો" અપાવીશ, એવી ધીમે ધીમે કાનમાં વાતો કરવાની શરૂઆત કરી. રિક્કીને એ રાજ્યમાં બહુ મોટો દરજ્જો પ્રાપ્ત થયો ને એ દરજ્જાના જોરપર તેણે રાજા પાસેથી ચર્ચ બાંધવાની પરવાનગી મેળવી ને બીજે ઠેકાણે કૉલેજો કઢાવરાવી. રિક્કીના માર્ગમાં અડચણો નહોતી એવી કોઇએ કલ્પના કરી લેવી નહિ. તેની એકંદર હીલચાલ ઉપરથી બુદ્ધ ભિક્ષુઓનું મન તેની બાબતમાં કલુષિત થયું ને ૧૬૦૮ ની સાલમાં કંતાનના ગવર્નર પાસે ત્યાંના એક ભિક્ષુએ એક પાદરીને ખૂબ માર મરાવ્યો ને છેવટે એ માર-થીજ તે મરણ પામ્યો. બીજા પણ એક પાદરીપર એવોજ પ્રસંગ આવ્યો અને રિક્કીની વિરુદ્ધ એવુંજ તોફાન ઉઠ્યું; પણ રિક્કીએ બાદશાહ સાથેની પોતાની મૈત્રીનો લાભ લઇને પેકીનના ભિક્ષુ ઉપરજ એ હલ્લો ઉલટાવ્યો. રિક્કીએ પોતાના આયુષ્યમાં ખ્રિસ્તી ધર્મને માટે ચીનનો દરવાજો ઉઘાડી આપવાનુંજ ફક્ત કામ કર્યું ને એટલું કામ કરીને તે મરણ પામ્યો. તેની પાછળ બાદશાહ પણ મરણ પામ્યો અને રાજ્યકારભાર તેના છોકરાના હાથમાં આવ્યો. એની કારકીર્દિમાં પરદેશી ગોરા લોકોને ચીનમાં આવવાની બંધી થઇ. નાનકીનના ગવર્નરે તેમની પોતાના પ્રાંતમાંથી હકાલપટ્ટી કરી અને કવાંગટાંગમાં પણ આ જેસુઇટોના એવાજ હાલ થયા. તેમની કૉલેજો બંધ પડી, દેવળો પાડી નાખવામાં આવ્યાં, તેમને તુરંગમાં નાખ્યા ને કેટલાકોને તેમના નિવાસસ્થાન તરફ હાંકી મૂક્યા. આ રીતે રિક્કીએ રચેલી બધી મહેલાતો એકદમ તૂટી પડી.

પણ પછી એકદમ સમય બદલાયો. ચીન દેશપર તાર્તર-દેશમાંના ખાનોની સ્વારીઓ થવા લાગી. ચીની રાજાને પોતાનું સંરક્ષણ જૂનાં હથિયારોવડે કરવું મુશ્કેલ થઈ પડયું. એથી તેને મિશનરીઓને શરણે જવાની જરૂર પડી. મિશનરીઓએ રાજાની ઉપર ધર્મપ્રસારની બાબતમાં અનેક શરતો નાખીને પોર્ટુગીઝો પાસેથી તેને મદદ કરાવરાવી. પહેલી સ્વારીમાં તાર્તરોની હાર થઈ; પરંતુ ત્યારપછીથી થયેલી સ્વારીઓમાં પોર્ટુગીઝો સુદ્ધાં પરાભવ પામ્યા અને ચીનના રાજાને બૈરીછોકરાંસહ આત્મહત્યા કરવાની ફરજ પડી. તાર્તર રાજા ચીનની ગરદનપર ચઢી બેઠો. ત્યાંની વ્યવસ્થા બધી બગડી ગઈ ને રાજ્યમાં અત્યંત અંધાધુંધી જામી; પણ ચીનની સળગેલી ચિતામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની ભાખરી શેકી લેવાની આ ઉત્તમ તક છે એવું જોઇને આ મિશનરીઓ પણ કમર કસીને આગળ આવ્યા. તાર્તર રાજાની સત્તા લોક માનતા નહોતા. એથી રાજ્ય ઉપર હક્કદાર થવાને અનેક ઉમેદવારો બહાર પડયા. શાલ અને ફૉફલર નામના બે પાદરી અત્યંત નીચપણે વર્તવા લાગ્યા. બન્ને જણ પરસ્પર વિરુદ્ધ પક્ષને મળ્યા. ટુમલી એ હેનલીના છોકરાનો છોકરો હતો. એનો પક્ષ ફૉફલરે લીધો. એણે એની મદદને માટે ખ્રિસ્તી સૈન્ય ઉભું કરવાનું કબૂલ કર્યું. ફૉફલરે ટુમલીને કહ્યું કે, તું તારાં બૈરાંછોકરાંસહ ક્રિશ્ચિયન થતો હોય તો અમે તને મદદ કરીએ. "બખત આવે બાંકા તો ગધેડો કહેના કાકા" આ કહેવત પ્રમાણે ટુમલીએ પોતાનાં બૈરીછોકરાં ખ્રિસ્તી ધર્મના ચરણે મૂકયાં; પણ તેનું પોતાનું મન ધર્માંતર કરવાને તૈયાર થયું નહિ. એના છોકરાનું નામ ફ્રૉન્સ્ટનટાઇન રાખવામાં આવ્યું. આટલું થયું તોપણ બધા મિશનરી લોક તેને મદદ કરતા નહોતા. તેઓ તેના શત્રુને સુદ્ધાં મદદ કરીને 'ફોડો અને તોડો'ના તત્ત્વનું અવલંબન કરતા હતા. એ વખતે તાર્તરખાન ચુનચીન એક મોટું લશ્કર જમાવીને આખા ચીન દેશને પાદાક્રાંત કરવાના વિચારમાં હતો. એણે ચીનપર સ્વારી કરવા અગાઉ ફૉફલર બાબાના દોસ્ત શાલને ભવિષ્ય જણાવાને કહ્યું. બાબાએ કહ્યું કે 'તમે પૃથ્વીના રાજા થશો અને આખા ચીનને જીતશો." બરાબર આવુંજ ભવિષ્ય ફૉફલરે ટુમલીની–તેના પ્રતિસ્પર્ધીની–બાબતમાં કહ્યું હતું. ચુનચીને ટુમલી ઉપર સ્વારી કરી, ટુમલીને તેનાં ખ્રિસ્તી બૈરી છોકરાં સાથે કેદ કર્યો ને તેના હાલહવાલ કરીને છેવટે ઠાર માર્યો. આ બન્નેના ઝગડામાં પાદરીઓને જરા જેટલો પણ ત્રાસ થયો નહિ. બધા પાદરી હવે ચુનચીનને જઇ મળ્યા. હવે તેમના ભાગ્યનો કાળ આવ્યો. તે નવા રાજાની સ્તુતિ કરવા લાગ્યા. તેના કૃપાપ્રસાદથી તેમની ૬૮ કૉલેજો અને ૧૫૧ ચર્ચ ચીનમાં થયાં. શાલ હવે મોટો ધર્મ-ગુરુ બન્યો. તે મોતીના દાગીના પહેરીને અને પાલખીમાં બેસીને મોટા ઠાઠમાઠથી બહાર નીકળતો. તેનાપર ચામર ઢોળવામાં આવતા ને તેને તડકો ન લાગે એટલા સારૂ આબદાગિરી ધરવામાં આવતી. રાજાએ તેને અગણિત દ્રવ્ય અને રહેવાને માટે રાજમહેલ આપ્યો. રાજા પોતે તેને મળવા જવા લાગ્યો; પણ આ વૈભવને લીધે ખ્રિસ્તીધર્મની ચઢતી થઇ એમ લેશ માત્ર સમજવું નહિ. આ પાશ્ચાત્યોને ગણિત તેમજ બીજી વિદ્યા આવડતી. એનેજ લીધે દ્રવ્ય મળ્યું; પણ ખ્રિસ્તી ધર્મનાં પગલાં કંઇ આગળ પડયાં નહિ. ચીનમાં મિશનરીઓને જો કે આવો મોટો દરજ્જો પ્રાપ્ત થયો હતો છતાં તેમને ધર્માન્તર કરાવવાની પરવાનગી નહોતી. ખ્રિસ્તીધર્મને ચીનમાં કોઇ વાર મદદ અને કોઈ વાર ત્રાસ, આવો પ્રકાર મિશનરીઓની રાજકારણમાંની ઘાલમેલ પ્રમાણે થતો હતો. ઉપરથી ધર્મપ્રસારનો ઢોંગ કરનારા આ મિશનરીઓ અંદરખાનેથી આખું રાજ્ય કોઇ પણ પરદેશી પાશ્ચાત્યના ગળામાં ઉતારવાનો સંઘટિત પ્રયત્ન કરતા. આ મિશનરીઓની ઈંગ્લંડને ખૂબ મદદ થઇ ને તેનાથી ચીનના જે લચકા તોડી શકાયા તે આ મિશનરીઓની મદદથીજ. મિશનરીઓ સાદો પોષાક નહોતા પહેરતા તેમ તેમની રહેણી પણ સાદી નહોતી. આથી અને તેમનાં ગુપ્ત કારસ્થાનોને લીધે તેઓ ચીનના રોષને પાત્ર બનતા અને તેમનાં હાડકાં નરમ થતાં, ચીનમાં જાપાનની પેઠે કોઇ બળવાન રાજા ન હોવાથી તેમના ઉપર કડક નિર્બંધ નંખાયા નહિ અને તેથીજ આ મિશનરીઓએ પોતાને માટે અલાયદી કૉર્ટો, કરમુક્તતા વગેરે છૂટો ચીન પાસેથી મેળવી. તેમના હેતુસંબંધે ચીનમાં પહેલેથીજ સંશય હોવાને લીધે વચમાં વચમાં તેમને બંધી થતી ને તેમના હાલ પણ થતા. ચીને જાપાનની પેઠેજ જો આ મિશનરીઓને સખત બંધી કરી હોત તો ચીનની આવી દુર્દશા થઈ ન હોત.

મિશનરીઓના પ્રભાવને લીધે પોતાનું રાજ્ય ગુમાવવાનો ફિલિપિનોઝ પર કેવો પ્રસંગ આવ્યો તે આપણે સક્ષેપમાં જોઇએ.

ફિલિપાઇન્સ દેશ કડક ધાર્મિક બંધનોવડે ચીન કિંવા જાપાનની પેઠે બાંધેલો નથી. અનેક ઠેકાણાના અનેક લોક એકત્ર થઇને તેમનો સમૂહ બનેલો છે. આ ફિલિપાઇન્સમાં જ્યારે સ્પૅનિશ લોક પ્રથમ આવ્યા, ત્યારે તેઓ પોતાની સાથે પાદરી અને ભિક્ષુકને લઇને આવ્યા. સ્પૅનિશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવારીઓએ પહેલો ટુકડો ગળા નીચે ઉતાર્યો અને પાદરીઓએ સેબુના રાજાને એકદમ બાપ્ટિસ્મા આપીને તેને ચાર્લ્સ બનાવ્યો. ફિલિપાઇન્સમાં મિશનરીઓએ શા શા અત્યાચાર કર્યા એનો ઇતિહાસ ઉપલબ્ધ નથી; પણ આ દેશમાંના ૮૦-૯૦ લાખ લોકોને વટલાવતી વેળા તેમણે અત્યાચાર ને અનાચાર કર્યા હોવાજ જોઇએ એમાં શંકા નથી. ફિલિપાઇન્સમાં ખ્રિસ્તીધર્મના પ્રસાર માટે ત્યાંથી વસુલ થનારા ઉત્પન્નમાંથી અમુક એક નક્કી કરેલો ભાગ ખર્ચાતો હતો. ત્યાં આગળ ધર્મ-પ્રસારને માટે વધારે પૈસા ખર્ચવા મળે એટલા સારૂ માંહોમાંહે હમેશાં ઝઘડા થતા. ધર્મપ્રસારનો બુરખો મિશનરીઓએ કેવી રીતનો પહેર્યો હતો એનો વધુ પૂરાવો જોઇતો હોય તો ફિલિપાઇન્સ-માંનો મુખ્ય પાદરી શું કહે છે તે વાંચો. તે કહે છે:—

"સ્પેનના ફ્રિયર્સ-સાધુઓ કોઇ દેશમાં જઇને ત્યાંના લોકોને ધર્મ શીખવે અને પછી તે ફ્રિયર સાધુઓના તથા વટલાયેલાઓના રક્ષણ સારૂ સ્પેન દેશ પોતાના સૈનિકો મોકલે. અને તે પછી થોડાજ સમયમાં સ્પેનદેશ તે દેશપર રાજ્ય કરશે."

મિશનરીઓ ચીનની અંદર જમાઇના જેવા હક્ક લઇને બેઠા હતા, તેમ ફિલિપાઇન્સમાં પણ બેઠા. વટલાયલા લોકોને આમિષતરીકે આ કરમુક્તતાનું પ્રલોભન બતાવીને તેમનું ધર્માન્તર કરાવતા. ફિલિપાઇન્સ બેટો આવી રીતે મિશનરીઓના પૂર્ણ ભક્ષ્યસ્થાને જવાને લીધે સ્વાતંત્ર્યથી વંચિત થયા. તેમણે ઇસુનો ક્રૉસ ગળામાં બાંધી લીધો, પણ એનીજ સાથે પોતાના શરીરમાં પારતંત્ર્યના ખીલા ઠોકી લીધા. આજ ફિલિપાઇન્સ પારતંત્ર્યનું જે કષ્ટ ભોગવે છે તેનું કારણ મિશનરીઓનો અનિર્બંધ સંચારજ છે.

આ મિશનરીઓ જેમ સ્વરાજ્યનું હરણ કરતા, તેમ વ્યાપારનું પણ કરતા હતા. બીજા દેશોમાં ધર્મપ્રસારને માટે ગયેલા આ કાળા ઝબ્બાવાળા હિંસક નરપશુઓને પોતાના ઝબ્બામાં બધાં પાપો ઢંકાઇ જાય છે, એ જાણીતું હતું અને બુરખાની નીચે તેઓ વ્યાપાર પણ કરતા. જે દેશમાં પૈસા મળી શકે-પછી તે પૈસા ફંદ ફિતુરીના માર્ગે મળો કિંવા વેપારને માર્ગે મળો-એજ દેશમાં ફક્ત આ મિશનરીઓ જતા. હિંદુસ્થાન, જાપાન, ચીન, ઇસ્ટઇંડીઝ વગેરે તરફ એમનું વિશેષ ખેંચાણ હોવાનું આજ કારણ છે. આફ્રિકામાંના કાળા સિદ્દીઓની પાસેથી પૈસા નીકળવાનો સંભવ ન હોવાથી આ મિશનરીઓનાં ટોળાં હિંદુસ્થાન વગેરે દેશોમાં આવ્યાં. આ વેપારમાં પોતાને કોઇ ભાગીદાર ન હોય ને પોતાનો વેપારી રોજગાર કોઇની જાણમાં ન આવે એને માટે તેઓ પૂરી સંભાળ રાખતા.

× × × × ×

તેઓ છૂટક વેપાર ન કરતાં થોકબંધ વેપાર કરતા. માર્ટિન નામના ફ્રેંચ ગવર્નર જનરલે તેમનું નીચે પ્રમાણે વર્ણન આપ્યું છે:-"ડચોથી બીજે નંબરે જેસુઇટો વેપાર કરે છે. એમનો વેપાર ડેન્સ, ફ્રેંચ, ઇંગ્લિશ અને પોર્ટુગીઝોના કરતાં કેટલાયગણો મોટો છે." આ જેસુઇટ હિંદુસ્થાનમાં તેમજ ઇતરત્ર ગયા પછી પોતાનો વેષ બદલતા ને વેપારીતરીકે ફરતા. આ મિશનરી સારા હોંશિયાર વેપારીઓ હતા. કયા માલને વધુ ગ્રાહક છે ને તે માલ ક્યાં આગળ મળી શકે છે, એ તેઓ જાણતા હતા. એથી માલ ક્યાં આગળ લેવો ને ક્યાં આગળ વેચવો, એમાં તેઓ હુશિયાર હતા. તે મિશનરીઓ હિસાબના ચોપડા રાખતા નહિ. શરીરપર ફાટેલાં વસ્ત્ર પહેરીને બીલકુલ ગરીબાઇથી આખા હિંદુસ્થાનને ખુંદી નાખતા હતા. એમનો ગુપ્ત વ્યવહાર કાળા પોષાકવાળા મિશનરીઓની સાથે ચાલતો. તેમને ઉપરથી હુકમ આવતા તે પ્રમાણે તે વર્તતા. આ વ્યવહાર ગુપ્ત રાખવા સારૂ તેમને શપથ લેવા પડતા ને પ્રત્યેકને સાંકેતિક લિપિ પણ આવડતી હતી. તેઓ યૂરોપ તરફનો માલ ચોરીને હિંદુસ્થાનમાં તેમજ ઇતરત્ર વેચવાને લાવતા. આ ગાંસડીઓમાં પુસ્તકો અને માળાઓ છે એમ તેઓ દર્શાવતા ને ઘણી વાર તેમની ચોરી પકડાઈ પણ જતી. પછી તો તેઓ આ દેશના વાણિયાના જેવો પોશાક પહેરવા લાગ્યા. તેમની ભાષા ને તેમના જેવા આહારવિહારનો ઉપયોગ કરવા લાગ્યા. આ મિશનરી હીરા, મોતી, સોનું વગેરે મૂલ્યવાન વસ્તુઓનો પણ વેપાર કરતા. મારવાડીઓમાં ફરનારા આ ચોર, અમે તેમને વટલાવવા સારૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનામાં ભેળાઇએ છીએ એવો દેખાવ કરતા; પણ એક પણ વાણીયાને તેમણે ખ્રિસ્તી કર્યો નથી! તેમની વખારો દુનિયામાં હતી અને એને લગતી ઑફિસો પણ હતી.

આ વેપાર સિવાય તેઓ વ્યાજવટાવનો ધંધો પણ કરતા. ઇસુ ખ્રિસ્તે વ્યાજવટાવ વિરુદ્ધ સખ્ત નિર્બંધ નાખેલો હોવા છતાંય સેંકડે ૫૦ ટકા વ્યાજ લઇને આ મિશનરીઓ પેકીનમાં મોટી રકમો વ્યાજે આપતા. તેમની કૉલેજોમાં તેલ, કપાસ, કરિયાણું વગેરે માલ વેચવા સારૂ રહેતો. આ સિવાય ચોરી, લુચ્ચાઇ, બીજાને ફસાવવા, વગેરે ગુણોમાં પણ તેઓ સારા વાકેફગાર હતા; પણ કોલસાને વધુ ઘસવામાં કંઇ અર્થ નથી. જે ઠેકાણે દ્રવ્ય મળવું શક્ય ન હોય તે ઠેકાણે આ મિશનરીઓ જતા નહિ. કોચીન ચાયનામાં જેસુઇટ પંથના લોક પ્રવેશ્યા નથી. એનું કારણ એ કે, ત્યાં આગળ વેપાર કરવા જોગી સ્થિતિ નથી, એ તેઓ જાણતા હતા; પણ અચાનક રીતે તેમના સમજવામાં આવ્યું કે, ત્યાં એક તળાવ હોઇ એ તળાવમાં અતિશય મૂલ્યવાન મોતી પાકે છે. આ વાતની ખબર પડતાંજ આ મિશનરી ત્યાં દોડી ગયા. ત્યાંના બિશપ આગળ ક્ષમાની યાચના કરીને તેમણે કહ્યું કે 'આ મૂર્તિપૂજક હિંદુઓને અમે આટલા દિવસ અજ્ઞાનમાં રાખ્યા એને માટે ક્ષમા કરો.' કોચીન ચાયનામાં હિંદુ વસ્તીમાં તેઓ ફરવા લાગ્યા ને તેમની પાસેથી પોર્ટુગીઝ વેપારીઓના કરતાં વધારે પૈસા આપીને મોતી ખરીદ કરવા લાગ્યા. બીજે વર્ષે પોર્ટુગીઝ વેપારીઓને મોતી મળ્યાં નહિ અને તેમનો તે વર્ષનો વેપાર થયો નહિ. પછી તો પોર્ટુગીઝોને ત્યાં આવતાજ અટકાવ્યા. ત્યારપછી આ મિશનરીઓને આ હિંદુ પોતાના કબ્જામાં આવ્યા છે એમ લાગ્યું, ને તેઓ પહેલાંના કરતાં અર્ધાએ પૈસા આપતા બંધ થયા. આગળ જતાં તેમણે પોર્ટુગીઝ વાઇસરૉય પાસેથી તે સરોવર માલકી હક્કથી પોતાના તાબામાં લીધું ને પહેલાંના માલીક હિંદુઓને ગુલામની જેમ રાખી તેમને ફક્ત મોતી કાઢવાની મહેનત બદલ પગાર આપવા લાગ્યા; પણ આ પ્રકાર હિંદુઓથી સહન થયો નહિ. તેમણે આ મિશનરીઓની વિરુદ્ધ બંડ કર્યું અને તેમના કોઠારોને તેમજ ઘરોને આગો લગાડી તેમને ત્યાંથી હાંકી મૂક્યા. આગળ જતાં પોર્ટુગીઝોની સત્તા મજબૂત થવાથી બિચારા મિશનરીઓને પોંચા કરડતા બેસવું પડ્યું.

આવા પ્રકારનો આ મિશનરીઓનો અત્યંત કાળો ઇતિહાસ છે.

પહેલાંના વખતમાં આપણા લોક વૃત્તપત્રો અથવા પુસ્તકો લખતા નહિ હોવાથી તેમનાં કાળાં કારસ્થાનોની હકીકત કાળના ઉદરમાં દટાઇ ગઇ છે. પાશ્ચાત્ય લેખક બધા ગોરાઓજ હોવાથી તેમણે પણ ઘણી ખરી હકીકત દાબી દીધી છે, તેથી મિશનરીઓની બાબતમાં બહુજ થોડી હકીકત મળે છે.

મિશનરીઓ એશિયાખંડમાં ધર્મપ્રસાર માટે આવ્યા નથી, એ હવે વાચકોના લક્ષમાં આવ્યું હશેજ. ધર્મપ્રસાર એ તેમની આસુરી લાલસાનું એક સાધન હતું. રાજ્યોને ખાઇ જવાં અને પોતે સધન થવું એટલાજ સારૂ આ મિશનરીઓ યૂરોપમાંના રાજાઓનો આશ્રય મેળવીને અહીંઆં આવતા હતા. એશિયાખંડને પરદેશીની દાઢમાં ધકેલવામાં આ પરદેશી મિશનરીઓ પુષ્કળ કારણભૂત થયા છે, એટલુંજ બતાવવાનો આ લેખનો ઉદ્દેશ છે.

("ચિત્રમય જગત"ના એશિયા અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૮-પુરુષોત્તમ કૃષ્ણચંદ્રની જયંતી

પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણચંદ્રની જયંતી શ્રાવણ વદી અષ્ટમીએ આવે છે. આર્યજનતાનો કહો કે આખીએ માનવસમાજનો કહો-એ મહાન ઉત્સવનો દિવસ પાંચ હજાર વર્ષથી આ ભારત-ભૂમિમાં પળાતો આવ્યો છે. ભાગવતનો વીણાધારી કનૈયો એવો બાલકૃષ્ણ અને મહાભારતનો ગીતા ગાનાર યોગેન્દ્ર શ્રીકૃષ્ણચંદ્ર હજીએ માનવસમાજના જીવનમાં પ્રેમ અને ચેતન પૂરે છે. ભાગવતાદિમાં જે કાવ્યરૂપે કૃષ્ણલીલા ગાઈ છે તે ઐતિહાસિક સત્ય નથી. ભાગવતકારની મનોસૃષ્ટિએ જે ભક્તિભાવથી અને વિહ્વલતાથી ગોપગોપીઓના પ્રેમનું અને શૌર્યની ઘટનાઓનું ઈશ્વરી ચમત્કારરૂપે વર્ણન કરેલું છે તેને કોઈ આધ્યાત્મિકરૂપે ભલે ઘટાવે, પણ ભક્તિમાર્ગનું એણે વૈષ્ણવ સંપ્રદાયોમાં જે વામમાર્ગી સ્વરૂપ ધારણ કર્યું છે તે તો અધમ પ્રકારનું, પાગલ અને કૃષ્ણના નામને કલંક લગાડનારૂં છે. નારદના ભક્તિમાર્ગને એથી ભારે અન્યાય થવા ઉપરાંત એણે ધર્મને નામે અધર્માચાર શીખવ્યા છે. બાલકૃષ્ણની રમણભૂમિ વ્રજ અને ગોકુલ ગમે તે હોય, પણ હાલ વ્રજકુંજો પર વૈષ્ણવો સખીભાવે વિહ્વલ બની પાગલ થાય છે એ વ્રજની રચના તો ચૈતન્યે રચવાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. કૃષ્ણઘેલા વૈષ્ણવોએજ આ વ્રજ વસાવ્યું છે. એની પાછળ તુલસીદાસ, ચૈતન્ય આદિ અનેક ભક્તવરો કુરબાન બન્યા છે. કૃષ્ણપ્રેમમાં કામવાસનાના પ્રાદુર્ભાવે સત્ય ધર્મને જે અત્યંત નુકસાન કર્યું છે તેવું ભાગ્યેજ બીજાથી થયું હોય. સમર્થ ભક્ત અને સંતોના પ્રેમોન્માદે જ્ઞાન અને વિવેકનો ત્યાગ નહોતોજ કર્યો. ત્રિગુણાતીત દશાને એ પ્રાપ્ત થયા હોય કે ગુણોના આશક બન્યા હોય છતાં એ સંતભક્તો વંદનીય છે. પરંતુ અજ્ઞાન અને ભોળી સ્ત્રીઓ અને પુરુષોની જ્ઞાનરહિત ભક્તિએ એમને નિષ્કર્મ બનાવી વિવેકશૂન્ય કરી મૂક્યાં છે અને એનાં અનિષ્ટ પરિણામ આવ્યાં છે. અવતાર અને ચમત્કારોનું આરોપણ કરવા જેટલી અંધશ્રદ્ધાએ શું શું નથી કર્યું? કૃષ્ણનો મહાન આત્મા આજે પણ આ પાગલપણા માટે દુઃખ પામતો હશે.

ગમે તેમ પણ કૃષ્ણનો સમય વિકટ હતો. અધર્મ, અત્યાચાર, મિથ્યામદ અને દુઃખભરી પરવશતામાં દેશ ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યો હતો. કંસ અને એને માથે પણ ચપટી ભભરાવે એવા રાજાઓ રાક્ષસ બની આર્યાવર્તને અને જગતને પીડી રહ્યા હતા. ધર્માત્માઓ અને શૂરવીરોનાં શૌર્ય બંદીખાને પૂરાયેલાં રહેતાં અથવા તો જાલીમ તરવારની ધારપર લટકતાં. ગો, બ્રાહ્મણ અને માનવપ્રજાનું કોઇ બેલી નહોતું. ગુલામીનાંજ દુંદુભિ વાગી રહ્યાં હતાં. આવા વિષમ સમયે કૃષ્ણજન્મ મથુરાના કારાવાસમાં થયો હતો. નરપિશાચ કંસે પોતાનાં બહેન દેવકીજી અને બનેવી વસુદેવને પણ કારાવાસમાં પૂર્યાં હતાં. પોતાના પિતાનો પણ કંસ ઘાટ ઘડવા ફરતો. મદનો ભર્યો એ નરપિશાચ રાજાના સ્વાંગમાં રહી કશુંએ પાપ કર્યા વિના નહોતો છોડતો. આજ પ્રકારે આર્યાવર્ત અને એની બહારનાં રાજ્યોની પ્રજા તોબા પોકારી રહી હતી. કોઇ એમની વ્હાર કરનાર મર્દ ધર્માત્મા ન મળે. વાસુદેવ અને દેવકીનાં સંતાન થાય અને રખેને એ ભાણેજો કંસનો નાશ કરે એ કાલ્પનિક બીકે, બહેનને સંતાન થાય કે તરતજ એનો નાશ કરતો. એનાં સાત સંતાનોનો કંસે નાશ કર્યો. આઠમા કૃષ્ણને બચાવવાને ગુપ્ત રીતે એમને જન્મતાંજ કારાવાસમાંથી ઉપાડી ગોકુલમાં નંદને ઘેર માતા યશોદાના ખોળે મૂકવામાં આવ્યા અને એવીજ યુક્તિથી યશોદાની તરત જન્મેલી પુત્રીને વાસુદેવના કારાવાસમાં મૂકવામાં આવી. કંસને આની કલ્પના પણ ન આવવા દીધી; છતાં વાત ગંધાઇ અને વહેમાયેલા કંસે ગોકુલનાં તરત જન્મેલાં બાળકોનો સંહાર કરવાની જાળો પાથરી સેંકડો બાળકોનો કપટથી નાશ કરાવી નાખ્યો. દેવકી, વાસુદેવ અને યશોદા તથા નંદના આ અપૂર્વ સત્યાગ્રહે આખીએ પ્રજાને ખળભળાવી મૂકી. હતાશ બની કંસના નાશને ઇચ્છતી પ્રજા વિદ્રોહી બનવા તૈયાર થઇ ગઇ. આ દશામાં કૃષ્ણ અને એમના મોટા ભાઇ રોહિણીપુત્ર બલભદ્રના નાશ માટે કંસે કપટભર્યા અનેક પ્રપંચ કર્યા; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના ખુલ્લા નાશની હિંમત એનામાં ના રહી. કૃષ્ણને એ પોતાનું મોતજ સમજતો.

બલભદ્ર અને કૃષ્ણ ગોકુલમાં પૂર્ણકલાએ વધતા રહ્યા અને સખાસખીઓ સાથે બાલભાવે ખેલતા રહ્યા. વાસુદેવના એ પુત્રો નંદઘેર ઉછરે છે એ છાનું ના રહી શક્યું. સર્વ એના રક્ષણ માટે સાવધાન રહેતા. આખુંએ ગોકુલ આ બાલકુમારો પાછળ પ્રેમઘેલું બની બાલક બની જતું. નાનપણની મસ્તી અને કુમારપણાના ખેલ ખેલનાર આ બાલસખા આખાએ ગોકુલના બાલ અબાલનો પ્રિય આત્મા બન્યો હતો. એનાં પ્રેમ, શૌર્ય, વિવેકે સર્વને આભા બનાવ્યા હતા. ગોકુલ એટલે ગોવાળોનું નાનું ગામ. ગોપાલન અને ગોરક્ષા કરતાં આ પ્રેમાળ ગોપગોપીઓનું એ સમયનું જીવન તે સમયના ભારતવર્ષના ગ્રામ જીવનનું નિર્મલ ચિત્ર રજુ કરે છે. આવા ગામડામાં ગોવાળ કૃષ્ણે સખાઓ સાથે બાલ્યકાળથીજ જે સ્વાધીનતા અને સ્વમાનના ગૌરવપ્રીત્યર્થે પરાક્રમ કરેલાં તે આ જગતમાં ભૂલાય એમ નથી. આ મહાવીર બાલક પોતાની મસ્તીમાં બાલ-અબાલ સર્વ સ્ત્રીપુરુષને થનગન નચવતો. ગોમાતા અને ભૂમિમાતાની એ સેવા કરતો. ગોકુલ અને વ્રજ એનાં પરાક્રમ અને ચતુરાઇથી અનેક વખત સંકટોમાંથી બચી શક્યું હતું. ગુરુકુલમાં સુદામા જેવા રંક બ્રાહ્મણપુત્ર સાથે રહી અભ્યાસ કરી કૃષ્ણ થોડાજ સમયમાં સર્વ વિદ્યાથી પારંગત બન્યો અને પાછો વ્રજમાં આવી કુમારલીલાના ખેલ ખેલ્યો. માસી પૂતનાને મારનાર એ બાલવીરે કંસના મોકલેલા અનેક ગુપ્ત હત્યારાઓને વીણી વીણી માર્યા હતા, બ્રાહ્મણોના મદભર્યા યજ્ઞોને અટકાવ્યા હતા અને દરિદ્રનારાયણને, ગાયોને અને જન્મભૂમિને હવી આપનાર યજ્ઞો આદર્યા હતા. ઇંદ્રના ચાલતા આવેલા રૂઢિપૂજનને બંધ કરાવી અને ગોવર્ધનની સેવા અને યજ્ઞ એણેજ કરાવ્યા. ખરેખર, સર્વત્ર અંધકાર અને ત્રાસ વર્તી રહ્યો હતો. ત્યાં રસરાજ કૃષ્ણે સર્વમાં નવજીવન અને નવી આશાઓ પૂરી હતી. પ્રેમ, શૌર્ય અને બલિદાનનો અવતાર કૃષ્ણના તેજસ્વી ચારિત્ર્યવડેજ માનવોના હૃદયમાં થઇ રહ્યો હતો. દેશમાં ભારે ક્રાન્તિનો સમય વેગથી આવી પહોંચતો હતો. કંસ અનેક પ્રયત્નો છતાં લાચાર બનતો જતો હતો.

આર્યાવર્તના સામાન્ય ખેડુત અને પરવશ પ્રજાને દુઃખમાંથી છોડવવાને આમ તૈયારીઓ ચાલી રહી હતી. કાર્ય ભારે હતું છતાં આશાનાં કિરણ ઉગી રહ્યાં હતાં. પ્રભુની ઇચ્છા ભારતનો નાશ કરવાની નહોતી. પ્રભુ આ કનૈયા કાન જેવા મહાસમર્થ કુમારોનું રક્ષણ કરતો. કૃષ્ણ સમાન ચતુર, વીર્યવાન અને યૌગિક સંપત્તિવાળો તરુણ હજીએ બીજો પેદા થયો જાણ્યો નથી. એ નરરાજ હજારો વર્ષે પણ આપણને પ્રેમઘેલાં બનાવી નચવે. એમાં શું આશ્ચર્ય ? કૃષ્ણ ધર્મ, સમાજ અને રાષ્ટ્રનો સુધારક હતો. ગોબ્રાહ્મણનો પાલક હતો. ખેડુત હતો, ગોવાળ હતો-દરિદ્રોમાં ઉછરેલો એ અધર્મ અને અન્યાયના નાશમાટેજ જીવ્યો હતો. એણે ભારતભૂમિમાંથી દુષ્ટોનો નાશ કર્યો અને કરાવ્યો. નાનપણનો ગોપાલ અંતકાલ સુધી ગોપાલજ રહ્યો. એને રાજ્ય, સત્તા, ઐશ્વર્ય કશાની પરવાહ નહોતી; છતાં એ રાજાનો રાજા, સર્વથી વધારે ઐશ્વર્યવાન અને પ્રભાવશાળી હતો. મહાન યોગી સમાન એ સર્વની વચ્ચે કેવળ જગતના કલ્યાણ અને દરિદ્રનારાયણની સેવા માટે સર્વમાં નિર્લેપભાવે રહી રમણ કરતો. કૃષ્ણ વિશ્વની જાણે પ્રેમમૂર્તિ હતી ત્યારે દુષ્ટોની કાલમૂર્તિ હતી. કૃષ્ણ ના હોત તો ભારતનો ધર્મ, સંસ્કૃતિ, શૌર્ય, સ્વાધીનતા કયારનાંયે સ્મરણપટમાંથી પણ ભૂંસાઇ ગયાં હોત. પુરુષોત્તમ કૃષ્ણ ખેડુત અને ગોવાળોમાંથીજ પેદા થઇ શકે, રાજમહેલાતોમાંથી નહિ. આર્યાવર્તના ઉદ્ધારક એ મહાન યોગીને ભારતવર્ષ પાંચ હજાર વર્ષથી વંદન કરતું આવ્યું છે. આર્યાવર્ત એ મહાન કુશળ અને નટરાજ યોગીની જીવનકલામાંથી અનંતકાલ પ્રેરણા મેળવ્યા કરશે.

કૃષ્ણે બલભદ્રની સહાયથી પોતાને મારવાને તેડાવેલા મામા કંસને માર્યો. કંસ કૃષ્ણને મારવા મથુરાં બોલાવે છે, એ જાણીને આખીએ ગ્રામ્ય જનતા મથુરાંમાં કૃષ્ણના રક્ષણ માટે જાન આપવા આવી હતી. મથુરાં જેવા વિલાસી નગરનાં સ્ત્રીપુરુષો પણ કૃષ્ણના રક્ષણ માટે આતુર હતાં. દુષ્ટ કંસને ચાહનાર એનો એક પણ માણસ નહોતો. ગામડાના ગોવાળે એકલે હાથે સર્વની વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંસને પટકીને મારી નાખ્યો; પણ કોઇ એને બચાવી ના શક્યું. કૃષ્ણનાંજ કીર્તન ગવાયાં, લક્ષ્યાવધિ જનતાનાં બંધન તૂટી ગયાં. કૃષ્ણે કુમારાવસ્થામાં સર્વના પ્રેમને જીતી લેઇ શૌર્યવડે આ મહાન કાર્ય કરી દેશમાં મહાન ક્રાંતિ કરી. ક્રાંતિનો આ ઇતિહાસ અજોડ છે.

કૃષ્ણે એ પછી કંસના અનેક સમર્થ મિત્રોનો અને મદમાતા રાજાઓ તથા નરરાક્ષસોનો ક્રમશઃ નાશ કરવા માંડયો. દેશના સખા રહીને દેશને એણે અધર્મના પાશમાંથી છોડયો, મહાભારતનું યુદ્ધ પણ છેવટે કૃષ્ણચંદ્રની પ્રેરણાથીજ લડાયું. નિઃશસ્ત્ર કૃષ્ણ પોતાના સખા અર્જુનનો સારથિ બન્યો. એનીજ કુશળતાથી અને અર્જુનના શૌર્યથી પાંડવો જીત્યા. ભીષ્મ જેવા સમર્થ યોદ્ધાઓ સામે અર્જુન કૃષ્ણની કુશળતાથીજ જીતી શકે. મહાભારતના નાયક અને આત્મારૂપ કૃષ્ણે કૌરવોને મરાવી શાંતિનું અને ધર્મનું સ્થાપન કર્યું. સ્ત્રી અને શૂદ્રોને સમાન સ્થાન અપાવ્યું. વેદજ્ઞાનના દોહનરૂપ ગીતાગાન કૃષ્ણે કર્યું તે અર્જુન કર્મનિષ્ઠા ના ચૂકે તે માટેજ. એ ગીતા ન ગવાઇ હોત તો મહાભારતનું યુદ્ધ ના હોત. જ્ઞાન, કર્મ અને ઉપાસનાનું બ્રહ્મસ્વરૂપ પ્રકટ કરતા એ ઉપદેશે, સ્વાર્થરહિત નિષ્કામ કર્મનું જે રહસ્ય પ્રતિપાદન કર્યું છે, તે અમર રહેશે.

ગીતા હશે ત્યાંસુધી જગત નિર્ભય છે.

છેવટે કૃષ્ણે સંગઠિત કરેલા યાદવો પણ વ્યસનોથી સ્વચ્છંદી બન્યા અને યાદવાસ્થળી મચાવી નાશ પામ્યા. કૃષ્ણની જીવનલીલા પણ ત્યાંજ પૂરી થઇ. પોતાનું કર્તવ્ય કરતાં પોતે પણ અકસ્માત્ પારધિના હાથે મરાયા. કૃષ્ણ જતાં અર્જુન પણ કાબાઓથી લૂંટાયો. કૃષ્ણે આમ રાજ્ય અને સત્તાના મદને ચૂર્ણ કર્યા અને સામાન્ય જનસમાજના સ્વાતંત્ર્યની પ્રાણપ્રતિષ્ઠા કરી. આજે કૃષ્ણ છે ત્યાં અર્જુન છે. અનંતકાલ એમજ રહેવાનું. પ્રેમ અને શૌર્યના એ મહાન યોગેન્દ્રનાં સ્મરણ અને પૂજન કરવા આજે ભારતવર્ષ લાયક બનવા પ્રયત્ન કરી રહ્યો છે; ભારતવર્ષમાં ધર્મ, સમાજ અને રાષ્ટ્રની જે અવદશા થઇ રહી છે તેમાંથી કૃષ્ણજીવનની પ્રેરણાથી મુક્ત થવાને સર્વમાં બલ અને યોગ્યતા આવે એજ જન્માષ્ટમીના ઉત્સવનું કારણ છે. બલભદ્ર, કૃષ્ણ જેવા નવયુવાન ગોપાલ અને યોગેન્દ્ર કૃષ્ણ જેવા કુશળ પુરુષોત્તમ જ્યારે વિશુદ્ધ ગ્રામ્યજીવનમાંથી પેદા થશે ત્યારેજ ભારતના ઉદ્ધારનો ક્રાન્તિકાળ આવશે. દેવકી અને વાસુદેવ જેવાં સત્યાગ્રહી અને સ્વાર્પણ કરનાર માબાપો હશે તેજ એવા પુત્રોને ઉત્પન્ન કરી શકશે. યુગ યુગમાં આવાજ કૃષ્ણકુમારો જ્ઞાન અને શૌર્યવડે અધર્મનો નાશ કરી શકે છે. (તા. ૨૫-૮-૧૯૨૯ના "આર્યપ્રકાશ"માંનો અગ્રલેખ)

૬૯-ધાર્મિક સુધારા

ધાર્મિક સુધારાનો વિષય ઘણો વિશાળ છે. જેમ જેમ જનસમાજના આદર્શો બદલાય છે, એટલે કે સમાજની ધાર્મિક ભાવનામાં ફેરફાર થાય છે તેમ તેમ ધાર્મિક ક્રિયાઓ, મંત્રો, કર્મોમાં ફેરફાર થાય છે અને શબ્દાર્થમાં સુધારા કરવા પડે છે. દાખલાતરીકે બૌદ્ધ અને જીન ધર્મમાં "અહિંસા"ને જે અર્થ આપવામાં આવ્યો છે તે વેદમાં નથી. આ વિષયની ચર્ચા આજે કરતો નથી.

ધાર્મિક ભાવના મંદ પડી ગઇ હોય તો તેને સજીવન અને સક્રિય કરવાને માટે સતત ઉપદેશ થવો જોઇએ. આપણા ઋષિમુનિઓ ઠેકઠેકાણે આશ્રમો સ્થાપીને એવો ઉપદેશ કરતા હતા. જીન અને બૌદ્ધ ધર્મોના પ્રચારમાટે હજારો સતપુરુષો અને સ્ત્રીઓ સંઘમાં જોડાઇને ઉપદેશ આપતાં હતાં. શ્રી. શંકરાચાર્યે પણ આખા દેશમાં ધર્માચાર્યોને ગોઠવી દીધા અને તે પર્વતોમાં, શહેરોમાં, જંગલોમાં, ગામડાંઓમાં પ્રચારકામ કરતા થઈ ગયા. એમ કહેવાય છે કે, આજે પણ હિંદ દેશમાં બાવન લાખ સાધુ, સંન્યાસી, ફકીરો છે. જો આ આંકડો ખરો હોય તો દરેક ૬૦ માણસે એક સાધુ (હિંદુ, જીન કે મુસલમાન) આ કમનશીબ દેશમાં છે; પણ આ સંખ્યા માની લેવાની જરૂર નથી. આપણે ત્યાં કેટલાં મંદિરો અને મસ્જીદો છે ? હજારો નહિ પણ લાખો. અને ત્યાં દેખરેખ રાખવા માટે અથવા પૂજા કરવા માટે, સાફસુફી રાખવા માટે કોઇ કોઇ પણ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એમ ધારો કે (૧) આપણાં બધાં મોટાં મંદિરો (હિંદુ, જૈન, બૌદ્ધ) અને મસ્જીદોમાં ઉચ્ચ ભાવનાવાળા ઉપદેશકો, સાધુ કે રખેવાળ હોય તો દરેક ગામડામાં કેટલી જાગ્રતિ આવી જાય ? એમ ધારો કે, આપણા બધા સાધુઓ અને ફકીરો અને સાધ્વીઓમાં ઉચ્ચ આદર્શો અને સેવાભાવ હોય તો ગામડાંઓનું જીવન કેટલું પવિત્ર થાય ? એમ ધારો કે, દેશના દરેક ધાર્મિક મકાનનો ઉપયોગ પ્રજાને આત્મિક, નૈતિક, માનસિક તથા શારીરિક બળ આપવાને માટે થાય તો દેશને કેટલો અનહદ ફાયદો થાય ?

જ્યારે મહારાષ્ટ્રમાં નવી જાગ્રતિ આવી ત્યારે ત્યાં કેટલા સાધુસંતો પાક્યા હતા ? અને મોગલ પાદશાહીને ઉથલાવી પાડનાર માત્ર શિવાજી મહારાજ નહોતા, પણ રામદાસ સ્વામી જેવા અનેક સમર્થ ધર્મોપદેશકોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આજે પણ દેશમાં ઠેકઠેકાણે કેળવણીના, ધાર્મિક ઉપદેશના, રાજકીય ઉપદેશનાં આશ્રમો સ્થપાયા છે અને તેમાં આધુનિક ઋષિમુનિઓ, સાધુઓ, શિક્ષકો, પ્રચારકો, કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. આવા કાર્યકર્તાઓમાં જે જૂદાપણું હોય તે કાઢી નાખીને તેમનો સહકાર થાય તો દેશમાં અજબ શક્તિ આવી જાય.

આપણે જે સુધારો કરવાનો છે તે બે દિશામાં: (૧) જે સાધુઓ અને ધર્માચાર્યો ચેતન વિનાના જડ, અજ્ઞાન, વહેમી કે ચારિત્રવગરના હોય તેમનો બહિષ્કાર થવો જોઇએ. (૨) ઉચ્ચ ભાવનાવાળા શિક્ષિત ચારિત્રવાન નવજુવાનોએ આવા આશ્રમો, મંદિરો, મસ્જીદો, ધર્માલયોમાં દાખલ થઇ જવું જોઇએ. હાલમાં જે સાધુઓ દુરાચારી છે તેમને તો ભૂખે મારવા એ પુણ્યનું કામ છે એ વિચારનો પ્રચાર કરવો. જે સાધુઓ આળસુ, જડ અને અજ્ઞાન છે તેમનામાં ચેતન આવે અને પ્રજાને ઉપકારક થાય એવી તાલીમ આપવી, અને નવા સાધુઓએ બધી સંસ્થાઓને કબજે કરવી. મીસર દેશના પાટનગર કેરોમાં જે મોટી મસ્જીદ છે, તે અલ આઝાર મોટી યુનિવર્સિટિ બની ગઇ છે. સર સુબ્રહ્મણ્ય આયરે સૂચના કરી હતી કે, દરેક મંદિરમાં શાળા સ્થાપી દેવી જોઇએ, અને ત્યાં દરેક પ્રકારની કેળવણી આપી શકાય. જે પ્રજામાં ઉચ્ચ ભાવનાનો પ્રચાર થશે તે પરતંત્ર રહી શકેજ નહિ; એટલે ધાર્મિક રાજકીય, આર્થિક અને શારીરિક ઉન્નતિ સાથે સાથે થાય છે. ખરૂં જોતાં ધાર્મિક જાગૃતિમાં આ બધી પ્રવૃત્તિઓનો સમાવેશ થઇ જાય છે.

આજના ધર્મગુરુઓ, મહારાજો, સાધુઓ, સંન્યાસીઓ, ફકીરો, ગોસાંઇઓના જીવનવિષે ટીકા કરવા માગતો નથી. પ્રજા જેને અથવા જેટલાને લાયક હોય છે તેને મળે છે. 'કરણી તેવી પાર ઉતરણી' એ કહેણીનો બોધ પણ એવોજ છે. જે લોકોને સ્વચ્છતાનો ખ્યાલ નથી તે મંદિરને ઉકરડો બનાવી દેશે. આપણા આદર્શો, આપણી આકાંક્ષાઓ, આપણી જરૂરીઆતો હલકા નીચ પ્રકારની હોય તો પરિણામ કેવું આવે ? જ્યારે શીખ અકાળીઓ જાગૃત થયા અને પોતાનાં ગુરુદ્વારો સુધારવાનો નિશ્ચય કર્યો ત્યારે પ્રજામાં અજબ ચેતન આવ્યું. જો હિંદી પ્રજા પોતાના ધર્મગુરુઓને સુધારવાનો પ્રયત્ન કરે તો પચીસ વર્ષમાં કલ્પી ન શકાય એટલો સુધારો થઇ જાય. હાલમાં તો ગમે તેવો અભણ અજ્ઞાન માણસ, સદાચારી હોય કે નહિ તે છતાં પણ શરીરપર રાખ ચોળીને ભિક્ષા માગે તો સેંકડો સ્ત્રીઓ તેની પૂજા કરવા મંડી જાય અને ભિક્ષા આપીને હર્ષઘેલી બની જાય. આપણા સમાજમાં હજી હજારો વહેમ જડ ઘાલીને બેઠા છે અને જે પ્રજાનો મોટો ભાગ અભણ છે તેના વહેમ કાઢવા બહુ અઘરા છે. હવે તો યુવાનવર્ગ સમાજની લગામ હાથમાં લે અને પ્રજામાં સુસંસ્કારો રેડવા માટે ગામડાંઓમાં કામ કરવાને બેસી જાય. પ્રજાને વધારે બળવાન, હિંમતવાન, નિડર, ઉદ્યમી અને ધર્મપરાયણ બનાવી દે તોજ આ દેશનો ઉદય થાય. જીભના પટપટારા અને લેખોની કિંમત તો છે, પણ ચારિત્રવાન પુરુષનો સત્સંગ એજ ખરૂં ચેતન રેડી શકે છે, એજ મુડદાંમાં પ્રાણ મૂકે છે. જો આપણા યુવકો સંતોષી થઇને ગામડાંમાં બેસી જાય તો આપણે ગુલામી અને પરતંત્રતાની ધુંસરી ફેંકી શકીએ.

(સં૦ ૧૯૮૪–ના "હિંદુસ્તાન"ના દીપોત્સવી અંકમાં લેખકઃ–ડૉ. સુમન્ત મહેતા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૦-જીવનની તેર ત્રુટિઓ-તેના ઉપાય

સાન્ફ્રાન્સિસ્કોના જડ્જ મેક કોરમીકે માનવજીવનની તેર ભૂલોનું તારણ નીચે મુજબ કર્યું છે:-

(૧) ખરાં અને ખોટાંનું પોતાની માન્યતા મુજબનુંજ ધોરણ નક્કી કરવાનો પ્રયત્ન કરવો તે.

(૨) બીજાઓના આનંદનું પોતાની મોજના ધોરણે માપ કાઢવાની કોશીશ કરવી તે.

(૩) આ જગતમાં બધાના એકસરખા મત હોવાની આશા રાખવી તે.

(૪) બીનઅનુભવને ધ્યાનમાં નહિ લેવાની ભૂલ કરવી તે.

(૫) બધાના સ્વભાવ એકસરખા કરવાની માથાકૂટ કરવી તે.

(૬) બીન અગત્યની નજીવી બાબતોમાં નમતું નહિ મૂકવું તે.

(૭) આપણાં કાર્યોમાં સંપૂર્ણતાની આશા રાખવી તે.

(૮) જેનો કાંઇ ઉપાયજ ન હોય એવી બાબતોમાં પણ પોતાનાં તેમજ પારકાનાં હૈયાં બાળવાં તે.

(૯) જે કામ આપણે કરી શકીએ નહિ, તે બીજા કોઇથી થઇજ શકે નહિ એવો ઘમંડ રાખવો તે.

(૧૦) દરેક માણસને જ્યાં, જેવી રીતે અને જે કાંઇ બની શકે તે મદદ નહિ કરવી તે.

(૧૧) આપણું પરિમિત, સંકુચિત અને અલ્પજ્ઞ મન જેટલું સમજી શકે તેજ બસ આખરી સત્ય છે, એમ માની બેસવું તે.

(૧૨) બીજાઓની નિર્બળતાનો કાંઇ ખ્યાલજ નહિ કરવો તે.

(૧૩) બહારની કસોટીથી સમાનતાનો નિર્ણય કરવો તે.

આવી બાબતમાં લગભગ બધાં માણસો સરખી ભૂલ કરે છે.

× × × ×

મી૦ મેક કોરમીકે જીવનના લાંબા અનુભવ અને મનુષ્યસ્વભાવમાં રહેલી નૈસર્ગિક નિર્બળતાનો પાકો અભ્યાસ કર્યા પછીજ, ઉપરની તેર ભૂલોની શોધ કરેલી જણાય છે; અને જગતમાં અવનવા કલહો તેમજ કંકાસો ચાલી રહ્યા છે, તેનું કારણ પણ એજ ભૂલો છે! જડ્જતરીકે જાત જાતના પક્ષકારોની તપાસ ચલાવવાની ઘણાય જડ્જોને તક મળે છે, પણ જેનામાં અભ્યાસી વૃત્તિનો અભાવ હોય, અને જે નિર્મળ બુદ્ધિથી વિચારી શકતો ન હોય, તે આવી શોધ કરી શકતો નથી. માનવજીવનની આ ભૂલો શોધનારે, તેમાંથી ઉગરવાના માર્ગો શોધી કાઢયા છે કે નહિ, તે હું જાણતો નથી; પણ મને તો લાગે છે કે, ઉપરની ભૂલોમાંથી બચવાનો એકમાત્ર ઉપાય 'હૃદયની વિશાળતા' છે. એ સર્વોત્તમ સદ્ગુણ સિવાય, ઉક્ત ભૂલોમાંથી બચવાનો બીજો કોઇ આરો જણાતો નથી, અને ઉચ્ચ કોટીના નૈતિક સંસ્કારો વગર હૃદયની વિશાળતાની આશા રાખવી, એ થોર વાવીને આમ્રફળની આશા રાખવા બરોબર છે! હૃદયની વિશાળતાનો સાદો અને સૂતરો ઉપાય તો સંક્ષિપ્તમાંજ જણાવવામાં આવ્યો છે; પણ ઉપરની તેરે ભૂલોનું ક્રમવાર વિવેચન કરી, તેને ટાળવાના યોગ્ય ઉપાયો સૂચવવાનું જો કોઈ વિદ્વાન શિરપર લેશે, તો તેણે જનતાની એક પ્રકારની અચ્છી સેવાજ બજાવેલી ગણાશે.

(દૈનિક "હિંદુસ્થાન" ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૧–સુખની સોનેરી ચાવીઓ

સુખની પાછળ માણસ માત્ર ભમે છે. કોઈ તંદુરસ્તીમાં, કોઇ પૈસાટકામાં, કોઇ યશ-કીર્તિમાં, કોઇ પારકે પૈસે પરમાનંદ કરવામાં અને કોઇ સંતોષમાંજ બધું સુખ જુએ છે ! આ બધી માન્યતાઓમાં ઘણું તથ્યાંશ રહેલું છે, પણ અતિ કે અલ્પ સંતોષ જેમ પ્રગતિને અટકાવે છે, તેમ પૈસા કે કીર્તિ પાછળ ઘેલા થઇને ભમનારાઓ ઘણી વાર ભયંકર દુઃખો પેદા કરે તેવાં કાળાં કર્મો પણ કરી બેસે છે ! માત્ર તંદુરસ્તીજ એક એવી વસ્તુ છે, કે જે " શરીરે સુખી તો સુખી સર્વ વાતે " વાળા સૂત્રને સાચું પાડી બતાવે છે. પણ સુખની આ ચાવીઓ ઉપરાંત, મી. આર્નોલ્ડ બેનેટે, " ઇફ આઇ વેર ટુ લીવ અગેઇન ? (ફરી જીવવાની મને તક મળે તો ?)" એ મથાળા હેઠળના એક મનનીય લેખમાં સુખની બે નવી સોનેરી ચાવીઓ રજુ કરી છે; અને આજે માથામાં કીડા પડયા હોય એવો ઝંઝાપાત કરતાં અનેક પામર પ્રાણીઓ જ્યાં ને ત્યાં નજરે પડતાં હોવાથી આ સોનેરી ચાવીઓ હાથ કરી તેનો સદુપયોગ કરવાને તેઓ પ્રેરાય એ ઇષ્ટ જણાય છે. × × ×

ખુશમિજાજ અને દયાળુ હૃદય

પોતાના લેખમાં સુખના માર્ગો દર્શાવતાં આર્નોલ્ડ બેનેટ કહે છે કે સુખપ્રાપ્તિ અર્થે ધન, દોલત, ખ્યાતિ અને તંદુરસ્તી માટે ફાંફાં મારવામાં આવે છે પણ તેની ખરી ચાવીઓ તો "ચીઅરફુલ ટેમ્પરામેન્ટ–ખુશમીજાજ આનંદી સ્વભાવ" અને " કાઇન્ડલીનેસ ઑફ હાર્ટ દિલની દયા હૃદયના દયાળુપણા"માં સમાયેલી છે. આનંદી સ્વભાવનો માણસ કેવો સુખી હોય છે અને તંદુરસ્તીને બક્ષવા, ટકાવવા તેમજ વધારવામાં પણ ખુશમીજાજ કેવો સહાયક થઈ પડે છે તે તો સામાન્ય બુદ્ધિનો માણસ પણ સહેલાઇથી સમજી શકે છે. બારીક દૃષ્ટિએ જોતાં તંદુરસ્તી અને મોજીલા સ્વભાવનો 'આંધળા પાંગળા'ના ન્યાય મુજબ પરસ્પર આધાર હોય એમ જણાય છે, પણ વધારે ઉંડા ઉતરીને જોતાં તંદુરસ્ત માણસ ખુશમીજાજી હોય તેના કરતાં આનંદી મનુષ્ય સારો તંદુરસ્ત હોય એમ વધારે જોવામાં આવે છે. હાડચામના પૂતળા જેવા ખાઉં–કરકુદાસોએ તેથી જો સુખી રહેવું હોય તો, આનંદી સ્વભાવના બનવાની ખાસ કોશીશ કરવી જોઇએ.

× × × × ×

દયાળુ દિલના સંબંધમાં શાસ્ત્રાર્થ કરવા બેસીએ તો 'દયા' કોને કહેવી તેજ નક્કી કરવામાં મોટો વાંધો ઉઠયા વગર રહે તેમ નથી ! અતિદયા કે ખોટી દયાથી હિંદુસમાજની આજે માઠી દશા થઇ ગઇ છે, એટલે સુખના માર્ગ શોધતાં દયાળુ દિલની ચાવીનો બહુજ સંભાળથી ઉપયોગ કરવો ઘટે છે. ખરી દયા તો વગર કસુરે જે માણસ પીડાતો હોય તેના પ્રત્યે સદ્ભાવ બતાવી તેને સહાયતા કરવી તે છે. હરામનાં હાડકાં વધારી સમાજપર બોજારૂપ થઈ પડેલાઓ માટે જીવ ઝીકાટી નાખવો, તે દયા નહિ પણ કેવળ ભ્રમણા છે ! પણ અવિશ્રાંત શ્રમ ઉઠાવી રાતદિન વૈતરાં કરવા છતાં, જે પેટપૂરતું ખાવાનું–કે અંગ ઢાંકવા પૂરતું પહેરવાનું–પણ મેળવી શકતો ન હોય, અને જેની મહેનતના પૈસા માલેતુજાર દોંગા અને દગડાઓ પચાવી પાડતા હોય, તેજ ખરેખરી દયાને પાત્ર છે; અને તેવી દયા જેનાં દિલમાં ઉભરી નીકળતી હોય, તેજ મનુષ્ય આત્મસંતોષનું સુખ અનુભવી, જનતાને પણ સુખી કરી શકે. દોસ્ત વાચક ! જો તારે ખરે-ખરૂં સુખી થવું હોય તો ઉપરની બન્ને સોનેરી ચાવી હાથ કરી લે !

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાં લેખકઃ–બંદા અફલાતુન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૨-બનાવટી ઘી

પાંચેક વર્ષ પહેલાં સૌથી પહેલી વાર ભારતવર્ષમાંજ ઘીની ખોટ પૂરવા માટે બનાવટી ઘી તૈયાર કરવામાં આવ્યું હતું. આ કામ ઇરનાકયુલમની 'તાતા ઑઇલ કંપની'એ કર્યું હતું. કહેવાય છે કે, તેણે નાળિયેરના તેલને વૈજ્ઞાનિક પદ્ધતિથી સાફ કરીને કોકોજેમ નામ રાખ્યું હતું અને તે ઘીનું કામ આપે છે, એમ કહીને તેને વેચવામાં આવતું હતું. આ વાતની પ્રસિદ્ધિ માટે જાહેરાત પણ ખૂબ કરવામાં આવી હતી. તેજ સમયથી હોલેન્ડથી પણ બનાવટી ઘી આવવા લાગ્યું; એટલુંજ નહિ પણ સર્વ પ્રકારનાં બનાવટી ઘી વધારે પ્રમાણમાં આવવા લાગ્યાં અને તે એટલે સુધી કે હવે બજારમાં શુદ્ધ ઘી મળવું પણ મુશ્કેલ થઇ પડયું છે અને હવે તો થોડા દિવસોમાં ઘીની જગાએ આ બનાવટી ઘીજ વેચાતું હશે. બજારોમાં તે ખૂબ દાખલ થઇ ગયું છે. પહેલાં ઘી-તેલની બનાવેલી ચીજો મળતી હતી. હવે કોકોજેમ અને બનાવટી ઘીનીજ બનેલી ચીજો વેચાય છે; અને આ બનાવટી ઘીની ભેળસેળ કરવી એ તો ઘીના વેપારીઓ માટે વધારે નફો કરવાનું આબાદ સાધન મળી ગયું છે. આ નકલી વસ્તુઓના પ્રચારથી કેટલાક દિવસોમાં ઘીનો ઉપયોગજ બંધ થઇ જશે અને એથી આપણા ખાવાના પદાર્થોમાં એક ખાસ પૌષ્ટિક પદાર્થની ઉણપ રહ્યા કરશે અને તેથી આપણું ભાંગ્યું તૂટયું આરોગ્ય પણ વધારે જોખમભર્યું બની જશે. બનાવટી ઘી એ શી બલા છે અને તેનો શું ઇતિહાસ છે તેનું વર્ણન ડૉ. એસ. એન દે-(ડી. ટી. એમ. ડી. પી. એચ.) એમણે તેમના એક મહત્ત્વના લેખમાં વિસ્તારપૂર્વક લખ્યું છે. તેનો કેટલોક ભાગ અત્રે રજુ કરીએ છીએ. તેઓ લખે છે કે:-

વનસ્પતિ-ઘી

અહીં કેટલાક સમયથી વનસ્પતિ-ઘીનું નામ આપણા સાંભળવામાં આવવા લાગ્યું છે. કેટલાક માણસો તેને બનાવટી ઘી અને વિલાયતી ઘી પણ કહે છે. આ ઘી ભારતવર્ષમાં પરદેશથી વેચાવા આવે છે. તેના વેપારીઓ કહે છે કે, તેમણે ભારતવર્ષના ગરીબ લોકો કે જેઓ ગાયભેંસનાં ઘી ખરીદી શકતા નથી તેઓ ખરીદી શકે અને શાક-પુરીની મઝા માણી શકે, એટલા માટેજ આ ઘી બનાવેલું છે. યૂરોપે ભારતવાસીઓનાં અંતરમાં તેની વૈજ્ઞાનિક યોગ્યતાની ધાક તો જમાવી રાખેલીજ છે. મોટા ભાગના ભોળા ભારતવાસીઓ એમજ માની લે છે કે, વિજ્ઞાનના વિદ્વાનોએ કોઇ યંત્ર શોધી કાઢીને ઘાસમાંથી પણ ઘીરૂપી તત્ત્વ ખેંચી કાઢયું હોય તોપણ નવાઈ શી? ગાય પણ ઘાસજ ખાય છે ને. પરંતુ એ વાત સિદ્ધ થઇ ગઇ છે કે, આ વનસ્પતિ-ઘીમાં ઘીનો એક પણ ગુણ હોતો નથી. જે ફેર ખરા સોનામાં અને બનાવટી સોનામાં હોય છે તેજ ફેર આ બન્ને પ્રકારનાં ઘીમાં પણ છે.

તો પછી વનસ્પતિ-ઘી શું છે? એ તો જમાવેલું તેલ છે. એમાં અને તેલમાં એટલો ફેર છે કે તેલ ઠરતું નથી અને એ ઠરી જાય છે. અને એમાં તેલની વાસ હોતી નથી. ભારતવર્ષમાં અનેક પ્રકારનાં તેલી બીયાં થાય છે, તેલ ઉપરાંત આ બીયાં બીજા પણ ઘણા ઉપયોગમાં આવે છે. વનસ્પતિ-ઘીના બનાવનારા યૂરોપના વેપારીઓ આ બીયાં ખરીદીને યૂરોપ લઇ જાય છે. ત્યાં તેઓ તેનું તેલ કાઢે છે અને પછી તે તેલને સાફ કરીને જમાવી દે છે. આ પ્રમાણે વનસ્પતિ ઘી તૈયાર થાય છે અને પછી ભારતવર્ષનાં બજારોમાં વેચાવા લાગે છે. હવે આપણે વનસ્પતિ-ઘી ખાઇએ છીએ તેનો અર્થ એ થયો કે, આપણે તેલ ખાઇએ છીએ અને તે પણ આપણા દેશનું નહિ પણ પરદેશનું. વિદેશીઓની ભારતવર્ષ ઉપરની કૃપા તો જુઓ કે, આ ઘી તેઓ તેમના પોતાના ઘણી મોટી સંખ્યાવાળા ગરીબ દેશબંધુઓને નહિ આપતાં માત્ર અમારાજ ગરીબ ભાઇઓને માટે મોકલે છે! આ વેપારીઓ ભારતવાસીઓને સમજાવવા ઇચ્છે છે કે, વનસ્પતિ-ઘી-ભલેને શુદ્ધ ઘીનાં તત્ત્વો તેમાં ન હોય-ખૂબ શુદ્ધિપૂર્વક તૈયાર કરવામાં આવે છે અને તેનાથી કોઇપણ પ્રકારનું કંઇજ અહિત થતું નથી તેથી શુદ્ધ ઘીને બદલે તેનો ઉપયોગ કરવામાં કંઇજ નુકસાન નથી. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં થોડા સમય ઉપરજ સ્ટેટ કાઉન્સિલમાં ભારતીય મેડિકલ સર્વિસના મુખ્ય મેજર જનરલ સાઇમન્સે આ ઘીનો વિરોધ કરતાં કહ્યું હતું કે "આ વસ્તુનું નામ 'ઘી' રાખવુંજ યોગ્ય નથી. એ જમાવેલું તેલ છે અને તેલને ઘી તરીકે ગણવું બીલકુલ યોગ્ય નથી. એમાં ઘીનાં પૌષ્ટિક તત્ત્વોનું તો નામનિશાન પણ નથી." આ ઘી તંદુરસ્તીને માટે લાભદાયક છે કે નહિ, આ દેશમાં પણ તે તૈયાર કરી શકાય કે નહિ અને તેને 'ઘી' કહેવાય કે નહિ વગેરે બાબતો ઉપર સ્ટેટ કાઉન્સિલમાં ચર્ચા ચાલી હતી.

આ ઘી આરોગ્યને માટે લાભદાયક છે કે નહિ એ વિષે અમે વિશેષ નહિ લખીએ. જ્યારે એમાં ઘીનાં પૌષ્ટિક તત્ત્વોજ નથી તો પછી એ ઘીના ફાયદા શી રીતે પહોંચાડી શકે? અનુભવી ડૉક્ટરોનો અભિપ્રાય છે કે, એથી તો નુકસાનજ વિશેષ થાય. બાળકોને તો તે કદી પણ આપવું જોઇએ નહિ. એથી તેઓની વૃદ્ધિજ અટકી જાય છે. વળી એના સેવનથી ગળું અને દાંતનાં દરદો થાય છે તથા ફેફસાં નબળાં પડી જાય છે. જ્યાંસુધી વૈજ્ઞાનિક પદ્ધતિએ ખરા ઘીનાં તત્ત્વો એ બનાવટી ઘીમાં છે એવું સાબીત ન કરી શકાય ત્યાંસુધી કાયદો કરીને પણ તેનું વેચાણ બંધ કરવું જોઇએ. જનતા અને વેપારીઓનો સ્વાર્થ એક નજ હોઇ શકે. વેપારીઓના સ્વાર્થને ખાતર સામાન્ય જનતાના આરોગ્ય ઉપર છરી ફરવા દેવી એ કોઈ પણ રીતે યોગ્ય નથી. જ્યાં સામાન્ય જનતાના સ્વાસ્થ્યનો સવાલ હોય ત્યાં વેપારીઓના સ્વાર્થનું બલિદાન આપવું એજ ન્યાય છે. સરકારે આવાં બનાવટી ઘીની આવક અને વેચાણ રોકવા માટે કાયદા બનાવવા જોઇએ. આ બાબતનો ખાસ પ્રયત્ન થવો જોઇએ અને સરકારને કાયદો કરવાની ફરજ પાડવી જોઇએ. ઓછામાં ઓછું એટલું તો થવુંજ જોઇએ કે, વનસ્પતિ ઘીની જાહેરાતોમાં સ્પષ્ટપણે લખેલું હોવું જોઇએ કે આ વનસ્પતિ-પદાર્થ ઘીથી જૂદાજ પ્રકારનો છે અને તેમાં ઘીનાં પૌષ્ટિક તત્ત્વોનો સદંતર અભાવ છે, કે જેથી ખરીદનારાઓને છેતરાવાનો સંભવ ન રહે. ઇંગ્લૅંડ વગેરે દેશમાં આવા કાયદા બન્યા છે. જે ખાવાના પદાર્થો જનતાના આરોગ્યને અનુકૂળ નથી હોતા તેનું વેચાણ બંધ કરવામાં આવે છે અને કયાંક દેખાય તો તેનો નાશ કરવામાં આવે છે. ભારત સરકાર આ બાબતમાં બહુ બેદરકાર અને આળસુ છે, પણ આપણે આપણો પ્રયત્ન નહિ છોડવો જોઇએ. પ્રત્યેક મ્યુનિસિપાલિટી અને જીલ્લા બોર્ડોએ પણ આ ઘીના વેપારને ઓછામાં ઓછો પોતાની હદમાંથી તો દેશનિકાલ કરવોજ જોઇએ.

('સરસ્વતી' ના એક અંકમાંથી શ્રીનાથ સિંહના લેખનો અનુવાદ)

૭૩–આ તે કારખાનાં કે કસાઇખાનાં?

ઇંગ્લાંડની નદીઓનાં પાણી ઝેરી થતાં જાય છે!—નદીઓનાં પાણી ચોખ્ખાં રાખવાની લડત ચલાવનારી એક સોસાઇટી ઇંગ્લાંડમાં સ્થપાઇ છે અને એ સંસ્થા કહે છે કે, આજે ઇંગ્લાંડની નદીઓનાં પાણી પીવાં જોખમભરેલાં થયાં છે, ગાયોના દૂધ ઉપર એ પાણીની ખરાબ અસર થવા લાગી છે, નદીઓની ખીણોમાં ઉગતો ઘાસચારો નાશ પામવા લાગ્યો છે, નદીઓનાં પાણીમાં નહાવાનું અને તરવાનું પણ જોખમભર્યું બન્યું છે, નદીકાંઠાનાં વૃક્ષો સૂકાઈ જવા લાગ્યાં છે, પંખીઓ નદીકાંઠાને હવે તજી દેવા લાગ્યાં છે અને નદીઓનાં પાણી એવાં ઝેરી થયાં છે કે તેમાં નહાવાથી આંખ અને નાક ઉપર ખરાબ અસર થાય છે! નદીનાં પાણી ઝેરી થવાનું કારણ એ છે કે, ઇંગ્લાંડમાં નદીઓના કાંઠાપર જૂદા જૂદા ઉદ્યોગોનાં કારખાનાં છે અને એ કારખાનાંઓનાં મેલાં પાણી તથા કચરો નદીઓમાં વહાવી દેવામાં આવે છે! અમદાવાદની કેલીકો મીલનું ગંદુ પાણી અને અમદાવાદની ગટરોનું ગંદુ પાણી સાબરમતી નદીમાં જવા દેવામાં આવે છે તેનું શું?

(આગળ મળમૂત્રાદિ જમીનમાં ખાતરરૂપે ભળતાં, તે પાશ્ચાત્ય સુધારાના આંધળા અનુકરણના પ્રતાપે હવે ગંગા યમુનાદિ મહાપવિત્ર જળવાળી નદીઓમાં તેનાકિનારે આવેલી સુધારક મ્યુનિસિપાલિટીઓ ગટરદ્વારા પધરાવીને એ નદીઓનું પાણી પીનારા કરોડો મનુષ્યોની સેવા ઉપજાવે છે કે હાનિ ઉપજાવે છે? વિદેશી શિક્ષણે વરાવેલી કુબુદ્ધિ સુધારાને નામે કુધારા ન વર્તાવે તો શું કરે!

ખરાબ ભિક્ષુ—અખંડાનંદ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૪-નાગરવેલના પાનના લાભ તથા હાનિ

કેટલીયે સદીઓથી ભારતવર્ષમાં પાનનો પ્રચાર થયેલો છે. તે પહેલેથી ભારતમાંજ ઉત્પન્ન થતાં રહ્યાં છે કે વિદેશથી આવ્યાં છે તેની અમને ખબર નથી, પરંતુ એ તો નિઃસંદેહ વાત છે કે, કોઇ અજ્ઞાત કાળથી તેનો કોઇ ને કોઇ રૂપમાં અહીં ઉપયોગ થતો રહ્યો છે. ધર્મશાસ્ત્રોએ પાનને પવિત્ર માન્યું છે. અનેક પ્રકારની પૂજાની સામગ્રીમાં પાન હોવું આવશ્યક મનાયું છે. આ ઉપરથી જણાય છે કે, પ્રાચીન હિંદુ સભ્યતા જે સમયે ઉન્નત અવસ્થામાં હતી, તે સમયે પણ લોકો પાનને સારી રીતે જાણતા હતા; પરંતુ ખાવામાં તેનો ઉપયોગ કરતા કે નહિ તેનો કંઇ પ્રબળ પૂરાવો મળતો નથી. મુસલમાનોના શાસનકાળમાં અવશ્ય તેનો ઉપયોગ ઘણોજ વધારે વધી ગયો હતો. મોગલ બાદશાહોના દરબારોમાં સૌને પાન આપવામાં આવતાં હતાં. દરબારમાં જતી વખતે પ્રત્યેક દરબારીને તેના પદ-અધિકારના પ્રમાણમાં પાન અપાતાં હતાં. કોઇ કોઇ વાર એક એક વ્યક્તિને સોળ અને વીસ સુધી પાન મળતાં હતાં. આજકાલ તો તેનો ઘેરઘેર પ્રચાર થઇ ગયો છે. અનેકોને માટે તો પાન ભોજનથીયે વધારે આવશ્યક વસ્તુ થઇ પડી છે. નવીન યૂરોપીય સભ્યતાના પ્રભાવથી તેની વપરાશ અવશ્ય કંઇક ઓછી થઇ છે.

જો કે ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં પાનના આકાર-પ્રકાર તથા સ્વાદમાં જૂદાપણું હોય છે, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેના ગુણમાં ખાસ ફેર હોતો નથી. ખાવા માટે પાનનાં જે બીડાં બનાવાય છે તે પણ લગભગ બધા ભાગોમાં એકજ પ્રકારનાં બને છે. તેને વિશેષ સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં કેટલીક સ્વાદિષ્ટ અને સુગંધી ચીજો-જેવી કે પિપરમીંટ, ઇલાયચી, લવિંગ, કોપરાની કાતરી, વિવિધ પ્રકારની ગોળીઓ વગેરે અનેક વસ્તુઓ અથવા તેના સંયોગથી બનતી વસ્તુઓ તથા બીજા સ્વાદિષ્ટ મસાલા વગેરે નાખવામાં આવે છે.

જો કે લગભગ પ્રત્યેક વ્યક્તિ પાનનો ઉપયોગ કરે છે, પરંતુ ઘણાજ થોડા માણસો વિચારતા હશે કે તેનાથી ફાયદો છે કે નુકસાન. પાનના આ વધતા જતા પ્રચારથી સમાજ અને દેશની કેવી ભયંકર બરબાદી થતી જાય છે તે તો ભાગ્યેજ કોઇ વિચારતું હશે. આજે અમે વાચકોની સમક્ષ તેના ગુણ-દોષ સંબંધી કેટલાક વિચારો રજુ કરીએ છીએ. આ લેખમાં જે કંઇ લખ્યું છે તે આયુર્વેદિક, યૂનાની અને એલોપથિક-ચિકિત્સાના પ્રમાણભૂત ગ્રંથોને આધારેજ લખવામાં આવ્યું છે.

પાનના ગુણ—પાનથી જે કંઇ લાભ કે હાનિ થાય છે તે તેના રસને લીધેજ થાય છે. સૂકાં પાનમાં ગુણ કે સ્વાદ કંઇજ હોતાં નથી. અસ્તુ. પ્રત્યેક કાર્યમાં લીલાં પાનનોજ ઉપયોગ થાય છે. પાનના રસમાં એક પ્રકારનો તૈલી પદાર્થ હોય છે તેના ઉપરજ તેના બધા ગુણ-દોષનો આધાર રહે છે.

શરીરના બાહ્ય ભાગોનાં જૂદાં જૂદાં દરદોમાં તેનો ઉપયોગ થાય છે. પાનમાં સરસવનું તેલ યા ચૂનો લગાવીને તેને સહેજ ગરમ કરીને મસ્તકની બાજુમાં કાનની સામે લગાવવાથી માથાનું દર્દ મટી જાય છે. ગળામાં લગાવવામાં આવે તો ગળાનું દર્દ દૂર થાય છે. સૂજી આવેલી ગાંઠો ઉપર લગાવવાથી પણ ફાયદો થાય છે. કોઇ વાર બાળક મૃત્યુ પામવાથી તેની માતાના સ્તનમાં દૂધ જામી જાય છે અને તેથી તેને અત્યંત કષ્ટ થાય છે. એવી અવસ્થામાં જો સરસવનું તેલ ચોપડીને નાગરવેલનાં ગરમ ગરમ પાન સ્તન પર મૂકવામાં આવે તો તરતજ આરામ થાય છે. બાળકોની ફેફસાંની બિમારીઓમાં તેનાથી લાભ થતો જણાયો છે. તેલ લગાવીને ગરમ કરેલાં પાન છાતીએ કેટલીક વાર લગાવવાથી ખાંસી અને શ્વાસ લેતાં-મૂકતાં થતું દર્દ નાબુદ થાય છે. અનેક પાકેલા ઘામાં તેની ઉપર ઢાંકવા માટે રેશમની પટ્ટીને બદલે પાનનો ઉપયોગ કરવામાં આવે છે. આંખના રોગોમાં પણ પાનનો રસ નાખવાથી લાભ થયેલો જણાયો છે. કાનનાં દર્દમાં પણ ગરમ રસ નાખવાથી ફાયદો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનનાં બીડાં ચાવવાથી મોંમાં થુંક વધારે પ્રમાણમાં નીકળવા લાગે છે, તેથી જો મોં અને ગળું સૂકાવા લાગે તો પાન ખાવાથી તરાવટ આવે છે, તરસ છીપાઈ જાય છે અને મોંની દુર્ગંધ દૂર થાય છે. ભોજન પછી પાન ચાવવાથી પચવામાં મદદ કરે છે. પેટનાં દર્દ પણ દૂર થાય છે. તેથી પાચક ઔષધિઓની સાથે પાન કોઈકોઈ વાર અજીર્ણના રોગોમાં આપવામાં આવે છે. કડવી દવા ખાધા પછી પાન ખાઈ લેવાથી મોં સારૂં થઇ જાય છે. શરદી અને ખાંસીમાં તે કફને બહાર કાઢે છે.

પાનના દોષ—જો કે એક બે બીડાં રોજ ખાવાથી ફાયદો થાય છે ખરો, પરંતુ તેનો અર્થ એવો નથી કે તેનાથી નુકસાન થતુંજ નથી. જો સંયમપૂર્વક માત્ર ભોજનની પછી રોજ એક કે બે પાન ખાવામાં આવે, તો તેનાથી હાનિ કરતાં લાભજ વિશેષ થાય છે; પણ જો તેનો એથી વધારે ઉપયોગ કરવામાં આવે તો તો ઘણું ભારે નુકસાન થાય છે. ઘણા લોકો રોજ દશ-પંદર પાન ખાધા કરે છે. કેટલાક તો આ સંખ્યાને સો સુધી પણ વધારી દે છે; પરંતુ અંતે તેને તેનાં દુષ્પરિણામ ભોગવવાં પડે છે ત્યારેજ તે સમજે છે.

ભારતવર્ષમાં સેંકડે ૯૦ ટકા લોકોમાં દાંતના રોગોની ફરિયાદ સાંભળવામાં આવે છે. ઘણે ભાગે ચાળીસ-પચાસ વર્ષની અવસ્થામાંજ લોકોના બધા દાંત પડી જાય છે. ગણ્યાગાંઠ્યા માણસોજ એવા જોવામાં આવે છે કે જેમના દાંત વૃદ્ધાવસ્થાસુધી કામ આપી શકતા હોય અને તે એટલે સુધી કે દાંત પડવા એ તો જીવનની એક સાધારણ ઘટના મનાય છે. ચાળીસ પચાસ વર્ષની ઉંમર થતાંમાં દાંત પડી જાય તો તેને લોકો રોગજ નથી માનતા, પરંતુ એ વાત સિદ્ધ થઇ ચૂકી છે કે, સોમાં નેવુ કે તેથી પણ વધારે લોકોના દાંત પડવાનું કારણ તેઓ પાનનો ઘણોજ વધારે ઉપયોગ કરે છે તેજ છે. વાત એવી છે કે, પાનના રેસા, સોપારીના ઝીણા ટુકડા અને ચૂનો દાંતોની વચ્ચે ભરાઇ જાય છે અને તે એટલા પ્રમાણમાં વધી જાય છે કે, દાંતો ઉપર જોર દઇને તેની વચમાંના ભાગને વધારી મૂકે છે અને તેને દૂર કરવા માટે જીભ હમેશાં દાંત તરફ ગયા કરે છે. કેટલાક સમય પછી અવાળાં દુઃખવા માંડે છે અને તેની અંદર પરૂ ઉત્પન્ન થાય છે. અને દાંતોમાં અસહ્ય પીડા થવા લાગે છે. અને કેટલાક સમય પછી જ્યારે તેની જડની નસો વગેરે સારી રીતે નાબુદ થઇ જાય છે એટલે તે પડી જાય છે. આ પ્રમાણે પાનનું વ્યસન દાંતનો નાશ કરે છે. અને લોકો દાંત વિના ભોજનને સારી રીતે નહિ ચાવી શકવાથી તેને એમ ને એમજ ઉતારી જાય છે. પરિણામે દાંતનું કામ પેટને કરવું પડે છે અને તે પણ કેટલાક સમય પછી નબળું પડી જાય છે. ભોજન સારી રીતે પચતું નથી અને મનુષ્ય નિર્બળ થતો થતો અંતે પોતાના પાનના વ્યસનને લીધે કાળના મુખમાં જઈ પડે છે.

પહેલાં કહેવાયા પ્રમાણે પાન ખાવાથી મુખમાં થુંક અધિક માત્રામાં પેદા થાય છે ખરૂં, પરંતુ જેમને બહુ પાન ખાવાની ટેવ છે તેમનું ઘણું ખરૂં થુંક આખા દિવસમાં નકામું નીકળી જાય છે, અને ભોજન વખતે બહુજ ઓછું નીકળે છે. પરિણામ એ આવે છે કે, ભોજનમાં થુંક સારી રીતે નહિ ભળવાથી સ્ટાર્ચ નામનો પદાર્થ સારી રીતે પચી શકતો નથી. કેટલાક લોકો પાનની સાથે તંબાકુ ખાધા કરે છે. પરંતુ પાન અને તંબાકુનું મિશ્રણ થવાથી મોંની અંદરની કોમળ ચામડી અને જ્ઞાનતંતુઓનો નાશ થઈ જાય છે. અને ભોજનમાં કદી પણ સ્વાદ આવતો નથી. તેથી પાનનો વિશેષ ઉપયોગ કરનારાઓને ભોજનની ઇચ્છા બહુ ઓછી થાય છે અને તેમાં કંઇ સ્વાદ પણ આવતો નથી. પાન, ચૂનો અને કાથો વગેરે વધુ પ્રમાણમાં લેવાથી પાચનશક્તિને પણ ઓછી કરી નાખે છે. અસ્તુ. વધારે પાન ખાવાથી ભૂખ ઓછી થઇ જાય છે, ભોજનનો સ્વાદ અનુભવાતો નથી અને નથી તો તે બરાબર પાચન થતું.

ક્યારેક ક્યારેક વધારે પાન ખાવાથી જીભ અને ગાલમાં ફોલ્લા પણ થઇ જાય છે. પાનના ચૂનાને લીધે લોહીમાં 'કેલ્શિયમ' નામનો પદાર્થ વધી જાય છે અને તેને લીધે અનેક ભયાનક રોગો ઉત્પન્ન થાય છે. જીવન-તત્ત્વ (વાઇટેલીટી) ઓછું થઈ જાય છે અને રોગોના હુમલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલદી થવા લાગે છે. પાનમાં દારૂ વગેરેના જેવો કંઇક નશો પણ હોય છે અને તેને લીધે નિર્બળતા આવતી જાય છે.

આ પ્રમાણે પાનમાં કંઇક લાભ પણ છે, તો તેનાથી કેટલાયગણા દોષ છે. તેથીજ જેઓ તેના ગુણદોષ જાણે છે તેઓ હમેશાં તેનો પ્રચાર ઓછો થાય તેવા પ્રયત્નો કરે છે. પહેલાં લખ્યા પ્રમાણે ભોજન પછી એક બે પાનબીડાં લેવાથી નુકસાન નથી, પણ જો સંયમ નહિ રહે તો તે આદત ધીરે ધીરે વધતી જશે અને પછીથી તેના સકંજામાંથી છૂટવું ભારે થઇ પડશે. લોકો એક પછી બે અને બે પછી ચાર એમ વધારતા વધારતા અંતે પાનની સંખ્યા પંદર, વીસ અને પચીસ સુધી પહોંચાડી દે છે. કેટલાક લોક તો પચાસથી સો બીડાંસુધી એક દિવસમાં ખાય છે અને અંતે આ વ્યસનની વૃદ્ધિને કારણે તેમને આરોગ્યથી હાથ ધોઇ નાખવા પડે છે. તેઓ દાંત અને પાચનશક્તિને ગુમાવી દઇને સદાને માટે વૃદ્ધ બની બેસે છે તેથી સૌથી સારૂં તો એ છે કે, આ વ્યસનમાં પડવુંજ નહિ. જો પાન ખાવું કોઇ પણ કારણે જરૂરનું લાગે તો-પણ એક બે બીડાંથી વધારે લેવાં જોઇએ નહિ.

સમાજની પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય છે કે, તે પાનના પ્રચારને ઘટાડવાનો યથાશક્તિ પ્રયત્ન કરે કે જેથી ભારતમાતાના કલંકરૂપ દાંતવિનાના માણસોની સંખ્યા ઓછી થાય. જો વાચકો આ લેખ ઉપર ધ્યાન આપી તેનો કંઇ પણ ઉપયોગ કરશે તો અમે ભવિષ્યમાં કેટલીક રોજના વ્યવહારમાં આવતી ચીજો ઉપર વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરીશું.

("માધુરી"ના એક અંકમાં મૂળલેખક શ્રી. રામકુમાર સિંહ.)

૭૫-બ્રહ્માંડ ભેદી તું ગયો!

સરકારના દરબારનો કેદી બન્યો તું આખરે;
પિંજર તજી સરકી ગયો ઉડી ગયો તું ક્યાં જતીન?
અન્યાયની સામે ઝૂઝી ઝૂંડો ચઢાવ્યો યુદ્ધનો;
બે-મૂલ તારા દેહને સોંઘો કર્યો તેં હા જતીન!
લાંબા પ્રવાસો ઓ મુસાફીર! વિશ્વના નહિ પાલવ્યા?
સંસાર-અટવીના પથે થંભી ગયો તું હા જતીન!
આલમતણી કીર્તિ વરી, દૂર-દૂર તું પસરી ગયો;
શૂરા શહીદોની સભા જીતી ગયો તુંયે જતીન!
મૃત્યુ અમરના મોઝમાં ભડવીર! તું ડૂબી ગયો;
લ્હેજત અમીરી ચાખતાં તુંયે ધરાયો ના જતીન!
લાખો મુલાયમ દિલને ઘાયલ તને કરવાં ગમ્યાં?
લાખો રડાવી તું ગયો હસતો છતાં તુંયે જતીન!
જીવ્યો જગે જગ જીતીને બ્રહ્માંડ ભેદી તું ગયો;
તારા પુનિત ચરણે પડી વંદુ તને હુંયે જતીન!

(તા. ૨૨-૯-૨૯ના "બે ઘડી મોજ"માં લેખકઃ-ડૉ૦ સોલા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૬–મરજી પ્રમાણે વરસાદ વરસાવી શકાય છે.

મુંબઇમાં થોડા દિવસો દરમિયાન વરસાદ ખૂબ થયો. ગરમીના ત્રાસમાંથી બચવા માટે લોકો કયારના મેઘરાજની કૃપાયાચના કરી રહ્યા હતા; પરંતુ તેઓ મેઘરાજની અતિ કૃપાથી કંટાળ્યા. 'સા...આ વરસાદ કયાંયે બહાર નીકળવા દેતો નથી!' 'હવે તો વરસાદ બંધ થાય તો સારૂં' એવા ઉદ્‌ગારો એ કંટાળેલા લોકો કાઢવા માંડયા. કેટલાકોને આ સ્થિતિમાં સ્વભાવતઃ એવી ઇચ્છા થઈ હશે કે 'વરસાદ વરસાવવાની શક્તિ આપણામાં હોય તો? ઇચ્છા મુજબ વરસાદ વરસાવી કે અટકાવી દેવા આપણે શક્તિમાન હોત તો?'

એવી ઇચ્છા કરનારાઓને હું આથી ખુશ ખબર આપું છું કે, ઇચ્છાનુસાર વરસાદ વરસાવવાના પ્રયોગ ઇલીનોઇઝ યુનિવર્સિટીના પ્રૉ૦ ચાર્લ્સ નીયે ફતેહમંદીપૂર્વક કર્યા છે. વાત આશ્ચર્યજનક છે ખરી, પણ વધુ આશ્ચર્યજનક તો એ છે કે 'મરજી પ્રમાણેનો વરસાદ' વરસાવવાની શોધ જાપાનના ઓબાયામા ગામના વતની મસાતાકાનો મુહારાએ વર્ષો પૂર્વે કરી છે; અને વર્ષો થયાં એ કંઇ નહિ તો વરસાદની બાબતમાં કુદરતપર વિજય મેળવી ચૂક્યો છે.

મી૦ નોમુહારા ૬૦ વર્ષના વૃદ્ધ ગૃહસ્થ છે. એમની પ્રયોગશાળા સુનેયામા પાક નામની સમુદ્રની સપાટીથી ૧૨૦૦ ફીટની ઉંચાઈએ આવેલી એક જગાપર છે. મી૦ નોમુહારાનું વરસાદ વરસાવવાનું યંત્ર બહુજ સરળ અને સોંઘું છે. એ યંત્ર લાકડા ને દોરડાના બનેલા ૭૦–૮૦ ફીટની ઉંચાઇનો એક 'ટાવર' ૨૦–૩૦ ફીટ ઉંચાઇનો એક થાંભલો અને થોડાક વિજળીના તાર, આટલી વસ્તુઓનું બનેલું છે. થાંભલાને મથાળે વિજળીનો એક ઝાડકાસ્ટીંગ કરવાનો ગોળો ગોઠવેલો છે.

આ યંત્રની કાર્યપદ્ધતિ પણ એટલી સરળ છે: એક યંત્રદ્વારા ૨૦૦ વોલ્ટની વિજળીને ૮૦,૦૦૦ વોલ્ટની વિજળીમાં ફેરવી નાખવામાં આવે છે અને એ વિજળીક પ્રવાહને સીધા પ્રવાહનું રૂપ અપાય છે. નેગેટિવ વિજળીને પૃથ્વીમાં જવા દેવામાં આવે છે અને પોઝિટિવ વિજળીને આસપાસ ફેલાવવામાં આવે છે. એ રીતે ફેલાયલી વિજળી વાતાવરણના ભેજ પર અસર કરે છે; અને પરિણામે થોડીજ વારે પર્વતો અને ઝાડીઓમાંથી કાળાં વાદળાં નીકળી આવીને ટાવરની ઉપર ઘેરાઈ જાય છે. વિજળી એ વાદળાંમાંના ભેજપર અસર કરે છે અને એથી વરસાદ પડવા માંડે છે. થોડો વખત સાધારણ છાંટા પડયા પછી જોરમાં વરસાદ આવે છે. એ વરસાદ પાંચ છ માઈલના વિસ્તારમાં પડે છે અને દર ૬ ચોરસફીટ દીઠ ૧૫ ગેલન પાણીની રાસ આવે છે. અનાવૃષ્ટિના સમયમાં આટલો વરસાદ આશીર્વાદરૂપ થઇ પડે છે.

મી૦ નોમુહારાના 'વૃષ્ટિ ઉત્પાદક' યંત્રની યાંત્રિક ખુબી આટલીજ છે!

મી૦ નોમુહારાનો પહેલો પ્રયોગ ૧૯૦૦ ની સાલમાં યામાટોના ઉનેબી ડુંગરપર થયો અને ફતેહમંદ નીવડયો. એ પ્રયોગને અંતે પડેલો વરસાદ માત્ર એક કલાક રહ્યો અને મી૦ નોમુહારાની એ લોકસેવા માટે એમને રાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળવાને બદલે એમને માત્ર સ્થાનિક ખ્યાતિ મળી. આનું કારણ સ્પષ્ટ છે. જાપાની જનતા નવી શોધોપ્રત્યે ઘણી ખરી ઉદાસીન રહે છે, અને તેમાંય મી૦ નોમુહારાની શોધ તો એટલી અદ્‌ભુત હતી કે જોયા વિના કોઇ માની શકે નહિ.

૧૯૦૧ ના વર્ષમાં મી૦ નોમુહારા ટોકુશીમા કેન નામના પ્રદેશમાં ગયા. ત્યાં એમણે વરસાદને અભાવે પીળાં પડી ગયેલાં ખેતરો અને સૂકાઇ ગયેલી વનસ્પતિ જોઇ. એમણે પોતાની નવી શોધનો ઉપયોગ કરીને વનસ્પતિને નવજીવન આપ્યું. લોકોના આશ્ચર્ય ને હર્ષનો પાર ન રહ્યો. તેઓએ મિ૦ નોમુહારાના માનમાં ભવ્ય ઉજાણી કરી. એ ઉજાણી ચાલતી હતી એવામાં કેટલાક જવાન માણસો 'સેક' નામના દારૂનું એક પીપ લઇને ત્યાં આવ્યા. એનું કારણ પૂછતાં તેઓએ ખુલાસો કર્યો કે, પડોશમાં રહેતા એક સુથારને આ પ્રયોગ ફતેહમંદ થશે એવો વિશ્વાસ નહોતો; તેથી એણે એવી શરત મારેલી કે 'જો આ પ્રયોગથી વરસાદ વરસે તો હું તમને બધાને દ્રાક્ષના દારૂનું સ્નાન કરાવું! શરત વિચિત્ર હતી; અને વરસાદ થયો ત્યારે એ સુથાર ગભરાયો અને 'સેક'ના આ પીપથીજ એનો છૂટકારો કરવા અમને વીનવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ વર્ષ રહીને ૧૯૦૪ માં મી૦ નોબુહારાને યોશીકી પ્રદેશમાંથી તેડું આવ્યું. એ પ્રદેશ અનાવૃષ્ટિએ ઉજ્જડ કરી મૂક્યો હતો અને લોકો ખૂબ કંટાળી ગયા હતા. મી૦ નોબુહારાએ પોતાનું યંત્ર અસાહિયામા ટેકરીના શિખરપર ગોઠવ્યું. લોકોનાં ટોળેટોળાં એ જોવા ભેગાં થયાં હતાં. થોડીજ વારે મુસળધાર વરસાદ શરૂ થયો અને કેટલાક કલાકો સુધી વરસતો રહ્યો. યોશીકાના લોકો એટલા બધા હર્ષિત થયા કે તેઓએ મી૦ નોબુહારાને કેટલાક દિવસો સુધી પોતાના ગામમાંથી જવા ન દીધા.

આ તો મી૦ નોબુહારાના શરૂઆતના પ્રયોગો થયા. એ પછી એમણે અનેક વર્ષોસુધી અનેક ફતેહમંદ પ્રયોગો કર્યા છે. હાલમાં તેઓ કોરિયામાં છે. કોરિયા એ અનાવૃષ્ટિનો પ્રદેશ હોવાથી નોબુહારાની શોધ ત્યાં વિશેષ કલ્યાણકારી થઈ પડશે. (તા. ૧૪-૭-૧૯૨૯ના "બે ઘડી મોજ"માંથી)

૭૭-પરસ્ત્રી તરફ આકર્ષાઇ પાયમાલ થયેલા પુરુષો

(૧) સને ૧૯૨૬ માં જુનાગઢ સ્ટેટના એક મેડીકલ ઑફિસરે એક સ્ત્રી દર્દીની આબરૂ લીધી. તે ગુન્હા માટે તેમને રાજની નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

(૨) મુંબઈના એક ડૉકટરે એક સ્ત્રી દર્દીની આબરૂ લીધી હતી. તે ગુન્હા માટે તેમને એક મહીનાની સાદી કેદ તથા રૂ. ૧૦૦૦ ના દંડની સજા થઇ હતી. ("જામે જમશેદ" તા.૪-૯-૨૮.)

(૩) અલ્હાબાદના એક ડૉકટરે એક સ્ત્રીદર્દીની આબરૂ લીધી હતી. તે ગુન્હા માટે તેમને છ મહીનાની સાદી કેદની સજા થઇ હતી. ("ટાઇમ્સ ઓફ ઇંડિયા" તા. ૨૯-૫-૨૯.)

(૪) મુંબઇમાં એક વહોરો દિવાળીની રોશની જોવા ગયો. રસ્તામાં એક જુવાન ફીરંગી છોકરીને જોઇને તે દિવાનો થઇ ગયો અને તેણે તે છોકરીના શરીર સાથે છૂટ લીધી. તે ગુન્હા માટે તેને રૂ. ૩૦૦ નો દંડ થયો હતો. ("જામે જમશેદ" તા. ૩-૧૧-૨૭.)

પારકી સ્ત્રી તરફના ઓચિંતા આકર્ષણથી દિવાના થઇ જઇને ઉપર પ્રમાણે ઘણા હતભાગી પુરુષો પાયમાલ થઇ જાય છે; અને તેને પરિણામે પોતાનાં વહાલાં કુટુંબોના તેઓ શાપ લે છે.

ઉપર જણાવેલી જાતની ઓચિંતી આફતથી બચવાનો સહેલો ઉપાય એ છે કે, કોઇપણ પારકી સ્ત્રી તરફ આકર્ષણ થાય ત્યારે તેણીનો વર, અથવા બાપ, અથવા ભાઇ તેણીની પાસે ઉભો છે એવું માની લેવું. વળી સર્વશક્તિમાન પરમેશ્વર પોતાને જુએ છે તેનો પણ ખ્યાલ કરવો.

એવું માની લેવાનો તથા ખ્યાલ કરવાનો નિયમ પાળનારા પુરુષો કદી પણ ઓચિંતી આફતમાં આવી પડે નહિ. માટે-વાંચનાર! ચેતશો ?

સતુ ભુવન-જુનાગઢ લાભશંકર લક્ષ્મીદાસ

[મ૦ ગાંધીજીએ પોતાના આશ્રમમાં કુંવારાં યુવાન સ્ત્રીપુરુષોને ગમે ત્યારે ભેળસેળ થવાની છૂટ રાખેલી (પાશ્ચાત્યોનું જોઇને, આગવી સમજણે ચાલીને, આર્ય ધર્મશાસ્ત્રોની અવગણના કરીને, તેથી અજ્ઞાત રહીને કે શા કારણથી એમ રાખ્યું હશે તે તો તેઓ જાણે ને સર્વજ્ઞ જાણે); પણ કડવો અનુભવ લીધા પછી તે પ્રકાર બંધ રાખેલો સાંભળ્યો છે. વળી યૂરોપના મહાયુદ્ધ માટે ફ્રાન્સમાં જવા પહેલાં થોડા દિવસ લાખો યુવકોને મોટા લોકને ત્યાં રહેવું પડેલું ત્યારે તેમની સરભરા માટે-યુવાન કન્યાઓ યોજેલી તેમાંની (સેવક ભૂલતો ન હોય તો) ચાળીસ હજારને ગર્ભ રહેલા (આ વાત તે સમયનાં વર્તમાન પત્રોમાં છપાઈ હતી); છતાં આશ્ચર્ય જેવું એ છે કે, તેઓશ્રીની વિદ્યાપીઠમાં તેમનીજ જયંતીને દિવસે યુવાન કન્યાઓ અને વિદ્યાર્થીઓનો સેળભેળ ડાંડીયારાસ કરાવ્યો હતો! એ પણ એક ઉત્તમ શિક્ષણ અને સુધારો ગણ્યો હોય તોપણ આ સમયમાં નવાઇ નથી. પરંતુ જેમની એવી સમજણ હોય તેઓ આવી તેવી બાબતો એક વાર ખુલ્લી રીતે ચર્ચે તો તેમની ભૂલ હોય તો તે ભાગે; અને તેઓ ખરા છે એમ ઠરે તો પછી લોકો પણ તેવું કરવા માંડે. એવી રીતે લાભ છે. ખરાબ ભિક્ષુ-અખંડાનંદ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૮–સરદાર વલ્લભભાઇની ચિણગારી

આવી ગમાર સરકાર મેં કોઇ જોઇ નથી, જે આટલી આટલી જમીન છોડીને મુંબાઇમાં દરિયો પૂરી નવી જમીન બનાવવા નીકળે, અને ગુજરાતનો બગીચો ભેલી નાખી સિંધના રણમાં પાણી વાળી બગીચો બનાવવા માગે. આ દેવાળાં કાઢવાના રસ્તા છે. ખર્ચ વધારવા પૈસા જોઇએ. તે મેળવવાનો બીજો રસ્તો નથી. એક ખેડુતજ એવો છે કે જે મૂંગો માર ખાય છે. એને હું જાગ્રત કરવા માગું છું.

× × × ×

સૌ જાગ્રત થાઓ, ડરો શા માટે? તમારી પાસે શું ગુમાવવાનું છે? એક ભેંસ, ટુકડો જમીન અને ભાંગીતૂટી છાપરી! રાજ તો એને ગુમાવવાનું છે. આટલા ખેડુતો એકઠા થઇ સંગઠન કરે, તો ડર શેનો? આપણને આપણા કર્મ પ્રમાણે રોટી મળે છે. ઈશ્વરની ઇચ્છા એવી હોય ને એ ટુકડો લઇ લે તો લઇ જવા દો. જમીન અમારા બાપની છે. સરકારના બાપની નથી. જમીન ખાલસાની વાત પોકળ છે.

× × × ×

મહારાષ્ટ્રના કિસાનોને કહું છું કે, તમે આવી શી વાતો કરો છો? આવા પાગલ અને દુબળા કેમ થયા છો? શું શિવાજી મહારાજે પહાડ પર ચઢી ચઢી સ્વાધીનતા લીધેલી તે આવા ડરપોકોથી? કેટલાએ તાલુકાના ખેડુતો આવીને કહે છે કે ૩૩–૩૩ ટકા વધ્યા છે. હું કહું છું કે, તમારૂં સર્વસ્વ જવાનું છે, જ્યાંસુધી આપસના ઝઘડા નહિ છોડો, મિથ્યાભિમાન નહિ કાઢો અને એક ખેડુતપરનું દુઃખ સૌનું નહિ માનો ત્યાંસુધી.

× × × ×

ચહેરો બકરીનો હોય તેની ચિંતા નથી, કાળજું વાઘનું રાખો. મામલતદાર, ફોજદાર કે ચપરાસી આવે છે ને કેમ ગભરાઈ ઉઠો છો? તમારા પૈસામાંથી રાખેલો તમારો ચાકર શેઠ થઇ બેઠો! કેવા ગમાર! જે નોકર શેઠ થઇ બેઠો હોય તેને કાન પકડીને કાઢો, પગાર ન આપો. પણ એ કરવામાં બુદ્ધિની જરૂર છે.

× × × ×

બ્રાહ્મણ અબ્રાહ્મણ, હિંદુ મુસલમાન, ખેડુત શાહુકાર વચ્ચે ટંટા કરાવવાની શક્તિ સરકારમાં ખૂબ છે. બીજી મોટી શક્તિ નાની સરખી બંદુકડીની છે. ન માલમ કયા રાક્ષસે દારૂ બનાવ્યો! મુકાબલો કરવાનો છે. શી રીતે થશે? બંદુકની સાથે બંદુકથી મુકાબલો કરી શકશો? કલેક્ટર હુકમ કાઢે તો લાકડી પણ છોડી દેવી પડે છે તો બંદુકથી મુકાબલો કેવી રીતે કરશો? મુકાબલો કેવળ અહિંસાથી થઇ શકશે. એને માટે પહેલવાનના શરીરની જરૂર નથી. સરકારે એક નાની લોઢાની નળીમાં દારૂ ભર્યો છે; એને ઉંચકવા પહેલવાનની જરૂર નહિ પડે.

(સરદાર વલ્લભભાઇના ખાનદેશના ભાષણમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૯-स्त्रियों के लिये आयुर्वेद-शिक्षा

ભારતીય મહિલા-મંડલ કે સ્વાસ્થ્ય કા કિતના ભીષણ હ્રાસ હો ચૂકા હૈ, ઇસ ઓર પ્રત્યેક દેશવાસી કા ધ્યાન આકૃષ્ટ હોના આવશ્યક હૈ. મૈંને અપને ૫-૬ વર્ષ કે આયુર્વેદ-અધ્યયન-કાલ મેં યોગ્ય ચિકિત્સકોં કે સાથ ધર્માર્થ ચિકિત્સાલયોં મેં બૈઠ કર જો દશા સ્વયં દેખી ઔર સુની, ઉસકો સ્મરણ કર મુઝે મહાન દુઃખ હોતા હૈ. અતઃ સ્ત્રિયોં મેં સ્વાસ્થ્ય-વિજ્ઞાન કા પ્રચાર કિયા જાય ઇસ વિચાર કો કાર્યરૂપ મેં પરિણત કરને કે લિયે ઇસ બાત કી આવશ્યકતા હૈ કિ એક 'અખિલ-ભારતીય નારી વૈદ્યક વિદ્યાલય' કી સ્થાપના હો, જિસકે સાથ એક બૃહત નારી-ચિકિત્સાલય ઔર નારી-છાત્રાવાસ ભી રહે. ઇસ વિદ્યાલય કી શાખા પ્રત્યેક પ્રાંત મેં સ્થાપિત કર કે, જિલે-જિલે ઔર નગર-નગર મેં ઉનકા જાલ ફૈલાયા જાય, જિસકે દ્વારા સ્ત્રિયોં મેં સ્વાસ્થ્ય-વિજ્ઞાન કા ભલી પ્રકાર પ્રચાર હોને સે ઉનકા સ્વાસ્થ્ય સુધર સકે.

મૈંને આયુર્વેદ કી સેવા કરને કી પ્રતિજ્ઞા કર લી હૈ. ઇસ કારણ મેરા યહ વિચાર હૈ કિ ઇસ કાર્ય કા શ્રીગણેશ હરિદ્વાર સે હી કિયા જાય; ક્યોંકિ યહ એક પ્રસિદ્ધ તીર્થ હૈ, યહાં પર ધન પર્યાપ્ત મિલ સકતા હૈ, પવિત્ર ગંગાતટ હૈ, યહાં કા જલવાયુ ઉત્તમ હૈ, પર્વતોં મેં અનેક પ્રકાર કી ઔષધિ પહચાનને ઔર સંગ્રહ કરને કા ભી વિદ્યાર્થિયોં કો સુભીતા હૈ. યહાં પર નિકટ હી બાબા કાલી કમલીવાલે કા વૈદ્યક-વિદ્યાલય, ગુરુકુલ કાંગડી કા વૈદ્યક-વિભાગ ઔર પ્રસિદ્ધ ઋષિકુલ વૈદ્યક કૉલેજ આદિ તીન ચાર વૈદ્યક સંસ્થાયેં હૈં. કઇ અચ્છે વિદ્વાન્ વૈદ્યોં કા ભી નિવાસ હૈ. ઇસમેં સંદેહ નહીં કિ એક અચ્છા નારી-વૈદ્યક-વિદ્યાલય (જિસમેં ડૉક્ટરી ઔર વૈદ્યક દોનોં પ્રકાર કી શિક્ષા કા પ્રબંધ હો) ખોલ કર ચલાને કે લિયે કઇ લાખ રૂપયે કી આવશ્યકતા હૈ. પરંતુ પ્રારંભ સે સબ મેં બડી કઠિનાઇ આયુર્વેદ કી વિદુષી અધ્યાપિકાઓં મિલને કી હૈ.

ઇસ અભાવ કો પૂર્ણ કરને કે લિયે મૈંને ચેષ્ટા કર કે ઋષિકુલ વૈદ્યક કૉલેજ (હરિદ્વાર) કી પ્રબંધક-સમિતિ સે યહ પ્રસ્તાવ સ્વીકાર કરા લિયા હૈ કિ વહાં પર સ્ત્રિયોં કો પઢને કી આજ્ઞા હો. વહાં વિદ્યાપીઠ કી વૈદ્ય-વિશારદ, આચાર્ય તથા ઇન્ડિયન મેડિસન બોર્ડ કી નિયત પરીક્ષા (જિસમેં આધી ડૉક્ટરી ઔર વૈદ્યક પઢાઇ જાયગી) કા પ્રબંધ હોગા. બાહર સે આનેવાલી દેવિયોં કે લિયે છાત્રાવાસ હોના આવશ્યક હૈ. પ્રારંભ મેં કેવલ ૧૦ છાત્રાઓં કે લિયે હરિદ્વાર મેં એક કિરાયે કા મકાન લે કર કાર્ય આરંભ કિયા જાયગા.

ઉપરોક્ત વિદ્યાલય મેં ૧ અગસ્ત સે પાઠ્યક્રમ આરંભ હુઆ કરતા હૈ. જિનકો ઇચ્છા હો વે 'પ્રિન્સિપાલ, ઋષિકુલ વૈદ્યક કૉલેજ, હરદ્વાર' કે પતે પર પત્ર લિખ કર પાઠ-વિધિ મંગા કર દેખ સકતી હૈં. (ચૈત્ર-૧૯૮૪ના "ત્યાગભૂમિ"માં લેખિકાઃ-શ્રીમતી હુકમાદેવી છાત્રા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦–કેટલીક જાણવાજોગ વસ્તુઓ

સુવર્ણમંદિરનો ખજાનો

અમૃતસરમાં શીખોનું સુવર્ણમંદિર છે. આ મંદિરમાં કરોડો રૂપિયાનું ઝવેરાત પડેલું છે. આ ઝવેરાત પ્રજાને વરસમાં ચાર મોટા તહેવારોને દિવસે બતાવવામાં આવે છે. દેવપૂજામાં અર્પણ થયેલું એ ઝવેરાત પવિત્ર મનાય છે. હમણાં મંદિરનો કારભાર પ્રબંધક કમિટિ પાસે છે. સુવર્ણ-મંદિરના મુખ્ય દરવાજા ઉપરના ઓરડામાં આ ખજાનો રાખવામાં આવ્યો છે. ત્યાં મજબૂત પહેરો છે. ત્રણ તાળાં એ ઓરડાને રહે છે અને તેની ત્રણ જૂદી જૂદી ચાવીઓ ગુરુદ્વાર કમિટિના ત્રણ સભાસદો પાસે રહે છે. આ ત્રણ સભાસદોની હાજરી સિવાય એ ઓરડો ખોલી શકાતો નથી. આવા મજબૂત બંદોબસ્તના કારણે ચોરીનો બિલકુલ સંભવ નથી. એ ખજાનામાં સોને મઢેલાં પતરાંનાં આઠ બારણાં છે. એમાંનાં છ મહારાજા રણજિતસિંહના વખતમાં બન્યાં હતાં. એક રેશમી ઝભ્ભો છે જે સોના, હીરા, માણેક વગેરેથી ભરેલો છે. સો વરસ પહેલાં હૈદ્રાબાદના રાજાએ રણજિતસિંહને તે ભેટમાં આપ્યો હતો. એવીજ એક સોનેરી છત્રી છે, જેમાં પણ હીરા-માણેક જડેલાં છે. એને મથાળે સોનેરી મોર બેસાડેલો છે. એની ચાંચમાં મોતીનો એક અમૂલ્ય હાર છે. જીવતા મોર જેવોજ અને એટલાજ કદનો એ બનાવેલો છે. આવીજ જાતની છત્રીઓ અને આભૂષણો અકાલ તખ્ત વગેરે માટે અહીં છે. એક ઘણી ભારે તલવાર પણ અહીં છે તે પણ સોના અને હીરાજડિત છે. મહારાજા રણજિતસિંહ શુભ પ્રસંગોએ એનો ઉપયોગ કરતા હતા. સુવર્ણમંદિરનાં ચિત્રો જોતાં જણાય છે કે, મંદિરમાં ઘણું પરિવર્તન થયેલું છે. રાજા રણજિતસિંહ આ મંદિરને એક ખૂણે દરબારીઓ સાથે બેસી ગ્રંથસાહેબનું શ્રવણ કરતા હતા. મંદિરના સંબંધમાં જૂદા જૂદા પ્રસંગના લખતો અને દસ્તાવેજના પત્રો પણ અહીં મોજુદ છે, તેમ કાગળોપર પણ છે, એવો એક લેખ સર હેન્રી લોરેન્સની સહીનો છે. તેમાં ફરમાન છે કે, અમૃતસરમાં ગાયની કતલ થઇ શકશે નહિ તેમ અમૃતસરના કોઇપણ મંદિરના કોઇપણ મંદિરમાં જોડા સાથે જવાશે નહિ, તેમ શીખોને કોઈ ત્રાસ આપી શકશે નહિ. આ ખજાનામાં બીજી સેંકડો અણમૂલ ચીજો અને ભેટોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તેની બહુ કાળજીથી જાળવણી થાય છે.

નાલંદાનું વિશ્વવિદ્યાલય

નાલંદા વિશ્વવિદ્યાલયનું ખોદકામ સરકાર તરફથી છેલ્લાં ૧૪ વર્ષથી ચાલુ છે. મોટા મોટા ઓરડાઓ અને સ્નાનાગારોની જાણે અહીં કતાર લાગી રહી છે. એનું ખોદકામ કરતાં કેટલાંયે અદ્‌ભુત ચીજો મળી આવી છે. એક શીશો એવો મળી આવ્યો છે કે જો તેને કોઇપણ લખેલા કે છાપેલા કાગળપર મૂકવામાં આવે તો એ કાગળમાંના લખાણનું પ્રતિબિંબ ઓરડાની ચારે દિવાલોપર પડે અને બધી દિવાલપર એ લખાણ વાંચી શકાય ! અહીં ચાર કૂવા પણ મળી આવ્યા છે. સેંકડો વર્ષ થઈ ગયા છતાં એ કૂવાઓનું પાણી હજી અમૃત જેવું મીઠું છે. અશોકના જમાનાના ચોખા પણ મળ્યા છે, જે માત્ર કાળા પડયા છે પણ અખંડ છે. સરકારે ત્યાંના ખોદકામ પાછળ લાખો રૂપિયા ખર્ચ્યા છે અને હજુ એ કામ ચાલુ છે.

લોહીચૂસ તલવાર

આ એક અજબ વાત છે. બિહારના લાલા લક્ષ્મીચંદ જૈનને ઘેર એક નાનો સરખો પ્રાચીન વસ્તુઓનો સંગ્રહ છે. લાલાજી જૂની વસ્તુઓના ખૂબ શોખીન છે. એમણે ભાત ભાતની અજાયબ ચીજો એકત્ર કરી છે. એમને ત્યાં અનેક પ્રકારની કારીગરીની સુંદર તલવારો છે. તલવારો, કટારો અને બીજાં હથિયારો ઉપર સોનાનું સુંદર નકશીકામ કરવામાં આવ્યું છે. એમને ત્યાં કોઈ દિવસ ન જોઇ હોય એવી બે અદ્‌ભુત તલવારો છે. આ તલવારો, બ્લોટીંગ પેપર જેમ શાહી ચૂસી લે છે તેમ લોહીને ચૂસી લે છે. આ તલવારથી કોઇપર ઘા કરવામાં આવે તો લોહીનાં બુંદ બહાર પડતાં નથી, પણ બધું લોહી એ તલવાર ચૂસી લે છે. આ બાબતમાં કેટલું સત્ય છે એ તો રામ જાણે; પણ જો વાત સાચી હોય તો ખરેખરી અજાયબીજ કહેવાય.

(તા. ૩–૭–૧૯૨૯ ના "ખેડા વર્તમાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧-યુગાચાર્ય શ્રીરામકૃષ્ણ પરમહંસ

હુગલી જીલ્લાના આરામબાગ નામના મહાલમાં આવેલ કામારપુકુર નામના ગામડામાં વિ. સં. ૧૮૯૨ ના ફાગણ માસના શુકલપક્ષની બીજને બુધવારે આ મહાપુરુષનો જન્મ થયો હતો.

જ્યારે આ દિવ્ય બાળકની ઉંમર આઠ માસની થઈ ત્યારે અન્નપ્રાશનની વિધિ કરી તેમનું ગદાધર નામ પાડવામાં આવ્યું; પરંતુ આ નામ કુટુંબનાં માણસોને પસંદ નહિ પડવાથી તેઓ તેમને રામકૃષ્ણના નામથી સંબોધવા લાગ્યાં.

તેમની ઉંમર પાંચ વર્ષની થઇ ત્યારે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા, પણ આ પુસ્તકીયા જ્ઞાનપર શ્રીરામકૃષ્ણનું મન જરા પણ ચોંટતું નહિ; એ કરતાં તો તેમને ભજન ગાવામાં તથા સાંભળવામાં વિશેષ મજા પડતી. ગામની અંદર અથવા તેથી થોડે દૂર આવેલાં બીજાં ગામડાંઓમાં હરિકથા, રામલીલા અથવા ધાર્મિક શ્રવણ થવાની ખબર તેમને મળતી તો તેઓ ત્યાં સાનંદ જતા અને અતિ ધ્યાનપૂર્વક આ સર્વ ધાર્મિક ચર્ચામાંથી સાર શોધી લેતા. રામકૃષ્ણના પિતા ક્ષુદીરામ ચટ્ટોપાધ્યાય યજનયાજન કરીને મહામહેનતે કુટુંબનું ભરણપોષણ કરતા. સંતતિમાં તેમને ત્રણ પુત્રો અને બે કન્યા હતાં.

મોટા પુત્રનું નામ રામકુમાર, વચેટ પુત્રનું નામ રામેશ્વર અને સૌથી નાનાનું નામ રામકૃષ્ણ હતું. પિતા પરના કુટુંબના બોજાને ઓછો કરવા જ્યેષ્ઠ પુત્ર રામકુમાર કલકત્તે આવ્યા અને ત્યાં એક ચતુષ્પાઠી (સંસ્કૃત પાઠશાળા) ઉઘાડી ગુજરાન ચલાવવા લાગ્યા.

કામારપુકુરમાં શ્રી રામકૃષ્ણનો અભ્યાસ બરોબર ચાલતો નથી, એ જોઇ રામકુમાર તેમને કલકત્તે લઇ આવ્યા અને પોતાના સંસ્કૃત વર્ગમાં તેમને અભ્યાસ કરાવવા લાગ્યા. આ વખતે રામકૃષ્ણની ઉંમર ચૌદ વર્ષની હતી. ત્યાં આવ્યા પછી પણ તેમને આ જાતના અભ્યાસ તરફ ખાસ આકર્ષણ થયું નહિ; પણ તેમની બુદ્ધિ એટલી તીવ્ર હતી કે જૂદા જૂદા શાસ્ત્રજ્ઞ પંડિતોની પાસેથી રામાયણ, મહાભારત અને બીજાં શાસ્ત્રોની ચર્ચા સાંભળીને તેમણે એ સર્વમાંથી ખરૂં રહસ્ય ખેંચી કાઢયું. તેમના ઉપદેશામૃતનું પાન કરવાથી આપણાં ધર્મશાસ્ત્રોનું તેમનું અગાધ જ્ઞાન એકદમ જણાઇ આવશે.

પરમહંસદેવની ઉંમર લગભગ ૧૮ વર્ષની થઇ. એ સમયે એક એવો બનાવ બન્યો કે જેથી તેમની ભવિષ્યની આખી જીંદગી ફરી ગઇ. એ સમયે કલકત્તાથી ઉત્તરમાં લગભગ ત્રણ ગાઉ દૂર આવેલા દક્ષિણેશ્વર નામના મંદિરમાં રામકુમારની કાલી માતાના પૂજારીતરીકે નિમણુક થઈ. તેથી રામકુમારે પોતાની ચતુષ્પાઠી (સંસ્કૃત વર્ગ) બંધ કરી અને શ્રીરામકૃષ્ણને લઇને ત્યાં ગયા.

ત્યારપછી થોડે વખતે જયરામવાટી નામના ગામડામાં રહેતા શ્રી રામચંદ્ર મુખોપાધ્યાયનાં પુત્રી શ્રી. શારદામણિ દેવી સાથે શ્રીરામકૃષ્ણનાં લગ્ન થયાં. રામકુમારે બે ત્રણ વર્ષ પૂજારીતરીકે કામ કર્યું હશે એટલામાં તો તેમનો દેહાન્ત થયો. રાણી રાસમણિ અને તેમના જમાઇ મથુરબાબુ રામકુમાર પર બહુ ભાવ રાખતાં અને તેથી તેના પરિવારનું ભરણપોષણ ચાલુ રહે એ ઇચ્છાથી પૂજારીની ખાલી પડેલી જગ્યા તેમણે શ્રીરામકૃષ્ણને આપી. શ્રીરામકૃષ્ણપર પણ તે બન્નેનો ઘણો પ્રેમ હતો.

પરમહંસદેવે આ કાલી મંદિરમાં રહી અપૂર્વ સાધના કરી. માતાનાં દર્શન માટે એવો સતત પ્રયત્ન ચાલુ રાખ્યો કે છેવટે તેમને કાલી માતાએ દર્શન આપ્યાં. ત્યારપછી હિંદુ ધર્મ સિવાયના બીજા ધર્મપંથોમાં બતાવ્યા પ્રમાણે સાધના કર્યા પછી તેઓ એવા સિદ્ધાંતપર આવ્યા કે સર્વ ધર્મપંથો પરમાત્માને પહોંચવાના જૂદા જૂદા માર્ગરૂપ છે અને તેઓ વચ્ચે ઝઘડાઓને સ્થાનજ નથી; કારણ કે અધિકારભેદે આ સર્વ ધર્મપંથોની આવશ્યકતા છે. મુસલમાનોના અલ્લાહ અને ઈસુ ખ્રિસ્તના સ્વર્ગમાં રહેતા પિતા તેમજ અન્ય ધર્મના દેવતાઓપ્રત્યે તેઓ પૂરેપૂરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજ્યબુદ્ધિ દર્શાવતા. સર્વ ધર્મોની સત્યતા અને જરૂરીઆતની તેમને ખાત્રી થઈ જવાથી તેમણે કદી પણ કોઇ ધર્મપંથની વિરુદ્ધ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. તેઓ બધાને સલાહ આપતા કે, ભાઇ! ઈશ્વરનો સાક્ષાત્કાર કરો એટલે બધા ઝઘડાનો અંત આવશે. જ્યાંસુધી ઘડો ખાલી હોય છે ત્યાંસુધી તેમાં પાણી ભરાય છે ત્યારે ભખભખ અવાજ થાય છે; પણ ઘડો પૂરો ભરાયો કે અવાજ શાંત થઇ જાય છે; તેવીજ રીતે જ્યાંસુધી ઈશ્વરની ખરી ઓળખાણ થતી નથી ત્યાંસુધી વાદવિવાદ રહે છે.

કામિની તથા કાંચનનો પણ તેમણે અપૂર્વ ત્યાગ કર્યો હતો. સર્વ સ્ત્રીઓમાં તેમને સ્નેહમયી જગદંબાનાંજ દર્શન થતાં. પોતાની પત્નીને પણ તેમણે કહી દીધું હતું કે, તમારામાં પણ મને જગદંબાનાંજ દર્શન થાય છે. માટે તમારી સાથે પણ હું તેવોજ વ્યવહાર રાખી શકીશ.

મથુરબાબુએ તેમને સૌંદર્યવાન સ્ત્રીઓના સંસર્ગમાં મૂકી અનેક રીતે તાવી જોયા હતા; પણ એ સર્વ પ્રસંગોમાં શ્રીરામકૃષ્ણ 'મા, મા' કહી ઉંડી સમાધિમાં આવી જતા અને તેમનું બધું બાહ્યજ્ઞાન ચાલ્યું જતું.

દ્રવ્યનો તો તેમણે એટલે સુધી ત્યાગ કર્યો હતો કે કોઇપણ જાતની ધાતુને સ્પર્શ સુદ્ધાં કરી શકતા નહિ. એક વખત ટીખળી નરેંદ્રે (પાછળથી સ્વામી વિવેકાનંદ) તેઓ ન જાણે તેમ તેમની પથારી નીચે બેઆની મૂકી દીધી. પરિણામ એ આવ્યું કે, આખી રાત પરમહંસદેવને નિદ્રા આવી નહિ. બીજે એક પ્રસંગે લક્ષ્મીનારાયણ નામનો મારવાડી તેમને દશ હજાર રૂપિયા આપવા આવ્યો હતો તેનો પણ તેમણે અસ્વીકાર કર્યો હતો. તેઓ કહેતા કે, માટી અને રૂપિયામાં કશોજ ફેર નથી. એ બંને જડ પદાર્થો છે, તેમની મદદથી ચૈતન્યનો મેળાપ થતો નથી. માટે બંને તદ્દન નકામાં છે.

હવે તેમનો ઉપદેશ સાંભળવાને ઘણી ભક્તમંડળી ભેગી થવા લાગી. બ્રાહ્મધર્મપ્રવર્તક કેશવચંદ્ર સેન પણ તેમના ઉપદેશામૃતનું પાન કરવા આવવા લાગ્યા. બંગાળી સુપ્રસિદ્ધ નાટયલેખક ગિરીશચંદ્ર ઘોષ પણ તેમના પરમ ભક્ત બન્યા.

ધર્મપિપાસુ ભક્તગણની તૃપા શાંત કરવાને માટે પરમહંસદેવને કેટલીક વાર તો દિવસમાં વીસ વીસ કલાક વાતચીત કરવી પડતી, જેથી તેમના શરીરને ઘણો પરિશ્રમ પડતો; પણ તેની તેમને જરા પણ દરકાર ન હતી. કોઇ તેમને શરીરની વધારે સંભાળ રાખવાનું કહેતું તો તેઓ એકદમ જવાબ આપતાઃ-ભાઇ! દુનિયામાં એક માણસને પણ ખરી સહાય કરી શકાય તો તેના જેવું બીજું એકે ઉત્તમ કાર્ય નથી. આ નશ્વર દેહ તો આત્માનું પાંજરૂં છે તેને સાચવીને શું કરૂં?"

છેવટે અતિશય પરિશ્રમને લઇને તેમના ગળાની નળીમાં એક ફોલ્લો થયો; છતાં પણ તેમનો આ બ્રહ્મયજ્ઞ તો ચાલુજ રહ્યો. એક દિવસ એક પંડિતે તેમને વિનતિ કરીને કહ્યું કે 'આપ તો મહાન યોગી છો, કેવળ આપની ઇચ્છાશક્તિના ઉપયોગથી આપ રોગ મટાડી શકો એમ છો તો શામાટે આપ તેમ કરતા નથી? આપના સંકલ્પમાત્રથી સર્વ રોગ દૂર થશે તો મહેરબાની કરીને તેમ કરો.' પરમહંસદેવે જવાબ આપ્યોઃ—

"પંડિતજી! હું ધારતો હતો કે, તમે શાસ્ત્રો વાંચી તેમાંથી બોધ લીધો હશે. મેં મારૂં મન પરમાત્માને સમર્પણ કરી દીધું છે, તે મનને ત્યાંથી પાછું ખેંચી શું હું નાશવંત દેહપર સ્થિર કરૂં?"

સેવા કેવા ભાવથી કરવી જોઈએ તે વિષે પણ પરમહંસદેવના જીવનમાંથી એક પ્રસંગ ટાંકવા જેવો છે. એક વખત બધા શિષ્યો પરમહંસદેવની આસપાસ બેઠા હતા અને સર્વ જીવપ્રત્યે દયા બતાવવી જોઇએ એ સંબંધી ચર્ચા કરી રહ્યા હતા. પરમહંસદેવ આ સાંભળી એકદમ બોલી ઉઠયાઃ—

"સર્વ જીવપ્રત્યે દયા બતાવવી!" આટલું બોલી સમાધિસ્થ દશામાં આવી ગયા. થોડી વારે જ્યારે બાહ્યજ્ઞાન પાછું આવ્યું ત્યારે કહેવા લાગ્યા કે "સર્વ જીવપ્રત્યે દયા? મનુષ્ય! તને ધીટકાર છે, તું પોતે મગતરા જેવો કેવી રીતે ઈશ્વરસૃષ્ટ જીવો તરફ દયા બતાવી શકે? દયા દર્શાવનારો તું કોણ? ના, ના; દયા નહિ પણ સેવા. શિવજ્ઞાને સર્વ જીવોની સેવા કર, સેવા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રસંગની સર્વ શિષ્યો ઉપર એવી ઉંડી છાપ પડી કે જ્યારે સ્વામી વિવેકાનંદ તથા અન્ય શિષ્યોએ મળી શ્રીરામકૃષ્ણ મીશનની સ્થાપના કરી, ત્યારે શિવભાવે જીવસેવાને તેના ઉદ્દેશ્યમાં મુખ્ય સ્થાન આપવામાં આવ્યું.

આ પ્રમાણે આધુનિક દુનિયાને આધ્યાત્મિકતાનો બોધપાઠ આપી શ્રીરામકૃષ્ણ પરમહંસદેવે તા૦ ૧૫ મી ઓગસ્ટ ઇ. સ. ૧૮૮૬ રવીવારે રાતના એક વાગે મહાસમાધિ લીધી.

આધુનિક દુનિયાને પરમહંસદેવનો સંદેશો ટુંકામાં નીચે પ્રમાણે આપી શકાય-"તમે મત-મતાંતરો, મંદિરો અને ધાર્મિક પંથો તરફ વિશેષ લક્ષ્ય આપતા ના. આધ્યાત્મિકતા જીવનના સારરૂપ છે; માટે એનો જેટલા પ્રમાણમાં વિકાસ કરી શકાય તેટલા પ્રમાણમાં મનુષ્ય વિશેષ સામર્થ્યવાન બને છે અને સમાજનું હિત સાધી શકે છે. બસ, એક એ આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરો, અને કોઇની ટીકા ન કરો; કારણ સર્વ ધર્મપંથોમાં સત્યાંશ રહેલો છે. રહેણીકરણીદ્વારા સાબીત કરી બતાવો કે, ધર્મનો અર્થ શબ્દો, વિધિઓ કે ધર્મગુરુઓએ બાંધેલા વાડાઓ નથી, પણ તેનો અર્થ ઇશ્વરસાક્ષાત્કાર છે. સ્વાનુભવવાળાઓજ ધર્મને બરાબર સમજી શકે છે. આધ્યાત્મિક શક્તિ જેણે પ્રાપ્ત કરી છે તેજ બીજામાં તેનો સંચાર કરી શકે છે, તેજ ખરા ધર્માચાર્યો થઈ શકે છે."

શ્રીરામકૃષ્ણદેવે ગતિમાં મૂકેલાં આધ્યાત્મિક શક્તિનાં આ મોજાંઓ સમગ્ર સૃષ્ટિને તરબોળ કરો અને સર્વત્ર શાંતિ ફેલાવો એવી ઇશ્વર પાસે પ્રાર્થના કરી વિરમું છું.

(તા. ૧૩-૩-૧૯૨૯ના દૈનિક "હિંદુસ્થાન"માં લેખકઃ-શ્રી. જયંતિલાલ મંગળજી ઓઝા)

પાની મેં જંતુ—સ્કાચકેવી ને કહા હૈ કિ એક બૂંદ પાની મેં ૨૬૦૦૦ જંતુ રહતે હૈં.

ફલ પર જંતુ—જર્મન ડાકટર અરીવ ને કઇએક પ્રયોગ કર કે સિદ્ધ કિયા હૈ કિ—

૧-એક રતલ કાલી દ્રાક્ષ પર એક કરોડ દસ લાખ જંતુ રહતે હૈં.
૨-એક રતલ લીલી દ્રાક્ષ પર અસ્સી લાખ જંતુ રહતે હૈં.
૩-એક રતલ 'ચેરી' ફલ પર એક કરોડ વીસ લાખ જંતુ રહતે હૈં.

એક ફ્રેંચ વિદ્વાન કા કહના હૈ કિ છોટે સે છોટે જંતુ ઇતને સૂક્ષ્મ હૈં કિ વે ડાકખાને કે આઇ આનેવાલે ટિકટ પર ૨૫૦૦૦૦૦૦૦ સમા સકતે હૈં.

મકખી અંડે કબ દેતી હૈં—ગરમી કે મૌસમ મેં મકખી ચાર વક્ત અંડે દેતી હૈ ઔર હરવકત કમ સે કમ ૪૦૦ અંડે દેતી હૈ.

ડાંસ કે દાંત—સૂક્ષ્મદર્શક યંત્ર સે નિશ્ચય કિયા હૈ કિ ડાંસ કો ૨૦-૨૨ દાંત હોતે હૈં.

સર્પ કી જાતિ ઔર ઉસકી લંબાઇ—સર્પ કી જાંચ કરનેવાલોં ને દેખ કર નિશ્ચય કિયા હૈ કિ ૭૦૦ કિસ્મ કે સર્પ હોતે હૈં. આજ તક સબ સે લંબા સાંપ જો મેકિસકો મેં દેખા ગયા થા વહ ૩૭ ફિટ લંબા થા.

સમુદ્ર મેં નમક કિતના હૈ—એક સાહબ ને હિસાબ લગા કર બતાયા હૈ કિ સમુદ્ર મેં ઇતના નમક હૈ કિ વહ નિકાલને પર સત્તર લાખ ઘનમાઇલ મેં ફૈલાયા જા સકતા હૈ ઔર ઉસકે નિકાલને પર સમુદ્ર કા પાની કુછ ભી કમ નહીં હો સકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૨–आजना युवानो

આજના યુવાનો તરફ જુઓ, એમને અપાતી કેળવણી તરફ જુઓ ! માનસિક અને શારીરિક શક્તિની ક્ષીણતા, સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા ! સાદાઇને બદલે સુધરેલાપણું ! રક્ષકને બદલે રક્ષિત થવાનાં જ્ઞાન !

એ શૌર્યભર્યાં સંસ્કારી શિક્ષણ આપનાર આજ શાળાઓ ક્યાં છે ? એ કર્તવ્ય, એ ધર્મ, એ સમાજસેવા અને એ સ્વદેશપ્રેમને માટે મરી ફીટવાનું શિક્ષણ આપનાર શિક્ષકો આજે ક્યાં છે ? આજ તો બાળપોથીજ 'આ ચા પા' 'આ બે બાઉ છે' 'આ બૈરીને તાવ આવે છે' એવાં બાયલાં, વિલાસી, રમતિયાળ અને ગુલામી જ્ઞાન એમને આપવામાં આવે છે. જનેતાઓ રડતાં બાળકોને છાનાં રાખવા શૂરવીર શિવાજીની માતા જીજીબાઇની માફક (શૌર્યકથાઓ કહેવા, અને સુંદર હાલરડાંઓ ગાવાને બદલે આજ હાઉ આવ્યો, બા લુ આવ્યો, એવા એવા બાયલા રસ્તાઓથી બીવડાવી તેને બાપડાને ઘોડીઆમાંથીજ ડરપોક અને વાંદા મંકોડાથી પણ બ્હીતા બનાવે છે. દોરાધાગા, નજર–માદળિયાં અને બાધા–માનતાઓના જંગલી વહેમોનાં ઓસડિયાં એમને ગળથુથીમાંજ પાવામાં આવે છે.

પછી એ યુવાનો, અંગ્રેજી શાળાઓ અને કૉલેજો શોભાવે છે. એમના બીકણ સ્વભાવને બાજુએ મૂકતાં એમનાં હાડપિંજર જેવાં સુકલકડી શરીરો તરફ જુઓ. એમની નૂરહીન નેત્ર-કીકાઓ ઉપર ચોવીસે કલાક શોભતાં ચશ્માંઓ તરફ જુઓ ! એમને વૉન્ટેડની કૉલમો માટે ટાઇમ્સ અને ડેઇલી મેલનાં પાનાંઓ ઉથલાવતા જુઓ ! એમને નફટ નોકરીને માટે ઘેર ઘેર જોડા ફાડીને નિરાશ થતા જુઓ ! એ કેળવણી !! એ શરીર સૂકાવનારૂં, લોહી ચૂસનારૂં, આંખોની રોશની હરનારૂં અને છેવટે પચીસ વર્ષની ભરયુવાનીમાં પચાસ વર્ષના વયોવૃદ્ધ મુખારવિંદ કરનારૂં એ ગુલામી જ્ઞાન !

ભવિષ્યમાં દેશને માટે થનાર આ નેતાઓ–ભાવિ પુરુષો–ને અર્થાત્ આજના એ યુવાનોને વૉરન હેસ્ટિંગ્સના કે લૉર્ડ ડલહાઉસીના ઇતિહાસ, લંડન અને પેરીસની ભૂગોળ, બ્લેફી અને નેલ્સનોની રીડર, આથવલે અને શાહની ઓલજીબ્રા, હોલ અને સ્ટીવન્સનાં ગણિત, બનાર્ડ અને ચાઇલ્ડની જોમેટ્રી અને ગ્રેગરી અને હોજીસની સાયન્સ વગેરે વિષયો શીખવતાં પહેલાં પ્રૉ. પુરાણી અને પ્રૉ. શાહના ફિઝિકલ કલ્ચરનાં જ્ઞાન આપો. એમનાં સુકલકડી શરીરોને સેન્ડો જેવા કસરતી અને તાલીમબાજ બનાવો; પોતાના દેશનું તો ઠીક છે, પણ પોતાની જાતનું અને પોતાના ઘરનાં બૈરાંછોકરાંઓનું રક્ષણ કરવાને માટે પણ એમનાં શરીરો સશક્ત બનાવો. શક્તિ વિનાનાં એમનાં શુષ્ક ભેજાંઓમાં જોઇએ એવી વિચારશક્તિ કદાપિ પણ નથીજ સ્ફૂરવાની એની ખાત્રી રાખજો.

માટે ઓ આજના યુવાનો ! માનસિક બળ મેળવવા પહેલાં શારીરિક બળ મેળવો. આત્મબળ કેળવતાં પહેલાં અંગબળ કેળવો ! બુદ્ધિથી આત્માની ઉન્નતિ છે, તો શક્તિથી શરીર-વિકાસ છે; અને તમારા એ આત્માને રક્ષવા માટે તમારે એનું શારીરિક પિંજર વજ્ર જેવું કર્યેજ છૂટકો. આજના યુવાનો ! કેવળ શાળાઓનાં શિક્ષણ મેળવવા જવા કરતાં શિવાજી અને પ્રતાપની માફક શારીરિક શિક્ષણ મેળવવા તરફ પણ જરા ધ્યાન આપજો.

(તા. ૩૦–૬–૨૯ ના "હિંદુ"નું મુખપૃષ્ઠ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૩–શેરમર સુધારા સાથે પેસી ગયેલો સવામણ બિગાડો !

પહેલાંના સમયમાં ભારતવર્ષનાં સ્ત્રીપુરુષોને વાળ ધોવા અથવા શરીરને સ્વચ્છ કરવા માટે સાબુની જરૂર નહોતી પડતી. ધનવાનોની સ્ત્રીઓ વેસણ, સુગંધી, ચારોળી અને સરસવ વગેરેનું મિશ્રણ બનાવતી અને ગરીબોની સ્ત્રીઓ અરીઠાં અને દહીંથીજ માથાના વાળ ધોતી હતી. જ્યારે આપણા દેશમાં પહેલવહેલા સાબુ આવ્યા તે વખતે ચરબીને લીધે લોકો તેને અડકતા પણ નહિ. ઘણાખરા લોકો સૂર્યોદય પહેલાં પ્રાતઃસ્નાન કરતા હતા. કાર્તિક અને મહા મહિનામાં બધાજ લોકો નિયમપૂર્વક પ્રાતઃસ્નાન કરતા હતા અને સાથે સાથે રોજ કોઇ દેવતાના સ્તોત્રનો પાઠ યા ધર્મગ્રંથનો સ્વાધ્યાય કરતા હતા. વળી ભોજનમાંથી કોઇપણ એક પદાર્થનો ત્યાગ પણ કરતા હતા. એકાદશીનું વ્રત કરી દ્વાદશીને દિવસે એકટાણું કરી બ્રાહ્મણભોજનની પદ્ધતિ હતી. બ્રાહ્મણોને દ્વાદશીને દિવસે એટલાં બધાં નિમંત્રણ આવતાં કે એક નિમંત્રણનો સ્વીકાર કરી બીજાં બે ત્રણ માણસોને ના પાડી નારાજ કરવાં પડતાં હતાં.

પહેલાંના સમયમાં ગૃહસ્થોનાં ઘરોમાં કર્મનિષ્ઠ અને ધર્મપરાયણ વિધવાઓ હતી. પ્રત્યેક ઘરમાં દાદી, માતા, કાકી, મામી, માસી, ફોઇ, બહેન કે ભાભીમાંથી કોઇ ને કોઈ હોયજ. તે વખતની સૌભાગ્યવતી સ્ત્રીઓ તેમના પતિ અને તે વિધવાઓની આજ્ઞા પાળતી હતી. તેઓ ઘરની વૃદ્ધ વિધવાઓના ભયથી સ્વેચ્છાનુસાર કોઇ પણ કામ કરતી ન હતી. બહાર પિતા, મોટાભાઇ વગેરેનું રાજ્ય ચાલતું તો ઘરમાં વિધવા દાદી, કાકી, વગેરેનું ચલણ હતું. આજકાલની પેઠે વિધવાઓ રસોઇ બનાવવાનું કામ નહોતી કરતી, પરંતુ તેમની આજ્ઞા પ્રમાણે તે સમયની વહુઓ રાતદિવસ ગૃહકાર્ય કર્યા કરતી હતી. તે સમયની વિધવાઓ પ્રાતઃસ્નાન કર્યા પછી રેશમી અથવા ઉનનાં સફેદ વસ્ત્ર પહેરી ભગવાનના સિંહાસન પાસે બેસીને જપતપ વગેરે કરતાં કરતાં પોતાના સમયનો ઘણો ખરો ભાગ ભગવાનની ઉપાસનામાં ગાળતી. તેમનાં મુખ અને શરીરમાંથી એક પ્રકારની જ્યોતિ નીકળતી હતી. તેમને જોતાંજ પાખંડી પુરુષના પણ મનમાં ભય અને ભક્તિની લહેરો ઉઠવા લાગતી હતી.

તે સમયમાં પ્રત્યેક હિંદુ ઘરમાં બાર મહિના ને તેર તહેવાર આવ્યા કરતા હતા. કોઇપણ મહિનો પૂર્વજોના શ્રાદ્ધવિના ખાલી જતો નહિ. માતા, પિતા, દાદી–દાદાનાં શ્રાદ્ધ સૌ કોઇ કરતા હતા. એ સિવાય વિધવાઓનાં વ્રતોદ્યાપન ચાલુજ રહેતાં હતાં. ઘણાં ખરાં ઘરોમાં વિધવાઓની ઇચ્છાથી પ્રતિદિન પ્રાતઃકાળને સમયે યોગ્ય કથા કહેનારાઓ દ્વારા મહાભારત, રામાયણાદિનાં પારાયણો થયા કરતાં હતાં. મહોલ્લાના બધા લોકો તે સાંભળતા હતા તેથી સ્ત્રીપુરુષ અને બાળકબાલિકાઓને પણ ધર્મ, કર્મ, આચાર, નીતિ શીખવાની સગવડ થતી હતી. કયી તિથિએ જમવું અને શું કામ કરવું તથા શું નહિ કરવું જોઇએ, એ બાબત તે સમયની સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં જાણતાં હતાં. તે સમયની સ્ત્રીઓ લખવાવાંચવાનું નહોતી જાણતી, છતાં પણ કર્તવ્ય–અકર્તવ્યનો વિવેક જાણતી હતી. તે સમયની વિધવાઓને મંત્ર આપવાનું સાહસ પ્રત્યેક બ્રાહ્મણ કરી શકતો નહિ.

પહેલાંના સમયનાં બાળકો માત્ર કથાનો કે મંદિરોનો પ્રસાદ લેવા માટેજ ઉમંગ રાખતાં ન હતાં, પરંતુ પૂજાનો સમય અને સંધ્યા–આરતીનો સમય થતાંજ બગીચાઓમાંથી ફૂલ લાવીને આપતાં હતાં, ભગવાનના મંદિરમાં દીવા પ્રગટાવતાં હતાં અને પૂજારીનો શંખ વાગતાંજ ઘંટ, ઘડિયાળ વગાડવા લાગતાં હતાં. પ્રાતઃકાળમાં સ્નાન કર્યાસિવાય અને ભગવાનનું ચરણામૃત લીધા સિવાય ભોજન કરવા પામતાં નહિ. જેમને જનોઇ ન હોય તેઓ પણ પ્રાતઃકાળમાં સ્નાન કરીને સૂર્યને જળ ચઢાવવાનો નિયમ રાખતાં હતાં, પોતાનાં માતાપિતાનાં ધર્માચરણ જોઇને તેમનાં હૃદયમાં પણ ભક્તિનાં બીજાં ઉઠતાં હતાં અને ધર્મભક્તિની અસરો પડતી હતી. તે ભક્તિનાં બીજમાંથી ગુપ્તપણે અંકુર ફૂટીને ક્રમે ક્રમે મોટું વૃક્ષ ઉત્પન્ન થતું હતું કે જે અર્વાચીન સ્કૂલકૉલેજોના શિક્ષણથી બની શકતું નથી અને એ જામેલું વૃક્ષ સ્કૂલોના ભણતરથી ઉખડી પણ શકતું નહિ. એવું શિક્ષણ પામેલા સુપુત્રોથી માતાપિતા સદા સુખ પામતાં હતાં અને કુટુંબની સનાતન મર્યાદા અચળ રહેતી. સાર એ છે કે, માતાપિતાના આચારવિચાર જોઇનેજ બાળકોનાં જીવન ઘડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળપણની એક વાત યાદ આવે છે કે, એક દિવસ એક બાળક પોતાની ગોદમાં સૂતું સૂતું તેની માતાના મુખેથી અનેક વાતો સાંભળતું હતું. બાળકે માતાને પૂછ્યું કે 'મા! આ ગામનો જમીનદાર મોટો માણસ છે; બધા માણસો તેનાથી ડરે છે, તેને મસ્તક નમાવીને પ્રણામ કરે છે. તે જમીનદાર અમને પ્રણામ કેમ કરે છે?' માતાએ જવાબ આપ્યો કે 'બેટા! તું બ્રાહ્મણ છે, એ ક્ષત્રિય છે; તેથી તે તને પ્રણામ કરે છે. જન્મ-જન્માન્તરનાં અનેક પુણ્ય એકઠાં થતાં બ્રાહ્મણનો જન્મ મળે અને તે જન્મમાં તે એવું અભિમાન કરે કે મેં મહાપુણ્ય કરેલાં એટલે હું બ્રાહ્મણ જન્મ્યો છું; તો તેનું પુણ્ય નાશ પામે છે અને બીજે જન્મે તે બ્રાહ્મણને ત્યાં જન્મતો નથી. આ વાત મેં હરિશ્ચંદ્રની કથામાં સાંભળી છે. બીજાઓ પ્રણામ કરે ત્યારે મનમાં વિચારવું કે, આ પ્રણામ મને નહિ પણ બ્રાહ્મણના શરીરદ્વારા નારાયણને કરાયા છે. સાવધાન! બેટા! કદી આ વાત ભૂલતો નહિ!' બાળકે માતાના ઉપદેશથી પ્રસન્ન થઇને ફરીથી પૂછ્યું કે 'ઠીક, મા! વધારે પુણ્ય તો થોડાજ મ ણસો કરે છે, મોટા ભાગના માણસો તો થોડુંકજ પુણ્ય કરે છે; તો બ્રાહ્મણ આટલા બધા વધી શી રીતે ગયા? અને જમીનદારો ઓછા કેમ છે?' માતાએ હસીને જવાબ આપ્યો:-'બેટા! એવી વાત નથી. આ સમયમાં પણ આપણા દેશમાં ઘણા લોકો વધારે પુણ્ય કરે છે, ઓછું પુણ્ય કરનારા થોડા છે. ઈશ્વર પાસે તો જે માગશો તે મળશે. તું જે ઇચ્છે તે તને કેમ ના આપે? કોઇ પણ વસ્તુ તારે જોઇતી હોય છે અને તેને માટે તું હઠ કરે છે તો મારે તને આપવી પડે છે; તેમ ઉચ્ચ કુળમાં જન્મ લેવો તેના કરતાં ધનવાન થવું એ નીચી વાત છે તે શું તું નથી જાણતો? ધન હરાઇ ગયા પછી માણસ ધનવાન નથી રહેતો, પણ રસ્તાનો ભિખારી બની જાય છે; પરંતુ બ્રાહ્મણના બ્રાહ્મણત્વને શું કોઈ છીનવી લેશે? તેથી આ દેશના લોકો ધનની ઇચ્છા નહિ કરતાં બ્રાહ્મણના કુળમાં જન્મ ઇચ્છે છે. જે અજ્ઞાની અને લોભી છે તેજ ધનની ઇચ્છા કરે છે. એવા લોકો દેશમાં બહુજ ઓછા છે. સત્યયુગ, ત્રેતા અને દ્વાપરના લોકો વધારે પુણ્ય કરતા હતા, એ બધાને મુક્તિ ના મળી તેઓ હરતા ફરતા આવીને બ્રાહ્મણ થયા છે."

વાંચનાર! તે સમયની નિરક્ષર માતાનો આ ઉત્તર બરાબર યોગ્યજ હતો. તે બાળક આ જવાબ સાંભળીને સંતોષ પામ્યો. ખેલતી વખતે તેને મુખેથી આ વાત અનેક બાળકોએ કેટલીયે વાર સાંભળી હતી તેથીજ કહ્યું છે. તે સમયની માતાઓ અને દાદીઓ નિરક્ષર હોવા છતાં પણ સહજ સ્વભાવેજ બાળકોનાં મન ઉપર ધર્મનીતિના એવા સંસ્કાર પાડતી હતી કે એવા સંસ્કાર આજકાલની ભણેલી ગણેલી સ્ત્રીઓની વાત તો દૂર રહી, પણ મોટી મોટી શાળા પાઠશાળાઓના અધ્યાપકો પણ બાળકોના મન ઉપર પાડી શકશે કે કેમ, એ સંશય પડતી વાત છે. આ નાનકડા લેખમાં પ્રાચીન સમયનું ચિત્ર તે કેટલું દોરી શકાય? એને માટે તો કોઇ મોટો લેખ લખવાની જરૂર પડે. તે બાબતમાં ટુંકમાં એટલુંજ કહેવું બસ છે કે, તે સમયમાં મહોલ્લાના દાદા, કાકા, મામા ફળિયાનાં બાળકોને એકઠાં કરી એવાં એવાં શિક્ષણ આપતા અને દાદાજીની વાતો સંભળાવતા કે બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવતાં અને એ વયોવૃદ્ધ અને અનુભવવૃદ્ધ વડીલોનાં જીવંત ચારિત્રની અસરો પામતાં. તે યાદ કરીને તો આજે "ते हि नो दिवसा गताः" અહો! અમારા તે દિવસો ચાલ્યા ગયા! એવા શોકોદ્ગાર કાઢયા સિવાય રહી શકાતું નથી આજે તો મહોલ્લાનાં બાળકોને હુક્કા ભરવા, ભાંગ ઘુંટવી અને બીડી-સીગારેટ તથા ચા પીતાંજ શીખવાડતા મોટેરાઓ જણાય છે; અને કંઇક સંભળાવે તો કાલ્પનિક નવલકથા કે ગપ્પાં કે ગમે તેવાં ગાયનોના રાગડાજ સંભળાવે છે અને ઉગતી-ઉછરતી પ્રજાનું સત્યનાશ કાઢવાનો ધંધો કરે છે. હવે તો એ રામાયણ અને મહાભારતની કથાઓ અને વીરો-મહાવીરોનાં આખ્યાનો કોણ સંભળાવે? અને કોણ સાંભળે? અરે એ વાતની પડી છેજ કોને? આ બધાનું પરિણામ એજ આવ્યું છે કે, હાલનાં બાળકો વધારે ને વધારે નિર્માલ્ય, ચારિત્રહીન અને માતપિતાની આજ્ઞા નહિ પાળનારાં થાય છે. એ દોષ તેમનાં માતપિતાનાજ છે અને તેનાં પરિણામ પાછળથી તેમને, સમાજને અને દેશને ભોગવવાં પડે છે.

('સ્ત્રીધર્મ શિક્ષક'માંથી સ્વતંત્રાનુવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૪-શું મંદિરો હિંદુ સમાજનાં નથી ?

પ્રાચીન આર્યોની પદ્ધતિ પણ કંઈક એવીજ હતી. ત્યારે પણ સંતાન ઉપર માતાપિતાનો અધિકાર નહોતો. તે વખતે બાળક મોટો થાય કે તરતજ માતપિતા તેને ઉપનયન આપી ગુરુ-કુળમાં સોંપતાં હતાં, કે જ્યાં દેશભરના ઉચ્ચ કોટિના વીતરાગી મહાત્માઓનો નિવાસ હતો. ત્યાં તે મહાપુરુષો તેમની રુચિ, પ્રારબ્ધ, શરીર સંપત્તિ, જીવન અને બળ વગેરેનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરીને તેમને અનુકૂળ શિક્ષણ આપતા અને અંતે તેમની પાકી ઉંમરે તેમના ગુણકર્મોની પરીક્ષા લઇને મન, વચન અને કર્મોની ગતિને તે જે પ્રકારે સમાજસેવામાં લગાવી શકે તેમ હોય તે શ્રેણી(વર્ણ)માં તેને દાખલ કરતા હતા. સામાજિક સુંદરતા અને પ્રેમ કાયમ રાખવા માટે આ કેવી સુંદર પદ્ધતિ હતી ! રાજા અને રંક દરેકનું બાળક ગુરુકુળમાં ગયા સિવાય રહી શકતું નહિ અને બધાને પોતાના કુળની મોટાઇનો ત્યાગ કરી ભ્રાતૃભાવથી વિનમ્ર બનીને ગુરુસેવા અને ભિક્ષા-દ્વારા વિદ્યોપાર્જન કરવું પડતું હતું. આજે કેટલાં અનાથ બાળકો ગલીએ ગલીએ ભીખ માગતાં ફરે છે ! તેમને ઘરની સ્ત્રીઓ તથા દુકાનના દુકાનદારો કૂતરાંની પેઠે હડધૂત કરે છે અને તેમના લાડકડા છોકરાઓ રબડી-મલાઇ ખાઇને એઠા પડીઆઓ તેમના તરફ ફેંકીને એકાદ લાત અને એકાદ ગાળ ચોપડી દે છે ! તે વખતે આ રાક્ષસી દૃશ્ય નહોતું. કોઇ બાળક બારણે ઉભો રહી મધુર સ્વરથી કહેતો કે **'भवति भिक्षान्देहि'** (માતા ભિક્ષા આપો) એટલામાં તો પ્રત્યેક ગૃહિણીની છાતીમાં દૂધ ઉભરાઇ આવતું-તેને તરત સ્મરણ થતું કે, તેનો પુત્ર પણ આવી રીતે ક્યાંક **'भवति भिक्षान्देहि'** (માતા ભિક્ષા આપો,) એમ કહેતો હશે. તે દોડીને તેને પોતાનાજ પુત્રની પેઠે સત્કારતી અને ઘરમાં જે કંઇ હોય તે તેને આપી તેનું સ્નેહપૂર્વક બહુ માન કરતી. અહો કેવી એ સ્વર્ગીય જાતીયતા હતી ! કેટલું વહાલભર્યું સંગઠન હતું ! ક્યાં ગયો એ કાળ અને ક્યાં ગયો એ ક્રમ ! !

સંપત્તિમાં ઉછરેલા શ્રીકૃષ્ણ અને દરિદ્રમૂર્તિ સુદામાજીની એ અલૌકિક મિત્રતા શું ગુરુકુળ-પ્રણાલીસિવાય સંભવિત હોઈ શકે ખરી ?

એ ક્રમ પલટાઇ ગયો. મનુષ્ય સંસારમાં જન્મીને સંસારનું અન્ન ખાય છે, એટલે સંસારનો તે ઋણી છે અને પોતાના પ્રતિનિધિસ્વરૂપ યોગ્ય પુત્રને સંસારની સેવામાં રજુ કરીને તે ઋણમુક્ત થાય છે. 'પુત્ર' શબ્દનો એજ અર્થ છે. ઋણમુક્ત કરનાર પુત્રજ હોય છે. એટલા માટેજ સંતાન ઉત્પન્ન કરવાનાં હોય છે. પુત્રને જન્મ આપી, યથાશક્તિ યોગ્ય બનાવીને ગુરુને સોંપી દેવો અને સંસારમાં સન્માનપૂર્વક રહેવાને યોગ્ય થતાં તેને સર્વ કંઇ આપી દઇને પોતે વાનપ્રસ્થ થવું, એ પ્રાચીન પદ્ધતિ હતી. પરંતુ જ્યારે મનુષ્ય સ્વાર્થનો કીડો બની ગયો, પોતાની વૃદ્ધાવસ્થામાં સુખ આપશે એવી લાલસાથી સંતાનને પાળવા લાગ્યો, એટલે માણસની શક્તિ અત્યંત હલકી, નીચ અને નકામી થઇ ગઇ; અને તેનું પ્રત્યક્ષ ફળ અમારે એ ભોગવવું પડયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, અમારા દેશના લોકો ઘણી મોટી સંખ્યામાં હોવા છતાંયે સંસાર સમક્ષ કંઇ લેખામાંજ ગણાયા નહિ. જર્મનીના ૬ કરોડ, ઇંગ્લેંડના ૪ કરોડ અને ફ્રાંસના ૫ કરોડની જેટલી કિંમત છે તેના પચાસમા ભાગની પણ અમારા ૩૧ કરોડ મનુષ્યોની નથી. અમે તદ્દન નકામાં, બોદાં, પોચાં, કાયર અને પાજી બાળકો પેદા કરી રહ્યા છીએ, કે જે સંસારમાં ઓછામાં ઓછા દરે વેચાય છે અને હવે તો તેમને એ રીતે પણ નથી ખરીદતા. અહો! કેટલા ખેદની વાત છે, કે જેનાં ચરણ ચૂમીને સંસાર પોતાને સૌભાગ્યશાળી માનતો હતો, તેનાં સંતાનોની આજે કંઇ ગણત્રીજ નથી!

પ્રત્યેક વસ્તુનું મૂલ્ય ત્રણ બાબતો ઉપર અંકાય છે:-ઉપયોગિતા, ટકાઉપણું અને સુંદરતા. આપ એક ઘડિયાળ ખરીદવા જશો તો વખત આપવામાં, ખરાપણામાં, સુંદરતામાં અને ટકાઉપણામાં તે જેટલી સારી હશે તેટલી વધુ કિંમત પડશે. હવે આપણાં સંતાનો આ કસોટીએ કેવાં ઉતરે છે તે આપણે જોઇએ.

પહેલી ઉપયોગિતા લ્યો. દરેક બાબતમાં-ગમે તો શારીરિક બળસંબંધી કે માનસિક, ભારતવાસીઓને સંસારમાં સૌથી છેલ્લું સ્થાન મળે છે, અને કોઇ ઉત્તમ સ્થાન આપ્યું તો તેનો દુરૂપયોગજ કરવામાં આવે છે. હું કેટલાક ગણ્યા ગાંઠ્યા માણસોની વાત જવા દઉં છું, કે જેઓ માત્ર અપવાદરૂપજ છે અને જેમનાં દૃષ્ટાંતો લઇને નકામી ડીંગ મારવામાં આવે છે. સર્વ પ્રકારની માનસિક અને શારીરિક શક્તિને માટે જાતીયતા, પુષ્ટિકારક ભોજન, સારાં સ્વચ્છ મકાન, લાભની આશા, નિશ્ચિંત મન અને સ્વતંત્રતાની જરૂર છે, કે જે ભારતવાસીઓથી તો કેટલાય કોસ દૂર છે. જે અભાગીઆઓને સાત પેઢીથી સડેલું અન્ન ખાતાં ખાતાં, કૂતરાં અને ભુંડથી પણ હલકી સ્થિતિમાં રહીને મેલેરિયા, બરોળ, ક્ષય અને શ્વાસના રોગો વારસામાં મળેલા છે; તેમનાં શરીર અને મનની શક્તિઓ ક્યાં રહી શકે અને તેઓ તેનો ઉપયોગ પણ શું કરી શકે?

અમારાં બાળકોને શિક્ષણ, ભરણપોષણ, સુખે રહેવાની, કામ કરવાની કે પોતાની જાતને ઓળખવાની કશીયે દરકાર નથી; તો પછી તેઓ શું ઉપયોગી બની શકશે? અરે, હવે તો એવી સ્થિતિ થઇ પડી છે કે સંસારની સભ્ય જાતિઓમાં ભારતીય કુલીઓને પણ નાછૂટકેજ લેવાય છે. કેવી મજાની વાત કે અમારા પોતાના ઘરના મોટા મોટા અધિકાર (વ્યવસ્થા, શિક્ષણ અને વિજ્ઞાન વગેરેના) બીજાઓના હાથમાં સોંપીને અમે જ્યારે તેમને ઘેર મજુરીની ભીખ માગીએ છીએ ત્યારે કૂતરાંની પેઠે હાંકી કાઢવામાં આવે છે! અમે અમારાજ ઘરમાં, પોતાનાજ દેશમાં રહીને ત્રીજા વર્ગમાં મુસાફરી કરીએ છીએ, સડેલું-બગડેલું, સસ્તું અને જાડું અનાજ ખાઇએ છીએ; આખો દિવસ પરસેવો વહાવીએ છીએ અને ભરજુવાનીમાં કૂતરાને મોતે મરીએ છીએ! અને એ લોકો પહેલા વર્ગના ખાસ ડબ્બાઓમાં મુસાફરી કરે છે, ઉત્તમ બંગલાઓમાં સ્વર્ગ-સુખ ભોગવે છે અને ખાતાં ખાતાં જે બચે છે, તે તેમનાં મોટાં મોટાં ખિસ્સાંમાં ભરીને તેમનાં ભાગ્યશાળી ઘરોમાં લઇ જાય છે. ત્યારે અમે એમ માનીએ કે અમારૂં ઘર ગરીબ, નકામું અને કંઇજ કામનું નથી કે અમેજ કશા ઉપયોગના નથી? જે ભારત દરવર્ષે સાડીબાવીસ કરોડ રૂપિયા નગદ પગારતરીકે વિદેશીઓને આપે છે, તેને જેઓ સમૃદ્ધિશાળી નથી એમ કહે છે, તેઓ જૂઠા છે. જે ભારતમાં વિવિધ પ્રકારની ખેતી, ખનિજ અને ઉદ્યોગને માટે કુદરતી સામાન છે, ઉત્તમ કોયલા અને ઉમદા કેરોસીન છે, લોહું અને લાકડાંની ઉત્તમતા જોઇને તો ઇંગ્લાંડવાળાઓના મોંમાં પાણી છૂટે છે; સોનું, ચાંદી, તાંબુ અને કલાઈ વગેરે રત્નોની જ્યાં ખોટ નથી, રેડિયમ પણ જ્યાં પુષ્કળ પ્રમાણમાં મોજુદ છે, તે ભારત શામાટે ભૂખે મરે છે, એ વાત શું વિચારવા જેવી નથી?

સન ૧૮૦૧ થી ૧૮૨૫ સુધીનાં ૨૫ વર્ષમાં સમસ્ત ભારતવર્ષમાં ૧૫ લાખ મનુષ્યો ભૂખે મર્યાં હતાં. સન ૧૮૨૫ થી ૫૦ સુધી દુકાળનું બહુ જોર રહ્યું હતું. ૫૦ થી ૭૫ સુધીનાં ૨૫ વર્ષમાં ૫૦ લાખ માણસ ભૂખે મર્યાં; પરંતુ ૧૮૭૫ થી ૧૯૦૦ સુધીમાં ૧૮ વાર તો દુકાળ પડયા કે જેમાં ૨ કરોડ માનવીઓ સ્વાહા થઇ ગયાં! તેમાંથી માત્ર છેલ્લાં દશ વર્ષમાંજ ૧ કરોડ ૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખ મનુષ્યો 'હા અન્ન! હા અન્ન!!' કહેતાં કહેતાં મર્યાં અને તેમના અંત્યેષ્ટિસંસ્કાર ગીધ અને જંગલી કૂતરાઓએ કર્યા! જે ભૂમિ शस्य श्यामला કહેવાય છે, માતા અન્નપૂર્ણા જ્યાં સમસ્ત સંસારને ભિક્ષા આપે છે; તેજ દેશની આ કરુણ કહાણી છે! પ્રકૃતિએ આ દેશને એટલું બધું આપ્યું છે કે તે પદાર્થો તેને પૂરતાજ નહિ પરંતુ સમસ્ત સંસારને સુખેથી મોકલી શકાય તેટલા બધા છે. પણ તે ક્યારે? જ્યારે અમે અમારી ઉપયોગિતા વધારીએ અને કારકુની, બેરિસ્ટરી અને સહેલાણીપણાને લાત મારી-ગુલામી ઉપર થૂંકીને સ્વાધીનતાનું જીવન જીવવા મંડીએ ત્યારે. આ થઇ ઉપયોગિતાની વાત. હવે ટકાઉપણું લ્યો. પૌષ્ટિક શુદ્ધ સાત્ત્વિક ભોજનનો અભાવ, જન્મથી મૃત્યુ સુધીની ચાલુ ચિંતાઓ, રહેવાનાં સ્થાનોની અસ્વચ્છતા અને સંસારમાં સુખી રહેવાની યોગ્યતાનો અભાવ, મૂર્ખાઇભરેલા અનેક કુરિવાજો, ગરબડ, નિરાશામય જીવન-એ બધાંએ ભેગાં મળીને અમારા જીવનને બાદલું-નિષ્પ્રાણ બનાવી દીધું છે, દુકાળ, રોગ અને બીજાં અનેક દૂષણોથી અમે મૃત્યુની પાસે પહોંચી રહ્યા છીએ. દુકાળનાં રોમાંચકારી દૃશ્યો તમે જોઇ ચૂક્યા. હવે રોગથી થતાં મરણના આંકડા જુઓ. છેલ્લાં દશ વર્ષમાં સ્ત્રીપુરુષ થઇને તાવ, કૉલેરા અને પ્લેગ, એ ત્રણ રોગોથીજ ૭ કરોડ ૬૯ લાખ ૮૫ હજાર ને ૧૬૫ મરણ પામ્યાં છે.

આપ કહેશો કે, મરે છે તો બધાય; પણ અમારૂં કહેવું છે કે, વખત આવ્યેનું મરવું કોઇને સાલતું નથી, પણ જ્યારે કામ કરવાની ઉંમરમાંજ ચિતા સળગવાની નોબત વાગે, તો અપાર દુઃખ અને મહાદુર્ભાગ્યજ સમજવું જોઇએ. સ્વામી વિવેકાનંદ માત્ર ૩૯ વર્ષની ઉંમરમાં ઉપડી ગયા; કૃષ્ણ સ્વામી આયર ૪૯; જસ્ટિસ તેલંગ ૪૮; ગોખલે ૪૮; દાસ ૪૮ અને હકીમ અજમલખાનજી ૪૭ વર્ષની ઉંમરમાં ચાલ્યા ગયા-જાણે ૫૦ થી વધુ ઉંમરજ ભારતના નરશ્રેષ્ઠોને માટે દુર્લભ થઇ પડી છે!! ડાર્વિને પોતાની વિકાસવાદની સુપ્રસિદ્ધ ચોપડી બાવન વર્ષની ઉંમરે લખી હતી. લૉર્ડ કેલવિન ૭૮ વર્ષની ઉંમર સુધી શોધ કરતા રહ્યા. આજે પણ એડીસન ૮૨ વર્ષની ઉંમરે જગતને માટે જીવી રહ્યા છે. સંસારના મહાન પુરુષો જ્યારે કંઇક પાકું કામ કરવાની યોગ્યતા પામે છે ત્યારે તે ઉંમરે તો અમારા મહાપુરુષોનાં હાડકાં પણ ટાઢાં પડી જાય છે!!

હવે સાથે સાથે સૌંદર્યનું પણ દિગ્દર્શન કરી લ્યો. સૌંદર્ય ત્રણ પ્રકારનું હોય છેઃ-શરીરનું, આત્માનું અને હૃદયનું. શરીરના સૌંદર્યનું તો પૂછવુંજ નહિ-એક એકથી ચઢિયાતી લૂલી-લંગડી, પાતળી, કાળી, પીળી એવી ભાતભાતની માનવપ્રતિમાઓ ઠેરઠેર દેખાય છે. બીજી જાતિઓની કન્યાઓ જ્યારે પરણવા લાયક થાય છે ત્યારે તે ઉંમરે અમારી સ્ત્રીઓ ડોશીઓ બની જાય છે. હવે રહ્યું આત્માનું સૌંદર્ય, કે જે આસ્તિકતા, દૃઢતા અને પવિત્રતાદ્વારા પરખાઇ આવે છે. એટલે જે દેશમાં અનેક મતમતાંતર હોય, અનેક દેવતાઓ પૂજાતા હોય અને કોઇનાય ઉપર વિશ્વાસ ન હોય, પોતાના પહાડ જેવા દોષોને પ્રયત્નપૂર્વક સંતાડાતા હોય અને પોતાનાજ ભાઇની રાઇ જેવડી ભૂલને ખાતર ધક્કે મારીને શત્રુ બનાવાય; બંધુત્વ, સહૃદયતા અને સહાનુભૂતિના બદલામાં જ્યાં મજૂરી માંગાય; ત્યાં આત્માના સૌંદર્યની પ્રશંસા ન કરવી એજ યોગ્ય છે. હૃદયના સૌંદર્યનું ચિત્ર અમારૂં ગૃહ-ચરિત્ર છે. તે કેવું ઘૃણિત, નીચ, નીચતર અને દુઃખોના ડુંગર અને અત્યાચારનાં કેન્દ્ર જેવું છે! જો કોઇ તેનું ચિત્ર દોરી શકે તો તે અમારા હાર્દિક સૌંદર્યનું ચિત્ર હશે!

જ્યાં 'आत्मवत् सर्व भूतेषु' નો સિદ્ધાંત માન્ય હતો, ત્યાંજ પોતાની બહેન-દીકરી અને ભાઇ તથા સગાંસંબંધી અને નજીકનાજ પાડોશીઓ સાથે પશુની પેઠે વર્તવામાં આવે છે; અને તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત તો એ છે કે, દેશમાં અઢી કરોડ વિધવાઓ છે, જેમાંની ૩૦ લાખ ૩૦ વર્ષથી નીચેની ઉંમરની છે; અને લગભગ ૧૮ હજાર તો પાંચ વર્ષથીયે ઓછી ઉંમરની છે. તમે જાણો છો કે તેઓ કેવી રીતે પોતાની જીંદગી ગુજારી રહી છે? તેમાંની કોઇ તો ગુપ્ત રીતે ઠંડા નિસાસા નાખતી ભારતને રસાતાળ પહોંચાડી રહી છે, કોઇ વિધર્મી થઇને મુસલમાન કે કસાઇને ત્યાં જઇ પોતાનું મોં કાળું કરે છે. દરરોજ ભ્રૂણહત્યાના અસંખ્ય કેસ થાય છે, મોટા મોટા આબરૂદારોને ઘેર પણ પોલીસ જડતી લે છે. હું પૂછું છું કે, આ બધું શું છે? અને તે કોના પાપનું પરિણામ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિવાહિત કન્યા દશ વર્ષની થતાંમાં તો તેનાં માબાપને તેની ચિંતામાં ઉંઘ નથી આવતી. "કન્યા સમજણી થઇ છે, જમાનો નાજુક છે, કળિયુગમાં મોટી ઉંમર સુધી કન્યાને કુંવારી રાખવી યોગ્ય નથી, વહુ-દીકરી ઉંમરલાયક થાય એટલે સાસરેજ સારી" વગેરે વાતો આબરૂદાર માબાપોને મુખેથી સદાયે સંભળાય છે. પરંતુ તેજ દીકરી જો વિધવા થઇ તો જમાનાની અસર તેના ઉપર કંઇજ થતી નથી-તેને માટે આ આબરૂદાર માબાપોના પેટનું પાણીયે હાલતું નથી. તેમને વિશ્વાસ છે કે, તે પ્રારબ્ધ અને અટલ કર્મફળને ભોગવતી છાની-માની બેસી રહેશે. આ કેવો નીચ, નિર્લજ્જ, કાયર અને કસાઇપણાથી ભરેલો વિચાર છે? અને તે એવી દશામાં કે જ્યારે પિશાચી પ્રવૃત્તિના લંપટ પુરુષો શિંગડાં વિનાના બળદની પેઠે તેમની આંખોમાં ધૂળ નાખીને વ્યભિચારના પાપી અભિનયો કરતા ફરી રહ્યા છે!

વિધવાઓ તરફની આવી ઉપેક્ષાનાં પરિણામ સમાજને માટે બહુ હાનિકારક આવ્યાં છે:- (૧) લાખો ઘરે તાળાં વસાયાં છે, કુટુંબોનાં કુટુંબ પાયમાલ થયાં છે-નિર્વંશ થયાં છે; (૨) કેટલાંયે સ્ત્રી-પુરુષો ધર્મભ્રષ્ટ થઇને ખ્રિસ્તી કે મુસલમાન થઇ ગયાં છે; (૩) જ્ઞાતિનાં પંચો અને મહાજનોથી અઘટિત રીતે સતાવાયલાં કેટલાંયે સ્ત્રી-પુરુષો ધર્મને લાત મારીને વિરોધીઓ થઇ બેઠા છે; કેમકે આજકાલના જ્ઞાતિના આગેવાનો અને પંચો વાતવાતમાં નાતબહાર મૂકવામાં પોતાની બહાદૂરી માને છે. જો આપ કાશી, મથુરા, અયોધ્યા વગેરે નગરોમાં જઇને જુઓ તો કેટલાંયે સ્ત્રીઓ વેશ્યાઓ થઇને પાપનાં પોટલાં બાંધી રહેલી દેખાશે.

આજ દશા અસ્પૃશ્યોની છે-બલ્કે એથીએ વધારે પતિત. સાડાછ કરોડ અસ્પૃશ્યો આપણા સમાજરૂપી શરીરમાંથી જૂદા કાપી નાખેલા અંગ જેવા પડેલા છે અને તેમના પર તો અત્યાચારોની અવધિ થઇ રહી છે. આ સાડા છ કરોડ માનવબાલો આખા દેશમાં સમાજની એવી સેવા કરી રહ્યાં છે કે જેમના વિના આપણે ક્ષણભર પણ ચલાવી શકીએ નહિ. વરસાદની ઝડીઓમાં, બળબળતા બપોરે અને કડકડતી હીમાળી ટાઢમાં-ત્રીસે દહાડા આપણાં મળમૂત્ર માથા ઉપર ઉઠાવે છે અને તેના બદલામાં તેઓ બે-ચાર પૈસા અને થોડું ઘણું એઠું જૂઠું ખાવાનું તથા ફાટેલાં ચીંથરાંજ ઓઢવા પામે છે. આપની ઉંમર ભલેને ગમે તેટલી હોય અને અંત્યજ ભલેને આપના પિતાની ઉંમરનો હોય તોપણ તેની સાથે ગાળ વિના વાત કરવામાં તમારૂં અપમાન થઇ જાય છે. વાતવાતમાં હડધૂત કરવાથી, અપમાન કરવાથી અને હરેક રીતે હમેશાં દબાયેલા રાખવાથી એ માનવસંતાનો કે જેઓ ખરૂં જોતાં આપણાં ભાઇબહેનો છે, તેઓ કૂતરાં જેવાં બની ગયાં છે. તેઓ જેવી આત્મગ્લાનિ, આંતજર્વાળા અને માનસિક કષ્ટમાં પોતાનાં લાંબાં જીવન ગાળે છે, તેનું વર્ણનજ ન કરવું એ ઉત્તમ છે. આપનો પાળેલો કૂતરો આપની સાથે ખુરશી ઉપર બેસી શકે અને થાળીમાં જમી શકે, ખાટલામાં સૂઇ શકે; પરંતુ એક અંત્યજની શી તાકાત કે તમારા ઘરમાં આવવાનું પણ સાહસ કરે-પછી ભલેને તે આપના જેવોજ મનુષ્ય હોય અને સમાજમાં આપના જેવોજ અધિકાર ભોગવતો હોય.

આપની પવિત્રતા સાચવવા માટે જેણે પોતાનાં તન, મન અને આત્માને સદાને માટે મેલાં કર્યાં છે; જે અત્યંત હલકી મજુરી-માત્ર નિર્વાહપૂરતું-લઇને પેઢી દરપેઢીથી આપના મનુષ્યત્વને સ્થાયી રાખતા આવ્યા છે; તેના ઉપર નિષ્ઠુરતા ગુજારવી એ શું પાશવતા નથી? પણ પથ્થરો પાસેથી દયાની ભીખ માગનારાઓ તરફથી બીજી શી આશા રખાય? તેનું ફળ તો પ્રત્યક્ષ મળીજ રહ્યું છે. એ વાલિયો ચમાર કે જે આપને ઝૂકી ઝૂકીને સલામો કરતો છતાં પણ તમે સીધી રીતે વાત નહોતા કરતા; એ મોતિયો ભંગી કે જેની સાથે આપ 'સાલા' સિવાય વાત નહોતા કરતા; તેજ હવે મિ. ટૉમ્સન અને મિ. જેકબ થઇને અક્કડ થઇને ચાલે છે અને આપને હસતા હસતા "સલામ સાહેબ!" કહેવું પડે છે. એજ ચમારણો કે જેને આપ કદીયે ઘરમાં પેસવા દેતા નહિ, તેઓ મેમ સાહેબો બનીને ખુરસીઓ ઉપર બેઠી બેઠી શિક્ષિકાઓ થઇને ભણાવી રહી છે; અને આપની કુલીન પત્ની કે બહેન-દીકરી તેનાં ચરણોમાં સાદડી ઉપર બેસીને મહામહેનતે કક્કો બારાખડી શીખે છે.

કહો, હવે તો આપના માનની બરાબર મરામત થઇ ગઇ ને? અને કુલીનતાની પૂંછડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંચી રહીને? હવે માનવતાનું સન્માન કરતાં શીખ્યા ખરા, પણ તે ક્યારે? તેણે પોતાના સ્વધર્મનું બલિદાન આપ્યું ત્યારેજ! જે તે મુસલમાન કે ખ્રિસ્તી બને છે તે પાપકાર્ય હોય તો તેની જવાબદારી કહો કે આપના સિવાય બીજા કોને માથે છે? હું કહું છું કે, સાડા છ કરોડ મરદ માણસો પાયખાનાં ઉપર છાપ્યા કરે અને ગાળ-ખાસડાં ખાધા કરે તે તદ્દન અસંભવિત છે. મનુષ્ય પોતાનું મૂલ્ય સમજી ગયો છે, તેણે હજારો વર્ષોથી અન્યાયી ખાસડાંના માર ખાધા છે! હવે તે ન્યાય માગે છે, ન્યાયનું રાજ્ય પાસે છે, તેમને ન્યાય મળશે, અન્યાય અને અન્યાયી નાશ પામશે-ન્યાયી અને પીડિતો આગળ આવશેજ આવશે.

બાળકો શું ખાશે, શી રીતે ઉછરશે, કેવી રીતે શિક્ષણ પામશે; એ વિષે આપણે કોઇ દહાડો વિચારજ કરતા નથી. જેટલી બેદરકારીથી લગ્નો કરીએ છીએ તેટલીજ બેપરવાઇથી બાળકો પેદા કરીએ છીએ! ખરી વાત તો એ છે કે, આપણે વ્યભિચાર માટેજ સ્ત્રીઓ પાસે જઇએ છીએ અને બાળકો તો અનિચ્છાએ અને ફરજિયાતજ થાય છે. ત્યાંપછી બાળકો હૃષ્ટપુષ્ટ, સુંદર અને ઉચ્ચ ભાવનાવાળાં ક્યાંથી બની શકે? લોકો એમ માને છે કે, આવક ઓછી છે તેમાંથી બાળકોને સારી રીતે શી રીતે શિક્ષણ આપી શકાય? પરંતુ સંયમનો અભાવ હોવાથીજ તેઓ પોતાની વિષયવાસનામાં મચ્યા રહે છે. પરિણામે સંતાનવૃદ્ધિ સારી પેઠે થયેજ જાય છે.

જે દેશમાં ઘી-દૂધની નદીઓ વહેતી હતી, તેજ દેશનાં બાળકોને આજે એ પદાર્થો દુર્લભ થઈ પડયા છે. માત્ર ૨ કરોડ પશુઓના દૂધ ઉપર ૩૧ કરોડ મનુષ્યો ગુજારો કરી રહ્યાં છે!! એટલે કે એક પશુની પાછળ ૧૫ માણસ! તો પછી માત્ર દૂધ ઉપરજ જીવનારાં બાળકોની દુર્દશાનું વર્ણન તો શી રીતે આપી શકાય? દરવર્ષે ૧૮ લાખ બાળકોનું મરણ એ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. એ માતપિતાઓના દુર્ભાગ્યની શી વાત કરવી કે નવ માસ ગર્ભાવસ્થાનું દુઃખ સહ્યા પછી જેમનાં બાળકો જન્મીને ભૂખથી તરફડીને મરી જાય છે!!! આ હત્યાઓનું પાપ કોને માથે છે? આપણે માથે! આપણે માથે!! આપણે માથે!!! જેમનું આપણે પાલનપોષણ કરી શકતા નથી તેમને મરવાને માટે, માત્ર લોહી ચૂસવાને માટે, ઉત્પન્ન કરવાં એ મહાપાપ, ઘોર પશુત્વ અને તિરસ્કારપાત્ર અસભ્યતા છે. પ્રસિદ્ધ વિદ્વાન માલ્થસ કહે છે કેઃ-

"જ્યારે કોઇ દેશના મનુષ્યોને પેટપૂરતું ભોજન નથી મળતું, ત્યારે તે દેશમાં માત્ર દુષ્કાળજ નહિ પરંતુ અનેક પ્રકારની વિટંબણાઓ ઉભી થાય છે, અનિષ્ટ રીતરિવાજો ફેલાય છે અને વ્યભિચાર-અનાચારની વૃદ્ધિ થાય છે."

આ વાત બહુજ વિચારપૂર્વક લખાઇ છે અને એક મહાભયંકર દુર્દશાનું ચિત્ર રજુ કરે છે. ભારતવર્ષ જેવા ધર્મપ્રધાન દેશમાં કે જ્યાં ઇરાન, તાતાર અને અફઘાનની ખુની કોમો લૂંટ કરવા આવી અને અહીંની હવા લાગતાંજ ધર્મપ્રધાન (!) જાતિ બની ગઇ ત્યાં નિંદ્ય વ્યભિચારની ઓછપ નથી પણ વૃદ્ધિ છે; અને તેનું નગ્ન સ્વરૂપ તો એ છે કે, દેશમાં લગભગ પોણાપાંચ લાખ સ્ત્રીઓ ખુલ્લમખુલ્લા વેશ્યાનો ધંધો કરે છે; અને તેમની વાર્ષિક આવક લગભગ ૬૨ કરોડ રૂપિયા છે! આ ગણત્રી માત્ર એ વેશ્યાઓની છે, કે જેમણે ખુલ્લમખુલ્લા વેશ્યાનો ધંધો લખાવ્યો છે. એ સિવાય અગણિત સ્ત્રીઓ ગુપ્ત વેશ્યાવૃત્તિ અને બહારના દેખાવને ખાતર બીજો ધંધો કરતી હોય છે!

એ ૬૨ કરોડ રૂપિયાની ભયંકર રકમ તરફ દૃષ્ટિ ફેંકવી જોઇએ! આ ભયાનક રકમ દરવર્ષે ગરીબ દેશની અલ્પ કમાણીમાંથી વસુલ કરીને તે આપણને શું આપી રહી છે-કોઢ, ચાંદી, ગરમીનાં દર્દો, પ્રમેહાદિ ધાતુવિકારનાં દર્દો અને વિવિધ પ્રકારની બેઆબરૂ!! આ ૬૨ કરોડ રૂપિયાનું વાર્ષિક વ્યાજ લગભગ પોણાચાર કરોડ રૂપિયા થાય છે. ભારતવર્ષમાં બાર વર્ષસુધી જો આટલી વેશ્યાઓ ચાલુ રહી, તો લગભગ સાડાત્રણ અબજ રૂપિયા (!) કમાશે કે જેનું વ્યાજજ માત્ર એટલા સમયમાં ૫૦ કરોડ ઉપર થાય છે.

જે દેશમાં ૪૦ વર્ષની અંદર ૧૭ દુકાળ પડ્યા અને તેમાં દોઢ કરોડ (!) માણસો ભૂખે તરફડીને મરી ગયાં છે; જે દેશમાં દરવર્ષે ૧૦ લાખ, દરમાસે ૮૬ હજાર, દરરોજ ૨૮૮૦, દર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાકે ૧૨૦ અને દર મિનિટે બે મનુષ્યો 'હાય અન્ન ! હાય અન્ન !!' કરતા મરી રહ્યા છે, જેની સરેરાશ આવક ૧૬॥॥ છે, જ્યાં ૫૦ લાખ ભિખારી ઘરઘર ટુકડા માગી ખાય છે, જ્યાં ૧૦ કરોડ ખેડુતો એક ટંક લૂખું સૂકું ખાઇ લઇને ગુજારો કરે છે ત્યાં (!) વેશ્યાઓ ૬૨ કરોડ (!) રૂપિયા પોતાના દેહ, સૌંદર્ય અને માન-આબરૂને વેચીને દરવર્ષે લૂંટી રહી છે; અને જેઓ પોતાને શાહુકાર અને એમને નાદાન રંડીઓ કહે છે, તેઓ પોતાની આબરૂ, આરોગ્ય, ધર્મ અને માનવતાને દેશવટો દઇને આવડી મોટી રકમના ખેલ ખેલે છે; તે દેશ શું કદી પણ ગુલામીમાંથી છૂટશે? આથી ભયંકર અને દુઃખદ વાત બીજી શી હોઇ શકે !!

વ્યભિચારનું આ એકજ રૂપ હોત તો કદાચ સંતોષ માનત ! બે કરોડ અને ૬૨ લાખ વિધવાઓ કે જેઓ લગભગ મૂર્ખ દશામાં છે તેમના તરફ પણ નજર ફેંકયા સિવાય અમે રહી શકતા નથી. તેમને "જીવતાં ભાગ્ય ફૂટી ગયું, નસીબમાં એજ લખાયું હતું" એવા એવા નુસ્ખા દર્શાવીને શાંત કરવાના પ્રયત્નો થાય છે. સેતાન પંડયા-પુરોહિતો, ઘરના નોકરો અને બીજાઓની પ્રપંચ-જાળમાં તેઓ ફસાઇને "ભાગ્યમાં આ પણ હતું" એમ કહીને અનંત પાતાળમાં ડૂબી જાય છે !!

આ ગુપ્ત વ્યભિચારનાં સેંકડો સ્વરૂપ ઉત્પન્ન થાય છે. કોઇ પોલિસમાં પકડાય છે. ઘણાં ખરાં તરતનાં જન્મેલાં બાળકો ફાંસો દઇને કે ગળે ખીલો મારીને મારી નાખેલાં ગલીઓમાં, ગટરોમાં, ખાડાઓમાં કે ખાળકૂવાઓમાં પડેલાં મળી આવે છે. અનેક કુલીન સ્ત્રીઓ તીર્થોમાં વેશ્યાઓ બનીને રહે છે. મોટાં મોટાં ઉચ્ચ કુળોની વહુઓ ખુલ્લમખુલ્લા નોકરો સાથે વ્યભિચાર કરતી જોવામાં આવી છે. ઘણાખરા રાજાઓના સેક્રેટરી, શેઠોના મુનીમ, કામકાજ કરનારા અને અમલદારોના નોકરો માલિક મરતાંજ તેમની સ્ત્રીઓના વહીવટમાં શેઠની ગાદી સંભાળે છે. પછી વૈદ્યરાજો, ડૉકટરો અને હકીમોની સફેદ પડીકીઓ સો સો અને બસો બસોમાં ઉપડી જાય છે. તેમને બાળબચ્ચાંને પાળવા પોષવાનો સારો રોજગાર હાથ લાગી જાય છે. કયાંક કયાંક તો પિતા, માતા અને ભાઈ સુદ્ધાં આવી પડીકીઓની શોધમાં ભમતાં હોય છે ! ભેંસ ખરીદવા જવાની પેઠે તેઓ રૂપિયાની થેલીઓ કેડે બાંધી બાંધીને ફર્યા કરે છે. એ સિવાય અંતિમ ઉપાયદ્વારા ખેલ ખતમ કરવાની પણ ઘણે ભાગે જરૂર પડયાજ કરે છે ! ઇંગ્લૅંડ, જર્મની અને ફ્રાન્સમાં આવાં અભાગી બાળકોને જન્મ આપવાનાં સ્થાન હોય છે. ઈંગ્લૅંડમાં ૫ વર્ષમાં બે લાખ, ફ્રાન્સમાં સવાચાર લાખ અને જર્મનીમાં ૧૧ લાખ બાળકો વ્યભિચારથી જન્મ પામે છે.

આ સમસ્ત સંસારને સર્વ પ્રકારની શિક્ષા-સહાયતા આપનારા ભારતવર્ષનું વર્તમાન ભયંકર રૂપ છે. જેવો જમાનો આવી રહ્યો છે, સમસ્ત વિશ્વની શક્તિઓમાં જે સંઘર્ષણ ચાલી રહ્યું છે; તે જોતાં કોણ કહી શકે તેમ છે કે, ભારતવર્ષ અચલ રહી શકશે? અને એ પણ બનવું અશકય છે કે, સંસાર તેને બોદો, રોગી અને મુડદાલ સમજીને તેના ઉપર દયા લાવીને તેને એમ ને એમ છોડશે; કેમકે વર્તમાન સભ્યતાનો સૌથી ઉચ્ચ ધર્મ એ છે કે, શક્તિ હોય તો જીવો નહિ તો મરી જાઓ. તો શું ભારતની એ મહાન જાતિ એ રીતે મરશે ?

ત્રીસ કરોડ જનતાવાળા ભારતવર્ષના ઓ હૃષ્ટપુષ્ટ નવજુવાન પુત્રો ! સાવધાન, સાવધાન ! તમે આત્મઘાત કરી રહ્યા છો. તમે તમારી જાતેજ મૃત્યુ તરફ જઇ રહ્યા છો. ઉભા રહો, સમજો, જીવો અને આ મહાન જાતિને જીવન આપો !

સભ્ય સંસારમાં રહીને, સભ્ય રાજાની પ્રજા બનીને, સભ્ય ગણાઇને માત્ર હૅટ-કોટ પહેરવાથી, અંગ્રેજી બોલવાથી, ઉભાઉભા મૂતરવાથી, 'સિગારેટ' પીવાથી અથવા મડમો સાથે લગ્ન કરવાથીજ સભ્યતાની મર્યાદાનું સંરક્ષણ નહિ કરી શકો ! આ તો મોરનાં પીછાં ખોસીને કાગડાની ચાલ ઉપર જગતને હસાવવાના ચાળા છે. આ તો એક જાતનું વગરપૈસાનું નાટક ભજવાઇ રહ્યું છે !

આવશ્યકતા તો જાતીય સંગઠનની, આત્મજાગૃતિની અને આપણાજ સ્વરૂપને સુધારવાની છે. સંગઠન કરો, તમારી જાતને ઓળખો અને નિર્બળતાને દેશવટો આપી સર્વાંગે સજ્જ થાઓ!

(સપ્ટેમ્બર-૧૯૨૮ ના "ચાંદ"માં મૂળલેખકઃ-શ્રી ચતુરસેનજી શાસ્ત્રી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૧–સ્વર્ગ મેં આનંદ

(૧)

ઉસ દિન સ્વર્ગ મેં બડી ચહલ-પહલ રહી. સભી ઓર સ્વર્ગીય આત્માએં પ્રફુલ્લિત થીં. દેવતાઓં, દેવિયોં ઔર અપ્સરાઓં મેં એક વિશેષ પ્રકાર કા ઉત્સાહ ઔર ઉલ્લાસ થા.

સ્વર્ગ કે વિભિન્ન સર્વોત્કૃષ્ટ વિભાગોં મેં સભી દિવ્ય આત્માએં અપને-અપને મંગલ કાર્યોં મેં વ્યસ્ત થીં; કિંતુ દેવરાજ ઇંદ્ર સબસે અલગ અપને અખાડે મેં વિહાર કર રહે થે.

ઇતને હી મેં વીણા બજાતે હુએ નારદ આયે. ઉનકી વીણા મેં કોઇ સામ્યયોગોગાન બજ રહા થા, જિસકી ઝંકાર સમસ્ત વિશ્વ-બ્રહ્માંડ કો ગુંજાયમાન કર રહી થી, નારદ મસ્ત હો કર નાચતે થે ઔર વહી ગાન બજા રહે થે.

કઈ દેવતાઓં ને ઉનકા અભિવાદન કરતે હુએ કહા–"કહિયે, નારદ દેવ! આજ તો આપ ભી બડે આનંદોન્મત્ત હો રહે હૈં!"

નારદ ને ગદ્‌ગદ કંઠ સે કહા–"બસ, અબ થોડા સમય ઔર રહ ગયા હૈ. પૃથ્વીલોક કે મનુષ્યોં ને સમય કા માપ જૈસા અપને ઘડિયોં ઔર ઘંટો સે કિયા હૈ, ઉસકે અનુસાર હમારે "પ્રિય સખા" કો આને મેં ચોવીસ ઘંટે કી દેર હૈ, કિંતુ હમારે મહાકાલ કી કુછ હી ક્ષણોં મેં વહ "દૌડતા હુઆ હમારે પાસ આ જાયેગા."

સ્વર્ગ કી અપ્સરાઓં ને મચલ કર નારદ સે પૂછા–"કિંતુ પ્રભો! બહુત દેર હુઇ, આપકે લિયે તો કુછ હી ક્ષણ હૈં, પર હમેં જૈસે તો યહ મહાકાલ કુછ ભી રેંગતા હુઆ માલૂમ નહીં હોતા; હમારા વહ 'પ્રિય સખા' ક્યોં દેર કર રહા હૈ?"

સબ દેવતાઓં ને, દેવિયોં ને ઔર અપ્સરાઓં ને નારદ કો ઘેર લિયા, "આપ પૃથ્વીમંડલ સે ઘૂમ કર આ રહે હૈં–હમારે 'પ્રિય સખા' કો ભી સાથ ક્યોં ન લાયે? હમારા વહ જિતેંદ્રિય મિત્ર આને મેં ક્યોં વિલંબ કર રહા હૈ? ઉસકા મહાવ્રત કુછ ખંડિત તો નહીં હો ગયા?"

નારદ ને બીણા કંધેપર રખ લી, કુછ મુસ્કુરાયે ઔર ફિર બોલે–"નહીં, ઉસકા મહાવ્રત ત્રિકાલ મેં ભી ખંડિત નહીં હો સકતા. વહ વીરાત્મા મહાકાલ કી સમસ્ત ક્ષણોં મેં સત્યાગ્રહી સામ્યયોગી ગાન નિરંતર ઉસી ભક્તિ સે ગાતા રહા હૈ, જૈસે ધ્રુવ ઔર પ્રહ્લાદને ગાયા થા. અરે! સ્વયં મહાકાલ ભી ઉસકી ચારપાઇ કે પાસ ખડા હુઆ કઇ દિનોં સે કિંકર્તવ્યવિમૂઢ સા હો રહા હૈ–મૃત્યુદેવ યમરાજ ઠહર ઠહર કર ઉસકી ઓર કદમ બઢા રહે હૈં."

યહાં પર નારદ કુછ ઠહર ગયે, ઔર ફિર બોલે–"યમરાજ ને જો બાત મુઝસે કહી; મૈં ઉસે સુન કર અવાક્‌સા રહ ગયા."

"વહ કૌનસી બાત યમરાજ ને કહી?" સબ દેવતાઓં ને ઉત્સુકતાપૂર્વક પૂછા–

નારદ ને ગંભીરતાપૂર્વક કહા–"યમરાજ મુઝસે બોલે, કિ પૃથ્વી પર કે દુરાચારિયોં ઔર પાપિયોં કે પ્રાણ લેતે-લેતે મુઝે અપના યમદંડ ઇતના કલુષિત માલૂમ હુઆ, કિ ઉસે લે કર ઉસ વીરાત્મા કે સામને જાને કા સાહસ નહીં પડા. મૈં વહ કલુષિત યમદંડ લે કર કઇ બાર લૌટા, ઔર હર બાર યહી સોચતા, કિ કિસ પ્રકાર ઇસે શુદ્ધ ઔર પવિત્ર કરૂં? ફિર, સહસા મુઝે માં મંદાકિની કા ધ્યાન આયા, ઔર અતીત કાલ કે બાદ મૈંને અપને યમદંડ કો માં કી વિશુદ્ધ ધારા મેં સ્નાન કરાયા. વહ પવિત્રતા કે પ્રતાપ સે પ્રદીપ્ત હો ઉઠા. વહી પવિત્ર યમદંડ લિયે યમરાજ ઇસ સમય ઉસકી ચારપાઇ કે નિકટ ખડે હૈં, તો ભી સકુચા રહે હૈં, કુંઠિત હો રહે હૈં ઔર ઉસકી અભૂતપૂર્વ તપશ્ચર્યાપર મુગ્ધ હો રહે હૈં. યમરાજ મંત્રમુગ્ધ કી તરહ ઉસકે તપ કી લીલા ઐસે દેખ રહે હૈં, જૈસે કોઇ આનંદોત્સવ દેખતા હૈ....."

"દેખો, દેખો! અબ ઉસકી ૬૩ દિન કી તપસ્યા સમાપ્ત હુઇ" નારદ ને ઉચ્ચ સ્વર મેં કહા–"ઔર યમરાજ અપના વહી પવિત્ર યમદંડ લિયે ઉસકી ઓર ધીરે-ધીરે બઢ રહે હૈં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમરાજ કા ઇતના સાહસ નહીં હોતા કિ ઉસસે આંખેં ભી મિલાયેં-પર કર્તવ્યપાલન કે લિયે ઉન્હોંને આંખ મૂંદ કર અપના યમદંડ ઉસ પર ચલા હી દિયા હૈ. અબ નશ્વર શરીર સે ઉસકી આત્મા મુક્ત હો ગયી ઔર અબ વહ જિસ વેગ સે સ્વર્ગ કી ઓર આવેગી, વે સબ તુમ દેખોગે!"

યહ કહતે હુએ નારદ ને દેવતાઓં કો નીચે દિખાયા ઔર બોલે-"દેખો, ઉસકે વિયોગ સે પૃથ્વી કૈસા વિલાપ કર રહી હૈ, સચમુચ પંચતત્ત્વોં કે મોહમય તંતુઓં મેં બડા વિકાર ભરા હૈ. ઇસી કારણ પૃથ્વી કે અંતરતલ મેં વિષાદ ઔર વિલાપ સમાયા હૈ; કિંતુ જો પરમજ્ઞાની, યોગીશ્વર, તત્ત્વોં કે તંતુઓં કો સારહીન તથા નાશવાન સમઝ કર, ભક્તિપૂર્વક સદા ધૈર્યવાન બના રહતા હૈ; વહી જીવનમુક્ત આત્મા હૈ, વહી આત્મા મોહ કે સમસ્ત બંધનોં કો તોડ કર દાવે કે સાથ સ્વર્ગ મેં પ્રવેશ કર સકતા હૈ."

દેવિયાં કે સાથ દેવતાગણ નીચે દેખ દેખ કર આશ્ચર્ય કરતે રહે, સબને આનંદ સે હંસ કર કહા-"હમેં પૃથ્વી કા વિલાપ કરના અચ્છા લગતા હૈ, વહ અપને દત્તવ્રતી પુત્ર કે લિયે જિતના હી આર્ત્તનાદ કરતી હૈ, ઉતના હી હમેં સુખ મિલતા હૈ."

નારદ ને કહા-"હાં, તુમ્હેં ક્યોં નહીં અચ્છા લગેગા? તુમ લોગ તો પૃથ્વી કી દિવ્ય આત્મા સે અપની સભાએં સુશોભિત કરોગે; પર ઉફ! માતા વસુંધરા કા વિલાપ મૈં દેખ નહીં સકતા! દેખો, ઉસ પ્રિય-યતી કે સ્વર્ગારોહણ સે ભારતમાતા વિક્ષિપ્તસી હો રહી હૈ. મુઝે જા કર ઉસે સાંત્વના દેની હૈ! અબ મૈં બિદા હોતા હૂં."

નારદ સ્વર્ગ સે વિદા હુએ ઔર વાયુમંડલ મેં આ કર અંતર્ધાન હો ગયે.

(૨)

સ્વર્ગ મેં કોલાહલ હુઆ, સભી દેવતા પ્રસન્નચિત્ત હો કર ઉત્સુક થે. સભી દેવિયાં ઔર અપ્સરાએં રંગબિરંગે ફૂલોં સે અપને કો સજાયે વ્યાકુલ હો કર તિલમિલા રહી થીં.

ઇતને હી મેં ચિંતાગ્રસ્ત ઇંદ્ર અપને સિંહાસન સે નીચે ઉતરે-અપને અખાડે કો ત્યાગ કર બાહર આયે ઔર અન્ય દેવતાઓં સે બોલે:-"આજ બહુત સમય કે બાદ મેરા સિંહાસન ફિર કાંપ ઉઠા, જિસસે મુઝે ભય માલૂમ હુઆ કિ મેરા સિંહાસન લેને કે લિયે કોઇ મહાન યોગી કઠિન વ્રત કર કે યહાં સ્વર્ગ મેં આ રહા હૈ. ઉસકા દમન કરને કા યદિ કોઇ ઉપાય હો તો બતાઓ, ઔર મેરે સ્વર્ગ કો મેરે લિયે બચાઓ."

એક દેવતા ને કહા-"આપ ઘબરાયેં નહીં; વહ ન કોઇ શૂદ્રક હૈ, ન સાધારણ પ્રાણી હૈ-ન ત્રિશંકૂ હૈ; જો આપકે સ્વર્ગ કે સિંહાસન કી લાલસા સે આ રહા હૈ ઔર આપ ઉસકા સહજ હી મેં દમન કર દેંગે, ઐસે ઐસે અસંખ્ય સ્વર્ગોં ઔર અખિલ વિશ્વ બ્રહ્માંડ કા રાજ-સિંહાસન ભી ઉસ મહત્ આત્મા કે લિયે તુચ્છ હૈ."

દૂસરે દેવતા ને ઇંદ્ર કો સાવધાન કરતે હુએ કહા-"આપ તો અપને અખાડે મેં મસ્ત રહતે હૈં-હમ લોગોં કો અપને દિવ્ય જ્ઞાન કે દ્વારા બહુત પહલે હી યહ માલૂમ હો ચૂકા હૈ, કિ પૃથ્વી-પર કા એક મહાન તપસ્વી આ રહા હૈ-ઉસ દિન આકાશ કા એક નક્ષત્ર ભી ટૂટ કર ગિરા થા, જિસને સૂર્યમંડલ કે નીચે વાયુમંડલ કો પ્રકાશમાન કર દિયા થા. દેખિયે, વહ વાયુમંડલ જો સદા અંધકાર સે આચ્છાદિત રહા કરતા થા, ઇસ સમય ભી કૈસા પ્રકાશમાન હો રહા હૈ.

ઇંદ્ર ને વિસ્મય સે કહા-"હાં, સચમુચ નીચે વાયુમંડલ કૈસા પ્રજ્વલિત હો ગયા હૈ! ઉફ, મૈં બહુત હી બેખબર રહતા હૂં."

ઇતને મેં હી ઇંદ્ર ભગવાન ફૂર્તિ સે અપને અપને રથપર બૈઠે, ઔર સારથિ સે બોલે-"મેરા રથ સૂર્ય કે નિકટ લે ચલો!"

ઇચ્છાગામી રથ ઇંદ્ર કો લિયે સૂર્ય કે નિકટ પહુંચા. અબ ઇંદ્ર ને અપને સહસ્ર ચક્ષુઓં સે સ્પષ્ટ દેખા-અગ્નિશિખા કી તરહ પ્રજ્વલિત કોઇ આત્મા અત્યંત તીવ્ર વેગ સે પૃથ્વી સે વાયુ-મંડલ કી ઓર ચલી આ રહી હૈ.

ઇંદ્ર ને સૂર્ય સે પૂછા-"યહ કૌન દિશાઇ સે ચલા આ રહા હૈ? દેખો, અગ્નિ કી તરહ પ્રજ્વ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિત ઉસ આત્મા ને તો અબ વાયુમંડલ મેં ભી પ્રવેશ કિયા."

સૂર્ય ને કહા–"વાયુમંડલ કો તો વહ કુછ હી ક્ષણોં મેં બેધ દેગા; ફિર, વહ મેરે મંડલ મેં ભી પહુંચેગા."

ઇંદ્ર ને આશ્ચર્ય સે પૂછા–"ક્યા કહા ? તુમ્હારે મંડલ મેં ભી પહુંચેગા ?"

સૂર્ય ને ગંભીર હો કર કહા–"હાં, ઔર સૂર્યમંડલ બેધ કર વહ સામને કે દ્વાર સે સ્વર્ગ મેં પ્રવેશ કરેગા–જિસ દ્વાર સે કિ ધ્રુવ, પ્રહ્લાદ, દધીચિ, સુકરાત, ઇસા આદિ ને પ્રવેશ કિયા થા !"

ઇંદ્ર ને કહા–"આશ્ચર્ય હૈ ! દેખો, દેખો ઉસને વાયુમંડલ સમાપ્ત કર દિયા, ઔર અબ સચમુચ સૂર્યમંડલ કે સમીપ પહુંચ રહા હૈ. મુઝે આશ્ચર્ય હૈ કિ સૂર્યમંડલ બેધ કર સ્વર્ગ પહુંચનેવાલા યહ કૌન દિવ્ય આત્મા હૈ, જિસકે વેગ કે સામને પ્રચંડ પવન કા વેગ ભી પીછે રહ ગયા ! પવન કો પરાસ્ત કર ક્યા અબ વહ વાસ્તવ મેં સૂર્ય કો ભી પરાસ્ત કરેગા ?"

"નિશ્ચય હી મુઝે પરાસ્ત કરેગા" સૂર્ય ને કુછ સગર્વ હો કર કહા "ઔર ઇસ પરાજય સે મૈં ધન્ય હોઉંગા. ઉસે માર્ગ દેને કે લિયે આજ મુઝે અપના પ્રકાશમય વક્ષસ્થલ ફાડ દેના હોગા. હે દેવ ! ઉસકે નિર્મલ સ્પર્શ સે મેરા મંડલ આજ ફિર બહુત દિનોં કે બાદ એક બાર પવિત્ર હોગા!"

ઇંદ્ર ને કહા–"દેખો, વહ આયા ! વહ આયા ! બસ, મૈં અબ ચલા ! મૈં ઇસ તીક્ષ્ણ તેજ કે સામને ઠહરના નહીં ચાહતા !"

યહ કહતે હુએ મુંહ લટકાયે હુએ ઇંદ્ર વહીં સે ફિર અપને સ્વર્ગ કો લૌટ ગયે. ઇધર વહ પ્રદીપ્ત અગ્નિશિખા અનંત વેગ સે સૂર્યમંડલ કો બેધને લગી. સૂર્ય કે ઉસ મહાપ્રકાશિત મંડલ મેં વહ અગ્નિશિખા અસંખ્યગુણ પ્રકાશ રખતી થી.

ધીરે–ધીરે સૂર્યમંડલ ફટને લગા, ઔર વહ પ્રદીપ્ત અગ્નિશિખા ઉસ પ્રકાશ કે મહાસાગર મેં તૈરતી ઔર ઉડતી હુઈ ચલી જા રહી થી.

કુછ હી ક્ષણોં મેં ઉસને સૂર્યમંડલ ભી પાર કર લિયા. ઇસકે બાદ વહ અગ્નિ શિખા જિસ દિવ્ય મંડલ મેં પહુંચી, વહાં પૂર્ણ શાંતિ ઔર શીતલતા થી. ઇસી સમય સ્વર્ગ સે અસંખ્ય પુષ્પોં કી વર્ષા હુઇ, ઔર વહ અગ્નિશિખા ઉન ફૂલોં સે લદી હુઇ સ્વર્ગ કે દ્વારપર પહુંચ ગઇ.

(૩)

સ્વર્ગ કે ફાટક મનોહારી ફૂલોં સે સજે થે, સ્વર્ગ કી સ્વર્ણસીઢિયાં ફૂલોં સે લદી થીં. સમસ્ત દેવતાઓં કે સાથ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સ્વાગત કે લિયે તૈયાર થે; ઔર સમસ્ત ઋદ્ધિ-સિદ્ધિયાં ભી મૌજૂદ થીં. સ્વર્ગ કી અપ્સરાએં મંગલ–ગાન ગા રહી થી ઔર ફૂલ બરસા રહી થી.

અગ્નિશિખા કી તરહ પ્રદીપ્ત આત્મા કે પહુંચતે હી સ્વર્ગ કા દ્વાર એક વિચિત્ર પ્રકાશ સે આલોકિત હો ઉઠા. દેવતાઓં ને ઉસે હાથોં હાથ સાદર સ્વર્ગ મેં પહુંચાયા.

કિસીને કહા–"યહ ઈશ્વરીય દૂત હૈ."

કિસીને કહા–"યહ સાક્ષાત્ મૂર્તિમાન યોગ હૈ !"

કિસીને કહા–"યહ યોગ કા ભી પ્રાણ હૈ."

ઇસી સમય સ્વર્ગ કી તપોભૂમિ સે ધ્રુવ, પ્રહ્લાદ, દધીચિ, સુકરાત, ઇસા, મન્સૂર, હકીકતરાય, મેફ્સ્વિની ઔર અનેક દિવ્ય આત્માઓં ને "સ્વાગત" ધ્વનિ કે સાથ પ્રવેશ કિયા.

"આઓ, હમારે પ્રિય સખા ! હમ સબ ઉત્સુકતાપૂર્વક તુમ્હારી બાટ જોહ રહે થે." યહ કહતે હુએ વે સબ ઉસ પ્રજ્વલિત આત્મા કો સૂંઘને ઔર ચુંબન કરને લગે.

બહુતેરી અપ્સરાએં ફૂલોં કી માલાએં લિયે આયીં ઔર ઉસ પ્રજ્વલિત આત્મા કે ચારોં ઓર ઘૂમ–ઘૂમ કર નાચને લગીં; બહુત દેરતક વે નાચતી રહીં.

ફિર ઉન અપ્સરાઓં ને ઉસ પ્રજ્વલિત આત્મા કે સાથ વિહાર કરને કી બાત સોચી. એક પરમા સુંદરી સ્વર્ગીયા દેવી ને ઉસ પ્રજ્વલિત આત્મા કો સ્પર્શ કરના ચાહા, પર વહ સ્પર્શ ન કર સકી.

ઇતને મેં સબ દેવતા હંસ પડે. વિષ્ણુ ઔર મહેશ ને એકસાથ ઉન અપ્સરાઓં સે કહા—"યહ કોઇ અશ્વમેધ યા રાજસૂયયજ્ઞ કરનેવાલા તુચ્છ ચક્રવર્તિ સમ્રાટ્ થોડા હી હૈં, જો તુમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસકે સાથ વિહાર કરને કા સુખ લૂટોગી ? ક્યા ધ્રુવ, પ્રહ્લાદ ને ભી કભી તુમ્હારે સાથ વિહાર કિયા હૈ ? યે પરમ યોગી સદા અપને અંદર સમાધિ લગાયે રહતે હૈં, જો કેવલ સાક્ષાત્ નારાયણ કા દર્શન કરને પર ભંગ હોતી હૈ. ઇસ લિયે હે અપ્સરાઓં ! તુમ્હેં નિરાશ હો કર લૌટના હોગા."

અપ્સરાઓં ને ચિઢ કર કહા—"ઇન યોગિયોં કે મારે હમારી મટ્ટી પલીદ હૈ. દિવ્ય આત્માઓં કા આલિંગન હમારે લિયે અસંભવસા હો ગયા હૈ."

ઇતને મેં હી સ્વર્ગ કી ઉંચી સીઢી સે નારાયણ અપની પ્રિયા લક્ષ્મી કે સાથ ઉતરતે હુયે દિખાઇ દિયે. નારાયણ ને લક્ષ્મી સે કહાઃ—"દેખો પ્રિયે ! મેરે ઇસ બૃહદ્ અંગ કા એક પવિત્ર અંશ કિતની પવિત્રતા કે સાથ, જ્યોંકા ત્યોં પવિત્ર રૂપ મેં ઉપસ્થિત હુઆ હૈ. મુઝે બડા સુખ હૈ, ઔર મૈં બહુત હી પ્રસન્ન હૂં કિ પૃથ્વી કે પાપાચાર કી કાલિમા ઉસે લેશમાત્ર સ્પર્શ નહીં કર સકી હૈ."

લક્ષ્મી ને કહા—"હાં, ભગવન્ ! મૈં આપકે ઉસ પવિત્ર અંશ કો પહિચાન ગયી હૂં ઔર મૈં સ્વયં ઉસ તરફ ઐસી ખિંચા રહી હૂં, જૈસે આપકી હી ઓર મેરા આકર્ષણ હો રહા હૈ."

લક્ષ્મી કે સાથ નારાયણ નીચે સ્વર્ગ કે પ્રશસ્ત કુંજ મેં પહુંચે ઔર ઉસી સમય યતીંદ્રનાથ દાસ કી વહ પ્રજ્વલિત આત્મા ભગવાન કે ચરણોં સે લગ ગયી.

ઉસ પવિત્ર યતિ કે સ્પર્શ સે નારાયણ કા કાંતિમય શરીર ઔર ભી પ્રકાશિત હો ઉઠા. નારાયણ કા સદા પ્રસન્ન રહનેવાલા મુખ આનંદ સે ખિલખિલા ઉઠા. ઉસી સમય સમસ્ત લોકોં ઔર દિશાઓં મેં ભી એક દિવ્ય પ્રકાશ ફૈલ ગયા—અખિલ બ્રહ્માંડ પ્રકાશિત હો ગયા !

નારાયણ ને યતીંદ્ર કી આત્મા કો અપની હથેલી પર રખ લિયા, ઔર ફિર ઉસે સુંઘ કર અપને કંઠ સે લગાયા. લક્ષ્મી ને બીચમેં વાંધા દે કર કહા—"આપકે અંગ કી સેવા મેરે હાથોં મેં હૈ, ઇસ લિયે અપને ઇસ અંગ કો મુઝે ભી આલિંગન કર દીજિયે."

નારાયણ ને પ્રસન્નતાપૂર્વક યતીંદ્ર કી પ્રદીપ્ત આત્મા લક્ષ્મી કો સુપુર્દ કી, ઔર ગંભીર ધ્વનિ મેં બોલે—"જો અંશ મુઝસે પૃથક્ હો કર માયામોહ કી કાલિમા સે કલુષિત હો જાતા હૈ, ઉસકે લિયે મૈં ચિંતિત રહતા હૂં; કિંતુ મેરા અંશ બિના પૂર્ણ પવિત્રતા પ્રાપ્ત કિયે મુક્તિ તક પહુંચ નહીં સકતા. મેરા જો અંશ ચાહે જિસ જીવ કે રૂપ મેં ઉત્પન્ન હો, પર જડવાદી મર્ત્યલોક મેં જો અપને શરીર કા મોહ ન કરે, જો સુખદુઃખ કી સમસ્યાઓં મેં ન ઉલઝેં, જો અનાચાર ઔર અન્યાયોં કો સહન ન કરેં, જો સમસ્ત સ્વાર્થોં સે ઉદાસીન બન કર ઔર કર્મયોગ મેં પ્રવીણ રહ કર ન હર્ષિત હોતા હૈ, ન શોક કરતા હૈ ઔર ન મેરે ધ્યાન કે સિવા કોઇ ઇચ્છા હી રખતા હૈ, જિસને શુભાશુભ ફલોં કી ચિંતા ભી ત્યાગ દી હૈ, વહી મુઝે પ્રિય હૈ.

જો દયા, સમતા ઔર સહાનુભૂતિ કે ઉચ્ચતમ સિદ્ધાંતોં મેં સંતુષ્ટ રહતા હૈ, જો ઇંદ્રિયોં કો વશ મેં કર કે ઉનકી તુચ્છ લાલસાઓં કી અવહેલના કરતા હૈ, વહી પૃથ્વી પર પૈદા હો કર દૃઢ નિશ્ચયવાલા હો સકતા હૈ; વહી સત્ય, પુણ્ય ઔર ધર્મ કા ઠીક તત્ત્વ ભી સમઝ સકતા હૈ; ઉસે ન કભી કામક્રોધ સતાતા હૈ ઔર ન વહ કભી મોહલોભ કે ચક્કર મેં ફંસતા હૈ. વહ માનાપમાન યા નિંદા-સ્તુતિ કી પરવાહ નહીં કરતા. વહી યોગિયોં મેં, ત્યાગિયોં મેં ઔર ભક્તોં મેં શ્રેષ્ઠ હૈ ઔર મૈં ઉસીકો પ્યાર કરતા હૂં.

મેરા યહ યતીંદ્ર ઐસા હી પ્યારા હૈ—અપને ઇસ બિછુડે હુયે અંશ કા પુનઃ આલિંગન કર કે આજ મૈં પરમ સંતુષ્ટ હૂં. માનવી શરીર ધારણ કર કે ભી જો અમરત્વ પ્રાપ્ત કરને કા ગૂઢ રહસ્ય નહીં ભૂલતે, વહી સરલતાપૂર્વક મુઝતક પહુંચ સકતે હૈં."

યહ કહતે હુએ નારાયણ ને યતીંદ્ર કી આત્મા કા પુનઃ સ્પર્શ કિયા. લક્ષ્મી ને ઉસ પર પુષ્પ બરસાયે. સારે સ્વર્ગ મેં આનંદોત્સવ હોને લગા. દેવિયોં ઔર અપ્સરાઓં કે મંગલ-ગાન સે સ્વર્ગ ગૂંજને લગા !!

("હિંદૂપંચ"ના એક અંકમાં લેખકઃ-શ્રી. વિશ્વંભરનાથ જીજ્જા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨–सतीधर्मनो महिमा

ઘણા લોકોને–પુરુષોનેજ નહિ પરંતુ સ્ત્રીઓને પણ–પોતાની અથવા બીજી સ્ત્રીઓ ઉપર ઓછો વિશ્વાસ હોય છે અને તે એટલી હદ સુધી કે મહાત્મા ચાણક્યજીએ તો એટલે સુધી લખી માર્યું છે કે "विश्वासो नैव कर्तव्यः स्त्रीषु राजकुलेषु च।" એમાં તો શંકાજ નથી કે માણસનું પતન થાય છે ખરૂં, પરંતુ આ ઉદાહરણ શું કોઈ સમગ્ર જાતિને માટે યોગ્ય છે? મને વધારે અનુભવ નથી કે હું આ વિષયમાં ખાત્રીપૂર્વક કહી શકું કે "સ્ત્રીઓ ઇચ્છે તો પોતાના સતીત્વના બળથી દુષ્કર્મી પુરુષોને દંડ દઇ શકે તેમ છે." તોપણ હું એટલું કહેવાને તો તૈયાર છું કે, જો કન્યાઓને કુસંસ્કારોની ગંધ સરખી પણ ના લાગે તો મોટા ભાગે તેઓ સાધ્વી અને સાચી પતિવ્રતાઓ બની શકે તેમ છે. કોઇ પણ ઉત્તમ કાર્યમાં જ્યારે માણસ લાગે છે ત્યારે પછી તો તેને પરમાત્મા પણ સહાય કરે છે. પતિવ્રતા સ્ત્રીઓની અનેક વાતો સાંભળવામાં આવે છે કે જેમાં એમ દર્શાવવામાં આવે છે કે, તેમના પતિવ્રત ધર્મના પ્રભાવથી અગ્નિ પણ ઠંડો પડી જતો. જેમકેઃ—

એક સમયે રાજા ભોજ પ્રજાની સ્થિતિ જાણવા માટે પોતાના રાજ્યમાં છુપે વેશે ફરતા હતા. એક જગાએ તેઓ જુએ છે તો એક સ્ત્રી પોતાના પતિની સેવામાં મગ્ન છે અને તેનો છોકરો પાસેનાજ અગ્નિકુંડમાં પડીને હસી રહ્યો છે. આ દૃશ્ય જોઇને રાજાને ભારે આશ્ચર્ય થયું. પ્રાતઃકાળે સભામાં જતાંજ રાજાએ પ્રશ્ન કર્યો કેઃ–" हुताशनश्चंदन पंकशीतलः '

અગ્નિ ચંદનના જેવો શીતળ કેમ થઈ ગયો હશે? જેટલા સભ્યો હાજર હતા તે બધા અવાક્ થઇ ગયા; કાળીદાસમાં અનુમાનશક્તિ વિશેષ હતી. તેમણે વિચાર્યું કે, પતિવ્રતાના ભયસિવાય અગ્નિ શીતળ ન થઇ જાય, એમ વિચારીને તેમણે જવાબ આપ્યો કેઃ–

"सुतं पतन्तं प्रसमीक्ष्य पावके न बोधयामास पतिव्रता सा।
तदासवत्तत् पतिभक्ति गौरवाद्धुताशनश्चंदन पंकशीतलः॥"

રાજા ભોજે જેવો જોયો હતો બરાબર તેવોજ ઉત્તર કાળીદાસે આપ્યો. એટલી હદ સુધી પતિવ્રતાનો યશ ફેલાયલો હતો કે કાલિદાસે અનુમાનથીજ ઉત્તર આપી દીધો. આ વ્રત જનસમાજની સમજણમાં તો અવશ્ય કઠિન માલમ પડે છે.

શું પ્રત્યેક સ્ત્રીને પણ આ વ્રત કઠિન માલમ પડે છે? શું પરમાત્માની સૃષ્ટિમાં કોઇ એવી પણ સ્ત્રી છે કે જે પોતાના પતિપ્રત્યે તિરસ્કારની દૃષ્ટિથી જુએ અને પરપુરુષમાં સ્નેહ રાખે? એકેક ઉદાહરણ સાંભળીને મારા ચિત્તમાં એ વિચાર આવ્યો કે, મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કે, પતિવ્રતા સ્ત્રીઓ ત્રણ પ્રકારની હોય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. તેમણે પ્રત્યેકનાં લક્ષણ પણ નીચે પ્રમાણે દર્શાવ્યાં છેઃ–

ઉત્તમ કે બસ અસ જીય માંહીં; સપનેહુ આન પુરુષ જગ નાહીં;
મધ્યમ પરપતિ દેખૈં કૈસે, ભ્રાતા પિતા, પુત્ર નિજ જૈસે.
નિજ કુલ લાજ સમુઝિ જો રહહીં, નારી નિકૃષ્ટ સત્ય કવિ કહહીં.

આ તો થઇ કથા. હવે વહેવારની વાત. મને જે કંઇ યાદ છે તે લખું છું. લોકો કહ્યા કરે છે કે, સ્ત્રીઓમાં આત્મિક બળ ઓછું હોય છે. ખાસ કરીને દુષ્ટ અને મૂર્ખ લોકોને મુખેથીજ આવી વાતો નીકળે છે, કે જેમણે વીર સ્ત્રીઓની વાતોજ સાંભળી નથી. તેઓજ સ્ત્રીઓનાં હૃદયને દુર્બળ દર્શાવે છે. શું એ વાત જૂઠી છે કે, લંકામાં વૈદેહીએ રાવણને કહ્યું હતું કેઃ–

"અધમ નિલજ લાજ નહીં તોહીં; સૂને હરિ આનેસિ શઠ મોહીં."

શું આ થોડા બળનું કામ છે, કે જ્યાં લાખો રાક્ષસ-રાક્ષસીઓ હાજર હોય ત્યાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાની સ્ત્રી આ પ્રમાણેનો ધૂત્કાર સંભળાવી શકે? ભલે કોઇ એમ કહે કે, એ તો જાનકીમાતા હતાં. તેમના જેવી સ્ત્રી હોવીજ મુશ્કેલ છે. પરંતુ હું એ માનવાને તૈયાર નથી. ભલે તેમાં મારી અજ્ઞાનતાજ ગણાય. હું તો કહીશ કે, પ્રત્યેક સ્ત્રી જાનકી થઇ શકે છે. એમાં તો શંકાજ નથી કે, સંસ્કારજ મનુષ્યને ઉચ્ચ યા તો નીચ બનાવે છે. માતા જાનકીજીના સંસ્કારો જનકજી જેવા પિતાજી પાસે રહીને એવાજ દૃઢ થયેલા હતા. દરરોજ તે સવાર, સાંજ અને દિવસની પ્રત્યેક ક્ષણે એક શુદ્ધ પવિત્ર અને ત્યાગી ઋષિના વ્યવહારને જોતાં હતાં અને એજ કારણે તેમના આત્મામાં એ જાતનું બળ આવી ગયું હતું. જ્યારે સંસ્કારના પ્રતાપે જનકનંદિનીનો સ્વભાવ આવો ઉત્કૃષ્ટ બની ગયો, તો શું કન્યાઓના સ્વભાવ પણ એવા બનાવવા પ્રયત્ન કરવામાં આવે તો ન બને? અને અમે પણ કંઇ કપૂર નથી કે ગરમીરૂપી દુષ્ટોને જોઇનેજ વરાળ થઇ ઉડી જઇએ. અમે મલાઇની બરફી પણ નથી કે દુષ્ટજનો અમને ખાઇ જાય; પરંતુ અમે તો પથ્થર છીએ, વજ્ર છીએ, અમે હિમાલય પર્વત છીએ, અમે દુષ્ટોને માટે તો દુર્ગાદેવીઓ છીએ. શી મગદૂર છે કે કોઇ દુષ્ટ અમારી સાથે દુર્વ્યવહાર કરે. હા, આજકાલની અવસ્થા જોઇને તો અવશ્ય આશ્ચર્ય થાય છે. પરંતુ માતાઓ અને બહેનો! ભલેને આપણે લેખિકાઓ થઇએ કે ભાષણો કરતાં શીખીએ, પરંતુ એ નિંદાઓ દૂર કરવી મુશ્કેલ છે. જ્યાંસુધી આપણે આપણી શક્તિઓની ઓળખાણ ન કરી લઇએ ત્યાંસુધી આપણું જીવન નિરર્થક છે. ખરેખર, આપણે આપણામાં રહેલી શક્તિઓનો સાક્ષાત્કાર કરીને અન્ય બહેનોને પણ તેમનામાં રહેલી શક્તિઓને જાગૃત કરવામાં મદદ કરવી જોઇએ, કે જેથી કોઈ પણ માણસ આપણા તરફ ઉંચી આંખ ન કરી શકે. આપણામાં ભારે શક્તિ છે. આપણે પણ કૈકેયીની પેઠે ચાલતા રથને રોકી શકીએ તેમ છીએ. કૌશલ્યાની પેઠે રામ જેવા પુત્રો ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ. રાજકુમારીની પેઠે અકબર જેવા મહારાજા પાસે હાથ જોડીને ક્ષમા મંગાવી શકીએ તેમ છીએ. તાત્પર્ય કે, આપણે આપણા બળથી એ દેવીઓની પેઠેજ સર્વ કાંઈ કરી શકીએ તેમ છીએ.

હાલમાં આપણું બહુ પતન થયેલું છે, તેમાંથી જાગ્રત થવું જોઇએ. હવે વધુ ઘોર નિદ્રામાં પડી રહેવાની જરૂર નથી. આપણે બહુ "અબળા" બની ગઇ છીએ. હવે તો આપણે "સબળા" બનવું જોઈએ અને પુનઃ પ્રાચીનકાળની દેવીઓના જેવી થવાનો પ્રયત્ન કરવો જોઇએ. આપણે એજ પ્રાચીન માતાઓની પુત્રીઓ છીએ કે જેમનાં નામ-કામ આજપર્યંત પ્રસિદ્ધ છે. જાગો, જાગો! ઓ બહેનો! હવે અબળા રહેવાનો સમય ચાલ્યો ગયો છે. નિર્બળોને માટે આ જગતમાં હવે સ્થાનજ રહ્યું નથી. બહેનો! હવે તો શક્તિના અવતારસમી રણચંડીઓ બનવાની અને પ્રેમ-શૌર્યની સાક્ષાત્ પ્રતિમાઓ બનવાની ઘડી આવી પહોંચી છે. જાગો, જાગો ઓ બહેનો! અવશ્ય જાગ્રત થાઓ!!

"જાગ્યા વિના કદિ ભારતલલના, ભારત કદિએ જાગશે ના, જાગશે ના."

("સ્ત્રીધર્મશિક્ષક" ઉપરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩–મુક્તિમાર્ગના મહાજનો

(દેશને માટે પ્રાણ આપનાર, દેશહિતને માટે જીવન કુરબાન કરનાર, સતત યત્નશીલ રહેનાર બે વીરપુંગવોનાં જીવન)

૧–રોમ નગરની અમૂલ્ય સંપત્તિ–એક જુવાન

રોમના ઇતિહાસમાં આ એક ઘટનાનો ઉલ્લેખ છે. એક સમયે રોમમાં ભારે તોફાન થયું. દિશાઓ વાદળાંઓથી છવાઇ ગઇ, પ્રચંડ પવન વાવા લાગ્યો, કાન ફાટી નાખે તેવા મેઘગર્જનાના કડાકા સંભળાવા લાગ્યા, પ્રકૃતિએ ભીષણ રૂપ ધારણ કર્યું, વિદ્યુતના ચમકારા થવા લાગ્યા, ભારે અવાજ થતામાં જમીનમાં એક મોટી ફાટ પડી અને મોટો ખાડો જણાયો. નાગરિકો આ બનાવથી એટલે કે દૈવી પ્રકોપથી ગભરાટમાં પડયા. કેટલાકોએ સૂચના કરી કે, આ દૈવી કોપને શાંત કરવા માટે શા શા ઉપાય યોજવા જરૂરના છે, તે આપણે આપણા ધર્મયાજક અને ભવિષ્ય-ગણકને પૂછીએ. આવો નિર્ધાર કરી તેઓ સર્વ ધર્માધ્યક્ષ પાસે ગયા. તેણે ગણતરી કરીને નાગરિકોને કહ્યું કે "હે રોમ નગરના સજ્જનો ! તમો જે વસ્તુને અતિમૂલ્યવાન અને વહાલામાં વહાલી ગણો છો, તેને એ ખાડામાં હોમશો એટલે તે આપોઆપ પૂરાઇ જશે. રોમના નાગરિકો પાસેથી ભારેમાં ભારે બલિદાન દેવવર્ગ માગે છે."

પછી સૌએ સુવર્ણના ઢગ એ ખાડામાં નાખવા માંડયા; પણ ખાડો પૂરાયો નહિ. અમૂલ્ય અલંકાર એમાં હોમી દીધા, પણ ખાડો હતો તેવો ને તેવોજ ઉંડો રહ્યો. બહુમૂલ્યવાન રત્નરાશિ એમાં ઠાલવી દીધો; છતાં ખાડો પૂરાય શાનો? હવે નાગરિકો વિમાસણમાં પડયા. શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા.

એટલામાં એક નવયુવક ત્યાં આવી પહોંચ્યો; તેની આંખોમાં અપૂર્વ તેજ હતું; મુખપર આહ્લાદની છટા નાચતી હતી; તેનો અશ્વ થનગન કરતો નાચતો હતો. ઘોડો થોભાવી ત્યાં એકત્ર થયેલા મનુષ્યોને તેણે હાસ્યયુક્ત મધુર સ્વરે પૂછયું:–

"આપ બધા અહીં શા માટે એકઠા થયા છો? આપ સર્વ શાની વિમાસણમાં પડયા છો?"

એક વૃદ્ધ પુરુષે પ્રત્યુત્તર આપ્યો "હે યુવક! આપણી રોમ નગરીપર આજે દૈવનો પ્રકોપ ઉતર્યો છે. તે કોપને નિવારવા માટે રોમના નાગરિકો અહીં એકઠા થયા છે અને પોતાની મૂલ્ય-વાનમાં મૂલ્યવાન વસ્તુઓનો ભોગ આપે છે કે જે વડે આ ખાડો પૂરાઇ જાય."

તે યુવકે સ્મિત હાસ્યથી જવાબ આપ્યો કે "અલંકારો એ કાંઇ રોમના નાગરિકોની આદરની વસ્તુ નથી; અઢળક ધન કે રત્નરાશિ એ કાંઇ રોમની ખરેખરી સમૃદ્ધિ નથી; રોમનું વહાલું ધન, રોમની આદરની વસ્તુ, રોમની પ્રિયતમ અને મૂલ્યવાન સામગ્રી તેના યુવકો છે."

એટલું બોલી તે યુવક પોતાના થનગનતા અશ્વસહિત તે ખાડામાં કૂદી પડયો ને કહેવાય છે કે તરતજ તે ખાડો પૂરાઇ ગયો.

યુવાવસ્થા ખરેખર લોકોત્તર વસ્તુ છે. મદાંધ માતંગની માફક નિરંકુશ, શૌણભદ્રની માફક દુર્ધર્ષ, પ્રબળ કામના પ્રબળ પ્રભંજનની માફક પ્રચંડ, નવવસંતની પ્રથમ મલ્લિકા કળિની માફક કોમળ, ભૈરવીની સંગીતલહરિની માફક મનોહર, જ્વાળામુખી માફક ઉચ્છૃંખલ એવી યુવાવસ્થા છે. દેશહિતને માટે ઝટવું, દેશના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેવું, મુક્તિના મેદાનમાં વીરની માફક ઘૂમવું, જનની જન્મભૂમિ માટે આત્મોત્સર્ગ કરતાં પણ પાછા ન હઠવું, એ યુવકોનેજ સાધ્ય છે. યુવકોજ સ્વદેશનું કલ્યાણ સાધી, મુક્તિમાર્ગે અન્યને પ્રેરશે. હે ગુજરાતના વીર યુવકો! જાગો, દેશમાં વ્યાપેલી નવચેતનાને ઉત્સાહથી વધાવી મુક્તિમાર્ગે વળો. જુઓ, અન્ય દેશનાં સંતાનોએ માતૃભૂમિ માટે શાં શાં બલિદાન આપ્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨-સ્ટૈન્કા રાજીન-ઝારશાહીનો પ્રથમ શત્રુ

નરકેસરી સ્ટૈન્કા રાજીનના જીવનના પ્રારંભના બનાવો કાળના અનંત ગર્ભમાં લુપ્ત થયા છે. એનો જન્મ ક્યાં થયો, તેનાં માતપિતા કોણ હતાં, કેવાં હતાં, એ નિશ્ચયથી કહેવું ઘણું કઠિન છે. રૂશિયાના ઇતિહાસનાં પાનાંમાં તેની ઉજ્જવળ બાળલીલાનો વૃત્તાંત મળતો નથી. એ ઉન્નતિશીલ પરાક્રમી વીરના ઉદાર ચરિતને રૂશિયાના રાષ્ટ્રીય જીવન સાથે લેશ પણ સંપર્ક નથી; એમ દર્શાવવાને ભગીરથ પ્રયત્નો કરવામાં આવ્યા છે. પ્રલોભનના ગુલામ પક્ષપાતી લેખકોએ, એ પ્રજાહિતૈષી નરના આદર્શ ચરિત્રને સુવર્ણાક્ષરે લખવાને બદલે કાળું અને કલંકિત ચીતર્યું છે. શક્તિશાળીની પ્રસન્નતા મેળવવાને માટે આ આદર્શ વીરના આદર્શ ચરિત્રપર કાદવ નાખવામાં આવ્યો છે, અને તેને કલુષિત આંકવામાં કંઇ મણા રાખવામાં આવી નથી. આપણે ત્યાં પણ આપણા ઇતિહાસનાં પાનાં, વિદેશીઓને હાથે કે તેમની કૃપાપર ટુકડા ખાનારને હાથે શું કલંકિત થયાં નથી? મહાન રાષ્ટ્રસંસ્થાપક શિવાજીને લૂંટારો, ડુંગરી ઉંદરડો કે ન્યાયશીલ અને પ્રજાપ્રિય મીર કાસિમને બંડખોર કહેનાર ઇતિહાસકારોનો શું આપણે અહીં પણ ટોટો છે?

રૂશિયન વિદ્યાર્થી પોતાના દેશના ઇતિહાસનું અધ્યયન કરતા જ્યારે રોમેનોફ વંશના ઝાર એલેકઝીસના રાજત્વકાળ સુધી આવી પહોંચે છે, ત્યારે ઇ. સ. ૧૬૪૫ થી ૧૬૭૬ માં દેશમાં ભારે બંડ થયાં હતાં, એમ તેને જણાય છે. એ બંડખોર ટોળી કે દળનો નાયક એક નાસ્તિક લૂંટારો સ્ટેનીકિન રાજીન હતો, એમ ઇતિહાસમાં જણાવવામાં આવે છે. આ સ્ટેનીકિનનું ઘૃણા-સૂચક નામ સ્ટૈન્કા હતું. એના હાથ નીચે લૂંટારૂઓની એક મોટી ટુકડી હતી. એ ટોળીની મદદથી સ્ટૈન્કા નિરપરાધી લોકો પર અત્યાચાર કરતો હતો. વસ્તીવાળાં ગામપર છાપો મારી, લૂંટી લઇ તેને ઉજ્જડ કરતો હતો. ચુપકીદીથી છુપાઇને તે ગામપર ચઢી જઇ લૂંટફાટ કરતો હતો. આખરે એને પકડવામાં આવ્યો અને તેને કઠોર શિક્ષા ફરમાવવામાં આવી. જ્યારે એને એનાં કર્મોની પૂરેપૂરી સજા મળી ગઇ ત્યારે તેને જીવતાં તેના શરીરના ટુકડેટુકડા કરી મોસ્કોમાં મારી નાખવામાં આવ્યો. અને મુખ્ય દેવળમાંથી ધર્માધ્યક્ષે એવી ઘોષણા કરી કે તે નાસ્તિક, ધર્મદ્રોહી અને દેશદ્રોહી પાપી પુરુષ હતો. આજ પણ એનું નામ લેતાં રૂશિયનોનાં હૃદય ભયથી કંપી ઉઠે છે.

આ પ્રમાણે સ્ટૈન્કાનું સંક્ષિપ્ત જીવનચરિત્ર રૂશિયન બાળકોને શાળામાં શીખવવામાં આવતું હતું, અને તેની સાથે એવો પણ યત્ન કરવામાં આવતો હતો કે, સ્ટૈન્કા પ્રતિ બાળકોનાં મનમાં ઘૃણા ઉત્પન્ન થાય; પણ એમ એક પવિત્ર વ્યક્તિને કાલિમા લગાડવા જતાં એવા લોકોના હૃદય-ની મલિનતા તેમાં સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. સૂર્યની સામે ધૂળ ફેંકવા જનારને પહેલાં તો પોતાના હાથ મેલા કરવા પડે છે, એટલુંજ નહિ પણ એ ધૂળ પાછી તેનાજ મોં પર આવી પડે છે અને તેનીજ આંખો એ ધૂળથી પૂરાય છે. એક માણસ સૂર્યની સામે ધૂળ ઉરાડે તો તેથી કાંઈ સૂર્ય ઢંકાતો નથી; તેમ સ્ટૈન્કાના પવિત્ર જીવનપર સ્વાર્થી લેખકોએ ગમે તેવાં કલંકો લગાડવા છતાં સત્ય વાતને તેઓ છુપાવી કે દબાવી શક્યા નથી.

સ્ટૈન્કા એક એવો અદ્ભુત કર્મવીર હતો કે એના જીવનની પ્રત્યેક ઘટના જાતીય જીવનની અમૂલ્ય સંપત્તિ છે. એને બંડખોર, લૂંટારો કે દેશદ્રોહી કહેવો એ સત્યને અસત્ય કે મિથ્યાપ્રલાપ કહેવા સમાન છે. રૂશિયાનાં સર્વ બાળકો એના નામનો ઉચ્ચાર કરતાં હતાં. એથી વધારે એની લોકપ્રિયતાનું બીજું ઉદાહરણ શું જોઇએ? એના સમયમાં જનતા એને દેવદૂત માનતી હતી. રૂશિ-યાના રાષ્ટ્રીય સંગીતમાં અને દેશનાં ભજનોમાં એના ગુણ ગવાતા હતા. નોકરશાહીએ કરોડો પ્રયત્ન કર્યા, પણ સ્ટૈન્કાનું નામ લોકોના હૃદયમાં કોતરાયું હતું તે રંજમાત્ર પણ ભૂંસી નાખી શકાયું નહિ. સ્વેચ્છાચારિણી ઝારશાહી વિરુદ્ધ સામુહિક વિદ્રોહનો પ્રથમ ઝુંડો ઉઠાવનાર વીર કોઝાક સ્ટૈન્કાજ હતો. એ એના બાહુબળનાં પરાક્રમ હતાં. એ વીરના એક હુંકારમાત્રથી રોમેનોફ વંશનું રાજ્યસિંહાસન ડગમગી ઉઠયું. આવા એક વીરપુંગવને બંડખોર, લૂંટારો કહી તેના ચરિત્રને કાલિમા લગાડનાર લેખકોએ વાસ્તવિક રીતે તો પોતાનાં મુખનેજ કાળાં કર્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવ્યું તેમ સ્ટેન્કા રાઝીનના બાલ્યકાળની બીનાઓ ઉપલબ્ધ નથી. તેનો જન્મ ઉચ્ચ કોઝાક વંશમાં થયો હતો. તે ધર્મિષ્ટ અને દયાળુ સ્વભાવનો હતો. પ્રાર્થના માટે તે નિયમિત રીતે દેવળમાં જતો હતો. એક વીર દેશભક્તમાં જે ગુણો હોવા જોઇએ તે સર્વ ગુણો અને લક્ષણો તેનામાં હતાં. અત્યાચારી અને પ્રજાપીડક નોકરશાહી અમલદારો તેનામાં યમનો સાક્ષાત અવતાર જોતા હતા; પરંતુ દીન અને દુઃખીજનો તો તેને દયાનો અવતાર માનતા હતા. એમ કહેવાય છે કે, ઇ. સ. ૧૬૬૧ માં કેકડેકાણે ધર્મમંદિર બંધાવતાં લોકોએ તેને જોયો હતો. આ સિવાય જખ્મી માણસો અને દર્દીઓને માટે તેણે સેંકડો ઇસ્પિતાલો બંધાવી હતી. આવા ઉદાર અને પ્રજાહિતૈષીને ચોર અને લૂંટારો કહેવો, એ મિથ્યા પ્રલાપ નહિ તો બીજું શું ?

ઇ. સ. ૧૬૬૧ ની પૂર્વેનું સ્ટેનકાનું જીવન વિગતવાર જણાતું નથી. તે સમયે તેનું જીવન દેવાલય, ધર્મશાળા, ઇસ્પતાલ અને વિશ્રાંતિભવન બંધાવવામાં વ્યતીત થતું હતું. એના જીવનનો ઉપકાલ આમ પરોપકારનાં કાર્યોમાંજ જતો હતો, એમ સ્પષ્ટ જણાય છે. આ સમયે રૂશિયામાં *સર્ફોને મુક્ત કરવા માટે (કુલીપ્રથા નષ્ટ કરવા માટે) ચળવળ શરૂ થઇ. આ સોળમી શતાબ્દિનો મધ્યકાળ હતો. રૂશિયામાં સર્ફ-ખેડુ-કુલીપ્રથાને લીધે પ્રજા દિવસે દિવસે અત્યાચારનો ભોગ થઇ પડતી હતી. કુલીઓના માલિક તેમનાપર જાતજાતનો ત્રાસ વર્તાવતા હતા. કુલીસ્વામીઓની ઉચ્છૃંખલ વૃત્તિથી જનતા ગભરાટમાં પડી હતી. આવી સ્થિતિમાં જે થવું જોઇએ તે થયું. દિનપ્રતિદિન વધતા જતા અત્યાચારની પીડા એટલી હદે પહોંચી કે, પ્રજાની સહનશીલતાની સીમા ઉલ્લંઘન કરી ગઇ. કુલીપ્રથા વિરુદ્ધની ચળવળની લહર દેશમાં ઉઠી અને એ લહર ભીષણ તોફાનમાં પરિણામ પામી.

રૂશિયામાં આ વખતે એક બીજું આન્દોલન પણ ચાલુ હતું. આ આન્દોલન એટલા માટે અસ્તિત્વમાં આવ્યું હતું કે જેથી રૂશિયામાં તે વખતે પ્રચલિત ધર્મ અને ધર્મમંદિરના કાનુનમાં ફેરફાર થાય. આ ચળવળ ત્યાંના પાદરીવર્ગે ઉભી કરી હતી, અને તેમાં તેમનો એક પ્રકારનો સ્વાર્થ હતો. સાધારણ જનતા આ ચળવળની વિરુદ્ધ હતી. પાદરીઓનો પોકાર અને બળ જબરૂં હતું, એટલે લોકોનો અવાજ દબાઇ જતો અને તેમનું કોઇ સાંભળતું નહિ. આખરે પાદરીવર્ગ એ કાનુનોમાં ફેરફાર કરાવવામાં ફતેહમંદ નિવડયો. પેટ્રીઆર્ક નીકને તો અન્ય નિયમોમાં પણ થોડો થોડો ફેરફાર કરાવી નાખ્યો. આ ફેરફાર કરેલા નિયમો છપાવી સ્થાયી કરવામાં આવ્યા. લોકો તેનો અનાદર ન કરે અને તેનું યથાર્થ પાલન કરે તે માટે પાદરીવર્ગે રાજ્યશક્તિનો આશ્રય માગ્યો. ઝાર એલેકઝીસને પ્રાર્થના કરવામાં આવી કે, એ નિયમોના પ્રચાર અને પાલનને માટે રાજ્ય તરફથી ઘોષણા કરવામાં આવે. ઝારે શાહી ફરમાન કાઢયું કે, જે કોઇ માણસ આ નવીન સંશોધિત નિયમોને નહિ માને કે તેનો ભંગ કરશે તેને ધર્મમંદિરમાંથી બહિષ્કૃત કરવામાં આવશે. પ્રજામાં અસંતોષ તો હતોજ તેમાં ઝારના ફરમાને અગ્નિમાં ઘૃતાહુતિનું કામ કર્યું

વળી ના. પોપને† પણ આ ફેરફાર રુચિકર ન હતા. ના. પોપ અવેકુમના નેતૃત્વ નીચે પ્રજાના એક મોટા પક્ષે એ નિયમો સ્વીકારવાને ના પાડી. જે લોકોએ આ નિયમોનો અસ્વીકાર કર્યો તેઓ રાસ્કોલિનીકી એટલે કે અપરિવર્તનવાદી કે પુરાણા મતના નામે ઓળખાવા લાગ્યા. રાસ્કોલિનીકી પક્ષનું કહેવું એવું હતું કે, જેમ આપણા વેદમાં કે કુરાનમાં વધારો, ઘટાડો કે ફેરફાર થઇ શકે નહિ તે પ્રમાણે પ્રચલિત ધર્મ જે જૂનો હતો તેની અમુક ક્રિયામાં ફેરફાર કે વધારો થઇ શકે નહિ.

ગમે તેમ પણ પ્રજાએ અત્યાર સુધીમાં ઘણું ઘણું સહન કર્યું હતું અને હવે એથી વિશેષ સહન કરવા તૈયાર ન હતી. અત્યાચારથી સંતપ્ત અને પદદલિત પ્રજા ઉત્તેજનામાં આવી જાગૃત બની; ઉપરની ઘટનાએ આગમાં પવન ફુંકવાનું કામ કર્યું. રાખ હતી તે ઉડી ગઇ; કોયલા સળગી ઉઠયા;

* સર્ફ-ગુલામ-કુલી. † પોપ-રોમન કેથોલિક સંપ્રદાયનો વરિષ્ઠ ધર્માધ્યક્ષ. આપણે ત્યાંના શ્રી. શંકરાચાર્યના જેવો ધર્મગુરુ; પણ સંપત્તિ અને સત્તા તેનાં વિશેષ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્ર ક્રાન્તિની આગ ભભૂકી ઉઠી. પ્રજાજનોમાં નવચેતના વ્યાપી ગઇ; સઘળામાં ઉત્સાહ અને સાહસ જણાતાં હતાં; અને ઘણાક જણ તો નિર્ભયતાની મૂર્તિજ હતા. ભય શુ છે, તે તેઓ જાણતા ન હતા. સ્વતંત્રતાની વેદીપર આત્મબલિદાન આપવાને તેઓ વ્યાકુળ થઇ ઉઠયા. સર્વ સામગ્રી તૈયાર હતી, પણ યોગ્ય નેતાનો અભાવ હતો. આથી એમ જણાતું હતું કે, પ્રજાજનોનું સાહસ, તેમની નિડરતા, આત્મત્યાગની ઉત્કૃષ્ટ અભિલાષા, એ સર્વ વ્યર્થ જશે; પરંતુ રૂશિયાના સૌભાગ્યે સમય અને પરિસ્થિતિએ જનતાને સહાય આપી. સમુદ્રમંથન શરૂ થયું, પ્રચંડ મોજાં ઉછળવા લાગ્યાં અને એમાંથી એક વ્યક્તિ બહાર આવતી દૃષ્ટિએ પડી. પૂર્વે એને થોડાક જણ ઓળખતા હતા. આ વ્યક્તિ એક કોઝાક વીર હતો. એની વિશાળ ભુજા, પ્રશસ્ત છાતી, ઉન્નત અને તેજસ્વી લલાટ તથા ગરુડ જેવી આંખો જોઇ સર્વ જણ એને શિર નમાવવા લાગ્યા. લોકોનાં ટોળેટોળાં એના વાવટાની સુખકર છાયામાં એકઠાં થવા લાગ્યાં. ક્રાન્તિકારી પક્ષોનું વિશાળ સામુહિક સંગઠન રૂશિયાના ઇતિહાસમાં આ પ્રથમજ હતું.

સ્ટૈન્કાની વાણીનો પ્રભાવ એવો હતો કે, લોકો એના સંકેતપર મરવાને માટે તૈયાર થઇ જતા. એના ચહેરાનો પ્રભાવ એવો વિલક્ષણ હતો કે, લોકો મુગ્ધ બની તેના પ્રત્યે આકર્ષાઇ તેની આજ્ઞા પાળતા. સ્ટૈન્કાએ એક ભાષણ કર્યું. તે ભાષણમાં તેણે સ્પષ્ટ રીતે કહ્યું કે

"પ્રજાજનોમાં ઉચ્ચ-નીચના ભેદને હું માનતો નથી. ઝારશાહી અને કુલીપ્રથા તોડવાને તથા જે પ્રજાતંત્રમાં સર્વને સમાન હક્ક છે, તેવું પ્રજાતંત્ર સ્થાપવા માટે ઘોર સંગ્રામ કરવો પડશે. મારા શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી મારી આ પ્રતિજ્ઞાનું હું યથાર્થ પાલન કરીશ."

સ્ટૈન્કાના આ ઢંઢેરાથી લોકોનો તેના પ્રતિ ચાહ વધ્યો. એના આચારવિચાર અને વ્યવહારથી લોકો એટલા બધા મુગ્ધ થઇ ગયા કે, લોકો તેને 'પિતા' તરીકે સંબોધવા લાગ્યા. પિતાનું પદ આપીને પણ લોકોને સંતોષ ન થયો. જાણે લૌકિક પિતાનું પદ તેને માટે પર્યાપ્ત ન હોય તેમ તેને માટે બીજી મોટી ઉપાધિ શોધવા લાગ્યા. આખરે લોકોએ તેને પરમ કૃપાળુ મહાન પિતાનું-ઇશ્વરથી ઉતરતું પદ આપ્યું. લોકોએ હવે તેને 'લઘુ પિતા' કહી પોતાના હૃદયનો ભાવ પૂરો કર્યો.

સ્ટૈન્કાએ એક પાયદળ સૈન્ય ઉભું કર્યું. આટલું કરીને તે બેસી રહ્યો નહિ. મુલ્કી સૈન્ય ઉપરાંત, જળમાર્ગે જઇ બીજાં સ્થાનોપર વિજય પ્રાપ્ત કરવા માટે તેણે નાનાંમોટાં વહાણ એકઠાં કરી એક નૌકા-સૈન્ય પણ તૈયાર કરી દીધું. જે સ્થાનપર જઇ તે વિજય મેળવતો ત્યાંના લોકો પાસેથી તે રાજકીય કર ઉઘરાવતો હતો. ઇ. સ. ૧૬૬૮ માં સ્ટૈન્કાએ પોતાનાં સર્વ વહાણ વોલ્ગા નદીના વક્ષસ્થળપર છોડી મૂકયાં. તેની ધ્વજાઓ પવનમાં ફરફરવા લાગી. જીરીંત્સી અને યેટ્સના પ્રસિદ્ધ કિલ્લા તેણે હસ્તગત કર્યા.

સ્ટૈન્કાનો આ પ્રમાણે વિજય થતો જોઇ લોકોની શ્રદ્ધા તેના પ્રતિ દૃઢ થવા લાગી, લોકો તેને અજેય સમજવા લાગ્યા અને તેની સેનામાં પણ દિવસે દિવસે વધારો થવા લાગ્યો. સ્ટૈન્કાની કળા દિવસે દિવસે ચઢતી જતી જોઇ ઝારનું સિંહાસન ડગમગવા લાગ્યું. તેની શક્તિથી ઝાર પણ ભયભીત બન્યો. આણી તરફ સ્ટૈન્કા વિજયપર વિજય મેળવાવા લાગ્યો. ઝારશાહી ગભરાવા માંડી. તેણે પ્રથમ એક યુક્તિ વાપરી સ્ટૈન્કાને એક કહેણ મોકલ્યું. એનો આશય એવો હતો કે, જો સ્ટૈન્કા પોતાની રાજીખુશીથી ઝારની સત્તાનો સ્વીકાર કરે અને આક્રમણ કરવાં છોડી દે તો તેને ક્ષમા આપવામાં આવશે. ઝારની આ માગણી સ્ટૈન્કાએ સ્વીકારી નહિ. પોતાની માગણીનો આ પ્રમાણે અનાદર થતો જોઈ ઝારને ક્રોધ ચઢયો. રૂશિયાના સમ્રાટે તેને કહેણ મોકલવું-રાજસત્તાએ કહેણ મોકલવું એ અનુચિત હતું; છતાં જ્યારે ઝારના કહેણને એણે ઠોકરે માર્યું, ત્યારે તેનું એ કાર્ય રાજ્યસત્તાનું અને ઝારનું ઘોર અપમાન કરવા સમાન હતું. ઝારે હવે સ્ટૈન્કાના સૈન્યની સામે રાજ-સૈન્ય મોકલવાનું નક્કી કર્યું અને સ્ટૈન્કાની સામે લડવા અસ્ત્રાખાનથી સૈન્ય રવાના કર્યું.

બંને સેનાઓ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. વિજયકીર્તિ સ્ટૈન્કાની અંકશાયિની થઇ. ઝારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેનાને સખ્ત હાર ખાવી પડી અને રણક્ષેત્રમાંથી પલાયન કરી ગઇ. ઝારનો ભય અને શંકા વાસ્તવિક હતાં. પોતાના સૈન્યનો પરાભવ થયો જાણી ઝારના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે છંછેડાયલા સાપની માફક ફુંફાડા નાખવા લાગ્યો. આણી તરફ સ્ટેન્કાએ ઉત્સાહમાં આવી પોતાના કાફલાને કાસ્પિયન સમુદ્રમાં છોડી મૂક્યો. પોતાના કાફલાની મદદથી દરબંદથી બાકુ સુધીનો પ્રદેશ તેણે સર કર્યો. આ કહેવાતા વિદ્રોહી વીરનો ઇરાનને ભય લાગ્યો. ઇ. સ. ૧૬૧૯ માં ઇરાનની સરકારે એક નાનું નૌકાસૈન્ય મોકલ્યું. બન્ને સૈન્યનો મુકાબલો થતાંની વાર ઇરાની કાફલાને પલાયમાન થવું પડ્યું. સમુદ્રપર પોતાની વિજયપતાકા ફરફરાવતો સ્ટેન્કા કેટલાક સમય પછી પાછો અસ્ત્રાખાનમાં આવ્યો.

આ પ્રમાણે રશિયાની દક્ષિણનો અને પૂર્વ તરફનો પ્રદેશ સ્ટેન્કા પોતાના સૈન્યને લઇ ડોનકોઝાક પ્રદેશ ભણી વળ્યો. અહીં તેને બીજા કોઝાક વીર સાથે મેળાપ થયો. આ નરવીરનું નામ વાસ્કલ હતું. રશિયાના મધ્યભાગમાં આ વીરે પણ ભારે વિજય મેળવ્યો હતો. તુલા અને વોરોનેજ પ્રાંતમાં એણે લૂંટફાટ કરી હતી. આ બંને વીરના જોડાણથી સ્ટેન્કાની શક્તિ અને સામર્થ્ય વધ્યાં. આ અવસરે સ્ટેન્કાને બે વખત ઝારશાહી સેના સાથે યુદ્ધ કરવું પડ્યું અને બંને વખતે ફતેહ મળી. જ્યારે સ્ટેન્કા આમ આગળ વધતો જતો હતો ત્યારે અસ્ત્રાખાનના હાકેમ પ્રોજોરોવસ્કી અસ્ત્રાખાનની કિલ્લેબંદી કરવા લાગ્યો હતો. આ કાર્યમાં સહાયતાને માટે બે અંગ્રેજ ઑફિસરો અને કેટલાક આયરિશ ઑફિસરોને તેણે તેડ્યા હતા. કિલ્લેબંદી સારી રીતે કરાવવામાં આવી, નબળા ભાગને મરામત કરી દૃઢ બનાવ્યા, અસ્ત્રશસ્ત્ર છૂટથી વહેંચાયાં અને સુસજ્જિત થઇને આક્રમણ કરવા માટે એક લડાયક જહાજ પણ તૈયાર કરાવવામાં આવ્યું.

આગળ વધતાં સ્ટેન્કાને કાને પણ એ તૈયારીના સમાચાર આવ્યા. તેણે આગળ કૂચ કરવાનું મોકૂફ રાખ્યું અને અસ્ત્રાખાનના ગવર્નરને પોતાના હાથનો સપાટો દેખાડવાનો નિશ્ચય કર્યો. સૈનિકો પણ હર્ષથી ત્યાં જવા અધીરા બની ગયા. ઇ. સ. ૧૬૭૦ના જૂન માસમાં સ્ટેન્કાની સેના અસ્ત્રાખાન તરફ વળી. હાકેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે એટલી જલદીથી સ્ટેન્કા આવી પહોંચશે. એથી સ્ટેન્કાના આવાગમનના સમાચાર મળતાંજ ગવર્નરનાં તો મોતિયાં મરી ગયાં, સૈન્યમાં ખળભળાટ થઈ રહ્યો. ગમે તેમ પણ આ વખતે ગવર્નરે સારી તૈયારી કરી હતી; એટલે સ્ટેન્કાની સામે થવામાં એક પ્રકારની હિંમત હતી, પણ જ્યાં સ્ટેન્કાના સૈન્યે આક્રમણ કર્યું કે તેની બધીયે તૈયારી ધૂળમાં મળી ગઈ. એ કિલ્લો સ્ટેન્કાના કબજામાં આવ્યો. પ્રોજોરોવસ્કી અને તેનો કુમાર યુદ્ધમાં મરણ પામ્યા.

અસ્ત્રાખાન પર બીજી વાર વિજય મેળવી સ્ટેન્કાએ ત્યાં પ્રજાતંત્રનાં બી રોપ્યાં. પ્રજાતંત્રની ઘોષણા કરતાં તેણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, પ્રજાના હક્કની રક્ષા કરવામાં પ્રથમ ધ્યાન આપવામાં આવશે. પ્રજાસંબંધી સર્વ કાર્ય લોકોના હાથમાં રહેશે. નાના મોટા અધિકારીઓની ચુંટણી પ્રજાજનોજ કરશે અને તેમને પદચ્યુત કરવાનો અધિકાર પણ તેમના હાથમાં રહેશે. નાનામાં નાનું કાર્ય સાધારણ જનસભાની સંમતિ વિના કરવામાં નહિ આવે. પ્રજાજનોની જે સભાને આ અધિકાર હતો તેનું નામ 'ક્યાલ્સા' હતું. ઘણા નાગરિકો એ સભાના સભ્યો હતા અને ચુંટણીનું કાર્ય તેમના હાથમાં હતું. આ સભાની વિશિષ્ટતા એ હતી કે, કોઈ પણ નાગરિક એ સભાનો સભ્ય થઈ શકતો હતો અને પ્રત્યેક સભાસદને મત આપવાનો અધિકાર રહેતો.

અસ્ત્રાખાનની યોગ્ય વ્યવસ્થા કર્યા પછી સ્ટેન્કાએ પોતાનું લક્ષ્ય મોસ્કો ભણી ફેરવ્યું. વાટમાં તેણે સમારા અને સારાટોફ જેવાં નગરો હસ્તગત કર્યાં. સ્ટેન્કાનો સિતારો હમણાં બુલંદ હતો; તે મધ્યાકાશમાં ચમકતો હતો. જે કાર્યમાં તે હાથ નાખતો હતો તેમાં તેનો પાસો સીધો પડતો હતો. તે નિડરતાથી અવ્યાહત ગતિપૂર્વક આગળ વધતો હતો, પણ માર્ગમાં કંઇ અવરોધ આવવાથી તેને અટકવું પડ્યું.

સ્ટેન્કાની હિલચાલપર ઝારનાં માણસો બારીક નજર રાખતાં હતાં. પ્રિન્સ બૅરિયાટિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્સ્કીને સ્ટેન્કાની હિલચાલની ખબર પડી. તે એક વિશાળ સેના લઇ સિમ્બીરસ્કી નામના નગરમાં માર્ગ રોકી બેઠો હતો અને સ્ટેન્કાની માર્ગપ્રતીક્ષા કરતો હતો. જે જોમથી સ્ટેન્કા શત્રુસૈન્યની સામે થતો હતો તે જોમથી તેણે હલ્લો કર્યો; પણ કહેવત છે કે 'સમય બડો બલવાન હૈ નહીં પુરુષ બલવાન' તે પ્રમાણે અત્યાર સુધી વિજયને વરનાર વીર સ્ટેન્કાને નવયુવક પ્રિન્સની સેનાએ હાર આપી. એક વાર નહિ, પણ બે વાર સ્ટેન્કાના સૈન્યને પાછું હઠવું પડ્યું. પ્રિન્સની સુસજ્જિત વિશાળ સેનાને ભેદી આગળ વધવું અસંભવિત જોઈ સ્ટેન્કાએ વોલ્ગા નદીના માર્ગે કૂચ કરી.

આ સમયે વોલ્ગા ઓકા અને દવીના આદિ શહેરોમાં ક્રાન્તિની આગ ફેલાઇ હતી. લોકોને નોકરશાહી તરફ એવી તો નફરત થઇ ગઇ હતી કે તેઓ તેનું મોં સુદ્ધાં જોવા ઇચ્છતા ન હતા. મોટા અધિકારીઓ, જમીનદારો અને શાસકો, જેઓએ પ્રજાપીડનના કાર્યમાં કમીપણું દેખાડ્યું ન હતું તે સર્વ જનતાના વધતા જતા ભીષણ ક્રોધાગ્નિમાં ભસ્મીભૂત થતા હતા. આ ક્રાંતિએ એવું તો ભયાવહ રૂપ ધારણ કર્યું હતું કે શું થશે અને શું નહિ, તેની લોકોને કલ્પના પણ ન હતી. સૌના પ્રાણ પડીકે બંધાયા હતા.

જ્યારે દેશના આ ભાગમાં આવી સ્થિતિ હતી ત્યારે સ્ટેન્કાની ભાગ્યદશા ફરવા લાગી. તેની ઉલટી ગ્રહદશા બેઠી. બે સ્થળે તેને હાર ખાવી પડી. વિજય અને લક્ષ્મી સદાકાળ કોઈનાં થયાં નથી અને થતાં નથી. આકાશના રંગની માફક માણસની દશાના રંગ પલટાય છે. કવિ વાસ્તવિક કહે છે કેઃ—

લંક લહી દિન એક નિશાચર સીત હરી દિન ઐસો હી આયો,
એક દિન પાંડવ ગયે બન અરુ એક દિન શિર છત્ર ધરાયો.

આ સમયે એક પાદરીએ દેવળમાંથી ઘોષણા કરી કે 'સ્ટેન્કા એક નાસ્તિક માણસ છે અને તેને આજથી ધર્મચ્યુત કરવામાં આવ્યો છે.' સરકારી માણસો તો પ્રથમથીજ સ્ટેન્કાની વિરુદ્ધ હતાં અને તેઓ તેને માટે ફાવે તેમ યદ્વા તદ્વા વાતો ફેલાવતાં હતાં. વળી તેઓ તેની સેનામાં ફાટફુટ પડાવવાને યત્ન કરી રહ્યાં હતાં. આવી પરિસ્થિતિમાં એ પાદરીના ધાર્મિક ફરમાને અગ્નિમાં ઘૃતાહુતિનું કાર્ય કર્યું. તેની સેનાનાં માણસો ગમે તેટલાં તોએ માનવી હતાં, કંઇ દેવતાઇ મનુષ્ય ન હતાં. તેઓ લાંબી મજલોથી કંટાળી ગયાં હતાં, સતત યુદ્ધના પરિશ્રમથી થાકી ગયાં હતાં, બે વખત સામટી હાર ખાવાથી તેમની હિંમત તૂટી ગઇ હતી. આગળ વધવામાં તેમને વિપત્તિની આશંકા થતી હતી. ભાગ્યોદયના સમયે હજાર જણ આવી સહાય આપે છે; પણ પડતીના વખતે કોઇ સામું જોતું નથી. સ્ટેન્કાનાં ઓસરતાં પાણી જોઇ કેટલાંક માણસો એની સેનામાંથી ચાલી જવા લાગ્યાં. સ્ટેન્કા ચતુર હતો, સમય પ્રતિકૂળ છે એમ સમજી તેણે પોતાની છિન્નવિચ્છિન્ન શક્તિને એકત્ર કરીને થોડો વખત એક સુરક્ષિત સ્થાનમાં રહેવાનો નિશ્ચય કર્યો. આવો વિચાર કરી તેણે કગાલ્નિક નામના દુર્ગમાં પડાવ નાખ્યો. જો કે સ્ટેન્કાએ એ દુર્ગનો આશ્રય લીધો ખરો પણ શત્રુસૈન્ય તેને જંપીને બેસવા દે એમ થોડું હતું. તેમને તો એવી તક જોઇતી હતી. શત્રુસૈન્યે કગાલ્નિકને ઘેરો ઘાલ્યો. કવિશ્રેષ્ઠ ચંદ બારોટે કહ્યું છેઃ—

દિન પલટયો પલટી ઘડી, પલટી હથ્થકમાન;
પિથલ યે હી પારખું, દિન પલટયો ચહુઆન.

તેમ સ્ટેન્કાના દિવસ પણ પલટાયા હતા. ઇ. સ. ૧૬૭૧ ના એપ્રિલ માસમાં સ્ટેન્કા પોતાના ભાઇ ફ્રોલની સાથે રૂશિયન સૈન્યને હાથે કેદ પકડાયો. કગાલ્નિકમાંથી તેને રાજકેદીતરીકે મોસ્કો મોકલી દેવામાં આવ્યો.

સિંહને એક વાર પાંજરામાં પૂર્યા પછી તેના પર ગમે તે જાતના અત્યાચાર કરવામાં આવે તો તે કંઇ પણ કરી શકતો નથી. નરશાર્દૂલ સ્ટેન્કાની પણ એવીજ દશા હતી. રૂશિયામાં જે કઠોરમાં કઠોર શિક્ષા હતી તે તેને ફરમાવવામાં આવી. દયાહીન સરકારી અમલદારોએ તેનાપર પાશવિક અત્યાચાર કર્યા. અનેક પ્રકારની નરકયંત્રણા તેને ભોગવવી પડી. અંતે ઇ. સ. ૧૬૭૧ ની ૬ ઠ્ઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂનને દિવસે તેના શરીરના ટુકડે ટુકડા કરી અત્યાચારીઓએ પોતાની પિશાચવૃત્તિના તાંડવ-નૃત્યનું નગ્ન સ્વરૂપ દેખાડી આપ્યું. વીર સ્ટેન્કાના મરણની સાથેજ તેનું પ્રજાતંત્ર પંચત્વને પામ્યું. જે વીરના વીરત્વથી પ્રજાશાસનનો ઝંડો ફરકતો હતો તે તેના મૃત્યુ બાદ ભૂમિસાત થઇ ગયો. મેદાન સાફ જોઇ ઝારની સેનાએ અત્યાચાર કરવામાં મણા રાખી નહિ. ઝારને આ વિજય ઘણો મોંઘો પડયો હતો. ઝારના સૈન્યમાંનાં લાખ માણસોનાં બલિદાન અપાયાં ત્યારેજ પ્રજાનું દમન કરી શકાયું; પણ પ્રજાતંત્રનું મૂલોચ્છેદન તો નજ થઇ શક્યું. ઝારશાહીએ તેને સમૂળ નષ્ટ કરવા અનેક પ્રયત્ન કર્યા, પણ સર્વ નિષ્ફળ. × × × × × × ×

સ્ટેન્કાનો ભાગ્યરવિ જ્યારે મધ્યાકાશમાં હતો ત્યારે એમ કહેવાતું હતું કે તીર, કમાન કે ગોળી તેને અસર કરી શકતાં ન હતાં. જ્યાં ગોળીઓનો વરસાદ દેમાર ચાલુ હોય એવા યુદ્ધક્ષેત્રના મોખરે તે પોતાના સાથીઓને ઉત્સાહ આપતો ઘૂમતો હતો; કોણ જાણે કોઇ અદૃશ્ય હાથ સતત તેની રક્ષા કરતો હતો. આને લીધે એના સૈનિકો એને અલૌકિક શક્તિસંપન્ન લોકોત્તર વ્યક્તિ લેખતા હતા. તેઓની તેના પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ હતી. તેઓ તેને અમર સેનાનાયક માનતા હતા અને પોતે એવા અપૂર્વ વીરના સૈનિક હોવા માટે ગર્વ ધરાવતા હતા.

એની લોકપ્રિયતાનું બીજું કારણ એની ઘોષણાઓ હતી. જે જે સ્થાન પર તેણે વિજય પ્રાપ્ત કર્યો હતો તે સ્થાનમાં તે પ્રજાતંત્રની ઘોષણા કરતો હતો. તેની ઘોષણામાં તે જણાવતો હતો કે, ઝારશાહીની વ્યવસ્થા અને તેના ન્યાયાલયનો તે એટલા માટે વિરોધી હતો કે તેમાં ન્યાય કે પ્રજાકલ્યાણનો અંશ નથી. તેનું એમ કહેવું હતું કે, રાજ્યતંત્રનો ઉદ્દેશ પ્રજાના કલ્યાણ અને સુવ્યવસ્થા માટે છે. જો પ્રજાનું કલ્યાણ ન કરી શકે તો તે રાજસત્તા નકામી કે નામની છે. તેની આવી લોકલાગણીને લીધે તે સર્વત્ર પ્રિય હતો. લોકોએ તેના ગુણોથી મુગ્ધ થઇ "ગોશુડર" એટલે "મહાન" એવી ઉપાધિ તેના નામની પાછળ મૂકવાની ઇચ્છા દર્શાવી. આ ઉપાધિ ઝારના નામની સાથે લગાડવામાં આવે છે. બીજા કોઇના નામની પાછળ એ ઉપાધિ લગાડવામાં આવતી નથી. જ્યારે ઉપર પ્રમાણેની મતલબનો જનતાનો કાગળ સ્ટેન્કા પાસે ગયો ત્યારે તેણે જનતાને ધન્યવાદ આપતાં કહ્યું કે "હું આપ સર્વની સાથે આપના બંધુતરીકે રહેવા ઇચ્છું છું, નહિ કે ઝારતરીકે." તેના આ ઉદ્ગારથી તેણે પ્રજાનાં મન હરી લીધાં. તેમના હૃદયપર તેનું સામ્રાજ્ય સ્થપાયું. તેજ તેમના હૃદયનો સમ્રાટ્ બન્યો.

મહાન નેપોલિયનને માટે એમ કહેવાય છે કે, તેના સૈનિકો તેને પ્રાણથી અધિક ચાહતા હતા. તેનું કારણ એ હતું કે, વીરકેસરી નેપોલિયન પોતાના સૈનિકોના સુખ આગળ પોતાના સુખનો ભોગ આપતો હતો. વીર સ્ટેન્કાને માટે પણ તેમજ હતું. સ્ટેન્કાને તેના સૈનિકો એટલા માટે પૂજતા હતા કે પોતાના સૈનિકોના કલ્યાણ માટે તે પોતાની પ્રિયતમ વસ્તુનો પણ ભોગ આપવા આનાકાની કરતો ન હતો. તેમના કલ્યાણ માટે સતત યત્નશીલ રહેતો હતો, પોતાનો સ્વાર્થ તુચ્છ લેખતો હતો અને સૈનિકોની પ્રેમવેદી પર તેનો ભોગ આપતો હતો. તેના આ અપૂર્વ સ્વાર્થત્યાગની એક ઘટના ઉલ્લેખનીય છે.

એક સમયે વોલ્ગાપરથી તેનું વહાણ પ્રશિયા તરફ બેધડક આગળ વધતું જતું હતું. વૉલ્ગાના તટપ્રદેશપર તેની ધ્વજા ફરફરતી હતી. જે શહેર, દુર્ગ કે બંદર પ્રતિ તે આંગળી કરતો તે તરત તેને ચરણે આવી પડતાં હતાં. સોનું, રૂપું અને અલંકાર આદિ પુષ્કળ દ્રવ્ય તેને મળતું હતું. પ્રશિયાના વિજયમાં તેને ઘણી સંપત્તિ મળી. પરંતુ એની સાથે તેને એક અપૂર્વ વસ્તુ મળી. સ્ટેન્કા એ વસ્તુને પ્રાણથી અધિક ચાહતો હતો અને તે પણ સ્ટેન્કાને પોતાના હૃદય-મંદિરનો દેવ માની આદર ઉપહાર અર્પતી હતી. એ મેન્દીખાન વંશની અત્યંત રૂપવતી યુવતી હતી. તેનું અપૂર્વ લાવણ્ય દેવાંગનાને લજાવે તેવું હતું. સ્ટેન્કાની નજરે એ રૂપસુંદરી પડતાંની વાર તે તેનો થઇ રહ્યો. વાસ્તવિક રીતે તે તેની ભાગ્યલક્ષ્મીજ હતી. તે સમયે તે વિજયશ્રીને વરી અને ભાગ્યલક્ષ્મીને લઇ પાછો ફરતો હતો. દિવસના કેટલાક પ્રહર વીતી ગયા હતા. સ્ટેન્કાનું જહાજ વૉલ્ગાના વક્ષસ્થલ પર ક્રીડા કરતું હતું. મંદ ગતિથી લહરિ સાથે લીલા કરતું જહાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વધતું હતું. યુદ્ધમાંથી નિશ્ચિંત થયેલા સૈનિકો ગંભીર નિદ્રામાં મગ્ન હતા. કોઇ કોઇ નાની ટોળીમાં એકઠા થઇ ગપ્પાં હાંકતા હતા. સ્ટૈન્કાની પ્રાણેશ્વરી એક ડેક-ચેરમાં અર્ધનિદ્રિત અવસ્થામાં પડી પડી જલયાનની મજા લૂંટતી હતી. મનમાં ને મનમાં કંઇ વિચાર કરતો સ્ટૈન્કા આમ તેમ આંટા મારતો હતો. એવામાં એવા શબ્દો તેના કાનપર પડ્યા કે તે ચોંકી ઉઠયો. એ શબ્દોએ તેના અંતઃકરણના ચૂરેચૂરા કરી નાખ્યા. સ્ટૈન્કાએ આંટા મારવાનું બંધ કર્યું અને લક્ષ્યપૂર્વક સિપાઇઓની ટોળીમાં થતી વાત તે સાંભળવા લાગ્યો. સિપાઇઓ કહેતા હતા કે "આપણો નાયક આ અંસરાને સ્વતંત્રતાથી પણ અધિક ચાહતો હોય એમ લાગે છે." આ શબ્દો સ્ટૈન્કાના હૃદયને મથી નાખવા લાગ્યા, તેના મર્મમાં એ શબ્દો વિષદગ્ધ તીરની માફક ખટકવા લાગ્યા. તેનું મન વિહ્વલ થઇ ઉઠયું. જો વીર સ્ટૈન્કા ધારત તો એ મિથ્યા ઉક્તિ કરનાર સૈનિકને કઠોર શિક્ષા ફરમાવત; પણ તેમ કરવું એ એના ઉદાર મનને ઉચિત લાગ્યું નહિ. તેનું મન વિરોધી ભાવોનું ક્રીડાસ્થળ બની ગયું. તેણે વિચાર કરવામાં ઝાઝો સમય લીધો નહિ. તેણે તે સૌંદર્યલતિકાને અર્ધનિદ્રિત અવસ્થામાં પોતાની વિશાળ ભુજામાં ઉંચકી લઇને ગદ્‌ગદ્ સ્વરે કહ્યું:-

"ઓ વોલ્ગા! વોલ્ગા! તેં મને વિપુલ સુવર્ણ, રૂપું અને બહુમૂલ્ય વસ્તુઓ આપી છે. આજે તું તારા પુત્રના હાથે, તેની અત્યંત મૂલ્યવાન અને પ્રિયતમ વસ્તુનો સ્વીકાર કર."

એટલું કહી તેણે પોતાની ભાગ્યલક્ષ્મીને વોલ્ગાના અગાધ વિસ્તૃત જળમાં ફેંકી દીધી. વોલ્ગાએ તેને પોતાના વક્ષઃસ્થલમાં લઇ લીધી. સ્ટૈન્કાના હૃદયના ચૂરેચૂરા થઇ ગયા; પણ પોતાના નિશ્ચયથી પાછો ડગ્યો નહિ. એક સૈનિકના માત્ર એક મિથ્યા ઇશારા માટે તેણે પોતાની પ્રિયતમ વસ્તુ સદાને માટે ત્યાગી. દેવી સીતાને ત્યાગતાં શ્રીરામચંદ્રજીની જેવી સ્થિતિ થઇ હતી તેવી વીર સ્ટૈન્કાની સ્થિતિ હતી. સૈનિકો તેનું આ કૃત્ય જોઇ આભાજ બની ગયા. પેલા વાતો કરનારના મનને ઘોર પશ્ચાત્તાપ થયો કે કેવી અભાગી પળે તેના મુખમાંથી એવું કુવેણ નીકળ્યું ને આવું ઘોર કૃત્ય થઇ ગયું! થવાનું હતું તે થઇ ગયું. પશ્ચાત્તાપ કર્યે કંઇ વળે તેમ ન હતું. એટલું તો ખરૂં કે, ત્યારબાદ સ્ટૈન્કાના દિવસો ફર્યા; જો કે આ કૃત્યથી તે તેના સૈનિકોમાં દેવસમાન પૂજાવા લાગ્યો. સૈનિકો તેને માટે પ્રાણ પાથરવા લાગ્યા.

આવા એક નહિ પણ અનેક બનાવો તેના જીવનચરિત્રમાં મળી આવે છે. વીર સ્ટૈન્કા પોતાના પ્રજાજનોને પોતાના કરતાં અધિક ગણતો હતો. તેમનું કલ્યાણ કરવું, તેમના હિતને માટે યત્નશીલ રહેવું એ પોતાનું કર્તવ્ય લેખતો હતો. તેની આવી ભાવનાને લીધે, પ્રજાને માટે તેના મહાન આત્મોત્સર્ગને લીધે, રૂશિયાના ઇતિહાસમાં તેનું નામ અમર છે. જો કે તેનું ભૌતિક શરીર નષ્ટ થયું છે કિંતુ રૂશિયાનાં ખંડેરોમાં પણ તેના રકતથી સિંચિત વ્યાપક બનેલી પ્રજાતંત્રની ભાવના, ઝારની ઉંચી અટ્ટાલિકાનો નાશ કરી, પ્રજાતંત્રના નિશ્ચિત અંતિમ વિજયનો સંદેશ આપતી આજ પણ તેની અમરતાનો પરિચય આ સંસારને આપે છે.

દેશનું કલ્યાણ સાધવાનું વ્રત જેઓ લે છે તેને અનેક કષ્ટ ઝીલવાં પડે છે, વિવિધ પ્રકારની વિટંબનાઓ સહેવી પડે છે; પરંતુ જેઓ પોતાના નિશ્ચયને ધ્રુવની માફક ડગવા દેતા નથી, તેઓજ તે પરમ પુણ્ય પ્રાપ્ત કરે છે. એવા વીરપુંગવોની પ્રતિજ્ઞા હોય છે કે

ગર મૂલ્કકી ખાતિર મેરી દુનિયામેં યહ તોકીર હો
હાથમેં હો હત્થકડી ઓર પાઉંમેં જંજીર હો
આંખોંકી ખાતર તીર હો, મિલતી ગલે સમ્સીર હો
શૂલી મિલો, ફાંસી મિલો ગર સાત દામનગીર હો
ઈસ્સે બઢ કર ગર કોઇ દૂનિયામેં યહ તોકીર હો
મંજૂર હો, મંજૂર હો, મંજૂર હો, મંજૂર હો.

(૫-૭-૨૮ ના "ગુજરાતી"માં લેખકઃ-શ્રી. રમણીક અ. મહેતા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪-લંઘન તથા અતિલંઘન-તેના લાભ અને હાનિ

× × × × ×
× × × × ×

ધર્મશાસ્ત્રકારો એકાદશી, જયંતી આદિ પર્વોમાં ઉપોષણ (ઉપવાસ) કરવાનું વર્ણવી ગયા છે ને તે વૈદ્યક નિયમને અનુસરતુંજ લંઘન છે. નિયમ પ્રમાણે વર્તવાથી આખા વર્ષમાં અમુક અમુક દિવસોને આંતરે જરૂરી લંઘનો થઇ જાય છે અને તેથી ઘણા વ્યાધિઓ નાબુદ થાય છે. આહારવિહારાદિકમાં થયેલા ફેરફારથી નવા નવા વ્યાધિઓનાં બીજ શરીરમાં દાખલ થયાં હોય છે, તેનો લંઘનથી નાશ થાય છે. આ વાત આપણા ધર્મશાસ્ત્ર અને વૈદ્યકશાસ્ત્રમાં સમાન રીતે વર્ણવેલ છે. નવીનતા કાંઇ નથી.

ચરક મહર્ષિ લખે છે કેઃ-"લંઘન(ઉપોષણ-અપવાસ)થી શરીર હળવું-દોષરહિત થઇ જાય છે. કફ-પિત્તના રોગીઓ તથા મેદસ્વી શરીરવાળા લોકોને ઘણા લાભ થાય છે. ત્વચાદોષ, રક્તવિકાર તથા વાયુના ઉપદ્રવવાળા માણસને માઘ-ફાગણ માસમાં લંઘન કરાવવું. પ્રકૃતિને અનુકૂળ રીતે લંઘન કરાવવાથી અધોવાયુ-મળમૂત્ર સાફ આવે છે, શરીર હળવું પડે છે, સહેજ પસીનો છૂટે છે, હૃદયમાંથી શુદ્ધ ઓડકાર આવે છે, કંઠ અને મુખ સાફ થાય છે, ગ્લાનિ તથા આળસ મટી જાય છે, જમવા ઉપર ઉત્તમ રુચિ થાય છે, ભૂખ-તરસ સાથે ઉત્પન્ન થાય છે તથા અંતરાત્મા અતીવ પ્રસન્ન રહે છે."

વળી એક ઠેકાણે એજ આચાર્ય જણાવે છે કે "લંઘનથી એ બધા લાભ થાય છે, પણ સર્વ પ્રકૃતિના અને સર્વ વ્યાધિવાળા માણસોને લંઘન એકસરખું હિતકર મનાય નહિ; તેમ અતિલંઘન કરવું, એ પણ બહુ હાનિકારક છે. ઉપરાઉપરી ઉપોષણ કરવાથી સાંધા કળે છે, ત્રોડ થાય છે, આળસ પેદા થાય છે, ઉધરસ અને મુખશોષ વધે છે, ભૂખ મરી જાય છે, અરુચિ અને તરસ લાગ્યા કરે છે, કાન અને નેત્રની શક્તિ ઓછી થાય છે, આંખો ઉંડી ઉતરે છે, મન ભ્રમિત થાય છે, ઉદાવર્ત વાયુનો કોપ થાય છે, જઠરાગ્નિ અને બળનો નાશ થાય છે; માટે અતિલંઘન (ઉપરાઉપરી ઉપોષણ-અપવાસ) કદી પણ કરવા નહિ."

એક યૂરોપીય અનુભવની કથા

હાલમાં જે લંઘનની શોધ થવા લાગી છે, તે આ વિધિથી ભિન્ન છે. તેની રીત એવી છે કે, જેમ વધુ લંઘન કરો તેમ વધુ લાભ થશે ! તે માટે લોક પોતપોતાના અભિપ્રાયો પ્રકટ કરે છે. કેટલાક વખત પહેલાં "કોન્ટેમ્પરરિ રિવ્યુ" નામના માસિકપત્રમાં મી૦ આપ્ટન સિંકલેઅર નામના માણસે આ બાબતમાં એક લેખ પ્રકટ કર્યો હતો તેથી ઘણા હિંદીવાનો લંઘન તરફ મંડી પડયા છે. એ લેખ જાણવા જેવો છે. તેનો સારાંશ આ પ્રમાણે છેઃ—

મિ૦ આપ્ટન એક અમેરિકન વિદ્વાન છે. તે અગ્નિમાંદ્ય-અપચાના વિકારથી ઘણાં વર્ષ થયાં પીડાતો હતો, તેથી કરીને તેની શક્તિ ક્ષીણ થવા સાથે માનસિક શ્રમ પણ બહુ થોડો કરી શકતો. તેને એક બાઈ સાથે પરિચય થયો. તે બાઇ અને આ ગૃહસ્થ બન્નેએ એક વખત ઘોડા ઉપર બેસી કેટલાક માઇલ સુધી પ્રવાસ કર્યો. તેનો ઘોડો ઉચ્છૃંખળ હોવાથી તે ગૃહસ્થને બહુ પરિશ્રમ પડયો; પણ તે બાઇને કાંઇ પણ વિશેષ શ્રમ જણાયો નહિ. તેણીનો ઉત્સાહ જેવો ને તેવોજ હતો. આવા ઉત્સાહનું કારણ પૂછતાં તે બાઇએ જણાવ્યું કે, હું દશ-બાર વર્ષ થયાં મજ્જાતંતુ અને જલવિકારથી પીડિત થઇ ખાટલાવશ થઇ હતી. ઘણા ઔષધોપચાર કરવા છતાં કાંઇ ફાયદો થયો નહિ. છેવટે એક ડૉક્ટરે ઉપોષણ કરવાનું કહ્યું. તે કરવા માંડયાથી મારા અકેક વિકાર-વ્યાધિ ઓછા થવા લાગ્યા અને મારી પ્રકૃતિ પૂર્ણ આરોગ્ય થઇ, અને હાલની સ્થિતિ પ્રાપ્ત થઇ શકી. તે બાઇનો સ્વતઃ અનુભવ મી૦ આપ્ટનના મનમાં દૃઢ બેસી ગયો અને તેણે આ ઉપાય કરી જોવાનો મનમાં નિશ્ચય કર્યો. તેણે પહેલીજ વખત ૧૨ ઉપોષણ કર્યાં. આપણા દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપવાસ કરી (હમેશાંના ભોજનથી પણ વધુ પ્રમાણમાં-મિષ્ટાન્ન સરખાં) ફળાહાર કરે છે. તેવાં ઉપોષણ ઉક્ત ગૃહસ્થે કર્યાં નહોતાં, પણ ૮ દિવસ સુધી તો તેણે દૂધ પણ પીધું નહિ. આ બાબતનો પોતાનો અનુભવ તે નીચે પ્રમાણે લખે છે.

બાર ઉપવાસ પછી દૂધ અને ફલનો આહાર

"પહેલે દિવસે મને ઘણી ભૂખ લાગી. અગ્નિમાંદ્યનો જેને વિકાર હોય છે તેને આવી ભૂખ લાગવાથી ખા ખા કરવાની મરજી થાય છે. બીજે દિવસે સવારે મને થોડીક ભૂખ લાગી; પણ ત્રીજે દિવસે એવો ચમત્કાર થયો કે બીલકુલ ભૂખ લાગી નહિ અને અન્ન ખાવાની અભિલાષા પણ રહી નહિ. લંઘનની શરૂઆત કરવા પહેલાં બે ત્રણ અઠવાડિયાં થયાં મારી ગરદન એકસરખી દુઃખતી હતી. ઉપોષણને પહેલે દિવસે હમેશ પ્રમાણે ડોક દુખી, પણ પછી કદી પણ દુખી નહિ. બીજે દિવસે મને થોડી અશક્તિ જણાઇ અને ઉઠ્યો ત્યારે ચક્કર આવ્યાં. તે દિવસ મેં વાંચવામાં વીતાવ્યો. ત્રીજા અને ચોથા દિવસે પણ તેજ ક્રમ રાખ્યો. તે વખતે મારાં બધાં ગાત્ર ગ્લાનિયુક્ત થઇ ગયાં હતાં, પણ મારૂં મન અત્યંત શુદ્ધ-પ્રસન્ન થયું હતું. પાંચમો દિવસ વીત્યા પછી મને પાછી શક્તિ આવી હોય તેવું જણાયું. કેટલોક વખત આંટા માર્યા અને પછી લખવાની શરૂઆત કરી. વિશેષ ચમત્કાર તો એ હતો કે, મારા પેટમાં બીલકુલ અન્ન નહિ છતાં એટલું વાંચવાનો અને લખવાનો ઉત્સાહ કોણ જાણે ક્યાંથી આવી ગયો! એટલું લખવું વાંચવું મારાથી ઘણાં વર્ષ થયાં બની શક્યું નહોતું. ઉપોષણના પહેલા ચાર દિવસમાં મારૂં વજન ૧૫ પૌંડ ઓછું થયું. એટલું વજન ઓછું થવાનું કારણ મારા શરીરમાંના વિકારો હતા, એમ મને જણાયું. ત્યાર-પછીના ૮ દિવસમાં બીજા ૨ પૌંડ વજન ઓછું થયું. એટલા દિવસમાં મને નિદ્રા સારી આવી. દરેક દિવસે ૬ કલાક ગયા પછી મને ક્ષીણતા જણાતી; પણ ઠંડા પાણીથી સ્નાન કરી શરીર સાફ કરવાથી ફરી હુશિયારી આવી જતી. છેવટે દિવસે દિવસે ચાલતાં વધુ થાક જણાતો. મને બિછાનાપર પડ્યું રહેવું ઠીક નહિ લાગવાથી ૧૨ દિવસ ગયા પછી મેં ઉપોષણ બંધ કર્યું. તેરમે દિવસે મેં થોડો નારંગીનો રસ લીધો, તે સિવાય કાંઇ ખાધું નહિ. પછીના બે દિવસ બાર બાર નારંગીના રસ ઉપર રહ્યો અને પછી દૂધ પીવા લાગ્યો. પહેલે દિવસે અકેક કલાકે અકેક પ્યાલો દૂધ પીધું, બીજે દિવસે પોણા પોણા કલાકે અકેક પ્યાલો દૂધ પીધું અને પછીથી અર્ધા અર્ધા કલાકને આંતરે એક પ્યાલો દૂધ પીવા માંડ્યું. એટલે હમેશાં ચાર શેર (૮ ક્વાર્ટ) દૂધ પીવા લાગ્યો. એટલું દૂધ પચતું નહોતું, પણ તેનો ઉપયોગ ઝાડો થઈ કોઠો સાફ થવામાં થયો; તેથી કરી દરેક અવયવને અન્નરસ પહોંચવાથી હળવે હળવે શક્તિ આવવા લાગી. એવા ખોરાકથી એક દિવસમાં મારૂં વજન સાડાચાર પૌંડ વધ્યું અને ૨૪ દિવસમાં ૩૨ પૌંડ વજન વધ્યું.

શરીરમાં સ્ફૂર્તિ

નકરા દૂધ ઉપર રહેવાથી મારા મનમાં અત્યંત શાંતિ અને પ્રસન્નતા રહેતી તથા માનસિક વ્યાપાર અતિ ઉત્સાહપૂર્વક ચાલવા લાગ્યો. વળી કાંઇ શારીરિક પરિશ્રમ કરવો એમ મને જણાયું. આગળ હું ચાલવાનો શ્રમ કરતો, ડુંગરા ઉપર ચઢતો; પણ તે મહેનત હું ઘણી મુશ્કેલીયે જેમ તેમ કરી શકતો. પણ આ ઉપોષણ કરવાથી મારા શરીરમાંના વિકાર નીકળી ગયા. પછી હું કસરતશાળામાં જઇ બેહદ શ્રમ કરવા લાગ્યો. તે શ્રમ કરવાથી મને ગ્લાનિ નહિ જણાતાં ઉત્સાહ અને બળ વધવા લાગ્યું અને મનમાં હુંશિયારી આવી. મારા સ્નાયુ આ કસરતથી ઘણા દૃઢ થયા અને હું મોટો પહેલવાન થઇશ એમ મને જણાયું. પહેલાં હું અગ્નિમાંદ્ય-અપચાના દરદથી ક્ષીણ અને સત્ત્વહીન થઇ ગયો હતો, પણ હાલમાં મારૂં શરીર પુષ્ટ અને માખણ જેવું કુમાસદાર થયું છે તથા મારા શરીરમાં તેજ-ઓજ પ્રાપ્ત થયું છે. પહેલાં મારે ભોજન કર્યા પછી એક બે કલાક સ્વસ્થ પડ્યું રહેવું પડતું, પરંતુ હાલમાં જમ્યા પછી ગમે તે કામ કરવાની સ્ફૂર્તિ રહે છે. પહેલાં મારે કાંઇ ને કાંઇ રેચ લેવાની જરૂર પડતી, હવે તેની કાંઇ પણ ગરજ રહી નથી. મારી ડોક હવે કદી પણ દુઃખતી નથી. હાલમાં હું ખુલ્લે માથે વરસાદમાં ફરી શકું છું, ગમે તેવી ઠંડીમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઘાડી જગ્યામાં બેસું છું; તોપણ મને શરદી થતી નથી. હાલમાં મને ઘણું બળ અને ઉત્સાહ જણાય છે તે એટલું કે, મને જરા પણ ફુરસદ મળે તો કસરત કરવા મંડી જાઉં છું. આટલા બધા દિવસ હું દૂધના આહાર ઉપર રહ્યો છું, રાંધેલા અન્નને બીલકુલ અડક્યો નથી."

અતિઅન્ન વિષમય ને સર્વ રક્તદોષનું કારણ છે.

અપવાસ–ઉપોષણથી આવો વિલક્ષણ ગુણ પ્રાપ્ત થાય છે તે બાબતમાં વૈદ્યક શાસ્ત્રોનો વિશેષ સિદ્ધાંત એ છે કે, શરીરમાં જોઇએ તે કરતાં વધુ પ્રમાણમાં અન્ન જાય છે, એટલે તે સડવા લાગે છે અને દેહમાં વિષમય પદાર્થોનો એટલો બધો જમાવ થાય છે કે મળ બહાર કાઢનારી ઇંદ્રિયોથી એટલો બધો મળ બહાર કાઢી નાખવાનું બની શકતું નથી; તેથી રક્તવાહિની નાડીઓથી રુધિરાભિસરણ બરાબર નહિ થઇ શકવાથી જ્યાં ત્યાં લોહીની ગતિ અટકે છે અને તેથી મસ્તકશૂળ, સંધિવાત, પક્ષાઘાત, મધુમેહ વગેરે વિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે રક્તદોષ વધવાથી તેનો પોષક ધર્મ કમી થાય છે, અને તેમાંથી ઉત્પન્ન થનારો [illegible] એવી દેહની સ્થિતિ થઇ એટલે શૈત્ય, ફેફસાંના વિકાર, ક્ષય, તાવ વગેરે [illegible]

અપવાસથી મળવિકારનો નાશ

ઉપોષણ–લંઘન શરૂ કરવામાં પહેલાં તો ક્ષુધાની પીડા સહન કર્યા પછી [illegible] ઉત્પન્ન કરવાના વ્યાપાર બંધ થાય છે અને અન્ન પચવાનો વ્યાપાર [illegible] શક્તિનો વ્યય થતો હતો તે અટકે છે. આ પ્રમાણે દેહના એ વ્યાપાર [illegible] કરવાનું કામ શરૂ થાય છે. તે બરાબર ચાલવા માટે સાધારણ રીતે [illegible] છે. ઉપોષણ કરવાથી જીભ ઉપર સફેદ છારી વળે છે, પસીનામાં [illegible] પ્રકારની ખરાબ વાસ આવે છે. એ શરીરમાંના મળ બહાર નીકળવાનું [illegible] સઘળા વિકાર નીકળી જતા સુધી આવી સ્થિતિ રહે છે. તે નીકળી [illegible] થાય છે અને ભૂખ સારી લાગવા માંડે છે. અપવાસના દિવસે પ્રતિદિવસ [illegible] થતું જાય છે. પ્રથમ તો શરીરમાં ચરબીનો ભાગ વધારે પ્રમાણમાં હોય તો કમી થાય છે અને પછી સ્નાયુમાંનો નકામો પદાર્થ ખલાસ થાય છે. ત્યારપછીજ ખરૂં ઉપોષણ શરૂ થાય છે. કેટલાક લોક ચાળીસ પચાસ અપવાસ કરે છે. ઘણા દિવસ લંઘન કરવાથી શરીરની વાસ્તવિક પુષ્ટતા રહે છે. ચરબીવાળા માણસો દુબળા થઈ ગયેલા જણાય છે.

નિયમિત લંઘનજ લાભકારક છે.

મી૦ સિંકલેઅરના અનુભવ ઉપરથી હિંદુસ્થાનમાં ઠામ ઠામ ઉપોષણનો વા ચાલ્યો છે. તેનો અનુભવ પ્રગટ થયો કે ઘણા લોકો ઉપોષણ કરવા લાગ્યા હતા. તે અરસામાં દરભંગાના મહારાજાએ ૭ ઉપવાસ કર્યા હતા. તેઓના કેટલાએક આશ્રિત લોકોએ પણ ઉપવાસ કર્યા હતા અને ત્યારપછી એ વાત આગળ વધ્યાંજ ગઇ હતી. વેદાદિ કાળથી માંડીને આજસુધીના આર્ય ધર્મ–વૈદ્યક-શાસ્ત્રો તો ઉપવાસ–લંઘનનું મહત્ત્વ પોકારીજ રહ્યાં છે, પણ તે તરફ આપણી શ્રદ્ધા કેટલી ઓછી છે તે આ ઉપરથી જણાઈ રહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે લંઘન રોગશામક છે તે વાત ખરી, પણ તે નિયમિત થવાથીજ બની શકે છે. તેનો અતિરેક થાય તો અથવા વિરુદ્ધ પ્રકૃતિનો માણસ કરે તો તેથી ફાયદાને બદલે નુકસાન થવા સંભવ છે. ગમે ત્યારે ગમે તે પ્રકૃતિનો માણસ લંઘન કરે તો તેથી ફાયદો થતોજ નથી. અલબત્ત, સ્વસ્થ પ્રકૃતિનો માણસ નિયમિત રીતે કે પંદર પંદર દિવસે કે તેવી કોઇ પદ્ધતિસર લંઘન કરવાની પરિપાટી રાખે તો તેથી અવશ્ય તેનું શરીર આરોગ્યપૂર્ણ રહી શકે. વૈદ્યક શાસ્ત્રના નિયમ પ્રમાણે દોષ(વાત–પિત્ત–કફ)નું વૈષમ્ય થવાથી વ્યાધિ ઉત્પન્ન થાય છે. વાયુ, પિત્ત અથવા કફ વધી જવાથી જ્યારે વિકાર ઉત્પન્ન થાય છે, ત્યારે તેનું શમન કરવા માટે લંઘનની જરૂર રહે છે. હરહમેશ આહારવિહારથી અજાણતાં પણ દોષવૈષમ્ય પ્રાપ્ત થઇ જાય છે અને તેથી પંદર–વીસ દિવસે એકાદું લંઘન કરવાથી દોષસામ્ય થઇ જવાને લીધે એ વ્યાધિના અંકુર નષ્ટ થાય છે; પણ ગરીબ સ્થિતિના માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓને સંપૂર્ણ પૌષ્ટિક સ્નિગ્ધ ખોરાક મળતો નથી; જેઓનાં શરીરો ક્ષીણ થઈ ગયાં હોય અને જેઓને બૃંહણ ખોરાક મેળવવાની જરૂર હોય અને તેવો ઉત્તમ ખોરાક મળવાથીજ જેઓનાં શરીર આરોગ્ય રહી શકે એમ હોય, તેવા માણસોને લંઘન કરાવવામાં આવે તો તેઓ અવશ્ય ક્ષય, કૃશતા વગેરે વ્યાધિયુક્ત થયા વિના રહે નહિ. તેવા માણસોને લંઘનથી લાભને બદલે ગેરલાભજ થાય.

હિંદની ખાસ વિચારવાયોગ્ય પરિસ્થિતિ

હિંદુસ્થાન સરખા દેશના બધા લોકોને લંઘનનો ઉપદેશ હિતાવહ થાય, એ અસંભવિત જણાય છે. ઘણાખરા લોકોને અન્ન નહિ મળવાથી રંગુની ચોખા જેવા હલકા પદાર્થો ઉપર નભવું પડતું હોવાથી પ્લેગ, કૉલેરા જેવા ભયંકર રોગોના ભોગ થઇ પડે છે, એવો મત યૂરોપીય દાકતરોનો પણ ખુલ્લો છે. કેટલાએક શ્રીમંતો અને રાજા લોકોની વાત કરવાની નથી, તેઓ ભલે ખુશીમાં આવે તેટલાં ઉપોષણ એકસાથે કરે, પણ સામાન્ય વર્ગના માણસોની સ્થિતિનું નિરીક્ષણ કરતાં તેઓ માટે આ બાબત વિરુદ્ધજ જણાશે. સાધારણ માણસોના શરીરમાંના દોષોનું વૈષમ્ય થયું હોય તો તે માત્ર અન્ન નહિ મળવાને કારણે થતા (પરાણે થતા) ઉપવાસને લીધેજ છે. એટલે હિંદમાં મોટેભાગે લંઘન તો ચાલુજ છે. તેમાં વળી વિશેષ લંઘન કરવાનો વા વાયો અને લોકવૃત્તિ તે તરફ દોડી તો તે હિંદી પ્રજાનાં દુર્દૈવજ સમજવાં. આથી કરીને એમ સમજવાનું નથી કે, લંઘનનો ઉપયોગ કોઇએ કરવો નહિ. અવશ્ય લંઘન યોગ્ય માણસે કરવું. સ્વસ્થ-નિરોગી માણસે પંદર પંદર દિવસે એકાદું ઉપોષણ કરવું. (અગિયારશે અગિયારશે ઉપવાસ કરવો) તો તેથી અવશ્ય ફાયદો થશેજ. પણ આ તો મોટાની પછવાડે નાના, શ્રીમંતની પછવાડે ભૂખે-મરતા લોકો પણ અતિલંઘન કરવા ઘસડાય તો તેને સામાન્ય જનસમાજની દુર્દશાનું ચિહ્નજ માની શકાય; અને તેવી સામાન્ય સ્થિતિના માણસો બીજાની પછવાડે ઘસડાઇ એ પ્રમાણે કરવા જાય એટલે ગુણને બદલે અતિલંઘનથી થનારા અવગુણજ તેણે પોતાપર વહોરી લેવા જેવું બને.

(૧-૯-૧૯૧૨ ના "ગુજરાતી" માં લેખક:-શ્રી. જીવરામ કાલીદાસ વૈદ્ય)

૧૫-अभिभावकों से पूछताछ.

૧-અભિભાવક કે નાતે, આપકે ઉપર એક બડી ભારી જિમ્મેદારી હૈ. યહ આપ જાનતે ઔર તદનુકૂલ વ્યવહાર કરતે હૈં યા નહીં ?

૨-જબાની શિક્ષા કી બનિસ્બત પ્રત્યક્ષ ઉદાહરણ કા અસર કહીં જ્યાદા પડતા હૈ; અતએવ જો બાતેં અપને બાલક કે લિયે આપ ઉપયોગી સમઝતે હૈં, અથવા જિન્હેં આપ ઉસમેં લાના ચાહતે હૈં, ઉન્હેં આપ અપને આચરણ મેં ભી લાતે હૈં ?

૩-બાલકોં કો ચાહિયે કિ સબેરે જલ્દી ઉઠેં ઔર આલસ્ય કો ત્યાગ શૌચ સે નિવૃત્ત હો મુંહ હાથ ધો કર દતૌન-કુલ્લે સે નિબટ જાયં; પર આપ ભી ઐસા હી કરતે હૈં યા નહીં ?

૪-પ્રાતઃકાલ બાલકોં સે ભજન યા શ્લોકોં કે રૂપ મેં ઈશ્વર કા ગુણ-ગાન કરાતે હૈં યા નહીં ? આપ સ્વયં ભી કભી ઈશ્વિરારાધના કરતે હૈં ?

૫-બાલકોં કો વ્યાયામ કે લિયે પ્રોત્સાહન દેતે હૈં યા નહીં ? આપ ખુદ ભી વ્યાયામ કરતે હૈં ?

૬-શરીર મેં તૈલ-મર્દન કે લાભ આપને બાલકોં કો સમઝાયે હૈં યા નહીં ?

૭-આજકલ કે બાજારુ તૈલ હાનિકારક હૈ યહ આપને ઉન્હેં બતાયા હૈ ?

૮-ઠંડે પાની સે નહાને કે લાભ આપને બાલકોં કો સમઝાયે હૈ યા નહીં ?

૯-નહાતે વક્ત શરીર કે કિસ ભાગ કો સાવધાની સે રગડના-ધોના ચાહિયે, યહ કભી આપને ઉન્હેં બતાયા હૈ ?

૧૦-પાની મેં તૈરના સિખાયા હૈ યા નહીં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧–નહાને કે બાદ શરીર કે કિસ ભાગ કો ખૂબ રગડ કર પોંછના ચાહિયે, યહ આપને ઉન્હેં બતાયા હૈ ન ?

૧૨–નહાને કે બાદ શરીર પર તેલ કી માલિશ કરને યા સિર મેં તેલ ડાલને સે કિસ તરહ કી ગંધ આતી હૈ, યહ આપને ઉન્હેં સમઝા દિયા હૈ ?

૧૩–ઠંડે પાની સે નહાતે સમય હમેશા સબસે પહલે સિર, નાભિ કે આસ–પાસ કા ભાગ, ગુદા, જનનેંદ્રિય ઔર ઉસકે નિકટવર્તી ભાગ કો ધોના ચાહિયે. આપને ઉન્હેં યહ બતાયા હૈ યા નહીં ઔર ક્યા આપ સ્વયં ભી ઐસા કરતે હૈં ?

૧૪–આંખોં કો ધોને કી વિધિ આપને ઉન્હેં સિખાઇ હૈ યા નહીં ? ઇસસે હોનેવાલે લાભ ભી આપને ઉન્હેં બતાયે હૈં ?

૧૫–આપકે બાલક અપને દાંત કિસ ચીજ સે સાફ કરતે હૈં ? દાંતોં સે શરીર કી તંદુરસ્તી કા ક્યા સંબંધ હૈ ઔર દાંત સાફ કરને કે લિયે અમુક મંજન યા દતૌન ઠીક હૈ, યહ કભી આપને ઉન્હેં સમઝાયા હૈ ?

૧૬–થૂક ઔર લાર કા તંદુરસ્તી સે ક્યા સંબંધ હૈ, યહ આપને અપને બાલકોં કો સમઝાયા હૈ ?

૧૭–ભોજન ચબા–ચબા કર ખાના ઔર પાની ચૂસ–ચૂસ કર પીના ચાહિયે. યહ આપને, અપને આચરણ દ્વારા બાલકોં કો સમઝાયા હૈ યા નહીં ?

૧૮–કિસી કાર્ય કી સફલતા કે લિયે એકાગ્રતા, અભ્યાસ, ચરિત્રબલ ઔર આત્મવિશ્વાસ આવશ્યક હૈ. યહ આપને ઉન્હેં બતાયા હૈ ?

૧૯–બાલકોં કે લિયે તાજા દૂધ ઔર સાદે ખાનપાન કી તો આપને વ્યવસ્થા કર રકખી હૈ ન ?

૨૦–બાલકોં કે સામને ચાય, ભંગ, ગાંજા, અફીમ, મદિરા, સિગ્રેટ–હુક્કાદિ નશીલી ચીજોં કા વ્યવહાર તો આપ નહીં કરતે હૈં ન ?

૨૧–ઘર–ગૃહસ્થી કે પચડે તો આપ બાલકોં કે સામને ખોલ કર નહીં રખતે ?

૨૨–જીવનસંગ્રામ મેં પગ–પગ પર શક્તિ કી આવશ્યકતા હૈ, ઔર અપને કામ કે લિયે કિસી દૂસરે પર નિર્ભર ન રહ કર સ્વયં હી ઉસે કરના બડપ્પન ઔર બુદ્ધિમાની કા ચિહ્ન હૈ. યહ આપને બાલકોં કો સમઝાયા હૈ ?

૨૩–સત્ય, અહિંસા, નિર્લોભ, ક્ષમા, ધૈર્ય, સાહસ આદિ સદ્‌ગુણ મનુષ્ય કે ભૂષણ હૈં, યહ આપને ઉન્હેં બતાયા હૈ યા નહીં ?

૨૪–બિના મહત્ત્વાકાંક્ષા કે કોઇ વ્યક્તિ તરક્કી નહીં કર સકતા. યહ બાત આપને ઉન્હેં બતાઇ હૈ યા નહીં ? ઔર આપકે બાલક મહત્ત્વાકાંક્ષી હૈ યા નહીં, ઇસપર આપ પૂરા ધ્યાન તો રખતે હૈ ન ?

૨૫–અપને દેશ, સમાજ, જાતિ કે પ્રતિ તો આપકે બાલક અપને કર્તવ્ય કો સમઝતે હૈ ન ?

(ચૈત્ર–૧૯૮૫ ના "ત્યાગભૂમિ"માં લેખકઃ–એક ભારતીય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬–एक आदर्श कार्यकर्ता

ઉસકા નામ થા ખેમા ઔર કામ થા વૃક્ષવિશેષ તથા પીપલ લગાના, ઉનકી રક્ષા કરના ઔર સાર્વજનિક જલાશય કો સાફ કરના. વહ ગરીબ, ઇસી કારણ અવિવાહિત જાટ થા; એક ગૃહસ્થ કે યહાં સાધારણ નૌકર થા. દિનભર અપની નૌકરી કા કામ કરતા થા ઔર રાત મેં પીપલોં કા, ઉસકા સારા અવકાશ–નહીં–નહીં, વિશ્રામકાલ ભી ઇસી કામ મેં ખર્ચ હોતા થા. પૌષ–માઘ કા જાડા ઔર વૈશાખ–જ્યેષ્ઠ કી ધૂપ કોઇ ભી ઉસકે માર્ગ મેં રોડે ન અટકા સકતી થી. હમ લોગ કહતે હૈં "ભાઇ ! અમુક કાર્ય કરના તો ચાહતે હૈં; પર, ક્યા કરેં, અવકાશ હી નહીં મિલતા !" પરંતુ પરાધીન હોને પર ભી ઉસે અવકાશ કી કમી નહીં હુઇ, ક્યોં ? ઇસ લિયે કિ ઉસમેં કામ કરને કી લગન થી.

રાત કે બારહ બજે કા સમય થા, એક સંબંધી કો બિદા કર કે લૌટ રહે થે કિ પીપલોં મેં ખલબલાહટ–સી સુન પડી. "કૌન ?" પૂછને પર ઉત્તર મિલા "ખેમા !" "ક્યા કર રહે હો?" "પીપલોં મેં પાની દે રહા હૂં." "ઇસ સમય ?" "હાં, આજ ઔર દિનોં સે થોડી જલદી આંખ ખુલ ગઇ."

ઇસ નિશીથ કાલ મેં જબ સારા સંસાર નિદ્રાદેવી કી ગોદ મેં વિશ્રામ કરતા હૈ, યા તો અપને અંધે માતા–પિતા કે લિયે પાની લાને શ્રવણકુમાર જા સકતા હૈ, યા કિસી પરમાર્થ કે લિયે ખેમા કે સદૃશ પરોપકારી જીવ.

ઉસને પીપલ, નીમ આદિ વૃક્ષ સૈકડોં લગાયે, જિનકી ઠંડી છાયા કા ઉપયોગ પ્રત્યેક આદમી કર સકતા હૈ. હમ કિસી આદમી કા થોડા–સા ઉપકાર કર દેતે હૈં, તો ઉસે જન્મભર કે લિયે અહસાન સે લાદ દેતે હૈં ઔર ચાહતે હૈં કિ વહ કભી હમેં ઇસકા બદલા ભી દે; કિસી સંસ્થા મેં દાન દે કર ચાહતે હૈં કિ વહ હમારી કીર્તિપતાકા દેશદેશાન્તર મેં ઉડા દે. ભલા વહ ઇન વૃક્ષોં સે કિસ બદલે કી આકાંક્ષા કરતા થા ? બેચારે જડ વૃક્ષ ઉસકી કીર્તિ–પતાકા કહાં તક ઉડા સકતે થે ? પર, ઉસે ઇસકી પર્વાહ નહીં; વહ તો નિઃસ્વાર્થ ઔર મૌન કાર્યકર્તા થા.

બરસોં બીત ગયે, વહ ધીરે–ધીરે વૃદ્ધ હોને લગા; અંત મેં ઉસકી ઇંદ્રિયાં શિથિલ હો ગઇ, બુઢાપે સે લડને કી શક્તિ ન રહી. યહ દેખ કર કુછ ઉદાર સજ્જનોં ને ઉસકી થોડી સી વૃત્તિ બાંધ દી, જિસસે વહ અપના નિર્વાહ કર લેતા થા. ભલા ઉસકી આવશ્યકતા હી કિતની થી ? પેટ ભરને કો દો રોટી ઔર તન ઢાંકને કો ગજ ભર કા ટુકડા.

પર વહ થક કર મુંહ મોડનેવાલા નહીં થા, વહ તો બંદા બહાદૂર કા પરિભાષિત વીર થા.

શૂરા સોઇ જાનિયે જો લડે દીન કે હેત, પુરજા પુરજા કટ મરે કભી ન છોડે ખેત.

અબ ભી વહ ખાલી ન બૈઠતા, પીપલોં કી રક્ષા ઔર તાલાબ કી સફાઇ કે લિયે ભરસક પ્રયત્ન કરતા હી રહતા થા.

રાત્રિ કા ચૌથા પહર થા, વહ તાલાબ કા ઘાટ ધો રહા થા; મિરગી કા દૌરા હુઆ (ફેફરૂં ચઢી આવ્યું) ધમ સે તાલાબ મેં જા પડા. પિતા કી ગોદ મેં પુત્ર કી નાંઇ વહ સદા કે લિયે સો ગયા. ઇસી તાલાબ કો સાફ કરને ઔર ઇસીસે વૃક્ષોં કે લિયે પાની લે જાને મેં ઉસને તન–મન–ધન તો સમર્પણ કિયા હી થા. અંત મેં દૈવ ગતિ સે જીવન ભી સમર્પિત હો ગયા.

યહ દરિદ્ર, અશિક્ષિત અતએવ હમારે શબ્દોં મેં મૂર્ખ મનુષ્ય હી હમારા આદર્શ બનને યોગ્ય હૈં. હમ કામ કરતે હૈં થોડા, ઔર શોર મચાતે હૈં અધિક. હમારે પ્રત્યેક કામ મેં ધન, જન, અવકાશ આદિ ન માલૂમ કિતની આવશ્યકતાયેં ચીન કી દિવાર બન જાતી હૈં; પર ઉસે ઇનમેંસે એક ભી ચીજ કી કમી ન હુઇ. લોગ અપને આપ હી વૃક્ષોં કી રક્ષા કે લિયે સહાયતા દેતે થે; પર આજ ઉનકી પર્વાહ કિસીકો ભી નહીં હૈ. ક્યોંકિ કોઇ આગે ચલનેવાલા નહીં હૈ. અતએવ પ્રત્યેક કાર્ય કે લિયે આવશ્યકતા હૈ એક નિઃસ્વાર્થ ઔર મૌન કાર્ય–કર્તા કી. ફિર કામ દેખ કર સહાયતા કરનેવાલે તો અનેકોં મિલ હી જાતે હૈં, ક્યોંકિ દુનિયા અંધી નહીં હૈ. યહ કસૌટી હૈ, જિસપર કસે જાને કે બાદ ઝૂઠે કા અનાદર ઔર સચ્ચે કા આદર હોતા હી હૈ. કામ શુરુ કરતે હી જો લોગોં સે સહાયતા પાને કી આશા કરતે હૈં વે 'અરહણ કી ચોરી ઔર સૂઇ કા દાન' કર કે વિમાન કી બાટ જોહતે હૈં. (ચૈત્ર–૧૯૮૫ના "ત્યાગભૂમિ"માં લેખકઃ–શ્રી. લક્ષ્મીનારાયણ પચીસિયા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭–વિજ્ઞાન અને શોધખોળ

મનુષ્યકૃત સૂર્ય

વિજ્ઞાનની પ્રગતિ એટલી બધી થઇ છે કે કુદરતી બનાવો અને શક્તિઓનું અનુકરણ સફળતાથી કરી શકાય છે. સૂર્યના જેટલો પ્રકાશ અને ગરમી પેદા કરવાની શોધ કરવામાં આવી છે; અને એટલેથી નહિ અટકતાં, તે ગરમીવડે, જમીનમાં નહિ, પરંતુ પ્રયોગશાળામાં રાસાયણિક ખાતરવડે બરણી કે ડબામાં માટી ભરી વાવવામાં આવેલાં બીયાંમાંથી પાક ઉતારવાની (અને તે પણ કુદરતી પાકના કરતાં અડધાથી પણ ઓછા સમયમાં) શોધો અને સફળ પ્રયોગો થયા છે. અમેરિકાની કેલીફોર્નિયા યુનિવર્સિટીના ખેતીવાડી ખાતાના બે વિજ્ઞાનીઓએ ૩૦૦ કેન્ડલ પાવરની બત્તીઓમાં "આરગન" ગેસ ભરી સૂર્યના જેટલું તેજ અને ગરમી પેદા કરી પ્રયોગશાળામાંજ બરણીઓમાં ખાતરના જેવા ગુણવાળાં રસાયણો ભર્યાં અને ત્યાંજ ઘઉંનું વાવેતર કર્યું. અને એ ઘઉંના વાવેતરમાંથી માત્ર ત્રણ મહીનામાં ઘઉંનો પાક ઉતાર્યો, જ્યારે બીજી સાધારણ જમીનમાં ઘઉંની વાવણી પછી પાકને ઓછામાં ઓછા પાંચ મહિના લાગે.

અમેરિકાની પ્રયોગશાળાઓમાં માત્ર સૂર્યનો પ્રકાશજ નહિ પણ જૂદી જૂદી ઋતુઓ, ચોમાસું, ઉનાળો, શિયાળો તેમજ વાવાઝોડાં અને તોફાનો પણ ઉભાં કરવાનાં સાધનો છે. ત્યાં આગળ રંગ અને વાર્નિશનું ટકાઉપણું જોવા માટે, એટલે કે તે કેટલાં વર્ષ સુધી કામ આપશે તે જાણવા માટે તેને સખત ગરમી, સખત ઠંડી, સખત વર્ષા અને વાવાઝોડાંના કૃત્રિમ અખતરામાંથી પસાર કરવામાં આવે છે, અને પછી તેની ખાત્રી કરવામાં આવે છે.

× × × ×

વનસ્પતિમાંથી મોટર માટેનું બળતણ

ડેનિયલ હોગ નામના એક અમેરિકન વિજ્ઞાનીએ પોતાની પ્રયોગશાળામાં એવું એક યંત્ર બનાવ્યું છે કે જે વડે તે કેટલીક જાતની વનસ્પતિઓમાંથી મોટરમાં કામ આવે તેવું નવી જાતનું પ્રવાહી બળતણ ઉત્પન્ન કરી શકે છે. આવી રીતે તેણે બળતણ ઉત્પન્ન પણ કર્યું છે અને તેનો અખતરો કરતાં તેને માલમ પડયું છે કે, તે ગેસોલીન કરતાં સારૂં કામ આપે છે; એટલુંજ નહિ પરંતુ તે એટલું બધું સસ્તું પડે છે કે એક ગેલનની કિંમત બહુ તો એક આના જેટલીજ પડવા જાય.

× × × ×

હવાનાં મોજાંવડે ખોરાક બગડતો અટકાવવાની શોધ

યૂરોપ–અમેરિકામાં લોકો ખાવા માટે પાઉં, બીસ્કીટ અને રોટલી બજારમાં બનાવેલીજ ખાય છે. તે ખોરાકીની ચીજો વધારે વખત રહે તો બગડી જાય; એટલે એવી રીતે બગડતાં અટકાવવા માટે જે કાંઇ શોધ કરવામાં આવે તે ઘણી અવકારદાયક લેખાય છે. અમેરિકાની સીનસીના યુનિવર્સિટીના પ્રોફેસર સ્નીડરે એવી શોધ કરી છે, કે જે જંતુઓ રોટલી થયા પછી તે રોટલીને બગાડી નાખે છે તે જંતુઓને મારી નાખવાં હોય તો રોટલીને રેડીઓની માફકનાં અમુક પ્રકારના હવામાંનાં મોજાંઓમાં મૂકવી જોઇએ. આવી રીતે જે રોટલી ઉપર પ્રયોગ કરવામાં આવ્યા હોય તે રોટલી આઠ દિવસ સુધી બગડતી નથી. દૂધ, નારંગીનો રસ તેમજ બીજા ખોરાકો પણ જે જંતુઓથી બગડી જાય તે જંતુઓનો પણ આવીજ રીતે નાશ કરી શકાય છે.

× × × ×

જમીન ખેડવા માટે હાથીઓ

જમીન ખેડવા માટે બળદ અને ઘોડા વપરાયા જોયા છે, પરંતુ એ કામમાટે હાથીઓનો ઉપયોગ સાંભળ્યો નથી; છતાં હાલમાં એવી ખબર મળી છે કે, આફ્રિકાના બેલ્જીઅન કોંગો પ્રદેશમાં હાથીઓ મોટી સંખ્યામાં થતા હોવાથી, ખેતી કરવા માટે હાથીઓનો ઉપયોગ અખતરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપે કરવામાં આવ્યો હતો, અને તે ઉપરથી માલૂમ પડ્યું કે, એથી દશ વર્ષસુધીની ઉંમરનાં હાથીનાં બચ્ચાંઓ આ કામ માટે ઘણાં ઉપયોગી અને સસ્તાં થઇ પડે છે. નાના હાથીઓને શીખવવા માટે એક મોટો હાથી કામે લગાડવામાં આવે છે. એક હાથી બે દિવસમાં અઢી એકર જેટલી જમીન ખેડી શકે છે, અને ખર્ચ ટ્રેક્ટર કરતાં લગભગ દશગણો ઓછો થાય છે.

× × × ×

ત્રણ માઇલ લાંબો બુગદો

ઇંગ્લેન્ડમાં હાલમાં એક ગંજાવર બુગદો ડુંગરમાં કોરવામાં આવે છે. ઇંગ્લંડમાં મરસી નદીની નીચે લિવરપૂલથી બર્કનહેડ જવા માટે ઘણી ઉંડાઇએ આ બુગદો ત્રણ માઇલ જેટલો લાંબો થશે. કામ ઇ. સ. ૧૯૩૦ માં પૂરૂં થશે. પહોળાઇમાં તે ૬૪ ફુટ પહોળો થશે અને એની અંદરથી એક કલાકમાં ૩૦૦૦ મોટરો પસાર થઇ શકશે. એક્કી સાથે ચાર મોટરો લગોલગ સાથે પસાર થઈ શકશે. જોકે એમાં એવો નિયમ કરવામાં આવશે કે, દરેક મોટરે બીજી મોટરથી ૧૦૦ ફુટ જેટલા અંતરે રહેવું.

× × × ×

ઉંઘ માટે કાળો રંગ

ઇટાલીમાં ગાંડા માણસો માટેની ઇસ્પીતાલના એક ડૉક્ટર મેરીઓ પોન્ઝેએ ઘણા દરદીઓની તપાસ કર્યા પછી જાહેર કર્યું છે કે, ઉંઘ લાવવા માટે કાળો રંગ ઘણો ઉપયોગી છે. જે ઓરડામાં કાળા રંગની દિવાલ હોય, ઓઢવા-પાથરવાની ચાદરો અને ઓશીકાં કાળા રંગનાં હોય ત્યાં ઉંઘ નહિ આવતી હોય તેવાને પણ જલદી ઉંઘ આવી જાય. જેઓને ઉંઘજ નહિ આવતી હોય અને એને લીધે ચિત્ત ઠેકાણે નહિ રહેતું હોય તેવા માટે આ ઉપાય ઘણો સારો છે એમ એક જર્મન ડૉક્ટર રૂડોલ્ફ કોટઝનું પણ કહેવું છે.

× × × ×

દરિયામાં કલાકના ૭૦ માઇલની ઝડપે જનારી બોટ

અત્યાર સુધીમાં સ્ટીમરો વધારેમાં વધારે ૩૦ માઇલનીજ ઝડપે જઇ શકે છે. એક ફ્રેંચ ઇજનેરે એવી જાતની બોટ જેવી નાની સ્ટીમર બનાવી છે, જે કલાકના દરિયાઇ ૭૦ (જમીન ઉપરના ૮૦) માઇલની ઝડપે જઇ શકશે; એટલુંજ નહિ પણ ગમે તેવો તોફાની દરિયો હોય છતાં ડૂબેજ નહિ. તોફાનમાં પણ ૪૦ થી ૫૦ માઇલની ઝડપે જતાં તેને મહેનત પડશે નહિ. આ ફ્રેંચ ઇજનેર આરડીએન રેમી છે. તેણે એક વર્ષ પહેલાં નાનો મૉડેલ-નમુનો તૈયાર કર્યો હતો. તે પ્રમાણે હવે એક બોટ બનાવી છે, જે બે લંબગોળાકારના હવાથીજ ભરેલા અને બંધ કરી દીધેલા સિલિંડરો ઉપર મૂકવામાં આવી છે. આ બોટમાં ૬૫૦ હૉર્સ પાવરનું ગેસોલીનથી ચાલતું મોટર એન્જીન રાખવામાં આવ્યું છે. આ એન્જીન ચાલે ત્યારે એ બોટ પાણી ઉપર ઝપાટાબંધ ચાલી જશે અને એમજ જણાશે કે, પાણીથી પણ જરા ઉંચે ઉડતી હોય તેવી રીતે અસાધારણ ઝડપથી જશે. આ બોટમાં એ ઇજનેર માત્ર ૬ માણસને લઇને ફ્રાંસથી ન્યુયૉર્ક સુધીની મુસાફરી માત્ર ૬૦ કલાકમાં પૂરી કરવાનો ઇરાદો રાખે છે. આખો આટલાંટિક મહાસાગર તે પોતાની બોટમાં ઓળંગવાનો અખતરો પાર પાડશે. પછી એવી બોટો સ્ટીમર કંપનીઓને બનાવી આપશે, જેથી સ્ટીમરો બંદરથી સેંકડો માઇલ દૂર હોય ત્યારે ત્યાંથી ટપાલ લઇ આવવા તેમજ સ્ટીમરો બંદર છોડી ગઇ હોય તે પછી પણ ટપાલ પહોંચાડવાના કામમાં ઘણી ઉપયોગી થઇ પડવા સંભવ છે.

(તા. ૭-૧૦-૧૯૨૯ના અઠવાડિક "મુંબઇ સમાચાર"માં સંપાદકઃ—રા૦ જયંત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮–શોષણનીતિના સંચા

મુડીવાદે સરજેલી વિષમ સમાજરચનામાં પ્રસરી રહેલી શિક્ષણપદ્ધતિની સમાજવાદી સમીક્ષા

શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે, શિક્ષણનું ક્ષેત્ર એકદેશીય વિચારોના પ્રચારથી અલિપ્ત છે. એમાં આ 'મતવાદ' કે તે 'મતવાદ'ને સ્થાન ન હોય. શિક્ષણ તો રાજદ્વારી કે સામાજિક મંતવ્યોના સીમાડાથી વેગળું રહીને વિદ્યાર્થીઓને શક્તિવિકાસનો સંદેશ આપે છે; માટે એમાં સમાજવાદ, સામ્યવાદ, મજુરવાદ કે રાષ્ટ્રવાદનો રંગ નજ પૂરવો જોઇએ. એમ શિક્ષણશાસ્ત્રના નિપુણો દાંડી પીટીને પોકારે છે. અને છતાં, એજ શાસ્ત્રીઓ મુડીવાદનાં મંતવ્યોપર આખાયે શિક્ષણશાસ્ત્રનું મંડાણ કરવાનું ચૂકતા નથી. જે સાધનસંપન્ન વર્ગના તેઓ સભ્યો છે, તેજ વર્ગના સ્વાર્થોની ઇમારત તેઓ પ્રાથમિક કેળવણીથી માંડી વિશિષ્ટ શિક્ષણસુધીનાં સઘળાં ક્ષેત્રોમાં ખડી કરે છે. આજની કુલઝપટ કૉલેજો, શાળાઓ, ઉદ્યોગમંદિરો, આશ્રમો, વિદ્યાપીઠો અને વિશ્રામો એકજ અવિચળ મુડીવાદની પ્રેરણાની એ પ્રવૃત્તિ કરે છે, અને ભાવિ નાગરિકોના ઘડતર માટે આ સમાન સમાજરચનાના આદર્શો ઉભા કરે છે; પણ 'શિષ્ટ વર્ગો'ના સ્વાર્થોનું આ પ્રચારકાર્ય તો સઘળી સંસ્થાઓમાં વ્યાપક છે, એટલે શિક્ષણશાસ્ત્રીઓની નિષ્ણાત નજરમાં એ માત્ર કેળવણીનો સ્વાભાવિક ક્રમ બની રહે છે.

એક હિંદમાંજ નહિ પણ આખી આલમમાં શિક્ષણપ્રથાઓ આ મુડીવાદના ધોરણેજ ઘડે છે. એટલે એ પ્રથાઓનું ઉલ્લંઘન કરતી કોઇ પણ પદ્ધતિ શિષ્ટવર્ગમાંથી સરજાયેલા શિક્ષણશાસ્ત્રીઓની આંખમાં ખુંચે છે. આજથી બે વર્ષ અગાઉ હિંદના એક વિખ્યાત શિક્ષણનિષ્ણાત સજ્જન લંડનની શિક્ષણશાસ્ત્ર પરિષદમાં પધારેલા. ધનપતિઓના ધોરણે રચેલા શિક્ષણસિદ્ધાંતોથી છલકાતું મગજ લઇ એ વિદ્યાવિશારદ પુરુષ બર્લિન સીધાવ્યા. ત્યાં તેમણે કોઇ શેરીમાં શાળાનાં બાળકોને સમાજવાદનાં સૂત્રોથી શોભતા વાવટાસમેત સરઘસમાં કૂચ કરતાં અને શ્રમજીવીઓના અધિકારોનું સંગ્રામગીત લલકારતાં દીઠાં. વિદ્યાધિકારીનું કાળજું ફફડી ઉઠયું. વર્તમાનપત્રના પ્રતિનિધિને મુલાકાત આપતાં તેણે કહ્યું કે "નિર્દોષ બાળકોને આ ઉંમરે આવા રાજદ્વારી વિચારોવડે બગાડવાં એ ખરેખર દિલ વિદારનારી વસ્તુ છે. કંઇ નહિ તો પ્રાથમિક કેળવણીમાં તો બાળકોને કોઇ પણ પ્રકારના પ્રચારકાર્યથી વેગળાં રાખવાં જોઇએ."

શિક્ષણશાસ્ત્રીઓની આ સર્વસામાન્ય મનોદશા છે, અને એ મનોદશા કેવળ જુઠી છે. વસ્તુતઃ બાલમાનસમાં રાજકારણના શિક્ષણનું મંડાણ બાળકની પ્રજ્ઞાશક્તિના પ્રારંભ સાથેજ થાય છે. જ્યારથી જીવનની જરૂરિયાતો અને એ સંપાદન કરવાની પ્રાથમિક પદ્ધતિ તે સમજવા માંડે છે, ત્યારથીજ તેનું સામાજિક, આર્થિક અને રાજદ્વારી શિક્ષણ શરૂ થાય છે. તાલેવંત વર્ગમાં જન્મેલો અને એ વર્ગથી નિયંત્રિત એવી રાજસત્તાની શાસનપ્રથા નીચે ઉછરેલો બાળક પ્રારંભથીજ મુડીવાદી શિક્ષણનું સંપાદન કરે છે. એની આસપાસ મુડીવાદની મહત્તા સ્થાપનારાં સાધનો એકઠાં મળે છે. ઘરઆંગણે એને અનુચરોનાં જૂથ પંપાળે છે, નિશાળમાં એને શિક્ષકો માનથી બોલાવે છે, સમાજમાં એની ચાલાકી ઉપર મુડીવાદનાં વાજીંત્રો તારીફ પોકારે છે. અન્ય માનવોપર અધિકાર સ્થાપવાની, એ માનવોથી અધિક સગવડો ભોગવવાની, એમનાથી ઉંચેરી માનસિક તાકાત ધરાવવાની અને એ તાકાત ઇશ્વરદત્ત ને પ્રકૃતિપ્રણીત છે એમ સમર્થન કરવાની મનોદશા તે શૈશવથીજ સેવે છે. મુડીવાદને મહત્તા આપતા ધર્મગુરુઓ તેને દાનેશ્વરનો સુપુત્ર ગણે છે. એના માટે ઉદ્યાનો, આનંદગૃહો અને મંદિરોનાં બારણાં હરદમ ખુલ્લાં રહે છે. તેનો માનવંત પિતા અનેક પ્રવૃત્તિઓમાં પૈસા આપી સમાજનો શિષ્ટ પુરુષ બને છે, એટલે તે પુત્ર એ સઘળું મુડીવાદનુંજ પરિણામ છે એમ સમજે છે. સાધનહીન શ્રમજીવીઓ ઉપર સીતમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવવામાં તે ઈશ્વરદત્ત અધિકારનો અમલ જુએ છે. સમાજમાં સળગી રહેલી આર્થિક અ-સમાનતાને તે કોઇ અગમ્ય શક્તિએ યોજેલા ન્યાયનોજ પરિપાક લેખે છે.

અને શાળામાં જઇને પણ મુડીવાદની મહત્તા સિવાય તે અન્ય શું શીખે છે? મહેનતુ માનવસમાજને ચૂસતા મુઠ્ઠીભર મુડીદારોની સંપત્તિના સંરક્ષણનો પાઠ તેને કહે છે કે "તારે ચોરી ન કરવી." સમાજપર સમૃદ્ધિવાનોનો પંજો ભીડી રાખવા માટે તેને કોપીબુક આદેશ આપે છે કે 'મોટાઓને માન આપો.' વ્યવહારમાં ગમે તેવાં અળખામણાં આચરણો કર્યાં હોય તેની યોગ્યતા સિદ્ધ કરવા માટે પાઠ્ય પુસ્તકો પોકારે છે કે "ઇશ્વર દયાળુ છે, સવારસાંજ તેની સ્તુતિ કરવાથી સઘળાં પાપોનો પોટલો દૂર થશે." પણ આ સઘળાં પાપ, અપરાધ, ચોરી અને ચશ્મ-પોશી આજની અવળી સમાજરચનાનાં સીધાં પરિણામ છે; માટે તેની સામે બળવો સળગાવવો જોઇએ એમ કોઇ પાઠ્યપુસ્તક શીખ આપે છે? સંપત્તિના સૃષ્ટાઓ ઉપર આળસુ મુડીદારોની ભીંસ અભંગ જાળવવા માટેજ સરજાયેલી શિક્ષણપદ્ધતિને એવી શીખ ક્યાંથી પોષાય? કોઇપણ બાળપોથી એમ નથી બોલતી કે 'દરેક બાલકે–પછી તે તાલેવંત હોય કે મિસ્કીન હોય–મહેનત કરી-નેજ રોટલો રળવો જોઇએ, અથવા તો સમાજમાં સહકાર અને આર્થિક સમાનતા પોષવા માટે પ્રત્યેક માનવની સાથે તેણે સંપત્તિના સર્જનમાં હિસ્સો આપવો જોઇએ. તનમનની તાકાત એ તો આર્થિક અવસ્થાનું સીધું પરિણામ છે અને સંપત્તિની વહેંચણી, શ્રમ અને સમાનતાના પ્રમાણમાં પાડવાથી સમાજના કેટલાયે સડા દૂર થશે.' આમ સમજાવવાની તકલીફ કોઇ પણ શિક્ષણશાસ્ત્રીએ ઉઠાવી છે?

આંખ સામે ક્ષણે ક્ષણે ઉકળતી આ નક્કર હકીકતો સામેય આપણને વિદ્યાવિશારદો એમ ઠસાવવા મથે છે કે, કેવળણીમાં વર્ગવિગ્રહ, રાજકારણ કે સ્થાપિત સ્વાર્થ જેવું કંઇજ નથી. તો પછી શાળાઓમાં અને કૉલેજોમાં રાજાઓના રક્ષણ માટે ઇશ્વરસ્તુતિઓ શામાટે થાય છે? શા માટે કોઇ દાન દેનારા ધનપતિઓનાં ગુણગાનોના મોંપાઠથી બાલકોનાં મનપર મુડીવાદની છાપ આંકવાના પ્રકટ પ્રયાસો આચરાય છે? ખરૂં જોતાં પ્રાથમિક શાળાઓ અને કૉલેજો તથા કિંડર-ગાર્ટન અને મોન્ટેસરીનાં મંદિરો આ મુડીદાર વર્ગની સ્વાર્થસાધનાનાં સમર્થ શસ્ત્રો છે. સમાજપર સત્તાનો દોર ચલાવતો એક મુડીદારો અને સામ્રાજ્યવાદીઓનો વર્ગ. આ આખીયે અવળી શિક્ષણ-પદ્ધતિનો પ્રચુર ઉપયોગ પોતાના હિતપ્રચાર માટે કરે છે. વિશ્વભારતી, ફ્રેલોશીપ સ્કૂલ અને દક્ષિણામૂર્તિ ભવન જેવી સંસ્થાઓ આ વર્ગવિગ્રહમાં એકજ છાબડામાં બેસી મુડીવાદને પોષે છે. સરકારની આંખ તળે ચાલતી શિક્ષણસંસ્થાઓ પણ પાઠ્યપુસ્તકો અને પાઠકોદ્વારા સામ્રાજ્યવાદનો વાંસો થાબડે છે.

બીજી બાજુ આમવર્ગને માટે ઉભાં કરવામાં આવેલાં શિક્ષણમંદિરોમાંની કેળવણી, મુડી-દાર માલેકો માટે નફો સર્જનારા અધીન શ્રમજીવીઓ ઉત્પન્ન કરવાનોજ ઉદ્દેશ સેવે છે. અન્ન આપનાર, પગાર પાઠવનાર, પાલન કરનાર માલેક ઉપર અપૂર્વ વફાદારી રાખવાનો ઉપદેશ એ કેળવણી આપે છે. એ શિક્ષણ આર્થિક અને માનસિક ધોરણે શિક્ષિતોનો કંઇએ વિકાસ સાધતું નથી. એનો આખો વ્યૂહજ એ વિકાસના અવરોધમાટે અને પગારદાર ગુલામીના સર્જન માટે ગોઠવાયો હોય છે. મુડીદારો સ્પષ્ટ સમજે છે કે, એકલા પશુબળથી શ્રમજીવીઓને ધુંટણભર લાવી શકાશે નહિ; એટલે મહેનતુ માનવો અને એમનાં બાળકોના માનસપર વફાદાર ગુલામીના સંસ્કારો સ્થાપવાની કાબેલ યોજના એમણે ખડી કરી છે. એ યોજનામાં ઇશ્વરપ્રણીત આર્થિક અવ-સ્થાનું, અધ્યાત્મવાદનું અને માનવના 'ઉદ્ધારક' ધર્મનું તૂત સૌથી સબળ શસ્ત્ર છે. દેવમંદિરો અને મહર્ષિઓના મઠો આ મુડીવાદનાં વ્યવસ્થિત સાધનો છે. વર્તમાનપત્રો અને વિદ્યાલયો એનાં અધિક હથિયારો છે. ધર્મ અને ઇશ્વરના ભય નીચે મહેનતુ માનવસમાજ એના 'અન્નદાતા' સામે ઉઠતાં થરથરે છે. **'मातृदेवो भव' 'आचार्यदेवो भव'** જેવાં અનેક સૂત્રો એને પાલક-પ્રત્યે વફાદારી દાખવવાનો આદેશ આપે છે. વસ્તુતઃ એ પાલક પાલક નથી, અન્નદાતા નથી; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુડીના સાચા ઉત્પાદકો પાસે વધારેમાં વધારે શ્રમ કરાવી ઓછામાં ઓછો પગાર આપનાર અને સંપત્તિના સૃષ્ટાઓની મહેનતનાં મિષ્ટ ફલોપર ક્રૂર તરાપ મારનાર લૂંટારો છે, એમ કોઇ શાળાએ, દેવમંદિરે કે મુડીવાદી વર્તમાનપત્રે આજ સુધીમાં સમજાવ્યું છે?

મુડીવાદી સમાજરચનામાં વિદ્યાલયનાં મુખ્ય બે કામ છે. એક તો તે આમવર્ગની ઓલાદનું માનસ મુડીવાદ માટે ભકિતપ્રચુર બનાવે છે; અને બીજું તે સત્તાધારી વર્ગના વિદ્યાર્થીઓને શ્રમજીવીઓપર અંકુશ આરોપવા માટે પલોટે છે.

શ્રમજીવીઓના માનસમાં ગુલામી સિંચવા માટે સત્તાધારી વર્ગે શિક્ષકોનાં તાલીમખાનાં ખડાં કર્યાં છે. એમાંથી તૈયાર થયેલા વિદ્યાગુરુઓ નિશાળે નિશાળે મુડીવાદની અધિરાજક સત્તાના અચળ પાયા આરોપતું શિક્ષણ આપે છે. એ નિશાળોમાં અમુક સમયસુધી કેળવણી લઇને બહાર પડેલો મહેનતુ યુવક પોતાના માલેકને અન્નદાતા લેખી અજબ વફાદારીથી તેના આદેશ ઉઠાવે છે. આજે બધી શાળાઓમાં વિદ્યાર્થીઓને જે શિક્ષણ સાંપડે છે તે તેમને મુડીવાદી સમાજવ્યવસ્થાના વાહક બળદો બનાવવા માટેજ છે.

જે જે અમલદારોના હાથમાં કેળવણીનાં ખાતાં છે, તે સઘળા મુડીવાદના પૂજારીઓજ હોય છે. શિક્ષણની સંસ્થાઓમાં કોઇ વિપ્લવવાદી માણસ પ્રવેશ ન પામે તેની તેઓ ઉઘાડી આંખે અવિરત સંભાળ રાખે છે. 'વિદ્યાદેવીનાં પવિત્ર મંદિરો'માં કોઇ ભયાનક તત્ત્વ ન પેસી જાય એટલા માટે મુડીવાદે એ મંદિરોને મોખરે અનેક ચોકીદારો ખડા કર્યા છે. કોઇ પણ દેશમાં (રશિયા સિવાયના) શિક્ષણની કોઇ સંસ્થામાં સમાજવાદી શિક્ષકને સ્થાન નથી; કારણ કે તે મુઠ્ઠીભર છતાં સત્તાધારી સંપત્તિમાનોની વિષમ સમાજરચનાનો વિઘાતક લેખાય છે. અને એવો શિક્ષક કદી ઘુસી ગયો હોય તો તેને ખૂરે હાલે બહાર કાઢવાનાં પડયંત્રો સત્વર ચાલુ થાય છે. મુંબઇની એક મુડીવાદી હાઇસ્કૂલમાંથી ભાઇ ઝાબવાળાને મળેલી બરતરફી આ વર્ગકેન્દ્રિત સત્તાના સાણસાનો અભંગ અમલ નથી સૂચવતી?

પાઠયપુસ્તકોની રચના પણ આ વિષમ વર્ગલક્ષી ધોરણેજ થાય છે. મુડીવાદના ક્રૂર સ્વાર્થોનું સંરક્ષણ કરવાની નિરપવાદ ભાવના આ ગ્રંથોને પાને પાને જળવાઇ રહે છે. એ પુસ્તકોના લેખકો, સંપાદકો અને પ્રકાશકો મુડીવાદે સર્જેલી વિષમ સમાજવ્યવસ્થાના ઉપાસક હોય છે. આ રીતે આખા સામાજિક માનસમાં 'શિષ્ટવર્ગ'ની શ્રેષ્ઠતાનો ભૂત ભરાવાય છે. વિદ્યાર્થીને એની બુદ્ધિના ઉદ્ગમકાળથીજ મુડીવાદનાં ગુણ, કીર્તિ અને અન્ય લક્ષણો માટે લાલસા ઉપજે છે. એ શિક્ષણ સંપૂર્ણ કરીને તે સમાજમાં મોખરે આવવા મથે છે; સાધ્ય-સિદ્ધિના પ્રયાસમાં તે ઓછા સમૃદ્ધિમાનોની પીઠપર પગ દઈ મથાળે પહોંચે છે; અને પછી કૂવાને કાંઠે પહોંચેલા શિયાળની પેઠે તે આધારભૂતોને સગવડ મુજબ ઉંડી ખાઇમાં હડસેલી મૂકે છે.

શિક્ષણસંસ્થાઓની બીજી તેમ સાચા શ્રમજીવીઓને ઉત્તમ કેળવણીથી વિરક્ત રાખવાની છે. હાઇસ્કૂલો અને કૉલેજો, વિશિષ્ટ વિદ્યાનાં મંદિરો અને ઔદ્યોગિક આશ્રમોનાં બારણાં એ મહેનતુ માનવસમાજનાં સંતાનો સામે બંધ રહે છે. એ મંદિરોને આંગણે તો શોષણનીતિના સર્જનહારોનીજ ઓલાદ ઉભરાય છે. આ વિષમ સ્થિતિ સામે મુડીવાદીઓ વદે છે કે 'અમે કંઇ શ્રમજીવીઓ સામે આ વિદ્યાલયોમાં અવરોધ ઉભા નથી કરતા. તેમને એમાં આવવું હોય તો ભલે આવે; પણ એમને ઉંચી કેળવણી માટે મનીષાજ ક્યાં છે?' આ દલીલ અત્યંત ભરમાવનારી છે. શ્રમજીવનના સંગાથીઓ તેના રદિયામાં પોકારે છે કે, મુડીવાદીઓ વાણીની આ અજબ ઉદારતા દાખવે છે, પણ વિદ્યાલયોની વ્યવસ્થામાં તેઓ હમેશાં અમારી સામે પ્રતિરોધક તત્ત્વો ખડાં કરે છે. એ શિક્ષણસંસ્થાઓનો લાભ લેવામાં શિક્ષિતોને નાણાંની નિકાસ એટલી કરવી પડે છે કે શ્રમજીવીઓનાં ખિસ્સાં માટે તે બધી રીતે બાધક નીવડે છે. પુસ્તકો, ફી અને બીજાં અનેક લફરાં ઉપર એટલો બધો ખર્ચ કરવો પડે છે કે શ્રમજીવીઓ એમની સાંપ્રત સ્થિતિમાં એ આર્થિક વ્યય સહન નજ કરી શકે. પ્રજાનો તેવું ટકા ભાગ એક કે અન્ય પ્રકારની મજુરી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી આજીવિકા રળનારો હોય છે. એનાં બાળકોને ઉદરપોષણ માટે ઉગતી અવસ્થામાંજ ખેતરો ઉપર અને કારખાનાંમાં કામે જવું પડે છે. મુડીદારો એમનું આર્થિક શોષણ કરી એવી અધમ સ્થિતિ ઉપજાવે છે કે તેમને શિક્ષણ લેવાનો સમય પણ ન સાંપડે. ત્યારે શિક્ષણસંપાદન માટે જોઇતાં નાણાંની વાત ક્યાં કરવી રહી?

આનું પ્રકટ પરિણામ શું છે? ભવિષ્યમાન માલેકો આવી ઉંચી શિક્ષણસંસ્થાઓમાં શોષણનીતિની તાલીમ લઇને શ્રમજીવીઓને ચૂસવાનાં પડયંત્રોમાં સબળતા પૂરે છે.

આ રીતે આખીયે શિક્ષણપ્રથા વર્ગવિગ્રહના વિકરાળ પાયાપર કૃત્ય કરે છે; અંકગણિતના દાખલામાં કે ભૌતિકશાસ્ત્રના સિદ્ધાંતોમાં ભલે શોષણનીતિની તાલીમ મુડીદાર વિદ્યાર્થીઓને ન અપાતી હોય, પણ બીજાં પાઠયપુસ્તકોમાં, સામાજિક વ્યવહારોના શિક્ષણમાં, મુડી મજુરીના સંબંધનું સંપાદન શીખવવામાં, ઔદ્યોગિક વ્યવસ્થાના જ્ઞાનદાનમાં અને વિદ્યાર્થીજીવનને પગલે પગલે, વર્ગકેન્દ્રિત અને એકદેશીય કેળવણીજ અપાય છે.

હિંદનાં વિદ્યાપીઠોમાંથી બહાર નીકળતા અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓની મનોદશાપર જરા નજર નાખો. એ સઘળા 'શાસ્ત્રનિષ્ણાતો'નું માનસ મુડીવાદના રંગોથીજ ખરડાયલું હોય છે. પ્રૉ૦ ખુશાલ શાહ ભલે ગમે તેવા સમર્થ અર્થશાસ્ત્રી કે સમાજવાદના સમજનારા હોય, પણ એના જ્ઞાનનો ઉપયોગ મુડીવાદને મજબૂત કરવા તરફજ દોરાયલો રહે છે. જેમ હિંદમાં તેમ બીજા દેશોમાં પણ વિશિષ્ટ શિક્ષણ સંપાદન કરનારાઓની મનોદશા મુડીવાદ તરફજ ઢળતી રહે છે. ઇતિહાસ અને ભૂગોળ, જીવનચરિત્રો અને આત્મકથાઓ, એ બધુંજ મુડીવાદની મહત્તાના સ્થાપન માટે શીખવાય છે. નૃપતિઓ, સમ્રાટો, અમીરો, ઉમરાવો, જમીનદારો અને ઉદ્યોગપતિઓને દરેક દેશનો ઇતિહાસ રાષ્ટ્રના સુકાનીઓ અને સંરક્ષકો લેખવે છે. આ બધા મહાજનો બીજાની મહેનત ઉપર લૂંટારાની પેઠે મહાલતા હોય છે અને છતાં શાળા-મહાશાળામાં પાઠવાતા ઇતિહાસગ્રંથોમાં એમનાં નામ અને કામ ઉપર આદર્શ પુરુષોનો ઝળકતો તાજ આરોપાય છે. સંપત્તિનું સર્જન કરનારા મહેનતુ માનવોને પડખે ઉભા રહી રણજંગ ખેલનારા અને એ રણયજ્ઞમાં જીવનની આહુતિ આપનારા વિપ્લવવાદીઓને કોઇ ઇતિહાસ પ્રશંસતો નથી. ક્યાંથી પ્રશંસે? એ શહીદો તો અન્યાયી અધિરજનોના કટ્ટર દુશ્મનો હતા; એટલે તેઓ કાવત્રાંબાજોમાં ખપે છે. આપણી સઘળી શિક્ષણપદ્ધતિઓનો આ વર્ગલક્ષી સરવાળો છે.

આટલું જાણ્યા પછી કોણ નહિ પોકારે કે

"શિક્ષણસંસ્થાઓ એ શોષણનીતિની તાલીમ માટે સર્જાયેલા સંચાજ છે."

(તા. ૨૩ તથા ૩૦-જૂન-૧૯૨૯ ના "પ્રજામિત્રકેસરી" માં લેખકઃ-મકરકેતુ)

૯૯-વ્રતો અને તહેવારો તંદુરસ્તી અને આત્મિક શાન્તિ માટે છે.

હિંદનાં વ્રતો, ઉત્સવો અને તહેવારો દેખાદેખી, રૂઢિ અને શ્રદ્ધાથી પળાય છે અને ઉજવાય છે. તે બધામાં ગૂઢ તત્ત્વો અને વિજ્ઞાન છે અને બાર મહિનાના તહેવારોમાં શ્રાવણ મહિનાના તહેવારોનું વધારે મહત્ત્વ છે અને ધાર્મિક સ્વરૂપે વેદ સાથે સંબંધ ધરાવે છે. નિત્યની સંધ્યામાં અઘમર્ષણ મંત્ર એવું સૂચવે છે કે, પૃથ્વી વગેરે પરમેશ્વરે ઉત્પન્ન કરેલ છે. બાર મહિનાનાં નામો, ઋતુ વગેરે જ્યોતિષશાસ્ત્રને અનુરૂપ છે. શ્રાવણ સુદ ૧૫ ના રોજ-પૂર્ણિમાને રોજ શ્રવણ નક્ષત્ર હોય છે એટલા માટે શ્રાવણ માસ એવું નામ આપવામાં આવ્યું છે અને પૂનેમનું નામ શ્રાવણી રાખવામાં આવ્યું છે. માણસમાં ચાર વર્ણ છેઃ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. શ્રાવણી તહેવાર બ્રાહ્મણોનો છે, વિજયાદશમી ક્ષાત્રયોની છે, દિવાળી વૈશ્યોની છે અને હોળી શૂદ્રોની છે. મતલબ એ છે કે, શ્રાવણીમાં વેદોનું અધ્યયન થવું જોઇએ એટલે વેદ ભણવા અને ભણાવવા જોઇએ. શ્રાવણી પૂર્ણિમાને દિવસે ઉપાકર્મ, રક્ષાબંધન અને શ્રાવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મ કરવામાં આવે છે દૈવયોગે પૂર્ણિમાને દિવસે ચંદ્રગ્રહણ કે સંક્રાંતિ હોય છે તો ઉપાકર્મ, રક્ષાબંધન વગેરે શ્રાવણ સુદ ૫ ને રોજ કરવામાં આવે છે. ઉપાકર્મ સાથે રક્ષાબંધન સંકળાયેલીજ છે, એમ ગૃહ્યસૂત્ર કહે છે. શ્રાવણીને દિવસે ઉપાકર્મ કર્યા પછી આચાર્યોને ત્યાં વેદાધ્યયન થતું જે પોષી પૂર્ણિમાએ સમાપ્ત થતું. ઉપાકર્મમાં પંચગવ્યો (ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ) એટલા માટે વપરાય છે કે તેથી આંતરિક અને બાહ્યશુદ્ધિ થાય છે. ગાય જંગલમાં ચરીને અનેક વનસ્પતિ ખાય છે અને તેમાંથી છાણ બને છે. માટે છાણ(ગોબર)ને પવિત્ર ગણ્યું છે. દર્ભના સપ્તર્ષિમાં કશ્યપ, ભરદ્વાજ, ગૌતમ, અગ્નિ, યમદગ્નિ, અરૂંધતી સાથે વસિષ્ઠ અને વિશ્વામિત્ર, એમ સાત ઋષિઓની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. શ્રાવણમાં વર્ષાઋતુની પ્રબળતાથી દૂર્વા, અધેડો (અપામાર્ગ) અને બીજી દૈવી વનસ્પતિઓ પુષ્કળ થાય છે. દૂર્વા અમૃત છે, અપામાર્ગ અને કુશા (દાભડો) અનેક રોગો તથા પાપોનો નાશ કરે છે. આ પાપનાશક વસ્તુઓ છે. માર્જન કરવાથી સ્વચ્છતા, શીતળતા અને પ્રબળતા પ્રાપ્ત થાય છે. પંચગવ્યથી વાત, પિત્ત અને કફના રોગો, રક્તદોષ, ભ્રમ, શ્રમ, વિષજ્વર, અર્શ, સંગ્રહણી, ગુલ્મ, પાંડુ, શૂળ, ખુજલી, શ્વાસ, આમજ્વર, અજીર્ણ, સોજા, મૂખ અને નેત્રરોગ, અપસ્માર વગેરે મટે છે; દેહશુદ્ધિ થાય છે; નેત્રનું તેજ વધે છે; બુદ્ધિ તેજ થાય છે; ભૂતબાધાનું નિવારણ થાય છે; આયુષ્ય વધે છે; મંગળરૂપ હોઇ હૃદય હિતકારી થાય છે અને અમૃતસમાન ગુણ કરે છે. માટી અને ભસ્મથી ચામડી સાફ થઇ કુષ્ઠરોગ મટે છે. દાહ, દુર્ગંધ, વાતાદિ રોગો નાશ પામે છે.

આ બધી વાતો પાશ્ચાત્ય રંગે રંગાયલા આપણા દાક્તર સાહેબોને ગળે નહિ ઉતરે, પણ આજ બાબત અમેરિકા અથવા યૂરોપમાંથી જાહેર થાય તો ડૉક્ટર સાહેબો કહેશે કે, નવી શોધ બહાર પડી છે! છાણમાં જંતુઓ નાશ કરનારૂં તત્ત્વ છે એમ અમેરિકાના સુપ્રસિદ્ધ વિદ્વાન વિજ્ઞાનશિરોમણિ ડૉ. અબ્રહામ લિંકને જાહેર કર્યું છે. વર્ષાઋતુમાં પિત્ત સંચય થાય છે તે આ ક્રિયાથી નાશ પામે છે. આ તો ઉપાકર્મનું વૈદ્યક વિજ્ઞાન થયું, પણ તેનું તાત્ત્વિક વિજ્ઞાન તો ઘણું છે. રક્ષાબંધન ઉપાકર્મ થઇ રહ્યા પછી બપોર પછી થવું જોઇએ. સરસવ, ચોખા અને સુવર્ણની એક પોટલી બનાવી તેને રેશમી દોરે બાંધી પૂર્વદિશા તરફ ઉભા રહી મંત્રવડે હાથે બંધાવવી. બલિરાજાને રક્ષા બાંધવાથી તે મહાબળવાન અને દાનવીર થયા હતા. પ્રાચીનકાળમાં રાજાઓ રાખડી બંધાવી રણસંગ્રામમાં સીધાવતા હતા અને વિજય મેળવતા હતા.

ભારતીય વીરાંગનાઓ વિધર્મીઓના આક્રમણ વખતે ધર્મદૃષ્ટિએ રાખડી બાંધી અત્યાચારીને ભાઇ બનાવી દેતી અને એ પ્રમાણે પોતાનું પતિવ્રત પાળી લેતી હતી.

વ્રતો અને તહેવારોનાં માહાત્મ્યો બતાવનારાં અનેક પુસ્તકો બહાર પડયાં છે, એટલે આ ઠેકાણે તે બધાંનું વર્ણન અશક્ય છે; પણ મુખ્ય તહેવાર નમુનારૂપે અત્રે લખ્યો છે. જૈનધર્મના પર્યુષણ પર્વ પણ શ્રાવણ માસમાં આવે છે. મુસલમાનોના પેગંબરની જન્મતિથિ અને પારસીઓના કેટલાક તહેવારો પણ શ્રાવણમાસમાં આવે છે. હિંદુઓ શ્રાવણ માસને પવિત્ર માસ ગણી એક વખત જમે છે. સ્ત્રીઓ ગાયોની પૂજા કરે છે. શ્રાવણના મેળાઓનું રહસ્ય પણ ઘણું ઉંડું છે.

સુધરેલા વાતાવરણે જનોઇ અને શિખા (ચોટલી) કઢાવી નાખી નેકટાઈ અને બાબરી દાખલ કરી છે, જે બ્રાહ્મણો સુધી પણ પહોંચી છે. 'સાપ ગયા અને લીસોટા રહ્યા' એ હિસાબે હવે બધું "હાકયે રાખો" જેવું ચાલે છે. જંતુવાદના આ જમાનામાં હોટેલો, થીએટરો, રેલ્વે ટ્રેનો અને ધર્મશાળાઓ જંતુઓ ફેલાવે છે. જમતી વખતે નહાવાનું તો દૂર રહ્યું, પણ બહારના સંસર્ગવાળાં કપડાં બદલવાનું અને હાથ, પગ અને મોં જે સૌથી વધારે અસ્વચ્છ હોય છે તે પણ ધોવાનું આળસ કહો કે ફેશન કહો તેણે ઘર ઘાલ્યું છે, પરિણામે દર્દો અને અકાળ મરણો વધ્યે જાય છે.

(ઑકટોબર–૧૯૨૯ના "વૈદ્યકલ્પતરુ"માં લખનાર "જે")

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૦–કૃષ્ણ પ્રભુ કર્મયોગી !

તમે પ્રેમ કેરા પૂર્ણ અવતાર રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
તમે કર્મમાં કરાવ્યો અધિકાર રે, ,,
તમે જૂદા છતાં જોગવ્યો વહેવાર રે, ,,
તમે જળ પર કમળ આકાર રે, ,,
શ્રાવણ મહિનાની મેઘલી રે, વદ આઠમની મધરાત
રે તમે અવતર્યા કરવા પ્રભાત રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગાયો ચારી ગામ ગોંદરે રે, વળી પૂજા કરી પરિવાર,
ગોરક્ષા ધર્મ શીખવ્યો રે તમે બની બેઠા આપે ગોવાળ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
મથુરાંમાં મારી કંસને રે, કર્યો ઉગ્રસેનને ભૂપ
માતાપિતાના બંધ છોડિયા રે તમે કેદખાનું કર્યું તીર્થરૂપ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગુરુને ઘેર ભણવા રહ્યા રે, ત્યાં સેવ્યાં ગુરુનાં ચર્ણ
લાકડાના ભારા લેવા જઇ રે તમે શીખવાડયો ગુરુ સેવા ધર્મ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગરીબ સુદામા મિત્રને રે, કર્યો પોતાના કરતાં સવાઈ
અજાચક વ્રત એનું જાળવ્યું રે તમે બાંધી બતાવી મિત્રાઇ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
યુધિષ્ઠરે યજ્ઞ આદર્યો રે, એણે જમાડયાં ચારે વર્ણ
એઠાં પતરાળાં ઉપાડીને રે તમે શીખવાડયો સાચો સેવાધર્મ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
પાંડવ કૌરવ કેરા યુદ્ધમાં રે, તમે હાંક્યો અર્જુનનો રથ
હાથમાં હથિયાર લીધા વિના રે તમે જીતાડીયો મહા જંગ રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.
ગીતાગાયનાં જ્ઞાન દોહીને રે, તમે પીધાં પાયાં અમૃત;
વળી વેણું વગાડી મન રીઝવ્યાં રે તમે વંદનીય છો ઈશ્વર રે, કૃષ્ણ પ્રભુ કર્મયોગી.

"શારદા"ના એક અંકમાં લેખકઃ–રા. ઈશ્વરલાલ કરસનજી જોશી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૧—મૃત્યુ મરી ગયું રે લોલ!

જમજીત જતીન્દ્ર—શહીદનાં શૂરાતન

બપોરના બાર વાગી ગયા છે. લાહોરની બોર્સ્ટલ જેલના દરવાજે એક આતુર ટોળું રાહ જુએ છે. વારંવાર દરવાજેથી ખબર કહાવે છે. સવારના આઠ વાગે અંદર ગયેલ જતીનના ભાઇ કિરણદાસ હજુ પાછા ફર્યા નથી. શું હશે? ડૉક્ટરો ઝપાટાબંધ અંદર જતા દેખાય છે. કોઇ પાછું ફરતું નથી, જતીનની સ્થિતિના ભય ઉપજાવે એવા સમાચાર સાભળવા માટે સૌ તૈયાર બનીને ઉભા છે. રોજ કરતાં આજ માગલો વધુ બગડેલો લાગે છે.

એટલામાં કિરણદાસ પાછા વળે છે. સૌ તેમને વિંટળાઈ વળી પૂછે છે. જતીનને કેમ છે? ફિકકે ચહેરે, ઉંડા અવાજે તે કહે છે કે ભાગ્યેજ બે કલાક તે વધુ કાઢે. તેની જીવનદોરી ક્યારે તૂટી જશે તે સમજાતું નથી. પછી સપ્ટેમ્બરની ૧૩ મી તારીખે બપોરે ૧ ને ૫ મિનિટે જતીન ગયો. તાર ઉપર તાર છૂટયા, હિંદભરમાં ગમગીની ફેલાઇ ગઇ.

જુલાઇની ૧૩ મી તારીખે જતીને ઉપવાસ શરૂ કર્યા. ભગતસિંગ અને દત્તની લડતમાં એણે સહાનુભૂતિ આપવા માટે પ્રાણ પાથરવાનો નિશ્ચય જાહેર કર્યો. દિવસો તો ઝપાટાબંધ પસાર થતા ગયા; પણ રાજદ્વારી કેદીઓની સ્થિતિમાં ફેરફાર ન થયો. ઉપવાસ ચાલુજ રહ્યા. ઉપવાસીઓનાં અંગ જૂઠાં થયાં. હાથપગમાં લોહી ફરતું અટક્યું, માત્ર છાતીના ધબકારા સંભળાતા. લોહીની ઉલટીઓ થઇ. ચેતન થીજી ગયું.

એ જતીન કોણ હતો?

જતીન બંગાળી હતો. નાનપણથી એની મક્કમતા જાણીતી હતી. પૈસાના ફંદમાં એ પડયો નહોતો, ધારે એ પૂરૂં કરવું એ એનો નિશ્ચય હતો. બંકિમ બિહારી બાબુનો એ જ્યેષ્ઠ પુત્ર હતો. એનાં સગાંસંબંધીઓ એને હેતમાં "ખેંદો" કહેતાં. એને એક નાની બહેન હતી, તેના તરફ જતીનને ખૂબ ભાવ હતો. જતીનનો વર્ણ કૃષ્ણ હતો અને કિરણદાસના ગૌર વર્ણને જોતાં કોઇ ભાગ્યેજ માને કે એ બન્ને એક માના દીકરા હશે. એનાં સગાં એને બુડથલ માનતાં, હઠીલો ગણતાં, છોકરવાદ સમજતાં. જતીન જ્યારે ૧૦ વર્ષનો હતો ત્યારે ૧૯૧૪ માં તેની માતા ગુજરી ગઇ. ત્યારપછી અનેક દુઃખો સહન કરતાં કરતાં માતૃભૂમિને ખાતર ૨૫ વર્ષની જુવાન વયે જતીન સિધાવ્યો.

જ્યારે દેશમાં અસહકારની ભરતી ફરી વળી ત્યારે જતીન ઝાલ્યો ન રહ્યો. સત્તર વર્ષનો જુવાન જતીન આનાકાની કરવામાં વખત ગુમાવે તેમ ન હતું. એણે પણ સાઉથ સબર્બન કૉલેજનો ત્યાગ કર્યો, અને તનમનથી ઝુંબેશમાં જોડાયો. એના પિતાને આવી વાત ગમતી ન હતી. તેમણે જતીનને બોલાવ્યો ને આવા ઢંગ છોડી દેવા કહ્યું, પણ જતીન આગ્રહી હતો. એણે વિનયથી પિતાને જણાવી દીધું કે, મારૂં કાર્ય ખોટું નથી ને આપની કિંમતી સલાહ હું સ્વીકારી શકતો નથી. પિતાએ પોતાની સત્તા વાપરી, એ માવિનાના બાળકને કહી દીધું કે, જો એમજ હોય તો ફરી ઘેર મોઢું બતાવીશ નહિ! જતીન ત્યાંથી ઉપડયો તે કૉંગ્રેસ ઑફીસમાં શ્રી હેમેન્દ્રનાથ દાસગુપ્તાને ત્યાં ગયો. પછી તો સભાઓ, સરઘસો, પૈસાની ઉઘરાણી એવાં કૉંગ્રેસનાં કાર્યમાં એણે ઝંપલાવ્યું. એ બધામાંથી સમય મળતો તે વખતે તે ટયૂશન આપતો અને તેમાંથી મળતા માત્ર ૧૦ રૂપિયા ઉપરજ **તેનો ગુજારો** નભી જતો. જતીન કેટલીય વાર સાંજે ખાતો નહિ, અને કેટલીય વાર પૌંઆ ખાઇ પડયો રહેતો. આમ છતાં કૉંગ્રેસના કાર્યમાં પણ એનાથી પોતાના પૈસા ખર્ચી દેવાતા. એનો મુકામ કૉંગ્રેસ ઑફીસમાંજ રહેતો. મચ્છરના ઉપદ્રવવાળી અને ગંદી જગ્યાએ આવેલી ઑફીસમાં રાત પસાર કરવી એ પણ કઠણ કામ હતું.

એક રાતે કોઈ ગોરા અમલદારે એક બંગાળી સન્નારી હેમનલિની ઘોષ ઉપર પોતાની સોટીવડે હુમલો કર્યો. કૉંગ્રેસના કોઇ સ્વયંસેવકે એના હાથમાંની સોટી ખુંચવી લીધી. એ સોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ અમલદારને પાછી સોંપવી અને તેની શરમનું તેને ભાન કરાવવું, એવું એ બધાએ નક્કી કર્યું. જતીનના મિત્રોને લાગતું કે એને મોટી મોટી વાતો કરવાની ટેવ પડી ગઇ છે, માટે તેનેજ કસી જોવો. જતીનને વાત કરી, તે તૈયારજ હતો. સોટી લઇને મી. ફીડ પાસે તે ઉપડી ગયો. આ હુમલો કરનાર મી. ફીડ છે એમ સૌએ નક્કી કર્યું હતું. 'એલીસિયમ રો'માં આવેલી મી. ફીડની ઑફીસમાં જતીન ગયો ને જણાવ્યું કે, તમારા મુબારક હાથમાંથી ઝુંટવી લેવામાં આવેલી આ સોટી પાછી વાળવા હું આવ્યો છું. મી૦ ફીડે મુલાકાત તો ન આપી, પણ આટલી મહેનત લેવા માટે આભાર તો માન્યો. તે પછી પરદેશી કાપડ ઉપર પીકેટીંગ શરૂ થયું. જતીન તો લાગલોજ ઝપટાયો, તેના ઉપર કામ ચાલ્યું ને ગુન્હેગાર ઠર્યો અને એને ૬ માસની જેલ ઠોકવામાં આવી. હુગલી-ની જેલમાં તેને પહેલી વાર **સરકારની મહેમાનગીરી** ચાખવા મળી. ત્યાંથી છૂટયો એટલે વળી પિતાને લાગી આવ્યું તેથી પુત્રને ઘેર લઇ ગયા અને કૉલેજમાં દાખલ કરાવ્યો. જતીન યુનિવર્સિટી "કોર"માં જોડાયો, ઇન્ટર પાસ કરી અને બંગવાસી કૉલેજમાં બી. એ.ના વર્ગમાં દાખલ થયો.

પણ પઢાવ્યું પઢે એવું પંખી એ ન હતો. એને તો સ્વતંત્રતા માટે તનમનાટ થતો હતો. એને લાગ્યું હતું કે, દેશની આ સ્થિતિમાં કૉલેજોમાંથી સાહિત્ય કે ઇતિહાસ, ગણિત કે વિજ્ઞાન નહિ શીખીએ તો દેશને કશું ભારે નુકસાન જવાનું નથી; એટલે તે અભ્યાસ કરતો હતો છતાં તેની ચળવળો તો ચાલુજ હતી. દક્ષિણ કલકત્તા જીલ્લાની કૉંગ્રેસ કમિટિનો એ સહાયક મંત્રી હતો, અને બંગાળ કૉંગ્રેસ સમિતિનો એ સભ્ય હતો. ૧૯૨૫ ના નવેમ્બર માસની ૨૪ મી તારીખે તે ફરી પકડાયો. બંગાળામાં ચાલી રહેલી ઉગ્ર ચળવળને દાબી દેવાને સરકારે ખાસ કાયદો રચ્યો હતો. તેમાં જતીનને સપડાવ્યો. ત્યારથી તે ૧૯૨૮ ના ઑકટોબર સુધી જતીન અનેક જેલોમાં રખડયો.

પહેલાં તો એને પ્રેસીડેન્સી જેલમાં રાખ્યો. ત્યાંથી મિદનાપુર મોકલ્યો. અસહ્ય તાપથી ત્યાં તે એક દિવસ બેભાન બની જતાં મૈમનસિંગની જેલમાં એની ફેરબદલી કરી. ત્યાં વળી નવો કિસ્સો ઉભો થયો. લેફ્ટેનન્ટ કર્નલ ઓ'બ્રાયન પોતાને પાકી વયના એટલે સૌના પિતા માનતા હતા. એટલે પોતાની સમક્ષ-પિતાની સામે-જતીન જેવું છોકરૂં બેસી રહેવાની અસભ્યતા કે ગુન્હો કરે એ તેમનાથી ખમી ન શકાયું. જતીનને ઉભા થવા ફરમાવ્યું. જતીનને લાગ્યું કે, આ ગોરો મારૂં અપમાન કરવા માગે છે. એણે દાંત પીસીને જવાબ દીધો કે "આવી જા બચ્ચા ઓ'બ્રાયન! ખોપરી ફોડી નાખીશ." એટલે તો પાછો કેસ ચાલ્યો. જતીને આમ કહી ઓ'બ્રાયન ઉપર હુમલો કર્યો! આવી તરકટી રીતિથી કંટાળી જઇને ઉપવાસ આદર્યા. ૨૦ દિવસ સુધી એણે લંબાવ્યું. તરત તપાસ શરૂ થઇ. સરકારે ધ્યાન પહોંચાડયું. ઓ'બ્રાયને જણાવ્યું કે, હું મારી જાતને જતીનના પિતા-તરીકે માનતો હતો; કારણ કે મારી ઉંમર પાકી થઈ છે. ભૂલની માફી માગું છું. પછી જતીને પણ યોગ્ય ખુલાસો કર્યો. આમ સમાધાન થઈ ગયું. હજુ સુધી તો ત્રણ-ચાર જેલો જતીને જોઇ હતી, પણ એને નસીબે બંગાળની બધી જેલોનો અનુભવ લેવાનો હતો. મીઆનવાળી જેલમાં એને ધકેલવામાં આવ્યો. ત્યાં તો દેશભક્તોની કસોટીજ કરવામાં આવતી અને જતીન ઉપર પણ ત્યાં ખૂબ વીત્યું. લાંબો કાળ ત્યાં રાખીને વળી પાછો એને ઢાકાની જેલમાં મોકલ્યો. ત્યાંથી ચિતે-ગાંવની જેલમાં મોકલવામાં આવ્યો. આખરે ૧૯૨૮ ના ઑકટોબરમાં એ છૂટયો. એની તંદુરસ્તી બગડી ગઇ હતી. એના મગજ ઉપર એની જેલયાત્રા દરમિયાન ગુજરેલા ત્રાસથી ખૂબ માઠી અસર ઉપજી હતી. એની સ્મરણશક્તિ શિથિલ બની ગઇ. એની આંખોનું નૂર ઘટયું. હવે પહેલાં જેટલું સ્પષ્ટ એ જોઇ શકતો નહિ. જેલમાંથી બહાર નીકળ્યા પછી એની પ્રિય બહેન ગુજરી ગયાના સમાચાર એને મળ્યા. માવિનાના જતીનને એ બહેનથી ઘણો દિલાસો હતો. નમાયી બહેનનો જતીન ઉપર ખૂબ ભાવ હતો. જતીન વિચારતો કે, હું ઘેર હોત તો બહેન બચી જાત. છેલ્લી મહાસભા વખતે સ્વયંસેવકોની જે જંગી ફોજ ઉભી કરવામાં આવી હતી તેમાં એની ઘણી જહેમત હતી. સુભાષ બાબુના હાથ નીચે એને અધિકારી નીમ્યો હતો, જ્યાં તેણે સુંદર સેવા બજાવી હતી. એના અધિકારની રૂએ એ ધારત તો કૉંગ્રેસમાં જઇ ધુરંધર નેતાઓનાં ભાષણોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાદ ચાખી શકત, પણ એ સૈનિક હતો ને પોતાની ફરજોનું તેને તીવ્ર ભાન હતું. એણે આખા સમારંભમાં પોતાની જાતને ઘસી નાખી. એટલી જવાબદારી, એટલી મહેનત, એટલી કર્તવ્ય-પરાયણતા જતીનમાં ઉભરાતી હતી.

તે જેલોના પ્રવાસમાંથી રખડીને છૂટયો કે તરતજ ફરી પાછો કૉલેજમાં દાખલ થયો અને રાજકારણને લગતાં પુસ્તકોનો બહોળો અભ્યાસ કરવામાં એ રોકાયો. સ્વતંત્રતા માટે મથતા બીજા દેશના ઇતિહાસ તપાસવામાં એણે ચિત્ત લગાવ્યું. દક્ષિણ કલકત્તાની રાષ્ટ્રીય શાળામાં એ કવાયત શીખવવા જતો. છ મહિના સુધી તેણે એ કાર્ય ઉઠાવ્યું, છતાં એની સેવાના બદલામાં એણે પાઇ સરખી પણ માગી નથી. એને નાણાંની જરૂર ન હતી એવું તો હતુંજ નહિ. એ તો વખાનો માર્યો બધે ફરતો હતો. એને ભૂખ્યા પણ ઉંઘી જવું પડતું હતું, છતાં એ ફરી પાછો પકડાયો ત્યાંસુધી કવાયત શીખવવાના સતત કામમાંથી પાછો હઠયો નથી. અનેક સંસ્થાઓ સાથે એને સંબંધ હતો અને એ સંબંધનો ઉપયોગ શો કરવો તે પણ તેણે નક્કી કરી નાખ્યું હતું. દક્ષિણ કલકત્તામાં સ્વયંસેવકની ચળવળ કેમ કરીને જોસમાં ફેલાય એજ એનું ધ્યેય થઇ પડયું હતું.

જતીનને નિર્દોષ બાળકો બહુ પ્રિય હતાં. સ્ત્રીઓ તરફ પણ કાંઇ કટ્ટર વિરોધ ન હતો, છતાં એ પરણવાની તો નાજ પાડતો. એક વાર તેનાજ જેવો સહન કરી કરીને કસાયેલો મિત્ર પરણવા બેઠો, ત્યારે એને તેના આવા વર્તન તરફ ખૂબ આશ્ચર્ય ને ખેદ ઉપજ્યો. એ લગ્નસમારંભમાં તે ગયો પણ તે શિષ્ટાચારને ખાતર.

દેશ માટે કાર્ય કરનારાઓ જો ગૃહસ્થાશ્રમ માંડી બેસી જાય તો જેટલી નીડરતાથી તેઓ એકલા રહીને મોરચો માંડી શકે તેટલી હિંમતથી કોઇપણ જોખમવાળાં કાર્ય તેઓ હાથમાં નજ લઇ શકે, એમ જતીન ખાત્રીથી માનતો. એની જુવાનીનો ઉપયોગ એને સ્વતંત્રતા ખાતરજ કરવો હતો. તેના ઉત્સાહને એણે લગ્ન કરી છાંડી દીધો નહિ, પણ દેશની આઝાદીની જે લગની લાગી હતી તે તરફજ તેની મીટ માંડેલી રહી અને લગ્નની વાત તેણે કદી કાન ઉપર ધરીજ નહિ.

ગરીબાઇથી કે ભૂખથી એ મુંઝાતો ન હતો. એ કદી યાચના કરવા જેવી દીન મુખમુદ્રા કરી ફરતો નહિ. એવી રીતે ગમગીન ને દીન બનીને ફરતા લોકોને જોઇને એને મનમાં ખૂબ લાગી આવતું. કેટલીક વાર તો ચીઢાઈ પણ જતો. સ્વતંત્રતા માટે ભય હોવાનો એને વિચારજ નથી આવ્યો. એ ૨૫ વર્ષનો જુવાન એકજ વિચાર કરતો, એકજ વર્તન રાખતો—સ્વતંત્રતા અર્થે જીંદગી ફના કરવી, હસતે મુખે જુલ્મોના ભોગ થવાની તૈયારી રાખવી.

પોતાના પક્ષ માટે એ થાય એટલું બધું કરવા ચૂકતો નહિ. બંગાળાની પ્રાંતિક કૉંગ્રેસ કમિટિ-ની ચુંટણીમાં એણે મતપત્રો અહ્વર ગુમ કરેલાં. બંગાળાની ધારાસભામાં એક સ્વરાજીસ્ટ સભ્યને મદદ કરવા પોતાનાજ પિતાના ખિસ્સામાંથી ચુંટણીને લગતા ખાનગી પત્રો એ ઉઠાવી ગયેલો. ઈશ્વરથી દરેક બાબતમાં ડરી ડરીને ચાલવાનું એ ભૂલી ગયો હતો. દૈવી શક્તિમાં એને વિશ્વાસ હતો, પણ વારંવાર વેદિયા ઢોરની જેમ 'આમ કેમ બને, આમ તો કરીજ ન શકાય' એવું એ કદી માનતો નહિ. દેશની ખાતર એક પણ તક જતી કરવી એ એને મન ચોખ્ખો દેશદ્રોહ હતો. રાજકીય વિચારોમાં જે સગાંઓ એનાથી વિરુદ્ધ વિચાર ધરાવતાં હોય તેમનાં આમંત્રણો સ્વીકારવાં એ એનાથી બની શકતું ન હતું. ન્યાતમાં, સમાજમાં, શિક્ષણમાં—બધે એકજ વાત, એકજ પદ્ધતિ, એકજ ચિંતન.

સૈનિકતરીકેની જીંદગી માટે એને ખૂબ લાલસા હતી. વીરનું મૃત્યુ પામવાની એને મોટી ઉમેદ હતી. હૃદયમાં એ માયાળુ અને આર્દ્ર હોવા છતાં એ ખૂબ સખ્ત મુખમુદ્રા રાખતો. કોઇ દિવસ રડયો હોય એવું બન્યુંજ નથી. નિર્બળતા રાખવા જેટલી મૂર્ખાઈ તો એ કરતોજ નહિ. એને જ્યારે ખાત્રી થઇ કે મારી ઘડીઓ ગણાય છે ત્યારે તેણે કહેવડાવ્યું કે, મારી સાયકલ કોઇને ન આપશો. કૉંગ્રેસના કામને માટે તે તૂટી જાય ત્યાંસુધી એનો ઉપયોગ કરજો. મારા પિતાને કહેજો કે, જગન્નાથપુરીમાં જઈ એમની જીંદગી પૂરી કરે, અને છેલ્લે એણે પોતાના સાથીઓને સંભાર્યા છે. દેવેન્દ્ર બોઝ અને વિભૂતિ ચેટરજી જેવા વયોવૃદ્ધ કૉંગ્રેસના કાર્યકર્તાઓ માટે તેણે સુભાષ બોઝને કાંઇ જોગવાઇ કરવા વિનતિ કરી. એ બન્ને જણ માટે જતીનને બહુ માન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતીને મરવાની વાત પહેલેથી જાણી લીધી હતી, એટલે એના શબને કેવા સંસ્કાર કરવામાં આવે એની વાત પણ એણે જણાવી દીધી છે. હું **બંગાળી કરતાં, હિંદી હોવાનું પસંદ કરૂં છું. માટે મને હિંદીતરીકે બાળજો બંગાળી રીતે નહિ.** જો એણે પોતાને વિષે કશું મમત્વ દેખાડયું હોય તો આજ વેળા. શરીરનો વિચાર એણે કર્યો હોય તો આત્મા ઉડી ગયા પછીના શરીરનો, એનો પ્રાણ તો એણે સ્વાતંત્ર્યને અર્પણ કર્યો હતો.

લાહોરની જેલમાં જ્યારે એનો જ્વર ઉતર્યો નહિ, જ્યારે એની નાડી મંદ પડતી ગઇ, જ્યારે એની જીભ બોલતી બંધ થતી લાગી; ત્યારે સરકારે નીમેલી જેલકમિટિએ જણાવ્યું કે આને છોડી દો. એના ઉપરનો ગુન્હો સાબીત થયો ન હતો. એ ગુન્હેગાર છે કે નહિ તે કોઈ કહી શકે તેમ નથી. એક નિર્દોષ જુવાન હિંદીને ભૂખે રીબાવી માર્યાનું તહોમત સરકાર પોતાને કપાળે ન ચોંટાડે તો તેમાં સરકારની શોભા હતી; પણ વિપરીત થઇ ગયેલી બુદ્ધિ વિવેક ભૂલી જાય છે, ન્યાય જોઇ શકતી નથી, ફરિયાદ સાંભળી શકતી નથી. તેમ જતીન ત્યાંજ રહ્યો. એણે જામીન ઉપર છૂટવાની ના પાડી. એમાં તો સ્વમાનનો નાશ થતો હતો. એમાં તો સિદ્ધાંતનો તિરસ્કાર સ્પષ્ટ થતો હતો. જતીન જીંદગી માગતો ન હતો, એ તો સિદ્ધાંતનોજ આગ્રહી હતો.

હિંદુસ્તાનમાં ભૂખે મરતા માણસોની સંખ્યા ઘણી છે, પણ આવી રીતે મરણને ન્હોતરૂં આપી જીંદગી કુરબાન કરનારા વીરલા પણ થોડા નથી. નિર્દોષ, જુવાન, તપસ્વી જુવાનોનાં લોહી છંટાશે ત્યારેજ સ્વરાજ્યની મહાન સિદ્ધિ પ્રાપ્ત થશે, જતીનના જેવી તૈયારી હજારોની છે. ("વિકાસ"માંથી)

૧૦૨-પાટણનું આયુર્વેદ વિદ્યાલય

ગુજરાત અને કચ્છ-કાઠિયાવાડમાં આયુર્વેદના ઉચ્ચ શિક્ષણ માટે પાટણની શેઠ ઉજમશી પીતાંબર આયુર્વેદ મહાવિદ્યાલય જાણીતી સંસ્થા છે. હિંદમાં આયુર્વેદની પડતી થઇ હોય અને હજુ પણ તેના વિકાસમાં નડતર થતી હોય તો તેનાં અનેક કારણોમાં રાજ્યાશ્રયની ખામી એ મુખ્ય કારણ છે, તેમાં કંઇક શક નથી. હિંદનાં મોટાં દેશી રાજ્યો પણ આયુર્વેદના પુનરૂદ્ધાર માટે ઘણુંજ થોડું કરે છે; જો કે તેમાં અપવાદ માત્ર માઇસોર અને વડોદરા રાજ્ય છે. શ્રી. મહારાજા સાહેબે આયુર્વેદના પ્રચાર માટે તેનો શાસ્ત્રીય અને સુધરેલી પદ્ધતિએ શિક્ષણપ્રબંધ કરવાની આવશ્યકતા જોઇ પાટણના સ્વ. શેઠ ઉજમશીભાઇએ રૂ. ૧ લાખની સખાવત આપતાં તેટલીજ રકમ આપી. એ સંસ્થા સરકારે ચલાવવાનું માથે લીધું છે અને તે સંસ્થામાંથી દર વર્ષે પાંચ-સાત વિદ્યાર્થીઓ જે ચોથા વર્ષની ઉત્તમ કક્ષામાંથી પસાર થઇ નિષ્ણાત લાયક વૈદ્યો-તરીકે બહાર પડે તેમને રાજ્ય તરફથી યોગ્ય ઉત્તેજન પણ આપવામાં આવે છે. તે માટે શ્રી. સરકારનો ગુજરાતી સમગ્ર આયુર્વેદપ્રેમી પ્રજાએ આભાર માનવો ઘટે છે. આ સંસ્થા સારા નિષ્ણાત શિક્ષકો અને બોર્ડની દેખરેખ નીચે ચાલતી હોઇ તે ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ પામી લોકપ્રિય થતી જાય છે, એ ખુશી થવા જેવું છે; પરંતુ આવી ઉપયોગી સંસ્થાનો જેટલા ઉત્સાહથી લાભ લેવો જોઈએ તેટલો લેવામાં આવતો નથી એ તેના પરિણામ ઉપરથી જોઈ શકાશે. ચાલુ વર્ષની પરીક્ષામાં ચોથા વર્ષમાં છ વિદ્યાર્થીઓ, ત્રીજા વર્ષમાં છ, બીજામાં પણ છ અને પહેલા વર્ષમાં માત્ર ૪ પાસ થયા છે. આ પરિણામ જોતાં સામાન્ય રીતે હજુ ચાર-પાંચ વર્ષ સુધી દર વર્ષે પાંચ કે છથી વધારે વૈદ્યો તૈયાર થઇ નીકળે એમ લાગતું નથી. તો આવી મોટી અને ઉપયોગી સંસ્થાનો આ રાજ્યનાજ નહિ, પરંતુ સમગ્ર ગુજરાતના વૈદ્યોએ તેમજ એ ધંધામાં હિત ધરાવનારાઓએ વધારે લાભ લઇ આત્મહિત સાથે આયુર્વેદનો પુનરુદ્ધાર કરવાના શ્રી. સરકારના અને સ્વ. શેઠ ઉજમશીના હેતુઓને સફળ કરવા જાહેર વિનતિ કરીએ છીએ.

(તા. ૧૩-૬-૨૯ ના "સયાજીવિજય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૩—શ્રીકૃષ્ણ પરમાત્મા ઉપર મંડાયેલો કેસ

સવારનો પહોર હતો. આજે અલકાપુરીમાં દેવ, ગંધર્વ, કિન્નર, અપ્સરા, ઋષિમુનિઓ વગેરે ઇંદ્ર મહારાજની કચેરી તરફ જઇ રહ્યાં હતાં અને પરસ્પર હસી હસીને વાતો કરતાં હતાં કે આજે તો શ્રીકૃષ્ણ પરમાત્મા ઉપર કોઇ મૃત્યુલોકનો માનવી કેસ ચલાવવા આવ્યો છે. આ ચર્ચાથી સમસ્ત સ્વર્ગનાં નરનારી 'શ્રીકૃષ્ણ ભગવાન ઉપર કેસ ચલાવનાર મૃત્યુલોકનો માનવી કેવો હશે, એ કુતૂહલથી આજે જોતજોતામાં શ્રી ઇંદ્રદેવનો દરબાર ખીચોખીચ ભરાઇ ગયો હતો.

શ્રી ઇંદ્ર મહારાજ પોતાના બહુમૂલ્ય સિંહાસનારૂઢ હતા. બાજુમાં તેમનાથી ઉતરતાં દેવ-દેવીઓ વિરાજમાન હતાં. સામા આસન ઉપર એક ગરીબ જેવો જણાતો બે બાજુથી ફોલી ખવાયલો અને જેના શરીરમાં હાડકાં અને માંસવિના કશુંજ ન હતું એવો મૃત્યુલોકમાં આવેલા હિંદ નામના દેશમાં વસતો હિંદુસમાજ નામનો મનુષ્યાકાર સ્થિત હતો. અને તેની બાજુમાંજ મૃત્યુલોકના માનવી સ્વામી શ્રી. શ્રદ્ધાનંદજી મહારાજ વીરતાથી અલગ રીતે આ કેસ કેવી કુનેહથી ચલાવવો તેના વિચારમાં બેઠા હતા, અને એટલામાંજ સભામાં હો હા થઇ.

સામેથી એ મયૂરપિચ્છયુત મુકુટધારી બંસીના બજાવનાર, સર્વમૂલ્યવાન અલંકાર આદિથી વિભૂષિત, જેમની પાછળ મખમલનો કિંમતી ઝભ્ભો લટકે છે તેવા ભક્તવત્સલ શ્રીકૃષ્ણ પરમાત્મા આવી પહોંચ્યા. સભા એમને જોતાંજ ઉભી થઇ ગઇ અને માન આપ્યું. શ્રી ઇંદ્રે પણ સન્માનથી પોતાની નજીક આસન આપ્યું અને કાર્યવાહી શરૂ થઇ.

શરૂમાં સ્વા. શ્રદ્ધાનંદજી પોતે દબદબાથી દરબારમાં ઉભા થયા અને જણાવ્યું કે, મેં મારા પ્રાણપ્યારા ધર્મની સેવાર્થે દેહબલિદાન સમર્પ્યું હોવાથી આ શ્રી ઇંદ્ર મહારાજના દર-બારમાં મારા હિંદુ સમાજનો મુકદ્દમો ચલાવવાનો મને સંપૂર્ણ અધિકાર છે, જેમાં શ્રી ઇંદ્ર મહારાજ કોઇપણ જાતનો વાંધો લેશે નહિ. આ 'હિંદુ સમાજ'—મારા અસીલની નીચે મુજબની ફરિયાદ છે કે જે હું આંક ૧ તરીકે રજુ કરું છું.

ફરિયાદ અરજી

"હું મૃત્યુલોકમાં ભારતવર્ષ નામના રમણીય દેશનો રહેવાસી હિંદુ સમાજ ઘણીજ નમ્રતા-પૂર્વક ન્યાયપરાયણ શ્રી ઇંદ્ર મહારાજની વરિષ્ઠ અદાલતમાં ભારતવર્ષમાં દ્વારિકાપુરી નામની નગરીમાં વસેલા અને હાલ ક્ષીરસાગરમાં વાસ કરી રહેલા શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્મા જે વસુદેવના પુત્ર છે અને ભક્તવત્સલનું ખોટું વિશેષણ જેમને લગાડવામાં આવે છે, તેમના વિરુદ્ધ મારી આ ફરિયાદ છે.

જ્યારે દ્વાપર યુગમાં ધર્મનો લોપ થવા માંડ્યો ત્યારે તેમણે અમારા ભારતવર્ષમાં જન્મ ધર્યો હતો, અને બાળપણથીજ પૂતના, કંસ, જરાસંધ, બકાસુર આદિ રાક્ષસોનો સંહાર કરવા માંડ્યો હતો અને શિશુપાળનો વધ કર્યો હતો. ત્યારબાદ ધર્મપ્રિય પાંડવોની રક્ષાર્થે કુરુક્ષેત્રમાં અતુલ યુદ્ધ કૌરવ સૈન્ય સામે ખેલ્યું હતું. અને તે સમયે જ્યારે અર્જુનને મોહ થયો ત્યારે તેમણે ગીતાનું જ્ઞાન તેને આપ્યું હતું. તે વખતે તેમણે કહ્યું હતું કેઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्। धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

અમે અત્યારે હડહડતા કળિયુગમાં જ્યારે સમસ્ત હિંદમાં મ્લેચ્છોનો હાહાકાર વર્તાઇ રહ્યો છે ત્યારે તેમના આગમનની રાહ જોતાં તેમના પ્રથમના શબ્દ ઉપર વિશ્વાસ રાખીને બેઠા છીએ. મારૂં શરીર ઈસાઇ અને ઇસ્લામી મતના અનુયાયીઓથી ખવાઇ ગયું છે. હું મરણપ્રાપ્ત સ્થિતિએ છું, છતાં પોતાના વચનનો ભંગ કરી એટલે વિશ્વાસઘાત કરીને એ કહેવાતા ભક્તવત્સલ શ્રીકૃષ્ણ-ચંદ્ર મારી વહારે આવતા નથી. એટલે ભારતવર્ષમાં અવતાર ધારણ કરી મારી રક્ષાર્થે ન આવી સાધુ પુરુષોના રક્ષણ કરવાની ફરજમાંથી તેઓ છટકી જવા યત્ન કરે છે. મારી આપ નામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારને ફરી નમ્ર અરજ છે કે, તેમને સમજાવી મૃત્યુલોકના ભરતખંડમાં મોકલવા અને જો તેમ છતાં તેઓ ન આવે તો તેમના ઉપર ન્યાયની ખાતર વૉરંટ કાઢી તેમને બળજબરીથી પણ મારી રક્ષા અર્થે મોકલી આપવા. ખરેજ હું બહુ દુઃખી છું. મૃત્યુલોકમાં મારૂં રક્ષણ કરનાર કોઇ નથી. આપની પાસે હું ન્યાયની આશાએ આવ્યો છું. તો મને અવશ્ય ન્યાય મળશેજ. મેં આ બાબત તેમને લેખિત અરજી કરી હતી, પણ તેનો સંતોષકારક જવાબ નથી.

સ્વામી શ્રદ્ધાનંદજીની દલીલ

આ ફરિયાદ પૂરી થતાં સ્વા. શ્રદ્ધાનંદજીએ વધુ દલીલમાં જણાવ્યું કે, આ ફરિયાદની બીના અક્ષરશઃ વિશ્વસનીય અને સત્ય છે. અને તેની સાબીતીના બધા પૂરાવા મારી પાસે છે. જો તે આરોપી તેનો ઇન્કાર કરશે તો હું બધું રજુ કરીશ.

આ ટુંક વિવેચન પૂરૂં થતાં શ્રી. ઇંદ્ર મહારાજે આરોપી શ્રીકૃષ્ણચંદ્રને ફરમાવ્યું કે, આપના તરફથી બચાવના ધારાશાસ્ત્રી કોણ છે?

શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્માએ પ્રત્યુત્તર વાળ્યો કે, હું મારી જાતેજ મારો બચાવ કરવા શક્તિમાન હોવાથી મારે બીજા ધારાશાસ્ત્રીની જરૂર નથી.

શ્રી ઇંદ્ર—તમારી વિરુદ્ધ આ ફરિયાદ આવી છે. તે બાબતમાં તમારે શું કહેવું છે? તેમાં જણાવેલો આરોપ શું ખરો છે?

શ્રી. કૃષ્ણચંદ્ર—જી હા, આરોપ અક્ષરશઃ ખરો છે. પરંતુ હું વિશ્વાસઘાત કરીને હિંદમાં અવતરતો નથી એ આક્ષેપ બિનપાયાદાર છે. તેના બચાવમાં હું જણાવું છું કેઃ—

દ્વાપરમાં જ્યારે હું ભારત વર્ષમાં શ્રીકૃષ્ણ પરમાત્માના નામથી અવતર્યો ત્યારે આ હિંદુ સમાજ આવો નિર્માલ્ય, દ્વેષપૂર્ણ, માંહોમાંહે કલહપ્રિય, નિર્બળ, સ્ત્રીબાળકોનું રક્ષણ કરવામાં અશક્ત, વિધર્મીઓના અત્યાચારોનો જવાબ ન વાળતાં મૂંગે મોઢે સહનાર ભીરુ, હાડપિંજર સમો ન હતો. તે સમયે તેનું સુંદર શરીર ભલભલા દેવોને પણ મુગ્ધ કરનારૂં હતું. બલાઢ્ય, સ્ત્રીબાળકોનું સંરક્ષણ કરવાને સમર્થ, વિધર્મીઓના અત્યાચારનો જવાબ વાળી તેમને ભરતખંડમાં આવતા અટકાવનાર અને પોતાની સીમાને અભેદ્ય રાખનાર અજબ પાચનશક્તિવાળો તે હતો. અને એ સ્વતંત્ર ભારત દુનિયાની સુમધુર વાડી હતી, સ્વર્ગનું નંદનવન હતું. ત્યાં પરદેશી સત્તા ન હતી. ત્યાં ગુલામીની જંજીરો જકડાયલી નહોતી. ત્યાં ન્યાય, વીરતા અને દયાનાં મિલન હતાં. એ યોગ્ય ક્ષેત્રમાં અવતરવામાં હું પણ બેશક મારૂં સદ્‌ભાગ્ય સમજતો હતો. આજના આવા બેડોળ હિંદુ સમાજની રક્ષાર્થે એ ભૂમિમાં અવતરવા માટે પણ ખરેજ મને અણગમો થાય છે. અત્યારે ભારત નરકયાતના ભોગવી રહ્યું છે. નથી ત્યાં કોઇ શિવાજી સમો સમ્રાટ્ અને નથી ત્યાં નરસિંહ અને મીરાં સમાં ભક્ત હૃદયો. મારા આટલા બચાવથી હું આશા રાખું છું કે, ફરિયાદપક્ષના ધારાશાસ્ત્રીને સંતોષ થશે. વળી મારા ઉપર અરજી આવી તેનો જવાબ મેં સુરતના 'હિંદુ' પત્રમાં ગયા વર્ષના એક અંકમાં વાળ્યો છે. ધારાશાસ્ત્રીનું હું તે તરફ ધ્યાન ખેંચું છું. આટલા કથન બાદ હું મારી જગ્યા લઉં છું.

શ્રી ઇંદ્ર—આપના અસીલના બચાવમાં હવે આપને કંઇ કહેવું છે?

સ્વા. શ્રદ્ધાનંદજી—આપ નામદાર સમક્ષ મારે નમ્રતાપૂર્વક જણાવવાનું કે, આરોપી શ્રીકૃષ્ણચંદ્ર હિંદુસમાજ ઉપર જે જે આક્ષેપો મૂકે છે તે યોગ્ય છે. પણ કહે છે કે, હિંદુ ધર્મના ભક્તો હિંદમાં નથી. એ આક્ષેપનો હું સદંતર ઇન્કાર કરૂં છું; કારણકે હું પણ એજ ભારતમાં હતો. ધર્મની રક્ષાર્થે વિધર્મીઓને પચાવવાના કામ માટે એક મુસ્લીમની ગોળીથી હું વિંધાયો હતો. એથી શું મારી ધર્મભક્તિ સિદ્ધ નથી થતી? વળી મ. રાજપાલ પણ એજ હિંદુધર્મની રક્ષાર્થે વિધર્મીને જવાબ વાળવા એક નાનું સરખું પુસ્તક પ્રકટ કરી એક વિધર્મીના કાતિલ છુરાના ભોગ થઇ પરલોકે પ્રયાણ કરી ગયા! શું તેઓ ધર્મભક્ત ન ગણાય? જે માળા ભજે અને ભજનો લલકારે તેજ ભક્ત ગણાય? શું શ્રીકૃષ્ણચંદ્રની ડીક્ષનરીમાં ભક્તની વ્યાખ્યા આવીજ છે?

એટલામાંજ શ્રીકૃષ્ણચંદ્ર બોલી ઉઠયાઃ—નહિ નહિ, હું બેશક આપના તથા મ. રાજપાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલિદાનને વખાણું છું, પરંતુ તમે બંને ત્યાંથી શહીદ થઇને સ્વર્ગસદનમાં આવી ગયા છો. હવે મૃત્યુલોકમાં એવું કયું ભક્તહૃદય રહ્યું છે?

સ્વા. શ્રદ્ધાનંદજીઃ—હજી દિલ્હી નગરીમાં 'શુદ્ધિ સમાચાર' માસિકના અધિપતિ સ્વા. ચિદાનંદજી મારી જગ્યા સાચવનાર હયાત છે. વળી ડૉ. મુંજેનું નામ સમસ્ત ભારતમાં હિંદુ-ધર્મસેવક તરીકે મશહુર છે. વળી સુરતમાં 'હિંદુ' નામના, વિધર્મીને જવાબ વાળી હિંદુધર્મ જાતિની રક્ષાર્થે દર રવિવારે પ્રકટ થતા અઠવાડીક પત્રના તંત્રી શ્રી ચીમનલાલ રેવાશંકર જોષી જેમને ન્યાયાધિકારીએ ૧૩ માસની સખ્ત સજા અને રૂા. ૧૦૦૦) નો દંડ કર્યો છે, જેમણે વરિષ્ઠ અદાલતમાં અપીલ કરતાં સજા ૧૦ માસ તથા દંડ ૮૦૦) રૂા. કાયમ રહ્યો છે, જેઓ હાલ જેલમાં છે અને ધર્મ ખાતર—તન—મન અને ધનથી બલિદાન સમર્પી જેલનાં અસહ્ય કષ્ટ હસતે મુખડે સહી રહ્યા છે. તેમને જેલમાં કેટલું કષ્ટ પડતું હશે તેનો ખ્યાલ તેમના વજનમાં ૨૨ રતલનો ઘટાડો થયો, એ ઉપરથી આપ નામદારને સહેજે આવી શકશે. આવા અનેક ભક્તો હિંદમાં હજી પણ વિદ્યમાન છે.

શ્રીકૃષ્ણચંદ્ર—આપની હકીકત સત્ય છે, છતાં મારે સ્પષ્ટ જણાવી દેવું જોઇએ કે, અત્યારે ભારત અને હિંદુ સમાજમાં બેશક અનેક ભક્તો વિદ્યમાન હશેજ; પરંતુ તે સર્વમાં હું જેમને ત્યાં અવતરી શકું એવું આદર્શ આર્ય યુગલ એક પણ બતાવશો? ક્યાં છે વસુદેવ અને દેવકી માતા? ક્યાં છે એ વહાલસોયાં નંદ અને યશોદા? ક્યાં છે એ પ્રણયમૂર્તિ રાધા અને રુક્મિણી? ક્યાં છે એ ગોકુલ અને વૃંદાવન! અને મારી સુવર્ણમયી દ્વારિકા હજીએ યાદ આવે છે. ક્યાં છે બળદેવ સમા વીરયોધ બંધુ, સુભદ્રાસમી યુદ્ધવિશારદ ભગિનીઓ? મારા એ ગોપસખા અને એ ગોપીઓ હજીયે જાણે મારી સમીપજ છે. એ ભારત! અહા એ રમણીય ભારત ખરેજ અત્યંત આદર્શ હતું. શું તમે એવી સૃષ્ટિ સર્જાવ્યા વિનાજ મને ભારતમાં બોલાવી તમારા સરદાર બનાવી મારી હાંસી કરાવવા માગો છો? જો આ ફરિયાદમાં તમારો એવોજ મનોભાવ હોય તો મને માફ કરશો. આવા સંજોગોમાં—તમારી આ અપમાનભરી પરિસ્થિતિમાં હું આપની એ માગણીનો સ્વીકાર ન કરી શકું એ દેખીતી વાત છે.

સ્વા૦ શ્રદ્ધાનંદજી—બેશક, આપને એવી સુરમ્ય ભૂમિ, એવા સખા, એવો પરિવાર સંપૂર્ણપણે નહિજ મળી શકે; પરંતુ તેમાંથી કાંઇક ઉણપવાળો પ્રદેશ અને પરિવાર અમે બેશક અમારી શક્તિ મુજબ ઉપજાવી આપીશું. અમે આપને બીલકુલ અપમાનિત નહિજ થવા દઇએ. જરૂરથી અમે આપને સર્વ રીતે મદદ કરીશું અને આપના અવતારને સફળ બનાવવામાં અમારો ફાળો આપીશું જ. આપ જણાવો છો તે સુધારા તાકીદે કરવાની અમે ખાત્રી આપીએ છીએ. નીતિમાન અને ચારિત્ર્યવાન સૃષ્ટિ અમે જરૂર ઉત્પન્ન કરીશું.

શ્રીકૃષ્ણચંદ્ર—ઉપર જણાવેલ સુધારા આ હિંદુ સમાજ તાકીદે કરી દે. હું અવતરી શકું તેવી નીતિમાન, ચારિત્ર્યવાન, કીર્તિવાન, તેજોપુંજ અને સુદૃઢ ગાત્રવાળી દેવી તૈયાર કરી દે; મારી દ્વાપર યુગ સમી સૃષ્ટિ ભારતમાં સર્જાવી દે અને યોગ્ય ક્ષેત્ર ઉપજાવી આપે તો બિલકુલ આના-કાની વગર મારી ફરજનું મને સંપૂર્ણ ભાન હોવાથી મારી સ્વેચ્છાથી ભારતમાં હું અવતાર લઇશ.

આટલી દલીલ બાદ શ્રીકૃષ્ણચંદ્રે પોતાનું સ્થાન લીધું.

બન્ને પક્ષની તકરાર સાંભળ્યા બાદ થોડો વિચાર કરી શ્રી ઇંદ્ર મહારાજે પોતાનું જજમેન્ટ નીચેના શબ્દોમાં આપ્યું.

જજમેન્ટ

શ્રી ઇંદ્ર મહારાજની વરિષ્ઠ અદાલતમાં કેસ નં. ૧. વિક્રમ સંવત ૧૯૮૫

ફરિયાદીઃ—હિંદુ—સમાજ રહેવાસી હિંદ.

વિરુદ્ધ

આરોપી—શ્રીકૃષ્ણચંદ્ર વસુદેવ. રહેવાસી દ્વારિકાના—હાલ મુકામ ક્ષીરસાગર.

હિંદુ સમાજની ફરિયાદ મારી સમક્ષ રજુ થઇ છે, જેમાં આરોપી આરોપનો સ્વીકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો હોવાથી વધુ પૂરાવાની જરૂર નથી. સ્વા. શ્રદ્ધાનંદજીની વકીલાત કરવાની યોગ્યતા બરોબર છે. આરોપી પોતે બચાવ કરે છે. તેમાં બન્ને ધારાશાસ્ત્રીની દલીલ ખરેજ પ્રશંસાપાત્ર છે.

શ્રીકૃષ્ણચંદ્ર કે જેમને મૃત્યુલોક પરમાત્માતરીકે હજી સુધી માને છે, તેમના ઉપર મુકદ્દમો માંડવાની અપૂર્વ હિંમત બદલ હું હિંદુસમાજને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી; તેમજ શ્રીકૃષ્ણ પરમાત્માના અસીમ જ્ઞાનને પહોંચી વળવા જેટલી શક્તિ અને પ્રવીણતા મેળવી સરસ રીતે ફરિયાદ રજુ કરવામાં સફળતા મેળવવા બદલ હું સ્વામી શ્રદ્ધાનંદજીની યોગ્યતાને પણ આદર આપું છું.

વિદ્વત્તાભરેલી દલીલો ઉપર વિચાર કર્યા બાદ હું હિંદુસમાજને ફરમાવું છું કે, શ્રીકૃષ્ણ પરમાત્મા અવતરી શકે તેવું દ્વાપર યુગ સમું ક્ષેત્ર ઉત્પન્ન કરવું અને તેમને અવતરવા માટે વિનતિપત્ર રજીસ્ટર કરીને મોકલવું. જો તેનો ઈન્કાર થાય તો મને જણાવવું. તે પછી હું તેમને ભારતવર્ષમાં મોકલવા વારંટ વગેરે કાઢવા જે ઘટતું હશે તે કરીશ.

આ ચૂકાદો સાંભળી બધામાં સંતોષ અને આનંદ ફેલાયો અને આ રમુજની યાદ કરતા કરતાં સૌ કોઇ વીખરાયા.

(તા. ૨૮-૮-૨૯ ના 'હિંદુ'માંથી)

૧૦૩-તક્ષશિલામાં વિદ્યાર્થીઓને કેવી શિક્ષા થતી?

તક્ષશિલા-વિશ્વવિદ્યાલય મેં વિદ્યાર્થિયોં કા જીવન કિસ પ્રકાર બીતતા થા, ઇસ સંબંધ મેં જાતકોં કે એક-દો નિર્દેશોં કા અવલોકન ઉપયોગી હૈ. વિદ્યાર્થી અપને આચાર્ય કે નિરીક્ષણ મેં રહતે થે. ઉનકે જીવન કે સુધાર પર આચાર્ય બહુત ધ્યાન દેતા થા. યહી કારણ હૈ કિ અનેક ભાંતિ કે દંડ ભી વિદ્યાર્થિયોં કો દિયે જાતે થે. તક્ષશિલા મેં વિદ્યાર્થિયોં કો શારીરિક દંડ ભી મિલતા થા. 'તિલમુષ્ટિ-જાતક' મેં લિખા હૈ—

"એક બાર કુમાર બ્રહ્મદત્ત અપને આચાર્ય કે સાથ સ્નાન કરને કે લિયે ગયા. માર્ગ મેં એક વૃદ્ધા સ્ત્રી ને તિલ સુખાને કે લિયે ડાલ રક્ખે થે. વહ સમ્મુખ બૈઠી હુઇ ઉનકી રખવાલી ભી કર રહી થી. કુમાર ને જબ ઉન તિલોં કો દેખા, તો ખાને કે લિયે ઇચ્છા ઉત્પન્ન હુઈ. ઉસને મુટ્ઠીભર તિલોં કો ઉઠા લિયા, ઔર ખાને લગા. સ્ત્રી ને સમઝા 'યહ ભૂખા હોગા' અતઃ ઉસને કુછ ન કહા ઔર ચુપચાપ બૈઠી રહી. અગલે દિન ઠીક ઉસી તરહ કુમાર બ્રહ્મદત્ત ઉસી સમય આચાર્ય કે સાથ ગયા, ઔર ઉસને પહલે દિન કી હી તરહ તિલ ઉઠા કર ખા લિયે. ઉસી તરહ સ્ત્રી ને ભી કુછ ન કહા. તીસરે દિન ભી કુમાર ને વહી કિયા. અબ સ્ત્રી ચૂપ ન રહ સકી. ઉસને ચિલ્લા કર કહાઃ—'સંસારપ્રસિદ્ધ આચાર્ય અપને શિષ્યોં દ્વારા મુઝે લૂટના ચાહતા હૈ.' યહ કહ કર વહ બાંહ ઉઠા કર રોને લગી; આચાર્ય ને પીછે મુડ કર પૂછા-'ક્યા બાત હૈ માં ?'

'મૈંને સુખાને કે લિયે તિલ બિછાયે હૈં. તુમ્હારે શિષ્ય ને મુટ્ઠી ભર કર ઉન્હેં ઉઠા લિયા હૈ. યહ ઉસને આજ કિયા હૈ, કલ કિયા થા ઔર પરસોં ભી કિયા થા. ઇસ તરહ તો યહ મેરે સારે ઘર કો બરબાદ કર દેગા.'

'માં ! રોઓ મત, મૈં તુમ્હેં ઇસકી કીમત ચૂકા દૂંગા.'

'ઓહ ! સ્વામી, મૈં કીમત નહીં ચાહતી, ઇસ લડકે કો ઐસી શિક્ષા દો કિ આગે સે ઐસા ન કરે.'

આચાર્ય ને 'બહુત અચ્છા' કહ કર દો લડકોં કો ઉસ રાજકુમાર કે દોનોં હાથોં કો પકડ લેને કા આદેશ દિયા, ઔર સ્વયં ઉસકી પીઠ પર તીન ડંડે મારે. ઇસ તરહ આચાર્ય ને કુમાર કો ફિર ઐસા કામ ન કરને કી શિક્ષા દી.

(હિંદી માસિક "સુધા"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૪–चेतो, नहि तो आपणा हिंदु समाजना पग भागी जशे.

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ ન સમજવાને લીધે પૃથ્વીના પડ ઉપર કેટલાએ અત્યાચારો થયા છે અને થાય છે. ધાર્મિકતા જ્યારે ધર્માંધતાનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તો અવધિ થાય છે. ધર્મને નામે જેટલું લોહી રેડાયું છે, તેટલું ભાગ્યેજ બીજી કોઇ બાબતને માટે રેડાયું હશે. દુનિયાના ઇતિહાસમાં આના દાખલા મોજુદ છે. ઇસ્લામનો પ્રચાર લોહીથી ખરડાયેલો છે. મુસલમાનોએ અન્ય પ્રજાઓ ઉપર જે ત્રાસ વર્તાવ્યો છે, તે ધર્મને નામેજ વર્તાવ્યો છે. ધર્મને બહાને તેમને બહેકાવવામાં ન આવ્યા હોત તો કદાચ તેમણે તેમ ન કર્યું હોત; પણ આજે આપણે આવી જાતના અત્યાચારો વિષે વિચાર નથી કરવો, પરંતુ આપણા ભાઇઓ ઉપર જે અત્યાચાર આપણે પોતેજ ગુજારી રહ્યા છીએ તેના વિષે કંઇક વિચાર કરવા ધાર્યો છે.

હિંદુઓની વસ્તી ૨૨ કરોડની ગણાય છે, તેમાં ઓછામાં ઓછા ૫ થી ૬ કરોડ જેને હાલ આપણે અંત્યજતરીકે ઓળખીએ છીએ તે લોકો છે. આ લોકોને આપણે અસ્પૃશ્ય ગણીએ છીએ અને તેમ ગણવામાં ધર્મનો આધાર છે, એમ પણ માની બેઠા છીએ. અસ્પૃશ્યતાને જો ધર્મનો સ્વાંગ પહેરાવવામાં ન આવ્યો હોત તો તે અત્યારસુધી ટકી પણ ન હોત. મહર્ષિ દયાનંદ અને મહાત્મા ગાંધીજી જેવાના સજ્જડ ફટકાઓ પડવા છતાં હજી તે જડમૂળથી ઉખડી નથી. તે કેવળ એક રૂઢિજ હોત તો કયારનીયે નિર્મૂળ થઇ ગઇ હોત, પણ તેને ધર્મનું સ્વરૂપ આપવામાં આવ્યું છે, તેથીજ તે આવા મહાપુરુષોના મર્મપ્રહાર થવા છતાં જીવી રહી છે; પણ હવે એનો મૃત્યુઘંટ વાગ્યો છે, એ તો નક્કીજ છે.

એક મનુષ્ય બીજા મનુષ્યને અડતાં અભડાઇ જાય એટલે અપવિત્ર થઇ જાય, એ ભાવના કયાંથી જન્મી એજ અક્કલમાં ઉતરતું નથી. ગમે તે કારણે અને ગમે તે સમયે તે અસ્તિત્વમાં આવી હોય તોપણ અત્યારે તો તે કલંકરૂપ થઇ પડી છે. એ વિષે હિંદુસમાજના લગભગ બધા અગ્રેસરો એકમત છે. જેને આપણે અસ્પૃશ્યવર્ગ માનીએ છીએ તે સમાજના પગરૂપ છે. જે સમાજના પગ સડેલા હોય તે પ્રગતિ કરે કેવી રીતે? આપણે તેમના તરફ જે અમાનુષી વર્તન ચલાવી રહ્યા છીએ તેને ધર્મનો બીલકુલ ટેકો નથી. ધર્મ તો **'आत्मवत् सर्वभूतेषु'** થવાની ઉમદા ભાવના શીખવે છે. પ્રાણીમાત્રને પોતાના જેવાં ગણવાનું શીખવનાર ધર્મ મનુષ્ય તરફ ઘૃણાદૃષ્ટિ રાખવાનું કેળવે કેવી રીતે? એ પાપાચાર આપણે પોતેજ આચરી રહ્યા છીએ અને તેનાં માઠાં ફળ પણ ભોગવી રહ્યા છીએ. પરદેશમાં આપણી સ્થિતિ અંત્યજોના જેવીજ થઇ છે, એ આપણા પાપનાંજ બૂરાં ફળ છે. હજી પણ આપણે એ પ્રથાને ચાલુ રાખીશું તો ભવિષ્યમાં પણ આપણે એ કડવાં ફળ ચાખવાં પડશે.

સમાજશરીરના એ ચોથા અંગને સુદૃઢ કરવાને તેમને મનુષ્યતરીકેના અને સામાજિક હક્ક આપીશું ત્યારેજ આપણે પ્રગતિને પંથે પડીશું. એ હક્ક આપવામાં કોઇ જાતનો ઉપકાર નથી, માત્ર પાપનોજ પશ્ચાત્તાપ છે અને તેમાં આપણી પણ શુદ્ધિ રહેલી છે. અસ્પૃશ્યતાનિવારણ એટલે અંત્યજ મનાતા લોકોને માત્ર અડવું એટલોજ એનો અર્થ નથી, પણ તેમને અસ્પૃશ્ય માનીને તેમના જે કુદરતી હક્ક છીનવી લીધા છે, તે પાછા આપવા એમાંજ સાચું અસ્પૃશ્યતાનિવારણ છે. પહેલાં આપણે મનુષ્યતરીકેના હક્કનો વિચાર કરીએ. દરેક મનુષ્યને ઓછામાં ઓછું પેટ ભરીને ખાવાપીવાનું અને ટાઢતડકા તથા વરસાદથી રક્ષણ કરી શકાય એટલું પહેરવાનું અને રહેવાનું મળવું જોઇએ. બીજી રીતે કહીએ તો હવા, પાણી ને ખોરાક જે કુદરતની અમૂલ્ય બક્ષિસો છે, તેનો લાભ દરેક માણસને સહેલાઇથી મળવો જોઇએ. અંત્યજોને પેટપૂરતો ખોરાક મળતો નથી, એ તો આપણે જાણીએ છીએ. વળી અંત્યજોમાં જે નીચ ગણાય છે, તેમને તો એંઠવાડજ મળે છે. કોઇ પણ મનુષ્યને એંઠો ખોરાક ખાવા આપવો એ અસ્વચ્છતાની પરાકાષ્ઠા છે. ભંગી લોકોને આપણે રાંધેલો ખોરાક આપવો હોય તો તે સ્વચ્છજ આપવો જોઇએ. એંઠવાડના ટાઢા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુકડા ખાઇને તેમની બુદ્ધિ એવી તો બહેર મારી ગઇ છે, કે તેમને એવું ઉચ્છિષ્ટ ન ખાવાનું સમજાવીએ તોપણ તે સમજી શકતા નથી. આપણેજ તેમને એવો ખોરાક આપતા બંધ થઇશું ત્યારેજ તે રીત નાબુદ થશે. પાણીની પણ એ વર્ગને બહુ હાડમારી વેઠવી પડે છે. પશુપક્ષીઓને પીવાને માટે સ્વચ્છ પાણી મળે છે, પણ બિચારા આપણા અંત્યજ ભાઇઓને તેને માટે ફાંફાં મારવાં પડે છે. સમાજના ત્રણ વર્ગ એકજ કૂવામાંથી પાણી ભરી શકે છે તો ચોથો વર્ગ પણ શામાટે ન ભરી શકે? એક મનુષ્યને સ્વચ્છ પાણી મેળવતાં પણ અટકાવવો એ નિર્દયતાની નિશાની નહિ તો બીજું શું? જો અંત્યજ વર્ગને આપણે હિંદુ માનતા હોઇએ તો જ્યાંથી બીજા હિંદુઓ પાણી લઈ શકે ત્યાંથી તેમને પણ લેવાની છૂટ હોવી જોઇએ. એ સોએ સો ટકા ન્યાય છે, પણ આપણે ન્યાય તો જોવો છેજ ક્યાં? આપણા કૂવામાંથી કોઇ મુસલમાન કે ખ્રિસ્તી પાણી ભરે તો વાંધો આવતો નથી, પણ અંત્યજ મનાતો એક હિંદુ ભરે ત્યારેજ વાંધો આવે છે! ભાઇજ ભાઇની તરફ ઘૃણાની દૃષ્ટિએ જુએ અને તેનો તિરસ્કાર કરે ત્યાં બીજા કોને દોષ દેવો?

આ લોકો ખ્રિસ્તી શા કારણથી થાય છે? તેનો વિચાર કરવા જેવો છે. ખ્રિસ્તી ધર્મના તત્ત્વજ્ઞાનથી આકર્ષાઇને તેઓ ખ્રિસ્તી થતા નથી એ તો દીવા જેવું સ્પષ્ટ છે. એ બિચારા દલિત જનો કેવળ મનુષ્યતરીકેના પ્રાથમિક હક્ક મેળવવાને માટેજ પરધર્મ અને પરસમાજનો આશ્રય શોધે છે. હજી પણ જો આપણી સાન ઠેકાણે આવતી હોય તો તેમને આ હક્કો આપવામાં જરા પણ વિલંબ કરવાની જરૂર નથી. જેટલા વહેલા આપીશું તેટલો આપણનેજ લાભ છે. હવા જેવી વિનામૂલ્યે મળતી અમૂલ્ય વસ્તુ પણ તેમને કેવી મળે છે! ગામને એક છેડે ખાતરના ઉકરડા હોય તેની પાસે તે લોકોને ફરજીઆત રહેવું પડે છે, તેથી જન્મે ત્યારથીજ દુર્ગંધ અને અસ્વચ્છતા તેમના કપાળમાં ચોંટેલી હોય છે. બીજું ન બની શકે તો તેમનાં ઘરની પાસે ઉકરડા નાખવાનું તો પહેલામાં પહેલી તકે બંધ થવું જોઇએ. એ પણ આપણા જેવા મનુષ્યો છે અને તેમને પણ સારી હવા અને સુગંધ ગમે છે. હવે તેમના સામાજિક હક્ક વિષે કંઇક વિચારીએ.

જેમ બીજા મનુષ્યો પોતાની ઇચ્છા મુજબ ગમે ત્યાં વિચરી શકે છે અને જાહેર સંસ્થાઓનો લાભ લઇ શકે છે, તેમ કરવાનો અંત્યજ વર્ગને પણ અધિકાર હોવો જોઇએ. માનસિક વિકાસ સાધવાને માટે શાળાપાઠશાળાનાં દ્વાર તેમને માટે પણ ખુલ્લાં હોવાં જોઇએ. સુખશાંતિનાં સાધનો અને વાહનો પણ તેમને આપણી માફકજ વાપરવા દેવાં જોઇએ. આ બધા એમના નૈસર્ગિક અને જન્મસિદ્ધ હક્ક છે, અને તે આપવામાંજ આપણા સમાજનું શ્રેય છે. નહિ આપીએ તો પરસમાજ તેમને ગળી જશે અને આપણે અપંગ થઇશું. તેમને આ સ્વાભાવિક હક્ક મળ્યા પછી તેમની આત્મજ્ઞાનતૃષા પણ જાગવાની અને તે છીપાવવાને માટે આર્યસંસ્કૃતિ અને વૈદિક ધર્મનું પાન પણ તેમને કરાવવું પડશે. વૈદિક ધર્મની દીક્ષા મળ્યા પછી એ લોકોમાં નવજીવનનો સંચાર થશે અને અલ્પકાળમાં તેમનો ઉદ્ધાર થશે. ખ્રિસ્તી પ્રચારકોની પેઠે આર્યસમાજના ઉપદેશકોએ એ વર્ગમાં પ્રવેશ કરવાની ઘડી હવે આવી પહોંચી છે. એ તરફ આપણે હવે ઝાઝો વખત ઉદાસીન રહીશું તો હિંદુસમાજના પગ ભાગી જશે એ નક્કી સમજવું.

આપણે આપણા નાના ભાઇઓને તેમના કુદરતી હક્કો આપીશું તેની સાથેજ તેમનામાં અવનવો સુધારો થશે. તેમને માથે અસ્પૃશ્યતાનો આરોપ છે, તે તો જોતજોતામાં અદૃશ્ય થઇ જશે. હમેશાં વહેતું જળજ નિર્મળ રહે છે, તેમ સમાજમાં છૂટથી ફરનાર વ્યક્તિજ સ્વચ્છ રહી શકે છે. એક ઢેડની સ્ત્રી જ્યારે ખ્રિસ્તી થઇ પોતાના જન્મસિદ્ધ હક્ક પ્રાપ્ત કરે છે ત્યારે તે કેટલી સુઘડ રહે છે! આપણા સમાજમાં તેમને હળવામળવા દઇએ તો તે તેવાંજ સુઘડ બને એ નિઃસંશય છે. પ્રભુ હિંદુસમાજને તેનાં દલિત ભાઇબહેનો પ્રત્યે અમીદૃષ્ટિથી જોવાની સન્મતિ પ્રેરો!

(તા. ૨૯-૭-૨૯ ના "આર્યપ્રકાશ"માં લેઃ-મહીજીભાઇ કાળિદાસ પટેલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૫–દુષ્ટોનું દમન કરનારા વીર કૃષ્ણ !

પ્રેમથી કોણ જીતાય ?

મહાન યોગેશ્વર અને વીર યોદ્ધા શ્રીકૃષ્ણચંદ્રની જન્મજયંતી આવી લાગતાં, આપણે આર્યાવર્તના તે મહાન વિલક્ષણ બુદ્ધિના નરવીરનાં અનેક ગુણગાનો થતાં સાંભળીએ છીએ. શ્રીકૃષ્ણચરિત્રનો સાગર એટલો તો વિશાળ છે કે, તેમાં વિશુદ્ધભાવે ડૂબકી મારનારાઓને કંઇ ને કંઇ નવું મળે છે. જો અવતારવાદની જાળ બિછાવી એ મહાન ધર્મવેત્તા, ધીર, વીર, રાજદ્વારી પુરુષના જીવન ઉપર અનિષ્ટ રંગોના અટાપટા ચીતરી કાઢવાની ધૃષ્ટતા બતાવવામાં આવી ન હોત, તો જે ભૂમિમાં રામ, કૃષ્ણ, ભીમ અને બાણાવળી અર્જુન જેવા નરશ્રેષ્ઠો પેદા થયા છે; તે આજે આવી અધમાવસ્થામાં ગબડી ના પડત ! સદ્ભાગ્યે સ્વાર્થાન્ધ પોપજીઓએ લગાડેલા કૃત્રિમ રંગના લેપડા; સત્યજ્ઞાનનો સૂર્ય પ્રકાશતાં આપોઆપ ઉખડવા લાગ્યા છે; શ્રીકૃષ્ણને નામે અગિયાર વર્ષ અને બાવન દિવસની લીલાની ભવાઇ કરનારાઓના જનતાની આંખ ઉઘાડે એવા સચોટ ભવાડા થવા લાગ્યા છે; અને જ્ઞાનવિજ્ઞાન આગળ વધતાં, ઇશ્વરના અવતારની કેવળ મનઘડંત વાતો સ્વીકારવાને અને કુદરતના ક્રમ વિરુદ્ધના એલારપેલારના ચમત્કારોની બનાવટી વાતોના ગપગોળા એમ ને એમ ગળી જવાને, કોઇ પણ સુશિક્ષિત જન તૈયાર થતો નથી ! અભ્યાસી મગજો હવે કૃષ્ણજીવનમાં ઉંડાં ઉતરી, તેમાં રહેલાં રહસ્યને શોધી, જનસમાજ આગળ રજુ કરવામાંજ શ્રીકૃષ્ણનાં ગુણગાનનું ખરૂં સાર્થક સમજે છે !

શ્રીકૃષ્ણજીવન ઉપર સામાન્ય દૃષ્ટિપાત કરતાં પણ દુષ્ટોનું દમન કરવાની તેમની વીરતા અને દૃઢતા કોઇ અજબ પ્રકારે આપણી સન્મુખ ખડી થાય છે ! હિંદુસમાજમાં જેઓને અવતારી પુરુષો ગણવામાં આવે છે; તે બધાએ જગતને અચૂક રીતે બતાવી આપ્યું છે કે, દુષ્ટોનું દમન કરવાથીજ પૃથ્વી પાપરહિત બને છે. ચહાય તો રામાયણમાં ડોકીયું કરીને શ્રીરામનું જીવનચરિત્ર તપાસો કે ચહાય તો મહાભારતનાં પર્વો ફેરવી શ્રીકૃષ્ણનાં જીવનનો સાર શોધો કે ઇચ્છામાં આવે તો નૃસિંહાવતારની કાલ્પનિક લીલા નીહાળો; બધેથી એકજ ધ્વનિ ઉઠતો સંભળાશે કે, પૃથ્વી ઉપરનો વધી પડેલો પાપાચારીઓનો ભાર ઓછો કરવા માટે, જે વીર નરકેસરીઓ આ ભવ્ય ભારતભૂમિ ઉપર પેદા થયા છે, તે બધાએ દુષ્ટોનું દમન કરીનેજ પોતાનાં જીવનનું સાર્થક કર્યું છે અને આજે તેથીજ અંધશ્રદ્ધાળુઓ જ્યારે તેમને ઇશ્વરના સાક્ષાત્ અવતાર ગણે છે, ત્યારે શુદ્ધ હૃદયના અને સાત્ત્વિક બુદ્ધિના શ્રદ્ધાળુઓ પણ તેમને પરમાત્માની મહાન વિભૂતિસમા તો અવશ્ય ગણે છે ! ગંગાજી ઉલટાં વહેવા લાગે તેમ, આજે કેટલાકો અજ્ઞાનાંધકારમાં ગોથાં ખાઇ, મહાન પુરુષોના જીવનોદ્દેશને ભૂલી, સ્વાર્થી પોપ કે પૂજારીઓએ બિછાવેલી જાળમાં ફસાઇ, રામકૃષ્ણનાં ભજનીઆંજ ગાયા કરે છે, અને એ ઘેલછા એટલી હદ સુધી આગળ વધે છે કે, તેમાં નીચ બુદ્ધિના નરકાસુરો તેમનાં તન, મન, ધન, લૂંટી, અનાચારના અખાડા જમાવે, ત્યાંસુધી પણ તેમને ભાન રહેતું નથી; અને દિવાનાઓ તથા નિશાખોરોની માફક જેઓ તેમને સારી નેક સલાહ આપે તેમનેજ તેઓ પોતાના વિરોધી કે દુશ્મન ગણી કાઢે છે ! પ્રથમ કહ્યું તેમ જ્ઞાનની રોશની ફેલાતાં, આવી અંધતા ઓછી થવા લાગી છે, અને મધ્યાહ્નના સૂર્યનાં પ્રખર કિરણોના તાપમાં પોપડમની તમામ કુચેષ્ટાઓ બળી જળીને ખાખ થઈ જશે, એમ માનવાને આજે ઘણાં કારણો મળવા લાગ્યાં છે. પણ એક પોપડમ જતાં, તેની જગ્યાએ બીજું વધારે સુંવરેલું અને સુંવાળું, છતાં અતિ ભયંકર પોપડમ તો ઘુસી નહિ જાય ને ? મને તો લાગે છે કે, અવતારવાદ, રાસલીલા કે દાઢીલીલાવાળાં પોપડમનો હવે ટુંક સમયમાં નાશ થઇ જશે; પણ તેની જગ્યાએ જો 'શ્રીકૃષ્ણે પ્રેમથીજ જગતને જીત્યું હતું' એ અર્ધસત્ય અને અર્ધ સુંવરેલી ભાવના ઘુસી જશે, તો તે વિઘાતક ભાવયુક્ત પોપડમના પાયા ઉખેડવાનું કામ ઓર વધારે મુશ્કેલ બની ગયા વગર રહેશે નહિ ! તેનાં પરિણામો પણ આત્મઘાતકજ નીવડશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણની રગેરગમાં વિશુદ્ધ પ્રેમ ઉછળી રહ્યો હતો, અને રૂપકાલંકારમાં તો તેમને પ્રેમની સાક્ષાત્ મૂર્તિજ ગણી શકાય; પણ માસી પૂતના, મામા કંસ કે કુટીલ કૌરવો પ્રત્યે તેવો પ્રેમ બતાવ્યો હતો ખરો ? અઘાસુર બકાસુરની વાતોને કલ્પિત ગણી કાઢવામાં આવે છતાં તેનો સાર શું છે ? એ દુષ્ટ નરરાક્ષસોપ્રત્યે શ્રીકૃષ્ણે માથે હાથ પસારવાનો પ્રેમ બતાવ્યો હતો કે હરકોઈ પ્રકારે તેમને દઢતા અને વીરતાની સાથ યમદ્વારમાં પહોંચાડીને, પૃથ્વીપરનો તેટલો ભાર ઓછો કર્યો હતો ? જરૂર, પ્રેમ એ તો અલૌકિક ચીજ છે; અને સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો તેમજ યુવાનોને તેના વડે જીતી શકાય છે. ઘણી વાર વિરોધીઓ અને દુશ્મનોને પણ તેના વડે જીતી શકાય છે; પણ તે બધું ક્યાં સુધી ? જ્યાંસુધી સામા હૃદયમાં સજ્જનતા, સત્યપ્રિયતા, ન્યાય, દયા અને વિવેકબુદ્ધિના અંશો હોય ત્યાંસુધી ! પણ આ બધા ગુણોથી પરવારી જ્યારે દુષ્ટ મનુષ્યો રાક્ષસી સ્વરૂપ ધારણ કરે, ત્યારે તેઓ પ્રેમથી જીતી શકાતાંજ નથી; અને એવા સંજોગોમાં તો તેમનો નાશ કર્યેજ છૂટકો થાય ! પછી તો તે સ્ત્રી છે કે પુરુષ, અને નજીકનો સગો છે કે જાણીતો છે, તે પણ ના જોવાય ! માસી પૂતના સ્ત્રી હતી છતાં ગોપીજનો પ્રત્યે અતુલિત પ્રેમ બતાવી, સ્ત્રીજાતિનો સામાજિક ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણે તેના પ્રાણ ખેંચી લીધા. કંસ મામો હતો, છતાં તેના પૈશાચિક જુલમોથી ત્રાહી ત્રાહી પોકારી રહેલી પ્રજાની મુક્તિ અર્થે શ્રીકૃષ્ણે તેનો વધ કર્યો; અને અધર્મને ઉથાપી, સત્યધર્મની સ્થાપના અર્થે કૌરવ-કુળનો સંહાર કરી રાજમદ, ધનમદ અને સત્તામદના તેણે કુરુક્ષેત્રમાં કેવા ચૂરેચૂરા કરાવી નાખ્યા, તેના સંબંધમાં તો વધારે લખવાની કાંઈ જરૂરજ રહેતી નથી ! મહાર્થી બાણાવળી અર્જુનને જ્યારે વ્યામોહ પેદા થયો અને અસ્ત્રશસ્ત્ર છોડીને જ્યારે તે નામર્દાઇસૂચક સાધુતા બતાવવા લાગ્યો, ત્યારે શ્રીકૃષ્ણે તેને શું ઉપદેશ આપ્યો, તે એકલા હિંદુઓજ નહિ પણ આખી દુનિયા આજે સારી રીતે જાણે છે. અજાયબીની વાત તો એ છે કે, અન્ય દુનિયા જ્યારે શ્રીકૃષ્ણના ઉપદેશાનુસાર વર્તવામાં ભારે ગૌરવ માની રહી છે, ત્યારે તેનાજ ભક્તો કે પ્રશંસકો હોવાનો ગર્વ ધરાવનારાઓ પોતાની નિર્માલ્યતા, હિચકારાપણું અને નામર્દાઇ છુપાવવા માટે પ્રેમનાં ગીતડાં ગાઇ, હિંદના એક મહાન રાજ્યદ્વારી, યોગેશ્વર અને ધીરવીર યોદ્ધાના નામને જાણે અજાણે કલંકિત કરી રહ્યા છે !

દુષ્ટોને માટે પ્રેમનો પ્રયોગ કરવો, એ તો તાવના ત્રિદોષમાં ઘેરાયેલા દર્દીને ત્રણ દિવસનું ખાટું દહીં આપવા બરોબર છે ! દયા માગવાથી, પ્રેમ બતાવવાથી કે નમતા ભજતા જવાથી દુષ્ટો કદી પણ સુધરતાજ નથી. આવા ભાવોને નબળાઇ સમજી તેઓ ઘણી વાર વધારે દુષ્ટ બને છે. દમન, પ્રહાર, પશુબળ, એજ તેમને ઠેકાણે લાવવાના અગર તો તેમના ભારથી પીડાતી પૃથ્વીને હળવી કરવાના રામબાણ ઉપાયો છે ! મારા વિચારો ખરા હોય કે ખોટા હોય, અને તેની સાથે કોઈ મળતાપણું બતાવે કે ન બતાવે, પણ વધુ વિચાર કરતાં મને તો એમજ લાગે છે કે, જેઓ શ્રીકૃષ્ણના નામને આગળ કરીને દુષ્ટોને પ્રેમથી જીતવાની વાતોવડે જનતાને અવળે માર્ગે દોરતા જાય છે, તેઓ શ્રીકૃષ્ણના જીવનોદ્દેશને યથાર્થ રીતે સમજીજ શક્યા નથી; અને જો તેઓ દંભી કે ઢોંગી ન હોય, તો તેઓની બુદ્ધિમાં તેઓ ન જાણતા હોય કે ન ઇચ્છતા હોય છતાં કોઇ આસુરી તત્ત્વજ ઘુસી ગયું છે, એમાં કાંઇ સવાલજ નથી. દુષ્ટોનું દમન કરવાની તાકાત ન હોય તો તો નિર્બળતાને સ્વીકારી જોઈતી શક્તિ પ્રાપ્ત કરવા માટે અવિશ્રામ શ્રમ ઉઠાવવો, એ વ્યાજબી ગણાય; પણ નમાલાપણાને છુપાવવા પ્રેમની ઢોલકી બજાવી, શ્રીકૃષ્ણ જેવા દુષ્ટોનું દમન કરનારા નરવીરના નામને તેમાં સંડોવવું; એ તો એક પ્રકારની અણગમતી અને અણછાજતી કાયરતાજ ગણાય ! પરમાત્માની દયાથી આવી કાયરતાનો કાયમને માટે અંત આવે; અને આર્ય ભ્રાતા ભગિનીઓ શ્રીકૃષ્ણજીનાં દુષ્ટોનું દમન કરવાનાં વીરતત્ત્વને ગ્રહણ કરતાં શીખે; એવી જગદીશને ચરણે મારી નમ્ર પ્રાર્થના છે ! ઇત્યોમ્

(તા.-૨૫-૮૨૬ના "આર્યપ્રકાશ"માં લેખકઃ-શ્રી. કનૈયાલાલ કોઠારી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१०६-महायोगतत्त्व-केशिध्वज और खांडिक्य का संवाद

પ્રાચીનકાલ કી બાત હૈ. રાજા ધર્મધ્વજ કે દોનોં કુમારોં કે કેશિધ્વજ ઔર ખાંડિક્ય-જનક નામક દો તેજસ્વી પુત્ર થે. રાજકુમારોં ને સબ પ્રકાર કી વિદ્યા ઔર કલાયેં સીખી થીં. કુમાર કેશિધ્વજ અધ્યાત્મશાસ્ત્ર કે બડે પંડિત હુયે ઔર ખાંડિક્ય કર્મરહસ્ય કે જ્ઞાતા હુયે. દોનોં ભાઇયોં મેં પરસ્પર વિજયેચ્છા રહતી થી. સમય પર કેશિધ્વજ ને ખાંડિક્ય કો જીત કર નગર સે બાહર નિકાલ દિયા. પરાજિત ખાંડિક્ય અપને પુરોહિત, મંત્રી ઔર પરિવાર કે કુછ લોગોં કો સાથ લે કર દુર્ગમ વન મેં જા બસે. ઈધર કેશિધ્વજ અવિદ્યાદ્વારા હોનેવાલી મૃત્યુ સે બચને કે લિયે વિવિધ પ્રકાર કે યજ્ઞ કરને લગે.

એક સમય કેશિધ્વજ વન મેં યજ્ઞ કર રહે થે, ઉન્હેં સમાધિ મેં સ્થિત જાન કર એક વ્યાઘ્રને ઉનકી ધર્મધેનુ કો માર ડાલા. રાજા કો ઇસ દુર્ઘટના કા પતા લગને પર ઉન્હોંને પશ્ચાત્તાપ કરતે હુયે યજ્ઞ કી પૂર્તિ કે લિયે અપને પુરોહિતોં સે ગોહત્યા કે પ્રાયશ્ચિત્ત કા વિધાન પૂછા. પુરોહિતોં ને કહા કિ, ઇસ વિષય મેં હમ કુછ ભી નહીં કહ સકતે. આપ કશેરુ મુનિ સે પૂછિયે. કશેરુ સે પૂછને પર ઉન્હોંને ભાર્ગવ શુનક મુનિ કા નામ બતલાયા. રાજા ને શુનક કે પાસ જા કર પૂછા; તબ શુનક બોલે કિ 'હે રાજન્! તુમ્હારે દ્વારા પરાજિત તુમ્હારે શત્રુ ખાંડિક્ય કે સિવા ઇસ સમય પૃથ્વી મેં અન્ય કોઇ ભી ઐસા કર્મ કે તત્ત્વ કો જાનનેવાલા નહીં હૈ જો તુમ્હેં પ્રાયશ્ચિત્ત કા વિધાન બતલા સકે. તુમ ચાહો તો ઉનકે પાસ જા કર પૂછ સકતે હો.' યજ્ઞ કા વિઘ્ન દૂર કરને કી ઇચ્છા સે કેશિધ્વજ ને કહા કિ 'હે મુને! મૈં ઇસ કાર્ય કે લિયે અભી ખાંડિક્ય કે પાસ જાતા હૂં. યદિ વે મુઝે અપના શત્રુ સમઝ કર માર ડાલેંગે તબ તો મુઝે આત્મબલિદાન કે ફલસ્વરૂપ યજ્ઞ કા ફલ યોં હી મિલ જાયગા. યદિ વે મુઝે શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત બતલા દેંગે તો મૈં તદનુસાર કર કે યજ્ઞ કી પૂર્તિ કર દૂંગા.

યોં કહ કર મહામતિ રાજા કેશિધ્વજ કૃષ્ણાજિન પહન કર રથ પર સવાર હો તુરંત ઉસ વન કી ઓર ચલે, જહાં ખાંડિક્ય અપને પરિવારસહિત નિવાસ કરતે થે. ખાંડિક્ય અપને શત્રુ કો દૂર સે અપની ઓર આતે દેખ કર, ઉસકી દુર્ભાવના સમઝ કર બડે ક્રોધિત હુયે. વહ ક્રોધ સે લાલ લાલ આંખેં કર કે પુકાર કર કહને લગે 'હે કેશિધ્વજ! ક્યા તુમ ઇસી લિયે કૃષ્ણાજિન (કાલે મૃગ કા ચર્મ) ધારણ કર કે આયે હો કિ ઇસકો દેખ કર મૈં તુમ્હેં નહીં મારૂંગા? તુમને ઔર મૈંને ન માલૂમ કિતને કૃષ્ણ-ચર્મધારી મૃગોં કો તીક્ષ્ણ બાણોં સે મારા હોગા. અતએવ ઇસ વેષ કે કારણ મૈં તુમ્હેં નહીં છોડ સકતા.' કેશિધ્વજ ને કહા 'મૈં આપકો મારને કે લિયે નહીં આયા હૂં, સંદેહ કી નિવૃત્તિ કે લિયે આપસે કુછ પૂછને આયા હૂં. આપ કિસી પ્રકાર કા સંદેહ ન કરેં ઔર ક્રોધ તથા બાણ કો ત્યાગ કર મેરે પ્રશ્ન કા ઉત્તર દેને કી કૃપા કરેં.'

કેશિધ્વજ કે યહ વચન સુન કર બુદ્ધિમાન ખાંડિક્ય અપને પુરોહિત ઔર મંત્રિયોં કો એકાંત મેં લે જા કર ઉનસે પરામર્શ કરને લગે. મંત્રિયોં ને કહા:-'મહારાજ! ઐસા અવસર ફિર કબ મિલેગા? શત્રુ આપકે હાથોં મેં આ ગયા હૈ. અબ તો ઇસકા કામ તમામ હી કર ડાલના ચાહિયે. ઇસ વૈરી કે મરતે હી સારી પૃથ્વી આપકે અધીન હો જાયગી!' ખાંડિક્ય ને ઉનકે વચન સુન કર ગંભીરતા સે કહા 'નિસ્સંદેહ ઇસકે મરને સે પૃથ્વી પર મેરા એકાધિપત્ય હો જાયગા; પરંતુ ઐસા કરને સે મેરા પરલોક બિગડ જાયગા. મેરી સમઝ સે પૃથ્વી કે રાજ્ય કી અપેક્ષા પરલોક મેં વિજયી હોના-જીવન કી ઉચ્ચતર અવસ્થા મેં પહુંચ જાના કહીં અધિક મહત્ત્વ કા વિષય હૈ. ક્યોંકિ—

परलोक जयोऽनंतः स्वल्पकालो महीजयः ।

પરલોક કા જય અનંતકાલ કે લિયે હોતા હૈ; પર પૃથ્વી કી વિજય તો અલ્પકાલ સ્થાયી હોતી હૈ. અતએવ **".....एनं न हिंसिष्ये यत्पृच्छति वदामि तत्"** મૈં ઇસે મારૂંગા નહીં, યહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કુછ પૂછેગા સો બતલા કર ઇસે બિદા કરૂંગા. ધન્ય હૈ ઉસકી ધર્મપરાયણતા ઔર સાધુતા !

ખાંડિક્ય-જનક અપને શત્રુ કેશિધ્વજ કે પાસ જા કર શાન્તિ ઔર પ્રેમ સે કહને લગે કિ 'આપકો જો કુછ પૂછના હો, મુઝસે પૂછિયે. મૈં આપકો યથાર્થ ઉત્તર દૂંગા.' કેશિધ્વજ ને ધર્મ-ધેનુ કે બધ કી ઘટના સુના કર ઉસકે પ્રાયશ્ચિત્ત કા વિધાન પૂછા. ખાંડિક્ય ને બડી સરલતા સે વિસ્તારપૂર્વક વિધાન બતલા દિયા. કેશિધ્વજ ને વહાંસે અપની યજ્ઞભૂમિ મેં લૌટ કર યથાવિધિ પ્રાયશ્ચિત્ત ઔર ક્રમશઃ યજ્ઞ કી સમસ્ત ક્રિયાયેં કીં. યજ્ઞ સમાપ્ત હોને પર રાજા ને સબ ઋત્વિક્ ઔર સદસ્યોં કા પૂજનસમ્માન કિયા; અતિથિયોં કો અનેક પ્રકાર સે વિવિધ દાન દે કર પ્રસન્ન કિયા. તબ ભી રાજા કે મન મેં શાંતિ નહીં હુઇ. ઇસકા કારણ સોચતે સોચતે કેશિધ્વજ કે મન મેં યહ ભાવના હુઇ કી 'મૈંને પ્રાયશ્ચિત્ત કા વિધાન બતલાનેવાલે ખાંડિક્ય કો અભી ગુરુ-દક્ષિણા નહીં દી, ઇસીસે મેરા મન અશાંત હૈ.' ઇસ વિચાર કે પૈદા હોતે હી કેશિધ્વજ ફિર ખાંડિક્ય કે નિવાસસ્થાન કી ઓર ચલે. ઇસ બાર ભી ખાંડિક્ય ને નીતિ કે અનુસાર ઉસ પર સંદેહ કર કે શસ્ત્ર ઉઠાયે, પરંતુ કેશિધ્વજ ને વહાં જાતે હી નમ્ર વચનોં મેં ખાંડિક્ય સે કહાઃ-'હે ખાંડિક્ય ! મૈં આપકી કોઇ બુરાઇ કરને નહીં આયા હૂં, આપ ક્રોધ ન કરેં. આપકે ઉપદેશ સે મેરા યજ્ઞ ભલી ભાંતિ પૂર્ણ હો ચૂકા હૈ. મૈં અભી ગુરુદક્ષિણા નહીં દે સકા, ઉસીકો દેને આયા હૂં, આપકી જો ઇચ્છા હો સો માંગ સકતે હૈં.'

નવયુવકો ! જાગો, હૃદય મેં નવજીવન ભરનેવાલે નવયુગ કે ઇસ નવપ્રભાત મેં જાગો; પરાધીનતા કે બંધન તોડ ફેંકનેવાલે સ્વાધીનતા કે ઇસ સંસાર મેં જાગો; હૃદય કે મલ ધો ડાલનેવાલી સતોગુણમયી ઇસ દુનિયા મેં જાગો. ઉઠો ! અકાલ ઔર દુર્ભિક્ષ સે પીડિત ગરીબોં કે સાથ ઉઠો; ઉન્નતિ કે લિયે ઉઠનેવાલે ઇસ સંસાર કે સાથ ઉઠો, હિમ્મત હારનેવાલોં કે સાથ નહીં, હિમ્મતવાલોં કે સાથ ઉઠો. વહ દેખો, ક્રાન્તિ કી લહર સંસાર કો ભિગો રહી હૈ—ક્યા તુમ અછૂતે હી બચે રહોગે ? બાલસૂર્ય કી કિરણેં સંસાર કો જગા રહી હૈં—ક્યા તુમ સોતે પડે રહોગે ? અરે, ક્યા તુમ સોતે હી પડે રહોગે ?

ઉઠ કર નવયુગ કા નિર્માણ કરો. પીડિત ઔર ત્રસ્ત માનવતા કે નિર્બળ હૃદય મેં શક્તિ કા, સ્વાવલંબન કા ઔર સ્વાધીનતા કા શંખ ફૂંક દો. બંધનોં કો કાટ ડાલો, રૂઢિયોં કો તોડ ફેંકો. વહ દેખો, વિજય કા સેહરા લિયે કૌન ખડી હૈ ? બઢો, આગે બઢો ઔર ઉસકે ચરણોં કો છૂ લો !

× × × ×

ધાર્મિક બનો. યહ ન કહો કિ ધર્મ કેવલ ઢકોસલા હૈ. હમીંને ઉસે યહ બડા રૂપ દે રક્ખા હૈ, હમીં ઉસકા સુધાર કર સકતે હૈં. હાં, ધાર્મિક બનો, પર સાંપ્રદાયિક ઝગડોં મેં ન પડો. વે ઝગડે સંસાર કે તુચ્છ ઔર સ્વાર્થી મનુષ્યોં કે ઉઠાયે હુએ હૈં. ઉનસે ઉંચે ઉઠો. સબ ધર્મોં કી તહ મેં ઉસ એક કો—સત્ય કો, શિવ કો, સુન્દર કો—ખોજ નિકાલો, ઔર ઉસીકી આરાધના કરો. સત્ય કે સેવક બનો, સંસાર કા કલ્યાણ કરો ઔર સૌંદર્ય કી ઉપાસના કરો—નિર્વિકાર શુદ્ધ સૌંદર્ય કી.

રાજનૈતિક બનો. હાં, યદિ રાજનીતિ કા અર્થ દેશ કી સેવા હૈ, તો રાજનૈતિક બનો. વહ દેખો, ઉસ ગરીબ કિસાન કે ઘર મેં દેખો. એકલૌતા બચ્ચા મૃત્યુશય્યા પર પડા હૈ. સ્ત્રી ઉસ કોને મેં અપને અજ્ઞાત, મૂર્ખતા ઔર સ્નેહ કે કારણ બિલખ રહી હૈ. પુરુષ બેચારા ક્યા કરે ? વૈદ્ય કો દેને કે લિયે ઉસકે પાસ એક પૈસા નહીં હૈ. હાય—બાહર દ્વાર પર, દેખો જમીંદાર પેટૂ કારિન્દા પાંચ રૂપયે પર ચઢાયે ગયે વ્યાજ કે પન્દ્રહ રૂપયોં કે લિયે દર્વાજા પીટ રહા હૈ. ગલી કે ઉસ સિરે પર દેખો—ગાંવ કા મહાજન અપને દામ લેને કે લિયે દૌડા ચલા આ રહા હૈ. બેચારા કિસાન ! અરે, તુમ ક્યા ઇસકી કુછ ભી સહાયતા નહીં કર સકતે ?

સામાજિક બનો. હાં, યદિ સમાજ કે પર્દે કે ભીતર અન્યાય ઔર અત્યાચાર કા તાંડવ નૃત્ય તુમ નહીં દેખ સકતે, તો સામાજિક બનો. અરે ક્યા તુમ બચ્ચોં કે ગલે પર છુરી ફિરતે હુએ દેખ સકતે હો ? ક્યા તુમ બુઢ્ઢોં કે સિર પર સેહરા સહ સકતે હો ? વિધવાઓં કી આહ, અછૂતોં કી ચીખ ક્યા તુમ્હેં પશ્ચિમી ફૈશન કે પ્રવાહ મેં બહને સે નહીં રોક સકતે ? ઓહ, તુમ્હારા હૃદય ક્યા પથ્થર કા હૈ ?

સ્વાધીન બનો ! અનુકરણશીલ નહીં, મૌલિક બનો. દેશ ઔર જાતિ કે લિયે કુછ કર દિખાને કે લિયે તૈયાર હો જાઓ. વહ દેખો ક્રાન્તિ દૌડી ચલી આ રહી હૈ. ક્યા તુમ ઉસકા આલિંગન કર સકોગે ?

(ચૈત્ર સં. ૧૯૮૫ ના "ત્યાગભૂમિ"માં લેખકઃ-શ્રી. શાન્તિપ્રસાદ વર્મા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૨–ઉન્નત દેશ કે દેહાતી કૈસે રહતે હૈં?

યૂરોપ મેં ડેનમાર્ક એક છોટા સા દેશ હૈ. ઇસકા ક્ષેત્રફલ ૧૪૮૨૯ વર્ગમીલ ઔર જન-સંખ્યા તીસ લાખ કે લગભગ હૈ. ભારતવર્ષ મેં લખનૌ કમિશ્નરી કા જિતના ક્ષેત્રફલ હૈ ઉસસે સવાયા ડેનમાર્ક કા હૈ. જનસંખ્યા મેં લખનૌ કમિશ્નરી ઇસસે બઢી હુઈ હૈ; ક્યાં કિ ૧૯૧૧ કી મનુષ્યગણના કે અનુસાર ઇસકી જનસંખ્યા સાઢ લાખ હૈ. ડેનમાર્ક કે મનુષ્ય અધિકતર ખેતી કરતે હૈં, પરંતુ યહાં કે ખેતીહર નિરે ગંવાર નહીં હોતે, વરન ઇસ પ્રકાર અપના જીવન બિતાતે હૈં કિ ભારતવર્ષ કે બહુત સે નગરોં કે રહનેવાલે ભી વૈસા નહીં કરતે. યહ ખેતીહર ગાંવોં મેં રહતે હુએ ઔર ખેતી કરતે હુએ ભી પઢને-લિખને સે ઇતના સંબંધ રખતે હૈં કિ અપને દેશ મેં તથા અન્ય દેશોં મેં ક્યા હો રહા હૈ, ઇસકી વહ પૂરી જાનકારી રખતે હૈં. અપને દેશ કે પાર્લામેંટ મેં કૌન સદસ્ય પ્રજા કે હિત કા કિતના ધ્યાન રખતા હૈ, યહ ઉનસે છિપા નહીં રહતા. ઇસી ડેનમાર્ક કે ગાંવ-નિવાસિયોં કે રહન-સહન કે સંબંધ મેં કાર્નહિલ મેગેઝિન મેં એડિથ સેલર નામ કે સજ્જન લિખતે હૈં—

જિન જિન દેશોંકો મૈં જાનતા હૂં ઉન મેં ડેનમાર્ક હી અકેલા ઐસા દેશ હૈ જિસને યહ દિખા દિયા હૈ કિ દેહાત કે રહનેવાલોં કો કિસ પ્રકાર જીવન વ્યતીત કરના ચાહિયે. યહાં કે દેહાતી બડે હી ચતુર હોતે હૈં. ઉનકો યહ જાનને કી ઉતની હી ઇચ્છા રહતી હૈ કિ દેશ મેં ઔર સંસાર મેં ક્યા હો રહા હૈ જિતની કિ પઢે લિખે નગરનિવાસિયોં કો હોતી હૈ. યહાં કી ભાષા મેં જબ પહલે પહલ વિજ્ઞાન કી પ્રારંભિક પુસ્તકેં સસ્તી સસ્તી છપીં તબ નગરનિવાસિયોં સે અધિક દેહાતિયોં ને હી ઇનકો ખરીદા. પાર્લામેંટ મેં સ્થાન ચાહનેવાલે સદસ્યોં સે દેહાત મેં હી ભાંતિ ભાંતિ કે રહસ્ય કે પ્રશ્ન પૂછે જાતે હૈં ઔર યહીં કે રહનેવાલે ઇનકે કામોં કો બડી સાવધાની સે દેખતે રહતે હૈં ઔર કિસી અનુચિત કામ પર આલોચના કરતે હૈં.

ડેનમાર્ક કે ગાંવોં મેં ઐસા કોઇ ઘર નહીં હૈ જહાં સમાચારપત્ર ઔર પુસ્તકેં ન મિલતી હોં ઔર ઐસા કોઇ કિસાન નહીં જો ઇંગ્લૅંડ ઔર ઉપનિવેશોં કે સંબંધ મેં બ્રિટિશ મજૂરોં સે અધિક જાનકારી ન રખતા હો. બોઅર-યુદ્ધ કે સમય મૈં ડેનમાર્ક મેં થા. ઉસ સમય મુઝસે માલૂમ નહીં કિતની બાર યહ પૂછા ગયા કિ ઇસ યુદ્ધ કા ક્યા કારણ હૈ. એક બૂઢી સ્ત્રી કે મુંહ સે યહ સુન કર મુઝે બડા આશ્ચર્ય હુઆ કિ યદિ ઓલિવર ક્રૉમ્વેલ જીવિત હોતે તો યહ યુદ્ધ ન છિડને પાતા. વિજ્ઞાન ઔર રાજનીતિ મેં હી યહાં કે કિસાન પ્રેમ નહીં દિખાતે, વરન્ ઇતિહાસ, સાહિત્ય ઔર જનશ્રુતિ મેં ભી નગરનિવાસિયોં સે અધિક રુચિ દિખાતે હૈં. ઇન દેહાતિયોં કી ઇસ જિજ્ઞાસા-વૃત્તિ કે લિયે આશ્ચર્ય કરને કી કોઈ બાત નહીં હૈ; ક્યોંકિ ઇનકો ભી પઢને લિખને ઔર અધ્યયન કરને કા ઉતના હી અવસર મિલતા હૈ જિતના કિસી નગરનિવાસી કો મિલ સકતા હૈ. વરન્ નગરનિવાસિયોં સે દેહાતિયોં કો પઢને-લિખને કા અધિક સમય મિલતા હૈ.

ડેનમાર્ક કે દેહાતિયોં કી યહ અનુપમ દશા ક્યોં હૈ યહ જાનને કે લિયે ઉસ સંસ્થા કે વિષય મેં કુછ જાનના જરૂરી હૈ, જિસસે યહાં કે દેહાતી અપની સામાજિક, આર્થિક ઔર રાજ-નીતિક ઉન્નતિ કરને મેં સમર્થ હુએ હૈં.

ડેનમાર્ક કે પ્રાયઃ પ્રત્યેક ગાંવ મેં એક મિલનમંદિર (મિટિંગ હાઉસ) હોતા હૈ, જિસકો ઉસ ગાંવ કે નિવાસી અપને ખર્ચ સે બનવાતે હૈં ઔર જિસકે પ્રબંધ કે લિયે અપનેમેંસે હી કુછ સદસ્યોં કી સમિતિ નિયુક્ત કરતે હૈં. યહ મંદિર સારે ગાંવ કા સામાજિક કેંદ્ર હોતા હૈ, જહાં પુરુષ ઔર સ્ત્રી સભી દિલ બહલાને, પઢને-લિખને ઔર ગપશપ કરને કો ઇકટ્ઠે હોતે હૈં. ગાંવ કી સમૃદ્ધિ કે અનુસાર મિલન મંદિર કા આકાર ભી હોતા હૈ, કહીં કહીં તો યહ દેખને લાયક એક રમણીક ભવન હોતા હૈ ઔર કહીં પુરાની ઝોંપડી સે હી કામ લિયા જાતા હૈ. ચાહે મિલન-મંદિર છોટા હો ચાહે બડા, પ્રત્યેક મેં એક સભાભવન (હૉલ) હોતા હૈ, જિસમેં પ્રકાશ કા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા પ્રબંધ રકખા જાતા હૈ ઔર જો ઇતના બડા હોતા હૈ કિ ગાંવ કે સભી અવસ્થા કે પુરુષ, સ્ત્રી, ઇસમેં સુખપૂર્વક બૈઠ સકતે હૈં. સભાભવન કે એક કિનારે એક ઉંચા ચબૂતરા હોતા હૈ ઔર દૂસરે કિનારે વાચનાલય ઔર પુસ્તકાલય. કહીં કહીં વાચનાલય ઔર પુસ્તકાલય કે લિયે અલગ કમરે રહતે હૈ. ડેનમાર્ક કે દેહાતી ઇસ બાત કા બડા ખ્યાલ રખતે હૈં કિ સબકે પઢને લાયક સમાચારપત્ર હી નહીં વરન્ સાપ્તાહિક ઔર સમાલોચનપત્ર ઔર પત્રિકાએં તથા પુસ્તકેં મિલ સકેં. યહ બાત ભી નહીં હૈ કિ યહ લોગ પુસ્તકાલય કી પુસ્તકોં પર હી ભરોસા રખેં. વહ અપને પાસસે ભી પુસ્તકેં મંગા મંગા કર પઢતે હૈં ઔર યદિ નિર્ધન હુએ તો કોઇ મિલ કર કિસી પુસ્તક યા સમાચારપત્ર કો મંગાતે હૈં ઔર બારી બારી સે પઢતે હૈં.

જિસ ગાંવ કા પ્રબંધ ઉત્તમ હુઆ વહાં કે મિલનમંદિર મેં પઢને લિખને ઔર ગપ-શપ કે સિવા કોઈ ન કોઇ ઐસા કામ ભી હોતા હૈ જિસમેં ગાંવ કે સારે નિવાસી સંમિલિત હોતે હૈં. જાડે કે મહીનોં મેં સપ્તાહ મેં કમસે કમ એક દિન સંધ્યા કે સમય ગાંવભર કે યુવક શારીરિક ઉન્નતિ કે લિયે ઇકટ્ઠે હોતે હૈં, જહાં એક અવૈતનિક પહલવાન સબકો તરહ તરહ કી કસરત સિખલાતા હૈ. સપ્તાહ મેં એક દિન બાલક-યુવા-વૃદ્ધ-નર-નારી વ્યાખ્યાન સુનને કે લિયે આતે હૈં. મહીને મેં દો બાર વાગ્વર્દ્ધિની સભા હોતી હૈ, જિસમેં ગાંવ કે સબ લોગ આતે હૈં ઔર વાદવિવાદ કરતે હૈં. નિયમ સિખલાને કે લિયે વિશ્વવિદ્યાલય કે વિદ્યાર્થી ભી આતે હૈં. મહીને મેં દો બાર ગાને બજાને કી મંડલી ભી અપના ગુણ દિખલા જાતી હૈ, કભી કભી નિજી નાટક મંડલિયાં લોગોં કે ચિત્ત કો પ્રસન્ન કર જાતી હૈ.

વ્યાખ્યાનદાતાઓં કો કભી કભી પુરસ્કાર દે દિયા જાતા હૈ, પરંતુ અધિકતર વ્યાખ્યાનદાતા લોકસેવા ઔર પરોપકાર કે વિચાર સે હી કામ કરતે હૈં; ક્યોંકિ યહ યા તો કિસી કૉલેજ કે પ્રૉફેસર હુયે યા વિદ્યાર્થી યા રાજનીતિજ્ઞ જો ગાંવ કા સુધારના ભી ઐસા હી કર્તવ્ય સમઝતે હૈં જૈસા પઢના-પઢાના.

છોટે સે ગાંવ મેં ભી એક રાજનીતિક સંસ્થા હોતી હૈ, જો ગવર્નમેંટ કે કામોં કો ધ્યાન સે દેખતી રહતી હૈ ઔર ઉચિત કામ કે લિયે બધાઇ તથા અનુચિત કે લિયે ચેતાવની દેતી રહતી હૈ. એક ઐસી સંસ્થા ભી હોતી હૈ, જિસમેં લોગ તરહ તરહ કે અસ્ત્રશસ્ત્ર ચલાના સીખતે હૈં, જિસસે કામ પડને પર દેશ કી રક્ષા કર સકેં. પ્રાયઃ પ્રત્યેક ગાંવ મેં એક કૃષિસુધારિણી સંસ્થા ભી હોતી હૈ, જિસકે સદસ્ય યહ વિચાર કરતે હૈં કિ ભૂમિ કી ઉપજ કિસ પ્રકાર બઢાઇ જાય. ઈસીકે સાથ સાથ સહયોગ સમિતિ ભી હોતી હૈ, જિસકે દ્વારા ગાંવ કે સબ આદમી આવશ્યક સામગ્રી ખરીદતે ઔર અપને ખેત કી ઉપજ બેચતે હૈં. યહ સબ સમિતિયાં સરકારી કૃષિવિભાગ સે સંબંધ રખતી હૈં, જિસકા કામ યહ હોતા હૈ કિ નવીન અનુભવ કી બાતેં કિસાનોં કો બતલાતા રહે ઔર અપને કર્મચારિયોં કો દેહાતોં મેં ઇસ લિયે ભેજા કરે કિ જો બાત લોગોં કી સમઝ મેં ન આવે ઉસે અચ્છી તરહ સમઝા દેં.

ઇન મિલનમંદિરોં, કૃષિસુધારિણી સમિતિયોં તથા વ્યાખ્યાનોં સે હી ડેનમાર્ક કે ગાંવ મેં જૈસી આદર્શ ઉન્નતિ હોની ચાહિયે હોતી હૈ, પરંતુ વહાં કે નિવાસી ઇતને સે હી સંતુષ્ટ નહીં રહતે. કિસાન હાઇસ્કૂલ ઔર કૃષિવિદ્યાલય સે ભી કામ લેતે હૈં. ડેનમાર્ક કી કુલ જનસંખ્યા તીસ લાખ હૈ, જિસકે લિયે ૭૫ હાઇસ્કૂલ હૈં, જહાં કિસાન હી નહીં વરન્ કિસાનોં કી સહાયતા કરનેવાલે મજૂર ભી જાડે કે દિનોં મેં જબ કુછ કામકાજ નહીં રહતા ઇતિહાસ, સાહિત્ય, અર્થશાસ્ત્ર, રાજનીતિ, સ્વાસ્થ્ય, વિજ્ઞાન ઔર અન્ય ઉપયોગી બાતેં સીખતે હૈં. પ્રતિવર્ષ દસ સહસ્ર શિક્ષાર્થી જિસમેં એક તિહાઇ મજૂર હોતે હૈં સત્તારે (અવકાશ) કે મહીનોં મેં હાઇસ્કૂલ મેં જાતે હૈં. યહ જબ પઢ કર અપને અપને ગાંવોં કો લૌટતે હૈં તબ જો કુછ નયી નયી બાતેં સીખતે હૈં ઉનકો વ્યાખ્યાનોં ઔર વાગ્વર્દ્ધિની સભાઓં દ્વારા ગાંવવાલોં કો સીખાતે હૈં: ઇન વાદવિવાદોં સે ડેનમાર્ક કે કિસાનોં કો બડા લાભ હોતા હૈ. ઈનિસે ઉનકી બુદ્ધિ તીવ્ર હી નહીં હોતી વરન્ ઉનકો ઐસી બાતોં સે ભી પ્રેમ હો જાતા હૈ જિનકા ઉનસે વિશેષ સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં હૈ. યહ યાદ રખના ચાહિયે કિ ઇન વાદવિવાદોં મેં સંમિલિત હો કર લાભ ઉઠાને મેં એક ટકા ભી ખર્ચ નહીં કરના પડતા. હાઇસ્કૂલ મેં પઢને વા પઢાને કે લિયે ભી ઉનકો બહુત કમ ખર્ચ કરના પડતા હૈ.

પરંતુ ક્યા ડેન્માર્ક કી યહ દશા સદા સે ઐસી હી ચલી આ રહી હૈ ઔર ડેનમાર્ક કે નિવાસિયોં કો ઇસકે લિયે કુછ પ્રયત્ન નહીં કરના પડા હૈ? ઇતિહાસ ઉત્તર દેતા હૈ:—નહીં. ઇનકી વર્તમાન સમૃદ્ધિ કા કારણ ઉનકી પિછલી આપત્તિયાં હૈં. જબ ઉનકા સમુદ્રી બેડા છિન ગયા ઔર ઇનકે શક્તિહીન હોને કે કારણ ઇનકે દેશ કા એક બડા પ્રાંત સ્લેશવિગ-હોલસ્ટીન ભી ૧૯૦૫ વિ૦ મેં શત્રુઓં કે હાથ ચલા ગયા તબ ઇસ દેશ કો ઇતના ધક્કા પહુંચા કિ નગર ઔર ગાંવ સબ જગહ કે રહનેવાલે કિંકર્તવ્યવિમૂઢ હો ગયે ઔર યહી જાન પડને લગા કિ અબ ઉનકા અંત આ ગયા ઔર અબ યહ સદા કે લિયે ધૂલ મેં મિલ ગયે. ઐસા હોને મેં કુછ ભી કસર નહીં થી યદિ સચ્ચે દેશભક્તોં કી એક મંડલી, જી-જાન સે ધર્મ કે પથ પર ચલનેવાલોં કી નાંઇ, શ્રદ્ધા ઔર વિશ્વાસ કે સાથ ઉન્નતિ કરને કે લિયે કટિબદ્ધ ન હો જાતી. ધર્મગુરુ ગ્રંટવિગ ને ઇંગલૈંડ સે હાર ખાને પર જો કામ જારી કિયા થા ઉસીકો ઇસ મંડલી ને ફિર જારી કિયા. યહ મંડલી દેશ કે એક સિરે સે દૂસરે સિરે તક જાતી ઔર લોગોં કો બડે જોરદાર શબ્દોં મેં સીખલાતી કિ "જાગો, ઉઠો ઔર અપને અપને કામ મેં ફિર લગ જાઓ. હાથ પર હાથ ધરે બૈઠે રહના ઔર ભાગ્ય કો કોસના પુરુષોં કા કામ નહીં હૈ." ઇસકા પરિણામ યહ હુઆ કિ દેશ મેં એકદમ સે જાગૃતિ હો ગયી. એકદૂસરે સે ઐસા પ્રેમ હો ગયા જૈસા પહલે સ્વપ્ન મેં ભી નહીં સમઝા ગયા થા. લોગોં મેં યહ ભાવ ઉત્પન્ન હો ગયા કિ બિના સબકે મિલે ઐસી આપત્તિ કે સમય નિર્વાહ હોના કઠિન હૈ. ઇસ લિયે જહાં તક હો સકે પ્રત્યેક કો અપને દેશ-ભાઇ કી સહાયતા કરની ચાહિયે ઔર સબસે પહલે કિસાનોં કો હી સહાયતા પહુંચાને કી જરૂરત હૈ, ક્યોંકિ યહી સબકે જીવનાધાર હૈં.

ઇસ સમય દેહાત કી દશા બડી હી શોચનીય થી. બહુતસી ભૂમિ અચ્છી તરહ નહિ બોયે જાને કે કારણ ઉસર હો ગયી થી. કિસાન જિતના બોઝ ઉઠા સકતે થે ઉસસે કહીં અધિક ઉનકે સિર પર થા. સાથ હી સાથ ચારિત્રબલ મેં ભી યહ લોગ ગિરે હુયે થે. ઇસ લિયે ઉપર-વાલી મંડલી કા પહલા કામ યહ થા કિ ઇનકો ઇસકી શિક્ષા દી જાય કિ અચ્છી ખેતી કિસ પ્રકાર હો સકતી હૈ. ઇસ મંડલી ને ઉન કડી શર્તોં કો ભી સુગમ કરાને કી ચેષ્ટા કી, જિન પર કિસાનોં કો ખેત દિયે જાતે થે. બડે બડે કૃષિવિદ્યાવિશારદ ગાંવ ગાંવ ઘૂમ કર વ્યાખ્યાન દેતે, પ્રયોગ દિખલાતે, ખેતી કરને કી વૈજ્ઞાનિક રીતિયાં બતલાતે, ખરીદને ઔર બેચને કે લિયે સહયોગ સમિતિયાં સ્થાપિત કરને મેં કિસાનોં કો સહાયતા દેતે ઔર સમઝાતે કિ એકદૂસરે સે મિલ કર કૈસે કામ કરના ચાહિયે. કુછ સમય મેં વહાં કી સરકાર ભી ઇસ કામ મેં હાથ બંટાને લગી. કૃષિવિદ્યાલય ઔર ભ્રમણકારી સ્કૂલ ખોલે ગયે, જો ઘૂમ ઘૂમ કર કિસાનોં કો હી નહીં વરન્ મજૂરોં કો ભી ઉનકે કામ ઉનકે પાસ જા કર સીખાતે થે.

ઇસ મંડલી ને ઐહિક ઉન્નતિ કરને કા હી બીડા નહીં ઉઠાયા થા. ઇસને સમઝ લિયા થા કિ અન્નવસ્ત્ર સે હી મનુષ્યજીવન પૂર્ણ નહીં હોતા, વરન્ ઇસકે સાથ સાથ ચારિત્રબલ કો ઉન્નત કરને કી ભી આવશ્યકતા હૈ. ઇસ લિયે ઇસને વિચારા કિ ઇન કિસાનોં કા જીવન તભી સુફલ હોગા જબ યહ ઉદાસી કે ગઢે સે નિકલ કર સંસાર કે સુખ દુઃખ કા સામના પ્રસન્નતાપૂર્વક કરેં, ઉત્તમ નાગરિક બનેં ઔર અપની હી ઉન્નતિ ન કરેં, વરન્ દેશ કો ભી લાભ પહુંચાવેં; ક્યોંકિ સબકી ભલાઇ કે સાથ અપની ભલાઇ હોતી હૈ. વૈસે તો ઇસ મંડલી મેં ભિન્ન ભિન્ન પ્રકૃતિ કે મનુષ્ય થે, પરંતુ ઉપર્યુક્ત બાત પર સબકા મત એક હો ગયા. કુછ તો કિસાનોં કો યહ સીખલાને મેં લગે કિ ખેતી કિસ પ્રકાર કી જાય કિ ઉનકો સબ તરહ કા સુખ મિલે. કુછ ઇસ યત્ન મેં થે કિ કભી કભી મન બહલાને ઔર ચિત્ત કો પ્રસન્ન રખને કી સામર્થ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોની ચાહિયે ઔર કુછ યહ ચાહતે થે કિ ઇન કિસાનોં કે હૃદય મેં ઐસી આશા ઉત્પન્ન કર દી જાય કિ વહ અપના જીવન ભલે કામ મેં લગાવેં. બડે બડે ધર્મોપદેશક છોટે છોટે ગાંવ કે ગિરજાઘરોં મેં બડે હી મનોહર ધર્મોપદેશ દેતે; ધુરંધર રાજનીતિવિશારદ ગાંવ કે મૈદાનોં મેં દિલ કો ફડકા દેનેવાલે વ્યાખ્યાન દેતે; પુરાને ખલિહાનોં મેં નામી નામી ગાયક ઔર બજૈયા સંગીત, નાટક ઔર દેશભક્તિ કી કવિતાઓં દ્વારા લોગોં કે ચિત્ત કો લુભાતે ઔર અપને પૂર્વજોં કે વીર કર્મોં કી પ્રશંસા દ્વારા દિખલાતે કિ મનુષ્ય ક્યા કર સકતા હૈ ઔર હમ લોગોં કો આગે ક્યા કરના ચાહિયે. સપ્તાહ મેં કમ સે કમ એક દિન પ્રત્યેક ગાંવ મેં ઇસ તરહ કા જમાવ હુઆ કરતા થા. ઇસમેં લોગોં કે મન બહલાને કા હી ધ્યાન નહીં રક્ખા જાતા થા, કુછ ઐસી ચર્ચા ભી હોતી થી કિ જિસસે કિસાન સ્વયં કુછ સોચેં, વિચારેં. એક પંથ દો કાજ હોં, ઉનકા મન ભી બહલે ઔર શિક્ષા ભી મિલે. પરિણામ યહ હુઆ કિ થોડે હી દિનોં મેં કિસાન ભાઇયોં કો પઢને લિખને કી ચાટ પડ ગઇ, જિસસે પુસ્તકોં કી માંગ ખૂબ હી બઢી ઔર વ્યાખ્યાનોં મેં સે તરહ તરહ કે પ્રશ્ન કરને કા સુભાવ પડને લગા; દેશ તથા સંસાર કી બાત જાનને કે લિયે મિલન-મંદિર કી આવશ્યકતા જાન પડને લગી, જિનકો અપને ખર્ચ સે બનવા કર અથવા કિરાયે પર લે કર વાચનાલય તથા પુસ્તકાલય કા પ્રબંધ કિયા જાને લગા. જબ કિસાનોં મેં જાગૃતિ હો ગયી મંડલી કા ઉદ્દેશ પૂરા હો ગયા. અબ કેવલ ઇસ બાત કી કમી થી કિ કુછ સમય તક યહ કામ ઐસે હી હોતા રહે. અંત મેં ડેનમાર્ક કે દેહાતી ગુણગ્રાહકતા ઔર ચતુરાઇ મેં નગરનિવાસિયોં સે ભી બઢ ગયે.

ભારતવર્ષ કે ગાંવોં કી બાત છોડિયે ઔર સોચિયે કિ કિતને શહર ઐસે હૈં જહાં પઠન-પાઠન કા ઔર વિદ્યા, બુદ્ધિ ઔર બલ મેં ઉન્નતિ કરને કા લોગોં કો વૈસા હી સુભીતા હૈ, જૈસા ડેનમાર્ક કે છોટે છોટે ગાવોં મેં હૈ. યદિ ઐસા સુભીતા નહીં હૈ તો યહાં કે ધર્મશિક્ષકોં, રાજનીતિવિશારદોં, પ્રોફેસરોં, અધ્યાપકોં ઔર વિદ્યાર્થિયોં કા ક્યા કર્તવ્ય હૈ?

("વિજ્ઞાન" ડિસેમ્બર-૧૯૧૯ લેખકઃ-શ્રી મહાવીરપ્રસાદ શ્રીવાસ્તવ)

૧૧૩-एक क्षत्राणीनी वीरता

રંગપુર (બંગાલ) માં એક ૨૭ વર્ષની તરુણ ક્ષત્રિય વિધવા ઉપર એક મુસલમાનના ખૂનનો કેસ ચાલતો હતો તેનો ફેંસલો કોર્ટે તા ૪ થી જુલાઇએ આપ્યો છે, અને તેમાં તે વિધવાને કોર્ટે નિર્દોષ જાહેર કરી છે.

આ વીર ક્ષત્રાણી વિધવાની પડોશમાં એક શેતુલ મુહમ્મદ નામનો મુસલમાન રહેતો હતો તે આ અબળા ક્ષત્રાણી પર કુદૃષ્ટિ રાખતો હતો. જ્યારે આ વીર ક્ષત્રાણી પોતાના ધર્મપર અટલ છે એમ તેને લાગ્યું ત્યારે તેણે એક દિવસે રાતના એકલી જોઇ બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો. ક્ષત્રિયાણીએ પોતાના બચાવનું કંઇ પણ સાધન ન જોયું ત્યારે તેમણે ચંડિકા સ્વરૂપ ધારણ કર્યું અને તે દુષ્ટનું ગળું પકડી જમીનપર પછાડયો અને તરતજ તેની ગરદનપર એક છરો એવો તો જોરથી માર્યો કે મસ્તક ધડથી જૂદું થઇ ગયું. પોતાના સતીત્વની રક્ષા કરીને ઉપર્યુક્ત ઘટના પોલીસચોકીપર જાતે હાજર થઇ સંભળાવી દીધી.

અદાલતમાં પણ એટલીજ દૃઢતાપૂર્વક બધી વાતોનો સ્વીકાર કરી જયુરી અને ન્યાયાધીશને ધર્મ અનુસાર ચૂકાદો આપવાની વિનતિ કરી. જયુરી અને ન્યાયાધીશના એકમતે તેમને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવામાં આવી છે.

(આષાઢ-૧૯૮૫ ના "ક્ષત્રિય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૪–आधुनिक भिक्षुक

વર્ત્તમાન કાલ મેં ભારતવર્ષ નિર્ધન સે ભી નિર્ધન દેશ હૈ. ઇસ લિયે યદિ યહાં ભિક્ષુકોં કી સંખ્યા સીમા કો લાંઘ ચૂકી હો, તો કોઇ આશ્ચર્ય નહીં. પરંતુ ફિર ભી યહાં કે ભિક્ષુકોં કી સ્થિતિ કા નિરીક્ષણ કરના આવશ્યક પ્રતીત હોતા હૈ.

પ્રાચીનકાલ મેં ભિક્ષા કૌન માંગતે થે ? બાલ–બ્રહ્મચારી વિદ્યાર્થી, જો શિક્ષા પ્રાપ્ત કરને કે હેતુ ઋષિ–મુનિયોં કે સાથ વન મેં નિવાસ કરતે થે. ઉનકી યહ નિત્ય કી ક્રિયા હોતી થી કિ પ્રાતઃકાલ નિત્યકર્મ સે નિવૃત્ત હો કર તથા હવનાદિ કર કે વે સમીપ કે ગાંવ મેં જા કર વહાં સે જો કુછ ભિક્ષા મેં મિલતા લાતે ઔર ઉસસે અપની તથા અપને ગુરુ કી ક્ષુધા નિવૃત્ત કરને કે ઉપરાંત અધ્યયન મેં લગ જાતે થે. ઇસ પ્રકાર વિદ્યાપ્રાપ્તિ કે લિયે, ન કિ પેટ કે લિયે વે ભિક્ષા માંગતે થે. યહાં પર યહ પ્રશ્ન હો સકતા હૈ કિ ક્યા વિદ્યાર્થિયોં કે માતા–પિતા ઇસ યોગ્ય ન હોતે થે કિ વે ઉનકે અધ્યયન કે વ્યય કા ભાર ઉઠા સકેં ? ઇસકા ઉત્તર યહી હૈ કિ બ્રહ્મચર્ય કા જીવન વ્યતીત કરને કે લિયે વિશેષ આડંબર કી આવશ્યકતા હી નહીં હોતી થી. વિદ્યાર્થિયોં કો બ્રહ્મચર્યવ્રત કા પાલન કરના હી પડતા થા. આજકલ કી–સી દશા ન હોતી થી કિ પિતા ઔર પુત્ર, દોનોં હી વિદ્યાર્થી હોં. બ્રહ્મચારી વન મેં નિવાસ કરતે થે. ભૂમિ પર શયન કરતે થે તથા વિદ્યાપ્રાપ્તિ કો હી મુખ્ય ઉદ્દેશ્ય માનતે હુએ ગુરુ–સેવા કરતે થે. જો કુછ મિલ જાતા, ઉસીકા આહાર કરતે થે. સ્વયં રાજપુત્ર તક વિદ્યાપ્રાપ્તિ કે હેતુ વન મેં રહે હૈં ઔર ભિક્ષા માંગ કર નિર્વાહ કિયા હૈં.

અબ વર્તમાન કાલ કે ભિક્ષુકોં પર એક દૃષ્ટિ ડાલિયે. મુસલમાન ભિક્ષુક, જો "ફકીર" યા "સાંઈ" કહલાતે હૈં, અધિક સંખ્યા મેં દૃષ્ટિગોચર હોતે હૈં. તીન વર્ષ કે બાલક સે લે કર પચાસ–સાઠ વર્ષ કા વૃદ્ધ ભી "ફકીર" હૈ. અંધે, લૂલે, બહરે, ઐસે ભિક્ષુક ૧૦ પ્રતિ શત સે અધિક ન હોગે. શેષ હટ્ટે–કટ્ટે હૈં. ઇનમેં સે કુછ કી સંખ્યા ઐસી હૈ, જો દિન કો મજદૂરી કરતે હૈં, ઔર સંધ્યા–સબેરે ઝોલી ડાલ કર ફેરી લગાતે હૈં. યે 'અલ્લાહ' કે નામ પર પૈસા માંગતે હૈં, અર્થાત્ યોં કહિયે કિ ૧ પૈસે મેં અલ્લાહ કો બેચતે હૈં. ઇનસે પૂછિયે કિ ફેરી લગાને કે સમય 'અલ્લાહ' કા નામ લેને કે અતિરિક્ત ૨૪ ઘંટોં મેં કિતની બાર 'અલ્લાહ' કે નામ કો દોહરાતે હો ? તો કદાચિત્ એક–આધ વ્યક્તિ હી ઐસી નિકલે, જો ભગવદ્ભજન ભી કરતા હો. ઇન "ફકીરોં" કી વૃદ્ધિ દિન–પર–દિન હોતી જા રહી હૈ, ઔર ઉસકા મુખ્ય કારણ મુસલમાન ભાઇયોં કા ઇન ફકીરોં કો પ્રોત્સાહન દેના હૈ. યદિ આજ વે નિશ્ચય કર લેં કિ હમ ભિક્ષા કેવલ ઉન્હીકો દેંગે, જો વાસ્તવ મેં ભિક્ષા કે પાત્ર હૈં ઔર ઇન હટ્ટ–કટ્ટોં કો એક પાઇ દેના ભી હરામ હૈ તો બહુત સંભવ હૈ ઇનકી સંખ્યા એકદમ કમ હો જાય.

ઇન 'ફકીરોં" કી દેખા–દેખી હિંદૂ ભિક્ષુકોં અર્થાત્ "બાબા" લોગોં કી ભી સંખ્યા બઢ રહી હૈ. પરંતુ દુર્ભાગ્ય સે ઇનકો અપના રામ બેચના નહીં આતા. ઇસ લિયે યે ઉતને સફલ નહીં હોતે જિતને ઇનકે પથ–પ્રદર્શક "ફકીર" હોતે હૈં. ફિર ભી અપને પથ–પ્રદર્શકોં કો આનંદ કા જીવન વ્યતીત કરતે દેખ કર ઇનકે ભી મુંહ મેં લાર આ જાતી હૈ, ઔર યે કુત્તોં કી તરહ દુતકારે જાને પર ભી ભિક્ષાવૃત્તિ કા હી આશ્રય લેતે હૈં. ઇનકો મુસલમાન–ગૃહોં સે બહુત કમ ભિક્ષા મિલતી હૈ; પરંતુ આશ્ચર્ય હૈ કિ મુસલમાન ભિક્ષુકોં કો ઇસકે વિપરીત હિંદૂ–ગૃહોં સેં અધિક ભિક્ષા મિલતી હૈ, જિસકા કારણ હિંદૂઓં કા અંધવિશ્વાસ પ્રતીત હોતા હૈ. વે સમઝતે હૈં કિ હિંદૂ–ભિક્ષુક તો હમારા કુછ બિગાડ નહીં સકતે, પરંતુ યદિ મુસલમાન કો ભિક્ષા ન દેંગે તો "કબ્ર કે સૈયદ" ઇત્યાદિ હમારા નાશ કર દેંગે. બલિહારી હૈ ઇસ બુદ્ધિ કી!

ભિક્ષુકોં કો જો ભિક્ષા દી જાતી હૈ ઉસકા ઉપયોગ કૈસા હોતા હૈ? કહના ન હોગા કિ અધિકાંશ ઇસકા દુરુપયોગ હી હોતા હૈ. ઇન્હી ભિક્ષુકોં મેં સે અધિકતર મનુષ્ય વે હૈં, જિનકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમ 'ગુંડો' કે નામ સે સંબોધન કરતે હૈં. કદાચિત્ હી કોઈ ઐસા દુર્વ્યસન હોગા, જિસકો યે ન કરતે હોં. જૂઆ યે ખેલતે હૈં, ચોરી યે કરતે હૈં, ઘોર-ઘોર પાપ કરને મેં ભી યે પીછે નહીં હૈં. ઇનકે બહુત-સે પાપ તો ઇનકી "ફકીરી" કી આડ મેં છિપે રહતે હૈં. યે ન તો સ્વયં વિદ્યા પ્રાપ્ત કરને કા પ્રયત્ન કરતે હૈં, ન વિદ્યાધ્યયન કરાને મેં દૂસરોં કે સહાયક હોતે હૈં. ઇનકે જીવન કા ઉદ્દેશ્ય હોતા હૈ "માંગો, ખાઓ ઔર ચૈન કી બંશી બજાઓ." જિસ દેશ મેં પ્રથમ તો ઇતને ભિક્ષુક હોં, દૂસરે વે ઐસા જીવન વ્યતીત કરતે હોં, તો ક્યોં ન વહ દેશ અવનત હોતા જાય?

કહાં વે પ્રાચીન કાલ કે ભિક્ષુક, જો જો મિલતા થા, ઉસસે હી સંતુષ્ટ હો જાતે થે; કહાં અબ કે ભિક્ષુક, જિન્હેં યદિ ભિક્ષા ન દો તો વે આપકો હી અપની ગાલિયોં સે સંતુષ્ટ કર દેં. ઇન ગાલિયોં કા કિસ સમય ક્યા પ્રભાવ પડતા હૈ નહીં કહા જા સકતા. આપ ઘોર દુઃખ મેં હો, પરંતુ આપકે દ્વાર પર જો ભિક્ષુક આવે, ઉસે પૈસા અવશ્ય મિલના ચાહિયે. યદિ આપ ન દેં, તો અપને દુઃખ મેં સહાનુભૂતિ કે બજાય દો-ચાર દર્જન ગાલિયાં પુરસ્કાર-સ્વરૂપ લે લીજિયે. કહીં-કહીં તો યહ દેખને મેં આયા હૈ કિ ભિક્ષુક કો રોટી દી જાતી હૈ, પરંતુ વહ ઉસકે લેને સે ઇનકાર કર દેતા હૈ. કહતા હૈ, મુઝે તો પૈસા દીજિયે. સમઝ મેં નહીં આતા કિ જો ભૂખા હૈ, જિસે ભાગ્ય ભિક્ષાવૃત્તિ કરને કો વિવશ કરતા હૈ, વહ ભિક્ષા મેં પૈસા પાને કે લિયે હી ક્યોં આગ્રહ કરે?

આજ ભારત મેં જિતને ભિક્ષુક હૈં, ઉનમેં સે યદિ આધે ભી કિસી વ્યવસાય મેં લગ જાયં, તો બેકારી કા પ્રશ્ન બહુત કુછ હલ હો સકતા હૈ. ભારત મેં કૃષિ હી પ્રધાન વ્યવસાય હૈ, ઔર યહાં પર અભી બહુત ભૂમિ બંજર પડી હુઈ હૈ. ઇસ ભૂમિ કો ઇન ભિક્ષુકોં દ્વારા ઉપજાઉ કરાના ચાહિયે, ઇસકે અતિરિક્ત ઔર બહુત છોટેમોટે વ્યવસાય હૈં, જિનકો કરતે હુએ મનુષ્ય અપના પેટ ભર સકતા હૈ.

જનતા ઇસ કાર્ય કો અકેલી નહીં કર સકતી; ક્યોંકિ પરિશ્રમ કર કે કૌન પેટ ભરના પસંદ કરેગા, જબ વિના હાથ-પાંવ હિલાએ હી ભોજન મિલ જાતા હો? આપ કિસી ફકીર યા હટ્ટે-કટ્ટે ભિક્ષુક સે પૂછિયે કિ ક્યા તૂ નૌકરી કરેગા? તો વહ યહી ઉત્તર દેગા કિ નૌકરી કર કે ક્યા કરેંગે, હમકો તો ઇસી પ્રકાર પેટ ભરને મેં આનંદ આતા હૈ. ઇસ લિયે સરકાર કી સહાયતા કી આવશ્યકતા હૈ. ઉસકા રૂપ યહ હોના ચાહિયે—

(૧) શહરોં મેં સડક પર યા દ્વાર-દ્વાર જા કર ભિક્ષા માંગના દંડનીય નિશ્ચિત કિયા જાય.

(૨) છોટે-છોટે બચ્ચોં કા તથા હટ્ટે-કટ્ટે સ્ત્રી-પુરુષોં કા ભિક્ષા માંગના અપરાધ નિશ્ચિત હો.

(૩) જગહ-જગહ પર અનાથ-આશ્રમ તથા 'પુઅર હાઉસિસ' બનવાએં જાયં.

(૪) છોટે-છોટે બચ્ચે જો ભિક્ષા માંગતે હુએ દેખે જાયં, ઉનકો અનાથ-આશ્રમોં મેં ભિજવા દિયા જાય, જહાં ઉનકી શિક્ષા કા પ્રબંધ હોના ચાહિયે તથા ગૃહઉદ્યોગ સિખાઇ જાની ચાહિયે.

(૫) હટ્ટે-કટ્ટે પુરુષોં તથા સ્ત્રિયોં કો 'પુઅર હાઉસિસ' મેં ભેજ જાય. ઉનકો કૃષિ કરવાને કે લિયે ગાંવોં મેં ભેજ દિયા જાય ઔર 'કૉટેજ ઇન્ડસ્ટ્રીસ' કી ઓર ભી ઉનકી પ્રવૃત્તિ કરાની ચાહિયે.

("સુધા"ના એક અંકમાં લેખકઃ-રામેશ્વરદયાલ ભાર્ગવ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૫–મિત્રધર્મ અથવા આત્મનિવેદન

માહિષ્મકદેશના સકુળનગરમાં સકુળ નામે એક ધર્મી રાજા રાજ્ય કરતો હતો. તે નગરને પડખેજ એક વાઘરી પાશવડે પક્ષીઓને પકડી નગરમાં વેચીને આજીવિકા ચલાવતો. નગર પાસે બાર યોજનના ઘેરાવાવાળું માનસ નામે કમળસરોવર હતું. તેમાં પાંચ વર્ણનાં કમળ ઉગતાં. ત્યાં જાતજાતનાં પક્ષીઓનાં ટોળાં આવતાં એટલે વાઘરી ત્યાંજ જાળ નાખતો. તે સમયે છન્નુ સારસ હંસના પરિવારવાળો હંસરાજા ચિત્રકૂટ પર્વત ઉપર સુવર્ણગુહામાં વસતો હતો. હવે એક દિવસે તેમાંના કેટલાક સુવર્ણહંસોએ માનસસરોવરે આવી ત્યાં વિશાળ ગોચરે સ્વેચ્છાએ ચરી ચિત્રકૂટ પાછા જઇને હંસરાજને કહ્યું 'મહારાજ! માનસસરોવરમાં ચરણ બહુ સારૂં છે, ત્યાં આપણે ચરવા જઇએ.'

'માણસજાતનો સમાગમ પરિણામે હિતકારી નથી, એટલે ત્યાં જવાનું મને રુચતું નથી' રાજાએ કહ્યું 'છતાં તમને બહુ મન હોય તો એક વાર એ રસ પણ ચાખી આવીએ.' એમ કરીને હંસરાજે પરિવારસહિત સરોવર પ્રત્યે પ્રયાણ કર્યું.

હવે હંસરાજ જેવો આકાશથી સરોવર આગળ ઉતરે છે, એવોજ એનો પગ જાળમાં આવી ગયો. પગ ખેંચવાનું કર્યું, પણ એમ તો પગની ચામડી કપાઇ ગઇ, લોહી નીકળ્યું, પીડા થઇ, પણ પગ ન નીકળ્યો.

હંસરાજે વિચાર્યું કે, આ ઘડીએજ જો રાડ પાડીશ તો આ બધો સમાજ ભયભીત થઇ ચારો ચર્યા વિના ભૂખે પેટે ભાગશે અને અશક્તિને લીધે સરોવરમાં પડી જશે. એટલે એણે મૂંગે મોઢે વેદના સહન કરી અને બધા ચરીને ઘરાયા એટલે પછી મોટે સાદે પોતે બંધાઈ ગયાની રાડ નાખી. તે સાંભળીને મરણભયના માર્યા હંસો ચિત્રકૂટ ભાગ્યા.

બધા ભાગ્યા, પણ હંસોનો સેનાપતિ સુમુખ ન ભાગ્યો. 'મહારાજને માથે તો કાંઇ આપદા નથી આવી?' એમ તર્કવિતર્ક કરતો તે હંસરાજને ગોતવા મંડયો, અને જોયું તો તે ફાંસામાં બંધાયેલ છે, લોહીલોહાણ થઇ ગયા છે, વેદના ભોગવે છે અને કાદવમાં ચત્તા પડયા છે.

હંસરાજને સુમુખે કહ્યું 'મહારાજ! બ્હીશો મા. હું મારો જીવ દઇને પણ તમને પાશથી મૂકાવીશ.' એમ કહીને તે નીચે ઉતર્યો, રાજાને આશ્વાસન આપવા મંડયો અને કાદવમાં બેસી ગયો.

હંસરાજ:–

एते भुत्वा पिवित्वा च पक्कमन्ति विहङ्गमा। हरित्तच्च हेमवण्ण कामं सुमुख पक्कम॥

'ખાઇ પી કરીને આ હંસો ભાગી જાય છે; હે હેમવર્ણા સુમુખ! તું પણ સુખેથી જા.

ओहाय मां ञातिगणा एकं पासवसं गतम्। अनपेक्खमाना गच्छन्ति किमेको अवहिय्यसि॥

પાશમાં પડેલા મને એકલો મૂકીને સગાસંબંધી નિશ્ચિન્તપણે જાય છે. તું એકલો કેમ વાંસે રહ્યો છે?

पतेव पततं सेट्ठ नत्थि बद्धे सहायता। मा अनीघाय हापेसि कामं सुमुख पक्कम॥

હે પક્ષિશ્રેષ્ઠ! ઉડી જા, જાળમાં બંધાયેલાની સાથે સગાઇ કેવી? અવસર ચૂક મા અને જા.

સુમુખ:–

गच्छेवाहं न वा गच्छे न तेन अमरो सियम्। सुखितं तं उपासित्वा दुक्खितं तं कथं जहे॥

હું જાઉં કે ન જાઉં પણ અમર રહીશ એવું તો કાંઇ છેજ નહિ. આજે ભાગું તોપણ યમરાજ મને થોડાક છોડી દેવાના છે? સારા દિવસોમાં તમારી ઉપાસના કરી તમારૂં લૂણ ખાધું. હવે દુઃખના દિવસોમાં તમને કેમ મૂકું?

नाहं दुःखपरेतो पि धतरट्ठ तवं जहे। जीवितं मरणं वा मे तया सद्धिं भविस्सति॥

ગમે એવું દુઃખ ભોગવું પણ તમને ન છોડું. જીવવું, મરવું–મારૂં જે થાય તે તમારી સાથેજ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मरणं वा तया सद्धिं जीवितं वा तया विना। तत्थेव मरणं सेय्यो यञ्चे जीवे तया विना॥

તમારી સાથે મરવું અથવા તમારા વિના જીવવું આ બેમાંથી તમારી સાથે મરી રહેવું મને વધારે પ્રિય તથા સુખકર છે.

नेस धम्मो महाराज यं तं एवं गतं जहे। या गति तुय्हं सा मय्हं रुच्चते विहगाधिप॥

આવી દશામાં તમારો ત્યાગ કરવો એ ધર્મ નથી. હે પક્ષિરાજ! જે તમારી ગતિ એજ મારી ગતિ થાય એવી મારી અભિલાષા છે.

હંસરાજ:-

का नु पाशेन बद्धस्स गति अञ्ञा महानसा। सा कथं चेतयानस्स मुत्तस्स तव रुच्चति॥

હું જાળમાં પડયો છું, તે રંધાવા સારૂ; બીજી કયી ગતિ થાય? પણ તું તો છૂટો છે, સમજુ છે, તને એવી ગતિ કેમ ગમે છે?

कं वा त्वं पस्ससे अत्थं मम तुय्हं च पक्खिम। ञातीनं वावसिट्ठानं उभिन्नं जीवितक्खये॥

તું મારી સાથે કદાચિત્ મરીશ, એમાં તારો અને મારો શું અર્થ સરશે અને આપણે બેય મરીએ તેથી હંસમાત્રને શું લાભ?

સુમુખ:-

कथं नु पततं सेट्ठ धम्मे अत्थं न बुज्झसि। धम्मो अपचितो सन्तो अत्थं दासेति पाणिनम्॥

મહારાજ! ધર્મથી સ્વતંત્ર અર્થ જેવો કોઇ પદાર્થજ નથી. ધર્મ સેવનારને અર્થ તો એની મેળે આવી મળે છે.

सोहं धम्मं अपेक्खानो धम्मा चत्थं समुट्ठितम्। भत्तिं च तयि सम्पस्सं नावकङ्खामि जीवितम्॥

ધર્મની મારે અપેક્ષા છે, અને ધર્મથીજ અર્થની ઉત્પત્તિ છે; એટલે તારા ઉપરની મારી ભક્તિને કારણ જીવ દેવો એ તો મારે મન તુચ્છ વાત છે.

अद्धा एसो सतं धम्मो यो मित्तो मित्तमापदे। नच्चजे जीवितस्सापि हेतु धम्ममनुस्सरम्॥

જીવ બચાવવા સારૂ પણ મિત્રનો આપત્તિમાં ત્યાગ ન કરાય એ સજ્જનનો ધર્મ છે.

હંસરાજ:-

स्वायं धम्मो च ते चिण्णो भत्ति च विदिता मयि। कामं करस्सु मय्हेतं गच्छेवानुमतो मया॥

તેં તારો ધર્મ ઠીક બજાવ્યો. મારા ઉપર તારો સ્નેહ છે તે પણ જાણ્યો. હવે મારૂં એક કહ્યું કર, અને અહીંથી જા.

अपि त्वेवं गते काले यं बन्धं ञातिनं मया। तया तं बुद्धिसम्पन्नमस्स परम संवुतम्॥

સંભવ છે કે જતે દિવસે, તું બુદ્ધિશાળી છે એટલે, તું મારૂં સ્થાન યથાયોગ્ય પૂરીશ.

આ ભવ્ય સંવાદ ચાલતો હતો ત્યાં માંદા માણસ પાસે યમરાજ આવે તેમ આ પક્ષીઓ પાસે પારધિ આવી પહોંચ્યો. જુએ છે તો એક જાળમાં પકડાયેલ છે, અને બીજો છૂટો છે અને પકડાયેલા મિત્રની ચોકી કરે છે. છૂટા હંસને સંબોધીને વાઘરીએ કહ્યું:-

यन्नु पासेन महता बद्धो न कुरुते दिशम्। अथ कस्मा अबद्धो त्वं बली पक्खी न गच्छसि॥

'આ હંસ જાળમાં પડયો છે અને ભાગતો નથી એ તો જાણે ઠીક. પણ તું તો છૂટો છે, બળવાન છે, છતાં કેમ ભાગતો નથી?

किं नु तायं दिजो होति मुत्तो बद्धमुपाससि। ओहाय सकुना यन्ति किमेको अवहीयसि॥

હે પક્ષી! તને શું થાય છે કે જેથી બધા પક્ષી ભાગી છૂટયા છતાં અને છૂટો હોવા છતાં તું ભાગ્યો નથી? અને આ પકડાયેલ પક્ષી પાસે એકલો બેઠો છે?

સુમુખે ઉત્તર વાળ્યો:-

राजा मे सो दिजामित्र सखा पाणसमो च मे। नेव नं विजहिस्सामि याव कालस्य पर्ययम्॥

હે પક્ષિશત્રુ! આ મારો રાજા છે અને પ્રાણસમાન પ્રિય સખા છે. એને હું મરણપર્યંત છોડવાનો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો સુમુખે વાઘરી સાથે વાર્તાલાપ માંડ્યો.

વાઘરી કહેઃ-તમારા રાજાએ પાશ કેમ નહિ દીધો હોય?

સુમુખ-વિનાશકાળ આવે એટલે પછી માણસને કાંઇ સૂઝે નહિ. આવી આવી વાત કરીને વાઘરીનું હૈયું સુમુખે દ્રવતું કર્યું અને પછી એને કહ્યુંઃ-

अपि नायं तया सद्धिं सम्भासस्स सुखुद्रयो । अपि नो अनुमञ्ञसि अपि नो जीवितं ददे ॥

તારી સાથે સંભાષણ થયું એનું તો સારૂંજ ફળ હોય ને? અમને જીવિતદાન દે અને ઘેર જવા દે.'

સુમુખની મધુર કથા ઉપર મુગ્ધ થયેલો વાઘરી બોલ્યોઃ-

न चैव मे त्वं बद्धो सि न पि इच्छामि ते वधम् । कामं खिप्पं इतो गन्त्वा जीव त्वमनिघो चिरम्॥

'તું જાળમાં પડ્યો નથી અને તને મારે મારવોય નથી. તું તારે સ્વેચ્છાએ તરત જા અને ઘણું જીવ.'

સુમુખ કહેઃ-

नेवाहमेतमिच्छामि अञ्ञमेतस्स जीविता । सचे एकेन तुट्ठो सि मुञ्चेतं मं च भक्खय ॥

આ મારો મિત્ર મરે તો મારે જીવવું નથી. તને એકથી તૃપ્તિ થાય તો તું આને છોડી દે અને મને ખા.

आरोहपरिणाहेन तुल्यस्मा वयसा उभो । न ते लाभेन जीनत्थि एतेन निमिना तुवम् ॥

'લંબાઇ, પહોળાઇ, ઉંમર, બધી રીતે અમે બેય સરખા છીએ. એને સાટે મને લેવામાં તને ખોટ નથી.

मं पुब्बे बन्ध पासेन पच्छा मुञ्चा दिजाधिपम् ॥

પ્રથમ મને પાશે કરીને બાંધ ને પછી હંસરાજને છોડી દે.

રૂનું પૂમડું તેલમાં જાણે ન નાખ્યું હોય એમ વાઘરીનું હૃદય આ સાંભળીને પીગળ્યું, અને હંસરાજના બંધ છોડતો છોડતો તે બોલ્યોઃ-

न च ते तादिसा मित्ता बहुन्नमिध विज्जति । यथा त्वं धतरट्ठस्स पाणसाधारणो सखा ॥

તારા જેવા મિત્ર કોકનાજ ભાગ્યમાં હશે, જે મિત્રના દુઃખ જેવું દુઃખ ભોગવવા તત્પર હોય.

यो च त्वं सखिनो हेतु पाणं चजितुमिच्छसि ।
सो ते सहायं मुञ्चामि होतु राजा तवानुगो । कामं खिप्पमितो गन्त्वा ञातिमज्झे विरोचथ॥

તારા મિત્રને અર્થે પ્રાણત્યાગ કરવા પણ તું તૈયાર છે, એટલે તારા મિત્રને હું છોડું છું. હંસરાજ તારી સાથે ભલે તરત જાય. ખાઓ, પીઓ ને રાજ કરો.

સુમુખે કહ્યુંઃ-

एवं लुद्दक नन्दस्सु सह सब्बेहि ञातिभि । यथाहमज्ज नन्दामि मुत्तं दिस्वा दिजाधिपम् ॥

મારા રાજાને છૂટા જોઇને આજ જેમ હું આનંદિત થયો, તેમ હે વાઘરી! તું તારા પરિવારસહિત આનંદ કર.

(જાતક ૨૧-૧)

(તા. ૧-૭-૧૯૨૮ ના "નવજીવન"માં લેખકઃ-શ્રી. દેસાઇ વાલજી ગોવિંદજી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૬–अलमोरामां एक भगवांधारी अंग्रेज वैष्णव साधु

× × × × ×

તે એક ગોરો અંગ્રેજ છે. શરીર ઉપર ભગવાં કપડાં, ગળામાં તુલસીની માળા, કાને તુલસીનાં કુંડળ, કપાળે તિલક તથા અર્ચા, કાને ભરાવેલ કૃષ્ણપ્રસાદીનું ફૂલ, પગમાં ચાખડીઓ, હાથમાં ઝોળી બાંધેલી લાંબી લાકડી—આ એનો સ્વાંગ. તેને મંદિરમાં બધા ગોપાળ કહીને બોલાવે છે. તેનું સાચું નામ છે શ્રીકૃષ્ણપ્રેમ વૈરાગી. પૂર્વાશ્રમમાં તે હતો પ્રોફેસર રોનાલ્ડ નેક્સન (એમ. એ.) લખનૌ તથા બનારસની વિદ્યાપીઠોમાં અંગ્રેજી સાહિત્યનો અધ્યાપક.

હાલમાં તે વૈરાગી થયો છે અને તેનાં ગુરુ શ્રી. યશોદામૈયા સાથે રહે છે. હું જ્યારે માજીનાં દર્શને જાઉં ત્યારે તેનો મેળાપ થાય. માજીનો અને ઠાકોરજીનો તે સાચો સેવક છે. ભક્તિરસમાં મસ્ત રહેતો તે સાચો ભક્ત છે.

થોડા દિવસ અગાઉ મેં ગોપાળજીને મારે ત્યાં જમવા આમંત્રણ આપ્યું. મારા ગળામાં કંઠી જોઇને તેણે આમંત્રણ સ્વીકાર્યું. જમી રહ્યા બાદ અમે વાતે ચઢ્યા.

મેં પૂછ્યું–"તમારી જીંદગીનો વૃત્તાંત સાંભળવાની મારી ઇચ્છા છે. તમને વાંધો ન હોય તો કહો." એટલે તેમણે જણાવ્યું.

"પહેલાં તો મહાયુદ્ધના સમયમાં હું લડાઇમાં કામ કરતો હતો. લગભગ ૧૭ વર્ષની ઉંમરે હું લશ્કરમાં ભરતી થયેલો. તે વખતનું ત્યાંનું વાતાવરણજ લડાઇમય હતું. તેમાંથી બચવું મુશ્કેલ હતું. પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે મોટી જાહેર ખબરો હતી કે 'ઇંગ્લૅંડ વૉન્ટસ યુ.' લડાઇમાં મને હવાઈ વિમાનનું કામ સોંપવામાં આવ્યું હતું. હું વિમાન ચલાવતો હતો અને જ્યારે જ્યારે જર્મનનું વિમાન જોવામાં આવતું ત્યારે ત્યારે તે ઉપર હુમલો કરતો. આ રીતે લગભગ બે વર્ષ જીંદગી ગાળી; પણ જ્યારે દિવસ શરૂ થાય અને કામે ચઢું ત્યારે દરરોજ એમ થાય કે, આજે સાંજ સુધીમાં જો બચ્યા તો રાત્રે પથારીભેગા થઇ શકશું, નહિ તો રામ રામ. તેથી મને તે વખતે વિચાર આવવા લાગ્યા કે, આ જાતની જીંદગીનો શો અર્થ? આવા જીવનથી શો લાભ? આટલા જોખમથી શો ફાયદો? પણ તે વખતે મારા વિચારો આટલેથીજ અટકતા અને આગળ જઇ શકતા નહિ. વળી આ જાતની વાત કરનાર પણ તે વખતે બીજો કોઇ હતો નહિ.

આર્મિસ્ટીસ બાદ હું કેમ્બ્રીજમાં જોડાયો ત્યારે મને આ પ્રશ્ન ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળ્યો અને મેં ઉપનિષદ્ તથા બુદ્ધ ધર્મના ગ્રંથો અંગ્રેજીમાં વાંચવા માંડ્યા."

પ્ર૦—પણ ક્રિશ્ચિયાનિટીનો અભ્યાસ કરવાને બદલે તમે હિંદુ ધર્મ તરફ કેમ વળ્યા?

જ૦—હા, તેનું કારણ છે. મારો ઇસાઇ ધર્મ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો. વળી અમારા દેશમાં જે જાતની જીંદગી ઇસાઇઓ જીવતા હતા તે પણ હું જોતો હતો. ત્યાં ધર્મની કોઇને પડી નથી અને ત્યાંના સંસારમાં ક્રૂરતા પણ ખૂબ હતી.

પ્ર૦—પણ તેથી કંઈ ઇસાઇ ધર્મ ખોટો ઠરતો નથી. હિંદુ ધર્મના નામે કયાં ઓછો પાખંડ અને અત્યાચાર થાય છે?

જ૦—હા, પણ ઇસાઇ ધર્મમાં સંકુચિતતા તથા 'સેક્ટેરિયાનિઝમ (જાતિવાદ) છે. ઇસાઇ થયા સિવાય મોક્ષ નજ મળે, એમ તેમાં મનાય છે. હું તે વાત માનવા બિલકુલ તૈયાર નથી. હું એમ માનું છું કે, પ્રભુ અથવા મોક્ષ મેળવવાના ભિન્ન ભિન્ન અનેક રસ્તા હોઇ શકે છે અને અમુકજ ધર્મ અને અમુકજ પયગંબર દ્વારા મોક્ષ મેળવી શકાય તે વાત મને બહુ સંકુચિત લાગે છે.

તેથી હું હિંદુ ધર્મ તથા બુદ્ધધર્મ તરફ વળ્યો. તે સમયે મુંબઈ ઇલાકાના એક મહારાષ્ટ્રી મિત્ર મારા સહાધ્યાયી હતા. તે ખૂબ હોશિયાર હતા અને અમે ધર્મ તથા હિંદુસ્તાન સંબંધી ઠીક ઠીક ચર્ચા કરતા. આ બન્ને પ્રશ્નોના સંબંધમાં મને તેમની પાસેથી સારા પ્રમાણમાં માહિતી તથા વાંચવાની સૂચનાઓ મળતી. અને જેમ મારો ધર્મનો અભ્યાસ વધતો ગયો તેમ મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિજ્ઞાસા પણ વધવા માંડી. આ પ્રમાણે હું ત્યાંનો એમ. એ. થયો. ત્યારબાદ મને એમ લાગ્યું કે, જો મારે હિંદુધર્મનો અભ્યાસ આગળ વધારવો હોય અને સાચેજ કંઇ મેળવવું હોય તો મારે હિંદુસ્તાન જવું જોઇએ. તેજ અરસામાં મને ખબર પડી કે, લખનૌમાં ડૉ૦ ચક્રવર્તિ વિદ્યાપીઠ ખોલવાનો વિચાર કરે છે અને તેમને લખવાથી હિંદમાં કંઈ કામ મળી શકે. મેં ડૉ. ચક્રવર્તિ ઉપર મારી અરજી મોકલાવી અને તરતજ તેમનો જવાબ આવ્યો કે, વિદ્યાપીઠમાં અંગ્રેજી સાહિત્યના અધ્યાપકની જગ્યા ખાલી હતી અને મારે તે કામ કરવું હોય તો તે મળી શકશે. બસ, મારે તો એટલુંજ જોઇતું હતું. તેમને લખી જણાવ્યું કે, મને તે જગ્યા ખૂબ ગમશે અને હું તરતજ ત્યાંથી ઉપડયો અને લખનૌમાં જોડાયો.

લખનૌમાં મેં લગભગ ૬॥ વર્ષ સુધી કામ કર્યું. હિંદમાં આવ્યા બાદ હું મારો બધોય બચત વખત ધાર્મિક અભ્યાસ માટે વાપરતો હતો. ધીમે ધીમે મારૂં મન બુદ્ધધર્મ તરફથી પાછું વળવા લાગ્યું. મને બુદ્ધના પોતાના જીવન તથા ઉપદેશમાં અને આજના બુદ્ધધર્મમાં ફરક લાગ્યો. આજના બુદ્ધો નાસ્તિક લાગ્યા. વળી તેઓ આત્માને પણ માનતા નથી એમ જોયું અને તે ધર્મમાં સંકુચિતતાએ પગપેસારો કરેલો જોયો, તેથી મારૂં મન યોગ તથા ધ્યાનની દિશામાં વળ્યું. મને એમ ચોક્કસ થઇ ગયેલું કે, મારે આ જન્મમાં કંઇક મેળવવું તો જોઇએજ. હા. મુક્તિ, મોક્ષ, નિર્વાણ--જે કહો તે. પણ મન કોઇ ઠેકાણે સ્થિર ચોંટે તો ને? તેથી હું જરા મુંઝાયો.

પણ પ્રભુએ મારી દયા ખાધી અને મને સાચો રસ્તો જડયો. તે અરસામાં મારો શ્રી. યશોદા મૈયા ઉર્ફે ડૉ. ચક્રવર્તિનાં પત્ની સાથે પરિચય થયો અને તેમણે કહ્યું: **"ભલા માણસ! કંઈ પણ મેળવવાનો વિચાર માત્ર છોડી દે. તું તારૂં બધું પ્રભુચરણે સમર્પણ કરી દે. તું સર્વસ્વનું સમપર્ણ કરી દઇશ અને સાચો હોઈશ તો તને બધું મળશે."**

બસ, ત્યારથી હું કૃષ્ણભક્ત થયો. મેં માજી પાસેથી દીક્ષા લીધી. મને તેમની પાસેથી બધું મળ્યું. દીક્ષા એટલે મંત્ર તથા કંઠી. આ ભગવાં તો મેં હમણાં ધારણ કર્યાં.

મેં તમને કહ્યું કે હું લખનૌમાં લગભગ ૬ વર્ષ રહ્યો. પણ લખનૌમાં મુસ્લીમ સંસ્કૃતિ વધુ પ્રમાણમાં હતી અને હિંદુ સંસ્કૃતિ ઓછી હતી. હિંદુ ધર્મના અભ્યાસને અંગે મને હિંદુ સંસ્કૃતિની ભૂખ લાગેલી અને તેથી લખનૌ છોડીને હું બનારસમાં જોડાયો. ત્યાં દોઢ વર્ષ કામ કર્યું. ત્યાં રહેવું મને ખૂબ ગમતું. કાશીમાં ઉત્તમમાં ઉત્તમ સંન્યાસી પણ મળે અને દુષ્ટમાં દુષ્ટ માણસો પણ ખરા. ત્યાંની ગંદકી પણ અતિશય અને સૌથી વધુ ત્રાસ તો ત્યાંના પંડયાઓનો; પણ હું ત્યાં શહેરની બહાર રહેતો. દરરોજ ગંગાજીમાં લગભગ બે માઇલ તરવા જતો અને ગંગાજીના પ્રવાહની મધ્યમાં જઇને ડૂબકીઓ મારતો. તે લાભ હવે અલમોરામાં મળતો નથી.

કાશીમાં હરિહર બાવા કરીને એક ઉત્તમ પ્રકારના સંન્યાસી હતા. તે બારે માસ ગંગાજીમાં એક હોડીમાં રહેતા. તેમના જેવા સંન્યાસીઓ તો ભાગ્યેજ હશે. સૂર્ય સામે જોવાનું તપ કરી આંધળા થયેલા. અમે ઘણી વાર તેમના દર્શને જતા. ત્યાં ઘણા માણસો તેમનાં દર્શન કરવા આવતા; પણ તેમની પાસે જઇને જો કોઇ ગાળો દે અથવા લપડાક મારે તોપણ તેજ હાસ્ય, અને કોઇ વંદન કરી ભેટ ધરે તોપણ તેજ તટસ્થતા.

હાં, પણ હું તો તમને કાશી વિદ્યાપીઠની વાત કરતો હતો. ત્યાં પણ હું વધુ વખત રહી શક્યો નહિ. મને આ જાતની કેળવણીનો કંઈ ફાયદો દેખાયો નહિ. મારા સારામાં સારા વિદ્યાર્થીઓ લગભગ બધાજ વકીલો થયા છે. તેઓ જાણે છે કે, તે ધંધો ઘણો ખરાબ છે, પણ બિચારા બીજું શું કરે? બી. એ. થાય, એમ. એ. થાય અને બીજું કંઇ ન ફાવે એટલે વકીલ થાય. અને તેમને અંગ્રેજી સાહિત્ય જીંદગીમાં જરાયે કામનું ન હતું તેથી હું ત્યાંથી પણ ભાગ્યો.

બનારસ છોડતાં પહેલાં હું ત્યાંના આચાર્યશ્રીને મળેલો અને મારો સંન્યાસ લેવાનો વિચાર તેમને દર્શાવેલો; પણ તેમણે તો આશ્રમધર્મ સંબંધી વાત કાઢી અને કહ્યું કે, હજુ તો મારે સંન્યાસ લેવાની વાર છે, કારણ હજુ તો હું જુવાન છું. પણ જુઓ તો ખરા, માણસ ૮૦ વર્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી સંસારમાં રચ્યો પચ્યો રહે તો પણ તેને કોઇ આશ્રમધર્મ યાદ દેવરાવવા જાય નહિ અને કોઇ જુવાન આશ્રમધર્મ ત્યજે અને સંન્યાસ લે તો બધા તેને સમજાવવા જાય! પણ મને લાગ્યું કે, મારો આ વૈરાગ્ય પાછો નબળો તો નહિ પડે? એટલે ત્યાંથી ઉનાળાની લાંબી રજાઓમાં કોઇને કહ્યા સિવાય અલમોરા આવી ગયો અને અહીંઆં આવી સંન્યાસ લીધો. તે પછી મેં તે બાબત ત્યાં લખી જણાવ્યું.

પ્ર૦-તમારાં માતપિતા ધાર્મિક ખરાં કે?

જ૦-મારા પિતા ધર્મિષ્ઠ છે, પણ કોઇ ખાસ સંપ્રદાયમાં માનતા નથી; પણ મારી માતા તો ક્રીશ્ચિયન સાયન્ટિસ્ટ છે.

પ્ર૦-આ શબ્દપ્રયોગ તો આજેજ સાંભળ્યો.

જ૦-હા, મારી માતા દવા સિવાય રોગ મટાડે છે. જેમ ઇસુખ્રિસ્ત માંદાંઓને સાજા કરતા તેમ. તે એક જાતની સિદ્ધિ છે અને ખરેજ તેનાથી ઘણા દર્દીઓને સારૂં પણ થાય છે.

પ્ર૦-ઠીક, પણ તમે કૃષ્ણભક્ત કેમ થયા તે હજુ સમજાતું નથી. બુદ્ધને યા ઇસુ ખ્રિસ્તને માની શકાય; કારણ તેમની જીંદગી એટલે સત્ય, અહિંસા વગેરે સિદ્ધાંતો. પણ કૃષ્ણમાં તો એવું કાંઈ હું જોઇ શકતો નથી.

જ૦-ત્યાંજ તમે ભૂલો છો. તમે ઘોડાની આગળ ગાડી મૂકો છો. સાચું જોતાં માણસ પ્રથમ આવે અને પછી સિદ્ધાંતો. માણસ પોતાના સ્વભાવ પ્રમાણે સિદ્ધાંતો ઘડે અને તેથી માણસ અને તેનો સ્વભાવ એ બેજ પ્રધાન વસ્તુઓ છે. હું પાપ કે પુણ્ય માનતો નથી. સારી વસ્તુ માણસનો સ્વભાવ અથવા ભાવ છે. મને જો અમુક માણસનો સ્વભાવ ગમે તો પછી તેની બીજી બધી વસ્તુઓ તથા વર્તન તરફ હું બેદરકાર રહું છું. મારે મન તે બધું ગૌણ છે.

પરંતુ કૃષ્ણ એટલે તો શ્રી ભગવાન પોતે. એટલે તમારા પ્રશ્નના જવાબમાં એટલુંજ બસ છે કે, હું કૃષ્ણને ભજું છું એટલે ભગવાનને ભજું છું.

પ્ર૦-તમારા કૃષ્ણ એટલે ભાગવતના કૃષ્ણ?

જ૦-હા, અને ગીતાજીના પણ. સાચું જોતાં ભાગવતમાંથી પણ ગીતાજીનોજ સાર નીકળે છે.

× × × × ×

અનેક વિષયો ઉપર વાતો ચાલી. વૈષ્ણવસંપ્રદાયના ભક્તિશૃંગાર ઉપર વાત ચાલતાં તેમણે કહ્યું:

"અને કામ એ એવી જબરદસ્ત વસ્તુ છે કે જો તે કાબુમાં આવી જાય તો માણસને ખૂબજ મદદગાર થઇ શકે. અને તેથીજ સ્ત્રીપુરુષના સંબંધને અમે અધર્મ્ય અથવા નિંદ્ય ગણતા નથી; પરંતુ તે શક્તિને વેડફી નાખવાને બદલે તેને ઉંચે ચઢાવવાનો પ્રયાસ કરીએ છીએ. તેજ શક્તિ પ્રભુચરણે અને તેની સેવામાં સમર્પણ કરવાથી આપણો રસ્તો સહેલો થઈ જાય છે અને તેથી તો વૈષ્ણવો ટીલું કરે છે તે ઊર્ધ્વગામી કરે છે."

ત્યારબાદ મેં તેમને ડેક-ટેનીસ રમવા માટે આમંત્રણ આપ્યું. આ રમત આજકાલ અમને ખૂબ પ્રિય થઇ પડી છે અને સવારસાંજ પડોશીઓ સાથે આ રમત અમે રમ્યા કરીએ છીએ. આ રમતનો ઇતિહાસ આપું? એકાદ મહિના પહેલાં મિસિસ કૂક ઉર્ફે આનંદમયી મૈયા મારે ત્યાં આવેલાં. અમે તે સમયે ગિલ્લી દંડા રમતા હતા. ત્યારે તેમણે કહ્યું કે, તમે બીજી કોઇ સારી રમત રમતા કેમ નથી? મેં કહ્યું કે, અમારી રમતો સામાન્ય રીતે જનતાની દૃષ્ટિએ પસંદ કરેલી હોય છે. તે તદ્દન બીનખર્ચાળ હોવી જોઇએ, તે દ્વારા એક પાઇ પણ વિલાયત જવી ન જોઇએ, તે ગામડાંઓમાં પણ રમી શકાય તેવી જોઇએ અને તેમાંથી પૂરતી કસરત મળવી જોઇએ. પછી ભલે તે રમત વિલાયતી હોય કે દેશી તેની અમને પરવા નથી. અમે તો પરદેશી રમતો પણ ઉપરની શરતોએ રમાય તેવી હોય તો એ ગુજરાતમાં દાખલ કરવા તૈયાર છીએ. તેના જવાબમાં તેમણે ડેક-ટેનીસ રમતાં શીખવાડ્યું. હું ત્યાં આવું ત્યારે આ રમત પ્રત્યક્ષ રમી દેખાડીશ અને જરૂર તમને પસંદ પડશે. શ્રી કૃષ્ણપ્રેમજી સાથે હું બે સટ રમ્યો અને ત્યારબાદ વળી પાછા અમો વાતે વળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે પૂછ્યું:—ગુજરાતમાં વૈષ્ણવધર્મ વધુ પ્રમાણમાં છે એમ મેં સાંભળ્યું છે તે વાત સાચી છે?

જ૦—બીજા પ્રાંતોની મને ખબર નથી એટલે એ પ્રકારથી તુલના તો કરી શકું નહિ; પણ એટલું કહી શકાય કે, અમારે ત્યાં વૈષ્ણવ ધર્મ ઠીક પ્રમાણમાં છે, અમારે ત્યાં શુદ્ધાદ્વૈતવાદ છે અને પુષ્ટિમાર્ગ વધુ પ્રબળ છે. મારા ધારવા પ્રમાણે તો આજના ધર્મમાં સાપ ગયા ને લીસોટા રહ્યા તે પ્રમાણે સાચો ધર્મ નથી પરંતુ માત્ર આચારજ રહ્યો છે.

શ્રીકૃષ્ણપ્રેમ—ના, ના; ગુજરાતમાં ભક્તિનું પ્રમાણ વધુ છે, અને સાચું કહું? આખી દુનિયામાં ક્યાંયે હિંદુસ્તાનમાં છે એટલી ભક્તિ નથી અને તેથી તો હિંદ હજુ જીવતું રહ્યું છે. નહિ તો જુઓ! મીસરનો દાખલો.

મુસલમાનો વગેરેના ત્રાસમાં હિંદુધર્મ જીવી શક્યો અને વધ્યો. પરંતુ અંગ્રેજના રાજ્યમાં તે મંદ થવા માંડ્યો છે. કારણ અંગ્રેજ તે બાબતમાં તટસ્થ રહે છે અને આ તટસ્થતાનો ચેપ હિંદમાં બધાને લાગ્યો છે. હિંદુઓની આ જાતની સભ્યતાભરી ઉદાસીનતા (પોલાઇટ ઇનડીફરન્સ) એ ધર્મને વધુ ઘાતક છે. હું નાસ્તિકતા સમજી શકું છું, પણ આ બેદરકારી મને અસહ્ય લાગે છે.

મેં પૂછ્યું—રૂસમાં તો ધર્મની જડ કાઢવાનો પ્રયત્ન થાય છે. ત્યાં તો ધર્મ કેફી પદાર્થ ગણવામાં આવે છે.

જ૦—હા, તે વૃત્તિ પણ સારી છે. તે રીતે પણ ધર્મ યા પ્રભુનું સદૈવ ચિંતન થયા કરે છે. દાખલાતરીકે હિરણ્યકશિપુ. પરંતુ આ ઉદાસીનતા તો વધુ ભયાનક છે.

પ્ર૦—તમારે ગુજરાતમાં વૈષ્ણવોને બાળવામાં આવે છે કે દાટવામાં?

મેં કહ્યું—અમારે ત્યાં તો બાળવામાં આવે છે. હું માનું છું કે, બધા હિંદુઓમાં બાળવાની પ્રથા છે.

જ૦—ના, બંગાળના વૈષ્ણવોને દાટવામાં આવે છે. તેઓ તો એમ માને છે કે, આ દેહમાં પ્રભુએ લીલા કરી છે એટલે આ દેહ પવિત્ર છે અને તેથી જે દેહમાં પ્રભુએ લીલા કરી છે તે દેહને બાળવાને બદલે તેઓ તેને તુલસી મૂકીને દાટે છે.

દિલીપકુમાર રૉયને તો તમે ઓળખો છો ને? તેણે રોમાં રોલેન્ડ, મહાત્મા ગાંધી, બર્ટ્રેન્ડ રસેલ, રવીંદ્રનાથ ટાગોર તથા અરવિંદ ઘોષ સાથેના વાર્તાલાપો લખી લીધા છે અને હવે તે 'એમંગ ધ ગ્રેટ' નામની એક ચોપડી વિલાયતમાં છપાવવા માગે છે. મને તે વાર્તાલાપોનું અંગ્રેજી જોઇ જવાનું કહ્યું છે. તે હાલમાં પોન્ડીચેરી છે.

મેં પૂછ્યું—તે પોન્ડીચેરી ક્યાંથી?

જ૦—થોડા સમયથી તે બાબુજી પાસે રહેવા ગયો છે. તેણે પોતાનું સર્વસ્વ આશ્રમને અર્પી દીધું છે અને ત્યાં શિષ્યતરીકે યોગ શીખવા રહ્યો છે. બાબુજી તો જવલ્લેજ કોઇને મળે છે. ત્યાંના આશ્રમની વ્યવસ્થા શ્રી. પોલ રીશારનાં પત્ની કરે છે. અને જુઓ તો ખરા, તે કેવું સુંદર ગાતો હતો! બાબુજીએ બિચારાનું ગાવું બંધ કર્યું છે. તેના ગાયન ઉપર કોણ મુગ્ધ ન થાય? પણ હમણાં હમણાં તે ઉસ્તાદી ઢબ ઉપર જતો હતો અને તેને અંગે ભાવનું ખૂન થતું હતું.

મેં કહ્યું—તમે ભૂલતા હશો. દિલીપકુમારનો સ્વભાવ યોગ માટે ન હતો, તે તો કલાકાર છે.

જ૦—ના ભાઇ! ના. અમે તો સાથે રહ્યા છીએ. બિચારો લખે છે કે, 'કોઈ વખત દરિયા-કિનારે ફરવા જાઉં છું ત્યારે ગાવાની ઉર્મિ આવી જાય છે. થોડું શરૂ કરું છું ત્યાં તો મનાઇ-હુકમ યાદ આવે છે.' સાચેજ તેના જેવા માટે આ મોટામાં મોટી શિક્ષા ગણાય.

મેં કહ્યું—હું ધારું છું કે, આ મનાઇ થોડા સમય માટેજ હશે.

જ૦—હા, કદાચ ત્યારબાદ તે વધુ દિવ્ય ગાન ગાઇ શકે! તેણે મને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું છે; પણ મારી પાસે તો ગાડીભાડાનાયે પૈસા નથી અને મને તો ગુરુ મળી ગયા છે, એટલે ત્યાં જવાની જરૂર પણ નથી. ("પ્રસ્થાન"ના એક અંકમાંનો શ્રી. ભગવતીનો અલમોરાનો પત્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૭-સ્ત્રીયાત્રાળુઓને સાવચેતી

એક ભાઇ અમને આ પ્રમાણે લખી જણાવે છે:-

ગુજરાત--કાઠીઆવાડમાંનાં એક વિધવા ઠકરાણી પોતાની વયસ્ક કુમારી અને એક યુવાન વિધવા બાઈ તથા એક વૃદ્ધ નોકર સાથે શ્રીકાશી વિશ્વનાથની યાત્રાએ પધાર્યાં હતાં. ઠકરાણીશ્રી ભોળાં અને ઘણાં ભાવિક જણાતાં હતાં અને તેમાં વળી જ્યાં સ્ત્રીવર્ગ પિંજરનાં પંખીડાંની સ્થિતિ ભોગવતો હોય તે સમાજમાં ઉછરીને મોટાં થયેલાં. એટલે જ્યારે છૂટ મળે ત્યારે તેમના અનનુભવી કોમળ હૃદયમાં અવનવાં મોજાં હીલોળે ચઢે એ સ્વાભાવિક છે.

કાશીવિશ્વનાથ ઉપરની અચળ શ્રદ્ધાએ ઠકરાણી આટલે દૂર મુસાફરીના ભોમિયા માણસોના સાથ સિવાય આવવાની હિંમત કરી શક્યાં હતાં. યાત્રાનાં સ્થાનોમાં પંડયાઓની આંખે જોવાનું અને તેમના નિવાસસ્થાનનો ઉપયોગ કરવાનો હોય છે. વળી તેમની સત્તા ને સમજુત પ્રમાણે કેટલીક વાર યંત્ર માફક વર્તવાનું હોય છે.

ઠકરાણીનો મુકામ કાશીનગરીમાં પ્રસિદ્ધ સ્થળ બ્રહ્મચારીની ધર્મશાળામાં હોવાથી પંડયાજીના ત્રાસમાંથી કંઇક અંશે મુક્ત હતાં, છતાં પંડયાજી ગમે ત્યાંથી યજમાનને શોધી કાઢી પોતાનો ગોરતરીકેનો હક્ક સિદ્ધ કર્યા સિવાય રહેતા નથી. ઠકરાણીને પણ તેમના પંડયાએ શોધી કાઢી દેવદર્શનનો લાભ અપાવવાને સાથે ફરવા માંડયું.

પંડયાજીની દાનત રાજકુમારીને ફસાવવાની હતી ને તે માટે તેમણે દરરોજ રાતના બાર-એક વાગતા સુધી જમાનાના ઉખડેલા જુવાનીઆનાં જૂથ જમાવી સંગીતનો જલસો ત્રણ ચાર દિવસ સુધી કર્યો. દેવદર્શન માટે ઠકરાણી પોતાની કુમારી તથા બીજાં માણસો સાથે જતાં ત્યાં પણ પંડયાજી સાથે જતા. ભીડનો લાભ લઇને પંડયાજી કુમારીને કંઇક અટકચાળાં કરતા, તે ઉપરથી તેમની દાનત સ્પષ્ટ સમજાતી હતી; છતાં એ સંસારથી ઉખડેલાઓ કુમારીના સાવ નિર્દોષપણાના કારણે તેમાં ફાવી શક્યા નહિ. અઠવાડિયા સુધી ઠકરાણીનો મુકામ કાશીમાં રહ્યો. પંડયાજીએ પોતાના ફાવે એટલા ફાંસા પાથર્યા, પણ તેમાં ફાવી શક્યા નહિ. છેવટે ઘેર જતાં ટ્રેન ચૂકાવી બીજી અનુકૂળ ટ્રેન બીજા દિવસ સુધી નહિ મળે એમ સમજાવી પોતાને ઘેર લઇ જવાની યુક્તિ અજમાવી; પણ ત્યાં તો બ્રહ્મચારીની ધર્મશાળાના પટ્ટશિષ્ય સાથે હોવાથી ને તે પંડયાજીની ચાલબાજી પહેલેથી સમજી ગયેલા હોવાથી ઠકરાણીને તેમના સાથની સાથે મોગલસરાઇ સ્ટેશન સુધી બીજી ટ્રેનમાં બેસાડી આવ્યા ને ત્યાંથી સીધી જતી ટ્રેનમાં પહોંચાડી આવ્યા. પંડયાજીને સાથે આવવાની ના કહેવા છતાંએ પોતે પોતાની મેળેજ મોગલસરાઇ સુધી જવાને ચૂક્યા નહિ. છેવટે પોતાની ચાલબાજીમાં આ બિચારાં ભોળાં ભાવિક ભક્તો ફસાયાં નહિ તેથી નિરાશ થઇ વીલા મોઢે પાછા ફર્યા.

યાત્રાસ્થાનના આવા પ્રપંચી પંડયાઓના નીચ વર્તનથી કેટલીએ યુવાન બહેનોને પોતાનાં ભોળપણ તેમજ અંધશ્રદ્ધાને લીધે ફસાઇ પોતાના શિયળનો બળાત્કારે ભોગ આપવો પડતો હશે; છતાં પોતાની ઇજ્જત સાચવવા ખાતર મોં બહાર ઉચ્ચાર સરખો પણ થઇ શકતો નહિ હોય. આવી ભાવિક બહેનોને મારી નમ્ર પ્રાર્થના છે કે, યાત્રાવિના સ્વર્ગ મેળવવામાં અંતરાય નડતો હોય અને તે અર્થે યાત્રા કર્યા સિવાય છૂટકો ન હોય તો તેમણે પોતાના અંગત વિશ્વાસુ માણસોના સાથ સિવાય દૂરની મુસાફરીમાં નજ જવું એ સલાહ ભરેલું છે. **'પ્રવાસી'**

(આ પત્રમાંની હકીકત પ્રગટ કરવામાં કોઇપણ વ્યક્તિનું હીણું દેખાડવાનો આશય નથી, પણ અત્યારનાં યાત્રાસ્થાન જેટલે દરજ્જે અધમ અને પતિતાવસ્થામાં છે તેથી અધિક સાવધાની સાથે યાત્રીઓએ-ખાસ કરીને પરદાપોષ સ્ત્રી યાત્રીઓએ યાત્રા કરવી જોઇએ, અને તેટલા માટેજ તેમને કાને અમારો અવાજ પહોંચે તો, આ સાવચેતીનો સૂર કાઢીએ છીએ. આશા છે કે, જે ભાઈ યા બહેન આ સૂર સાંભળે તે સૌને સંભળાવે અને સાવધ કરે. **સંપાદક.**) (શ્રાવણ-૧૯૮૫ના "ક્ષત્રિય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૮–ભીલ સેવા મંડળ

અમારી પાસે પાંચમો અહેવાલ આવ્યો છે. ભીલ ભાઇઓની સેવાને માટે વીસ વર્ષ અર્પણ કરવા બંધાયેલા આઠ સ્વયંસેવકો શ્રી૦ ઠક્કર બાપાની આગેવાની નીચે તનમનથી કામ કરી રહ્યા છે. મંડળ તરફથી દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં એકંદર છ આશ્રમો અને આઠ શાળાઓ કાઢવામાં આવ્યાં છે. આશ્રમોમાં પણ શાળાઓ હોય છે. તે ઉપરાંત સુરત જીલ્લાના એક ગામડામાં શાળાને ગ્રાંટ આપવામાં આવે છે તેથી એકંદરે ૧૫ શાળાઓમાં છોકરાં કેળવણી લઇ રહ્યાં છે. ભીલોની સ્થિતિ તદ્દન દયાજનક છે. પહેરવેશમાં નાની લંગોટી અને માથે ચીંદરડીનું ફાળિયું બાંધ્યું હોય છે. ખોરાકમાં મકાઇ, બંટી, બાવટો અને ગુજરો દળીને તેની રાબ પીએ છે. કેળવણી તેમને પહોંચી શકી નથી. જે ભાઇઓ સ્વતંત્રતા કે સાંસ્થાનિક સ્વરાજ્યની બાબતમાં ધમપછાડા મારીને ભાષણો કરે છે તે ભીલ, કોળી કે અંત્યજ ભાઇઓની સ્થિતિ બરાબર સમજે તો તેમને ખ્યાલ આવે કે હજી સ્વરાજ્ય કેટલું દૂર છે. આ પછાત કોમોની સંખ્યા લાખોની નહિ પણ કરોડોથી ગણાય એવી છે અને તેમને તો સામાન્ય જ્ઞાન અને રોટલો જોઇએ છીએ.

અજ્ઞાન હોવાને લીધે તેમનામાં ઉદ્યમ પણ નથી અને તેથી દારૂ પીવાનું વ્યસન ઘર ઘાલીને બેઠું છે.

ભીલ સેવા મંડળના પ્રમુખ શ્રી. અમૃતલાલ ઠક્કરને આખું ગુજરાત પૂજે છે, તેમની પાસે કેટલાક ઘણા ઉત્સાહી અને સેવાની તીવ્ર ભાવનાવાળા સેવકો કામ કરી રહ્યા છે. મંડળની શાળાઓમાં કેળવણી મારફત સારા સંસ્કારો શીખવવામાં આવે છે અને આશ્રમોમાં ખાવાની તથા કપડાંની વ્યવસ્થા તદ્દન મફત રાખી છે. બાલકોને કેળવણીનાં સાધનો પણ મફત આપવાં પડે છે. ધાર્મિક ભાવના ખીલવવા માટે બે મંદિરો બંધાવ્યાં છે અને રામનવમીના મેળા વખતે ઘણા ભીલો એકઠા થાય છે ત્યારે ભજનો વગેરેથી જ્ઞાનપ્રચાર થાય છે. વૈદ્યકીય મદદ આપવાને માટે ત્રણ દવાખાનાં કાઢયાં છે અને તે ઉપરાંત દરેક આશ્રમમાંથી સામાન્ય તાવ વગેરે રોગોને માટે મફત દવા આપવામાં આવે છે. પછાત કોમોની ઉન્નતિમાં રસ લેનાર દરેક મનુષ્યે આ સંસ્થા જોવી જોઇએ.

ભીલો શરીરે કસાયેલા હોય છે. જો કે એમનો ખોરાક ઘણોજ અપૂરતો હોય છે. પ્રજા શૂરવીર અને સાહસિક હતી, પણ હાલમાં બહુ ડરકણ બની ગઇ છે. એમને માટે અખાડા કાઢવાની જરૂર છે. એ પ્રવૃત્તિ હાથમાં લેવાઇ હોય એમ જણાતું નથી અને તેમની આર્થિક સ્થિતિ સુધરે તેને માટે પ્રયાસ નહિ થાય તો ગુજરાતી બે ત્રણ ચોપડી શીખ્યાથી તેમનું દળદર ફીટવાનું નથી. એમનામાં માણસાઇનું ભાન થઇ સ્વમાન આવે એવું બળ આવવાની આવશ્યકતા છે. દારૂના વ્યસનમાંથી છૂટવું ઘણું અઘરૂં છે; કારણ કે માયાળુ સરકાર ઠેકઠેકાણે પીઠાં ખોલીને દારૂની સગવડ કરી આપે છે. જ્યારે આપણા ગુજરાતી ભાઇઓ સમજશે કે, આવી સંસ્થાઓ મારફત લાખો લોકોને બચાવી લેવાના છે ત્યારે એક સંસ્થાને બદલે અને પંદર શાળાઓને બદલે ૧૫૦ થશે. હાલમાં તો અંગ્રેજ મિશનરીઓ આપણી પછાત કોમોમાં વસીને લાખોને વટલાવીને માણસાઇમાં આણે છે; એટલે અમે દિલગીરી સાથે એવાં કામને પણ આવકાર આપીએ છીએ. દિલગીરી એટલીજ કે, આપણી ગુજરાતી જનતા દયાહીન અને જડ થઈ ગઇ છે; અને જુદા દાંભિક માર્ગે અહિંસાનું પાલન કરીને ઈશ્વરને તથા પોતાને છેતરવાના નિષ્ફળ પ્રયત્નો કરે છે. જ્યારે જૂદા જૂદા સંપ્રદાયના હિંદુઓ અને જૈનો, ગૃહસ્થાશ્રમી તથા સાધુઓ સાચો ધર્મ સમજતા થશે ત્યારે આજે પછાત ગણાતી કોમોની ઉન્નતિ થઈ જશે.

("પ્રસ્થાન"ના એક અંકમાં લેખકઃ–ડૉ૦ સુમંત મહેતા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૯-રાનીપરજમાં રેંટિયો-૧૯૮૪નું નિવેદન

સુરત જીલ્લો અને નવસારી પ્રાંતમાં એટલે તાપી નદીની ખીણમાં જે પ્રજા જંગલમાં રહે છે તેમની ઉન્નતિને માટે વડોદરાની સરકારે પાંચેક બોર્ડિંગ સ્કૂલો ઘણાં વર્ષો થયાં કાઢી છે, અને એક એવી શાળા કન્યાઓને માટે પણ છે. અંગ્રેજ સરકારે માત્ર એકજ બોર્ડિંગ સ્કૂલ ગોડસંબામાં કાઢી છે. તે ઉપરાંત બારડોલી સ્વરાજ આશ્રમ સંઘે દશ આશ્રમો સ્થાપીને કેળવણી, ખાદીપ્રચાર, દારૂનિષેધ, વેઠનિષેધ વગેરેનાં કામો ઉપાડી લીધાં છે અને આ પુસ્તકમાં ખાદીપ્રચારનો અહેવાલ આપ્યો છે. આ આશ્રમો બારડોલી, મહુવા, માંડવી, વ્યારા એટલા ચાર તાલુકામાં નાખ્યા છે. રાનીપરજમાં માત્ર કાંતનાર નીકળતા નથી, લોકો પોતાના ખેતીના ઉદ્યોગ સાથે ફુરસદના વખતમાં રેંટિયો ચલાવે છે અને ઘણાં કુટુંબોને બજારમાંથી કાપડ વેચાતું લાવવું પડતું નથી. તેથી કપાસ સંઘરાવવો, કાંતેલા સૂતરનું કપડું બનાવી આપવું એ સ્વયંસેવકોનું કામ છે. વણાટકામ માટે સરભણ અને મઢી આશ્રમોમાં વ્યવસ્થા થઇ છે; પણ હાલમાં ત્યાં અંત્યજ વણકરોને રોકયા છે. હવેથી રાનીપરજો વણતા થઇ જશે એવી ગોઠવણ થઇ છે. આ નિવેદનમાં કેટલાક આંકડા ઘણા જાણવા જેવા છે. આ વર્ષમાં રાનીપરજે ૫૨૪૦ રતલ સૂતર કાંત્યું હતું. એટલું લક્ષમાં રાખવાનું છે કે, બારડોલીની લડતને લીધે આ વર્ષે ઓછું કંતાયું છે-સંવત ૧૯૮૩માં ૮૩૩૯ રતલ તૈયાર થયું હતું. સૂતર ઉત્તરોત્તર સારૂં થતું જાય છે.

તાલુકા	ગામો	કુટુંબો	રતલ
બારડોલી	૨૯	૧૮૧	૧૩૫૯
વ્યારા	૩૬	૨૦૯	૧૩૧૧॥
મહુવા	૩૫	૨૬૩	૨૧૧૧
સોનાગઢ	૧	૧	૬॥
માંડવી-માંગરોળ	૧૭	૫૭	૪૫૧॥
કુલ	૧૧૮	૭૧૧	૫૨૩૯

જો હું સાક્ષર હોઈશ તો હ્રસ્વ–દીર્ઘની ચર્ચાઓ આ વર્ષ બંધ રાખી, વિશ્વ-સાહિત્યમાંથી શરીરની ખીલવણીના અભ્યાસપૂર્ણ લેખો લખી ભારતના યુવકસંઘને શરીર-શાસ્ત્ર સમજાવવા પ્રયત્ન કરીશ.

(૪)

જો હું ચિત્રકાર હોઇશ તો અર્ધનગ્ન વિકારમય ચિત્રો અને અણિયાળી આંખો-વાળી સ્ત્રીઓનાં ચિત્રોની પિંછી ધોઇ નાખી, બ્રહ્મચારી રથી–મહારથીઓનાં ચિત્રોને પિંછીમાં ઉતારી મારા દેશ સમક્ષ ભારતના પ્રાચીન શરીરબળનો ખ્યાલ રજુ કરીશ.

(૫)

જો હું યુવક હોઇશ તો આજ ને આજ શરીર સુદઢ અને સબલ બનાવવા માટે અખાડાનો સભ્ય થઇ નિયમિત વ્યાયામનો ઉપાસક બનીશ.

(૬)

જો હું વિદ્યાર્થી હોઇશ તો મારા અભ્યાસ સાથે રોજ નિયમિત કસરત કરી શરીરને ચેતનવંતું અને બળવાન બનાવીશ. એક મુક્કી મારી ભીંતો તોડી નાખતા ભારતના બ્રહ્મચારીઓનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી હું વિદ્યાર્થી અવસ્થામાં અખંડ બ્રહ્મચર્ય પાળીશ.

(૭)

જો હું અધિકારી હોઇશ તો મારા અધિકારની હદમાં જેટલી બને તેટલી વ્યાયામ-શાળાઓ સ્થાપવા પ્રયત્ન કરીશ.

(૮)

જો હું વૈદ્ય હોઇશ તો મારા દર્દીઓને દવાનાં પડીકાંઓને બદલે નિયમિત કસરત-થી શરીરસંપત્તિ સારી રાખવા સલાહ આપીશ.

(૯)

જો હું કોઇ ધારાસભાનો સભ્ય હોઇશ તો દેશનું શરીરબળ વધારવાને વિદ્યાર્થી-ઓને વ્યાયામનું ફરજીઆત શિક્ષણ આપવાનો ઠરાવ સૌથી પહેલો રજુ કરીશ.

(૧૦)

જો હું દેશનેતા હોઇશ તો દેશનાં કાંડાંબાવડાં મજબૂત શી રીતે થાય એની ધૂન સર્વત્ર જગાવીશ.

("શારદા"ના દિવાળી અંકમાં લેખકઃ–રા. પરિવ્રાજક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૨-ગુજરાત-સમાજસેવા મંડળ પરિષદ્-અમદાવાદ
તેમાં પસાર થયેલા ઠરાવો

(૧) ગાંધીજી અને શાસ્ત્રીજીને અભિનંદન

સમગ્ર દેશને અને ખાસ કરીને ગુજરાતને આચરણદ્વારા સેવાધર્મનો પાઠ આપનાર મહાત્મા ગાંધીજીને ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થયાના હીરક મહોત્સવપ્રસંગે આ પરિષદ સાદર અભિનંદન આપે છે; અને લોકશાહીના આ યુગમાં સેવાધર્મનું જાગ્રત અને પ્રેરક બળ તેઓ ઉત્તમ તંદુરસ્તી સાથે વર્ષો સુધી આપ્યાંજ કરે એવી પ્રભુપ્રત્યે આ પરિષદ પ્રાર્થના કરે છે.

હિંદ સેવક સમાજના પ્રમુખ ઑનરેબલ શ્રીનિવાસ શાસ્ત્રી ૬૦ વર્ષ પૂરાં કરે છે તે પ્રસંગે આ પરિષદ તેમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે. આપણા દેશનું ગૌરવ અને પ્રતિષ્ઠા વિદેશમાં વધારવા માટે તેમજ સમસ્ત દેશના રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં આગળ પડતો ભાગ લેનાર દેશનેતાતરીકે તેમની ઉજ્જવલ સેવાની આ પરિષદ આભારપૂર્વક કદર કરે છે અને નામદાર શાસ્ત્રી લાંબી મુદત સુધી તંદુરસ્ત રહી દેશસેવાનાં ઉન્નતકાર્યમાં પ્રવૃત્ત રહેવા શક્તિમાન થાય એવી પરમાત્માપ્રત્યે પ્રાર્થના કરે છે.

(૨) મદ્યપાનનિષેધ

હિંદુસ્તાનની બે મોટી કોમો-હિંદુ અને મુસલમાનોનાં ધર્મશાસ્ત્રોમાં દારૂ પીવાની સખ્ત મનાઇ કરેલી છે; તેમ છતાં સરકારની આબકારી રીતિનીતિના કારણે દેશમાં દારૂનો વપરાશ દિનપ્રતિદિન વધતો જાય છે; અને તેના પરિણામે પ્રજાની મોટી પાયમાલી થાય છે.

તેથી આ પરિષદે નામદાર મુંબઈ સરકારને દારૂ અને માદક પદાર્થો સદંતર બંધ કરવાનું જાહેર કરેલું છે, તે ધ્યેયને વળગી રહી દશ વર્ષમાં તેનો પૂરેપૂરો અમલ થવા અને પ્રારંભિક ઉપાયતરીકે લોકલ ઓપ્શનનો હક્ક પ્રજાને આપવા અને દારૂની દુકાનોની સંખ્યા અમુક પ્રમાણમાં પ્રતિવર્ષ કમી કરવા પગલાં લેવા માગણી કરે છે; અને તે સાથે જૂદાં જૂદાં સેવામંડળોને દરેક મોટા ગામમાં જ્યાં હાલ મદ્યપાનનિષેધક મંડળીઓ નથી ત્યાં તે સ્થાપવા, તથા વ્યાખ્યાનો, કીર્તનો અને સીનેમાદ્વારા દારૂના ઉપયોગથી શારીરિક, માનસિક અને આર્થિક હાનિ થાય છે તે બતાવવા, અને શક્ય હોય ત્યાં શાંત ચોકી કરવાને અને દારૂબંધી માટે કોમનાં તથા ગામનાં સંગઠન કરવાની યોગ્ય તજવીજ કરવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(૩) વિધવાશ્રમ

વિધવાઓનાં જીવન હતાશ અને નિરર્થક ન બને, પણ જનસમાજમાં ઉપયોગી અંગ બની, સ્વાશ્રયી થાય અને સમાજને ઉન્નત કરવામાં પોતે પોતાનો યોગ્ય હિસ્સો આપી શકે તે માટે આખા દેશમાં ઠેકાણે ઠેકાણે વિધવાશ્રમો સ્થાપવાની જરૂર આ પરિષદ સ્વીકારે છે.

આવા આશ્રમોમાં વિધવાઓને સામાન્ય શિક્ષણ ઉપરાંત ધંધા અને હુન્નરઉદ્યોગનું તેમજ સામાજિક સેવાના કાર્યનું શિક્ષણ મળે એવી સર્વ પ્રકારની સવડ થવી જોઇએ; અને તેઓ અમુક મુદત પછી આશ્રમમાંથી છૂટાં થઇ, પોતાનું વ્યક્તિગત જીવન સ્વતંત્ર રીતે ગાળી શકે અને જનસેવાના કાર્યમાં ઉપયોગી થઈ પડે, એવી એ આશ્રમોની યોજના રચાવી જોઇએ. તેથી આ પરિષદ આપણા પ્રાંતમાં હાલમાં ચાલતા વિધવાશ્રમોના સંચાલકોને ઉપર મુજબ ઘટતી વ્યવસ્થા કરવા આગ્રહ કરે છે.

(૪) રમતગમતો

હાલની પ્રજા રમવાની જગાઓ અને રમવાનાં યોગ્ય સાધનોને અભાવે નિર્બળ અને નિરૂત્સાહી થતી જાય છે, તેથી તેમ થતું અટકાવવા અને શારીરિક, માનસિક, નૈતિક બળવાળી નવી ઉછરતી પ્રજા થાય, તે સારૂ શાળામાં ભણતા અને શહેરમાં અન્ય બાળકોને રમવાનાં ખુલ્લાં સ્થળો ઉભાં કરવા તથા સાધનો અપાવવા આ પરિષદ મ્યુનીસિપાલિટીઓ, લોકલ બોર્ડો અને ધનિક વર્ગોને ભલામણ કરે છે; અને યુવાનો અને યુવતીઓને અનેક રમતો શીખી તે રમતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવાડવા સારૂ સ્વયંસેવક બની સમાજસેવા કરવા આ પરિષદ ભલામણ કરે છે.

(૫) અપંગો (બહેરાં-મુગાં અને આંધળાં) ની કેળવણી

અપંગો(બહેરાં-મુગાં અને આંધળાં)ની કેળવણીને માટે આપણા દેશમાં નિશાળો વગેરે સાધનો ઘણાં જુજ છે, તેથી આ પરિષદને ખેદ થાય છે. નામદાર સરકાર, દેશી રાજ્યો, મોટી મ્યુનિસીપાલીટીઓ અને લોકલ બોર્ડોને તે આગ્રહપૂર્વક વિનતિ કરે છે કે, અપંગો માટે બહોળા પ્રમાણમાં કેળવણીનાં યોગ્ય સાધનો યોજવાનાં પગલાં જલદી ભરે. જનસમાજ, સેવાસમિતિઓ અને યુવકસંઘોને આ કામમાં બને તેવી રીતે કાળજીપૂર્વક મદદ કરવા તે આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(૬) મુક્ત બંધીવાન

अ-વાંકે કે વગરવાંકે, પોતાની દુર્બુદ્ધિથી કે નઠારી સોબતથી, ગમે તેમ પણ કેદમાં ગયેલા કમનશીબ માણસોને સુધારીને સુમાર્ગે ચઢાવવા એ પુણ્યનું કામ છે. જેલના નઠારા વાતાવરણમાંથી બહાર આવતાં સારી શિખામણ અને સાધનને અભાવે કોઇની પણ સહાનુભૂતિ વગરના કમનસીબ મનુષ્યો પોલીસની વધારે પડતી આકરી તકેદારી તેમજ સમાજની સતાવણીને લીધે વારંવાર ગુન્હા કરે છે. તેઓને આવે કટોકટીને સમયે મદદ કરવા, સુમાર્ગે દોરવા અને ફરી ગુન્હો ન કરે એવા સંયોગો કરી આપવા સારૂ મંડળો સ્થાપવાની, તેમજ સ્થપાયલાં મંડળોને તેમાં સામીલ થઇ ટેકો આપી તનમનથી નિભાવવાં એ ઇષ્ટ છે એવો આ પરિષદનો અભિપ્રાય છે.

ब-જેલોનો એક હેતુ ગુન્હેગારોને સુધારવાનો છે. પરંતુ તે હેતુ જેલોની દૂષિત પદ્ધતિથી બર આવતો નથી, અને ઉલટા ઘણા દાખલામાં કેદીની ભારે નૈતિક અધોગતિ થવા પામે છે. તેથી જેલોના આંતરિક વહીવટની પદ્ધતિમાં આવશ્યક ફેરફારો સૂચવવા, તે સત્તાવાળાના લક્ષ ઉપર લાવવા અને તે સંબંધી લોકમત કેળવવા નીચેના ગૃહસ્થોની સમિતિ (વધારવાની સત્તા સાથે) નીમવામાં આવે છે, અને ત્રણ માસમાં તેને પોતાની સૂચના મોકલી આપવા આ પરિષદ વિનતિ કરે છે.

સમિતિના સભાસદોઃ—

(૧) પ્રમુખ-રા. અમૃતલાલ વી. ઠક્કર (૨) કાકા સાહેબ કાલેલકર, (૩) શ્રી. મોહનલાલ પંડયા, (૪) શ્રી. ગણેશ માવલંકર (મંત્રી), (૫) શ્રી. વિદ્યાબ્હેન.

(૭) અનાથાશ્રમ

અનાથોના રક્ષણ અને આશ્રય માટે એકસરખા ઉદ્દેશવાળી ગુજરાતમાં સાત આઠ સંસ્થાઓ અનાથાશ્રમ વગેરે નામથી ચાલે છે; પણ એ સર્વ સંસ્થાઓ, પરિષદ માને છે કે, પરસ્પર સહકાર કરી દરેક કોઇ ચોક્કસ કાર્યની ખીલવણી કરવાનું કાર્ય ઉપાડી લે, તો એક બીજી સંસ્થાઓમાં છોકરાંઓને જૂદા જૂદા ધંધાઉદ્યોગ અને હુન્નરનું શિક્ષણ લેવાને મોકલી આપવાનું સુગમ બને; એટલુંજ નહિ પણ બધા વચ્ચે ગાઢ સંબંધ બંધાય; એકાદ વિષયમાં પ્રવીણતા મળી દરેકનું જૂદું જૂદું વ્યક્તિત્વ ખીલે; અને દરેક સંસ્થાને જૂદા જૂદા હુન્નરઉદ્યોગના શિક્ષણ માટે એકસામટી વ્યવસ્થા કરવાની જરૂર રહે નહિ. આ પ્રકારના સંગઠનથી વહિવટમાં મદદ મળશે અને કેટલુંક ખેવડાતું અને નકામું ખર્ચ કમી થઇ શકશે; અને કાર્યકર્તાઓને નાણાં ઉઘરાવવામાં અને બીજી મદદ મેળવવામાં ઘણી સરળતા મળશે.

તેથી આ સંબંધી જૂદી જૂદી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરી, તેઓ કેવી રીતે સહકાર અને મદદ કરી શકે એમ છે, તે પૂછાવી તે વિષે રિપોર્ટ કરવા આ પરિષદ નડિયાદ હિંદુ અનાથાશ્રમ અને મહીપતરામ અનાથાશ્રમના ઑનરરી સેક્રેટરીઓ શ્રીયુત વલ્લભભાઇ હાથીભાઇ અને ડૉ. મણિલાલ એચ. ભગતની કમિટિ નીમે છે.

(૮) પતિત સ્ત્રીઓ માટે આશ્રમો

પતિત થયેલી તેમજ ભ્રષ્ટતાને માર્ગે જતાં બચાવેલી સ્ત્રીઓ સુનીતિમય જીવન ગાળી શકે તે માટે તેમના રક્ષણ સારૂ અમદાવાદ જેવા મોટા શહેરમાં અબળાશ્રમ યાને 'રેસ્ક્યુ હોમ' જેમ બને તેમ તાકીદે સ્થાપવાની જરૂર આ પરિષદ સ્વીકારે છે.

(૯) છારાંઓ

અત્રે એલિસબ્રિજ પાસે પડેલી ગુન્હેગાર ગણાતી છારા કોમને સુધારવાના પ્રયત્નો કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પરિષદ આવશ્યકતા જુએ છે. એમને સગવડવાળાં રહેઠાણો પૂરાં પાડવાની સરકાર અને ધનવાનોને વિનતિ કરે છે અને પ્રજાસેવકોને એ કામમાં કેળવણી ફેલાવવાના અને મદ્યપાનનિષેધના પ્રયત્નો કરવા ભલામણ કરે છે.

(૧૦) બાળરક્ષાગૃહો

હિંદુસ્તાનમાં સામાન્ય રીતે ભારે પ્રમાણમાં બાળકોનાં મરણ થાય છે તેની, અને ખાસ કરીને અમદાવાદ જેવા ઉદ્યોગવાળા શહેરમાં જે અસંખ્ય બાળકોનાં મરણ થાય છે તેની, આ પરિષદ દિલગીરી સાથે નોંધ લે છે. એ મરણપ્રમાણ ઘટાડવા સારૂ બાળરક્ષાગૃહો એટલે 'ક્રેશીઝ' જેમ બને તેમ વધારે સ્થાપવાની જરૂર જણાવે છે તથા અજ્ઞાન માતાઓને અને દાઇઓને બાળકના જન્મ પહેલાં તેમજ પછી યોગ્ય સંભાળ લેવા સમજણ આપવા સારૂ વ્યવહારૂ પગલાં ભરવા મીલમાલીકો, મ્યુનીસિપાલિટીઓ તેમજ આરોગ્યને લગતું કામ કરનારાં મંડળોને આગ્રહપૂર્વક વિનતિ કરે છે.

(૧૧) આરોગ્યમંડળો

આપણા દેશનું મૃત્યુપ્રમાણ બીજા સુધરેલા દેશોની સરખામણીમાં એટલું બધું મોટું છે કે આખાય પ્રાંતમાં આરોગ્યસુધારણા સારૂ વ્યવહારૂ પગલાં તાબડતોબ લેવાની જરૂર છે; તેથી દરેક નાનાં મોટાં શહેરમાં આરોગ્યમંડળો સ્થાપી, તે દ્વારા જનસમૂહમાં આરોગ્ય વિષે આવશ્યક અને કામપૂરતી માહિતી ફેલાવવા તેમજ વખતોવખત આરોગ્યપ્રદર્શન ભરી લોકમત કેળવવા અને તે પાછળ જરૂરી ખર્ચ કરવા આ પરિષદ સરકારને, જીલ્લા અને તાલુકા લોકલબોર્ડ અને મ્યુનિસિપાલિટિને વિનતિ કરે છે.

(૧૨) સહકારી ગૃહમંડળીઓ

ગુજરાતનાં મોટાં શહેરોમાં મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોને રહેવાનાં ઘરોની ઘણી અછત છે અને કેટલાંક કુટુંબોને મનુષ્યના રહેઠાણને તદ્દન નકામાં એવાં ઘરોમાં રહેવું પડે છે.

આ અવદશાને લીધે પ્રજાના આરોગ્ય અને સમાજજીવન ઉપર માઠી અસર થયેલી છે એવું આ પરિષદનું માનવું છે અને તે સ્થિતિ દૂર કરવા માટે સહકારી ધોરણ ઉપર હાઉસિંગ સોસાઇટીઓ સ્થાપવામાં મદદ કરવાને અગર ખુલ્લા વિસ્તારોમાં તેવા વર્ગના લોકો માટે આરોગ્યવાળાં ઘરો બંધાય તેવી બીજી કોઇ યોજના કરવાને મીલમાલેકો, મ્યુનીસિપાલિટીઓ, સરકાર, ધનિકો અને સમાજસેવકોને વિનતિ કરે છે.

(૧૩) આરોગ્યભુવનો

અત્રેનાં આરોગ્યભુવનો(સેનેટોરિયમ્સ)ના વહીવટ અને દેખરેખમાં કેટલીક ખામીઓ દાખલ થવા પામી છે, એવું આ પરિષદનું માનવું હોવાથી નીચેના ગૃહસ્થોની એક સમિતિ નીમી, આ પરિષદ એ સમિતિને આ આરોગ્યભુવનો સાચાં આરોગ્યભુવનો થાય તે માટે શા સુધારાવધારા કરવા આવશ્યક છે, તે સૂચવવા અને તે સંબંધી પોતાનો રિપોર્ટ ત્રણ માસમાં રજુ કરવા વિનતિ કરે છે:-

૧-ડૉ. જી. આર. તલવલકર, ૨-ડૉ. સુમંત મહેતા. ૩-રા. મણિલાલ મગનલાલ અમેચંદ.

(૧૪) સેવામંડળબંધારણ

૧-આખા પ્રાંતમાં સમાજસેવાનું કામ સારી રીતે અને યોજનાપૂર્વક થઇ શકે, અને જૂદી જૂદી સંસ્થાઓ સાથે એકત્ર જોડાઇ, સહકાર કરવાનું બની શકે તે માટે "ગુજરાતસેવા મંડળ" સ્થાપવા અને તેનું બંધારણ વગેરે ઘડી કાઢવા;

૨-સમસ્ત ગુજરાતમાં સાર્વજનિક અને સેવાકાર્ય કરતી સંસ્થાઓની એક ડિરેક્ટરી, તેના વિષે બની શકે તેટલી માહિતી ભેગી કરી, તૈયાર કરવા અને

૩-વિવિધ પ્રકારના પ્રજાજીવનનો વિકાસ થઈ તેની સંઘટિત અને વ્યવસ્થિત ખીલવણીને પોષક એવી એવી જૂદી જૂદી પ્રવૃત્તિઓ માટે નાણાં ટ્રસ્ટતરીકે સ્વીકારી, તે તે પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે યા પોતાની જાતિદેખરેખ નીચે ઉપાડી લેવાનું કાર્ય કરે એવી એક સંસ્થા આવશ્યક છે. તે વિષે ઘટતું કાર્ય કરવા, આ પરિષદ નીચેના ગૃહસ્થોની એક કમિટી નીમે છે:-

૧-પ્રમુખ સાહેબ શ્રીયુત અમૃતલાલ ઠક્કર, ૨-શ્રેડી વિદ્યાબહેન, ૩-ડૉ. સુમંત મહેતા, ૪-રા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોતીભાઇ ન. અમીન, મંત્રીઓઃ-રા. ગણેશ વાસુદેવ માવલંકર અને રા. હિરાલાલ ત્રિ. પારેખ.

(૧૫) અંત્યજમંડળો

અંત્યજોની કેળવણી, વસવાટ અને સુધારણા તથા તેમનો દરજ્જો વધારવા અર્થે ગુજરાતમાં દરેક જિલ્લામાં અંત્યજમંડળો સ્થાપવા વ્યવસ્થાપૂર્વક પ્રયત્ન થવા અને તેમનું મનુષ્યત્વ ખીલવવા પૂરેપૂરી તજવીજ કરવા આ પરિષદ, સમાજસેવાના કાર્યમાં રસ લેતાં સૌ ભાઇબહેનોને આગ્રહ કરે છે અને સરકારને વિનતિ કરે છે કે "ડિપ્રેસ્ડ કલાસીસ"ને માટેની બધી સવડતો માત્ર અસ્પૃશ્ય કોમને માટેજ રાખવી.

(૧૬) પછાત યા દલિત કોમોનો ઉદ્ધાર

ગુજરાતની પછાત કોમો જેવી કે-ભીલ, નાયક, ચોધરા, ગામીત, ઢેડિયા વગેરેની કેળવણી, વૈદ્યકીય મદદ, ઔદ્યોગિક શિક્ષણ અને ધાર્મિક ઉપદેશ આદિ પ્રવૃત્તિદ્વારા સેવા કરવા માટે જ્યાં જ્યાં તેવા લોકોની વસ્તી હોય ત્યાં ત્યાં આશ્રમો વગેરે સ્થાપી તેમને ઉન્નત દશાએ લાવવાની જરૂરિયાત આ પરિષદ સ્વીકારે છે અને દરેક જિલ્લાના સ્થાનિક સમાજસેવકોને તે દિશામાં પગલાં ભરવા આગ્રહપૂર્વક વિનતિ કરે છે.

(૧૭) મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષોની કેળવણી

અક્ષરજ્ઞાન એ પ્રજાને કેળવણી આપવાનું ઉત્તમ સાધન છે. આપણા દેશના દુર્ભાગ્યે આપણો દેશ અક્ષરજ્ઞાનમાં બહુજ પછાત છે. કમીમાં કમી વસ્તીના પ્રમાણમાં સેંકડે ૨૫ ટકા બાળકો અક્ષરજ્ઞાન તેમજ બીજી કેળવણી લેવાને શાળાઓમાં અભ્યાસ કરતાં હોવાં જોઇએ; ત્યારે આપણા દેશમાં વસ્તીના પ્રમાણમાં સેંકડે ૪.૨ ટકા બાળકો શાળાઓમાં ભણતાં જોઇએ છીએ; એટલે ૧૫ બાળકોમાંથી માત્ર ૪ બાળકો શાળામાં ભણે છે, બાકીનાં ૧૧ બાળકો કોઇ પણ જાતની કેળવણી લીધા વિના પોતાનું અમૂલ્ય મનુષ્યજીવન વ્યતીત કરે છે. આથી જેમને લખતાં વાંચતાં નથી આવડતું તેઓને બીજાં સાધનોદ્વારા કેળવણી આપી જેમ બને તેમ દેશમાંથી અજ્ઞાનરૂપી ભયંકર અંધકાર દૂર કરવાનું આ પરિષદ આવશ્યક ધારે છે; અને તેને માટે નીચેનાં સાધનોદ્વારા જનમંડળમાં કેળવણીનો ફેલાવો કરવા સેવકોને ખાસ સૂચના કરે છેઃ-

૧-આરોગ્ય, નાગરિકોના ધર્મ, સમાજમાં દાખલ થઇ ગયેલા ખરાબ રિવાજો, ધર્મ વગેરે વિષયો ઉપર મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો માટે ભાષણો-બની શકે ત્યાં મેજીક લેન્ટર્ન તથા સીનેમાની મદદથી આપવાની ગોઠવણ કરવી; જેથી ભાષણોની સારી પેઠે છાપ સાંભળનારાઓ ઉપર પડે અને તેની સારી અસર થાય.

૨-સ્ત્રીઓને માટે બપોરના વર્ગ ખોલવા અને ત્યાં સ્ત્રીઉપયોગી શિક્ષણ આપવું.

૩-કારીગરો તથા મજુરિયાત વર્ગોને માટે તેમને અક્ષરજ્ઞાન તેમ બીજી કેળવણી આપવાને રાત્રિશાળાઓ ખોલાવવી.

૪-જેમને સહેજસાજ વાંચતાં-લખતાં આવડતું હોય તેવાઓને માટે ફરતી લાયબ્રેરીઓદ્વારા ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

૫-અને બની શકે ત્યાં જ્ઞાતિમંડળો ઉભાં કરી તે દ્વારા પ્રયત્ન કરવા.

આ ઉપરાંત આ પરિષદ લોકલબોર્ડો, મ્યુનિસિપાલીટીઓ તેમજ ધનાઢયોને આગ્રહપૂર્વક વિનતિ કરે છે કે, તેમણે વધારે ને વધારે પ્રમાણમાં ગામડાંઓમાં તેમ શહેરોમાં જ્યાં મજુરિયાત તથા પછાત વર્ગોની વસ્તી છે ત્યાં સ્ત્રીઓને માટે બપોરના ખાસ વર્ગો તેમ પુરુષોને માટે રાત્રિશાળાઓ ખોલવી.

(૧૮) આ પરિષદે પસાર કરેલા ઠરાવોનો અમલ કરવા સારૂ તથા તે ઠરાવોનો હેતુ સફળ કરવા સારૂ જે જે કાર્ય કરવું પડે તે સારૂ, આ પરિષદની નીચે મુજબ, કારોબારી સમિતિ નીમવામાં આવે છેઃ-

૧-પ્રમુખ સાહેબ. ૨-લેડી વિદ્યાબહેન. ૩-ડૉ૦ સુમંત મહેતા. ૪-ડૉ૦ હરિપ્રસાદ વી. દેશાઇ. ૫-શ્રી. મોતીભાઇ નરસિંહભાઈ અમીન. ૬-રા. દયાશંકરભાઇ શુકલ. ૭-રા, હીરાલાલ ત્રિ. પારેખ. ૮-રા, વાસુદેવ માવલંકર. ૯-રા. રોહિત મહેતા. ૧૦-મીસ આઇ. એન. ભાગવત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૩–નવરાત્રિના શક્તિપ્રેરક દિવસો

તહેવારોને રાષ્ટ્રીયત્વ આરોપો !

નવરાત્રિના દિવસો એટલે નૂતન શક્તિપ્રેરક દિવસો. ખેતીવાડીના કાર્યમાંથી પરવારેલા ભારતીઓ એ નવપ્રાણવંતા દિવસોમાં પોતાનાં ખિંટીએ લટકતાં હથિયારો તરફ ફરીથી નજર નાખતા, ઉછળતા જીગરે તલવારો ને તીર, ભાલાઓ ને સાંગો, કટારો અને જમૈયા, જંજાળો અને બંદુકો ઉપર વળેલા કાટ ઘસી કાઢતા, નવ દિવસની એ શક્તિપૂજનનાં પ્રદર્શન વિજયાદશમીને દિવસે કરવા, આબાલવૃદ્ધનાં ટોળાં ને ટોળાં ગામને ઝાંપે જતાં અને શક્તિના પ્રદર્શનના અનેક પ્રયોગો ત્યાં બતાવવામાં આવતા.

× × × ×

અને પછી ત્યારથીજ એ કીર્તિભૂખ્યા કોડીલાઓ થનથનથી ઘોડલીઓ ઠેકાવતા, શિર-પાઘમાં ગૃહદેવીઓની ગુંથેલી નૂતન જવારાની યશકલગીઓ લટકાવતા, મહેચ્છાઓને મૂર્તિમંત કરવા રણખેલનાએ જવા અગાઉ મૃગયા રમવા ઉપડી જતા. ત્યાં એમની મર્દાઇનાં પાણી મપાતાં. મૃગયા અને વરાહોની વાંસે માથાં મૂકીને અશ્વો છોડી મૂકતા. ક્ષત્રિયોની સાથે બાલસિંહસમા કિશોર કુમારો પણ પોતાના બાહુબળની પરીક્ષા આપવા જતા.

× × × ×

એ દહાડે તો સ્નેહથી જેનાં હૈયાં છલકી જતાં હોય એવી માતાઓ, સ્વહસ્તેજ કોડીલા કિશોર કુમારોને ખભે ધોંગી ઢાલો બાંધતી અને કમરપટામાં પાણીદાર તલવારો લટકાવતી. બાપબેટાને પણ ન ધારે એવી હવા સાથે હરીફાઇ કરતી ઘોડલીએ ચઢીને કુમાર મૃત્યુ સાથે ખેલવા નીકળી પડે ત્યારે ઉલ્લાસથી માતાઓ મમતાભરી નજરે તેની પીઠ દેખાય ત્યાંસુધી જોઇ રહેતી. ત્યારે એ માવડીની આંખમાંથી ગૌરવની–સંતોષના જીવનની ધન્યતાની જે તેજધારાઓ વરસતી, એ વિરલ પળો જોવી તે હિંદુસ્થાનમાં તો લગભગ આજે અશક્ય થઇ પડી છે. ખાસ કરીને ગુજરાત-માં તો એ દસ્યોના ક્યારનાય દુષ્કાળ પડી ગયા છે.

આજે તો નવરાત્રિના દિવસો તાબોટા વગાડીને રાસડા ગાવાના વાયડાવેડામાંજ પૂરા થાય છે. એ શૌર્ય અને સાહસના દિવસો આથમ્યા તે આથમ્યાજ. આજનું ગુજરાત લગભગ એનાં પૂરાં સ્મરણોયે ભૂલી ગયું છે. ભલભલા પડછંદ પુરુષો પણ હાથમાં દાંડિયા લઇને આમતેમ કૂદાકૂદ કરે કે મોટા સૂરે **'પડવેની પણ પ્રીત ઘડી ઘડી ભૂલી રે'** એવા કશાક ગરબાઓ મોડી રાત સુધી ગાઇ ગાઇને, દશેરાની સાંજે સમડીપૂજા કરીને ઢીલા પગલે પાછા આવી, નવરાત્રિના શક્તિ મેળવવાના દિવસો વેડફી નાખતા જોઇને કયા નવયુવાનને દિલગીરી નહિ થાય ?

× × × ×

પરંતુ જૂના કાળના જર્જરિત મનોદશાના જુવાળ હવે ઓસરતા જાય છે. જીવતાં મુડદાં જેવી દશા માટે હવે આપણને પોતાને શરમ થવા લાગી છે. પરતંત્રતા આપણાં હૈયાંમાં શલ્યની માફક ખુંચવા લાગી છે. પ્રતિહૃદયે આજે નવી મહેચ્છાઓ પ્રકટી છે. એકે એક જુવાનીઓ નવાં નવાં સ્વપ્નાં જોવા મથે છે. આસપાસથી પડતા પડઘાથી એનાં રોમેરોમ ફરફરી ઉઠે છે. અને શું તેવે વખતે પણ ગુજરાતના નવજુવાનો નવરાત્રિ અને દશેરાના ઉત્સવોની ઉપર, વળી ગયેલી ગુલામી અને કાયરતાની રાખ ઉખેડી નાખવા તત્પર નહિ બને ?

× × × ×

ચીનના, તુર્કસ્તાનના, ઇજીપ્તના, ઇરાનના અને અફઘાનીસ્થાનના નવજુવાનોના જંગની વાતો સાંભળીને ગુજરાતના નવજુવાનોને પોતાની કંગાલિયત વિંછીના ડંખની માફક વેદના આપે છે. ગઇ કાલનીજ વાત–પેલા ફૂલ્યા દાંતવાળા અફઘાન છોકરાઓનો કાફલો મુંબઇના કનારેથી તુર્કસ્તાન જવા ઉપડી ગયો, ત્યારે એ બહાદૂર પાડોશીઓને મળવા મુંબઇના અનેક–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગી નવજુવાનો કેટલા બધા તલસી રહ્યા હતા ? અને તેમાં કેટકેટલા ગુજરાતી યુવકો હતા ?

× × × ×

એ વખતનું રા૦ જયકરનું ભાષણ " આપણામાંથી આ અફઘાન બાળકની માફક માતૃભૂમિ મૂકીને અગીઆર અગીઆર વર્ષ લશ્કરી તાલીમ લેવા પરદેશ જવા કેટલા તૈયાર છે?" એ એમનો પ્રશ્ન અને 'અમે બધાજ' એ નવયુવકોનો ઉત્તર એ શું બતાવે છે ? જો એ પ્રશ્ન નવયુવકોના હૃદયમાંથી સાચીજ રીતે નીકળ્યો હોય તો તો નવરાત્રિના દિવસોનો જે સાચો મહિમા છે તેનુંજ આપણે અનુકરણ કરવા માંડીએ.

× × × ×

આપણા જીવનનાં અનેક અંગોની માફક આપણા તહેવારો ઉપર પણ અનેક વર્ષોની ગુલામીને લીધે જીર્ણતાનો કાટ વળી ગયો છે. એ કાટને ખંખેરી કાઢીને, આપણા પ્રજાકીય તહેવારોની ઉજવણીમાં મૂળભૂત પરિવર્તન કરી નાખીને તેમાં વિપ્લવ કરવાની જરૂર છે. આપણા પ્રત્યેક તહેવારોની યોજના રાષ્ટ્રીયત્વની ખીલવણીની, ઋતુઓની મઝા માણવાની અને સાથે સાથે તંદુરસ્તીની દૃષ્ટિએ કરવામાં આવી છે; પરંતુ અત્યારે એ બધીજ વાતો આપણે ભૂલી ગયા છીએ.

× × × ×

ઉત્સવોની ઉજવણી એટલે તોફાન, મસ્તી, આનંદ. એને બદલે આપણા જૂના માણસોએ તેમાં અનેક ગોટાળા કર્યા છે તો નવાઓએ કેટલાક સુંદર ઉત્સવોને કેવળ ભાષણીઆ બનાવી દેવાનીએ ભૂલ કરી છે. એ બંને ભૂલો સુધારવી તે નવયુવકોનું કર્તવ્ય છે અને તેનો આરંભ કરવામાં હવે વધુ વિલંબ કરવાની જરૂર નથી.

× × × ×

નવરાત્રિનો ઉત્સવ એટલે માતૃભૂમિનો ઉત્સવ. પ્રાચીન કાળે આવી પ્રત્યેક કલ્પનાઓની પાછળ ધાર્મિક વાતાવરણ ખડું કરવાનો રિવાજ હતો અને તે કાળે એની જરૂર પણ હતી-હશે. (જો કે એ વાતાવરણે એકંદરે તો ભારે નુકસાનજ કરેલું છે) પરંતુ અત્યારે એવા ધાર્મિક વાતાવરણથી આપણા ઉત્સવોને મઢી લેવાની જરૂર નથી. હાલના અવસરે એ ઉત્સવોને રાષ્ટ્રીયત્વ આરોપવું એજ જરૂરનું છે.

× × × ×

છતાં એ જૂના ધાર્મિક વાતાવરણમાં પણ ડોકિયું કરતાં સહજે સમજી શકાય તેમ છે કે, તેની પાછળ રહેલી ભાવના કેવળ શક્તિની ખીલવણીનીજ છે. માતા, માડી, જનની એટલે શક્તિનોજ અવતાર; એવી પ્રાચીન પુરુષોની કલ્પના હતી. શિવાજી જેવા રાષ્ટ્રવીરને આલમમશહુર 'ભવાની' આપનાર શક્તિની પાછળ જે કલ્પના રહેલી છે તેવીજ કલ્પના બીજી દેવીઓની પાછળ પણ રહેલી છે. કાલી, અંબા, મહિષાસુરમર્દિની, ચંડિકા, ચામુંડા, દુર્ગા એ બધી શક્તિઓની પાછળ રહેલી ભાવના કેવળ શક્તિની અને શક્તિનીજ હોય છે. પ્રજાવર્ગમાં અને પ્રજાકલ્યાણમાં ઉપયોગનાં પશુઓમાં ત્રાસ ફેલાવનાર અસુરસમૂહના મદ મંદ કરનારી એ તમામ શક્તિઓ છે; લોહીઝરતી જીભ, માનવમાથાંની માળ, પગ નીચે છુંદાતો દૈત્ય, એવી છબીવાળી કાળી જુઓ કે સિંહની સ્વારીએ ચઢેલી દુશ્મનનાં હૈયાં ભેદતી ચંડિકા જુઓ. એનું વિકરાળ સ્વરૂપ, એની પ્રચંડ શક્તિ, એની અખૂટ હિંમત, એનું અથાક શૌર્ય, એ બધાં આમવર્ગને મૌનવાણીમાં સમજાવવાના પ્રયાસ છે. એ કલ્પનાને તાણે અને વાણે કલ્પના કરનારાઓએ તે યુગના માનવીઓ માટે શૌર્ય અને ચેતનનેજ ગુંથ્યાં છે.

અને એ શૌર્યની પ્રતિમાઓ કદી પણ તાબોટા પાડવાથી, રાસડા ગાવાથી, સમડી પૂજીને પાછા વળવાથી ખુશ થાય ખરી ? જૂનામાં જૂનો રૂઢિરક્ષક પણ એ વાત માનવા તૈયાર નહિ થાય, તો નવીનો કેમજ થાય ?

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નવ નવ દિવસનાં તપ બીજા કશા માટે નહિ પણ શક્તિ, શક્તિ અને શક્તિનીજ પ્રાપ્તિ માટે નિર્માયાં હતાં. એ દિવસોમાં ઘેર ઘેર અને ગામે ગામ થતા યજ્ઞ બીજું કંઇજ નહિ પણ રાષ્ટ્રસેવાનાજ યજ્ઞ હતા. એ યજ્ઞમાં અપાતાં બલિદાનો રણવાટે સીધાવતા કેસરભીનાઓને માટે શુભેચ્છાઓ પ્રેરનાર પ્રેરણાઓ હતી. નવ નવ દિવસ શક્તિની પૂજા કરી રાષ્ટ્રસેવાના યજ્ઞમાં સંકુચિત ભાવનાઓનાં બલિદાન આપી, વિજયાદશમીના વિજયદિવસે રણદુંદુભીઓ ગડગડાવતા, નિજ નિજ ગામની સરહદ ઓળંગતા નવયુવકોની કલ્પના કરો અને આજની સમઠીપૂજા કરીને પાછા આવતા ઢીલા ઢીલા પ્રસંગને તેની સાથે મૂકો. પછી જરા વિચાર તો કરો.

ગુજરાતમાં ઘેરે ઘેર અને ગામેગામ નવરાત્રિનો મહોત્સવ ઉજવાય છે, પણ છૂટક છૂટક માત્ર ગરબા ગાવા પૂરતાજ સૌ એકઠા થાય છે. હવે છૂટક છૂટક રહીને કામ કરવાનો યુગ નથી રહ્યો. તમામ છૂટા મણકાઓને રાષ્ટ્રભાવનાના એકજ તંતુએ ગુંથી કાઢીને સંઘબળથી કાર્ય કરવાનો હાલનો અવસર છે. એ વાત વિચારી લઇને, બંગાળીઓની માતૃપૂજાની માફક, મહારાષ્ટ્રવાસીઓના ગણેશોત્સવની માફક, યુક્તપ્રાંતવાસીઓના વેદપ્રચાર સપ્તાહની માફક ગુજરાતીઓએ ગામડે ગામડે અને શહેરે શહેરે, નવરાત્રિના ઉત્સવને રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ આપી, તેમાંથી જૂના વહેમ, રૂઢિ અને દૈવીપણાના તમામ અંશોને દૂર કરી દઇને કેવળ એકજ દૃષ્ટિએ–અને તે શક્તિની પ્રાપ્તિની–તે તહેવારની ઉપયોગિતા વધારવી જોઇએ.

× × × ×

ગુજરાત પૈસાની નજરે શ્રીમંત છે, વ્યાપારઉદ્યોગની દૃષ્ટિએ તાલેવંત છે; પણ શારીરિક શક્તિની દૃષ્ટિએ ઘણુંજ નિર્ધન છે. પુરાણીભાઇઓ જેવાના પ્રયાસો રણવગડામાં લીલી વીરડી જેવા છે; પરંતુ એવા પ્રયાસોને ખૂબ અને ખૂબજ ખીલવી ખીલવીને ગુજરાતે શારીરિક શ્રીમંત થવાની જરૂર છે. એ વાત નવરાત્રિમાં શકિતજ આપણને બરાબર શીખવી શકે તેમ છે.

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાં લેખકઃ–શ્રી. સમાજસુધારક)

१४४–एक ईसाई महिला का पवित्र संकल्प

અમેરિકા કે એક બડે ભારી ધનિક કી પુત્રી ને યહ પુણ્ય–પ્રતિજ્ઞા કી હૈ કિ મૈં અપના યહ સારા જીવન કોઢિયોં કી સેવા મેં હી વ્યતીત કરૂંગી. સંસાર મેં ઇસ પ્રકાર કે નિઃસ્વાર્થ–સેવા–ભાવ કે દૃષ્ટાંત મિલને યદિ અસંભવ નહીં, તો દુર્લભ અવશ્યમેવ હૈ. ઇસ પવિત્રચરિત્રા બાલા ને સાંસારિક સુખોં સે મુખ મોડ કર ઇસ સુંદર સેવાભાવ કા જો વ્રત લિયા હૈ, ઉસકે લિયે વે બધાઇ કી પાત્ર હૈ. આપકા નામ હૈ મિસ બેલામેંટર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૫-શ્રીકૃષ્ણાર્જુન-યુદ્ધ

"દુષ્ટ, પાપી, ચંડાળ! આટલી હદ સુધીનું તારૂં સાહસ!"

"પ્રભો! શાંત થાઓ. ગંધર્વરાજ ચિત્રસેન ઇરાદાપૂર્વક નથી થુંક્યા. તેઓશ્રી તો સહપત્ની ગંગાજીમાં સ્નાન કરી વિમાનમાં ઇંદ્રલોક તરફ પ્રયાણ કરી રહ્યા છે. સંભવ છે કે, ઉપરથી અજાણતાં તેઓ થુંક્યા હોય! અને તેના છાંટા અંજલિમાં પડયા હોય! એ અપરાધ ભૂલથી થઇ ગયો છે! પ્રભો! તેમને ક્ષમા કરો."

"નહિ વત્સ! ચિત્રસેનની એ મદાંધતા છે. રાજ્યાહંકારી ઇંદ્રને ત્યાં રહી એ પણ અહંકારી બન્યો છે. જ્યાંસુધી તેના ગર્વનું ખંડન ન કરૂં ત્યાંસુધી તેનો અહંકાર ઉતરવાનો નથી. ચિત્રસેનને ક્યાં ખબર છે કે તે 'ગાલવ' મુનિનો અપરાધી છે. ભક્તિરૂપી અમૃતથી પવિત્ર કરેલી ભાગીરથીના જળની અંજલિમાં થુંકી એણે મહાન અપરાધ કર્યો છે. એ કૃત્ય ક્ષમાપાત્ર નથી. તેને તેની શિક્ષા મળવીજ જોઇએ. ચાલો, તે માટે આપણે શ્રીકૃષ્ણચંદ્ર પાસે જઇએ અને તેને દંડ આપીએ."

એટલું કહી ગાલવ મુનિએ પોતાના શિષ્યને લઇને દ્વારકાપુરી તરફ પ્રયાણ કર્યું. જે સમયે ગાલવ ઋષિ શ્રીકૃષ્ણજીને મળ્યા, તે સમયે બળરામ, સાત્યકિ તથા નારદજી ત્યાં બેઠા હતા. સર્વેએ ગાલવ ઋષિને યથાયોગ્ય માન આપી સત્કાર્યા ને તેમના આગમનનું કારણ પૂછ્યું. ગાલવઋષિએ પણ પોતાની અથ ઇતિ કહી સંભળાવી. તેથી શ્રીકૃષ્ણચંદ્ર પણ સહેજ ક્રોધિત થયા અને આવેશમાં આવી બોલી ગયા કે "ઋષિરાજ! જો આપ તેને કાલ સંધ્યા સુધીમાં ક્ષમા નહિ આપો તો અવશ્ય હું તેને મારી નાખીશ. એ મારો અંતિમ નિશ્ચય છે."

એ સાંભળી નારદજી બોલી ઉઠયા કે, "પ્રભો! જો ચિત્રસેનને પોતાના અપરાધની ખબર પડશે તો તે અવશ્ય પશ્ચાત્તાપ કરશે. તેને એક નજીવા અપરાધ માટે પ્રાણદંડ આપવો એ અન્યાય છે. ઋષિરાજ તો તેને ક્ષમા નહિ કરે, એટલે તમારે તમારી પ્રતિજ્ઞાનુસાર તેને સંહારવોજ જોઇશે. તો હું આપને વિનવું છું કે, ન્યાયધર્મના પાલનમાટે તમારે એ પ્રતિજ્ઞાનો ભંગ કરી તેને ક્ષમા આપવી જોઇએ."

"દેવર્ષિ! એ અસંભવિત છે. ચિત્રસેનને હું અવશ્ય મારીશ. ક્ષત્રિયની પ્રતિજ્ઞા એકજ હોય!"

"પ્રભો! એમ ન કરો. આપની પ્રતિજ્ઞા હું પૂરેપૂરી રીતે સમજું છું. મહાભારતના યુદ્ધ વખતે શસ્ત્ર ધારણ ન કરવાની આપે પ્રતિજ્ઞા લીધી હતી, ને શું તે પ્રતિજ્ઞા આપે પૂરી પાળી હતી કે?"

"દેવર્ષિ! એ સમય જૂદો હતો. આ સમયે જરૂર ચિત્રસેન મારા હાથથી સંહારાશે. વિશ્વની કોઇ પણ શક્તિ મારી એ પ્રતિજ્ઞાની આડે આવી શકશે નહિ."

નારદજીએ કૃષ્ણચંદ્રને ઘણું ઘણું સમજાવ્યા, પણ તેઓ એકના બે નજ થયા; ત્યારે શ્રીકૃષ્ણચંદ્રના સત્તાના મદને તોડવાની નારદજીને ઇચ્છા થઇ. પરિણામે કોઇ ને કોઇ પ્રકારે ચિત્રસેનને બચાવવાની પ્રતિજ્ઞા નારદજીએ લીધી.

ચિત્રસેનને જ્યારે આ બંને પ્રતિજ્ઞાઓની ખબર પડી ત્યારે તે વિમાસણમાં પડયો. તેણે ઇંદ્ર અને વરુણાદિ દેવની સહાયતા માગી; પણ શ્રીકૃષ્ણચંદ્રના શત્રુને કોઇએ સહાય ન આપી. ચિત્રસેન પાગલની માફક અહીંથી તહીં સહાય માટે રખડયો; પરંતુ કોઈ પણ ઠેકાણેથી તેને સહાયતા ન મળી. છેવટે નિરાશ થઇ, શ્રીકૃષ્ણ જેવા શત્રુના હાથે મરવા કરતાં, ગંગાજીનો આશરો લેવો તેણે યોગ્ય ધાર્યો અને સૂર્યોદય થતાં પહેલાં આત્મહત્યા કરવાને એ ભાગીરથીતટે જઈ પહોંચ્યો.

કપડાં ઉતારી જેવો તે ગંગાજીમાં પડવા જતો હતો તેવોજ દૂરથી એક અવાજ સંભળાયો. "ઓ યુવાન! આત્મહત્યા એ ભયંકર અપરાધ છે."

એ અવાજ ક્યાંથી આવ્યો? તે જોવા ચિત્રસેને પાછું ફરી જોયું તો તેનીજ પાસે ભિંજાયેલ કપડાં પહેરી એક અપૂર્વ તેજસ્વિની દેવી ઉભી છે.

"યુવાન! કયા કષ્ટે કરીને તું આત્મહત્યા કરવા તત્પર થયો છે? તું કોણ છે ને ક્યાંથી આવે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવિ! હું ગંધર્વરાજ ચિત્રસેન છું; છતાં આ સમયે નિરાધાર છું. મારે માતા ભાગીરથીની ગોદ સિવાય બીજાનો આશરો લેવો હવે નથી રહ્યો. બ્રહ્માંડમાંથી ધર્મનું અસ્તિત્વ નષ્ટ થયું લાગે છે, જાણે સંસારની માતાઓએ વીર પુત્રોજ પ્રસવ કરવાનું છોડી દીધું હોય!"

"ગંધર્વરાજ! વીર માતાઓને દોષ ન દે! હું તને આશરો આપવા તૈયાર છું. કહે વત્સ! કહે. તારા દુઃખનું કારણ મને કહે!"

"માતાજી! હું ઋષિરાજ ગાલવનો અપરાધી છું. પ્રાતઃસમયની તેમની અંજલિમાં ભૂલથી હું અભાગીનું થુંક જઇ પડયું. આ એક નજીવા અપરાધનો દંડ દેવા શ્રીકૃષ્ણચંદ્રે આજે સાંજસુધીમાં મારો સંહાર કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

આખી સ્વર્ગપુરીના દેવોને મળી ચૂક્યો, પણ કોઇએ મને સહાયતા ન આપી-સાહસ ન કર્યું. છેવટે હું ભાગીરથી તટે આત્મહત્યા કરવા આવ્યો."

"વત્સ! ફિકર ન કર. કૃષ્ણચંદ્ર જેનો સંહાર કરશે તેનો બચાવ તેનીજ બહેન કરશે, સમય થોડો છે. એ ભાઇએજ મને શિક્ષણ આપ્યું હતું કે, નિરાશ્રિતોને આશ્રય આપવો એ આર્યોનું પ્રધાન કર્તવ્ય છે, ગૌરવ છે. અસ્તુ. તેની શિક્ષાજ આ વીરનરને બચાવશે. એ માટે જો ભાઈ સાથે યુદ્ધ કરવું પડશે તો તે માટે પણ હું તૈયારજ છું. મારનાર કરતાં બચાવનાર મોટો છે, તેનો આત્મા પ્રબળ છે." એટલું વિચારી એ યુવતીએ કહ્યું કે "વત્સ ચિત્રસેન! જો આ વિશ્વમાં તને કોઇએ આશરો ન આપ્યો તેથી એમ ન જાણવું કે પૃથ્વી નક્ષત્રી થઇ છે, વીરશૂન્યા થઇ છે, ધર્મ નષ્ટ થયો છે. આવ, વત્સ! આવ. જ્યાંસુધી મારા શરીરમાં રક્તનું એક પણ બિંદુ છે ત્યાંસુધી હું તારો સંહાર નહિ થવા દઉં."

યુવતીની આવી વીરતાભરી વાતો સાંભળી ચિત્રસેન અવાક્ બની ગયો. આશ્ચર્ય અને વિસ્મયતાથી તેણે તે યુવતીને પૂછયું કે "માતા! કૃપા કરી કહેશો કે, આપ કોણ છો? શું તમે મારી રક્ષા માટેજ અવતર્યાં છો?"

"ચિત્રસેન! તારી આશ્રયદાતા તારા શત્રુ શ્રીકૃષ્ણચંદ્રનીજ ભગિની, ભુવનવિજયી પાંડુપુત્ર પાર્થની પત્ની અને મહાપરાક્રમી સ્વર્ગીય વીર અભિમન્યુની માતા સુભદ્રા છે. આવ, વત્સ! મારે ત્યાં આવ! નિર્ભય થા."

મહેલમાં આવી સુભદ્રા ચિત્રસેનની રક્ષાના ઉપાયો યોજવા લાગી. તેજ સમયે અર્જુનજી આવી પહોંચ્યા. સુભદ્રાને વિચારમગ્ન જોતાં પૂછયું 'પ્રિયે શું વિચાર કરે છે?'

"નાથ! કંઇ સૂઝ પડતી નથી, બુદ્ધિ બહેર મારી ગઇ છે, કાર્ય કઠિન છે. આપ દ્વારા તે કાર્ય કરવાની આશા નિરાશામાત્ર છે-હુંજ તેને પૂર્ણ કરીશ."

"પાર્થના જીવતાં છતાં તું પૂર્ણ કરશે? એ અસંભવિત છે. પ્રિયે! હું પ્રતિજ્ઞા કરું છું કે, જે કાર્ય તું સોંપીશ તે હું પૂરું કરીશ."

"નાથ! ચિત્રસેનને મેં આશરો આપ્યો છે, જીવિતદાન દેવાની મેં પ્રતિજ્ઞા કરી છે. આપ એ નિરાધારની રક્ષા કરો."

"પ્રિયે! આ શું? પાંડવો કદી પણ શ્રીકૃષ્ણચંદ્ર સાથે યુદ્ધ આદરે ખરા કે? આવું સાહસ તું કરીજ કેમ શકી? આ તો સુડી વચ્ચે સોપારી જેવો ઘાટ થયો. હવે શું કરવું? શ્રીકૃષ્ણચંદ્ર સાથે યુદ્ધ! મગજ બહેર મારી જાય છે-વિશ્વ આજે મને ડોલતું દેખાય છે."

"નાથ! વીરનાં વચન આવાં ન હોય! આપ બાજુએ રહો. જે સાહસ કર્યું છે તે મેં કર્યું છે. મારો પ્રાણ છે ત્યાંસુધી હું તેને બચાવીશ. હું મારા ધર્મને તિલાંજલિ નહિ આપી શકું. મેં ક્ષત્રિયધર્મનું પાલન કર્યું છે-નિરાશ્રિતને આશરો આપ્યો છે. એક પ્રતિજ્ઞાપાલન માટે હું ભાઇ સાથે વૈર બાંધીશ, બ્રહ્માંડ આડે આવશે તો તેને પણ ભેદી નાખીશ.

મહાભારત યુદ્ધમાં વિજય મેળવવો સહેલો છે, પણ હૃદય પર વિજય મેળવવો કઠણ છે. જો આપ તેની રક્ષા ન કરી શકો એમ હોય તો આપનાં શસ્ત્ર મને આપો, હું તે ધારણ કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુભદ્રાની આ વીરવાણી સાંભળી અર્જુનજી કર્તવ્યપક્ષે આરૂઢ થયા અને પોતાની પ્રતિજ્ઞાના પાલન અર્થે કહ્યું કે "નહિ પ્રિયે! આ ગાંડીવ અર્જુનનાજ હાથમાં રહેશે. હું તારી આજ્ઞાને પૂર્ણ રીતે પાળીશ. ચિત્રસેનને સંહારવા શ્રીકૃષ્ણ તો શું પણ કદાચ યમરાજ આવશે તોપણ ગાંડીવધારી અર્જુન, તે સર્વના ગર્વનું ખંડન કરશે."

જ્યારે આ સમાચાર બળદેવ અને શ્રીકૃષ્ણચંદ્રને મળ્યા ત્યારે તેઓ આશ્ચર્યમાં પડયા. તરતજ બળભદ્રે ક્રોધમાં આવી જઇ અર્જુન ઉપર એક પત્ર દૂતદ્વારા રવાના કર્યો. એમાં લખ્યું હતું કે, આપણી મિત્રતાને યાદ કરીને આ બાબતમાં તમે વચમાં પડશો નહિ. જો નાહક પડશો તો તેનું પરિણામ ભયંકર આવશે. પરંતુ અર્જુને તો યુદ્ધનોજ પડકાર કર્યો.

પછી તો કહેવુંજ શું? બન્ને તરફથી યુદ્ધની મહાન તૈયારીઓ થવા લાગી. બન્ને પક્ષના યોદ્ધાઓ સમરભૂમિમાં એકત્ર થયા, મહાયુદ્ધ જામ્યું, વીરનાં તીરો છૂટવા લાગ્યાં, ખરેખરો રંગ જામ્યો; એટલામાં શ્રીકૃષ્ણ અને અર્જુનનો મુકાબલો થયો. બંને પ્રેમભરી નજરે મળ્યા. દૃષ્ટિમાં વેર ન હતાં.

અર્જુનજી બોલી ઉઠયા કે "ભગવન્! મહાભારતના યુદ્ધથી આ પ્રસંગ વિકટ છે."

"અર્જુન! તેને માટે તું ચિંતા ન કર. ગાંડીવ અને સુદર્શન એકબીજાથી ઉતરે તેમ નથી. આવ, આપણા હૃદયમાં મિત્રભાવ રાખી પ્રતિજ્ઞાર્થે શત્રુભાવે લડીએ. ગીતારહસ્યના ઝંકારથી જગતીતલ દહલાવીએ."

આ સાંભળી અર્જુન યુદ્ધ માટે તૈયાર થયા. બન્ને બાજુથી શસ્ત્રોના પ્રહારો થવા લાગ્યા. શ્રીકૃષ્ણચંદ્રના શરસંધાનથી અર્જુનજી ઘાયલ થઇ મૂર્ચ્છિત થયા. શ્રીકૃષ્ણચંદ્રે શસ્ત્ર મૂકી દઇ અર્જુનજીને ગોદમાં લીધા.

થોડી વાર પછી અર્જુનજીની મૂર્ચ્છા શમી ગઇ. તેઓ બોલ્યા "હું ક્યાં છું? શ્રીકૃષ્ણચંદ્રની ગોદમાંજ! ધિક્કાર છે મને-ક્ષમા કરો, મિત્ર! આ સમરભૂમિમાં તમે મારા શત્રુ છો. આવું વર્તન ન શોભે!" એમ કહી અર્જુનજી ફરી વાર તૈયાર થયા. આ વખતે અર્જુનજીએ ભયકંર બાણ કાઢી પણછ પર ચઢાવ્યું અને શ્રીકૃષ્ણને કહ્યું કે "ભગવાન! સાવધાન! આ સમય હું પશુપતાકાપ્રયોગ આદરૂં છું."

એમ કહી અર્જુનજી બાણ છોડવાની તૈયારીપર હતા તેવામાંજ નારદજી બીજા ઋષિઓ સાથે "ગાલવ" નિમિત્તે આદરાયલા યુદ્ધમાં આવી ઉપસ્થિત થયા. ઋષિઓના સમરભૂમિમાં આવતાં વારજ યુદ્ધ બંધ થઇ ગયું. સંસારપ્રલયકારી આ યુદ્ધને બંધ કરવા માટે ઋષિ ગાલવે ચિત્રસેનને વણમાગી માફી આપી.

હવે શું? યુદ્ધ બંધ થઇ ગયું. ચારેબાજુ હર્ષનાં દુંદુભી વાગી રહ્યાં. શ્રીકૃષ્ણચંદ્ર, અર્જુનજી, નારદજી અને સુભદ્રા ચારેની પ્રતિજ્ઞાઓ પૂર્ણ થઇ. ચિત્રસેનના પ્રાણ બચ્યા. પ્રલયકારી સંસાર એકાએક શાન્તિનો આગાર બની ગયો.

(તા. ૨૮-૮-૨૯ ના "હિંદુ"માંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૬–सूफियों का मत और वेदांतदर्शन

ભારત મેં ઐસા કૌન પુરુષ હૈ જો વેદાંતિયોં કે 'सर्वं खल्विदं ब्रह्म' કે મૂલમંત્ર સે અનભિજ્ઞ હો. વાસ્તવ મેં ઇસ મૂલમંત્ર કે ઉપાસક ઔર પૂજારી કિસી ન કિસી રૂપ મેં પ્રત્યેક મત મેં પાયે જાતે હૈં. હાં, ઇતના સત્ય હૈ કિ હિંદૂધર્મ કી અપેક્ષા અન્યમતાવલંબિયોં મેં ઐસે મહાત્માઓં કી સંખ્યા બહુત કમ હૈ. જબ મનુષ્ય કા મન પૂર્ણતયા પરમપિતા કી અગાધ ભક્તિ મેં લીન હો જાતા હૈ તો ઉસે પરમાત્મા કે અતિરિક્ત સંસાર મેં કુછ નહીં દીખતા. વહ સબ ભેદભાવોં કો ભૂલ જાતા હૈ. ઉસે જાતિ પાંતિ, પુરુષ સ્ત્રી, પશુ પક્ષી, જીવ જંતુ, મનુષ્ય પશુ, જલ થલ, ચર અચર, સ્થાવર જંગમ–સબમેં સમાનતા દીખતી હૈ ઔર બ્રહ્મ કી સત્તા કા આભાસ હોતા હૈ. યદિ ઐસા હોતા હૈ તો કયા આશ્ચર્ય કી બાત હૈ? કયા હમ પ્રતિદિન નહીં દેખતે કિ એક સાધારણ મનુષ્ય ધન કમાને મેં ઐસા લિપ્ત હો જાતા હૈ કિ વહ અપને પ્રત્યેક કાર્ય ઔર શ્રમ કા ફલ ચમકતી ચાંદી ઔર દમકતે સોને કે રૂપ મેં પ્રાપ્ત કરના ચાહતા હૈ? વહ અપને મિત્રોં કો ધન કી વૃદ્ધિ કા એક સાધન, ઔર અપને પરિવારવાલોં કો ધન કી બહતી હુઇ નદી મેં ચટ્ટાન કે સમાન રુકાવટ સમઝતા હૈ. સારાંશ યહ હૈ કિ મનુષ્ય જબ કિસી કાર્ય મેં વિશેષાસક્ત હો જાતા હૈ તો ફિર ઉસે શેષ દુનિયા કી કુછ સુધી નહીં રહતી. ઐસે હી સૂફી લોગ ભી પરમાત્મા કે પ્રતિ અસીમ વિશ્વાસ ઔર ધારણા રખનેવાલે વિશ્વપ્રેમી સમુદાય મેં સે હૈ.

સૂફી ઇસાઇયોં કી નાંઇ વિચારોં મેં સંકીર્ણ ઔર મુસલમાનોં કી નાંઇ અંધવિશ્વાસી ઔર કટ્ટર નહીં હોતે. વે હિંદૂઓં કે ઉદાર ધર્મ ઔર વિશ્વપ્રેમ કે માનનેવાલે હૈં. ઉનકા ધર્મ ઇસાઇ-મત કે ભ્રાતૃભાવ, બૌદ્ધ ધર્મ કી અહિંસા, મુસલમાની મત કી એકતા ઔર હિંદૂ ધર્મ કી ઉદારતા કે ઉત્તમાંશોં કા સંમિશ્રણ હૈ.

સૂફિયોં મેં અનેક દાર્શનિક, કવિ, સાધુ ઔર ધર્મ પર બલિદાન હો જાનેવાલે વીર ઉત્પન્ન હુયે હૈં. સૂફિયોં મેં સબસે બડા દાર્શનિક ગજ્જાલી હુઆ હૈ. ગજ્જાલી જન્મ સે મુસલમાન થા. વહ અપને વિષય મેં લિખતા હૈ કિ બૈઠે બૈઠે એક દિન મેરે મન મેં વિચાર આયા કિ સમસ્ત સંપત્તિ કો તિલાંજલિ દેના ચાહિયે. વહ કહતા હૈં–"મૈંને કર્મોં પર ધ્યાન દિયા તો મુઝે માલૂમ હુઆ કિ સબસે મુખ્ય વિદ્યાદાન ઔર અધ્યાપન કર્મ હૈ; પરંતુ જિસ ક્ષણ મુઝે યહ વિદિત હુઆ કિ મૈં કુછ ઐસી વિદ્યાઓં કા સ્વાધ્યાય કર રહા હૂં જો મોક્ષ કી દૃષ્ટિ સે સારરહિત હૈ તો મેરે આશ્ચર્ય કી સીમા ન રહી. જબ મૈંને યહ વિચાર કિયા કિ દૂસરોં કો કિસ નિમિત્ત ઉપદેશ કરતા હૂં તો મુઝે જ્ઞાત હુઆ કિ વાસ્તવ મેં ઇશ્વરીય કર્મ કરને કે સ્થાન મેં મૈં અબ તક યશ ઔર ખ્યાતિ કી નિરર્થક કામના સે પ્રેરિત થા. એક ઓર સાંસારિક તૃષ્ણા મુઝે બખેડે મેં ડાલના ચાહતી થી, દૂસરી ઓર ધર્મ કી ધ્વનિ મેરે કાન મેં કહ રહી થી 'ઉઠો ઉઠો, તુમ્હારે જીવન કા અંત નિકટ આ રહા હૈ ઔર તુમ્હેં અભી લંબી યાત્રા કરની હૈ. તુમ્હારે કલ્પિત દાન કા અહંકાર મિથ્યા હૈ. યદિ તુમ આજ બંધન કાટના નહીં ચાહતે તો કબ કાટોગે?" ગજ્જાલી કે મંન પર ઇન વિચારોં કા ઐસા પ્રભાવ પડા કિ ઉસને ઉચ્ચપદ કો લાત માર દી, ધર્માચાર્ય કા આસન ત્યાગ દિયા ઔર સીરિયા ચલા ગયા. વહાં રહ કર ઉસને દો વર્ષ તક આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરને કા પ્રયત્ન કિયા; પરંતુ ઉસકા પ્રયાસ નિષ્ફલ હુઆ. અંત મેં ઉસને સૂફિયોં કા આશ્રય લિયા ઔર મનોવાંચ્છિત ફલ પાયા. સૂફિયોં સે ઉસને મન કી શુદ્ધિ કે ઉપાય ઔર ઈશ્વરારાધન કે માર્ગ સીખે. કહા જાતા હૈ કિ જિસ સમય ગજ્જાલી મરને લગા તો ઉસને અપના કફન મંગવાયા, ઉસકો દોનોં હાથોં મેં લે કર ચૂમા, અપની આંખોં સે લગાયા ઔર અંત મેં અપને પૈર ફૈલા કર લેટ રહા. ઇસ પ્રકાર ઉસકી મૃત્યુ હુઈ. ગજ્જાલી લિખતા હૈ કિ "સૂફિયોં કે જીવન સે અધિક સુંદર, ઉનકે સદ્વ્યવહાર સે અધિક શ્લાઘનીય ઔર ઉનકે સદાચાર સે અધિક પવિત્ર કોઇ વસ્તુ નહીં હૈ. ઉનકા ઉદ્દેશ્ય વિષયોં કે કઠોર બંધન સે મન કો મુક્ત કરના ઔર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂરી વાસનાઓં ઔર સંકલ્પ વિકલ્પોં સે મન કો બચાના હૈ. તાકિ શુદ્ધ હૃદય મેં કેવલ પરમાત્મા કે બાસ ઔર ઉસકે આરાધન કે લિયે સ્થાન હો સકે."

સૂફી કવિયોં મેં ફારિસ કા જલાલુદ્દીન અગ્રણી હૈ. ઉસકે અતિરિક્ત શાહ લતીફ ઔર બેકસ આદિ કઇ સૂફી કવિ સિંધ મેં હુએ હૈં. ઇન મહાપુરુષોં કી તંત્રી મેં કેવલ એક સ્વર થા ઔર વહ સ્વર કેવલ પ્રેમ ઔર વિશ્વપ્રેમ સે સંબંધ રખનેવાલા હૈ.

સૂફીસાધુ ઔર સૂફીધર્મવારોં મેં ઇબ્રાહીમ ઔર શમ્સ તબ્રેજ કા નામ વિશેષોલ્લેખનીય હૈ. ઇબ્રાહીમ ને અપની પૈતૃક સંપત્તિ છોડ કર જ્ઞાન લાભ કરને કો કઠિન તપસ્યા કી થી. મહાત્મા બુદ્ધ કી નાંઇ ઉસને ભી પહલે અપને કર્મોંપર દૃષ્ટિ ડાલના આવશ્યક ઔર મહત્ત્વપૂર્ણ સમઝા. બહુત સે ઇસાઇ ભી શમ્સ તબ્રેજ કે શિષ્ય થે. વે ઉસકો મુસા દાઉદ ઔર ઇસા કે સમાન પૂજતે થે ઔર ઉસકી અન્યાયપૂર્ણ હત્યા ઔર ધર્માંધતાજનિત પ્રાણદંડપર રોતે થે. સૂફિયોં મેં રબિયા નામ કી એક ભક્તા સ્ત્રી હુઇ હૈ. યહ હમારે યહાં કી મીરાંબાઇ કે સમાન ભગવાન કી આરાધના મેં અપના સમય વ્યતીત કરતી થી. 'મીરાં રામ કી દુલારી' ઇસ તાત્પર્ય કે વિચાર રબિયા ભી પ્રકટ કિયા કરતી થી. વહ કહતી થી કિ મુઝે અપને શરીર પર કોઇ અધિકાર નહીં હૈ. મૈં તો કેવલ ઉસકી (પરમાત્મા કી) હૂં. ઇસ કારણ ઉસકે પ્રતિ મુઝે અવિશ્વાસ ઔર અશ્રદ્ધા નહીં દિખાના ચાહિયે.

ઇન સબ સૂફિયોં કી જીવની કેવલ એક સત્ ચિત્ ઔર આનંદ કી ખોજ મેં બીતી. એક સ્થાન પર જલાલુદ્દીન રૂમી શમ્સ તબ્રેજ સે પૂછતા હૈ "ઐ મિત્ર! બતાઓ, વાણી કા કયા ઉદ્દેશ્ય હૈ?" તબ્રેજ ઉત્તર દેતા હૈ "પરમાત્મા." મન, બુદ્ધિ, વચન ઔર કાયા સબ ઉસકી ખોજ મેં લગે હૈં.

"યહાં ભી તૂ વહાં ભી તૂ જિધી તેરી ફલક તેરા" ઇસ મંતવ્ય કે માનનેવાલે આજ ઉસ ધર્મ મેં બહુત કમ હૈં કિ જિસ ધર્મ કે અનુયાયી ને ઇસ પદ્ય કો લિખા હૈ. પરંતુ સૂફી ઇસ પદ્યાન્તર્ગત સિદ્ધાંત મેં અટલ વિશ્વાસ રખતે હૈં ઔર ક્રિયાશીલ હોતે હૈં. યહાં અભિપ્રાય સચ્ચે સૂફિયોં સે હૈ, ન કિ નામધારી સૂફિયોં સે. ક્યોંકિ દેહલી કે મૌલાના હસન નિજામી ભી અપને આપકો સૂફી પ્રકટ કરતે હૈં.

સૂફી લોગ શરૈયત (મુસલમાની ધર્મ ગ્રંથ) કે પાબન્દ નહીં હોતે હૈં, ઉનકા વિચાર હૈ કિ નૂર (આત્મપ્રકાશ) દ્વારા ઈશ્વરદર્શન હો સકતા હૈ. હમારે યહાં કે નિર્વાણ અથવા મોક્ષ કા નામ ઉન્હોંને ફન રક્ખા હૈ.

ગજ્જાલી કહા કરતા થા કિ મુઝે ઈશ્વર કી સત્તા કા પ્રકાશ ઈશ્વરીય પ્રેષિત આત્મપ્રકાશ દ્વારા હુઆ, ન કિ કિસી ધાર્મિક વાદવિવાદ અથવા શાસ્ત્રાર્થ સે. ઇંદ્રિયોં ઔર અનુમાન ઉસ સત્ય કા જ્ઞાન કરાને મેં અસમર્થ હુએ. ઉસ પ્રકાશ સે હી પ્રેમ કી અગ્નિ ભડકને લગી. કભી કભી ગજ્જાલી ઈશ્વરીય પ્રેમ મેં પાગલ હો જાતા થા, વહ અપને સમ્મુખ સૃષ્ટિ કે મહાન સૌંદર્ય કા અનુભવ કરને લગતા થા. ઉસે શોક, ચિંતા, ભય આદિ કે તો વિચારને તક કા અવકાશ ન મિલતા થા. ઇસ આશય કો રબિયા ને નિમ્નલિખિત શબ્દોં મેં પ્રકટ કિયા હૈ "ઈશ્વર કે પ્રતિ શ્રદ્ધા મુઝે શૈતાન કે પ્રતિ ઘૃણા કરને તક કા અવકાશ નહીં દેતી."

સચ હૈ ઇસ વિજ્ઞાન ઔર કલાકૌશલોન્મત્ત સંસાર કો અધોગતિ સે બચાને કે લિયે ઔર જાતિયોં કો એકદૂસરે કા ગલા કાટને સે રોકને કે નિમિત્ત સૂફી મત અથવા વેદાંત-દર્શન કે પ્રચાર કી આવશ્યકતા હૈ. ભૌતિક ઉન્નતિ કે અંધકારમય જગત મેં કેવલ આત્મિક પ્રકાશ સે સત્યમાર્ગ દિખાઇ પડ સકતા હૈ.

("ભ્રમર"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૭–લિંબુ અને તેના ઉપયોગો

લિંબુ લગભગ સર્વ પાઠકપાઠિકાઓની કામની વસ્તુ છે; પરંતુ તેનાથી જે જૂદાં જૂદાં કામ લેવામાં આવે છે, તે સર્વ કોઇ જાણતાં નથી. તેથીજ પ્રથમ મેં લિંબુના વીસ ઉપયોગો ભાગ્યોદયમાં પાઠકપાઠિકાઓ આગળ રજુ કર્યા હતા.× તે પ્રયોગો ગૃહસ્થીના કામમાં ઘણા ઉપયોગી નિવડવાથી બીજા થોડાક ઉપયોગો–જે મારી જાણમાં આવ્યા છે–તેમને અત્રે આ પવાનું યોગ્ય ધારૂં છું.

લિંબુમાંથી બમણો રસ કાઢવાની એક બીજી રીતઃ—રસ કાઢવા પહેલાં જો તેને થોડીક વાર માટે ગરમ પાણીમાં ભીંજાવી રાખવામાં આવે તો બમણો રસ નીકળશે.

ફોલ્લા ફોલ્લીઓ વગેરેના જે રંગ બેરંગી ડાઘ ચામડી ઉપર રહી જાય છે, તેના પર જો લીંબુનો રસ રોજ લગાડતા રહેવામાં આવે તો ડાઘ મટી જઇને ચામડી સાફ અને સુંવાળી થઇ જાય છે.

ખીલ અને ગુમડાં પર પણ જો લિંબુનો રસ રોજ લગાડતા રહેવામાં આવે તો તે પણ મટાડી દેવાનો પૂરો ભરોંસો છે.

લિંબુનો રસ જો દાદર પર લગાડતા રહેવામાં આવે તો દાદર પણ મટી જાય છે.

જો મીઠું તેલ ઘણું ખાવામાં આવ્યું હોય અને તેનાથી અજીર્ણ થયું હોય તો લિંબુનો રસ પાવાથી અજીર્ણ મટી જશે.

જ્યાં વિંછી કરડયો હોય ત્યાં આથેલાં લિંબુનો ગર્ભ બાંધી રાખવાથી વિંછીનું ઝેર ઉતરી જાય છે.

જ્યારે કૉલેરા ફાટી નીકળ્યો હોય ત્યારે તેવા ગામમાં ન છૂટકે જવું પડે તો પીવાના પાણી ઉપર ત્યાં વિશેષ ધ્યાન આપવું જોઇએ. એક ગ્લાસ પાણીમાં એક લીંબુનો રસ નીચોવીને તે પાણીને ૦ કલાકસુધી ઠરવા દેવાથી તેમાંનાં ઝીણાં જંતુઓ મોટા ભાગે મરી જાય છે, અને તેથી પાણી પીવા લાયક થઇ જાય છે.

બવાસીર (હરસના માટે)—ચોખ્ખા લિંબુના રસની પીચકારી દિવસમાં એક વાર લેવી જોઇએ.

આના પ્રયોગથી મસાઓ સંકોચાઈ જશે અને ઝાડો સાફ આવવા લાગશે. મસાઓ પર લિંબુના રસમાં કપડું બોળીને મૂકવું–લોહીવાળા બવાસીર પર પણ આના રસની પીચકારી લેવાથી લાભ થશે.

ગુદાના ઘા—આ રોગમાં પણ જેમ મસાને માટે ઉપર બતાવવામાં આવ્યું છે તેમ લિંબુના રસની પીચકારી લેવાથી લાભ થાય છે.

ગાંઠો—લિંબુના રસના સેવનથી બહુ લાભ થાય છે. પ્રથમ બે ત્રણ લિંબુથી શરૂઆત કરીને બાર સુધી પહોંચવું અને પછી એક એક ઘટાડીને પૂર્વાનુસાર રોજના બે ત્રણ લિંબુ પર આવી જવું. આ ઇલાજ નયણે કોઠે યાને ખાલી પેટે નિખાલસ લિંબુનો રસ ખાંડ મેળવ્યા વગર કામમાં લેવો.

ઓહેસીટી (જાડાપણું)—આના માટે પણ જેમ ઉપર આપવામાં આવ્યું છે તેમ લિંબુના રસનું સેવન લાભદાયક છે. ભોજનમાં વિશેષ કરીને કાચી શાકભાજી અને ફળો લાભદાયક છે. ખાણું હલકું અને સૂકું (ચીકણાશ વગરનું) હોવું જોઇએ.

પિત્તપ્રકોપ—લિંબુને કાપીને તેના ફડચાલીઓ પર મીઠું ભભરાવીને તેમજ કાળાં મરી પણ ભભરાવીને દેવતાપર ગરમ કરીને નયણે કોઠે સવારે (ખાલી પેટે) ખાવાથી ફાયદો થાય છે.

નાનાં દૂધમલ બાળકો અને છોકરાંઓના અપચા અને ઝાડા પર—બબ્બે માસા લિંબુનો ચોખ્ખો રસ અર્ધા અર્ધા કલાકે આપતાં રહેવું. આથી પેટની પીડા અને ઉલટી બંધ થઇ જશે.

જૂનો જુકામ અને નજલો—લિંબુનો રસ અને ગરમ પાણી બન્ને સરખા ભાગે મેળવીને અને માથાને એક બાજુ ઝૂકાવીને એક નાના ચમચાવડે વારંવાર તે મિશ્રણને નાકનાં બન્ને છિદ્રોમાં ટપકાવવો જોઇએ. થોડાક દિવસ કરતા રહેવાથી જૂના રોગીઓને પણ આરામ થઇ જાય છે.

ઝાડો અને મરડો—કોઇ પણ ઔષધિ અથવા ભોજનથી ઝાડાને રોકવાની કોશીશ ન કરવી જોઇએ. સ્વાભાવિક રીતે જે મળ નીકળી રહ્યો હોય તેને નીકળી જવા દો. લિંબુનો ચોખ્ખો રસ (ખાંડ વગર) એક એક ગ્લાસ એક એક કલાકે પીવો. એક ગ્લાસ એક વખતમાં ન પી શકાય તો પીવાય તેટલો પીવો.આથી આંતરડાં સાફ થઇ જાય છે. ("ભાગ્યોદય"ના એક અંકમાં લેખકઃ–શ્રી. કે. સી. મહેતા)

× એ લખાણ તપાસ કરવા છતાં મળી શક્યું નથી. નહિ તો અહીં લીધું હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૮–ઉપવાસવિષે કંડિક

પ્રાચીનકાળથીજ ઉપવાસ એ ઔષધતરીકે જાણીતો છે અને તંદુરસ્તી સાથે નિકટનો સબંધ ધરાવે છે. તે સમયમાં લોકો સાધારણ રીતે અઠવાડિયામાં એકાદ ઉપવાસ તો જરૂર કરતા, એટલેજ લોકો નીરોગી રહેતા. ખોરાક એજ રોગનું મૂળ છે એમ તેઓ માનતા, માટેજ આપણા વૈદ્યક ગ્રંથો જેવા કે ચરક, સુશ્રુત, વાગ્ભટ વગેરેમાં રોગના હેતુતરીકે ખોરાકજ ગણાવ્યા છે. જ્યારે રોગ થાય ત્યારે ઔષધતરીકે ઉપવાસજ કરવાની સલાહ આપતા. તેઓ એમ કહેતા કે, વ્યાધિ મટી ગયા પછી ખોરાક આપવાથી ફાયદો થાય છે; પરંતુ વ્યાધિમાં ખોરાક આપવાથી દરદ બમણા જોરથી વધે છે.

હવે અત્યારે પણ લોકોનું દૃષ્ટિબિંદુ ઉપવાસ તરફ વળવા માંડયું છે. અમેરિકામાં ઘણા રોગ ઉપવાસથીજ સારા કરવામાં આવે છે. ઉપવાસ એ કુદરતી ઔષધ છે અને તેમાંથી શરીરની દરેક આંતરિક ક્રિયા નિયમસર થાય છે.

એકાદ પશુ માંદુ પડયું હોય તો તેને ઘાસ નીરવામાં આવે છતાં તે ખાતુંજ નથી અને ઉપવાસ કરે છે, અને તેથી કુદરતી રીતેજ તેનો રોગ નાબુદ થઇ જાય છે. ગમે તેવા રોગથી તેઓ ઘેરાયાં હોય તોપણ ખોરક લીધા સિવાય તેઓ રહે છે. વળી દુનિયામાં બીજી માન્યતા છે કે, ખાધાથીજ બળ ને શક્તિ આવે છે. આ માન્યતાના બહાના હેઠળ ઘણું ખાવામાં આવે છે અને તેથી બળ આવવાને બદલે નુકસાન થાય છે, માટે ઉપરની માન્યતા દરેક માણસે પોતાના મનમાંથી કાઢી નાખવી જોઇએ.

ઉપર કહ્યું તેમ ખોરાક એજ રોગનું મૂળ છે, કારણ ખોરાક લીધાથી એક જાતનું ઝેર શરીરમાં એકઠું થાય છે અને જેમ જેમ વખત જાય છે, તેમ તેમ વધતું જાય છે અને આખરે એકાદ રોગ ઉત્પન્ન થાય છે.

ઉપવાસ ગમે તે દિવસે થઇ શકે છે અને જ્યારે પોતાને ઠીક લાગે ત્યારે બંધ કરી શકાય છે. આપણી ભૂલ સામે કુદરતે કરેલો બળવો તેજ રોગ છે. કુદરત હમેશાં શરીરને સમસ્થિતિમાં રાખવા પ્રયત્ન કરે છે. શરીરમાં એક પ્રકારનું ઝેર ભરાઇને એકઠું થાય એટલે કુદરત તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે અને તે એકાદ રોગ ઉત્પન્ન કરીને વિષ બહાર કાઢે છે. કુદરતને અનુકૂળ થવું તેજ ચિકિત્સા છે, ઝેર બહાર કાઢવામાં મદદ કરે તેવાં ઔષધ વાપરવાં તેજ ખરી ચિકિત્સા છે. તેવાં ઔષધમાં મુખ્ય ઉપવાસ છે.

'એક્યુટ* ડિસીઝ'માં ઉપવાસ કરવો જરૂરી છે; પણ 'ક્રોનીક× ડીસીઝ'માં ઉપવાસ એટલો બધો જરૂરી નથી. કારણ તેવા રોગમાં ખોરાક આપીને શરીરને પોષણ કરવાનું હોય છે; માટે તેવા રોગમાં હલકો અને સાદો ખોરાક આપવો. તે પણ પુષ્કળ ચાવીનેજ ખાવો જોઇએ; કારણ કે પાચનશક્તિનાં યંત્રો બરાબર કામ કરી શકતાં ન હોવાથી ચાવેલો ખોરાક જલદી પચી જાય છે.

કોઇ પણ માણસને નીચેનાં ચિહ્નો માલૂમ પડે કે તુરતજ ઉપવાસ કરવો ઘણો જરૂરનો છે એમ સમજી ઉપવાસ કરવો. ન કરવાથી તુરતજ રોગ જન્મે છે.

ચિહ્નો:–(૧) ભૂખ ન લાગે, (૨) ખાવા પર અરુચિ, (૩) શરીર ભારે લાગે, (૪) શ્વાસ ગંધાય અને (૫) ઝાડો સાફ ન આવે. આવાં ચિહ્નોમાં ઉપવાસ જરૂરી છે.

ઉપવાસ કરવાથી શરીરની આંતરિક ક્રિયાઓને આરામ મળે છે તથા એકઠા થયેલા ઝેરને બહાર નીકળવાનો વખત મળે છે. વળી ઉપવાસથી બુદ્ધિ સારી થાય છે અને મગજ સારૂં કામ આપે છે.

જ્યારે ખોરાક લેવાની જરૂર જણાય ત્યારે કદાપિ ઉપવાસ કરવા નહિ તથા મગજના તેમજ તેને લગતા બીજા વ્યાધિમાં પણ ઉપવાસ કરવો નહિ. (આપણા આયુર્વેદમાં પણ વાત

---

* સાધ્ય × અસાધ્ય

ગુજરાતીમાં લેખ લખનાર બંધુઓ! આવા અંગ્રેજી શબ્દોને બદલે ગુજરાતી શબ્દો અથવા શબ્દાર્થ લખો, એ બહુ જરૂરી છે. સંપાદક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાધિમાં કદાપિ ઉપવાસ કરવા નહિ એમ કહ્યું છે.)

ઉપવાસ કરવો ઘણો અઘરો છે. ઘણાં માણસો આરંભશૂરા થઇને ઉપવાસ કરે છે, પણ એકાદ બે દિવસમાં ઉત્સાહહીન થઇ જઇ મૂકી દે છે. એટલી વાત તો સત્યજ છે કે, ખાવું તે સ્વાભાવિક છે અને તેને છોડવું તે મુશ્કેલ છે. ઉપવાસના પહેલા ત્રણચાર દિવસ ઘણાજ ભારે લાગે છે. તે અરસામાં ખોરાકની અત્યંત ઇચ્છા થાય છે, માથું તો હંમેશ દુખ્યાજ કરે છે અને ઉપવાસ કરનાર માણસ સુસ્ત લાગે છે; પણ ત્રણ ચાર દિવસ પછી એવો વખત આવે છે કે ઉપવાસ એ તદ્દન સ્વાભાવિક થઇ જાય છે અને ખોરાકની ઇચ્છા થતી નથી.

ઉપવાસની અસર મન, બુદ્ધિ અને મગજ ઉપર સારી થાય છે. તેનાથી અહંકાર નાબુદ થઇ જાય છે. મન સ્વચ્છ અને શુદ્ધ બને છે. દુનિયાની જડ વસ્તુમાં રસ રહેતો નથી અને પરમાત્માના સૂક્ષ્મ સ્વરૂપમાં લીન બને છે. બુદ્ધિ તીક્ષ્ણ બને છે અને અંતર્જ્ઞાન તથા અપ્રત્યક્ષ વિષયદર્શન પણ થાય છે; પણ તે કરવું ઘણું અઘરૂં છે.

ઉપવાસ દરમિયાન શરીરમાંથી ઝેર પેશાબ વાટે, પરસેવા વાટે, થુંક વાટે અને ઝાડા વાટે નીકળી જાય છે, શરીરની ઉષ્મા વધે છે અને વધે તે સ્વાભાવિક છે, માટે તેને અટકાવવા પ્રયત્ન ન કરવો.

કોઈ પણ માણસે અનુભવી માણસની દેખરેખ નીચેજ લાંબા દિવસ સુધી ઉપવાસો કરવા.

જે માણસ ઉપવાસથી ભડકતો હોય તેણે કદી પણ ઉપવાસ કરવો નહિ.

ઉપવાસ અને ભૂખમરો એ બે સરખી વસ્તુ નથી. ભૂખમરાથી શરીર ઘસાઇ જાય છે. દિવસમાં ત્રણ વખત ખાવા છતાં પણ સારો ખોરાક ન મળતો હોય તો તેને ભૂખમરો કહી શકાય, ત્યારે ઉપવાસથી શરીર સારૂં અને તંદુરસ્ત બને છે.

જ્યારે ઉપવાસ છોડવા હોય ત્યારે ધીરે ધીરે અને નિયમ પ્રમાણે ખોરાક લઇને છોડવા. પહેલે દિવસે ફળજ ખાવાં; બીજે દિવસે કંઈક વધારે ફળ લેવાં; ત્રીજે દિવસે દૂધ લેવું; ચોથે દિવસે દૂધ અને શાલી ચોખા લેવા. એમ ક્રમપુરઃસર ઉપવાસ મૂકવો. એકદમ ભારે ખોરાક લેવાથી ઉપવાસ દરમિયાન પાચનક્રિયા મંદ પડી જવાથી નુકસાન કરે છે.

ઉપવાસ દરમિયાન ફળનો રસ અને ઉનું પાણી લઇ શકાય છે. વૃદ્ધ માણસે તથા બાળકોએ એકદમ નહિ પણ વચ્ચે વચ્ચે ઉપવાસ કરવા.

હમેશાં ખોરાક લેવો તે પણ થોડો ભૂખ કરતાં પોતાને માફક આવે તેવોજ લેવો.

("વૈદ્યકલ્પતરુ"માં લખનાર ડૉ. રમણલાલ મણિલાલ વૈદ્ય)

૧૪૯-નોળવેલ-નોરવેલ

નામઃ—સં. ઇશ્વરી, ગુ. નોળવેલ, મ. સાપસંદ, હિં. ઇશ્વરીમૂળ, રુદ્રજટા; બં. ઇશરમૂળ, ગોવા. સાપુસ. ક. ઇશ્વરબેરૂ, ઇ. લા. એરિસ્ટોલોકીયાઇન્ડિકા. તા. ઇશુરબેર. તે ઇશ્વરબેર. મલા. ઇશ્વરમુલ્લ.

વર્ણનઃ-આ બહુવર્ષાયુવેલ બહોળી રીતે દક્ષિણ કોંકણમાં કુદરતી થાય છે. પાન લીલાં, ડીટ તરફ પખતાં ને છેડે સાંકડાં નાગરવેલના પાનના આકારનાં થાય છે. તેમાં આડી રેખાઓ હોય છે. એ ચોમાસાનો ધાર વળતાં તેના જમીનમાં કંદ હોય તે કોળે છે અને વરસાદ પડતાં એક વેલરૂપે ઉગી નીકળે છે. તેની શાખા વગરની એકજ વેલ ઘણેભાગે વધે છે અને તેને તેના પાનદીઠ દીટ પાસે અકેકું નકોર ફળ થાય છે. તે નકોર ફળને ફળ ન કહેતાં તેનો કંદ કહીએ તો ચાલે; કેમકે તે વાવવાથી આ વેલ ઉગી નીકળે છે. ગુજરાત-કાઠિયાવાડ અને કચ્છમાં તે કુદરતી રીતે પ્રથમ તેની ગાંઠો વાવવા પછી તે જમીનમાં કંદરૂપે રહીને ચોમાસું આવતાં ઉગીને વધે છે અને તે ભાદરવા આસોમાં ફળ આવ્યા પછી પૂર્વવાયુ વળતાં તેની વેલ સૂકાઇ જાય છે. તેનાં પાન, ફળ, કંદ અને પંચાંગ વપરાય છે.

ગુણધર્મઃ-ઇશ્વરી (નોળવેલ) કપૂરને મળતી સુગંધમય અને બહુ કડવી હોય છે. તે શરીરના સર્વ ભાગમાં અસર કરનાર અમૂલ્ય ઔષધિ છે. તે કટુપૌષ્ટિક, વાતહર, ગ્રાહી, ગર્ભાશયો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્તેજક, સંધિશોથઘ્ન, મજ્જાતંતુને ઉત્તેજક, સ્વેદજનન, નિયતકાલિક જ્વરપ્રતિબંધક (વિષમજ્વર અવરોધક) અને વિષહર છે. **વજન:**-પંચાંગ, પાન, ફળ કે કંદનું ૫ થી ૧૫ રતી ત્રિકટુ અથવા આદુ કે નાગરવેલના પાન સાથે અપાય છે. આ ઔષધિ ક્યારેય ઉકાળીને આપવી નહિ; કારણ તેથી તેમાંનો ગુણકારી તેલભાગ ઉષ્ણતાવડે ઉડી જાય છે. તેમજ તેને છાંયે સૂકવવી, પણ આકરે તડકે ન સૂકવવી.

કલ્પ:-ઇશ્વરીનો અર્ક-(ટીંકચર)-તેના પંચાગનું કે પાન, ફળ ને કંદનું ચૂર્ણ ૧ ભાગ; ગામડી દારૂ ૨½ ભાગ; બંધબુચની બાટલીમાં ભરીને આઠ દિવસ રાખી નિત્ય એકાદ વાર હલાવતા રહેવું. નવમે દિવસે તે ગાળીને મજબૂત બુચવાળી બાટલીમાં ભરવું. વજન:—¼ થી ½ તોલો અર્થાત્ ૧॥ થી ૧॥ દ્રામ.

ઉપયોગ:-તાવમાં ઇશ્વરી આપવાથી માથાનો દુઃખાવો કમી થાય છે, પેસાબની બળતરા કમી થાય છે, સ્વેદ વળે છે અને થાક ન લાગતાં તાવ ઉતરે છે. દરેક પ્રકારના તાવમાં ઇશ્વરી યોજી શકાય છે; પરંતુ વિષમજ્વરમાં અને દૂષિત સૂતિકાજ્વરમાં વિશેષ ગુણકારી છે. તાવમાંથી ત્રિદોષ થઇ આવે તેમાં ઇશ્વરી તગર ગંઠોડા સાથે આપવાથી તે જ્ઞાનતંતુઓ અને મગજ શાંત પાડી ઠેકાણે લાવે છે. નવીન અને જૂના આમ(સંધિ)વાયુમાં અને તાજા ઉગ્ર સંધિવામાં જવખાર સાથે મેળવીને અપાય છે તેમજ સંધિવાના દુઃખાવા ઉપર લેપ કરાય છે. તેનાથી સ્વેદન થઇ સાંધાની સુજ ને દુઃખાવો કમી થવા પામે છે.

કફજ્વરમાં ઇશ્વરીની યોજના કરવાથી દરદીનો કફ મોકળો થઇ છૂટવાની શક્તિ આવે છે, ને જ્ઞાનતંતુ ઉત્તેજન પામવાથી તેમ બને છે. પાનનો રસ, નાના બાળકના કફમય કંઠાવરોધમાં દેવાય છે. તેનાથી ઉલટી થઇને ગળું મોકળું થાય છે, અને તેથી નબળાઈ જણાતી નથી.

ઇશ્વરીની ગર્ભાશય ઉપર ઉત્તેજક ક્રિયા બહુ નિશ્ચિત અને સ્પષ્ટપણે થાય છે. જણતર વખતે સ્ત્રી કષ્ટાતી હોય છે ત્યારે વેણનું જોર વધવા માટે ઇશ્વરી પીપરીમૂળ સાથે દેવાય છે. તેથી ગર્ભાશયનું સંકોચન જોરથી થાય છે, છતાં ગર્ભને ઇજા થતી નથી. જણતરથી થતો સ્રાવ સાફ થવા માટે ઇશ્વરીનો સારો ઉપયોગ થાય છે. સગર્ભાવસ્થામાં તે દેવાય તો ગર્ભાપાત થવાના દાખલા બનેલ છે. અનાર્તવમાં અને પીડિતાર્તવમાં દેવાથી સારો ગુણ કરે છે.

ઇશ્વરી મધ્યમ વજને પેટમાં દેવાથી પાચનશક્તિ વધે છે અને આંતરડાંની શિથિલતા કમી થાય છે. આંતરડાંનાં દરદોમાં આ બહુ કિંમતી દવા છે. કુપચન, ઉલટી, કૉલેરા, અતિસાર, સંગ્રહણી, નળવાયુ અને જીર્ણ અજીર્ણમાં મરીના ચૂર્ણની સાથે ઇશ્વરી દેવાથી તે ઉત્તમ ગુણ કરે છે. બાળકને દાંત આવવા વખતે તાવ, ઉલટી અને ઝાડા થઇ આવે છે ત્યારે ઇશ્વરી બાળકને જૂજવજને અપાય છે. તે બાળકને સારો ગુણ કરે છે.

